LIFE OF JESUS CHRIST

ઈસુ ખ્રીસ્તનું જીવનચરિત

LIFE OF JESUS CHRIST.

ઇસુ ખ્રીસ્તનું જીવનચરિત્ર.

બાબા પદ્મનજી કૃત

COMPILED FROM VARIOUS SOURCES

BY

BABA PADMANJI.

મરાઠી પરથી ભાષાંતર કરનાર

બાવારામ માધવજી જોશી.

સુરત.

પુસ્તકપ્રસારક મંડળીને સારૂ મિશન છાપખાનામાં

એચ. આર. સ્કોટે છાપ્યું તથા પ્રગટ કર્યું

૧૯૧૫.

Price Twelve annas. કીંમત બાર આના.

ભાષાંતર કર્તાનું પ્રયોજન.

એક આનંદદાયક સુપ્રભાતે હું મે. રેવ. એચ. માર્ટિન સાહેબને સલામ કરવા ગયો હતો. આ દિવસ તે તા. ૨૫-૧૨-૧૯૦૨નો હતો. બધા ખ્રીસ્તી લોકોમાં આ દિવસ માંગળીક દિવસ ગણાય છે, કેમકે તે દિવસ જગદોદ્ધારક આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો જન્મોત્સવ ગણાય છે. આવા માંગળીક પ્રસંગને લીધે મેળાપની યાદગિરીમાં મહેરબાન સાહેબ તરફથી મને "લાઇફ ઑવ્ જીસસ ક્રાઇસ્ટ" એ નામનું મરાઠી પુસ્તક બક્ષિસ કરવામાં આવ્યું. આ પુસ્તક વાંચતાં મને મારા દેશી ખ્રીસ્તી બંધુઓ તથા ધર્મજીજ્ઞાસુ ભાઇઓ યાદ આવ્યા કે જો તેઓ આ મહાન સદ્ગુરૂના જીવનચરિત્રથી માહેતગાર થાય તો સારૂં. પ્રભુ ઇસુ ખ્રીસ્તે પોતાનું મનુષ્યજીવન કેવી રીતે ગાળ્યું, તેણે જગત પર કેવી ને કેટલી પ્રીતિ રાખી, ને મનુષ્યોને પાપથી છોડાવવા સારૂ તેણે કેવાં કેવાં અસહ્ય દુઃખો ભોગવી તારણ સિદ્ધ કીધું છે તે તેઓ જાણે, ને તે તારનાર પર ભરોસો કરી તેના નમુના પ્રમાણે ચાલનારા થાય તો સારૂં.

આ ગ્રંથ મરાઠીમાં હોવાથી ઘણા ગુર્જર બંધુઓ તેનો લાભ લઇ શકતા નથી, કારણ કે તેઓ આ ભાષા વિષે ઘણું જાણતા નથી. માટે તેનો ગુજરાતી તરજુમો દેશી બંધુઓની સમક્ષ રજુ કરવો તે મને યોગ્ય જણાયું, તેથી એ પુસ્તકનો ગુજરાતી તરજુમો કરવાનો આરંભ કીધો. આ તરજુમાનો કેટલોએક ભાગ તૈયાર થયો ત્યાર બાદ મે. રેવ. આર. આર. જોનસન સાહેબને બતાવ્યો ને વિનંતી કરી કે તેઓ સાહેબ તે છપાવવામાં સહાયતા કરે. પછી તેઓએ તે "ટ્રાકટ સોસાયટી"ના કાઉન્સીલર સાહેબોની વિનંતી કરી પુસ્તક છપાવવાની પરવાનગી અપાવી. તે પરથી ફેર કોપી તૈયાર કરી મે. રેવ. ડૉક્ટર એચ. આર સ્કોટ સાહેબને આપી. તેઓ સાહેબે ઘણો શ્રમ લઇ અગત્યની સલાહો આપી પ્રુફ સુધારવાનું કામ માથે લઇ ઘણી કીંમતી મદદ કરી. વળી ફેર કોપી સુધારવાના કામમાં ઘણા દેશી ભાઇઓની મદદ પણ મળી. એમ ઘણાઓની સહાયતાથી આ કામ પાર પડયું છે, તેથી તે બધા મદદગારોનો આભાર માની મારા દેશી બંધુઓના હાથમાં આ ગ્રંથ રજુ કરવા તૈયાર થયો છું, તોપણ તેમાં જે કંઇ હજી ભૂલચૂક રહી હશે તેની સુજ્ઞ વાંચનાર પાસે ક્ષમા માગું છું, ને માગું છું કે પ્રભુ દયા કરો, ને વાંચનારનાં મન પ્રકાશિત કરી તારનારના પ્રેમનો પ્રકાશ પાડો. આમેન.

બા. મા.

શાર્દૂલવિક્રીડિત છંદ.

વાણી વિમળ આ વાંચતાં હૃદયમાં આનંદ આવ્યો ઘણો,
નિરખ્યો નયને આ ગ્રંથ જીવનનો ત્રાતા ઇસુ તણો.

બંધુ મમ બીજા ઘણા પ્યાસી પ્રભુ પ્રેમના,
નિર્મળ પ્રીતિ ઝરણ આ હસ્તે ધર્યું તેમના.

સાગર સમ પ્રીતિ ભરી પ્યારા પ્રભુ ખ્રીસ્તની,
તેમાંથી શું પી શકે આ ચંચ પક્ષી તણી.

કથી અકથ ગુણ કો કહી શકે ત્રાતા એ ઇસુ તણા,
પૂરો પાર ન પામશે ગ્રંથો લખે જો ઘણા.

પ્રસ્તાવના.

પ્રભુ ઇસુ ખ્રીસ્તના જીવનચરિત્રોમાં કોઇ ગ્રંથ સંપૂર્ણ કે નિર્વીવાદિત દોષ રહીત હોઇ શકે એ બનવાજોગ નથી, કારણ કે જેટલા બધા મનુષ્ય લેખીત ગ્રંથો છે તે બધા અધુરા ને અપૂર્ણ છે. તેથી આજ સુધી ઘણા લખનાર થયા તેમ છતાં લખનારને માટે જગ્યા રહેલી હોય છે ને અંત સુધી રહેશે એ ઉઘાડું પ્રમાણ છે. પ્રભુ ઇસુ દેવપુત્ર છે તેથી કોઇ માનવી લેખક તો શું, પણ સારામાં સારો દૂત પણ તેને પૂરી રીતે જાણી શકે તેમ નથી, તો પછી સાધારણ મનુષ્યબુદ્ધિનું માણસ શું જાણવાનું હતું? જેમ માણસના ઉદ્ધારને સારૂ ઇશ્વરના અનાદિ સંકલ્પ તથા તેનું રહસ્ય માનવબુદ્ધિની સમજણ બહાર છે, તેમ આ દેહમાં પ્રગટ થએલા તારનારના ગુણ, સ્વભાવ તથા સંકલ્પ તે પણ માણસની સમજણ બહાર છે. પ્રભુ ઇસુ ખ્રીસ્તના પસંદ કરેલા શિષ્યો આસરે ત્રણ વર્ષ સુધી તેની તાલીમ લેતા રહ્યા હતા, તોપણ તેઓ બધી વાતો એકદમ સમજ્યા નહોતા. બીજા અવતારી પુરૂષોનાં જીવનચરિત્ર લખવાં સહેલાં છે કેમકે તેઓનાં ગુણ લક્ષણો માણસના ગુણ લક્ષણને મળતાં હોય છે. તેથી તે લખનારાઓ માણસોનાં મન રંજન કરવા તથા યજમાનોની ખુશામત કરવા લખી ગયા છે, પણ ખ્રીસ્ત ચરિત્રના લેખકોએ એવું કાંઇ કીધું નથી, તેઓએ જે કાંઇ નજરે જોયું તથા જોનારાઓથી સાંભળ્યું તેજ લખ્યું છે. વળી તેઓના લખાણમાં કાંઇ ભૂલચૂક ન થાય તથા લખનારના અંતઃકરણમાં ખ્રીસ્તની આબેહુબ પ્રતિમાનો ઉદ્ભવ થાય માટે દેવનો પવિત્ર આત્મા તેઓનો માર્ગદર્શક થતો હતો. તે આત્માની સહાયતા વિના તેઓ આ દૈવી તારનારનું વૃતાંત લખવા શક્તિવાન થયા નથી. હવે એ વાત ઉપરથી કોઇ એવો સવાલ કરે કે સુવાર્તાઓમાં પ્રભુ ઇસુ ખ્રીસ્તનું જીવનચરિત્ર આવેલું છે તો પછી આવા ગ્રંથની શી જરૂર છે? એના જવાબમાં એમ કહેવાય કે ચારે સુવાર્તાઓમાં પ્રભુ ઇસુનું જીવનચરિત્ર છે પણ તે ઘણું સંક્ષેપમાં લખાએલું છે. વળી તેમાંની વાતો છુટક છુટક ને કાળાનુક્રમવાર ગોઠવાએલી નથી, તેથી એ વાતોનું અન્યોન્ય બંધારણ ન સમજાય તો તે એક બીજીથી વિરૂદ્ધ દેખાય એમ છે. માટે એ વિષયાંતર દુર કરવા સારૂ તથા બધી ઇતિહાસિક વાતો અનુક્રમવાર ગોઠવવા સારૂ આવા ગ્રંથની જરૂર છે. વળી આવા ગ્રંથની જરૂરિયાત વિષે એક બીજું કારણ છે, તે એવું કે પ્રભુ ઇસુનાં કામો તથા દ્રષ્ટાંતો તથા ઉપદેશ બરાબર સમજવાં માટે દેશકાળની સ્થિતિ, જગ્યાઓ, રાજનીતિ તથા ધર્માચરણ રીત રીવાજ ઇત્યાદી જાણવાની વાંચનારને જરૂર છે, કેમકે તેથી તેઓ ખરો અર્થ સમજવાની શક્તિ પામે તેમ છે. માટે ઘણા ગ્રંથકારોએ એ વાત ધ્યાનમાં રાખી ઇંગ્લીશ, ફ્રેંચ તથા જર્મન ભાષામાં તે વિષે ગ્રંથો રચેલા છે, ને તે ગ્રંથોને આધારે તથા ચાર સુવાર્તાઓને આધારે આ ગ્રંથ રચવામાં આવ્યો છે તેના પર પ્રભુ પોતાના આત્માનો પ્રકાશ પાડો. આમેન.

અનુક્રમણિકા.

ખંડ ૧ લો.

ખંડ ૨ જો.

ખંડ ૩ જો.

ખંડ ૪ થો.

ખંડ ૫ મો.

ખંડ ૬ ઠ્ઠો.

ઔ

ખંડ ૭ મો.

ઇસુ ખ્રીસ્તનું જીવનચરિત્ર.

ખંડ ૧ લો.

કાર્યની સિદ્ધતા.

ઇસુનો જન્મ, બાળપણું ને તરૂણ અવસ્થા.

સમય–રૂમી શક ૭૪૮ ના અકટોબરથી ૭૮૦ ના જાનેવારી સુધી.

ખ્રી. સ. પૂ. ૬ થી ૨૭.

અધ્યાય ૧ લો.

ખ્રીસ્તનો જન્મ.

આ ભૂમંડળે માનવ સૃષ્ટિના આરંભથી માંડીને, આજ પર્યંત ઘણી ઘણી બીનાઓ બની છે. પણ તે સર્વમાં શ્રેષ્ઠ ને અગત્યની બીના તે ઇસુ ખ્રીસ્ત વિષેની કથામાં સમાએલી છે; ને તેની બરાબરી કરનાર બીજી કોઇ બીના દેખાશે નહિ. જો કોઇ પૂછે કે, તે સર્વોત્તમ બીના શું છે? તો તેના જવાબમાં આ કથાના મુખ્ય નાયકની જન્મ તવારિખ બતાવાય છે. પાલેસ્તાઇન દેશના મુખ્ય શહેર યરૂશાલેમની દક્ષિણે બેથલેહેમ નામે એક ગામ છે. એ નામનું બીજું એક ગામ હતું; પણ તે જબુલોનના પ્રાંતમાં હતું; ને આ તો યહુદાહના પ્રાંતમાં છે. સત્ય શાસ્ત્રમાં તેને જુદાં જુદાં નામો આપેલાં છે. તે એવાં કે, "બેથલેહેમ એફ્રાથાહ" "યહુદાહના હજારોમાં નાનું" "દાઉદનું નગર" એ પ્રમાણે લાક્ષણિક નામો દેખાય છે. તે ગામ નાનું સરખું છે, તોપણ ઘણા જુના કાળનું છે. તેથી ત્યાં કેટલીએક જાણવા લાયક વાતો બનેલી છે. તે જુના કરારમાં મોજુદ રાખેલી છે. મહારાજા દાઉદની વડિયાઇ મોઆબેણ રૂથ કે જે માયાળુપણામાં તથા શ્રદ્ધામાં વખણાએલી છે તે બાઇ પ્રથમ બેથલેહેમ આવી ત્યારે બોઆજના ખેતરમાં સલો કરવા ગઇ હતી. વળી તે ગામમાં દાઉદ રાજાના પિતા યશાનો જન્મ થયો હતો. તેમજ શમૂએલ ભવિષ્યવાદીએ ત્યાં દાઉદ રાજાનો રાજ્યાભિષેક કીધો હતો. ને આગળ જતાં ત્યાં મસીહાનો જન્મ થશે, એવું મીખાહ ભવિષ્યવાદીએ આગમ લખી રાખ્યું હતું. ને એ ભવિષ્યવચનની આશામાં બધા યહુદીઓનો દિલાસો હતો; તેથી ઘણે આતુર

ભાવે ખ્રીસ્તના જન્મની વાટ જોતા હતા, ને તેનામાં તારણની આશા રાખતા આવ્યા હતા. તે વચન કેવું હતું એ જાણવાની વાંચનારને ઇચ્છા થતી હશે, માટે તે અત્રે બતાવીએ છીએ. મીખાહ ભવિષ્યવાદી લખે છે, "હે બેથલેહેમ એફ્રાથાહ, જો કે તું એટલું નાનું છે કે યહુદાહના હજારો સાથે ગણાવા લાયક નથી, તોપણ તારામાંથી મને એવો પુરૂષ નિપજશે. કે જે ઇસ્રાએલમાં અધિકારી થવાનો છે; જેનો પ્રારંભ પુરાતન કાળથી, અનાદિકાળથી છે (મી. ૫; ૨). એ આગમ વાકય મોટા ચમત્કારની રીતે પુરૂં થયું. તે જોવા સારૂ આપણે ખ્રીસ્તના જન્મ પહેલાંની વાતો તપાસવી જોઇએ; તો તેની સ્પષ્ટતા થાય એમ છે.

પાલેસ્તાઇન દેશના ઉત્તર વિભાગને ગાલીલ પ્રાંત કહેતા હતા. તે પ્રાંતમાં નાઝારેથ નામે એક નાનું સરખું ગામ હતું. ને ત્યાં પ્રાચીન રાજકુળનો યુસફ નામે એક માણસ રહેતો હતો. જો કે એ માણસ રાજ્યવંશી ગણાતો હતો, પણ તેની સ્થિતિ ગરીબ હતી; કારણ કે મહારાજા દાઉદના વંશમાં કેટલાંએક સૈકાં સુધી રાજ્યગાદી ટકી રહી હતી. અંતે તે કુળનો છેલ્લો રાજા ખાલદી લોકોના હાથે બંદીવાન કરાયો ને યહુદી રાજય પરાજય પામ્યું. ત્યાર બાદ તેના વંશજો માત્ર રાજકુળને નામે ઓળખાતા રહ્યા. પણ દરેક જણ ધંધોરોજગાર કરી ગુજરાન ચલાવતા હતા. તેથી આ યુસફ પોતાના ગુજરાન સારૂ સુતારી કામ કરતો હતો. અને ઘણું કરીને તે સાધારણ ઘરકામ કે ખેતીવાડીને લગતું કામ જાણતો હતો. શાસ્ત્રમાં તેના વિષે કંઇ વધારે લેખ મળતો નથી, પણ એટલું મળે છે કે તે સુતાર હતો. પણ કેટલીએક દંતકથાઓમાં તેના વિષે વિસ્તારવાળી વાર્તાઓ આવે છે. તેઓની તપાસ કરતાં ઉપરની વાતને ટેકો મળે છે. યુસફ ધનવાન ન હતો, એમ તેના વિષેની બધી વાતો પરથી માલમ પડે છે.

આગળ જતાં તેનાં લગ્ન થયાં, ને તે બાઇનું નામ મરિયમ કુંવારી હતું. તે મરિયમના પિતા એલી તે પણ નાઝારેથ ગામમાં રહેતા હતા. પણ તેણીની માતા આન્નાબાઇ બેથલેહેમની રહીશ હતી. એલી અને આન્નાબાઇને આ એકજ પુત્રી હતી, કે જેને યુસફની સાથે પરણાવાનો ઠરાવ થયો હતો. અને એ ઠરાવ થયા બાદ એક અદ્ભુત વાત બની; તે એવી છે કે, એક દિવસ મરિયમ પ્રભુના ધ્યાનમાં બેઠી હતી, તે દરમિયાન આકાશી દૂત તેણીની પાસે આવ્યો, ને કહ્યું કે, "હું તારી પાસે દેવનો સંદેશો લાવ્યો છું." તેના પ્રથમ શબ્દો એ હતા કે, "હે કૃપા પામેલી,-તું સુખી રહે." તે સાંભળી આ નિર્મળ મનવાળી બાળા ગભરાવા લાગી. ત્યારે દૂતે તેણીને કહ્યું કે, "ઓ મરિયમ, બી મા; કેમકે તું દેવથી કૃપા પામી છે. અને જો, તને ગર્ભ રહેશે, ને તું દીકરો જણશે ને તું તેનું નામ ઇસુ પાડશે." આવો અલૌકિક ને અસાધારણ સંદેશો

સાંભળતાં તેણીનું પવિત્ર હૃદય ધડકવા લાગ્યું. તેમજ તેણી ભયભિત બનીને શંકાશીલ થઇ દૂત પ્રત્યે કહેવા લાગી કે, "સૃષ્ટિક્રમ વિરૂદ્ધ પતિસમાગમ વિના એવું કાર્ય કેમ બની શકે?" ત્યારે દૂતે તેણીને ઉત્તર આપ્યો કે, "જો, પવિત્ર આત્મા તારા પર આવશે ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે; કારણ કે એ કાર્ય મનુષ્યશક્તિ પ્રમાણે થનાર નથી. પણ જેની શક્તિએ માતાપિતારહિત સૃષ્ટિમાં માનવ થયાં તેની શક્તિ ને પરાક્રમ પ્રમાણે તને પુત્રજન્મ થનાર છે. માટે તું જરૂર જાણજે કે માનવપ્રતિમા પ્રમાણે આજથી તું ગર્ભવંતી થશે ને પુત્ર જણશે. તે મોટો થશે ને દેવનો દીકરો કહેવાશે." એ પ્રમાણે મરિયમને પુત્રગર્ભ રહ્યો, ને તેમાં શાસ્ત્રનું ભવિષ્યવચન પૂરૂં થયું કે, "જુઓ, કુંવારી ગર્ભવંતી થશે ને પુત્ર જણશે."

આપણે આગળ વાંચી ગયા છીએ કે બેથલેહેમમાં ખ્રીસ્તનો જન્મ થશે. તે ગામ નાઝારેથની દક્ષિણે ૮૦ માઇલ જેટલું દૂર છે. તેમ છતાં મરિયમ શા પ્રયોજનથી ત્યાં ગઇ હશે? તેના જવાબમાં એમ કહીશું કે પુરાતન ભવિષ્યવચન પુરાં થવા સારૂ તેણી ત્યાં ગઇ હતી. ત્યારે એવા સવાલો થશે કે શું તેણી આકાશમાર્ગે ત્યાં ગઇ હતી? અથવા જે દૂતે તેણીને દર્શન આપ્યું ને ઉપર લખેલો સંદેશો કહ્યો તે પ્રસુતી વખતે કે ત્યાર પહેલાં તેણીને અંતરિક્ષમાર્ગે ઉપાડી ગયો હતો? હા, ખરૂં છે કે સુવાર્તાના લેખકો જો કપોલકલ્પિત પુરાણ રચનારા હોત, તો પોતાના ગ્રંથોને એવા અદ્ભુત રસથી સુશોભિત કીધા હોય તેમાં નવાઇ નથી! પણ તેઓ એવા નહોતા. તેથી ઉલટા તે ઇશ્વરપ્રેરિત હતા. માટે તેઓના લખાણમાં માત્ર સત્ય બીનાઓનો લેખ મળે છે. તેના લેખોમાં કપોલ પુરાણનો શબ્દ સરખો મળશે નહિ. તે વિષે એ લેખોમાં ખરી હકીકત આપેલી છે તે આગળ જતાં આપણે વાંચીશું. પણ હાલ એક વાત પર વાંચનારનું ધ્યાન ખેંચીએ છીએ; કારણ કે તે પ્રથમ બનેલી છે.

ઉપર આપણે વાંચી ગયા છીએ કે દૂતના વચન પ્રમાણે મરિયમને ઓધાન રહેલું છે. ત્યાર બાદ તેણી પોતાની પિત્રાઇ બ્હેનને ત્યાં મળવા ગઇ હતી. એ બાઇ યહુદાહના પહાડી મુલકમાં રહેતી હતી. ને તેણીનું નામ એલીસાબેત તથા તેના ધણીનું નામ ઝખાર્યાહ હતું. એ માણસ પુરાતન યાજક કુળનો હતો તેથી મંદિરમાં ધર્મસેવાનું કામ બજાવતો. આ દંપતી વૃદ્ધાવસ્થાએ આવ્યાં હતાં. પણ પુત્ર પુત્રી વિના વાંઝિયાં હતાં. તેઓ ઘણાં ધાર્મિક ને નિર્દોષ હતાં, કારણ કે શાસ્ત્રમાં તેની સારી સાક્ષી મળે છે. તે એવી છે કે, "તે બેહુ દેવની આગળ ન્યાયી હતાં, ને પ્રભુની સઘળી આજ્ઞા તથા વિધિઓ પ્રમાણે નિર્દોષ રીતે ચાલતાં હતાં." એવી સારી શાહેદીવાળું કુટુંબ ખરૂં સુખી ગણાય તોપણ જરા મન દુ:ખી જેવું હતું, એટલે કે સંતાન વિના નિરવંશ જેવું હતું. તે બાબતમાં તે ઘણી વાર પ્રાર્થના કરતાં પણ

અત્યાર પહેલાં કંઇ જવાબ મળ્યો નહિ. હવે તેઓ જઇફ થયાં ને સંતાનની આશા છોડી. પણ ધર્મસેવાનું કામ જારી રાખેલું હતું. તેથી એક દિવસ તે પ્રભુની આગળ ધુપ ચઢાવતો હતો, ત્યારે તેની પાસે સ્વર્ગી દૂત આવ્યો. તેણે કહ્યું કે, "ઝખાર્યાહ, બી મા, કેમકે તારી વિનંતી સાંભળવામાં આવી છે, ને તારી વહુ એલીસાબેત દીકરો જણશે; ને તેનું નામ તું યોહાન પાડીશ; ને તને હર્ષ તથા આનંદ થશે ને ઘણા તેના જન્મને લીધે હરખાશે, કેમકે તે પ્રભુ આગળ મોટો થશે." એ વચન પ્રમાણે મરિયમના કરતાં છ માસ અગાઉ એલીસાબેતને પેટ પુત્રગર્ભ રહેલો હતો. એવી રીતની ઇશ્વરી કૃપા અને અનુગ્રહ પામેલી બન્ને બ્હેનો ઝખાર્યાહને ત્યાં મેળાપ પામી! ત્યારે તેઓનો આનંદ કેટલો ને કેવો થયો હશે! એનો આબેહુબ ચિતાર કરવાને હુશિયારમાં હુશિયાર ચિત્રકાર અશક્ત છે! ને ચતુરમાં ચતુર લેખક અસમર્થ છે! તો પછી મારા જેવા સાધારણ માણસની શી ગુજાસ હોય? કહે છે કે જ્યારે આ બન્ને સખીનો દષ્ટિમેળાપ થયો, ત્યારે અન્યોઅન્ય આનંદસાગર ઉભરાવા લાગ્યો ને તેની લહેરીઓથી રોમેરોમ હર્ષાનંદ વ્યાપી ગયો હતો. ને તેથીજ એલીસાબેતના ઉદરમાં રહેલું બાળક હર્ષમાં કુદવા લાગ્યું. જાણે કે માતાના આનંદમાં ભાગ લેનાર બાળક પોતે આનંદ પામી કુદંતું હોય ને એથી માતાના આનંદમાં વધારો કરતું હોય એવું દેખાયું! એવા અવર્ણ્ય આનંદની રેલમછેલ દરમિયાન એ બન્ને બ્હેનો ભેટી પડી. પરસ્પર પ્રેમનાં ચુંબન કીધાં ને કેટલીક વાર સ્તબ્ધ રહી કુશળ સમાચાર પુછ્યા ને ઇશ્વરસ્તુતિ કીધી. તે વખત આનંદિત સ્વરે મધુર આલાપમાં મરિયમે ગાયન કીધું, તેની મતલબ અત્રે લખીએ છીએ. "મારો જીવ પ્રભુને મોટો માને છે, ને દેવ મારા તારનારમાં મારો આત્મા હરખાયો છે. કારણ કે તેણે પોતાની દાસીની દીન અવસ્થા પર દષ્ટિ કીધી છે; કેમકે જો, હવેથી સઘળી પેઢીઓ મને ધન્ય કહેશે, કેમકે પરાક્રમીએ મારે સારૂ મોટાં કામ કીધાં છે; ને તેનું નામ પવિત્ર છે. જેઓ તેનું ભય રાખે છે તેઓ પર પેઢી દર પેઢી તેની દયા રહે છે. તેણે પોતાને ભુજે બળ દેખાડયું છે. ને ગર્વિષ્ઠોને તેઓના હૃદયની કલ્પનામાં વેરી નાખ્યા છે. તેણે સરદારોને રાજ્યાસન પરથી ઉતારી નાખ્યા છે; ને દીન જનોને તેણે ઉંચા કીધા છે. તેણે ભૂખ્યાઓને સારાં વાનાંથી તૃપ્ત કીધા છે; તે શ્રીમંતોને ખાલી હાથે પાછા કાઢયા છે. આપણા બાપદાદાઓને તેના કહ્યા પ્રમાણે ઇબ્રાહીમ પર તથા તેના વંશ પર સદા દયા રાખવાનું સંભારીને તેણે પોતાના સેવક ઇસ્રાએલને સહાય કીધી છે (લુક ૧; ૪૭–૫૫). એમ ઇશ્વરસ્તુતિના આનંદમાં ને પરમસ્નેહીના મેળાપમાં તેણી કેટલાએક દિવસ એલીસાબેતને ત્યાં રહીને પછી પોતાને ગામ પાછી આવી. મરિયમના ગયા પછી થોડાજ વખતમાં એલીસાબેતને પુત્ર-જન્મ થયો, કે જે આગળ જતાં આપણા પ્રભુનો છડીદાર કે આગેવાન દૂત

મિવડયો. તેનું નામ યોહાન બાપ્તિસ્મા કરનાર હતું; ને તેના સંબંધી આગળ જતાં સવિસ્તર વર્ણન કરીશું; કેમકે હાલ આપણે પાછા નાઝારેથ તરફ જોવાનું છે કે ત્યાં મરિયમનું શું થાય છે.

ઉપર આવી ગયેલી બીના પરથી આપણે જાણીએ છીએ, કે તેણીને યુસફ સાથે પરણાવવાનું નક્કી કીધું હતું, ને તેમ કરવાને યુસફ કબૂલ થયો હતો. પણ તે દરમિયાન આ અલૌકિક બીના બની છે; ને મરિયમને આશા રહેલી છે. તે બાબત તેણીએ યુસફને જણાવી હતી કે નહિ એ નક્કી જણાતું નથી; પણ એવો સંભવ છે કે જ્યારે તે પોતાની બ્હેનને ઘેરથી પાછી આવી ત્યારે તે વાત યુસફને જણાઇ હશે. શાસ્ત્રમાં જોતાં માલમ થાય છે કે એ બનાવ વિષે જાણવાથી પ્રથમ તે ઘણો દિલગિર થયો ને મરિયમના શીયળવૃત્ત બાબત શંકામાં પડયો. અનુમાનથી આપણે જાણીએ છીએ કે યુસફનો સંદેહ દૂર કરવા સારૂ તે બાઇએ બનેલી હકીકત કહી બતાવી હશે; પણ તેથી યુસફના મનનું પૂરૂં સમાધાન થયું નહિ. તેમ તે તેણીની વાતને ખોટી ઠરાવી શકયો નહિ, તેથી સંદેહસાગરમાં પડી મહા દુઃખી અવસ્થામાં આવી ગયો. આ શંકારૂપી વમળમાં તે કેટલો વખત મુઝાયો હતો, તે આપણાથી નક્કી કહેવાતું નથી, કારણ કે સત્ય લેખોમાં તે વાતની વિગત આપેલી નથી. તોપણ એમ સંભવે છે કે ઘણો કાળ વિત્યા પહેલાં પ્રભુએ તેને પ્રકાશ આપ્યો; તેથી તે ઝાઝો વખત અધકારમાં રહ્યો નહિ; કેમકે પ્રભુ પોતાના લોકોને અંધારામાં રહેવા દેતો નથી એવું શાસ્ત્રમાં વચન છે. "નીતિવાનોને સારૂ અંધારામાં અજવાળું પ્રગટી નિકળે છે" તેમ એને પણ ખરો પ્રકાશ મળ્યો! યુસફ પોતે નીતિવાન હતો એમાં શક નથી, કારણ કે સત્ય લેખમાં તેના વિષે શાહેદી મળે છે તે એવી કે, "યુસફ નીતિવાન હતો. તેણે તેનું ઉઘાડું અપમાન કરવા ન ચાહતાં તેને ગુપ્ત રીતે મુકી દેવાનું ધાર્યું." પ્રગટમાં મારે તેણીનું અપમાન કરવું ને ઘણાઓની રૂબરૂ તેની ફજેતી કરવી એ ઠીક નથી, માટે છાનામાના તે સગપણ તોડી નાખવું ઉચિત છે, એવા વિચાર પર તે આવ્યો ને તેમ કરવાને નક્કી ઠરાવ કીધો. પણ તે ઠરાવ અમલમાં લાવ્યા પહેલાં તેને સ્વપ્નું આવ્યું ને દૂતનું દર્શન થયું. એ દૂતે તેને કહ્યું કે, "ઓ યુસફ, દાઉદના દીકરા, તારી વહુ મરિયમને તેડી લાવવાને બીહી મા, કેમકે તેને જે ગર્ભ રહેલો છે તે પવિત્ર આત્માથી છે. અને તે દીકરો જણશે ને તું તેનું નામ ઇસુ પાડશે; કેમકે જે પોતાના લોકોને તેઓના પાપથી તારશે તે એજ છે." એ પ્રમાણે બનવાથી યુસફની શંકા નિવૃત્ત થઇ ને તેના મનનું સમાધાન થયું, એટલુંજ નહિ પણ અલૌકિક પુત્રજન્મની આશામાં હરખાયો ને તેના પ્રસવની રાહ જોતાં અધિરા જેવા બની ગયો હતો. એટલામાં એક અણધારેલી હકીકત બની ને તેને લીધે તેને મરિયમ સહિત બેથલેહેમ જવાને નિમિત્ત મળ્યું.

આપણી આ કથાના સમયમાં રૂમી રાજ્ય મહા બળવાન અને વિસ્તાર પામેલું ગણાતું હતું, તેથી યુરોપ તથા એશીયા ખંડના ઘણા ખરા ભાગોમાં તેની સત્તા ચાલતી હતી. એ સઘળા દેશોમાં બાદશાહી ગાદીનું મુખ્ય શહેર કે પાટનગર તે તો રૂમ શહેર ગણાતું હતું. ત્યાં કાઇસાર ઑગસ્તસ રાજ્યકારભાર ચલાવતો હતો. તે બાદશાહના તાબામાં ઘણા રાજાઓ તથા નાના નાના તાલુકદારો ખંડણી ભરી પોતપોતાના મુલકમાં કે તાલુકામાં રાજ્યસત્તા ભોગવતા હતા. ને આ બધા ખંડિયા રાજા પૈકી યહુદાહનો હેરોદ રાજા તે એક હતો. એ પોતે રાજ્યનો વારસ કે હકદાર નહોતો પણ બાદશાહની મહેરબાનીથી તેને રાજ્યગાદી મળી હતી. તેથી બાદશાહની તાબેદારી ઉઠાવવામાં ને તેમનાં ફરમાનો પાળવામાં ઘણો આગ્રહી હતો; માટે લોકો તેને બાદશાહનો ખાસ બંદો જાણતા હતા. એક વખત બાદશાહના મનમાં એવી ઇચ્છા થઇ કે મારી બધી પ્રજાનો એકંદર આંકડો મારા દફતરે હોય તો સારૂં, માટે તેણે વસ્તીપત્રક કરાવવાનું ફરમાન કીધું. ને તેમ કરતાં દંગોફીસાદ ન થાય માટે દરેક પ્રજાના ચાલુ વહીવટ મુજબ કામ લેવાને તાકીદ કીધી હતી. ઉપર આપણે વાંચી ગયા છીએ કે યહુદીરાષ્ટ્ર સુધરેલી રાજ્યનીતિને ધોરણે કારભાર ચલાવતું હતું. તેથી તે લોકોમાં વસ્તીની ગણના થતી હતી. પણ એમાં એટલો ફરક હતો કે તેઓ પોતપોતાના ગોત્ર પ્રમાણે વડીલોના જુના ગામમાં એ ગણતરીનું કામ કરતા હતા. કેમકે તે લોકો પોતપોતાના કુળને શ્રેષ્ઠ ગણતા હતા ને તેથી તેઓ ખરેખરા કુળાભિમાની બન્યા હતા. આ કથાને સમયે તેઓનું એ કુળાભિમાન નાબુદ થયા જેવું દેખાતું હતું. તોપણ ખરા યહુદીના મનમાં તેનો અંકુર જેવો હતો તેવોજ રહેલો હતો, ને તેજ કારણથી આ વસ્તીપત્રકને વખતે યુસફ પોતાની ગર્ભવતી સ્ત્રી મરિયમને સાથે લઇને બેથલેહેમ આવ્યો હતો; ને ત્યાં પોતાની નામ નીશી નોંધાવી હતી. જો કે તેની સ્થિતિ પ્રમાણે આ લાંબી મુસાફરી ખેડી પિત્રુઓના શહેરની યાત્રા કરવી એ કઠણ હતું, તોપણ પોતે રાજ્યવંશી છે ને તે કુળની શ્રેષ્ઠતાનો જે આનંદ તેના અભ્યંતરમાં થતો હતો તેની ઉત્તમતાએ એ કઠણ યાત્રા સહેલ સરખી જાણતો હતો. બધાં યહુદીઓમાં દાઉદનું કુળ શ્રેષ્ઠ ગણાતું હતું. કેમકે આગળ જતાં તે કુળમાં મસીહા પ્રગટ થશે એવી બધાની આશા ને ખાતરી હતી. માટે તેની ઉત્કંઠા ને આતુરતા યુસફનો થાક ઉતારનાર થયાં. તેથી તેણે મજલ દર મજલ એ લાંબી ને કઠણ મુસાફરી પૂરી કરી હતી.

હવે અહીં આપણે જાણવું જોઇએ કે જ્યારે રૂમી બાદશાહના ફરમાન પ્રમાણે હેરોદ રાજાએ યહુદાહ કુળનાં માણસોની ગણતરી કાઢી, ત્યારે ચાલુ વહીવટ પ્રમાણે બેથલેહેમમાં ગણના થઇ ને યુસફ ત્યાં ગયો. પણ સરકારી હુકમ પ્રમાણે મરિયમને સાથે જવાની જરૂરિયાત નહોતી. એ વાત ખરી છે કે

સરકાર તરફથી એવી ફરજ નહોતી; પણ તેણીના સુજ્ઞ પતિને એમ કરવાની ફરજ પડી, કેમકે એવી આશાવાન હાલતમાં પૂરે માસે આવેલી બાઇને મુકી જાય તો તેથી તેની સંભાળ કોણ લે? તેની ચાકરી બરદાસ્ત કોણ કરે? માટે સાથે તેડી ગયા વિના ચાલે એમ નહોતું; એ માટે તેના સુજ્ઞ પતિએ તેને પોતાની સાથે લીધી હતી. આ મુસાફરીમાં તેઓને લગભગ ૮૦ માઇલનું અંતર કાપવાનું હતું, ને તેથી તેઓ ટુંકા ટુંકા મુકામો કરી ચાલ્યાં હતાં. પ્રથમ જ્યારે તેઓ નાઝારેથથી નિકળ્યાં ને બેથલેહેમ તરફ ચાલ્યાં ત્યારે પહેલાં તેઓની દૃષ્ટિ સમીપ યિઝ્રએલનું સુંદર મેદાન આવ્યું હશે. આ વિભાગ ઘણોજ રમણિક અને સારા પાકવાળો રસાળ લેખાય છે. તે મેદાનનો વિભાગ ઓળંગીને આગળ ચાલ્યાં ત્યારે સમારિયાનો માતબર અને ઉપજદાર પ્રદેશ આવ્યો હશે. ત્યાર બાદ આગળ વધતાં યહુદાના પહાડોની રાંગો જોઇ શકયાં હશે. આપણે ઉપર વાંચી ગયા છીએ કે આ મુસાફરીમાં તેઓએ ઘણા ટુંકા ટુંકા મુકામો રાખ્યા હશે. કેમકે તેઓની સ્થિતિ પ્રમાણે એમ કરવું તેજ સોય ભરેલું હતું; ને એમ કરતાં તેઓ આ લાંબો અંતર કાપી શકયાં હશે. આખર બેથલેહેમ પહોંચ્યા પહેલાં તેઓનો છેલ્લો મુકામ બીરોથ અથવા યરૂશાલેમમાં થયો હશે (કારણ કે એ બન્ને ગામ એક દિશા પર સમાંતર લીટીમાં આવેલાં છે. બીરોથ ને બેથલેહેમ વચ્ચે સાત માઇલનું અંતર છે, ને યરૂશાલેમ તથા બેથલેહેમની વચ્ચે ૭ માઇલનું અંતર છે માટે ઘણો તફાવત નથી. ને તેથી આ બેમાંથી એક ગામમાં તેઓનો છેલ્લો મુકામ થયો હતો તેમાં શક નથી).

આ વખતે મરિયમને પૂરા માસ થયા હતા તે આપણે ઉપર વાંચી ગયા છીએ. માટે તેઓ ઉતાવળાં ચાલી શકયાં નહિ. અને જેમ તેણી ધીમે ધીમે ચાલે તેમ યુસફને પણ ધીમે ધીમે ચાલવું પડતું. એ પ્રમાણે ઘણી અડચણો ને મુસીબતો વેઠતાં આ રાજ્યકુળી જોડું મોટી રાતે ને બીજા બધાઓની પછવાડે બેથલેહેમ ગામમાં આવી પહોંચ્યું હતું. જ્યારે તેઓ ગામની લગભગ આવ્યાં ત્યારે તેઓને ઉતરવાની ફિકર લાગી હશે. કેમકે હાલ આ ગામમાં તેઓનું ઘરબાર નહોતું. એક રીતે આ ગામ તેઓના પિત્રુઓનું વતન હતું, તેમ છતાં હાલ તેઓને રહેવા સારૂ ઘર નથી! માટે તેઓ વીસીવાળાની પાસે ગયાં. આ વખતે બહાર ગામથી આવેલાં માણસો આખા ગામમાં ઘેરેઘેર ભરાયાં હશે. તેમ કેટલાંએક વીસીમાં પણ ભરાયાં હતાં. તેથી ત્યાં પણ સોય પડતી જગ્યા મળી નહિ. પણ એક કોડ (ઢોર બાંધવાનો તબેલો) મળી તેમાં તેઓને રહેવું પડયું હતું, ને કેટલાએક દિવસો તેઓ ત્યાં રહ્યાં. ત્યાર પછી ત્યાંજ ખ્રીસ્તનો જન્મ થયો (લુક ૨; ૭).

જે અનાદિકાળનો અજર અને અમર દેવ છે તે જ્યારે મરણાધીન માણસ થયો, ને જે સઘળી સૃષ્ટિનો સ્વામી તે દાસનું રૂપ ધારણ કરી આવ્યો, ત્યારે તેના જન્મસ્થળને સારૂ આથી વધારે કનિષ્ટ જગ્યા કયાં હોય! જ્યારે આ દુનિયાના રાજ્યકુંવરો જન્મે છે ત્યારે તેઓના સુખને માટે કેવી કેવી સગવડો કરાય છે! શું અહીં કાંઇ એવી સગવડ છે? ના ના, બિલકુલ નથી. અરે, એક સાધારણ માણસને ત્યાં છોકરો જન્મે ને તેને સારૂ જેટલી સોય હોય તેટલી પણ અહીં નથી. આ દેવકુંવરની સુખસામગ્રી ઘણી થોડીજ હતી. આહારને માટે પવિત્ર માતાનું પયપાન; રમવાને માટે માતાની સુંદર ગોદ; સુવાને માટે ભાગીતુટી ગભાણ; ઓઢવા પહેરવાને સારૂ સાધારણ બાળોતિયાં; એ સિવાય બીજું કાંઇ નથી! તેમજ પ્રસુતી કાળમાં સુવાવડી બાઇની સંભાળ લેવામાં જે જે વાનાં તૈયાર કરી રાખે છે તે આ જગ્યાએ હોય એમ દેખાતું નથી. તેના ન્હાવા ધોવાનો તથા ખોરાક પાણીનો જે બંદોબસ્ત હોય તે આ મુસાફરો પાસે કયાંથી મળે! તેથી એમ દેખાય છે કે આ મહાન બાળક તથા તેની માતા આ વખતે મહા દીન અવસ્થાનું રૂપ ધારણ કરનાર થયાં હતાં. કેમકે આ સમયમાં જેમ બાળકને સારૂ સુખનાં સાધન થોડાં હતાં, તેમ માતાને સારૂ તે જોઇતાં સાધનોની ગેરહાજરી હતી. તેણીના ખાવાને સારૂ સાધારણ ખોરાક, ઓઢવા પહેરવા સારૂ સાધારણ વસ્ત્ર ને સુવા બેસવા સારૂ સાધારણ જમીન! તેમ છતાં તેજ ખરી રાજ્યમાતા ને તેજ ખરો રાજા છે! જે જગ્યામાં યહુદીઓનો આ રાજા જન્મ્યો તેથી થોડીજ દૂર જગ્યામાં યહુદાહના રાજા હેરોદનું રાજ્યભુવન હતું. તે રાજ્યભુવન એક ઉંચા પહાડ પર બંધાવ્યું હતું, માટે તે સુંદર ને સુશોભિત દેખાતું હતું. જેમ તે પહાડની ટેકરી પર રાજ્યમંદિર શોભી રહ્યું હતું, તેમ તેની તળેટીમાં રાજાની પશુ-સંપત્તિના વાડા ઘેટાં બકરાં વગેરેથી ખીચોખીચ ભરેલા હતા. જે જે વખત એ રાજ્યમહેલમાં મીજલસ ભરાય તે વખત ત્યાં ગાનતાન ને ગુલતાન ઉડી રહેતાં હતાં, ને તેના મધુર સ્વરોથી રાજાને ઘણો આનંદ મળતો હતો. એટલુંજ નહિ પણ ત્યાંથી પસાર થનારા વટેમાર્ગુઓ તેમાં ભાગ લઇ શકતા હતા. વળી તે રાજ્યમહેલમાં હેરોદનાં દંડબાજ સીપાઇઓ હાકલ ખડકારાથી ધુમરાણ મચાવતા હતા. તેમજ ગરીબ વેઠીઆ મજુરો પર ધમકીના શ્વાસ કાઢતા હતા; તે દરરોજ ઘણા લાંબાં અંતર સુધી સંભળાતું હતું. પણ આ ખરા મહારાજાના જન્મસ્થાને બધું સુમસાન હતું! ત્યાં જોતાં શું દેખાય છે? એક વિચારવંત ને ગંભીર ચહેરે બેઠેલો પુરૂષ; બીજી તરફ માંદગી ભોગવતી એક બાઇ; ને ખડબચડી ભાગીતુટી ગભાણમાં સુતેલું એક બાળક. માત્ર એટલુંજ ને બીજું કોઇ નહિ! આહાહા! પ્રભુનાં કાર્ય કેવાં અશોધ્ય ને તેના માર્ગો કેવા બેતપાસ છે! જો કે જન્મસમયમાં

આ રાજ્યકુટુંબની હાલત છેક નબળી છે, તોપણ તેજ ખરૂં રાજ્યકુટુંબ ને તેજ ખરો રાજા છે. જે સઘળી સૃષ્ટિનો સ્વામી તે માનવરૂપે અવતર્યો ત્યારે તેણે કેવું કુટુંબ પસંદ કીધું ? મહાન વૈભવી કે સંપતિવાન રાજ્યકુટુંબ પસંદ કીધું નહિ, પણ એક નમ્ર ને ગરીબ માબાપને ત્યાં અવતર્યો. તેથી એવું સિદ્ધ થાય છે કે તેની નજરમાં ગરીબ તથા તાલેવર બન્ને સરખા છે. જે સર્વ પર સમાનદષ્ટિ રાખે છે તે જ્યારે સમદષ્ટિ રાખવાનું શિક્ષણ આપવા આવ્યો ત્યારે તેની જન્મસ્થાનની લાયક જગ્યા એજ હતી ! એજ પુરાણો તબેલો ને એજ ભાગીતુટી ગભાણ યોગ્ય હતી ! તે શિવાય તેને સારૂ બીજું યોગ્ય સ્થળ કયાં હોય ? માટે એમ કહેવાય કે એજ લાયક સ્થાન હતું, ને તેના વિષે ઇશ્વરી યોજના એવીજ હતી ! જેણે એવી દીન અવસ્થા સહન કીધી ને જેણે વધસ્તંભનું લજ્જાકારક તથા શ્રાપિત મરણ ભોગવી આકાશ તથા પાતાળ ને પૃથ્વી પરની સર્વ સત્તા સંપાદન કીધી છે; તેના પાળણા માટે એવી ભાગીતુટી ગભાણ હતી !

આ વાતનો વિચાર કરતાં એવું દેખાય છે કે જગતના આરંભથી નહિ બનેલી, એવી આ અલૈકિક બિના છે. ત્યારે તે પ્રથમ કોને પ્રગટ કરાઇ હતી ? ને કેવી રીતે પ્રગટ કરવામાં આવી ? તેની તપાસ કરવાથી આપણને ઘણી અજાયબી લાગશે; માટે તે તપાસીએ. આ સુવાર્તાની પ્રથમ વધાઇ સાંભળનાર કોઇ મહા પ્રતાપી રાજા વિક્રમ કે બીરબલ સરખો ચતુર પ્રધાન કે કુબેર જેવો મોટો ધનાઢ્ય શેઠ સાહુકાર કે બૃહસ્પતિના જેવો વિદ્વાન પંડીત નહોતો. પણ જેમ તે બિના એક અપ્રસિદ્ધ જગ્યામાં બની, તેમ થોડા અપ્રસિદ્ધ લોકોને પ્રગટ કરાએલી હતી. જો કે એ પ્રમાણે તે વાર્તા એવે અપ્રસિદ્ધ સ્થળે બની ને થોડા અપ્રસિદ્ધ લોકોને જણાવવામાં આવી તોપણ તેથી તેનું ગૌરવ કે મહાત્મ્ય ઝાંખું પડયું નહિ. હા, એક અણું માત્ર તેનું તેજ ઝંખવાયું નથી. કારણ કે અપાર વૈભવ અને અનહદ દીનતા તેનું પૂરૂં સમેલન કરવું તે એક ઇશ્વરી શકિતનું અદ્દભૂત કાર્ય છે. માણસથી તેવું કાર્ય બનવું અસાધ્ય છે, કેમકે મનુષ્ય પ્રાણી તેનું કામ યથાયોગ્ય રીતિએ કરી શકે તેમ નથી. પણ દેવની પાસે સર્વ કાર્ય સાધ્ય છે, કેમકે તે સર્વ કરી શકે છે. એ વાતનું પૂરૂં પ્રમાણ આ કથામાં આપણને મળી આવેલું છે. કારણ કે ખ્રીસ્તના અવતારમાં માનવદીનતા અને ઇશ્વરસંપત્તિનું પૂરૂં મળતાપણું આવેલું દેખાય છે.

ખ્રીસ્તનો જન્મ કયા માસમાં થયો તે શાસ્ત્રમાં બતાવેલું નથી, માટે વિદ્વાન લોકોએ તે બાબત જુદા જુદા મતો દર્શાવ્યા છે: પણ આખરે તેઓ બધા બે વાત પર આવ્યા. એટલે એક તો એવી વાત કે, મંડળીમાં ચાલતી માન્યતા પ્રમાણે ડિસેમ્બર માસમાં તેનો જન્મ થયો હતો; ને બીજાઓ કહે કે,

ના, તેમ નહિ, પણ જુન માસમાં તેનો જન્મ થયો. એથી આપણને શાસ્ત્ર તરફ નજર કરવાની જરૂર પડે છે. તપાસ કરતાં એવું દેખાય છે કે જ્યારે ખ્રીસ્તનો જન્મ થયો, ત્યારે આકાશ નિર્મળ, અને જમીન કોરી તથા સુકાએલી હતી. એવી કોરી રૂતુમાં તે અવતર્યો હતો, કારણ કે જે રાતે તેનો જન્મ થયો તેજ રાતે સીમમાં ઘેટાંપાળકોને દૂતે તારણની વધામણી આપી; એવો શાસ્ત્રમાં લેખ છે. અને યરૂશાલેમ તથા આસપાસના પ્રાંતમાં એવો રિવાજ હતો કે જ્યારે ચોમાસું પુરૂં થાય, ને વરસાદ બંધ પડે તથા કોરી મોસમ ચાલતી હોય, ત્યારે ભરવાડ લોકો પોતાનાં ઘેટાં સીમની ઝોકોમાં રાખે. જે જગાએ આ ભરવાડો હતા તેજ જગ્યાએ સેંકડો વર્ષો પહેલાં મહારાજા દાઉદ ઘેટાંપાળકનું કામ કરતો હતો. તેને મસીહા વિષે વચનો મળ્યાં હતાં, ને જ્યારે તે વચનો પૂરાં થયાં ત્યારે રાતને સમયે આ ભરવાડો પોતાની ઝોકોમાં બેઠેલા હતા. એવામાં એક મોટું પ્રકાશિત અજવાળું દેખાયું; ને તેમાં દૂતનું દર્શન થયું. તેઓ જાતે યહુદી હતા ને મસીહાના આગમન પર આશા રાખતા હતા, માટે પ્રથમ તેઓને તેના અવતરવા વિષે ખબર આપવામાં આવી હતી. દૂતે તેઓને કહ્યું કે, "આજ દાઉદના શહેરમાં તમારે સારૂ એક તારનાર, એટલે ખ્રીસ્ત પ્રભુ જન્મ્યો છે. અને તમારે સારૂ એ નિશાણી છે કે, તમે એક બાળકને લુગડે લપેટેલો ગભાણમાં સુતેલો જોશો." અને તે એટલું બોલી રહ્યો ત્યાર બાદ આકાશમાં ઘણા દૂતો દેખાયા કે જેઓ ગાયન સાથે પરમેશ્વરની સ્તુતિ કરતા હતા. તેઓએ ગીત ગાયું તેની મતલબ એવી છે કે, "પરમ ઉંચામાં દેવને મહિમા તથા પૃથ્વીમાં જે માણસો વિષે તે પ્રસન્ન છે તેઓ મધ્યે શાંતિ" એવું પવિત્ર ગાયન ગાવાને માત્ર તેઓ યોગ્ય છે. જેના મુખમાં કદી દેવનિંદા નથી, ને જેણે કદી કોઇ માણસને શ્રાપ આપ્યો નથી, તેજ એ ગીત ગાવા લાયક ગણાય છે, ને આ દૂતો એવાજ છે. જો કે તે દૂર દેશમાં રહે છે તોપણ મનુષ્યજાતના શ્રેષ્ઠ બંધુઓ છે કારણ કે તેઓની ઉત્પત્તિ માણસોના કરતાં પહેલાંની હતી.

એ દૂતો અંતર્ધ્યાન થયા પછી ભરવાડો ત્યાં ને ત્યાંજ બેસી રહ્યા નહિ; પણ તેઓએ જે દૈવી પ્રકાશ જોયો હતો, તેનું તેમજ દૂતોની વધાઇનું નક્કીપણું તપાસવા સારૂ તત્પર થયા. મસીહાનાં દર્શન કરવાની તેઓને ઘણી ઉત્કંઠા થતી હતી, તેથી અરસપરસ કહેવા લાગ્યા કે, "ચાલો, હવે આપણે બેથલેહેમ જઇએ, અને આ થએલી વાત જેની ખબર પ્રભુએ આપણને આપી છે તે તપાસી જોઇએ." તેઓ તર્કવાદી કે નાસ્તિક નહોતા, પણ આસ્થાવાન તથા વિશ્વાસુ હતા; તેથી પરમેશ્વરનાં વચનો પર પૂરતો ભરોસો રાખી તેઓએ ઠરાવ કીધો કે હવે આપણે બેથલેહેમ જવું ને દૂતની આપેલી વધામણીની તપાસ કરવી.

આ બેથલેહેમ શહેર એક પહાડ પર વસાવેલું છે, ને તે પહાડની ચારે બાજુ પર સમાન્તરે નાના, નાના ટેકરા ટેકરીઓ આવે છે; પણ ગામ તળેટીનો પહાડ સર્વમાં વધારે ઉંચાઇવાળો છે, માટે ત્યાંથી ઘણા લાંબા અંતર સુધી જોઇ શકાય તેમ છે. જો આપણે તે ગામથી બહાર આવી દક્ષિણ દિશામાં જોઇએ તો મોઆબનો સુંદર પ્રદેશ દેખાશે, ને તેથી વધારે છેક મૃત સમુદ્રના કિનારા સુધીનો મનહર ને રમણિક દેશ જોવામાં આવશે. તેમજ તે ભરવાડ લોકોની ઝોકો તરફ જોઇશું તો અંજીરીઓ તથા જૈતુન વૃક્ષની ગીચુ ઝાડી લીલી લીલી ડાળીઓથી સુશોભિત દેખાશે. આ મનોહર કુંજની શોભા જોવાને ઘણા મુસાફરો ત્યાં જાય છે, ને તે દેખવાથી થતો આનંદ પામે છે. એ સુંદર જગ્યાની કાયમ યાદીને સારૂ રૂમ શહેરના બાદશાહ કાનસ્ટાનટિનની મા હેલીના રાણીએ ત્યાં એક ભવ્ય ને સુશોભિત મંદિર બંધાવેલું છે (ઇ. સ. ૨૪૭થી ૩૨૭ સુધીમાં), એવી જગ્યાએથી આ આપણી કથામાં બતાવેલા ભરવાડો પોતાનાં ટોળાં મુકી ચાલી નિકળ્યા હતા. મસીહાને જોવા સારૂ તેઓ ઘણા આતુર હતા; તેથી તેના દર્શનની આશામાં પોતાનાં ટોળાં સુનાં મુકી ચાલી નિકળ્યા. એ ટોળામાં કેટલાં ઘેટાં હતાં તે સત્ય લેખમાં બતાવેલું નથી, પણ ચાલતી આવેલી વાર્તાઓમાં કહેલું છે કે તેમાં ઘણાં ઘેટાં હતાં. તોપણ તેની દરકાર ન કરતાં બેથલેહેમ તરફ રવાના થયા. આખર તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે એક સાંકડી ગલીમાં પસાર થઇ વીસીવાળાના તબેલા પાસે ગયા. ત્યાં અંદર જઇને જુએ છે તો એક તરૂણ બાઇ પોતાની ગોદમાં બાળક લઇને બેઠેલી છે; તેને લુગડામાં લપેટી ગભાણમાં સુવાડવાનું કરે છે. એ ગભાણમાં સુતેલા બાળકના શરીર ઉપર તેની સુંદરતા શિવાય કોઈ બીજી નિશાની નહોતી; તોપણ દૂતોથી તેઓને પ્રબોધ મળ્યો હતો, માટે તેઓને ખાતરી થઇ ચુકી કે આજ મસીહા છે. એ લોકોને પૂરો વિશ્વાસ આવ્યો કે આ જે દીન અવસ્થામાં જન્મેલું બાળક છે, તેજ તારનાર થશે ને તેજ ખ્રીસ્ત પ્રભુનો અવતાર છે. જેઓ આવું ઉત્તમ જ્ઞાન પામ્યા છે તેઓજ ખરેખરી ધન્યતા પામવા લાયક છે. ધન્ય એ વિશ્વાસને! ધન્ય એવી શ્રદ્ધાને! આ જગત તરફ જોતાં ઘણી વાર એવું દેખાય છે કે જેઓની પાસે આ લૌકિક સંપત થોડી હોય, તેઓ ઇશ્વરી અનુગ્રહમાં વધતા દેખાય છે, ને તે વાત આ લોકોના સંબંધમાં પ્રમાણરૂપ દેખાવ આપે છે. જુઓ, આ મહાન મોટો સદ્‌ગુરૂ તે ગરીબ અવસ્થામાં જન્મ ધારણ કરે છે, ને આ ગરીબ ભરવાડો તેના શિષ્ય થાય છે. ત્યારે તેઓ કેટલા નમ્રભાવે તથા દીનતાએ એક નાના બાળકના ચર્ણાવીંદમાં નમીને પ્રણામ કરે છે. લખ્યું છે કે, "જેમ તેઓને કહેવામાં આવ્યું હતું તેમ તેઓએ બધું સાંભળ્યું તથા જોયું, તેને લીધે તેઓ દેવનો મહિમા તથા સ્તુતિ કરતા પાછા ગયા," આ પ્રમાણે અજાણ્યા લોકો નહિ ધારે તે વખતે પોતાના

બાળકનું દર્શન કરવા આવ્યા, તે જોતાં મરિયમના મનમાં શું આવ્યું હશે? એ પ્રશ્નના જવાબમાં આપણે ખાતરીપૂર્વક કહી શકીશું કે, પહેલાં તેને દૂતનો સંદેશો યાદ આવ્યો હશે; કારણ કે દૂતે તેણીને કહ્યું હતું કે તું તેનું નામ ઇસુ પાડજે, કારણ કે જે પોતાના લોકો તેઓનાં પાપથી તારશે તે એજ છે. તેથી એમ કહેવાય કે પહેલાં તેણીએ તારનારનો મહિમા સાંભળ્યો હતો, પણ હાલ જો પોતે તે મહિમા જોવાને સામેલ થાય છે, તેથી તેણીને કેવો આનંદ થયો હશે! તથાપિ તેણીએ એ સઘળી વાતો ધ્યાનમાં રાખી, ને પછી યોગ્ય સમય આવતાં દેવની મંડળીમાં જાહેર કીધી.

પૂરવણી.

ખ્રીસ્તનો જન્મ થયા પછી.

પ્રભુ ઇસુ ખ્રીસ્તના જન્મની નક્કી સાલ કઇ હતી, તે વિષે શાસ્ત્રમાં ખુલાસા વાર લેખ નથી, તોપણ કેટલાંએક બહારનાં પ્રમાણો છે કે જેથી એ સાલ વિષે નિર્ણય કરી શકાય છે.

તેમાંનું ૧ લું પ્રમાણ એવું છે કે હેરોદ રાજાના મરણ પહેલાં આપણા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તનો જન્મ થયો હતો, અને એની શાહેદી શાસ્ત્ર પ્રમાણે ચોક્કસ ઠરે છે. વળી હેરોદના મરણ વિષે યોસેફસ નામનો ઇતિહાસક ચોક્સ રીતે લખી ગયો છે. તેમાં એવી હકીકત મળે છે કે જ્યારથી રૂમી બાદશાહે તેને યહુદાહની ગાદી પર બેસાડયો ત્યાર પછીથી સાડત્રીસમે વર્ષે હેરોદનું મરણ થયું. રૂમી શ. ૭૧૪ માં તે ગાદીએ બેઠો હતો તો રૂમી શ. ૭૫૦–૭૫૧ માં તેનું મરણ થયું હશે. આ યોસેફસની ગણતરી નિશાન મહિના પછી ગણવામાં આવતી હતી. તે પ્રમાણે જોતાં એમ દેખાય છે કે, ઇ. પૂ. ૩–૪ માં હેરોદનું મરણ થયું હશે.

પ્રમાણ ૨ જું. તેમાં એજ યોસેફસ બીજી હકીકત લખે છે; તે એવી કે જ્યારે હેરોદ રાજાએ માત્થીઅસ તથા યહુદાને શાહેદ કીધા (જીવથી બાળી નાખ્યા) ત્યારે પુનમની રાતનું ચન્દ્રગ્રહણ હતું. એ ગ્રહણ ઇ. સ. પૂ. ૪ના માર્ચની ૧૧ મી તારીખે થયું હતું, એવું ગણિતશાસ્ત્ર પરથી પ્રસિદ્ધ થાય છે. તેમજ યહુદીઓની ગણના પ્રમાણે એપ્રિલની ૧૨ મી તારીખે જે પાસ્ખા પર્વ પાળવામાં આવ્યું તે પહેલાં ૭ કે સાત દિવસ આગળ હેરોદ મરી ગયો હતો. આ પાસ્ખા પર્વ શાસ્ત્રના કહેવા પ્રમાણે પ્રથમ ગણી શકાય તેવું હતું. તે ઉપરથી એમ કહી શકાય છે કે હેરોદના મરણ પહેલાં ૪૦ દિવસો પર ખ્રીસ્તનો જન્મ થયો હતો. એ બધાં પ્રમાણોથી એવું સાબિત થાય છે કે ચાલુ ખ્રીસ્ત સન પૂર્વ ૪ માં ફેબ્રુઆરી માસ અગાઉ ખ્રીસ્તનો જન્મ થયો હતો.

પ્રમાણ ૩ જું. ખ્રીસ્તના જન્મ વિષે ત્રીજું પ્રમાણ લુકની સુવાર્તા પરથી મળે છે. તેમાં તે લખે છે કે તીબેરિયસ બાદશાહની કારકીર્દીને પંદરમે વર્ષે યોહાન બાપ્તિસ્મા કરનારે કામની શરૂઆત કીધી હતી. અને ત્યાર પછી ઇસુએ બાપ્તિસ્મા લીધું ત્યારે તે ત્રીશ વર્ષનો હતો. આ બે પ્રમાણો તપાસતાં એક હરકત નડે છે. તે એવી કે ઑગસ્તસ બાદશાહને ૧૬ મે વર્ષે રૂમી સનનું ૭૬૭ મું વર્ષ થયું હતું. તેથી ઉપર બતાવેલા પ્રમાણમાં તે ૭૮૨ મું વર્ષ આવે છે. પણ ઉપર આપણે વાંચી ગયા કે ૭૫૦ ના ફેબ્રુઆરી માસ પુહેલાં ઇસુ જન્મ્યો હતો, અને આ પ્રમાણ પ્રમાણે જોતાં બાદશાહ તીબેરિયસની કારકીર્દીના પંદરમા વર્ષે રૂમી રાજનાં ૭૬૭ વર્ષ થયાં હતાં. ત્યારે તો ઇસુના બાપ્તિસ્માની વખતે તે સનનું ૭૮૨ મું વર્ષ આવે. પરંતુ આગળ આપણે જોયું કે ૭૫૦ ના ફેબ્રુઆરી પુહેલાં તેનો જન્મ હતો; તેથી એમ કહેવું પડશે કે ઇસુના બાપ્તિસ્માની વખતે તે ૩૨ વર્ષનો હતો; ને એમ કહેવું તે ખુદ લુકના લખાણથી વિરૂદ્ધ છે (કેમકે તે લખે છે કે તે આસરે ૩૦ વર્ષનો હતો, તેમાં એવો અર્થ રહેલો છે કે ૩૦ વર્ષથી વધારે નહિ). તે ઉપરથી એમ દેખાય છે કે આ બાદશાહની કારકીર્દીના આરંભ વિષે બીજી કોઇ પણ રીતના કાળગણના પરથી ધારણા ગણાએલી હશે. તેમજ ઇતિહાસ તરફ જોતાં એવું દેખાય છે કે તીબેરયસ તથા ઑગસ્તસ એ બન્ને બાદશાહો સાથે ને સાથે રાજ્ય કરતા હતા; ને ત્યાર પછીથી તેની કારકીર્દી માનવામાં આવી હતી, અને એ રીતે ૭૬૫ મું વર્ષ આવેલું હતું; માટે એ પ્રમાણે જોતાં ઇસુએ પોતાના લૌકિક કામનો આરંભ ૭૮૦ માં કર્યો હતો; તેમ ૭૫૦ માં તેનો જન્મ થયો એ વાત સિદ્ધ ઠરેલી છે. [રૂમ શહેરની સ્થાપનાથી રૂમી સન ગણાતો હતો, એવી લોકમાન્યતા ચાલે છે].

અધ્યાય ૨ જો.

ઇસુનું બાળપણું.

પ્રભુ ઇસુ ખ્રીસ્તનું જીવનચરિત્ર લખનાર જો કોઇ કવિ હોત, ને તેણે કાદંબરીના પુસ્તકાકારમાં કાળવ્યરચના વિસ્તારી હોત, તો તેના અદ્ભૂત કાર્યોનું અચ્છી રીતે વર્ણન કરી તેના ચમત્કારો જાહેર કરત, ને તેમ કરતાં તેના પરાક્રમ તથા ઇશ્વરી શક્તિનું ઘણી સરસ રીતિએ પ્રતિપાદન કરત; ને તેમાં લેશમાત્ર ભૂલ કે ચૂક રાખત નહિ. વળી બીજું કે તેના માનવી સહોદર માત-પિતાને નિયમાનુસાર જે જે વિધિઓ કે ક્રિયાઓ કરવી પડી તે બાબતનો એક શબ્દ સરખો દાખલ કરત નહિ; કારણ કે એવી ક્રિયાઓ શુદ્ધિકરણ બાબત ઠરેલી હતી. માટે તે તો સાધારણ માણસને માથે હોય. પ્રભુ ઇસુ

ખ્રીસ્ત દેવપુત્ર છે, ને જો તે અવતાર લે તો તે અવતાર શુદ્ધ છે, તેમાં અશુદ્ધતા કયાંથી આવે? ને અશુદ્ધતા વિના શુદ્ધિકરણની જરૂરે શી? એવા એવા તર્કવાદી પ્રશ્નો કરી તે ક્રિયાઓની વાત ગેબ કરત; પણ જેને સત્યશાસ્ત્ર કહીએ તેમાં અસત્ય કેમ હોય! સત્ય તે તો સત્યજ છે, માટે જે જે વાતો બનેલી તે બધી ખરી રીતે દાખલ કીધી છે; તેથી તેની સાખ ખરી ને માનવા જોગ છે. જેમ લખ્યું છે કે, "જ્યારે સમયની સંપૂર્ણતા આવી ત્યારે દેવે પોતાનો દીકરો બાયડીથી જન્મેલો ને નિયમ તળે જન્મેલો એવો મોકલ્યો" (ગલા. ૪; ૪).

એ વચન પ્રમાણે જોતાં પ્રભુ ઈસુ ખ્રીસ્તને જન્મના આરંભથીજ નિયમ શાસ્ત્રને આધીન થએલો દેખાએ છીએ. જુઓ, જન્મ પામ્યા બાદ આઠમે દિવસે તેની સુંનત કરવામાં આવી હતી; ને ત્યારે તેનું નામ ઈસુ પાડયું, કે જે નામ તે પેટે રહ્યો ત્યાર પહેલાં દૂતે પાડયું હતું. જ્યારે જન્મસૂતક ઉતર્યું, ને શુદ્ધિકરણના દહાડા પૂરા થયા, ત્યારે ૪૦ મે દિવસે તેને મંદિરમાં દાખલ કીધો હતો; કારણ કે નિયમશાસ્ત્ર પ્રમાણે દરેક પ્રથમ જન્મેલો નર પ્રભુને સારૂ પવિત્ર ગણાતો હતો; તેથી વિધિપૂર્વક તેની ખંડણી કરવા તથા અર્પણ ચઢાવવા સારૂ માબાપો તેને મંદિરમાં લાવ્યાં. એ પ્રમાણે જે મંદિરનો પ્રભુ તે પોતે મંદિરમાં આવ્યો, મલ. ૩; ૧ માં લખ્યા પ્રમાણે કે, "જેને તમે શોધો છો, તે અકસ્માત પોતાના મંદિરે આવશે." એ પ્રમાણે યુસફ અને મરિયમ બાળ ઈસુને લઈ મંદિરમાં આવ્યાં. એ વખતે ઘેટાંનું અર્પણ ચઢાવવાનો રિવાજ હતો; પણ જે એનું અર્પણ ચઢાવવાને શક્તિવાન ન હોય તે હોલાં અથવા કબુતરનું અર્પણ ચઢાવે, એવી આજ્ઞા હતી (લેવી ૧૨; ૬–૮). જો ઈસુનાં માબાપ શ્રીમંત ને પૈસાદાર હોત તો તેઓ પશુયજ્ઞ ચઢાવત, પણ તેઓ ગરીબ હતાં માટે તેમ કરી શકયાં નહિ; પણ ઉપર બતાવેલા નિયમ પ્રમાણે તેઓ પક્ષીનું અર્પણ લાવ્યાં હતાં; તેથી અહીં પણ તેમની દીન અવસ્થાનું પ્રકટીકરણ થાય છે. પરંતુ તેના દરેક ચરિત્રમાં જ્યાં જેવી સ્થિતિ ત્યાં તેવો ગૌરવ ને આત્મિક વૈભવ પ્રગટ થઈ આવે છે. તે જેમ જન્મસમયે દેખાયો તેમ અહીં પણ થયું; એટલે, જ્યારે માતા મરિયમ તે બાળકને મંદિરના મોટા દરવાજા પાસે લાવ્યાં ત્યારે ત્યાં પણ તેનો ગૌરવ પ્રગટ થયલો હતો; એટલે શિમઓન નામનો એક ઘણો વૃદ્ધ પુરૂષ જે પોતે ખરો ઈશ્વરભક્ત હતો તે ત્યાં આવ્યો; ને તેણે સ્તુતિ કરતાં કહ્યું કે, "ઓ સ્વામી, હવે તારા વચન પ્રમાણે તું તારા દાસને શાંતિએ જવા દે. કેમકે મારી આંખોએ તારૂં તારણ દીઠું છે, જેને સર્વ લોકોની સન્મુખ તેં સિદ્ધ કીધું છે: વિદેશીઓને પ્રકાશ આપવા સારૂ, તથા તારા ઈસ્રાએલી લોકોનો મહિમા થવા સારૂ તે અજવાળું છે" (લુક ૨; ૨૯-૩૨). માટે હવે હું મરવાને સિદ્ધ છું. અને શિમઓને તેઓને આશીર્વાદ દીધો,

અને તેની મા મરિયમને કહ્યું કે, "જો, આ બાળક ઇસ્રાએલમાંના ઘણાના પડવા, તથા પાછા ઉઠવા સારૂ, તથા જેની વિરૂદ્ધ વાંધા લેવામાં આવે તેવી નિશાણી થવા સારૂ ઠરાવેલો છે. હા, ને તારા પોતાના જીવને તરવાર વિંધી નાખશે; એ માટે કે ઘણા મનની કલ્પના પ્રગટ થાય" (લુક ૨; ૩૪, ૩૫). આ પુરાતન ઇશ્વરભક્તને દેવના પવિત્ર આત્માથી એવું જ્ઞાન મળેલું હતું કે તે આ પોતાના તારનારને ઓળખી શકે એટલુંજ નહિ, પણ તે તારણનું કેવું મોટું ને મહિમાવાન ભરણું ભરી આપવાનો છે, એ વિષે પણ તેને જણાવવામાં આવ્યું હતું; તેથી શિમઓન તે ભવિષ્યપ્રેરણાથી બોલ્યો કે, આ અશક્ત બાળક મનુષ્યજાતના બે વિભાગ કરશે; અને તેથી ઘણાઓનાં અંતઃકરણની કલ્પના પ્રગટ કરવામાં આવશે. કેટલાક તેના પર પ્રીતિ કરી તેને પૂજ્ય માનશે, અને બીજા કેટલાએક તેનો દ્વેષ કરી તેના વિરોધી થશે, તે એટલે સુધી કે તરવારથી તેનો દેહ વિંધી નાખે. એ રીતે તે ઘણાં ઘણાં દુઃખો સહન કરવાને નિવડેલો છે. શિમઓનને પ્રભુનું જે દર્શન થયું તે વિષે અનેક દંતકથાઓ ચાલે છે, જે ખરી માનીને વાંચકોને જણાવવા સારૂ દાખલ કરી છે એમ તો નહિ, પણ તે પરથી શાસ્ત્રના ઇતિહાસને ટેકો મળે ને તેના ખરાપણા વિષે વાંચનારને ખાતરી થાય માટે લખી છે. તેમાંની એક એવી છે કે, જ્યારે તે મંદિરમાં આવ્યો ને જોયું, ત્યારે માતા મરિયમની છાતી સાથે દબાએલું બાળક એક અલૌકિક તેજસ્વી સ્તંભ સરખું દેખાયું; તેથી તેણે જાણ્યું કે, એ મસીહા છે. વળી બીજી એવી છે કે, તે પ્રભુનું વચન વાંચતો હતો, ત્યારે એવું વાક્ય આવ્યું કે, "જુઓ, કુંવારી ગર્ભવતી થશે, ને દીકરો જણશે." એ વચન વાંચતો હતો એટલામાં તે એકાએક મુર્છાગત થયો; અને તેજ સમયે તેને એવી સૂચના થઈ કે, ઓ શિમઓન, એ વચનની પરિપૂર્ણતા જોયા પહેલાં તું મરનાર નથી. આ પ્રમાણે સંદર્શન થવાથી તેને મસીહા વિષે ખાતરી થયેલી હતી, તે વખતે તેની ઉમર આસરે ૧૧૩ વર્ષની હતી.

આ શિમઓન કોણ ને કેવો હતો, તે પ્રશ્નના સંબંધમાં એવી વાતો ચાલે છે કે, તે પ્રમુખ્ય યાજક હતો; તોપણ જ્યારે મુળ લેખ તપાસીએ ત્યારે જરા શંકા જેવું થાય છે, કારણ કે ત્યાં લખ્યું છે કે, "શિમઓન નામનો કોઈ એક યરૂશાલેમનો રહેવાસી હતો." આ શબ્દો પર જોતાં ઉપરની વાતનો સંપૂર્ણ ભરોસો આવતો નથી, તેની ઉમર કેટલી હતી તે વિષે શાસ્ત્રમાં કંઈ કહેલું નથી; પરંતુ તે પ્રસંગે હાન્ના નામે જે ભવિષ્યવાદેણ મંદિરમાં આવી ને પ્રભુની સ્તુતિ કીધી, તેમજ યરૂશાલેમમાં જેઓ તારનારની વાટ જોનારા હતા તેઓને તારનારની વાત પ્રગટ કરી તેણીનું વૃત્તાંત જરા વિસ્તારથી લખ્યું છે. આ હકીકતો બન્યા બાદ મંદિરમાં અર્પણવિધિનું કાર્ય પૂરૂં કરી યુસફ તથા મરિયમ પાછાં ફર્યાં, ને બેથલેહેમ આવી રહેવાં લાગ્યાં. આ વખત તેઓને બેથલેહેમમાં

રહેવાની ઇચ્છા હતી, પણ પાછળથી એવી બિના બની આવી કે જેથી શિમઓનના દ્વિઅર્થી ભવિષ્ય વચનની પૂર્ણતા દેખાઈ.

અધ્યાય ૩ જો.

માગી લોકોનું આવવું.

હવે આપણે જોવાનું છે કે જ્યાં સુધી યહુદી રાષ્ટ્રને હાથ પોતાનું સ્વરાજ્ય રહ્યું, ત્યાં સુધી બધા યહુદીઓ વચનદત્ત પાલેસ્તાઈન દેશમાં સાથે રહેતા હતા, પણ આગળ જતાં તે રાજબંધારણ તુટી ગયું ને પરદેશી લોકોની રાજ્યસત્તા બેઠી. ત્યારે ઘણા ખરા આસપાસના દેશોમાં જતા રહ્યા ને ત્યાં વસાહત કીધી. એ લોકો વેપારરોજગાર તથા હુન્નર સંબંધી કળાકૌશલ્યમાં આગળ વધેલા હતા; માટે તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ફાવી શક્યા હતા. પાલેસ્તાઈન દેશની છેક પડોસમાં ઇરાન પ્રદેશ આવે છે, ને કેટલાએક ત્યાં જઈ વસ્યા હતા. આ ઇરાનમાં પારસી રાજ્ય ચાલતું હતું, પણ તેમાં યહુદી લોકોને વસવાની બીક નહોતી. બધા યહુદી લોકો પોતાના શાસ્ત્રનો અભ્યાસ કરનાર હતા. દરેક જણ પોતે પોતાના ધર્મમાં પ્રવીણ થતો હતો, તેથી શાસ્ત્રની તાલીમ સારી હતી. વિશેષે કરીને તેઓ ગાયનના શોખીન હતા, ને તેનાં ગીતોમાં આગમવાણીઓ તથા ભવિષ્યવચનો આવતાં હતાં. એક સમય એવો આવશે કે યહુદી કુળમાં મસીહાનો જન્મ થશે, ત્યારે તે યહુદી રાજ્યની પુનઃસ્થાપના કરી બધા યહુદીઓનો ઉદ્ધાર કરશે, એવી આગમવાણીઓ પૂરાતન સંતો તથા ભકતો બોલ્યા હતા, ને તેના પર આધાર રાખી બધા લોકો મસીહાના આવવાની વાટ જોતા હતા; તેથી જેમ તે યહુદીઓ મસીહા વિષે જાણતા તેમ તેના પડોસી પારસીઓ પણ એવી વાતોમાં વાકિફગાર થયા હતા. ઉપર આપણે વાંચી ગયા છીએ કે, પહેલાં યહુદી રાજ્ય બળવાન હતું, પણ પાછળથી તે કમજોર થયું, ને આ કથાને સમયે છેક ભાગ્યા તુટયા જેવું થએલું હતું; તેથી બધાના મનમાં મસીહાના આગમનની આશા સરખીજ હતી, તેમ તેના પ્રગટ થવાનો સમય નજીક આવેલો માનતા હતા. તેના સહચારી પારસીઓ પણ એવું કંઈ માનતા હતા. તેઓની માન્યતા પ્રમાણે માણસજાત શેતાનના બંધનમાં આવી અગણિત આપદાઓ ભોગવે છે. તેઓને એ બધાં દુઃખથી તારે ને શેતાની સત્તાનો નાશ કરે, એવો એક સામર્થ્યવાન ને મહા પરાક્રમી તારનાર આવશે; ને જ્યારે તેનો જન્મ થશે ત્યારે મિથ્ર નામ ધારણ કરી રાજ્યપદ ભોગવશે, ને તેનાથી માણસો પાપના બંધનથી છુટકો પામશે; તેમજ ગ્રીક લોકો કહેતા હતા કે, જે તારનાર આવવાનો છે તે પ્રોમિથિયસ રાજાનું નામ ધારણ કરશે, ને તેનાથી આપણું તારણ થનાર છે; એ શિવાય બીજા દેશોમાં જે દેવદેવીઓની કથાઓ ચાલે છે,

તેમાં પણ એવા ઇસારા દેખાઈ આવે છે. સર્વ અધર્મ, અન્યાય અને ઉલ્લંઘનની સામે થઈ જોર, જુલમ અને પાપને દબાવવા સારૂ એક મહા સામર્થ્યવાન તારનારની જરૂર છે; તેથી તેવો તારનાર આવશે એ સર્વ સૃષ્ટિની સામાન્ય માન્યતા છે. એ ઇશ્વરી પ્રેરણાનું જ્ઞાન દરેક દેશના જુદા જુદા લોકોમાં ન્યુન્યાધિક દેખાતું હતું; પણ આ જ્ઞાની પારસી લોકોમાં કાંઈ વિશેષ હતું. તેથી ખ્રીસ્તના જન્મની વેળાએ તેઓ તેને શોધવા સારૂ આવ્યા હતા; તેઓની દૃષ્ટિસમીપ એક પ્રકાશિત તારો દેખાયો હતો, પણ માત્ર તે આકાશી તારા પરજ તેઓ જોતા હતા એમ નહિ, કારણ કે જે તારો તેઓએ દીઠો હતો તેની ઉત્પત્તિ કાંઈ વિશેષ અદ્‌ભૂતતા બતાવનાર નહોતી. જોતિષશાસ્ત્ર પ્રમાણે એ તારાનો ઘણી વાર ઉદય થાય છે, ને તેના વખતની ગણતરી કરીએ તો એવું સિદ્ધ થાય કે ખ્રીસ્તના જન્મવખતે એ તારો દેખાયો હતો. કેપ્લર નામે એક કુશળ ને વિદ્વાન જોતિપશાસ્ત્રી થયો છે, તેણે ઈ. સ. ૧૬૦૩ ડિસેમ્બરની ૭ મી તારીખે બૃહસ્પતિ તથા શનિ એ બન્ને ગ્રહોની ગ્રહયુક્તિ જોઈ હતી, ને ત્યાર પછીના વખતે વસંતરૂતુમાં મંગળ આવી મળ્યો હતો. ત્યાર બાદ ઉનાળો આવ્યો ત્યારે શનિ તથા બૃહસ્પતિની વચ્ચે એક નવીન તારો દેખાતો હતો. તે માર્ચ પર્યંત દેખાયો, ને પછી અસ્ત થયો. તે ઉપરથી કેપ્લરના મનમાં આ વાત આવી કે ખ્રીસ્તના જન્મવખતે જે તારો દેખાયો તે આવોજ હતો કે નહિ? માટે તેની તપાસ કરવા સારૂ તેણે ગણિતશાસ્ત્રની રીતે જોયું, ત્યારે એવું દેખાયું કે રૂમી સન ૭૪૮ માં એવી રીતની ગ્રહયુક્તિ થઈ હતી. ચીન દેશના કાલવૃત્તાંતના પુંસ્તકમાં પણ એવો લેખ છે કે રૂમી સન ૭૪૮ માં એક નવીન તારો દેખાયો, જે ૭૦ દિવસ સુધી દેખાતો રહ્યો. તે વખતે રૂમીઓનું ૭૫૦ મું વર્ષ હતું. વળી સુવાર્તામાં જે ઇતિહાસ છે તે ઉપર જોતાં એમ દેખાય છે કે એ તારો ખ્રીસ્તના જન્મ પહેલાં બે વર્ષથી દેખાતો હતો; કારણ કે હેરોદ રાજાએ તેના ઉદય વિષે ચોકસ ખાતરી કરી લીધી હતી; ને ત્યાર પછી તેટલી ઉમરથી બધા નર બાળકોને મારવાનો ઠરાવ કીધો હતો. તે પ્રમાણે બેથલેહેમમાં બે વર્ષની અંદરના બધા છોકરાઓની કતલ ચલાવી.

હવે એ રીતિએ તારાની નિશાણી પામીને આ જ્ઞાની પારસી લોકો ખ્રીસ્તના જન્મને વખતે આવ્યા હતા. તેઓ મહાન રાજાને મળવા આવ્યા હતા; માટે ખાલી હાથે આવ્યા નહિ, પણ પોતાની સાથે નજરાણાં લાવ્યા હતા; અને તે પોતાની સ્વબુદ્ધિ પ્રમાણે લાવ્યા નહિ, પણ તેઓને જે ઇશ્વરી સૂચના થઈ તે પ્રમાણે લાવ્યા હતા. તેઓ પોતાના દેશથી નિકળ્યા ને બારોબાર યરૂશાલેમ ગયા, ત્યાં સુધી એ તારો અદૃષ્ય હતો. એ લોકોએ યરૂશાલેમમાં આવીને એવું પુછ્યું કે, "યહુદીઓનો જે રાજા જન્મ્યો છે તે કયાં છે?" એ

પ્રશ્ન સાંભળતાં હેરોદ રાજા તથા આખા શહેરની પ્રજા ગભરાટમાં પડયાં, કારણ કે રાજા હેરોદને ત્યાં કોઇ પુત્રજન્મ થયો નથી. તેને પોતાના રાજ્યને સારૂ હકદાર વારસ નહોતો તેમ છતાં રાજ્ય મેળવવા તેણે અઘોર કૃત્યો કીધાં હતાં. વળી તેણે જ્યારે સાંભળ્યું કે પોતાના રાજ્યને સારૂ જુદો વારસ જન્મ્યો છે, ત્યારે તેના ગભરાટનો પાર રહ્યો નહિ.

હવે પછી આ રાજ્યક્રાંતિ બદલાઇને નવીન રાજ્યક્રાંતિ થનાર છે, ને તે નિમિત્તે કેટલો રક્તપ્રવાહ વહેવડાવાશે, એવા એવા વિચારોથી પ્રજાનાં મનમાં ચિંતા અને ગભરાટ થવા લાગ્યો. માગી લોકોના પ્રશ્નનો નિર્ણય કરવા સારૂ હેરોદે પંડિતોને બોલાવ્યા, ને તેઓની સભા પ્રત્યે પુછ્યું કે, ખ્રીસ્તનું જન્મસ્થળ કયાં હોય? એ પ્રશ્નનો જવાબ આપવા સારૂ તેઓ અગમવાણીનાં પુસ્તકોમાં તપાસવા લાગ્યા, ને પછી રાજાને જવાબ આપ્યો કે ખ્રીસ્તનું જન્મ-સ્થળ બેથલેહેમ છે. જ્યારે હેરોદના જાણવામાં આવ્યું કે આ નવો રાજા રાજ્યનો વારસ થશે ત્યારે તે પોતા સંબંધી ચિંતામાં પડયો. જો તે મોટો થાય તો મારી સામો લડે, ને લોકો તેના પક્ષમાં ભળી જાય તો પછી મારી શી વલે થાય? એવા અસંતોષી વિચારોથી તેનું મન કઠણ થયું; ને આખરે એક ઘાતકી ઉપાય યોજી તે પ્રમાણે પોતાનો બચાવ સાધ્યો. તેણે એમ ધાર્યું કે જો તે રાજા મોટો થશે તો મારૂં રાજ્ય છીનવી લેશે, માટે જ્યાં સુધી તે નાનો છે ત્યાં સુધીમાં તેને મારી નાખું તો પછી ફિકર મટે, ને આગળ જતાં મારા પર આવનાર આયફત દૂર જાય; માટે કપટબુદ્ધિથી તેણે જ્ઞાની લોકોને પોતાની પાસે બોલાવ્યા. જ્યારે તેઓ રાજા પાસે આવ્યા ત્યારે રાજાએ કહ્યું કે, પ્રથમ તમે જાઓ, ને તે બાળકનો શોધ કરો, પછી મને ખબર આપજો, એટલે હું પણ તેનું ભજન કરવા જઇશ. ત્યાર બાદ માગી લોકો યરૂશાલેમ છોડીને આગળ ચાલતા થયા; ને જુઓ, જે તારો તેઓએ પૂર્વમાં દીઠો હતો તે તેઓની આગળ ચાલતો ગયો (માત્થી ૨; ૯). આ વખત તારાની જગ્યા એવી સ્પષ્ટ દેખાતી હતી કે તે છેક બેથલેહેમ પર હોય. કેવળ એટલુંજ નહિ, પણ જે ઘરમાં બાળ ઇસુ હતો તે ઘરના છાપરા ઉપર સ્થિર થએલો માલમ પડતો હતો. આ આકાશી તારો નાના સરખા ઘર ઉપર સ્થિર થઇ ઉભો રહેલો હોય એમ તો નહિ, પણ લૌકિક ભાસ પ્રમાણે બરાબર સમજણ પડવા સારૂ એ પ્રમાણે બોલવાનો રિવાજ છે. જેમકે સૂર્ય ઉગ્યો ને સૂર્ય આથમ્યો, એવું બોલવાથી આપણે સૂર્યના દેખાવાનો કે અદષ્ય થવાનો સમય જણાવીએ છીએ, પણ ખરી વાત પ્રમાણે સૂર્યનો ઉદય કે અસ્ત થતો નથી. તેમ છતાં ભાષા બોલવામાં એવી રૂઢી ચાલતી આવી છે, ને એજ રીતે આ તારાની વાત સમજી લેવી ઘટે છે. એ તારાની ગતિ એવી થતી હતી કે જેથી માગી લોકોને આગળ ચાલતો હોય તેમ લાગ્યું; પણ આખર જતાં તે સ્થિર થયો એમ

દેખાયું. જે જગ્યાએ આ તારો સ્થિર રહ્યો તે આકાશનો મધ્ય ભાગ છે એવું જોનારને દેખાયું હશે; જેમ આપણે કોઇ વખત ચંદ્રને અમુક બે ઝાડોની વચ્ચે જોઇએ છીએ અને બોલીએ છીએ કે ચંદ્ર ફલાણા બે ઝાડની વચ્ચે છે, અથવા અમુક પહાડ પર જોઇને કહીએ કે તે ફલાણા પહાડ પર છે. એ રીતે માગી લોકો આ તારાને જોતા બેથલેહેમ આવ્યા; અને ત્યાં જે મસીહા હતો તેને માન આપ્યું, તેમજ દ્રવ્યાદિ જે પદાર્થો અર્પણને સારૂ લાવ્યા હતા તે તેને નજર કીધાં, ને એમાં પણ કેટલાંક આગળનાં ભવિષ્યવચનો પૂરાં થએલાં દેખાય છે. "અને વિદેશીઓ તારા પ્રકાશ ભણી તથા રાજાઓ તારા ઉદયનાં તેજ ભણી ચાલ્યા આવશે. તારી દૃષ્ટિ ચારેગમ ઉંચી કરીને જો; તેઓ સર્વ ભેગા થાય છે, તેઓ તારી પાસે આવે છે; તારા દીકરા વેગળેથી આવશે, ને તારી દીકરીઓને કેડે બેસાડીને લાવશે. ત્યારે તું જોઇને પ્રકાશ પામીશ, ને તારૂં હૃદય થરથરશે ને ફુલશે, કેમકે સમુદ્રનું દ્રવ્ય તારી પાસે વાળી લવાશે, ને વિદેશીઓનું દ્રવ્ય તારી પાસે આવશે. ઉંટોનો સમૂહ, મિદ્યાન તથા એફાહમાંનાં ઉંટનાં બચ્ચાં તને ઢાંકી દેશે, શેબાથી સર્વ આવશે, તેઓ સોનું તથા લોબાન આણશે, ને યહોવાહનાં સ્તોત્ર વિષે વધામણી લાવશે" (યશા. ૬૦; ૩–૬). વળી "અરણ્યવાસીઓ તેની આગળ નમશે, ને તેના શત્રુઓ ધુળ ચાટશે. તાર્શીશના તથા બેટોના રાજાઓ ખંડણી આપશે, શેબા તથા સેબાના રાજાઓ નજરાણાં કરશે" (ગીત. ૭૨; ૯, ૧૦). આ ને આના જેવાં બીજાં કેટલાંએક ભવિષ્યવચનો પૂર્ણ થવાનો આરંભ થયો, કેમકે "માગી લોકોએ બાળકને તેની મા મરિયમ પાસે દીઠા, ને પગે પડીને તેનું ભજન કીધું; પછી તેઓએ પોતાંની જોણ્ણી છોડીને સોના તથા લોબાન તથા બોળનું તેને નજરાણું કીધું" (માત્થી ૨; ૧૧).

અધ્યાય ૪ થો.

યુસફ ને મરિયમ ઇસુને લઇને મિસરમાં જાય છે.

માગી લોકો હેરોદ રાજાને ઇસુનું વૃત્તાંત જાહેર કરવા સારૂ પાછા યરૂશાલેમ ગયા નહિ, કેમકે તેઓને પ્રભુ તરફથી સ્વપ્નદ્વારે એવી સૂચના મળી કે તમારે હેરોદ પાસે પાછા જવું નહિ, પણ સીધે સીધા પોતાના દેશમાં ચાલ્યા જવું; માટે તેઓ પાછા પોતાના દેશમાં ગયા હતા. હવે જ્યારે હેરોદના જાણવામાં આવ્યું કે, માગી લોકો મારાથી છાની રીતે જતા રહ્યા, ને કપટ કીધું, ત્યારે તેનો કોપ સળગી ઉઠયો, ને તે ક્રોધાંધ બની ગયો. તેણે તુરત પોતાના સરદારોને તથા ઘાતકી સિપાઇઓને બોલાવ્યા. જ્યારે તેઓ હાજર

થયાં ત્યારે તેણે હુકમ કીધો કે, તમો જાઓ, અને બેથલેહેમ તથા તેની આસપાસની સીમમાં જે કોઇ નર બાળક બે વર્ષની અંદરનું જુઓ તેને કતલ કરો.

આ રાજા અથવા બીજો કોઇ આવું કમકમાટ ઉપજાવનાર ત્રાસજનક ઘોર કર્મ કરશે એવો કોઇના મનમાં ખ્યાલ નહોતો, ને આવે પણ નહિ; તેથી જ્યારે એ નિર્દય હુકમનો અમલ કરાયો ત્યારે લોકોમાં હાહાકાર ને કાળો કેર વર્તાયો હતો. તેમ છતાં હેરોદનો ઇતિહાસ લખનાર આ બાબત વિષે કાંઇ લખતો નથી તેમ ઇસારા સરખું પણ દર્શાવતો નથી, તેથી સુવાર્તિક માત્થીના લખાણ પર સંદેહ લાવવાનું કાંઇક કારણ મળે છે. હા, ખરી વાત છે કે યોસેફસે તે વાત લખી નથી, પણ તેણે જે જે વૃત્તાંત આપ્યું છે, તેમાં હેરોદ રાજાનો ભ્રષ્ટાચાર તથા પાપી ને દૂષ્ટ કૃત્યોનો જે લેખ આપ્યો છે તેના પ્રમાણમાં આ કાર્ય છેક નાના સરખું દેખાય છે, ને તેથી તેણે તે કશી ગણતીમાં લીધું નથી. એ રાજાના ઘાતકીપણાની વાતો બધી એવી ને એથી પણ વધારે ત્રાસજનક છે. તેમાંથી થોડી અત્રે લખીએ છીએ. (૧) એક વખત તેને પોતાના ખાસ અંગત માણસો પર સંદેહ આવ્યો, તેમાં તેની સ્ત્રી, ત્રણ દીકરા ને એક ભાઇ એમ પાંચ જણ હતાં; માટે તેણે તે પાંચેને એકદમ કતલ કીધાં હતાં. (૨) વળી એક વાર તેને એવો વિચાર થયો કે મારા જુલમ તથા ત્રાસને લીધે લોકો મારા પર નારાજ છે, તેથી મારા મરણ બાદ તેઓ હરખાશે; તે માટે મારે કોઈ એવો બંદોબસ્ત કરવો કે મારા મરણ બાદ લોકોને પણ રડવાનો સમય આવે. ને તેમ થવા સારૂ તેણે પોતાનાં માણસોને એવો હુકમ કીધો કે જે દિવસે મારૂં મરણ થાય તે દિવસે તમારે મારા તાબાના દેશમાં કતલ ચલાવવી! ઉપરની બે વાતો તરફ જોતાં ને તેનાં બીજાં ક્રૂર કામો જોતાં આ બાળવધ તે કાંઇ લેખામાં નથી. તેમજ જે રાજા સહેજ સંદેહ કે વહેમને સારૂ કઠણ ને વજ્ર હૃદયથી પોતાની પ્રજામાં કતલ ચલાવે, તેમ પોતાની વહાલી સ્ત્રી તથા પુત્રો ને પ્રિય બંધુને મારતાં પાછો ન ફરે, તે પોતાનો સ્વાર્થ સાધવા તથા જીવ બચાવવા બેથલેહેમ સરખા નાના ગામનાં બાળકોનો વધ કરતાં કેમ હઠે? જેને પોતાના પુત્ર પર દયા ન હોય તેને અપુત્ર થએલાં માબાપની દયા ક્યાંથી આવે? એ કઠણ હૃદયના નિર્દય છાતીવાળા હેરોદે આક્રંદ કરનારી માતાઓની બૂમ સાંભળી નહિ, પણ બીજા ઘણા તે રડવાનો સાદ સાંભળી દિલગિર થયા. જે જગ્યાએ આ બાળવધનો વિલાપ થયો તેજ જગ્યાએ ઇસ્રાએલ ગોત્રની આદિમાતા રાહેલની કબર હતી, ને તે રાહેલે જેમ પિતાના વહાલા યુસફને સારૂ વિલાપ કીધો તેમ એ વખત ઘણી માતાઓએ રૂદનનો વિલાપ કીધો હતો. જેમ તેનો વહાલો યુસફ અદેખા ભાઇઓથી વેગળો કરાયો હતો, તેમ આ માતાનાં બાળકો અદેખા હેરોદથી વેગળાં કરાયાં હતાં; માટે મોટો વિલાપી સાદ સંભળાયો હતો. જેમ લખ્યું છે કે, "રડવાનો તથા મોટા વિલાપનો સાદ રામામાં સંભળાયો."

આ વખતે બેથલેહેમના બાળવધમાં દેવપુત્ર ઇસુનો વધ થયો કે કેમ, તે વાતની તપાસ કીધા પહેલાં જે આ ભયંકર પાપકર્મ કરાવનાર હતો તેનું છેવટ પરિણામ શું થયું તેની તપાસ કરીએ તો સારૂં. હેરોદે જ્યારે આ બાળવધ કીધો ત્યારે તે અરસામાં તેણે એક બીજું ભયંકર કામ કીધું હતું. તે એવું કે યેહુદા તથા માત્થીઅસ એ બે યહુદી રાબી હતા. તેઓએ લોકચરચામાં એવું સાંભળ્યું કે હેરોદ મરી ગયો છે, ને તે વાત મંદિરમાં આવી પોતાના ગુરૂ પાસે કહી સંભળાવી. ત્યાંથી આગળ ચાલતાં તે વાત મુખ્ય યાજકને કાને ગઇ, ત્યારે મુખ્ય યાજકે મંદિરના મોટા દરવાજા પર જે સોનાના ગરૂડો બેસડાવ્યાં હતા તેને કાઢી નંખાવ્યા, એટલે મંદિરના પવિત્ર દરવાજા ઉપર આ અપવિત્ર ને અમંગળ પ્રાણી રૂમી સત્તાના ચિન્હ તરીકે બેસાડેલાં હતાં. હેરોદ મુઓ છે તો એ અમંગળ નિશાણી માંગળિક જગ્યાએથી ખસેડવી જોઇએ, એવી મતલબથી પ્રમુખ્ય યાજકે પોતાના શિષ્યોને હુકમ આપ્યો હતો. તે શિષ્યોએ બન્ને ગરૂડો પાડી નાખ્યા હતા, પણ તે વાત હેરોદે સાંભળી, કારણ કે તે દુષ્ટાત્મા હજી મુઓ નહોતો, માટે તેણે ગુસ્સાથી ચાળીસ રાબીઓને જીવતા બાળી નંખાવ્યા હતા. ત્યાર પછી થોડાજ કાળમાં તે પોતાનાં ભુંડાં કુકર્મોની જડતી આપવા ખરા ન્યાયાધીશની હજુરમાં લઇ જવાયો હતો. મરણ પહેલાં તેને મહા ભયંકર રોગ થયો હતો. તેની અસહ્ય વેદનામાં તે ઘણો વ્યાકુળ બની તરફડિયાં મારતો હતો, પણ અંત આવતો નહોતો; તેથી આખર કાયર થઈ આપઘાત કરવાનો ઠરાવ કીધો, ને મરણ પહેલાં પાંચ દિવસ અગાઉ એ કોશિશમાં હતો પણ ફાવ્યો નહિ. તેનાં મરણ સમયે જેઓ તેના પલંગની આસપાસ હતાં તેમાંનો એકે તેના પર ખરો પ્રેમ રાખનાર નહોતો, તેમ છતાં તેની ક્રુરતાનો સંતોષ પૂરો થયો નહોતો. તે પૂરો કરવા સારૂ તેણે પોતાના મરણ સમે મોટા મોટા કુલીન પુરૂષોની મીજલસ કરાવી. મિજબાની નિમિત્તે તેડેલા પરોણાઓને કપટાચારથી એક ઓરડામાં બોલાવી બંધ કરાવ્યા, ને પોતાની બ્હેનની મારફતે હુકમ કરાવ્યો કે આવેલા પરોણાઓને કતલ કરો. જેમ તેણે રાજ્યલોભે રક્તપ્રવાહ ચલાવ્યો હતો, તેમ તેણે મરણસમયે લોહીની રેલમછેલ કરાવી પોતાના પાપનો અધુરો ઘડો પુરો કીધો; ને તેજ ઘડો પોતાના શિર પર ચઢાવી દેવના ન્યાયાસન આગળ રજુ થયો. તેના મરણ પછી તેના શરીરમાં સુગંધીદાર ને સુવાસિક ઔષધો ભર્યાં, ને સુંદર વસ્ત્રોમાં વીંટાળી હેરોદમય નામના કબરસ્થાનમાં મુકયું. તે જગ્યા ખ્રીસ્તના જન્મસ્થાનની પાસેજ હતી: એ રીતે હેરોદનો રાજ્યકળશ તેના માન પ્રમાણે ચઢયો નથી, પણ પડતો થયો. તેના મરણને દિવસે લોકોએ ઓચ્છવ કીધો; ને તેના છેલ્લા હુકમની કોઇએ દરકાર કીધી નહિ. તેણે જે મૃત્યુપત્રિકા કરી હતી તે વિષે ઘણી તકરાર થઈ, ને તેનો હુકમ કોઇએ માન્યો નહિ. તેના પુત્રને દેશપાર કરવામાં આવ્યો,

ને ઘણી અપકીર્ત્તિ સાથે તે ત્યાં મરણ પામ્યો. જો કે તેને વારસ ને નહિવારસ એવાં નવ સંતાન હતાં, તેમાં ચાર પુત્ર ને પાંચ પુત્રીઓ હતી, તોપણ બધા ઉપર દેવનો શ્રાપ આવ્યો, ને તેના ઘરનું તથા વંશનું નિકંદન થઈ ગયું. એવી રીતે તેનું નામ કામ નષ્ટ થયું, ને ભુંડી રીતે તેનો અંત આવ્યો.

હવે આપણે ત્યાંથી પાછા ફરીને બેથલેહેમ તરફ નજર કરીએ, કે ત્યાં જે દેવકુંવર મસીહા અવતર્યા છે તેનું શું બન્યું? આપણ સર્વ પ્રેરકબુદ્ધિથી જાણીએ છીએ ને માનીએ છીએ કે દેવ સર્વજ્ઞ છે. ભૂત, ભવિષ્ય ને વર્તમાન એ ત્રણે કાળ તેની આગળ સરખા છે, હેરોદના ઘાતકી વિચારો તેની આગળ હતા, માટે તેણે સ્વપ્નદ્વારે યુસફને એવી સૂચના આપી કે, આ બાળકને તથા તેની માને લઇને મિસર દેશમાં નાસી જા; કારણ કે હેરોદ રાજા તેનો ઘાત કરવા સારૂ તેનો શોધ કરનાર છે. એ પ્રમાણે દૂતની સૂચનાથી યુસફ મરિયમને તથા બાળકને લઈ મિસરમાં જઈ રહ્યો હતો. આ મિસર દેશ પાલેસ્તાઇનના લોકોને સારૂ પ્રાચીન કાળથી માના ખોળા જેવો ગણાતો હતો. જો કોઇ વાર દુકાળ આવે કે સતાવણી આવે કે હરકોઈ બીજી આયફત હોય ત્યારે તેઓ તેનો આસરો લેતા હતા, ને ઘણીવાર એ લોકોએ તેનો આસરો લીધેલો હતો. ત્યાં ઘણા યહુદીઓ રહેવા ગયા, અને તેથી તે વખતે તેઓની વસ્તીની સંખ્યા મોટી હતી, માટે યુસફને સારૂ તે સ્થળ ટેકારૂપ અને સલામતી ભરેલું હતું. આ સમયે તેઓ કયે રસ્તે થઇને મિસરમાં ગયાં તેની હકીકત સુવાર્તામાં આપી નથી, પણ દંતકથાઓમાં કહે છે કે હેબ્રોન તથા ગાઝાહને માર્ગે થઈને તેઓ ગયાં હતાં. તે લોકોએ રસ્તામાં જે જે રાતવાસાના મુકામ કીધા તે બધા આજ દિવસ સુધી મુસાફરોને બતાવવામાં આવે છે. એ મુસાફરીમાં બેથલેહેમથી નિકળ્યા પછી રસ્તામાં ત્રણ દિવસ લાગ્યા હશે, કેમકે સીરિયા દેશની સરહદ મિસરની છેક પાસે જે હીનોકુબોરા નામની નદી આવે છે એ નદી ઓળંગ્યા બાદ હેરોદની સત્તા ચાલતી નહિ.

આ સરહદ પર આવતાં સુધી તેઓ ચિંતામાં હતાં, પણ અહીં તેઓની ચિંતા દૂર થઇ હશે, ને નિરાંતે પોતાની મુસાફરી કીધી હશે. હવે મિસરમાં આવ્યા પછી યુસફ ત્યાં કેટલા દિવસો રહ્યો તે વાત સુવાર્તામાં મળતી નથી, પણ એમ છે કે હેરોદના મરણ પછી તે પાછો આવ્યો; વળી એ બનાવ જલદી બન્યો હોય એમ લાગે છે. દંતકથાઓમાં તે વિષે જૂદી જૂદી વાતો આવે છે. તેમાં બતાવે છે કે ઓછામાં ઓછાં બે ચાર અઠવાડિયાં ને વધારેમાં વધારે બે ચાર વર્ષ સુધી તે મિસરમાં રહેલો હતો. વળી તે દંતકથાઓમાં કેટલીએક અદ્‌ભૂત વાતો પણ છે; તેઓમાં જે હકીકતો આવે છે તેના પર પૂરતો ભરોસો બેસે તેમ નથી. તે વાર્તાઓ પરથી એવું દેખાય છે કે સુવાર્તામાં

ઇસુનો જે ઇતિહાસ છે તે સંપૂર્ણ વિશ્વાસયોગ્ય, ખરો, ને સાચોજ છે; માટે શાસ્ત્રની વાત એક ને દંતકથા તે તો દંતકથાજ છે. આ દંતકથામાં લખે છે કે જ્યારે ઈસુનાં માબાપ તેને લઇ મિસરની સરહદ ઉપર આવ્યાં ત્યારે તે દેશમાંની તમામ મૂર્ત્તિઓ હાલમડોલમ થવા લાગી, ને ઉંધી પડી ગઈ; તેમ તે દેશમાં જે જે ભૂતો રહેતાં હતાં તે ટોળેટોળાં વળી નાસવા લાગ્યાં, ને ભૂત વળગેલા સારા થયા, ઘણાએક કોઢિયા માણસો હતા તે શુદ્ધ થઈ ગયા; વળી ત્યાં એક ખારા પાણીનું ઝરણુ હતું તેને ઇસુએ મીઠું કીધું, એવી એવી વાર્તાઓ ચાલે છે.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે હેરોદના મરણ પછી યુસફ પાછો પોતાના દેશમાં આવ્યો હતો તે વિષે સુવાર્તામાં એવી વાત આવે છે કે, હેરોદના મરણ પછી, જુઓ, પ્રભુના દૂતે મિસરમાં યુસફને સ્વપ્નમાં દર્શન આપીને કહ્યું કે, તું ઉઠ ને બાળક તથા તેની માને લઇને ઈસ્રાએલ દેશમાં જા, કેમકે જેઓ બાળકનો જીવ લેવાની શોધ કરતા હતા, તેઓ મરી ગયા છે" (માત્થી ૨; ૧૯, ૨૦). એ પ્રમાણે ખબર મળવાથી તે પાછો પોતાને દેશ આવ્યો. આ વખત તેના મનમાં બેથલેહેમમાં રહેવાનો વિચાર હતો, કારણ કે નાઝારેથ કરતાં ત્યાં પોતાનો ધંધો વધારે સારી રીતે ચાલતો હતો; પણ જ્યારે તે ત્યાં આવ્યો ત્યારે તેને માલમ પડી આવ્યું કે, હેરોદની ગાદી પર તેનો પુત્ર આર્ખેલાઉસ રાજ કરે છે. તે પોતાના બાપની પેઠે જો ઈસુની શોધ ખોળ કરે, તો મારી બધી મહેનત વૃથા જાય, ને ઈસુની જીંદગીને હાનિ પહોંચે, માટે ત્યાં રહેવું એ સારૂં નથી, એમ ધારી ગાલીલના નાઝારેથ ભણી પાછો ફર્યો.

હેરોદની ગાદીનો ખરો વારસ તેનો પુત્ર આંતિપાસ હતો, ને તેને ગાદીએ બેસાડ્યો હોત, તો કશો વાંધો નહોતો. લોકો પણ તેથી ખુશી થાત, પણ તેના બાપના વસિયતનામામાં આંતિપાસને બદલે આર્ખેલાઉસનું નામ હતું, માટે તેમ થવા દીધું. વળી રૂમી સરકારે પણ તેનેજ પસંદ કીધો હતો. આ આર્ખેલાઉસે ગાદીએ બેસતાંની વારમાં પોતાની ક્રુરતા બતાવી આપી હતી. તેણે પોતાના ઘાતકીપણામાં ઘાતકી પિતાનો પૂરો નમુનો લીધો હતો, માટે જ્યાં તેનો અમલ ચાલતો હતો તે દેશમાં રહેવું એ યુસફને બીક ભરેલું લાગ્યું. હવે કયાં જવું એવો પ્રથમ યુસફના દીલમાં પ્રશ્ન થયો હશે, ને તેના અંતરાત્માને દેવવાણીએ રસ્તો બતાવ્યો કે ગાલીલના નાઝારેથમાં પાછો જા. ત્યાં હેરોદનો બીજો પુત્ર એટલે હેરોદ આંતિપાસ રાજ્ય ચલાવતો હતો, તે પણ ક્રુર હતો, તેમ છતાં એશઆરામી અને આળસુ હતો, માટે ઘણી કાળજી નહોતી; તેથી આવા ગરીબ ને પવિત્ર કુટુંબને તેના તાબામાં કાંઈ ફિકર ચિંતા રાખવાનું કારણ નહોતું.

પૂરવણી.

બનાવટી સુવાર્તાઓ તથા દંતકથાઓ પરથી.

ઇસુના શિષ્યોએ સુવાર્તા લખી, ને મંડળીના લોકોએ તેને ઈશ્વરી શાસ્ત્ર તરીકે સ્વીકારી લીધી, ત્યાર પછી કેટલાએક બહેકેલા લોકોએ પોતાના પાખંડી મતો દાખલ કરવા સારૂ પ્રેરિતોને નામે ગ્રંથો રચ્યા હતા. એ બનાવટી ગ્રંથોને મંડળીવાળા લોકોએ કદી સ્વીકાર્યા નથી. વળી બીજા કેટલાએક ગ્રંથકારોએ મૂર્તિપૂજક લોકોની શંકા નિવૃત્ત કરવા વિષે તથા ભકતોનું ધાર્મિકપણું તથા તેઓનો સદ્‌ભાવ બતાવવા સારૂ બીજા ગ્રંથો પણ રચેલા છે. એ પુસ્તકો રચવામાં તેઓનો હેતુ સારો હતો, પણ તેઓનો આ ઉપાય યોગ્ય કે લાયક દેખાતો નથી. ઈ. સ. ની પહેલી સદીમાં જે નામના ખ્રીસ્તીઓ હતા તેઓની પાસે એવાં પુસ્તકો ઘણાં હતાં. તે લોકો બહારથી આસ્થાવાન દેખાતા હતા, પણ ખરી રીતે જોતાં પૂરા નાસ્તિક હતા. એઓની પાસે ઘણા ઘણા ગ્રંથો હતા, પણ પાછળથી તે બધા નષ્ટ થયા. મુસલમાન ધર્મના સ્થાપનાર મહમદ સાહેબને ખ્રીસ્તી ધર્મ વિષે જે કાંઈ જ્ઞાન મળ્યું તે આવા ગ્રંથોમાંથી મળેલું હતું. જો તેઓની પાસે નવા ને જુના કરારનાં પુસ્તકો ગયાં હોત, તો તે ચોખ્ખું ને નિર્મળ જ્ઞાન પામ્યા વિના રહેત નહિ.

ઉપર બતાવેલાં પુસ્તકોમાંથી અહીં કેટલીએક વાતો દાખલા દલીલ લીધેલી છે, ને તેનાં પ્રમાણો આપ્યાં છે. વળી ખ્રીસ્તી લોકોમાં જે જે દંતકથાઓ ચાલે છે તેમાંથી પણ કેટલીએક વાતો દાખલ કરેલી છે. તેઓ વિષે વિચાર કરતાં તે વિશ્વાસ યોગ્ય માલમ પડે છે. આ વાતો મૂળ સુવાર્તામાંથી લીધેલી હોય એમ માલમ પડે છે. તેઓએ સત્ય શાસ્ત્રમાંથી થોડીએક ખરી બિનાઓ લીધેલી, ને બાકી પોતાનો મનકલ્પિત ઉમેરો કીધો હોય એવું દેખાઇ આવે છે.

અધ્યાય ૫ મો.

નાઝારેથમાં ઇસુનો રહેવાસ.

આ આપણી કથાનો મુખ્ય નાયક જ્યારે મરણાધીન માનવ દેહધારી થયો, ત્યારે માનવરૂપે ને માનવસહવાસે નાઝારેથ ગામમાં ત્રીસ વર્ષ સુધી રહ્યો હતો. એ ગામ પાલેસ્તાઈન દેશની ઉત્તર સીમાએ સરહદ પાસે આવેલું છે, ને યહુદાહના ત્રણ પ્રાંતોમાંનો જે ગાલીલ પ્રાંત કહેવાતો હતો, તે ગાલીલ પ્રાંતનું આ ગામ હતું. હેબ્રી ભાષા પ્રમાણે ગાલીલનો અર્થ મંડળ થાય છે. ઘણા જુના વખતમાં સુલેમાન રાજાને એ ગાલીલનાં વીશ ગામો હીરામ રાજા તરફથી ઈનામમાં મળેલાં હતાં (૧ રા. ૯). આ ગામો એવાં હતાં કે આરામી

રાજા હીરામ તેથી કંટાળી ગયો હતો, માટે તેણે તેનું નામ કાબુલ પાડ્યું હતું. આરામી ભાષા પ્રમાણે કાબુલ એટલે કંટાળો ઉપજાવનાર એવો શબ્દાર્થ થાય છે. વળી તેણે તેને એક બીજું ઉપનામ આપ્યું હતું, એટલે આંગળ, ને તેનો અર્થ પણ એજ થાય છે. એ રીતે જોતાં ઘણા પ્રાચીન કાળથી એ પ્રાંત હલકો ગણાય છે; તેમજ ખાસ કરીને યરૂશાલેમના યહુદીઓ તેને દિવસો દિવસ વધારે હલકો ગણતા હતા, ને તેનું કારણ એ હતું કે, પ્રથમથી ત્યાં મિશ્રિત જાતની વસ્તી રહેતી હતી, કે જેમાંનો વિશેષ ભાગ મૂર્ત્તિપૂજક વિદેશીઓનો હતો. માટે તેઓ તેને "વિદેશીઓનો ગાલીલ" કહેતા હતા (માત્થી ૪; ૧). પ્રથમ ત્યાં ફેનીકી કુળના આરબ લોકો રહેતા હતા, પણ ખ્રીસ્તના જમાનામાં ત્યાં કેટલાએક ગ્રીક લોકો વસેલા હતા; તેથી ત્યાંની સાધારણ ભાષા તે ગ્રીક ભાષા ચાલતી હતી.

જે જગ્યાએ નાઝારેથ ગામ વસાવ્યું હતું, તે જગ્યા ઘણી સુંદર અને રમણિક હતી. ગામના પછવાડામાં છેક નજીક એક મોટો પહાડ આવેલો હતો. જો આપણે એ પહાડના શિખર પર ચઢીને ઉત્તર દિશા તરફ જોઇએ તો લબાનોન પર્વતની મોટી રાંગ તથા તેમાંનું સર્વથી ઉંચું શિખર હેર્મોન કહેવાય છે તે દેખીશું; તેમજ જો ત્યાંથી પશ્ચિમ તરફ દૃષ્ટિ કરીએ તો કાર્મેલ પર્વત તથા ભૂમધ્ય સમુદ્રની સપાટી સુધીની ક્ષિતિજ દેખાશે. વળી આકો તથા તેની ખાડી પણ જોઈ શકાય છે. પૂર્વ અને ઈશાન તરફ જોતાં ગીલઆદ, તાબોર અને ગીલબોઆ વગેરે પહાડો જોવામાં આવે છે; તેમ દક્ષિણ તરફ જોતાં યઝ્રીએલનું સુંદર મેદાન તથા સમરૂનના ડુંગરો દેખાશે. તેની પડોસમાં કાના, નાઇન અને ઈન્દોર નામનાં ગામો વસેલાં છે; તે ઘણી સુંદર જગ્યા દેખાય છે. આ ગામોના સુંદર દેખાવ વિષે નજરે જોનાર મુસાફરો એવી શાહેદી આપે છે કે, આવી સૃષ્ટિસુંદરતા બતાવનારી મનોહર જગ્યા આ પૃથ્વી પર બીજી કોઈ જગ્યાએ હશે કે નહિ, તે કહી શકાય તેમ નથી. આવી સુંદરતા ને ભવ્યપણું બીજે ઠેકાણે ભાગ્યેજ હોય તેમ છે, અને એ રીતે રમણીય, મનોહર, સુંદર ઉપવન જેવી જગ્યાઓમાં જ્યારે ભવ્યતા મળેલી હોય ત્યારે તેની બિરાજેલી શોભામાં એ રીતનો વધારો થાય છે. અને એવાં સ્થળો આ પૃથ્વી પર દરેક જગ્યાએ હોતાં નથી. એવા સુંદર સ્થાનમાં આવી વસેલો દેવપુત્ર ઘણી વાર આ સૃષ્ટિસૌંદર્યનું અવલોકન કરવા જતો હતો. તે સુંદરતા જોઈને તેના મહાન કર્તાની સુંદર કારીગીરીનું મનન કરવામાં વિશેષ અભ્યાસી થયો હતો. વખતો વખત તે આ સુંદર વનમાં આવીને પોતાના મહાન પિતાનું ધ્યાન ધરતો હતો; એમાં જરા પણ શક કે સંદેહ રાખવા જેવું નથી. જેમ આ નાઝારેથની સુંદર સૃષ્ટિશોભા મહા મનોહર અને ભવ્યતારૂપ હતી, તેમ તેની આંસપાસનાં સ્થળો પણ એવાંજ હતાં. તેઓની સુંદરતા અને રમણિકતા એ સારામાં સારી નવ

પલ્લવ ને રમણિક વાટિકાની બરાબરી કરી શકે તેવાં હતાં. ત્યાં ઠેરેઠેર ખીચોખીચ અંજીર ને જૈતુનનાં ઝાડોવાળા બાગો ને વાડીઓ શોભી રહેલાં છે. તેમાં નારંગી ને દાડમીઓ ફૂલ, ફલ ને પાનોથી ભરપૂર થઈ લાલ હીંગળોક તથા સફેદ ને લીલો પીળો રંગ પુરી તેની શોભામાં ઓરજ વધારો કરી દે છે. એ પ્રમાણે આ અવર્ણ્ય વન લીલી વસંત રૂતુમાં નવીનરૂપ ધારણ કરી જે શોભા બતાવે છે તેનું વર્ણન કરવાને આપણી ભાષામાં પૂરતા શબ્દોની ખોટ છે. આ વનલીલાની મધુરતામાં વિશેષ વધારો કરનાર કપોત પક્ષી ઝાડોની ખોલામાં બેસી સુંદર ને મધુર સ્વરનાં ગાયનો લલકારે છે. તેની આગળ સારા હુશિયાર ગવૈયાઓનો આલાપ પાણી ભરતો હોય એમ લાગે છે. વળી તેમાં લક્કડખોદ પક્ષી ઝાડો પર આમથી તેમ ને તેમથી આમ ઉડાઉડ કરી ચંચળ નૃતિકાના નાચને ભુલાવી દે છે; વળી નીલવર્ણ નામનું લોટણ પક્ષી પાનફૂલથી ચીકાર અને ભરપૂર થએલાં વૃક્ષોનાં સુગંધીદાર મહેકામેહક થઈ રહેલા અગણિત રંગ બેરંગી પુષ્પોમાં ઝુલતું દેખાય છે. જાણે આ સાગરરૂપ વૃક્ષ વેલીના કમળરૂપ મોજાં પર હીંચકા ખાતું હોય તેમ પવનમાં નીચેથી ઉપર અને ઉપરથી નીચે ઝુલતું દેખાય છે; એથી એમ કહેવાય કે, એ જગ્યાએ સૃષ્ટિ પરની શોભાના વધારામાં આ વનવેલી સાધનરૂપ હતી, તેમ એના પરના અંતરિક્ષની શોભામાં આ પક્ષીઓ ઉપયોગી હતાં. માટે ત્યાં બધું સુંદર ! સુંદર ! ને શોભતું હતું !

આ નાઝારેથ ગામ પહાડોના ઢોળાવની જગ્યા પર વસેલું હતું, માટે તેની આસપાસ નાના મોટાં ટેકરા ટેકરી અને ઝરા તથા ઝરણો આવેલાં છે. બહારથી એ ગામ તરફ જતાં પ્રથમ જરા સાંકડો માર્ગ આવે છે પણ તે ઓળંગતાં એક મોટું મેદાન આવે છે. તેમાં નાનાં ખેતરો આવેલાં છે, કે જેમાં ખાદ્ય પદાર્થો પાકે છે, જેવા કે અનાજ તથા મેવો થાય છે. વળી ત્યાં ઘણાંજ સુગંધીદાર ફૂલઝાડો જોવામાં આવે છે. જ્યારે જ્યારે ચોમાસું કે વસંતરૂતુ હોય ત્યારે ત્યાંનો દેખાવ કાંઈ ઓર વિશેષ્યતા બતાવી નવીન મોહની ઉપજાવે છે. એવી અકથ્ય સુંદરતા બતાવનારી જગ્યામાં આ નાઝારેથ કે એન-નાઝર વસેલું છે, ને ત્યાં આપણા તારનારે પોતાની આ પૃથ્વી પરની જીંદગીનાં ત્રીશ વર્ષો ગાળ્યાં હતાં.

હવે આ સૃષ્ટિની સુંદરતા તથા ઈશ્વરી આશીર્વાદો તરફ જોતાં માણસના મનની દિલગીરી નાશ પામે એટલુંજ નહિ, પણ તેના હૃદયમાં આનંદ થાય એવું આ સ્થળ દેખાય છે. કારણ કે ત્યાં પ્રભુએ પોતાની સંપતિ બહોળે હાથે વાપરેલી છે; તેથી તે પુણ્ય ભૂમિરૂપ ગણાય, ને ત્યાંના માણસોને તે આશીર્વાદિત જોગ લેખાય, તેમ છતાં જગતનો નિયમ વિપરીત છે, કેમકે આ જગ્યાનાં માણસોને બધા યેહુદીઓ હલકાં અને કનિષ્ટ માનતા હતા. આવા સુંદર ગામને તેઓ કુગ્રામ સમજતા હતા. દાખલા તરીકે કે, જ્યારે ફિલિપે નાથાના-

એલને કહ્યું કે, "નિયમશાસ્ત્રમાં જેના સંબંધી મુસાએ તથા ભવિષ્યવાદીઓએ લખ્યું તે, એટલે નાઝારેથનો ઈસુ, યુસફનો દીકરો, અમને મળ્યો છે. ત્યારે નાથાનાએલે તેને કહ્યું કે, શું, નાઝારેથમાંથી કાંઈ સારૂં નિકળી શકે?" (યોહ. ૧; ૪૫, ૪૬). એ શબ્દોમાં કહેવાનો સાર એવો છે કે એ હલકું કુગ્રામ છે તેમાં.વળી સારૂં માણસ હોય! તેમજ જ્યારે કેટલાએક યહુદીઓ ખ્રીસ્તને આવનાર ભવિષ્યવાદી કહીને માનવા લાગ્યા ત્યારે કોઇએ સવાલ કીધો કે, "શું, ગાલીલથી ખ્રીસ્ત આવે છે?" એ વાતો પરથી એમ જણાય છે કે આ પ્રાંત તથા આ ગામ તે લોકોની નજરમાં હલકાં જણાતાં હતાં. તે એવાં હલકાં ને તુચ્છ મનાએલાં હતાં કે તે વાત કહેવતની પેઠે લોકોના મ્હો પર થયલી હતી. તે ઉપરથી એવું દેખાય છે કે ત્યાંના રહેવાસીઓ લોકોની નજરમાં તુચ્છકારપાત્ર ગણાતા હતા; એથી તે લોકો વધારે ચીઢાઈનિ કરડા ને નિર્દય જેવા થયા હતા. તેથી જ્યારે પ્રભુએ તેને ઉપદેશ કીધો ત્યારે તેઓ તેનો જીવ લેવા તત્પર થયા હતા (લુક ૪; ૨૮, ૨૯). વળી તે શિવાય એક બીજો દાખલો જુઓ, કે જ્યારે દુષ્ટ લોકોએ ઈસુને અપરાધી ઠરાવી વધસ્તંભ પર જડાવ્યો, ત્યારે તેના માથા પર જે સરનામું લખ્યું હતું તે કેવું! જુઓ, તેમાં તેઓ લખાવે છે કે, "ઈસુ નાઝારી, યહુદીઓનો રાજા." એમાં જે નાઝારી શબ્દ આવે છે તે તેઓના ધારવા પ્રમાણે નિંદાયુક્ત હતો; અને ત્યાર પછીથી આજ દિવસ સુધી યહુદીઓ તથા આરબ લોકો ખ્રીસ્તીઓને "નસરાણી" કહીને નિંદાયુક્ત નામ આપે છે; પણ ઈસુના શિષ્યો તે નામને ભૂષણરૂપ સમજી સ્વીકારે છે; કેમકે જ્યારે તેઓના તારનારને એ નામ આપ્યું, ત્યારે તેણે ખુશીથી સ્વીકારી લીધું હતું; તેથી તેના શિષ્યો તે નામનો સ્વીકાર કરવા ખુશ થાય છે. કેવળ એમજ નહિ પણ તેઓને તે નામ વહાલું લાગે છે. જે વખત પાઉલ (શાઉલ) ખ્રીસ્તીઓને સતાવવા બહાર પડયો, ને પોતાના પૂરા બળથી સતાવવાનું કામ કરવા લાગ્યો હતો, ને તેઓ જ્યાં મળે ત્યાં મારફાડ કરી તેઓનો નાશ કરવા ચાહતો હતો, ત્યારે પ્રભુએ તેને પ્રગટરૂપે દર્શન આપ્યું, ને તેને પોતાને તાબે કરી લીધો. તે વખતે પાઉલે તેને પુછ્યું હતું કે, પ્રભુ તારૂં નામ શું? ને પ્રભુએ તેને કહ્યું કે, "હું ઈસુ નાઝારી છું."

કદાપિ કોઇને એવો સવાલ પુછવાનું મન થાય કે એવા નીચ ગામમાં વસવાનું પ્રભુને શું પ્રયોજન હશે? તો તેનો જવાબ એજ છે કે, "તેમ કરીને તેણે પોતાને ખાલી કીધો" (ફિલિ. ૨; ૭). "તે સુકી ભૂમિમાંની જડની પેઠે ઉગ્યો; તે માણસોથી ધિક્કારાએલો તથા તજાએલો હતો." ભવિષ્યવાદીઓનાં એ વચન પૂરાં થવા સારૂ આ નાઝારેથ શિવાય બીજું કોઈ યોગ્ય સ્થળ નહોતું, માટે તેજ સ્થળે આવવાનું પ્રયોજન થયું; કારણ કે તે અનુકુળ હતું.

અધ્યાય ૬ ઠો.

ઇસુનું તરૂણપણું.

આ આપણો તારનાર ઈસુ નાઝારેથ ગામમાં સુમારે ત્રીશ વર્ષ રહ્યો, એ વાત આપણે પાછલા અધ્યાયમાં કહી ગયા છીએ. તેના આયુષ્યનાં ત્રીશ વર્ષો તે તેની ભરજુવાનીનાં હતાં. તેમાંનાં ત્રણ ચાર વર્ષો શિવાય બાકીનો બધો વખત ત્યાંજ ગાળ્યો હતો, એમ કહેવામાં કાંઇ હરકત જેવું નથી. એ પર્યંતમાં તેણે શું શું કીધું હશે એવો પ્રશ્ન આપણા મનમાં સહજ ઉપજી આવે છે, પરંતુ એ સંબંધી આપણી જીજ્ઞાસા દેવના આત્માએ પરિપૂર્ણ કીધી નથી, કારણ કે ઇશ્વરપ્રેરિતે તેના જીવનચરિત્રમાં એ વિષે કશું કહ્યું કથ્યું નથી. પરંતુ અનુમાન કરતાં જણાય છે કે પોતે જે મહાભારત કાર્ય સાધવાને આવ્યો હતો, તે કાર્યની યોગ્ય તૈયારી કરવાનો એ સમય હતો, માટે તે વખતમાં તે તૈયારી કરતો હશે, એમ કહેવામાં જરા પણ શક રહેતો નથી. તથાપિ તે કેવી રીતની તૈયારી કરતો હતો, એ કાંઈ કહેલું નથી. તેના સંબંધમાં સુવાર્તિક લુક અમૂલ્ય રત્નરૂપ બે કલમો લખી ગયો છે, તે પરથી તેની બાલ્યાવસ્થા તથા તરૂણાવસ્થાનાં કામોનું તત્વ અને તેજ દેખાઈ આવે છે. તે કલમોની વાત આ પ્રમાણે છે કે, "તે બાળક મોટો થયો, ત્યારે આત્મામાં બળવાન થતો ગયો, અને જ્ઞાનમાં પરાક્રમી દેખાયો. તેથી તેના પર દેવની કૃપા અને માણસોની પ્રસન્નતા હતી." તે પોતાનાં (માની લીધેલાં) માબાપની આજ્ઞામાં રહીને ચાલતો હતો, અને જ્ઞાનમાં તથા શરીરમાં વધતો ગયો, તેમ તેમ માણસોની તેમજ દેવની કૃપામાં વધતો ગયો. એ ઉપરથી આપણે એવું શિખવું કે જેમ સૃષ્ટિના નિયમ પ્રમાણે માણસનું શરીર વધે છે અને બુદ્ધિનો અંકુર ફુટે છે, તેમજ ખ્રીસ્તનું શરીર તથા બુદ્ધિ નિયમાનુસાર વધારે ને વધારે વૃદ્ધિમાં વધતાં ગયાં. બીજાં માણસોની પેઠે તે એકજ વાતમાં વધ્યો નહોતો, એટલે કે બીજાની પેઠે તેનામાં પાપ નહોતું, માટે તે પાપમાં વધ્યો નહિ. પાપનું અંકુર તેનામાં નહોતું, એટલે કે તેનું પોતાનું અંતઃકરણ નિર્મળ અને તેનાં આચરણ (અંદરથી તેમજ બહારથી) નિર્દોષ હતાં. તેના આત્મામાં ઈશ્વરી જીવન ભરેલું હતું. તેને પોતાના સ્વર્ગી પિતાની સાથે અખંડ સમાગમ અને સંબંધ રહેલો હતો. જેમ જેમ તેનામાં સમજણ અને સ્વબુદ્ધિ વધતાં ગયાં, તેમ તેમ તે પોતાનો ઈશ્વરી સંબંધ વિશેષ ને વિશેષ સમજવા લાગ્યો હતો. સાધારણ રીતે ઉપર ઉપરથી જોતાં તે બીજા છોકરાઓથી જુદી રીતનો દેખાતો એમ તો નહિ. તેના દેખાવમાં કોઈ પ્રકારની અપૂર્વતા કે વિલક્ષણ ગુણ દેખાયો હતો એવું તો હતુંજ નહિ, કારણ કે તેના ભાઈઓ જે તેની સાથે નાનાથી મોટા થયા હતા તેઓએ પણ (ઘણા વખત સુધી) તેના પર ભરોસો કીધો

નહિ એવો લેખ છે, ને તેનો અર્થ આપણા સમજવામાં આવે એવો ખુલ્લો છે; એટલે કે નાનપણમાં કાંઈ ભવિષ્ય કહીને કે કોઇ ચમત્કાર કરીને તેણે પોતાની સ્વતંત્રતા સ્થાપન કરી નહોતી, પણ તેનું બાળપણ નિર્મળ હતું. બીજાં છોકરાંઓની પેઠે ખોડખાપણ કે અનાડીપણું તેમજ આળસ તેનામાં દેખાયાં નહિ. માબાપના હુકમની અવજ્ઞા કરવી કે રીસ કે ક્રોધ કે હઠ ઇત્યાદી ખોટા ગુણો તેનામાં હતા નહિ. જેમ સુંદર ફૂલવાડીની અંદર કોમળ પુષ્પકલિકા મંદ ગતિથી પ્રફુલ્લિત થાય છે, અને પોતાના સુવાસિક પરિમળથી આસપાસના વાયુમાં સુગંધી પ્રસરાવે છે, તેમ ખ્રીસ્તના બાળપણનો સુવાસિક વાયુ નાઝીરેથ ગામનાં છોકરાંઓમાં પ્રસરી ગયો હતો. આ જગતમાં જે જે માનવકલ્પિત ઇશ્વિરી અવતાર થયેલા છે તે પુરૂષોની બાળલીલા વાંચી હોય તો તેમાં ઘણી ઘણી ચમત્કારિક અને અજાયબી ભરેલી વાતો મળી આવે છે, તેમજ બીજી કેટલીએક ક્રીડાઓ કે જે પાપાવસ્થામાં જન્મેલાં બાળકોને લાગુ પડે તેવી ક્રીડા તથા બાળખેલથી ભરેલી કથાઓ દેખાય છે, તે વિષે ઉદાહરણો આપવાની આ જગ્યાએ જરૂર નથી. ઈસુનું વર્તન જેમ ગામલોકોની સાથે સ્નેહયુક્ત હતું તેમ પોતાના ઘરના લોકોની સાથે પણ સ્નેહ ભરેલું હતું, એમાં જરાપણ સંશય કે સંદેહ નથી. જુની ખ્રીસ્તી વાર્તાઓમાં એક એવી વાર્તા આવે છે કે ઇસુને હર વખતે, રાતદિવસ, સુતાં, ઉઠતાં, બેસતાં, હરતાં, ફરતાં તેના મુખકમળ પર ગૌરવના તેજની પ્રભા રહેતી હતી. તે ગૌરવનું તેજ જેમ પ્રાચીન કાળે ઇશ્વરમંદિરમાં દયાસનની આસપાસ દેખાતું હતું, તેજ પ્રમાણે ત્રાતાના મુખારવિંદ પર સદા દશ્યમાન થતું હતું (નિર્ગ. ૧૬; ૭). એ વાતમાં કેટલીએક અતિશયોક્તિ હશે તોપણ એક વાત ખરી છે, એટલે કે ઇશ્વરી શાંતિથી ભરપુર થયેલા શાંત પુરૂષ તથા પવિત્ર આચરણવાળાઓના સ્વરૂપ પર સર્વદા ગૌરવનું તેજ જળહળાટ કરતું ઝળકી રહેલું હોય છે તેમાં જરા પણ શક જેવું નથી. બીજી વાત એ છે કે પ્રભુ ઇસુ ખ્રીસ્તે પોતાની નાની વયમાં જો કાંઈ ચમત્કારિક કામો કીધાં હોત, તો તેનું જીવનચરિત્ર લખનાર સુવાર્તિકો પોતપોતાના ગ્રંથોમાં તે કૃત્યો જરૂર દાખલ કર્યાં વિના રહેત નહિ; કારણ કે એ ગ્રંથકારોનાં લખાણ તરફ જોતાં ખાતરી થાય છે કે, તે પ્રમાણિક લેખક હતા, માટે જે સત્ય વાતો હતી તેજ તેઓએ લખી રાખી છે. પરંતુ જેઓને ખરા ઇતિહાસ શિવાય કલ્પિત કહાણીઓ લખવાની આવડ છે, તેઓએ ઇસુનું બાળપણ અને તરૂણાવસ્થાનું વર્ણન કરી એ પુરાણો લખ્યાં હશે. એ ખ્રીસ્તી પુરાણો વાંચવાનું જેઓને મન હોય, તેઓએ તે પુરાણો વાંચવાં અને તે પરથી પોતાના મનની ખાતરી કરી લેવી. એમ કરવાથી વાંચનારને જરૂર ખાતરી થયા વિના રહેશે નહિ. જેમ ઇસુના શત્રુઓએ મરણ સમયે દ્વેષભાવથી ઇસુને રાજાનો વેશ આપ્યો હતો, તેમ આ તેના મિત્રોએ (?) તેનો

ગૌરવ પ્રગટ કરવા સારૂ સભ્રમપ્રીતિથી પુષ્પમુકટ બનાવીને તેના માથા પર મુકયો છે. તોપણુ સત્યના રસરહિત એ ફૂલો ઝટ વારમાં કરમાઈ ગયાં, કારણુ કે તેના ટેકાને માટે જે સત્યરૂપી રસની આવશ્યક્તા તે રસ તેમાં હતો નહિ. તેના વિષે એક ઇશ્વરભક્ત ખ્રીસ્તીનો મત એવો છે કે ઇસુએ બાળપણુમાં કાંઇ પણુ ચમત્કાર કીધો નથી તેજ તેનો મોટો ચમત્કાર છે; કેમકે એવો મહાન પરાક્રમી છતાં પોતાના યોગ્ય સમય સુધી પોતાની શક્તિ વૈશ કરી શકયો, ને જરાપણુ ઉછાંછળો થયો નહિ, તે તેનો ખરો ચમત્કાર છે.

બનાવટી સુવાર્તાઓમાં બાળ ઇસુના જે ચમત્કારો લખેલા છે તે પૈકી કેટલાએક અહીં લખવા ધારૂં છું. (૧) ઇસુ પોતાના સોબતીઓ સાથે સ્નાન-ક્રીડા કરતો ત્યારે પાણીને લુગડામાં બાંધી લાવતો હતો, ને પાણી ઉપર ચાલતો હતો. (૨) એક વખત તે યુસફની સાથે સુતારનું કામ કરતો હતો તે વખતે લાકડાનું પાટિયું ટુંકું પડયું ત્યારે તેણે ખેંચીને તે વધાર્યું, ને તેનાથી બરાબર માપમાં જોઇએ તેટલું લાકડું પુરૂં થયું. (૩) તે પોતાના સોબતીઓ સાથે રમતો ત્યારે (માટીની) ગારાની ચકલી કરીને તે સજીવન કરી ઉડાડી મુકતો હતો. (૪) કેટલીએક વાર તે એકજ કુંડામાંથી અનેક રંગનાં પચરંગી અને રંગ બેરંગી કપડાં રંગી આપતો હતો. (૫) એક વાર નિશાળમાં તેના મહેતાજીએ તેને શિક્ષા કરવા સારૂ સોટી ઉપાડી અને ઉગામવા ગયો, તેટલામાં તેણે તેનો હાથ સજડ બનાવી દીધો, પછી મહેતાજીએ તેની વિનંતી કીધી ત્યારે તેનો હાથ વળી શકયો હતો.

મરિયમ અને યુસફ ગરીબ હતાં પણુ છેક કંગાલ કે ભિખારી નહોતાં. યુસફ સુતારનો ધંધો કરતો હતો, એજ પ્રમાણે ઇસુ પણુ તેજ કામ કરવામાં તેનો મદદગાર હતો, એટલે ઇસુ પોતે સુતારનું કામ કરી માબાપને મદદ કરતો હતો, એમાં સંશય જેવું નથી. લોકો તેને સુતાર ને સુતારનો દીકરો કહેતા હતા; એટલે તે સુતાર હતો, અને લાકડાં વાઢવાનું કામ કરતો હતો, તેથી ચોક્કસ રીતે કહી શકાય કે તે સુતાર હતો. સુવાર્તાઓમાં તેના વિષે કહે છે કે, એ "સુતાર," એ "સુતારનો દીકરો." હવે જો એવું હતું, તો તે નક્કી સુતારી કામ કરતો હતો તેમાં સંદેહ નથી. એના સંબંધમાં એક બીજો ગ્રંથકર્તા એવું લખે છે કે ઇસુ ખ્રીસ્ત સુતારી કામ કરતો હતો, તે ઉપરના શબ્દો પરથી પુરી રીતે નિર્વિવાદ કબૂલ કરવું પડે તેમ છે. ખ્રીસ્તી સનના બીજા સૈકામાં (૧૦૦–૧૫૦) જસ્ટીન માર્ટિન નામનો વિદ્વાન ગ્રંથકર્તા થયો. તેણે પોતાના ગ્રંથમાં એવી હકીકત લખી છે કે ખેતીના કામને લગતાં ઓજારો (જેવાં કે હળ, કળીઉં, દંતાળ, બેલી, વખરડાં, ગાડી વગેરે) બનાવવામાં તે કુશળ કારીગર હતો. અને તે કામ કરવાથી એણે એક સદાચરણનો સારો ને ઉત્તમ નમુનો આપી પ્રવરતી માર્ગનો સારો દાખલો દીધેલો કહેવાય છે. પણુ ત્યાર

પછી આગળ ચાલતાં જે જે ગ્રંથકારો થયા તે બીજા ગ્રંથકારોને એમ લાગ્યું કે, ઇસુ ખ્રીસ્તે સંસારિક કામમાં હાથ નાખ્યો હોય ને વળી તેણે શ્રમ ભોગવી શરીરને થકાવી નાખનાર લાકડાં ઘડવાનું કામ કીધું હોય તે તો ઠીક નહિ. માટે તેઓએ નિવૃત્તિ માર્ગનો પક્ષ ધરી એના વિષે એવું લખ્યું કે, જ્યારે ઇસુ ખ્રીસ્ત માબાપના ઘરમાં રહેતો હતો ત્યારે તે ઈશ્વરધ્યાનમાં તથા પ્રાર્થનામાં પોતાનો બધો સમય ગાળતો હતો. મરિયમ તથા યુસફ જો કે ગરીબ ઘરનાં હતાં તોપણ લાચાર સ્થિતિનાં નહોતાં. તેઓની હાલત સાધારણ ગરીબીની હતી તેથી તેઓ પોતાની અવસ્થા પર સંતુષ્ટ રહેતાં હતાં; માટે તેઓ દુઃખી નહિ પણ સુખી હતાં. બીજી સાધારણ સ્ત્રીઓની પેઠે મરિયમ પણ પોતાના ઘરને લગતાં કામકાજ કરતી હતી. ઘરમાં ખપજોગું પાણીછાણી લાવવાનું તેમજ રાંધવા સીંધવાનું તથા લુગડાંલતાં ધોવા વિછળવાનું તે પોતાને હાથે કરતી હતી. તેના ઘરમાં જે જે સ્ત્રીકામ હતાં તે બધાં હાથેજ કરવાં પડતાં હતાં. તેની સાબિતીમાં એક વાત એવી છે કે નાઝારેથમાં આજ સુધી એક મરિયમના નામથી જાહેર થએલો વીરડો મોજુદ છે. એમ હતું તોપણ આસરે ૧૦૦૦ વર્ષ પહેલાં જે રોમન કાથોલીક પંથના પાદરી ગ્રંથકારો તથા ચિત્રકારો હતા તેઓને આ પવિત્ર કુટુંબની ગરીબી તથા સાદાઈ ભરેલી જીંદગી સારી લાગી નહિ, તેથી તેઓએ તેને વૈભવવાન કરી બતાવ્યાં છે, કેમકે જ્યારે તે લોકોએ તેનાં ચિત્રો બતાવ્યાં ત્યારે તે ચિત્રોમાં સુંદરતાવાળા ઠાઠમાઠ સાથે સ્વરૂપો દેખાડયાં છે. આ ચિત્રો તરફ જોતાં એવો ભાસ થાય છે કે, નાઝારેથ ગામના એક ભવ્ય મકાનમાં જડાવ ચોતરંગ પર સુશોભિત રાજ્યાસન મુકી તેના પર મરિયમ તથા ઈસુ બેઠેલાં છે. તેના માથા પર ઝગઝગાટ મારતી નિલરંગી શોભાયમાન છત તાણેલી છે. તેઓના અંગ પર જળહળાટ કરતાં રેશમી તથા કસબનાં બુટેદાર વસ્ત્રો ચળકી રહ્યાં છે. તેને શરીરે રત્ન, અલંકાર, આભૂષણો શોભી રહ્યાં છે. એમ શ્રીમાન તથા વૈભવમાન દેખાવો તે ચિત્રકારોએ દેખાડયા છે. તેમાં પરિણામે એવું બતાવી ઈસુને નહોતું તેવું માન આપ્યું છે; તેથી ખરૂં જોતાં તેઓ તેનું અપમાન કરતા હોય એમ દેખાય છે. આવું ખોટું અલંકારિક માન આપવું તે તો એક સળગતા કાકડા વડે સૂર્યની આરતી ઉતારવા બરોબર ગણાય છે. ને તેની સુંદરતા પણ તેજ મીસાલે દેખાય છે. એક વખત એક બિશપ સાહેબને એવી ઉત્કંઠા પ્રગટ થઈ કે, ઈસુ પોતાની તરૂણાવસ્થામાં કેવો અને તે શું કરતો હતો એ વાતનું પુરૂં જ્ઞાન મળે તો ઠીક. પછી તેણે તે જ્ઞાનને માટે જાથુ અને આગ્રહપૂર્વક પ્રાર્થના કરવાનું શરૂ કીધું. એ પ્રમાણે તે કેટલોએક સમય પ્રાર્થના કરતો રહ્યો હતો એવામાં એક દિવસ તેને સ્વપ્ન આવ્યું. તેમાં તેણે એક સુતારની કોડ જોઈ, તેમાં એક સુતાર બેઠો બેઠો લાકડાં ઘડતો હતો. તેની પાસે

એક નાનો છોકરો બેઠો બેઠો ઓજાર સુધારતો તથા એકઠાં કરતો હતો, ને કામ કરનાર મોટા સુતારનાં ઘડેલાં લાકડાં આમતેમ મુકતો હતો, વખતે છોડીઆં ભેગાં કરતો હતો. તે દરમિયાન એક પવિત્ર કુમારિકા જેવી બાઇ આવે છે, જે તે બન્ને જણાને જમવા સારૂ બોલાવે છે. ત્યાર બાદ તેઓ બધાં એક ઘરમાં જાય છે ને સઘળાં સાથે બેસી જમે છે. એટલામાં તે છોકરાએ મારી તરફ જોયું ને કહેવા લાગ્યો કે તે માણસ ત્યાંજ કેમ ઉભો છે, તેને આપણી સાથે બેસાડીને જમાડવાના નથી? એવા શબ્દો સાંભળતાં તે બિશપ સાહેબને બિહીક લાગી અને જાગી ગયા. આ વાર્તા જો કે કલ્પિત જેવી લાગે છે તોપણ તેમાં જે સત્ય રહેલું છે તે પેલાં ઉપર બતાવેલાં ચિત્રો જેવું નથી. એ વિષે લુથર (ઇ. સ. ૧૬૨૮-૧૬૯૫) કહે છે કે, "જ્યારે ઇસુ ખ્રીસ્ત છોકરો હતો ત્યારે બીજા છોકરાઓની પેઠે કામ કરતો હતો પણ તે બીજા છોકરાઓના જેવો પાપી નહોતો."

ઇસુ બાળપણમાં બીજા છોકરાઓની માફક નિશાળમાં શિક્ષણ લેવા ગયો હતો કે નહીં, એ પ્રશ્ન સહજ ઉત્પન્ન થાય તેવો છે. તેના જવાબમાં એમ કહેવું જોઇએ કે, હા, તે જ્યારે નાઝારેથમાં હતો ત્યારે બીજા છોકરાઓની પેઠે નિશાળમાં જતો હતો તે વાતમાં સંદેહ જેવું નથી. પણ વધારે ઉંચી જાતનું શિક્ષણ લેવા તે રાબી લોકોની પાઠશાળામાં દાખલ થયો નહોતો, એ ચોક્કસ રીતે કહી શકાય એમ છે. કારણ કે જો તે ત્યાં ગયો હોત તો તેને નાઝારેથ છોડવાની જરૂરીઆત પડયા વિના રહેત નહિ. બીજી વાત એ છે કે તેઓની પાસે જવાથી તેઓ તેને શું વધારે શિખવવાના હતા? કેમકે તેઓનું જે વિજ્ઞાન્ તે તો કલ્પિત હતું. તેઓની તર્કવિદ્યા તથા સત્ય શાસ્ત્રના વિપરીત અર્થો તે શા કામના હતા? તેઓની પાસે વડીલોના સંપ્રદાયની આજ્ઞાઓ અને છોકરાંના ખેલ જેવી કલ્પિત કહાણીઓની તાલીમ ચાલતી હતી. તેમાં ઇસુ શું શિખે? તે પોતે સર્વ અવિદ્યા તથા તર્કવિદ્યા તેમજ મનકલ્પિત કપોળકથા વગેરેનો નાશ કરી સત્ય વિદ્યાની સ્થાપના કરવા તથા સત્ય વિષે શાહેદી પુરવા આવ્યો હતો; માટે તે તેઓની પાસે શું કરવા જાય? તેઓ તેને શું શિખવી શકે? માટે તે ત્યાં ગયો નહિ. કેટલાએક મનકલ્પિત અવતારી પુરૂષોના સંબંધમાં એવી વાતો લખેલી હોય છે કે તેઓ ગુરૂને ઘેર વિદ્યાભ્યાસ કરવા ગયા હતા. પણ ખ્રીસ્ત વિષે એવી કાંઇ વાતો મળતી નથી. કેટલાએકનું કહેવું એવું છે કે ઇસુનો ધર્મ તે તો આ દેશમાં ચાલતા બ્રહ્મજ્ઞાનીઓના ધર્મ પ્રમાણે નિવેડી કાઢેલા મતના જેવો હતો. તેણે પોતાના સ્વદેશી રાબી લોકોના ગ્રંથોમાંથી સારી સારી વાતો લીધી ને તેમનો ઉપદેશ, નિષેધ, તર્ક, સિદ્ધાંત, દૃષ્ટાંત, દાખલા, દલીલ, પ્રમાણ વગેરે લઇને પોતાના ઉપદેશની શૈલી રચી હતી. પણ એમ કહેવું તે તો તદન આધાર વિનાનું છે. તે વખતમાં જે યહુદી મતો હતા તે

"સાદોકી" (સાદોક નામના રાબીનો સ્થાપન કરેલો મત તે સાદોકી) અને ફરોશી (પારેશ નામના યહુદી વિદ્વાનનો સ્થાપન કરેલો મત તે ફરોશી) વગેરે નામોથી ઓળખાતા હતા. પણ ઈસુના ઉપદેશમાં તે પંથોમાંની કાંઈ વાતોનો આભાસ સરખો પણ નથી. એજ કારણથી જ્યારે તે આ જગતમાં ઉપદેશ કરવા લાગ્યો ત્યારે કેટલાએક તેના બોધથી અજાયબી પામ્યા, અને કહેવા લાગ્યા કે એ માણસે કદી પણ શિખ્યો નથી તે છતાં વિદ્યા કયાંથી જાણે છે? (યોહા. ૭; ૧૫). હવે આવી રીતે ઈસુએ યહુદી રાબીઓની વિદ્યા સંપાદન કર્યા વિના ઈશ્વરપ્રેરિત સત્ય શાસ્ત્રનું સારી પેઠે મનન કરેલું હતું. તે જુના કરારમાં ઘણોજ પ્રવીણ અને હુશિયાર હતો. તેણે મુસાના તથા ભવિષ્યવાદીઓના ગ્રંથોનો સારો અભ્યાસ કરેલો હતો અને તેનો ખરો અર્થ તે જાણતો હતો. નિયમશાસ્ત્રમાં અને ભવિષ્યવાદીઓમાં તેમજ ગીતોમાં જે જે ભવિષ્યવચનો છે તે વિષે તે જાણતો હતો કે તે મારા સંબંધી છે ને મારામાં પુરાં થવાં જોઇએ (લુક ૨૪; ૪૪). એવું તેણે સ્પષ્ટપણે પોતાના શિષ્યોને વખતોવખત અને અનેક વાર કહી બતાવ્યું હતું. હવે વિચાર કરતાં ખાતરી થાય છે કે જો તેને તે જ્ઞાન ન હોય તો પછી તે એમ કેમ બોલી શકે? તેમજ જ્યારે રાનમાં તેનું પરીક્ષણ થયું ત્યારે તેણે શેતાનના મોહપાસનું ખંડન કરવાને જે જે શસ્ત્રો યોજી કાઢયાં ને પોતાના કામમાં લીધાં તે બધાં શસ્ત્રો તેણે શાસ્ત્રરૂપ શસ્ત્રકાર પાસેથી મેળવી લીધેલાં હતાં. એમ કહેવાય કે પ્રભુ ઇસુને આખું શાસ્ત્ર જીભની અગ્રે હતું. યશાયાહ, યિર્મેયાહ, દાનીયેલ, યોએલ, હોશીઆ, મીખાહ, ઝખાર્યાહ વગેરેના ગ્રંથોમાંથી અને વિશેષે કરી ગીતના પુસ્તકમાંથી તેણે જે જે વચનો પોતાના ઉપદેશમાં અને ભાષણમાં લીધેલાં છે તેઓ સુવાર્તાઓમાં મળી આવે છે. એ ઉપરથી આ કલ્પનાને સારો અને સબળ આધાર મળે છે. ખ્રીસ્તે જે ત્રીશ વર્ષ નાઝારેથમાં ગાળ્યાં હતાં, તેમાં તેણે પોતાના ઘરકામમાં તત્પર રહી શાસ્ત્રાભ્યાસ કર્યાં કીધો હતો, તેમાં જરાપણ સંદેહ રહેતો નથી. તરૂણ ઇસુ ઇશ્વરી શાસ્ત્રના હસ્ત-લેખોનો અભ્યાસ કરનાર હતો એટલુંજ નહિ, પણ સૃષ્ટિશાસ્ત્ર જે અગમ્ય અક્ષરે લખાએલું છે તેનો તે અવલોકન તથા નિરીક્ષણદ્વારા અભ્યાસ કરનાર હતો, અને એમ કરતાં તે આગળ જતાં તેનો અધ્યાપક પણ થયો. સુવાર્તા લખનારાઓએ તેનો ઉપદેશ, નિષેધ, સંવાદો, દૃષ્ટાંતો અને કહેવતો એ બધું લખી રાખ્યું છે. તે ઉપરથી જણાય છે કે પ્રભુએ સૃષ્ટિશાસ્ત્રનું સારી રીતે ઉત્તમ અવલોકન કરી જ્ઞાન મેળવ્યું હતું, એની અચૂક ખાતરી થાય છે. સૃષ્ટિરૂપ પુસ્તકમાં તે નિત્ય પોતાના મહાન ઈશ્વરી પિતાનું નામ વાંચતો ને તેના ગુણની ગણના કરતો હતો. ઇશ્વરપ્રેરિત શાસ્ત્ર તથા સૃષ્ટિરૂપ શાસ્ત્ર એ બન્નેનો પરસ્પર શું મેળ છે, એ વાતનું તેને પરિપૂર્ણ જ્ઞાન

હતું. નાઝારેથના પ્રદેશમાં જે પરમોત્કૃષ્ટ સૃષ્ટિસૌંદર્ય છે તે તેના સૃષ્ટિકર્તા પિતાએ તેનેજ માટે પુસ્તકરૂપે લખી રાખ્યું હતું, એમાં જરાપણ સંદેહ કે સંશય જેવું નથી.

પ્રભુ ઇસુ ખ્રીસ્ત કઈ ભાષા બોલતો હતો તે જાણવાની જો વાચકવર્ગને જીજ્ઞાસા હોય તો તેણે જાણવું કે તે પોતાના લોકની સાથે આરમીનયન ભાષામાં વાતચિત કરતો હતો. તે વખતમાં હેબ્રી કે યહુદી ભાષા ગુપ્ત થઇ ગઇ હતી. માત્ર વિદ્વાન લોકોજ તે ભાષા સમજી શકતા હતા. તેનું જ્ઞાન સંપાદન કરવાને ઘણોજ પ્રયાસ કરવો પડતો હતો, પરંતુ ખ્રીસ્તને તે ભાષાનું જ્ઞાન હતું. તે તેનાં ઉતારેલાં શાસ્ત્રવચનો પરથી જાણી શકાય છે (માર્ક ૧૨; ૨૯-૩૦. લુક ૨૨; ૩૭. માત્થી ૨૭; ૪૬). તેને ગ્રીક ભાષા પણ આવડતી હતી, કારણ કે નાઝારેથ તથા તેની આસપાસનાં ગામોમાં તે ભાષા બોલાતી હતી. પણ ત્યાંથી તે આવ્યા ત્યાર બાદ તેના ઉપદેશમાં તે બોલાતી નહોતી (માત્થી ૮; ૬-૯: ૨૭; ૧૧. યોહા. ૧૨; ૨૧). તેનાં કેટલાંએક શાસ્ત્રવચનો ગ્રીક ભાષામાં છે, જે તે વખતે શાસ્ત્રનો તરજુમો પ્રસરી ગયેલો હતો તેમાંથી લીધેલાં હતાં.

અધ્યાય ૭ મો.

બાળ ઇસુ યરૂશાલેમમાં પર્વ પાળવા જાય છે.

ઇસુ જ્યારે બાર વર્ષની ઉમ્મરનો થયો ત્યારે પોતાનાં દુનિયાઈ માબાપની સાથે પાસ્ખાપર્વ પાળવા સારૂ યરૂશાલેમ ગયો હતો. યહુદી લોકોમાં એક એવો રિવાજ ચાલતો હતો કે, કોઈ પણ નર બાળક બાર વર્ષની ઉમ્મરે પહોંચે, ત્યારે તેને નિયમશાસ્ત્રમાં ઠરાવેલા ધર્મવિધિઓ પાળવાને જવાબદાર ગણતા હતા. કોઈ પણ છોકરાની જીંદગીનું બારમું વર્ષ તે તો મોટા મહત્વ ભરેલું સમજાતું હોય એમ યહુદી લોકોની માન્યતા હતી. યહુદી દંતકથાઓમાં એવું લખ્યું છે કે, જ્યારે મુસા પોતે બાર વર્ષનો થયો ત્યારે ફારૂનની દીકરીનું ઘર છોડી નિકળી ગયો હતો. તેમજ જ્યારે શમૂએલ બાર વર્ષનો થયો ત્યારે તેને ભવિષ્યવાદીના કામ પર ઠરાવવામાં આવ્યો. જ્યારે તેને પ્રભુનાં દર્શન થયાં ત્યારે તે બારજ વર્ષનો હતો. વળી જ્યારે સુલેમાન રાજાએ અદલ ન્યાયીપણાનો કેસ પુરો કરી ફેંસલો આપ્યો ને ન્યાયના કામમાં સુપ્રસિદ્ધિ પામ્યો ત્યારે તેની ઉમ્મરનું બારમું વર્ષ હતું. યરૂશાલેમમાં યહુદાહની ગાદી પર જે યોશીયાહ નામનો રાજા થયો, તેને ધર્મસુધારણ કરવા સારૂ સ્વપ્ન આવ્યું અને તે સ્વપ્નની વખતે તે પણ બાર વર્ષની વયનો હતો. એ અને એ શિવાય બીજાં કેટલાંએક કારણો તથા ફરમાનો પરથી એવો રિવાજ શરૂ થયો કે બાર વર્ષે પુત્રને

વિધિઓ સમજાવવા તથા સોંપવા, તેમજ જ્યારે બાર વર્ષનો દીકરો થાય ત્યારે તેને માબાપ તથા ગુરૂની આજ્ઞાથી ઉદરનિમિત કામધંધો શિખવવાની શરૂઆત કરતા હતા. જ્યારે છોકરાને બાર વર્ષ થતાં ત્યારે તેને એક નામ આપવામાં આવતું હતું, એટલે કે "બેન હત તોરાહ" એટલે નિયમશાસ્ત્રનો પુત્ર. ત્યાર પહેલાં તેને "કાતોન" કહેતા એટલે કે બાળક તરીકે સમજતા હતા. તેથી પહેલાં તે "કાતોન" અને પછી "બેન હત તોરાહ" અને ત્યાર પછી તેને "ગાદોલ" એટલે પ્રૌઢ કહેતા હતા. ત્યાર બાદ તેના કપાળ ઉપર તે સ્મરણપત્રો બાંધવાને લાયક થાય છે. અને ત્યાર પછી તેજ વર્ષે (બારમે) એકાદ સાબ્બાથને દિવસે તેનાં માબાપ તેને સભાસ્થાનમાં લઈ જતાં અને કોઈએક શ્રેષ્ઠ જનોની આગળ અર્પણ કરતાં હતાં. તે પરથી એવું જણાય છે કે યહુદી લોકોમાં બારમું વર્ષ તે છોકરાઓને માટે મહત્વ ભરેલું ગણાતું હતું. ઈસુનાં માબાપ વર્ષોવર્ષ યરૂશાલેમમાં પર્વ પાળવા સારૂ જતાં હતાં, પણ ઈસુ તેઓની સાથે આવતો હતો કે નહિ તેની કાંઈ ખબર નહોતી. પણ આ વખતે તે બાર વર્ષનો થયો હતો, માટે સાથે લાવવાની ખાસ જરૂરિયાત હતી. જ્યારે આ બાળ ઈસુ નાઝારેથમાં રહી જે એકાંતવાસ ભોગવતો હતો તે છોડીને નિકળ્યો, ત્યારે તેની બુદ્ધિમાં ફેલાવ થયો હશે. જરૂર જાણવું કે જ્યારે તેણે બહારની સૃષ્ટિ તથા જગતનો વહેવાર જોયાં હશે ત્યારે તેને ઘણોજ લાભ થયો હશે એમાં જરા પણ સંદેહ નથી.

હવે આપણે એ વાત એટલે મુકીને ઈસુની સાથે યરૂશાલેમ તરફ પ્રવાસ કરીશું, અને રસ્તે જતાં જતાં જે જે ગામોમાં તે ગયો તે તે ગામોમાં જોઇએ તથા તપાસ કરીએ. નાઝારેથ ગામથી દક્ષિણ તથા પૂર્વની વચ્ચે ૪૦ ગાઉને અંતરે યરૂશાલેમ શહેર આવેલું છે. ત્યાં જનારા મુસાફરોનો રસ્તો સમરૂનમાં થઈને ચાલે છે. આ વખતે તે રસ્તો ઘણોજ સુશોભિત ને રળીઆમણો દેખાવ આપે છે, કારણ કે યહુદી લોકોના પાસ્ખા પર્વને સમયે આપણી પેઠે તે દેશમાં પણ વસંત ઋતુનો પ્રભાવ દેખાઈ રહેલો હોય છે. કેમકે યહુદીઓની કાળગણના પ્રમાણે અબીબ માસ તે પ્રથમ ને પાસ્ખાનો માસ ગણાય છે, ત્યારે આપણી કાળગણના પ્રમાણે ચૈત્ર માસ ચાલતો હોય છે. ત્યારે તમામ વનસ્પતિને જુનાં પાન ખરી નવાં નવાં ડાળ ડાંખળાં ફુટેલાં હોય છે. ને તેથી કરી બધી વનરાય નવપલ્લવ વસ્ત્ર ધારણ કરી રંગબેરંગી ને અનેક રંગોનો દેખાવ આપી લીલાછમ જેવા રંગની રેલમછેલ કરી મુકનાર થઈ રહેલી હોય છે. રસ્તાંની બન્ને બાજુની વાડમાં અનેક જાતનાં ઝાડો તથા વેલો પર જુદાં જુદાં ખેતરો તથા બગીચાઓમાં લીલાં, પીળાં, સફેદ, આસમાની, ગુલાબી, પચરંગી, તરેહવાર રંગોનાં ફૂલો, પાનોની ઝાલરો, ઝુમખા કે તોરણની મીસાલ શોભી રહેલાં હોય છે, અને તેઓ રસ્તે ચાલનાર મુસાફરોના મનને અત્યંત આનંદ ઉપજાવે

છે. હવે આ માર્ગ પર ચાલતાં પ્રથમ આપણી નજરે કિશોન નામની નાની સરખી નદી કે નાળું કેટલીએક વખત દૃષ્ટિસન્નિધ દેખાયા કરે છે. આ નાળાંને જોતાં આપણને એક પુરાતન ભવિષ્યવાદી એલીયાહનું સ્મરણ થાય છે, તેમજ જુના જમાનામાં બારાક નામના ન્યાયાધીશે મહાન વીર સીસરાની પુઠ પકડી તેને નસાડયો તથા ઈસ્રાએલ લોકને પલિસ્તીઓના ધાકથી મુક્ત કીધા તે વાત યાદ આવે છે (ન્યાયા. ૩૬ ; ૪.). એ રીતે એ કિશોન નાળું વટાવી આગળ ચાલીએ એટલે મગીદ્દોનું મેદાન આપણી આગળ આવે છે. આ મેદાનમાં આવતાં પ્રથમ અશુદ્ધ અને અમંગળપણાની નિશાની જે રૂમી રાજ્યના રાજ્યચિન્હો પર રહેલી હતી તે દેખાવા લાગે છે. (તે નિશાન ગરૂડધ્વજના નામથી ઓળખાતું હતું). અહીં રૂમી સરહદનો સીમાડો હોવાથી રૂમી લોકોએ થાણું બેસાડેલું હતું, અને તે થાણાના રૂમી સીપાઇઓ હાથમાં ખુલ્લી તરવાર પકડી અક્કડ ગરદને આમતેમ પહેરો ભરતા જોવામાં આવે છે. ત્યાંથી આગળ જતાં આપણે પ્રભુની સાથે એનગેદીના રસ્તા પર આવીશું. ત્યાં સ્ફટીકના જેવાં અનેક ઝરણો નિર્મળ પાણીથી ખળખળાટ કરતાં વહેતાં જોવામાં આવશે. ત્યાં પુષ્કળ વાડીઓ, બાગબગીચા અને ઝાડનાં ઝુંડો આપણી આંખને થંડક આપી મન પ્રફુલ્લિત કરી નાખે છે. આ જગ્યામાં મુસાફરોને ઉતારો કરવાની પુરતી સગવડ હોવાથી ઘણાખરા પંથી પોતાના શ્રમથી વિશ્રામ પામતા હતા, તેથી એવી કલ્પના કરવામાં આવે છે કે પ્રભુ ઈસુએ પ્રથમ અહીંજ મુકામ કીધો, ને પોતાના પંથથી નિવૃત્તિ તથા વિસામો પામવાને રાતવાસો કીધો હશે. બીજે દિવસે મરિયમ તથા યુસફ ઈસુને સાથે લઇને આગળ ચાલતાં મનાસ્સેહના ડુંગરો ઉપર ચઢી ગયાં, અને ત્યાંથી તેઓ એલજીઆની ખીણ પાસે આવી પહોંચ્યાં. ત્યાં સુંદર અને મનહર વનખંડી તથા સુશોભિત જૈતુનની ઝાડીઓ લાગી રહેલી હોય છે. એ પ્રમાણે પ્રવાસ કરનાર આ મુસાફરોનો બીજો મુકામ યાકુબના કુવા પાસે આવી પહોંચ્યો હતો. આ કુવો જુના શેખેમ શહેરની પાસે ખોદાવેલો હતો; તેની બન્ને બાજુ પર બે પહાડ આવી રહેલા હતા. તેમાંના એકનું નામ એબાલ ને બીજાનું નામ ગેરીઝીમ હતું. આ બે પહાડની વચ્ચે જે ખીણ તેમાં જુનું શેખેમ શહેર તથા યાકુબનો કુવો આવેલાં હતાં. ત્યાંથી આગળ ચાલીને ત્રીજે દિવસે તેઓ શીલોહ અને શાઉલના ગિબઆહ ઉપરે યરૂશાલેમની નજીક આવી પહોંચ્યાં હશે. તે વખતે એ શહેર રૂમી સરકારના ગરૂડધ્વજવાળા વાવટાની છાયા તળે રહેલું હતું. પરંતુ તે વાવટાની ઉપર સર્વથી ઉંચું જે ઈસ્રાએલના દેવનું મંદિર હતું, તે મંદિરની પાંખરૂપ સોનેરી કિનારી (ઝાલર) સૂર્યનાં કિરણો માફક પ્રકાશમાન થઇ ચકચકાટ મારી પ્રકાશી રહી હતી. એ દેવળ એક પહાડ પર ઉંચા ભાગમાં બંધાવેલું હતું, અને તે ઉપરાંત તેનો ઉંચો કિલ્લો

તથા બુરજો આકાશનાં વાદળની સાથે વાતો કરી રહ્યા હતા. યહુદી લોકો જે વારે (ઇ. સ. પૂ. ૫૯૭) બાબેલની ગુલામગીરીમાં ગયા હતા, તે વખતે તેઓએ આ સ્થળે નદીને કિનારે શોકિત ગીતો ગાયાં હતાં, તેમાં યરૂશાલેમની વિસમ અવસ્થાનું ધ્યાન કરી રૂદન કીધું હતું. તેઓ અહીંથી પોતાના વહાલા યરૂશાલેમને નિરખતાં છાતીફાટ રૂદનપાત કરી રહ્યાં અને છેલ્લે પોતાનાં વાજીંત્રો ઝાડે લટકતાં મુકી શોકિત વદને વિલાપ કીધો હતો (ગીત. ૧૩૭). યરૂશાલેમ શહેરની જાહોજલાલી તથા આગળનો વૈભવ હાલમાં તો નષ્ટ થયો હતો, પણ યહુદીઓના મન પર તેની પ્રીતિની છાપ હજી હૈયાત જેવી દેખાતી હતી. તેઓ તેની ચાહના રાખી રહ્યા હતા ને ખરી રીતે પ્રિય ગણી દાઉદની નગરી કહેતા હતા. એવી જે વહાલી ને અત્યંત પ્રિય નગરી યરૂશાલેમ ત્યાં બાળ ઇસુ આવી પહોંચ્યો. ત્યારે ત્યાં આવ્યા પર તેની ચિત્તવૃત્તિ કેવી જાગૃત થઈ હશે એ કોણ કહી શકે?

હવે આ વખત રૂમી રાજની કારકીર્દી દરમિયાન આ પર્વને વખતે ત્યાં બે ત્રણ લાખ યહુદીઓ આવી પહોંચ્યા હતા. શહેરમાં તે બધાને માટે ઉતરવાની પુરતી જગ્યા નહોતી માટે ગામ બહાર આસપાસની વાડીઓમાં ઝાડ નીચે મંડપ કે માંડવા ઉભા કરી દીધા હતા, તેથી કેટલાએક લાગવગ-વાળા શહેરમાં તથા બીજા કેટલાએક શહેર બહાર તંબુ કે માંડવાઓમાં ઉતરેલા હતા. એવી રીતે બધા મુસાફરો એક અઠવાડિયું ત્યાં રહી પર્વ પાળતા, ત્યાર બાદ પોતપોતાને સ્થાને ઉપડી જતા હતા. આ પર્વને વખતે યરૂશાલેમ તથા તેની આસપાસ ચોતરફની સીમ એક આનંદનો બાગ બની રહેતો હતો. એ આનંદી બાગ કે સુખના સરોવરમાં ચોગરદા મધુર ગાયનના નાદો તથા મન પ્રસન્ન કરનાર જુદાં જુદાં વાજીંત્રોના સુસ્વર સંભળાતા હતા, કેમકે બધાં યાત્રાળુઓ મનના ખરા ઉલ્લાસથી ખુલ્લા હૃદયે ઇશ્વરસ્તુતિનાં મધુર ગાયનો લલકારી મુકતાં હતાં; ને તેઓ રસ્તાની આજુબાજુ ઝાડોની નીચે પોતપોતાના ઉતારામાં આ આનંદનો લાભ લેતા હતા. એ પ્રમાણે પુરેપુરૂં એક અઠવાડિયું ભોગવ્યા બાદ તેઓ પોતપોતાને ઘેર જતા હતા. ત્યાંથી પાછા ફરતા ત્યારે આમતેમ ચોતરફ રસ્તામાંના ઝાડો તળે પોતપોતાના તંબુ ખડા કરી તેમાં વાસો કરતા હતા. આ વખત ફળમેવાની પાકણીનો હતો, તેમ દેશ ફળદ્રુપ તથા દૂધ મધની રેલછેલવાળો હતો, એથી એ યાત્રાળુ મુસાફરો બગીચાઓમાંથી ખજુર, દ્રાક્ષ, અંજીર, દાડમ તેમજ ખેતરોમાંથી કાકડી, તડબુચ વગેરે ફળોનો સ્વાદ લેતા હતા. તે બધા કુટુંબવાર જુદા ગામના જુદાં યુવક તથા યુવતીઓ સાથમાં ચાલતાં હતાં ને સાથમાં ગાયનો લલકારી વાજીંત્ર વગાડી સુંદર નવપલ્લવ સીમનાં વૃક્ષોને તેમજ નાના પહાડ ટેકરાના લીલાગુંજાર જેવા ઝરા તથા તેનાં ખળખળાટ કરતાં વહેતાં પાણી સુદ્ધાંને ગજાવી મુકતાં હતાં,

તેઓની સ્વારીમાં ઉંટ, ઘોડાં તથા મોટાં મોટાં મસ્તાન ગધેડાં હતાં, તેથી અબીબ (ચૈત્ર) માસના ત્રણેક અઠવાડિયાં સુધી રસ્તાઓમાં તથા સીમોમાં એ મુસાફરો દેખાતા હતા. એ પ્રમાણે આ શહેરમાંના સૃષ્ટિરૂપ સમુદ્રમાં અહીંતહીં મનુષ્યોના લોઢના લોઢ ઉછળતા હતા. તેમાં એકાદ નાનો છોકરો ગુમ થાય તો તે નવાઈ જેવું ગણાય નહિ. આપણે એ વાતનો સંદેહ રાખીશું નહિ. આ બધી મેદની સાથે આપણા નાઝારેથના મુસાફરો સામેલ રહેલાં હતાં. તેઓ પર્વ પાળીને પાછાં ઘર તરફ રવાને થયાં છે; પોતાના સોબતીઓ સાથે વાતચિતમાં તથા ભજનકીર્તન ગાવામાં તે મચી રહ્યાં છે, તેથી વળતાં તે દિવસ સાંજ સુધી ઇસુ વિષે ભૂલી ગયાં. જ્યારે તેઓએ જાણ્યું કે તે અમારી સાથે નથી ત્યારે તેઓ સમજ્યાં કે સંઘવાળાઓની સાથે જરૂર તે ચાલ્યો આવતો હશે. પણ જ્યારે સાંજ પડી ને જુદા જુદા લોકો ઉતારા નાખી પડાવ કરી રહ્યા ત્યારે તેઓને ખાતરી થઈ કે ઇસુ ખોવાયો છે. તેઓ સંઘમાં આમતેમ ઉતારે ઉતારે ફર્યાં પણ ઇસુ મળ્યો નહિ, તેથી વધારે શોધ કરવા સારૂ તેઓ શહેર તરફ પાછાં ફર્યાં ને શોધવા લાગ્યાં પણ પત્તો લાગ્યો નહિ. પછી ત્રીજે દિવસે શોધતાં શોધતાં મંદિરમાં ગયાં ત્યારે ત્યાં તે તેઓને મળી આવ્યો. એવા ઠેકાણામાં તે તેઓને મળશે એવી અગાઉ કાંઈ આશા નહોતી, પણ જ્યારે તેઓ આ જગ્યામાં આવ્યાં ત્યારે ગુરૂજનોની સભામાં ઈસુને જોયો. એ વખત તે ગુરૂજનો સાથે ધર્મચર્ચા કરતો તથા સાંભળતો હતો. ત્યાં તેની એકાગ્ર સાંભળવાની રીતથી તથા તેના જે જે પ્રશ્નો હતા તેમાં તેની બુદ્ધિની ખીલવણી તથા ચાતુરીથી દરેક જોનાર તથા સાંભળનાર છક થઈ ગયા હતા.

એ વખત આ ગુરૂમંડળમાં કોણ કોણ હશે તે વિષે સહેજ અનુમાન કરવું એ સુલભ જેવું લાગી આવે છે. તે મંડળમાં પ્રથમ મુખ્ય પુરૂષ હીલેલ હતો; ને આ હીલેલ લગભગ એક સો વર્ષની ઉમ્મરે આવી પહોંચેલો હતો. યહુદી લોકો તેનો બોધ ઘણા માન સાથે સાંભળતા હતા. તેની નેક તથા નમ્ર ચાલને લીધે તે જાણે કે બીજો મુસા હોય તેમ ગણાતો હતો. બધામાં તે મોટો તથા માનવંત મનાએલો પ્રમુખ્ય યાજક હતો. તે શિવાય બીજા બે તેના પુત્રો હતા; એટલે એક રેઉબેન તથા બીજો સિમિયન હતો. તેઓ પોતાના ઉત્તમ ગુણથી તથા મૌન્યધારણથી પ્રશંસિત હતા. ત્રીજો તેનો (નાતુ) પુત્ર જે શિષ્ટાચારી અને ઉદાર બુદ્ધિ ધરાવનાર ગમાલીએલ તે હતો. (પ્રેરિ. ૫ : ૩૪. ૨૨ ; ૩). ચોથામાં તેનો પ્રતિસ્પરધી સિમાય તથા તેનું શિષ્યમંડળ હતું. ગમાલીએલના શિષ્યમંડળ કરતાં તેનું શિષ્યમંડળ જરા વધારે હતું; અને એ બધાની આગળ આન્નાસ કે જે આગળ જતાં ઈસુનો ન્યાય કરનાર થયો હતો તે હતો. તેમજ બીજો હેરોદનો સસરો બીથસ કે જેને હેરોદે આંખ વિનાનો કીધો તે સુરદાસ

હતો. વળી એ શિવાય બાબા-બેનબુટા હતો કે જે પ્રાર્થનાધારી ગણાયો હતો. વળી એ વિના હીસકાન હતો અને તે પ્રાર્થનામાં જય મેળવનાર ગણાએલો હતો. એ ઉપરાંત યોહાન્ના-બેન-જખાઈ હતો કે જેણે મંદિરના નાશ વિષેનું ભવિષ્ય કહ્યું હતું. તેમજ બીજો એક ધનવાન કે જે આરમથાઇના નામથી ઓળખાએલો યુસફ તે હતો (માત્થી. ૨૭; ૫૭). તેમજ ભયશીલ પણ આસ્થાવાન નિકોદેમસ હતો (યોહા. ૩.) તેઓ શિવાય યોનાથાન-બેન-ઉઝીએલ કે જેણે પાછળથી ખાલદી ભાષામાં શાસ્ત્રનો પ્રખ્યાત ને વખણાએલો તરજુમો કીધો તે હતો. એ ઉપર બતાવેલા આસામીઓ તે વખત ગુરૂમંડળમાં ગણાતા હતા. તેઓ પૈકી કેટલાએક જણોની વચ્ચમાં બેસીને ઈસુ સંભાષણ કરતો હતો. તે વખત ઉપર બતાવેલા બધા હાજર હતા, એમ ખાતરીપૂર્વક કહી શકાતું નથી. પણ તે વખતમાં તેઓ બધા હયાત હતા, ને ગુરૂમંડળના સભાસદો ગણાતા હતા. તેઓ ઈસુના પ્રશ્નોત્તરથી છક થઈ ગયા, તોપણ આપણી સાથે ધર્મસંવાદ કરનાર આ શીશુ વયનો બાળક તે કોણ અને કેવો છે, એ તેઓ સમજ્યા નહોતા. તેઓમાંના કેટલાએક આગળ જતાં તેના શત્રુ થયા. કેવળ તેમાંના બેજ માણસો તેના શિષ્ય થયા હતા. જેણે ગુરૂના ઘરમાં રહી વિદ્યાભ્યાસ કીધો નથી, જેણે ગુરૂમુખ શાસ્ત્રના ખુલાસા શિખી લીધા નથી, તેને આવું અને આટલું અધ્યાત્મિક જ્ઞાન કયાંથી ! પણ છે તો ખરૂં, ખરેખર તેના પ્રશ્નોત્તર સાંભળીને બધા દંગ થઇ ગયા. તેઓની અચરતીનો પાર રહ્યો નહિ, એવા તેઓ છક બની ગયા હતા.

યરૂશાલેમના દેવળની અંદર જુદા જુદા માણસોએ, જુદા જુદા કામ-કાજને વાસ્તે, જુદાં જુદાં આંગણાં કે ચોક બનાવેલા હતા. તેમાં યાજકોને સારૂ તથા ધર્મસભાને સારૂ શીમોન-બેન-શેટાએ (ઇ. સ. પૂ. ૧૧૦ માં) એક ચીરાબંધ ચોક બનાવેલો હતો. વિદ્યાર્થીઓને શિક્ષણપાઠ આપવા સારૂ મોટા મોટાં ઓરડા બનાવેલા હતા. તેમાંના એક ઓરડામાં તેનો શોધ કરનાર માંબાપને ઈસુ મળી આવ્યો. માએ તેને જોયો કે તરત તેના પર સ્નેહવદને દૃષ્ટિપાત કીધો, અને પ્રીતિમય મૃદુ ભાષણે ઠપકારૂપ વચનો કહ્યાં. "દીકરા, તેં અમારી સાથે એમ શું કરવા કીધું?" (લુક. ૨ ; ૪૮.) તેના જવા-બમાં પ્રભુએ માર્મિક વચન કહ્યું પણ તે તેઓ સમજ્યાં નહિ. તે બોલ્યો કે, "મારે મારા બાપના ઘરમાં કામ કરવું જોઈએ એ તમે જાણતાં નથી?" છેજ, હે દેવકુંવર, અમે એ જાણ્યું, પણ તારાં કૃત્યથી અમને વિશેષ ખાતરી થાય છે. અત્યાર સુધી જે જે વાતો બની આવી છે તે સર્વ ઉપરથી તારા વિષે એ જ્ઞાન પ્રાપ્ત થવાની ખાતરી હતી. માતપિતાને ઇસુએ જે જવાબ આપ્યો તેમાં એવો ભાવાર્થ સમાએલો હતો કે, "મારો બાપ દેવ છે, તેના

ઘરમાં હું તેનું જ્ઞાન શિખવા તથા તેની વાત સમજવા અને પાળવા સારૂ આવ્યો છું. તેની ઇચ્છા જાણી લેવી એ મારૂં કામ છે. તમે મારી શોધ કીધી પણ તેની શોધ કીધી નહિ, તથાપિ હું તેનાજ ઘરમાં વસું છું." એ પ્રમાણે કહીને તેણે પોતાની ઈશ્વરી ઉત્પત્તિ સ્થાપન કરી, તથા પોતાનું ઈશ્વરી કાર્ય કિંચિતમાત્ર પ્રગટ કરીને પાછો પોતાનાં માનવી માબાપને સ્વાધીન થયો, અને પોતાનો સમય પુરેપુરો ન આવ્યો ત્યાં સુધી તેઓની સાથે રહી આજ્ઞાકારી થઈ ચાલ્યો, ને તેઓને સંતોષ પમાડતો રહ્યો (લુક ૨; ૫૧).

ખંડ બીજો.

ઇસુના બાપ્તિસ્મા પછી ગાલીલમાં તેના કામની શરૂઆત થઇ ત્યાં સુધી.

સમય—રૂમી શક ૭૮૦ ના જાનેવારીથી ૭૮૧ ના એપ્રિલ સુધી.

ઇ. સ. ૨૭–૨૮ માં.

અધ્યાય ૧ લો.

ઇસુ તથા યોહાન બાપ્તિસ્મા કરનાર.

પ્રથમ ખંડના પહેલા અધ્યાયમાં આપણે વાંચી ગયા છિયે કે યાજક ઝખાર્યાહ તથા એલીસાબેતને ઇશ્વરી દૂતના દર્શન મારફતે જે સૂચના કરવામાં આવી હતી, તે પ્રમાણે તેઓને એક પુત્રરત્ન મળી આવ્યું હતું, ને તેનું નામ યોહાન રાખેલું હતું. એ છોકરાના જન્મ પહેલાં તથા જન્મ વખતે જે જે વાતો બની આવી તે (લુક ૨; ૧-૫, ૨૫, ૫૭-૬૬) લખેલી મોજુદ છે. તે વાતો સાંભળનાર તથા તે વિષે નજરે જોનારાઓ બોલ્યા હતા કે, "આ બાળક કેવો થશે!" એમ પ્રશ્ન કરી અચરત પામ્યા હતા. ને તેથી ઘણા માણસોનું ધ્યાન તેના તરફ ખેંચાએલું હતું. પણ તે પોતાના લૌકિક કામ તથા વહેવારમાં બહાર પડયો ત્યાર પહેલાં તે શું કરતો હતો તે સંબંધી શાસ્ત્રમાં કંઈ લેખ મળતો નથી. અનુમાન કરતાં એટલું જાણીએ છિયે કે તેનાં માબાપે તેને પોતાના સ્વધર્મનું પ્રકાશિત ને દિવ્ય જ્ઞાન આપવામાં એ વખત વાપરેલો હશે, અને એમ હોય તે સ્વાભાવિક છે. તેનો પિતા ઝખાર્યાહ યાજક હતો, તેથી તે એ કાર્ય કરવાને બંધાએલો હતો, માટે તે પોતાના સંતાનને સત્ય શાસ્ત્રનું જ્ઞાન આપ્યા વિના કેમ રહે? કારણ કે દરેક ઇસ્રાએલી માણસને માથે એક મોટી ફરજ હતી, કે તમારે તમારાં સંતાનોને પ્રભુની આજ્ઞાઓ તથા ધર્મવિધિઓનું જ્ઞાન આપવું (પુન. ૩૧; ૧૧). માટે ખાતરીથી કહી શકાય. કે ઝખાર્યાહે પોતાના પુત્ર યોહાનને ધર્મશાસ્ત્રનું શિક્ષણ આપેલું હતું. એટલુંજ નહિ પણ તેના જન્મ પહેલાં દેવદૂતે જે જે વચનો કહ્યાં હતાં તેમજ તેના જન્મ-સમયે પવિત્ર આત્માએ જે વાતો સૂચવી હતી તે વિષે પણ યથાયોગ્ય સમજણ આપી હશે એમાં જરા પણ શક કે સંદેહ રાખવા જેવું નથી. આપણે આગળ વાંચી ગયા છીએ કે, એક વાર ઇસુની મા મરિયમ યોહાનનાં

માબાપને ઘેર મળવા ગએલી હતી, ત્યારે ઇસુ તથા યોહાન એ બન્ને ગર્ભસ્થાને હતા. ત્યાર પછી બન્નેનો જન્મ થયો હતો. આ બન્ને અલૌકિક પુરૂષોના જન્મ્યા બાદ ફરી તેઓનાં માબાપનો મેળાપ થયો હોય એમ દેખાતું નથી, તેમજ સંભવિત જેવું કાંઈ પ્રમાણુ દેખાતું નથી. કારણુ કે યહુદાહનો ડુંગરી પ્રદેશ તે નાઝારેથ ગામથી ઘણો દૂર છે. વળી બીજું કારણુ આ હશે કે જ્યારે યોહાને પોતાનું પ્રગટ કામ આરંભ્યું ત્યારે તેનાં માબાપ પરલોકવાસ પામ્યાં હશે. તેમજ વળી જ્યારે યોહાન નાનપણુથી મોટો થયો ત્યારે તેને ઇસુ વિષે કાંઈ ખબર હોય એમ દેખાતું નથી; તોપણુ મસીહના પ્રગટ થવાનો સમય હવે પાસેજ આવેલો છે એમ તે ખાતરીથી જાણુતો હતો, કારણુ કે તે પોતાના ગર્ભવાસથી પવિત્ર આત્માએ ભરપૂર હતો, ને તે આત્માના પ્રકાશથી તેને એવી ખબર હતી કે મસીહના રાજ્યની તૈયારી કરવા સારૂ મને તેડું થનાર છે. તે દૈવી તેડાની રાહ તે જોતો હતો (લુક ૧ ; ૧૬, ૧૭).

આવનાર મસીહનો રાજ્યમાર્ગ તૈયાર કરવા સારૂ યોહાન ઠરાવાયો હતો માટે તેણે પોતાના બાપદાદાના યાજકપદનું કામ છોડી દીધું હતું. તે વખતે યહુદાહ દેશમાં ઘણાજ યાજકો તથા શાસ્ત્રીઓ વધેલા હતા, ને જેમ જેમ તેઓ વધતા ગયા તેમ તેમ ધર્મક્રિયાઓ તથા સંપ્રદાયના નિમમો વધારતા ગયા. આખર એ બધા નિયમો તથા ક્રિયાઓ એટલાં બધાં થયાં કે ઇશ્વરદત્ત ખરી ધર્મવિધિઓ તથા આજ્ઞાઓ માણુસોના સંપ્રદાય તળે ઢંકાઈ ગયાં હતાં. માટે એમ કહેવાય કે શાસ્ત્રીઓ તથા પંડિતોના ધર્માચારની નીચે યહુદીઓનો ખરો ધર્મ ઢંકાએલો હતો. વળી આ લોકોના કૃત્રિમ કાયદા લોકોના ઉપર ભારે બોજારૂપ થઇ પડયા હતા, ને તેથી છુટકો પામવાની આશાએ ઘણા આસ્થાવાન માણુસો તારણુદાતા મસીહની રાહ જોતા હતા. તેઓની એવી આશા હતી કે જો હવે મસીહ આવે તો અમે આ મોતના બંધનથી છુટી જીવનના માર્ગ પર આવીએ, માટે એમ કહેવાય કે જેમ તૃષિત હરણુ પાણીની ચાહના રાખે છે, તેમ ધર્મજીજ્ઞાસુ મસીહની ચાહના રાખી વાટ જોતા હતા. વળી તેઓ જાણુતા હતા કે મસીહના આવ્યા પહેલાં તેના ચોપદાર જેવો શાહેદી રસ્તાની તૈયારી કરવા સારૂ આવશે. તેજ અરસામાં આ મહાન પુરૂષને પરમેશ્વરે મોકલી દીધો હતો કે જે યોહાન બાપ્તિસ્મા કરનારને નામે ઓળખાય છે.

આ યોહાન નાનપણુથી નાઝારી એટલે દેવને સારૂ **પવિત્ર અર્પેલો** હતો. તેના શરીર પર કે માથા પર કદી અસ્ત્રો ફેરવાએલો નહોતો, પણુ પૂરા પંચકેશ રાખવામાં આવ્યા હતા. તેમજ દરેક જાતનાં કેફી કે માદક પદાર્થો તેણે તજેલા હતા. યહુદી લોકોમાં એવી રીત હતી કે જ્યારે કોઈ જણુ દેવને અર્પણુ થતો ત્યારે ઉપર બતાવ્યા પ્રમાણે બહારનાં ચિન્હો રાખતો ને ઠરાવેલી

ક્રિયાઓ કરતો હતો (ગણ. ૬; ૧-૨૧). આ યોહાન સન્યાસી કે યોગી નહોતો. જો કે તેણે પોતાની જીંદગીનો ઘણો ભાગ જંગલમાં રહી કાળક્ષેપ કીધો હતો, તોપણ તે પ્રસંગોપાત શહેરમાં જતો ને ત્યાં રહેતો હતો; એટલુંજ નહિ પણ પ્રસંગોપાત જરૂરિયાતને પ્રસંગે રાજ્યસભામાં બીરાજી અગત્યની સલાહ આપતો હતો. તે પોતે કઠોર કે સ્વાર્થી વૃત્તિવાળો નહોતો, તેમજ અભિમાન કે દાંભિકપણું તેમાં દેખાતું નથી. હું જાતે ત્યાગી છું માટે હું પવિત્ર છું ને બીજાં માણસો પાપી છે માટે મારાથી તેનો સ્પર્શ થાય તો મને વટાળ લાગે માટે મારે જંગલમાં રહેવું જોઈએ, એવી સમજણથી તેણે વાનપ્રસ્થપણું પાળ્યું નહોતું. તે જંગલમાં રહેતો તોપણ જગત વિષે બેદરકાર રહ્યો નહિ. મારા આત્માનું કલ્યાણ થયું એટલે બસ છે, બીજાનું ગમે તેમ થાઓ એવા સિદ્ધાંત તેણે ઠરાવ્યા નહિ. પણ પોતાને પ્રભુએ જે કામ સોંપેલું છે, તે યોગ્ય રીતિએ કરી શકે, ને દુનિયાઈ કામની અડચણો તેમાં ખલેલ પહોંચાડી શકે નહિ તેજ કારણને લીધે તેણે એવી સ્થિતિ ધારણ કીધેલી હતી. તેના હૃદયમાં જે આત્મિક પ્રકાશની જોત હતી તે જ્યોતિનો પ્રકાશ તેના અંતરાત્મા પર પડે તેટલાજ સારૂ તે પ્રગટાએલી નહોતી; પણ આગળ જતાં જે પ્રકાશોનો રાજા આ જગતમાં આવવાનો હતો તેની પાસે આવનારાના માર્ગને ખરૂં અજવાળું મળે માટે તે પ્રગટાયલી હતી. તેણે પોતા વિષે જે શાહેદી આપી તે એવી છે કે, "પ્રભુનો માર્ગ તૈયાર કરનારની વાણી તે હું છું."

યોહાને મહા પરાકાષ્ઠા કરી આત્મસંયમ કીધો હતો. પણ આ દેહ પાપરૂપ છે ને તેને જીતવા સારૂ દેહદમન સાધનરૂપ છે એમ તેની માન્યતા નહોતી. એ વાત નક્કી છે કે તેણે દેહદમન કીધું, પણ એથી એમ ન કહેવાય કે એવાં એવાં તપો તથા રીતિઓ આચરતાં પાપને જીતી શકાશે. જેમ બીજા એવા તપસીઓ પાપનો પસ્તાવો કરવા સંબંધી બરોબર ધ્યાન આપતા નથી, તેઓના સમજવા પ્રમાણે દેહદમન તે પાપને જીતવાનું સાધન છે, માટે તેનેજ મુક્તિનું સાધન માને છે; પરંતુ આ યોહાને તેમ કીધું નથી. તેના બોધમાં મુખ્ય વાત તે પસ્તાવો કરવા બાબતની છે. તે સમજતો હતો કે દેહદમન તે દેહની ક્રિયા છે, ને પાપનો પસ્તાવો કરવો તે આત્માની ક્રિયા છે. કારણ કે ખરો પસ્તાવો કરનાર એમ સમજે છે કે અમારો આત્મા પાપી થયો છે; તેના છુટકારાને સારૂ દૈહિક ક્રિયા પર અવલંબન રખાય નહિ.

એ યોહાને કોઇ નવો પંથ સ્થાપન કીધો હોય એમ નથી. તેણે પોતાના સાંભળનારાને ઉંટના વાળનો ઝભ્ભો પહેરવાનું ફરમાવ્યું નથી, તેમજ તેઓને રાની મધ કે તીડ ખાવાનો હુકમ આપ્યો નથી, તેમજ તેણે કોઇ વિધિ કે વ્રતો સ્થાપન કીધાં નથી; તેમ બીજા ગુરૂઓની પેઠે મંત્રો ભણી કાન ફુંક્યા નથી. જેમ તેણે પોતાના બાપદાદાની વૃત્તિ છોડી હતી તેમ તેના વડીલોના સંપ્રદાયને

પણ ત્યાગી દીધો હતો. તેણે હેબ્રોન પાસેના સુંદર દ્રાક્ષમંડપનો ત્યાગ કર્યો અને યહુદાહના કંટકારણ્યનો વાસ લીધો હતો. તે અરણ્ય યહુદાહની દક્ષિણે મૃત સમુદ્ર સુધી વિસ્તાર પામેલું છે, ને જેમ જેમ તે સમુદ્ર પાસે આવતો જાય છે તેમ તેમ ઉજડ વેરાન દેખાય છે. ત્યાં કોઈ પ્રાણી કે જન જનાવર સરખું નજરે પડતું નથી. તે એવો નિર્જન અને સૂનો પ્રદેશ છે કે તે મનુન્યપૃથ્વીથી ઉલટો દેખાવ આપે છે! જેમ શૂન્યકાર સરખી ખાલી જમીન વેરાન લાગે તેમ ત્યાં નર્યું ઉજડ ઉજડ ને ઉજડ છે! તે મોઆબના ડુંગરોની કઠણ અને કરડી રાંગોમાં વિસ્તારેલો દેખાય છે. તે મૃત સમુદ્રને ઉદાસનો સમુદ્ર કહેવો ઘટે છે, કારણ કે બીજા સમુદ્રની પેઠે તેમાં ભરતીઓટ થતા નથી, તેમજ તેના કિનારા પર કોઈ પણ જાતની વનસ્પતિ કે લીલોતરી દેખાતી નથી. એવો તે ઉદાસી ઉપજાવનાર, ભયંકર અને વેરાનરૂપ દેખાય છે. તેનું વર્ણન કરનારા લખે છે કે ત્યાં ઇશ્વરી ભયંકર કોપના માર સિવાય બીજું કંઇ દેખાતું નથી. એ વેરાન સ્થળ જોનારને ઉપર બતાવેલા આભાસ વિના બીજું કાંઈ સંભળાતું કે દેખાતું નથી. એ શિક્ષણની પાઠશાળામાં બેસીને યોહાને પોતે શિક્ષણ લીધું હતું. જેણે જગતને પીઠ પાછળ નાખ્યું હતું, જેણે જગતની દુષ્ટાઈ અને અંધકારમય કામોનો નાશ કરવાને આગળ પડી યાહોમ કીધો હતો, જેણે અતિ કડકડિત આચાર પાળવાનું માથા પર લીધું હતું, જેણે ઘણુંજ કઠણ ને તીવ્ર તથા ચિત્તવેધક ભાષણ આપવાનું ધાર્યું હતું, તેના શિક્ષણની શાળા જે ઉપર બતાવી તે તેને યોગ્ય ને લાયક હતી! જ્યારે તે એવા શ્રાપગ્રસ્ત પ્રદેશમાં હતો ત્યારે તેને ઇશ્વિરી સંદેશો પ્રગટ થયો. એ સંદેશો લાવનાર કોઇ દૂત કે ભવિષ્યવાદી નહોતો પણ તેના અંતરાત્મામાં તેની સ્ફૂરણા થઇ આવી હતી. ત્યાં તેને જે એ વચનો પ્રગટ થયાં તેમાં નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદ બન્ને સમાએલાં છે. "પસ્તાવો કરો કાંજે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે," જે સંદેશો તેને મળ્યો તેનો આરંભ આ શબ્દોમાં શરૂ થએલો હતો. યોહાન કાંઇ રાજ્યક્રાંતિ ચલાવવા કે લોકોના રીતરિવાજ ફેરવવા સારૂ આવ્યો નહોતો, તેથી તેણે રૂમી રાજ્ય વિરૂદ્ધ કાંઇ કુયુક્તિ રચી નહિ. પણ જે લોકો પાપની ગુલામગીરીમાં આવી પડેલા હતા ને તેનાં કડવાં ફળોએ હેરાનગતી ભોગવતા હતા તેઓને મુક્તિનો સંદેશો આપી મોટા આનંદનો માર્ગ બતાવ્યો હતો; તેથી લોકોનો મનોભાવ તેના તરફ અધિક ખેંચાતો હતો. તે એટલે સુધી કે હજી તો તે રાનમાંજ હતો તેમ છતાં આસપાસના પ્રદેશનાં માણસો ટોળે ટોળાં મળી તેની પાસે આવવા લાગ્યાં, ને યરદનના કિનારે તેઓ તેની પાસે ગયાં. એ પરથી એમ દેખાય છે કે તે દૂર હતો ત્યારથી ત્યાં તેની કીર્ત્તિ ફેલાએલી હતી. તેથી જેમ જેમ તે નજીક આવતો ગયો તેમ તેમ ઘણા લોકો તેની પાસે આવવા લાગ્યા. ત્યાર પછી તેની પાસે એક મેળાવડો ભરાઇ રહેલો હતો, એટલે

આખા યહુદાહ તથા આસપાસના દેશનાં ઘણાં માણસો ત્યાં આવતાં હતાં, ને તેઓ ઈશ્વરી સંદેશો સાંભળી ખુશી થતાં હતાં. જેઓ તેની વાત પર ભરોસો રાખી તેના શિષ્ય થતા તેઓને તે પાણીથી બાપ્તિસ્મા આપતો હતો. આ સંસ્કાર પામનારા પોતાના પાપનો પસ્તાવો કરી પાપની કબૂલાત આપતા, અને આગળ જતાં પાપ તજી દેવાનું વચન આપતા હતા (માત્થી ૩; ૫). એ બાપ્તિસ્મા પાપનો પરિહાર કરનાર નહોતું, પણ તેમાં પાપનો પસ્તાવો તથા તારણનો માર્ગ દર્શિત થતો હતો. પાપનો પસ્તાવો કરવામાં શોકની તથા તારણની આશાની નિશાણી દેખાડેલી હતી.

યોહાને કોઇ ચમત્કાર કરી બતાવ્યો હોય એમ દેખાતું નથી; પણ તેનાં પવિત્ર આચરણ તથા નિર્મળ વૈરાગ અને હૃદયભેદક ઉપદેશ એજ તેનો ચમત્કાર હતો. તે સમયમાં બીજા ઉપદેશકો લાંબાં લાંબાં ઝુમતાં અને મોટી ઝાલરોવાળા લડસડતા ઝભ્ભાઓ પહેરી અતિ ઉંચા સિંહાસનો પર ચઢી નિર્જીવ ક્રિયાઓનો કપોલકલ્પિત બોધ આપતા હતા, ને તેમાંજ તેઓ વડાઈનો અભિમાન સમજતા હતા. લોકોને ફોસલાવવા સારૂ તેઓ મીઠી મીઠી વાતો કરતા હતા. તે બોધકોનો બોધ તથા દેખાવ તે એક, અને આ બોધકનો દેખાવ તથા બોધ તે તો જુદો હતો. તેનો બોધ ધગધગતા અંગાર જેવો ગરમ ને કરડો હતો. જેમ તે લુખ્ખા અરણ્યમાં રહીને રાની મધ તથા ટીડો પર નિર્વાહ ચલાવી લેતો, ને નરમ કુમાશી વસ્ત્રને બદલે કમર પર ચામડાનો પટો બાંધી કરડો દેખાવ આપતો તેમ તેનો ઉપદેશ પણ કડક અને કઠણ હતો, પણ પરિણામે ગુણકારી ને ફાયદો આપનાર હતો. જો કે તેની વાણી કરડી હતી પણ તેની અસર કોમળ અને નિર્મળ હતી. સાંભળનારા કાનોને તે કડવી ઝેર લાગે પણ પાળનારા મનને તે મધુર અને મીઠી અસર કરતી હતી, તેથી તેનો બોધ સારી અસર ઉપજાવનાર હતો (માત્થી ૪; ૧૦). તેના શબ્દો એક મોટા કુહાડાના ઘા સરખા હતા. જેમ એક ઘા ને બે ફાચરા તેમ સત્ય અસત્ય પર તેનો બોધ ધારૂપ હતો. તે તેથી સત્ય તથા અસત્યનાં જુદાં ફાડિયાં પાડતો હતો. તેનાં વચનોની તીક્ષ્ણતા તે તો ઓર જાતની હતી! કેમકે મીઠી મીઠી વાતો બોલી લોકોને ખુશ કરવા એ તેના આવવાનું કારણ નહોતું. તેના શ્રોતાજનોમાં જેઓ કર્માભિમાની અને દાંભિક હતા, તથા જેઓ પોતાનાં પુણ્યકર્મોનો ભરોસો રાખી સ્વપુણ્યાભિમાની હતા, ને જેઓ કહેતા કે અમે નિયમશાસ્ત્રની કરણીઓ કરીએ ને તેમ કરીને અમે અમારૂં તારણ મેળવીશું, એવી ભૂલમાં પડેલાને તેણે પૂરેપૂરા જાગૃત કીધા હતા; ને તેઓને એવી ચેતવણી આપવા સારૂ કહ્યું કે, "ઓ સર્પોના વંશ, આવનાર ક્રોધથી નાસવા તમને કોણે ચેતાવ્યા? તો પસ્તાવો [કરનારને] શોભે એવાં ફળ ઉપજાવો, ને પોતાના મનમાં એમ ન કહેવા માંડો કે, ઈબ્રાહીમ અમારો બાપ

છે; કેમકે હું તમને કહું છું કે, દેવ આ પત્થરોમાંથી ઇબ્રાહીમને સારૂ વંશ ઉત્પન્ન કરી શકે છે." યહુદી લોકો પોતાના કુળ વિષે તથા પોતાના ગોત્ર વિષે મોટો અભિમાન ધરાવનારા હતા. અમે ઇબ્રાહીમનાં સંતાનો છીએ, માટે આ લોક તથા પરલોકમાં સર્વ સારૂં તે માત્ર અમારા માટે છે. અમે ઇબ્રાહીમનો પરિવાર છીએ; તે અમારો પિતૃ, તે દેવનો પસંદ કરેલો મિત્ર છે, તેના પ્રતાપથી આશીર્વાદિત વાનાં અમારાં થશે. તેથી પૃથ્વી પરની સર્વ સારી વસ્તુ અમારી ને આકાશી આશીર્વાદો પણ અમારા છે. સનાતન દેવના ઠરાવથી તેમજ બાપદાદાના હકથી સ્થાવર, જંગમ માલમિલકત અમારે વાસ્તે છે. ધન, ધાન્ય, પુત્ર, પરિવાર, ઇજત, આબરૂ તે અમારાં છે. વળી ખેતર, પાધર, ગામ, ગરાસ, વાડી, વજીફા, બાગબગીચા, તે અમારાં છે. ઢોરઢાંક, બકરાં, આદિ પશુઓ અમારાં છે; અમે આ લોક અને પરલોકમાં જે ઉત્તમ તે પામવાને હકદાર છીએ. એવી સમજણ રાખનારાઓને તેણે ચોખે ચોખી વાત સંભળાવી કે, "દેવ આ પત્થરોમાંથી ઇબ્રાહીમને સારૂ સંતાન ઉપજાવી શકે છે" માટે તમે એવી ભુલ ન રાખો કે અમેજ ઇબ્રાહીમના વંશજો છીએ (માત્થી ૩; ૯).

આ યોહાનની પાસે બધા લોકો આવતા. તાલેવર કે ગરીબ, નાના કે મોટા બધા તેની વાત સાંભળતા હતા. સારીનરસી હાલતવાળાને કે ઉંચીનીચી પદવીવાળાને તેનો બોધ ઉપયોગી હતો. તેના ઉપદેશનું મુખ્ય આધારવચન એવું છે કે, "તમે પસ્તાવો કરો, કાંજે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે." તેના એ બોધની અસર એવી થઇ હતી કે ઘણાએ તે પ્રમાણે પસ્તાવો કીધો ને પોતાનાં પાપ કબૂલ કરી બાપ્તિસ્માનો સંસ્કાર લીધો. પણ એટલું થવાથી યોહાનના મનનો સંતોષ થયો હોય એમ આપણે ધારવું નહિ. જો બધાં માણસો ઉપર ઉપરથી પસ્તાવો બતાવે અને બાપ્તિસ્મા લે તો એટલેથી કૃતાર્થ થયા એમ યોહાન માનતો નહિ. પણ તેની માન્યતા કાંઇક વધારે હતી. તે એવી કે, **"પસ્તાવા જોગ ફળ ઉપજાવો"** તેના ઉપદેશનો મુખ્ય હેતુ એજ હતો. મૃત સમુદ્રના કિનારાની પાસેના અરણ્યમાં તથા યરેખોના રાનમાં મધ્યભાગે ઘણાં પાણીની મોટી વાટ આવેલી છે; તે જગ્યાએ તેણે એ બધી વાતો કહેલી તથા કરેલી હતી. એ ખારા વાટમાં યરદન નદીને પૂર્વ કિનારે બેથાની નામે એક ગામ છે, ને તે ગામમાં યોહાન ઘણો ખરો વખત રહેતો હતો. સુવાર્તિક યોહાને પોતાના લખાણમાં તેને બેથાબારા કહેલું છે. પણ એ કોઇ તરજુમો કરનાર લહિયાની ભૂલ થએલી છે; પણ ખરૂં નામ બેથાનીજ જાણવું જોઇએ. એજ નામનું એક બીજું ગામ યરૂશાલેમની પડોસમાં છે તે નહિ, પણ આ ખારા વાટનું બેથાની યોહાનના રહેઠાણનું ગામ હતું. વળી તે કોઇ કોઇ વાર ત્યાંથી નિકળીને યરદનની આસપાસના ભાગોમાં બોધ કરવા જતો

હતો, કારણ કે સુવાર્તાના લખનાર લુકના લખાણમાં એવી હકીકત આવે છે. તેમજ સંભવિત છે કે યરદન નદી ઉતરવા સારૂ ત્યાં સરલ અને સહેલો ઘાટ છે, એટલે એક ગોફણીયા પત્થરના વેગ પ્રમાણે ત્યાં તે પહોળી જગ્યામાં વહે છે માટે પાણી સમથળ ને છાછરાં છે.

જે સાલમાં યોહાને આ બોધસેવાનું કામ શરૂ કીધું તે વર્ષ સાબ્બાથનું ગણાતું હતું (પુન. ૧૫), એમ કેટલાએક વિદ્વાનોની માન્યતા છે; ને સુવાર્તા ઉપરથી તે વાતને ટેકો મળે છે કે, "તેની વાત સાંભળવા સારૂ લોકોનાં ટોળે ટોળાં આવતાં હતાં." તેથી એમ દેખાય છે કે એ સાબ્બાથ વર્ષના કારણથી બધા યહુદીઓને વિસામાના દિવસો હશે માટે તેઓ આ નવા બોધકની વાત સાંભળવા આવી શકયા હતા. આ શ્રોતાજનોમાંથી ઘણાએ તેની વાતનો સ્વીકાર કીધો ને તેના શિષ્યો થયા. તે પૈકી કેટલાએક ગાલીલી જુવાન યહુદીઓ હતા કે જેઓ આગળી જતાં તેનું અનુકરણ કરી ખરા ચેલા નિવડેલા હતા. તેઓએ પોતાના ગુરૂના બોધને અનુસાર વર્તણુક રાખી તેનો નમુનો લીધો ને તેના કામમાં આનંદથી મદદ આપી હતી. જ્યારે આ ઉમંગી શિષ્યો ગુરૂના કામમાં ભાગ લેવાનો વિચાર રાખનાર જણાયા ત્યારે તેઓને કેટલીએક વાતનું અધિક જ્ઞાન આપવું એમ જાણી યોહાને તેમ કીધું ને પ્રાર્થના કરવાની રીત શિખવી હતી. એથી તેઓ પણ તેની પેઠે બોધ આપતા ને બાપ્તિસ્માનો જળસંસ્કાર પણ કરતા હતા (લુક ૧૧). એ પ્રમાણે યોહાનની કીર્ત્તિરૂપ ચંદ્રકળા દિન પર દિન વધવા લાગી, તેથી લોકોના મનમાં તે સંબંધી ઘણા ઘણા વિચારો થવા લાગ્યા. કેટલાએક કહેતા કે, "તે તો પૂરાતન ભવિષ્યવાદીઓમાંનો એક છે" ને બીજા કેટલાએક કહે કે, તે "એલીયાહ હશે" ને કેટલાએકે એવું જાણ્યું કે તે "ખ્રીસ્ત હશે"; એ રીતે તેના સંબંધમાં જૂદી જૂદી ચર્ચા ચાલતી હતી. એ બાબત જ્યારે તેણે પોતે સાંભળ્યું ત્યારે તેણે પોતાનો ઇનકાર કીધો ને શાહેદી આપી કે, "હું તો પાણીથી તમારૂં બાપ્તિસ્મા કરૂં છું પણ મારા કરતાં જે બળવાન તે આવે છે, તેનાં ચંપલની વાધરી છોડવા હું યોગ્ય નથી, તે પવિત્ર આત્માથી તથા અગ્નિથી તમારૂં બાપ્તિસ્મા કરશે." મારૂં બાપ્તિસ્મા તે તો માત્ર પવિત્રાઇની નિશાનીરૂપ છે, પણ ખરી પવિત્રતા તથા પવિત્ર આત્મા આપનાર તે તો જૂદોજ છે. તે ફસલનો ધણી છે ને તેજ પોતાની ખળીને સાફ કરશે. ભુસું તથા કચરૂં બહાર ફેંકીને ઘઉંને પોતાની વખારમાં ભરશે. તે હું નહિ પણ બીજો છે. હું તો તેનો દાસ કે સેવક છું. એ રીતે તેણે મસીહ વિષે શાહેદી આપી, અને પોતાની ખરી હકીકતથી લોકોને જાણીતા કીધા, ને તેઓના મનનું સમાધાન કર્યું.

યરૂશાલેમ શહેરમાં યહુદીઓની એક ધર્મસભા હતી. તે સભા ધર્માધિકાર પોતાના અખત્યારમાં રાખી રહેલી હતી, માટે ધર્મ સંબંધી કહેશો કે

ફેંસલા આ સભામાં થતા; પણ રાજ્ય સંબંધી કામ કરવાની તેને સત્તા નહોતી. જે કોઈ નવો ધર્મમાર્ગ બતાવે કે ધર્મ સંબંધી નવો મત પ્રગટ કરે તો આ સભા તરફથી તેનો ફેંસલો થતો. સભાના મત મતાંતરોથી ઉલટું બોલે કે પ્રગટ કરે તો તેનું સહન કરાય નહિ એવો આ સભાનો ઉદ્દેશ હતો. તે લોકોએ સાંભળ્યું કે ઘણા માણસો યોહાન પાસે જાય છે ને તેનો બોધ ગ્રહણ કરી તેના શિષ્ય થાય છે, ને જો બધા માણસો તેના સંપ્રદાયમાં દાખલ થાય તો પછી આપણું સાંભળનારા કોણ રહે? વળી એમ ચાલવા દઇશું તો આપણા અધિકારમાં ખલેલ પહોંચે એમ છે, એવી એવી ધાસ્તીઓને લીધે તેઓએ કેટલાએક માણસોને તજવીજ કરવાને યોહાન પાસે મોકલ્યા. આ માણસોને એવી સૂચના કરેલી હતી કે તમે યોહાન પાસે જાઓ ને પૂછો કે તને આ કામ કરવાનો અધિકાર કોણે આપ્યો છે. તેથી તેઓ યોહાન પાસે આવ્યા ને સૂચના પ્રમાણે સવાલો પૂછયા, "તું કોણ છે? પોતા વિષે તું શું કહે છે? શું તું ખ્રીસ્ત છે? કે શું તું એલીયાહ છે? એ સવાલોનો જવાબ આપ; તું પોતા વિષે શું કહેવડાવે છે?" યોહાને જવાબ આપતાં કહ્યું કે, હું ખ્રીસ્ત નથી તેમ એલીયાહ પણ નથી. એ વાત સાંભળ્યા પછી તેઓ ઘણી બારીક રીતે પડપૂછ કરવા લાગ્યા; ને જ્યારે એવી બારીકી ભરેલ પૂછપાછ ચાલી ત્યારે યોહાને તેઓને જવાબ આપીને કહ્યું કે, "પ્રભુનો માર્ગ તૈયાર કરો, તેનો રસ્તો પાધરો કરો, એવી જે રાનમાં ઘાંટો પાડનારની વાણી તે હું છું." તેથી તેણે જણાવ્યું કે તે પોતે અજવાળું નહોતો પણ અજવાળા વિષે શાહેદી આપનાર હતો. જ્યારે તે પોતે જંગલમાં હતો ત્યારે તેને મસીહ વિષેનું જ્ઞાન પ્રાપ્ત થયું હતું; તે જ્ઞાન એવું ઉત્તમ હતું કે આગળના બધા ભવિષ્યવાદીઓના જ્ઞાન કરતાં તે શ્રેષ્ઠ હતું. તેની અધિકતામાં તે ખ્રીસ્તને ઓળખી શકયો હતો કારણ કે તે સંબંધી તેને નિશાણી મળેલી હતી (યોહા. ૧; ૩૩).

અધ્યાય ૨ જો.

ઇસુનું બાપ્તિસ્મા.

હવે આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે ઉપર બતાવ્યા મુજબ યોહાન પોતાનું કામ ચલાવતો હતો, તે દરમિયાન ઇસુ ગાલીલમાંથી તેની પાસે આવ્યો. મસીહના લૌકિક કાર્યમાં આ તેનું પહેલું પગરણ હતું. આ વખતે તે આસરે ત્રીશ વર્ષની ઉમ્મરે પહોંચ્યો હતો ત્યારે તેણે આ કામની શરૂઆત કીધી. કેટલાએકના મનમાં એમ લાગ્યું હશે કે ઇસુએ પોતાનો ધર્મ યોહાનના પંથ જોડે મેળવી દીધો હશે, પણ એમ કહેવું તે તો નિરાધાર કલ્પના સરખું છે, કારણ કે જ્યારે તે ગાલીલમાં પોતાને ઘેર હતો ત્યારે તેણે શિષ્યનો જથો મેળવ્યો

નહોતો. ત્યાંના કોઇ પણ લોકો તેને ગુરૂ કે સ્વામીના નામથી ઓળખતા નહોતા, એટલુંજ નહિ પણ તે ભવિષ્યવાદી છે એમ પણ જાણતા નહિ; વળી અત્યાર પહેલાં તેની તથા યોહાનની મુલાકાત પણ થએલી નહોતી, ને જો એ પ્રમાણે હોય તો એઓનો એક્કો કેમ કરીને થાય? નાઝારેથથી ઘણે દૂર છેક દક્ષિણમાં જુત્તાહ નામનું ગામ છે, તે યહુદાહના પ્રાંતમાં આવેલું છે; ત્યાં યોહાન પોતાનાં માબાપ સાથે રહેતો હતો. અને છેક ઉત્તરમાં ઇસુ એક ચાંચે ચઢેલી તથા ભુંડાઈ ને અજ્ઞાનમાં પંકાએલા નાઝારેથમાં રહેતો હતો; તેનો મેળ ક્યાંથી હોય? જ્યાં સુધી તે નાનપણથી મોટો થયો ત્યાં સુધી તે માબાપની સાથે રહી સુથારી કામ કરતો ને ત્યાંજ રહેતો હતો. તેમ છતાં જ્યારે તે યરદનના કિનારા પર આવ્યો ત્યારે યોહાને તેને એકદમ ઓળખી લીધો. હા, જ્યારે તેને તેણે જોયો ત્યારે તરત જાણી ગયો કે આ મસીહ છે. એજ પવિત્ર આત્માનું જ્ઞાન ને એજ પવિત્ર આત્માનું પરાક્રમ છે. કારણ કે જેનામાં દેવનો આત્મા છે તે દેવનાં કાર્ય જાણી શકે છે. યોહાન પોતે દેવના પવિત્ર આત્માથી ભરપુર હતો માટે તે દેવપુત્રને જાણી શક્યો હતો. કેમકે જ્યારે પ્રભુ ઇસુએ તેની પાસે બાપ્તિસ્મા માગ્યું ત્યારે તેને નકાર કીધો ને એવી વિનંતી કીધી કે, "તારાથી મારે બાપ્તિસ્મા પામવું જોઈએ, ને શું તું મારી પાસે આવે છે?" જ્યારે યોહાન આ પ્રમાણે નમ્રભાવે બોલ્યો ત્યારે ઇસુએ તેની શંકા નિવારણ કરવા સારૂ કહ્યું કે, "હમણાં એમ થવા દે, કેમકે સઘળું ન્યાયીપણું એમ પુરૂં કરવું આપણને ઘટાર્થ છે." એક વિદ્વાન ગ્રંથકર્તા યોહાનની એ વાત પરથી તેની નમ્રતા વિષે તારીફ કરે છે. તે પોતાના ગ્રંથમાં લખે છે કે, આ યોહાને ઘણા ઘણા માણસોને બાપ્તિસ્મા આપ્યું હતું. તેની પાસે ઘણા ઘણા લોકો આવ્યા; તેઓને તેણે અંદરથી તથા બહારથી તપાસી લીધા હતા, તેમ તેઓને જાણી લીધા હતા; પરંતુ હજુ સુધી એકે આવો પુરૂષ તેના જોવામાં કે જાણવામાં આવ્યો નહોતો. બીજાઓ આવ્યા તેઓ યોહાનના ચરણારવિંદમાં નમી ગયા હતા, પણ જ્યારે આ પુરૂષ આવ્યો ત્યારે યોહાન તેના ચરણારવિંદમાં નમી ગયો. અને અનન્ય ભાવથી તેના ચરણકમળનો સ્પર્શ કરવા મંડી ગયો હતો, અને એમ કરીને સર્વ ભવિષ્યવાદીઓના મુગટમણીરૂપ મસીહ જે નિષ્કલંક તથા નિષ્પાપી ને નિર્દોષ છે તેની પાસે પોતાનાં પાપનો પશ્ચાત્તાપ કરતાં હાથ જોડીને ઉભો રહ્યો.

હવે આપણે જાણવું જોઇએ કે ઇસુનું બાપ્તિસ્મા તે બીજા બધાના કરતાં જુદું હતું. જેમ બીજાઓ પાપ કબૂલ કરી તેનો પુસ્તાવો કરતા હતા તેમ ઇસુને પાપની કબૂલાત આપવાની જરૂર નહોતી. માટે એમ કહેવાય કે આ બાપ્તિસ્મા શુદ્ધતાની અત્યુત્તમ ને સુંદર સંજ્ઞારૂપનું હતું, ને આગળ જતાં પોતે જે કાર્ય કરનાર હતો તેની પ્રતિષ્ઠા તથા સ્થાપનાને અંગે ક્રિયારૂપે જોડાએલું.

હતું; તેથી તેમ કરવામાં પ્રભુએ નિયમશાસ્ત્રનો ભંગ કીધો નથી પણ તેની અપૂર્ણતા દૂર કરી પરિપૂર્ણ કીધું છે. જે વખતે યરદન નદીમાં ઈસુએ યોહાનના હાથે બાપ્તિસ્મા લીધું તે વખતે એક અજાયબી ભરેલો દેખાવ થયો હતો. તે એવો કે જ્યારે તે પાણીમાંથી ઉપર આવ્યો ત્યારે તેના પર આકાશ ઉઘડી ગયું ને તેમાંથી ખબુતરને રૂપે પવિત્ર આત્મા તેના માથા પર ઉતરી આવ્યો હતો. ત્યાર પછી ગર્જના કરતી આકાશવાણી થઈ કે, આ મારો વહાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું.

એ પ્રમાણે ઈસુના બાપ્તિસ્મામાં શો અર્થ રહેલો છે તે આપણે ઉપર જોઈ ગયા છીએ, કારણ કે ત્યાં તેનું ખુલ્લેખુલ્લું સ્પષ્ટિકરણ કરેલું છે. તેના સંબંધમાં એક વિદ્વાન ગ્રંથકર્તા એવો ખુલાસો આપી આદરસત્કાર સાથે લખે છે કે, "મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે જે માણસ અશુદ્ધનો સ્પર્શ કરે તે અશુદ્ધ ઠરે છે, માટે તેનું શુદ્ધિકરણ કરવું. એ રીત પ્રમાણે જોતાં ઈસુએ પાપી માણસોનો સ્પર્શ કર્યો એટલુંજ નહિ, પણ તેને તો મનુષ્યજાતનો સંસર્ગ થયો. આપણી અશુદ્ધતા ને આપણું અમંગળપણું તેણે પોતાના માથા પર લીધું ને આપણે સારૂ પોતાનું સ્વાર્પણ કીધું. હવે જ્યારે એમ હોય ત્યારે આપણા પશ્ચાત્તાપની નિશાણી માથા પર લે એમાં શી નવાઈ છે? જ્યારે તેણે ગેથસેમાની વાડીમાં અપાર વેદના સહન કરી છે તેમાં, તથા વધસ્તંભ ઉપર મહા ભયંકર કષ્ટ સહન કીધાં તેમાં, મહા ભારે ને માર્મિક ગુઢાર્થ હોય ત્યારે આ નિશાણીમાં કેમ ન હોય!"

અધ્યાય ૩ જો.

ઇસુની પરીક્ષા.

જ્યારે પ્રભુ ઇસુનું બાપ્તિસ્મા થઈ રહ્યું ત્યારે તેને આત્માની પ્રેરણા થઈ માટે તે એકદમ રાનમાં ચાલી નિકળ્યો. પછી ત્યાં ચાળીસ દિવસ શેતાનથી તેનું પરીક્ષણ થયું. આ અરણ્ય તે બાપ્તિસ્મા લેવાના સ્થળની નજીક હતું. કેટલીએક ચાલી આવેલી વાર્તાઓ પરથી એવી ખબર મળે છે કે, યરેખોની પાસે દક્ષિણમાં એક ડુંગર છે, તેના ઉપર એકજ શિખર છે, તેથી તે શંકુ આકારે ઉભો દેખાય છે. જેમ ઘણી જમીન વચ્ચે એક શુળી ઉભી કીધી હોય તેમ આ મોટા રાનમાં તે શુળીની માફક એકલો ઉભો છે. એવી જગ્યામાં ચાળીસ રાત દિવસ સુધી આપણો તારનાર વનપશુઓની સાથે રહ્યો હતો (માર્ક ૧; ૧૩). કદાચ આપણને એવો સવાલ પૂછવાનું મન થાય કે, એ જંગલી સ્વાપદોએ તેને પોતાની સાથે કેમ રહેવા દીધો હશે? તેઓ તો

હિંસક અને ક્રુર સ્વભાવનાં હોય છે, ત્યારે તેઓનો એ સ્વભાવ કયાં ગયો હશે ? હા, તેઓનો એવો હિંસક સ્વભાવ છે, તેમ છતાં તેઓએ તેને કાંઇ ઉપદ્રવ કીધો નથી, એ ખરેખરી નવાઇની વાત છે. જ્યારે આપણો આદિપિતા આદમ શુદ્ધાવસ્થામાં હતો ત્યારે એવાં વનપશુઓ તેની પાસે આવતાં ને તેની સાથે રહીને બાગમાંથી ચારો પાણી લેતાં હતાં, તોપણ તેઓ તેને ઉપદ્રવ કરતાં નહિ. હવે જો એથાં પશુઓ પહેલા આદમની સાથે માયાળુપણાથી વર્તતાં તો આ બીજા આદમની સાથે કેમ ન વર્તે ? કદાપિ એ સવાલના જવાબમાં કોઈ બોલશે કે ત્યારે જગતમાં પાપ નહોતું માટે તેઓના સ્વભાવમાં ક્રુરતા નહોતી. હા, તે ખરી વાત છે, પણ તેથી આગળ ચાલી નુહના વહાણમાં જુઓ, ત્યાં ગરીબ ગાય અને ગાજનાર સિંહ સાથે છે, ત્યાં નરમ સ્વભાવનું ઘેટકું ને ફાડી ખાનાર વરૂ સાથે છે ! તો પછી આ દેવપુત્ર ઇસુની પાસે તેઓ કેમ ન રહે ? એ વાતનો આ શિવાય બીજો સંતોષકારક જવાબ મળવો કઠણ છે, માટે તેનો યથાયોગ્ય ખુલાસો પામી શકતા નથી. તેમ છતાં એટલી વાત સિદ્ધ છે કે શુદ્ધ, પવિત્ર ને શાંત પ્રકૃતિવાળા માયાળુ માણસને ક્રુરમાં ક્રુર રાની પશુઓ કાંઈ ઈજા કરી શકતાં નથી. જેમ જળપ્રલયને વખતે એવાં ક્રુર સ્વભાવનાં પ્રાણીઓ અન્યોન્ય માયાળુ બની વહાણમાં સાથે રહ્યાં, તેમ આ વખતે રહે તો તેમાં શી નવાઈ છે ? અહીં આપણે યાદ રાખવું જોઇએ કે એવાં હિંસક પશુઓમાં ક્રુરતા છે, તોપણ જે શુદ્ધ માયાળુ સ્વભાવથી તેની સાથે સહવાસ રાખે છે તેને તેઓ ઉપદ્રવ કરી શકતાં નથી. પશુઓમાં જે ક્રુર સ્વભાવ રહેલો છે તે એવો છે કે જ્યાં સુધી તેને ખીજવે નહિ ત્યાં સુધી તે ઉશ્કેરાતો નથી, પણ જો કોઈ તેને ખીજવે તો તે વખતે તેનો ક્રુર સ્વભાવ જાગૃત થાય છે. ખરૂં જોતાં સામાન્ય રીતે તેઓ માણસોથી દૂર રહેનારાં છે, તેમ છતાં જો તેની પાસે આવે તોપણ ત્રાસ પમાડતાં નથી, એવો તેઓનો સાધારણ નિયમ હોય છે. પ્રભુ ઇસુ ખ્રીસ્તના પરીક્ષણ વિષે જે જે વાર્તાઓ તથા ચિતારોનું વર્ણન કરવામાં આવેલું છે તે તરફ ધ્યાન આપતાં એવું દેખાય છે કે તે એક અરણ્યમાં બેસીને ઇશ્વિરસ્તુતિનાં ગાયન કરે છે; અને એ ગાયનના મધુર સુસ્વરથી જંગલનાં બધાં પશુઓ ટોળેટોળાં મળી તેની આસપાસ વિટળાઇને બેઠાં છે, ને તેના મધુર આલાપથી રાગમોહ પામી ગયાં છે; તે એવાં મોહિત થયાં છે કે પોતાના ક્રુર સ્વભાવને ત્યાગી શાંત વૃત્તિએ એ સુંદર ગાયનનો નાદ સાંભળી રહેલાં છે. એ મધુર સ્વરની અસરમાં સ્તબ્ધ બનેલાં જ્યાં ને ત્યાં જેમ તેમ બેઠેલાં કે ઉભેલાં દેખાય છે. બધાં શાંત વૃત્તિ ને પ્રસન્ન વદનનાં છે. તેઓની મુખમુદ્રા જોતાં ક્રુરતા કે ક્રોધનો લેશમાત્ર ભાસ થતો નથી, પણ બધાં ચિત્રવત્ બની એકાગ્ર ચિત્તે તેના ગાયનનું શ્રવણ કરતાં દેખાય છે. આ ઉપર બતાવેલો દેખાવ જો કે ગ્રંથકાર તથા ચિત્રકારની શુદ્ધ કલ્પનાથી થએલો છે, તોપણ તેમાં

કેટલુંએક સત્ય સમાએલું છે. તેનાં પ્રમાણ ઉપરની બીનાઓમાં પુરતી રીતે દેખાઈ આવે છે.

આપણે ઉપર જોઈ ગયા છીએ કે ઈસુ ખ્રીસ્ત ચાળીસ દિવસ રાનમાં રહ્યો. અને એ પ્રમાણે ચાળીસ દિવસના સમયકાળ બાબત ઘણી ઘણી વાતો આવે છે; તે બધી શાસ્ત્રમાં મોજુદ છે. (૧) ઈસ્રાએલ લોકોનો આગેવાન ને વિધિ સ્થાપન કરનાર મુસા હતો. તેના સંબંધી લખ્યું છે કે ચાળીસ રાત ને ચાળીસ દિવસ સુધી તે સિનાય પહાડ પર રહ્યો હતો ને દસ આજ્ઞાનો શિલા-લેખ લાવ્યો હતો. (૨) એલીયાહ નામનો ભવિષ્યવાદી કે પેગંબર થયો, તે પણ ચાળીસ દિવસ એકાંતે હોરેબ પહાડના જંગલમાં રહ્યો હતો. વળી જ્યારે ઈસ્રાએલ લોકો મિસરમાંથી નિકળ્યા ત્યારે ચાળીસ વર્ષ અરણ્યમાં ફર્યા ને પછી કનાન દેશમાં આવ્યા. તેમ અહીં પ્રભુ ઈસુ ખ્રીસ્ત ચાળીસ દિવસ પરીક્ષણ થવા સારૂ રાનમાં રહેલો છે. એ પરીક્ષણ ખરેખરા કટાકટીના યુદ્ધ સમાન હતું, માટે એ દિવસોમાં તેણે ખોરાક પાણીની દરકાર કીધી નહિ, એમાં નવાઈ કે અચરત થવા જેવી વાત નથી. માણસની પ્રકૃતિ પ્રમાણે સ્વાભાવિક રીતે એમ થાય છે, ને એમ થાય એ વાજબી છે. કારણ કે તે વખત તેનું મન આવેશ તથા ઉત્તેજનથી પૂર્ણપણે ભરાઈ ગયું હતું, તેથી તેને કશાની ગરજ જણાઈ નહિ. તેમ છતાં આપણે એમ કહી શકતા નથી કે એટલા દહાડા તેણે આહારપાણીનો ઉપયોગ કર્યો નહિ હોય! પણ એવું અનુમાન થાય છે કે તે જંગલમાં જે કંઈ ફળફૂલ કે કંદમૂળ મળી આવ્યાં હશે તેજ તેણે આહારપાણી તરીકે વાપર્યાં હશે, પણ એથી શું! માટે તે દિવસો ખરેખર ઉપવાસના સમજવા ઘટે છે, તેથી તેને ઉપવાસ કહેવામાં શક કે સંદેહ રખાય નહિ. જો તેને ફળાહારના દિવસો ગણીએ તો તેમ હતું, અથવા નકરા ઉપવાસના દિન કહીએ તોપણ કહી શકાય તેમ છે, કારણ કે તેની ઈશ્વરી શક્તિએ ક્ષુધાનિવારણ થયું, ને તેમ છતાં તેનું બળ ઘટયું નહિ, એમાં નવાઈ નથી. તથાપિ આપણે એવું જાણીએ છીએ કે દેહદમન કે કાયાકષ્ટ કરનાર તપસ્વીઓની પેઠે ઘોર લાંઘણ કરી શરીરને થકવી નાખે એવા વિચાર રાખનાર તે નહોતો; કેમકે સુવાર્તામાં તેનું જે વૃત્તાંત આવેલું છે તે ઉપરથી આપણને તેની ખાતરી થઈ શકે છે. ખરી વાત છે કે આત્મસંયમ કરવામાં તે ખરેખર બળવાન ને એક્કો હતો, પણ અમથું દેહદંડણ કરે એવો નહોતો. કેમકે તેણે પોતે પોતા વિષે એવી શાહેદી આપી છે કે, "માણસનો પુત્ર ખાતો પીતો આવ્યો" (માત્થી ૧૧; ૧૯).

જ્યારે ચાળીસ દિવસ પૂરા થયા ત્યારે તેને ભૂખ લાગી. તે વખતે તેનું પરીક્ષણ કરનારે પાસે આવીને કહ્યું કે, "જો તું દેવનો દીકરો હોય તો આ પત્થરની રોટલી બનાવ; તું આજ્ઞા કરશે એટલે આ પત્થરો રોટલીરૂપ થઇ

જશે." જેણે માણસજાતના મુળ પૂર્વજની પાસે એદન વાડીમાં આવી આજ્ઞાભંજનનું પાપ કરાવ્યું હતું, ને તેમ કરી આદિ પુરૂષને પાપમાં નાખ્યો હતો, તેજ આ વખતે ઇસુનું પરીક્ષણ કરવા આવ્યો હતો. તે વખતે તેણે સાપનું રૂપ ધારણ કીધું હતું, પણ આ વખત માણસજાતના પ્રતિનિધિ પાસે કેવા રૂપમાં આવ્યો તે શાસ્ત્રમાં લખેલું નથી. એમજ એ પરીક્ષણ દૃષ્ટિગોચર હતું કે મનોભાવનારૂપ હતું તે પણ કહેલું નથી. તેથી અનેક ટીકાકારો પોત-પોતાના ગ્રંથોમાં જૂદા જૂદા મતો આપે છે. તેમાં કેટલાએકનું કહેવું એમ છે કે આ પરીક્ષણ કરનારે ઇસુને પાપમોહ તરફ ખેંચવાનું કીધું છે, ને તે મોહનું મુળ અંતઃકરણમાં હોય છે, પણ ઇસુનું હૃદય શુદ્ધ હતું તેમાં પાપમોહ કે પાપી ભાવનાનું મુળ હતું નહિ; તેમ છતાં પાપરૂપી શેતાને તેને પાપ તરફ ખેંચવાને પ્રયત્ન કીધો હતો. તેણે ત્રણ વાર પરીક્ષણ કીધું છે તોપણ ત્રણે પરીક્ષણનો આશય એકજ હતો, તે એવો કે મસીહે દેવનું અપમાન કરવું, દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું ને પોતાનો સ્વાર્થ સાધી લેવો, એટલે કે દેવ પરની પ્રીતિ તજવી ને પોતા પર પ્રીતિ કરવી. તેમ છતાં તેના જુદા જુદા પ્રકારો રચીને જુદા જુદા પરિયાય યોજેલા છે.

તું દેવનો પુત્ર છે? આ પ્રશ્ન પુછીને ઇસુમાં જે પરાક્રમ ને ચમત્કાર કરવાની શક્તિ રહેલી હતી તેના ઉપર તેણે હલ્લો કીધો હતો. તારામાં ચમત્કાર કરવાની શક્તિ છે તેનું પ્રમાણ તપાસી જો. તપાસ કીધા વિના ખાતરી શું છે? વળી હાલમાં તને ભૂખ લાગી છે તેથી જો આ પત્થરની રોટલી બનાવે તો તારૂં કામ સરે ને ખાતરી પણ થાય. તારી શક્તિ બીજાઓને વાસ્તે છે પણ જો તું જીવે તો બીજાઓનું સારૂં કરી શકે છે. માટે હાલ એ તારી શક્તિ તું પોતાને સારૂ કામમાં લે. પોતાના પેટથી વહાલું બીજું શું છે? પોતે ઉપવાસીપણું ભોગવી ભૂખ વેઠવી ને પરમેશ્વરની આજ્ઞા પાળવી એમાં શું લાભ છે? આગળથી પેટ ને પાછળથી બીજી બધી વાતો હોય છે. એ નિયમ બધી દુનિયામાં ચાલે છે ને પ્રાણી માત્ર એજ ધારણ પાળે છે. જેમ કહે છે કે 'પહેલું પેટ અને પછી પરમેશ્વર,' મતલબ કે 'પ્રથમ પેટની પૂજા અને પછી દેવની પૂજા.' તેથી જો તું એ નિયમાનુસાર ચાલશે તો તારૂં કલ્યાણ થશે ને બીજાનું કલ્યાણ કરવાને શક્તિ પામશે. જો તારો જીવ બચશે તો સર્વ વાતો સાધ્ય થશે તથા અનુકુળ બનશે. જો તું ભૂખે મરી જશે તો પછી તારૂં મસીહપણું શું કામમાં આવનાર છે? જ્યારે ઇસ્રાએલી લોકો ભૂખ્યા થયા હતા ત્યારે રાનમાં દેવે તેઓને રોટલી આપી હતી; માટે જો દેવપુત્ર ભૂખ્યો હોય ને જંગલમાં ચમત્કાર કરી રોટલી બનાવે તો તેમાં ખોટું શું છે? જ્યારે હાગારને પાણીની તંગી પડી ત્યારે દેવના દૂતે તેણીને પાણીનું ઝરણ બતાવ્યું. વળી એલીયાહ પેગંબરને કાગડાઓની મારફતે માંસ તથા રોટલી પુરી પાડી

છે. માટે તું તો બધા સંતોનો શિરપતિ, પેગંબરોનો મુગટમણી, દૂતોનો મહારાજા ને સઘળી સૃષ્ટિનો સ્વામી છે. છતાં ભુખ વેઠે! હવે કોણની વાટ જુએ છે? ને શું કરવા ઢીલ કરે છે? માત્ર હુકમ કર ને તૃપ્ત થા. એ પ્રમાણે ઘણા ઘણા દાખલા આપી સમજાવવા તથા ઉસ્કેરવા લાગ્યો કે કોઈ પણ રીતે તે મારી જાળમાં પડે તો ઠીક. માટે તેનાથી બને તેટલું કીધું. પણ પ્રભુએ એવા અર્થવાળી પ્રપંચી ભાષાનો જે ઉત્તર આપ્યો તે ઘણોજ તાજુબી ભરેલો ને બુદ્ધિવાળો હતો. તેમાં કેટલી ચતુરાઈ તથા અર્થ સમાએલાં છે તે દેખાઈ આવે છે, તેમજ તેમાં કેવો ઉત્તમ બોધ રહેલો છે તે પણ જાણી શકાય તેમ છે. પ્રભુ ઈસુ પોતે જ્ઞાનસાગર હતા તેથી યુક્તિપ્રયુક્તિ કે તર્કબુદ્ધિની વાતની અગત્ય પડી નહિ. પણ ઈશ્વરદત્તશાસ્ત્ર જે સર્વ માણસોને જ્ઞાન, ઉપદેશ, નિષેધ ને સર્વ સંપૂર્ણતાનાં સાધન પામવા સારૂ આપ્યું છે તેમાંથી તેણે ઉત્તર લીધો હતો, અને એવું કરી તેણે ઈશ્વરી શાસ્ત્રની ઉત્તમતા સિદ્ધ કીધી ને તેનું સન્માન રાખ્યું. સર્વ પ્રપંચી અને માનવકલ્પના પ્રમાણે મનાએલી પરમાર્થિક વાતો તે એક, અને ઈશ્વરી શાસ્ત્રની વાત તે બીજી છે એ તેણે ખુલ્લું બતાવી આપ્યું. તેણે પોતે માનવજાતનું પ્રતિનિધિપણું ધારણ કરેલું છે માટે તે સર્વમાં યોગ્ય લાયકપણું સ્થાપન કરે છે. તે કહે છે કે, "માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મ્હોમાંથી નિકળે છે તેથી જીવશે." હું ખરેખરો દેવપુત્ર છું ને દેવપુત્રને ભૂખ મારી શકતી નથી. જે કાર્યને અર્થે મેં આ માનવપ્રકૃતિ ધારણ કીધી છે, તેમાં લાગેલી ભૂખ મટાડવા સારૂ વિપરીત રીતિએ સાધન મેળવું ને એમ કરી પેટનું સમાધાન કરૂં એવો હું નથી, માટે એ નહિ કરૂં. અહીં પ્રથમ મારે માણસપણાનું કર્તવ્ય આચરવું છે. અને તે એ છે કે પૂરા હૃદયથી દેવની આજ્ઞા પાળવી ને તેના ઉપર ભરોસો રાખવો. ઉદરપૂર્ણાનિમિત તારૂં માનવું ને ઈશ્વરી આજ્ઞાનો ભંગ કરવો એ મારૂં કામ નથી. વળી દેવનો ભરોસો ત્યાગી તેની આપેલી શક્તિ કનિષ્ટ દેહના સુખને વાસ્તે વેચી નાખવી એ મારૂં કામ નથી. તે શક્તિ પરોપકારને અર્થે મહત્કાર્ય સાધવામાં વાપરવી એજ મારૂં કાર્ય છે. જે વાત સ્વાભાવિક રીતે ઉચિત છે તે સર્વ પ્રસંગે ઉપયોગી નથી. પોતાનું પેટ ભરવું એ કંઇ પરમાર્થ ગણાતો નથી. જે માણસ એમ માની લે છે કે રોટલીથી મારૂં જીવન છે, તે રોટલી મેળવવા સારૂ કોઈ જાતનું અધમ કાર્ય કરતાં અટકશે નહિ, ને તેમ કરતાં તે ન મળે તો ક્રોધિત થઈ દેવ વિરૂદ્ધ બંડ કરવા આગળ વધશે; તેવો માણસ પરમાર્થિક અન્ન વિના છતી રોટલીએ ભૂખનું દુઃખ વેઠી નાશ પામશે. પણ જે માણસ જાણે છે કે માત્ર રોટલીમાંજ જીવન નથી તે રોટલીના કકડા સારૂ પોતાના આત્માને નાશમાં નાખવાનો નથી. પહેલાં તે પોતાનું કર્તવ્ય કરશે ને પછી શરીરના રક્ષણને સારૂ દેવ પર ભરોસો

રાખશે. તેને નાશવંત દૈહિક અન્ન કરતાં અવિનાશી આત્મિક અન્ન વધારે અગત્યનું ભાસે છે. માટે તેવાઓને દેવ પુષ્કળતાથી અન્ન આપે છે ને તેની દૈહિક ગરજો પણ પૂરી પાડે છે.

હવે એ પ્રમાણે પ્રભુ ઇસુએ શેતાનનો હલ્લો પાછો હઠાવી પાડયો, ત્યારે તેણે તરત બીજી તૈયારી કરી. શેતાને જાણી લીધું કે તેણે દેવના ઉપર પૂર્ણ વિશ્વાસ રાખેલો છે, માટે તેને મોહપાસમાં નાખું તો તે પડી જશે; તેથી એક બીજી યુક્તિ રચી ઇસુને મોહપાસમાં નાખવાનું કર્યું. તેમાં તેણે એવો પ્રપંચ રચ્યો કે સંકટના સમયમાં પૂરા વિશ્વાસની ખાતરી કરાવું. એ તપાસણી કરવા સારૂ તેણે એક બીજી કસોટી કલ્પી કાઢી, તે એવી કે, તે તેને પવિત્ર નગરમાં લઈ ગયો, ને મંદિરના બુરૂજ ઉપર ઉભો કીધો ને કહ્યું કે, "જો તું દેવનો પુત્ર છે તો ત્યાંથી નીચે કુદી પડ ને ભુસકો માર." એવું કરતાં તું મહા સંકટની અવસ્થામાં આવી પડશે ને એ સમયમાં તારી અદ્દભૂત શક્તિનું પારખું થશે. તારી પરાક્રમી શક્તિએ જો તું એવા સંકટમાંથી બચી જશે તો તેથી તને પ્રતીત પડશે ને લોકોમાં તારી અદ્દભૂત શક્તિની પ્રખ્યાતી થશે, માટે આમ કર ને તે શિવાય તારી બળવાન શક્તિની ખાતરી કે પ્રસિદ્ધિ થવાની નથી; પણ આમ કરવાથી તું ખાતરી પામશે ને પ્રસિદ્ધ પણ થશે. તેથી મારૂં માની આ સંકટ પોતા તરફ ખેંચી લે ને નીચે પડતું કરે તો ઠીક છે. વળી એમ કરવામાં તને ઈશ્વરી વચનનો આધાર છે, માટે સત્વર તૈયાર થા અને તારે હાથ આવેલી તક સંભાળી લે; ને માર ભુસકો ને કર ખાતરી. તેથી લોકો પણ જાણશે કે તું ખરો દેવપુત્ર ને તું ખરો મસીહ છે. તારો ભરોસો વ્યર્થ જશે નહિ કારણ કે તારા રક્ષણને માટે દૂત આવશે, તે તારો પગ પત્થર પર અફળાવા દેનાર નથી; પણ તને અધર ઉંચકી લેશે ને આસ્તેથી જમીન પર ઉતારશે. જો, તારા સંબંધી આ શાસ્ત્રવચન છે: તે તારા સંબંધી પોતાના દૂતને આજ્ઞા આપશે કે રખે તારો પગ પત્થર પર અફળાય. જે પવિત્ર શાસ્ત્ર પર તું ભરોસો રાખે છે તે શાસ્ત્રનું આ વચન છે; ને ખાસ તારે માટેજ તે વચન લખાએલું છે; તેથી આ બાબતમાં મારૂં માન તો તને અડચણ પડવાની નથી.

ઉપરના મનપસંદ શબ્દવાદથી શેતાને મોહબાણ નાખ્યું. પણ પ્રભુ ઇસુએ તે બાણનું શાસ્ત્રવચનદ્વારે ખંડન કીધું. એ બાણના છેદનમાં પ્રભુએ વાકયબાણ માર્યું, તે એવું હતું કે, "પ્રભુ તારા દેવનું તું પરીક્ષણ ન કર." એ રીતિએ શેતાનનો બીજો હુમલો હઠાવી પાડયો.. પ્રભુએ કહ્યું કે, દેવનું પરીક્ષણ કરાય નહિ. પરીક્ષણ એ શબ્દમાં પ્રથમથી એવો અર્થ રહેલો છે કે, દેવનાં સર્વ વચનો સત્ય ને ખરાં છેજ. એના પર જો તું વિશ્વાસ રાખે છે તો તેનો અંત શોધનાર થઈશ નહિ. જ્યાં સુધી તું પ્રભુના માર્ગોમાં ચાલે છે ત્યાં

સુધી તે તારૂં રક્ષણ કરનાર છે ને કરશે, માટે તારે પૂરેપૂરા નિર્ભય રહેવું. જે ગીતપુસ્તકમાંથી શેતાને ઉપરનું વચન લીધું તેમાં એવું આવે છે કે, "તારા સર્વ માર્ગોમાં તારૂં રક્ષણ કરવા સારૂ તે પોતાના દૂતને તારા સંબંધી આજ્ઞા આપશે." પરંતુ તે ધૂર્તે આ વચન પૂરેપૂરૂં કહી બતાવ્યું નથી. એ વચનમાં ઇશ્વરભકતોને સંકટના સમયે રક્ષણ પામવા સંબંધી દિલાસો આપવામાં આવેલો છે. જો કોઇ પૂછે કે, ઇશ્વરભકતોનો માર્ગ કયાં છે? તો તેણે જાણવું કે ઇશ્વરી આજ્ઞા પાળવી એમાં એનો રસ્તો દેખાય છે. મતલબ, ઇશ્વરી નિયમ પાળવો એ એના ભકતોનો માર્ગ છે, અને એ માર્ગે ચાલતાં તે તેઓને નિર્ભય રાખે છે તથા તેઓનું રક્ષણ કરે છે. માત્ર એટલુંજ નહિ, પણ સર્વ પાપ પર તથા શેતાન પર તેઓને વિજય પમાડે છે. તેથી એમ કહેવાય કે જ્યારે તેણે આ ગીતની ૧૩ મી કલમ કહી બતાવી ત્યારે તેણે પોતા પર મસીહની જીત થવાનું ભવિષ્ય કહ્યું હતું. હવે પોતાનું ધૂર્તપણું વ્યર્થ ગયું હતું તેથી તે નારાજ થયો પણ નિરાશ થયો નહિ. હજી પાડવાની આશા રાખી. એક ત્રીજી યુક્તિ કામે લગાડવા તત્પર થયો. તે આગળની બન્ને કરતાં વધારે જબર હતી.

પરિપૂર્ણ શ્રદ્ધાવાન અંતઃકરણવાળા પુરૂષને જગતનો વૈભવ દેખાડી તથા તે પર પોતાની પૂરી સત્તાનો દાવો કરીને સત્તા આપવાની લાલચમાં નાખી ઇશ્વરભક્તિથી ભટકાવવો ને પોતાના તરફ વાળવો એવો બેત તેણે રચેલો હતો. સાધારણ માણસો અલ્પસલ્પ વિષયોના લોભથી શેતાનને વશ થાય છે, પણ ઇસુ ખ્રીસ્ત એવી રીતે શેતાનને વશ થાય એવો નહોતો. એ માટે તેને તો "જગતમાંનાં સર્વ રાજ્યો" દેખાડવાં જોઇએ એવું મનમાં ધારી રાખ્યું હતું, પણ એ બધું બતાવવા સારૂ તેને કયાં લઇ જવો જોઇશે? સાધારણ માણસ હોય તો તેને મહેલને જરૂખે અથવા એકાદ સુંદર રથમાં બેસાડીને એ વૈભવ દેખાડે, યા એકાદ સુંદર ઘોડા પર ચઢાવી એવી મોહ પમાડવાની તદબીર રચે ને ભૂલથાપ ખવાડી શકે. કોઇને અહીંનહીં ગલીકુંચીમાં ફેરવી પોતાનો સેવક બનાવે, કોઇને માત્ર એક દૂધપેંડો આપી પોતાનો ગુલામ બનાવે, ને એમ તેનો જીવ ખરીદે છે, કોઇની પાસે તે એકાદ પાનબીડું લાવે ને તે આપી તાબે કરે, તો કોઇને સુંદર મુખડું બતાવી પોતાનો બંદો બનાવે છે, ત્યારે બીજા કોઈની પીઠ થાબડી સેવક કરી લે છે, વખતે કોઈની ડાઢીમાં હાથ ઘાલી પોતાને નમતો ભજતો બનાવે છે, વળી કોઇને પોતાની મેજ પર બેસાડી ચાનો પ્યાલો આપી પોતાને સ્વાધીન બનાવે છે, તો કોઇને દારૂની બાટલી આપી વિશ્વાસુ સેવક કરી લે છે, કોઇને ઘીમાં ઝબોળી પોળી આપી પોતાની આજ્ઞા મનાવે છે, ને કોઇને ખીરપુરીનું જમણ જમાડી પોતાની પાછળ ખેંચે છે. પણ આ દેવપુત્રને કબજે લેવા સારૂ એવાં હલકાં સાધન કામ લાગે તેમ

નહોતાં. એ નિર્માલ્ય વાનાંની લાલચ તેની પાસે નકામા જેવી લાગતી હતી. તે ખાસ રીતે જાણતો હતો કે એવા હલકા ઉપાયોથી હું તેને વશ કરી શકું તેમ નથી. જેમ તે મહા મોટો છે તેમ તેને મોટી લાલચ આપું તો ઠીક થશે. માટે તે ઈસુને મોટા પહાડ ઉપર લઇ ગયો ને ત્યાંથી જગતનાં સર્વ રાજ્યો તથા તેનો મહિમા બતાવ્યો. ને પછી કહેવા લાગ્યો કે, "જો તું પગે પડીને મારૂં ભજન કરે, તો આ સઘળાં હું તને આપીશ. એ મારી સત્તામાં છે માટે હું મારી સેવા કરનારને આપી શકું છું." આ મહા મોટી ને કઠણ લલચામણીનો હલ્લો હતો. તેને પાછો હઠાવવા સારૂ પ્રભુએ શાસ્ત્રમાંથી એવુંજ શસ્ત્ર ખેંચી કાઢ્યું, ને એ રીતિએ માર્યું કે એકમાંથી અનેક બાણો બની તે દુષ્ટનો હલ્લો હઠાવી-દેવા શક્તિમાન થયાં. હવે શેતાન ત્યાં ઠરવાને કમજોર થયો, તેના હાંજા ગગડી ગયા, ને ઉભી પૂછડીએ પોબારા ગણવાનો સમય આવી પહોંચ્યો. પ્રભુ ઇસુ તેની કુયુક્તિઓથી તથા તેની હઠીલાઇ ને નફટાઇથી ગુસ્સે થયો હતો, ને તેજ જુસ્સામાં બોલી ઉઠયો કે, "અરે શેતાન, તું મારાથી દૂર જા, કેમકે લખ્યું છે કે, પ્રભુ જે તારો દેવ તેની એકલાની સેવા તથા ભક્તિ કર." એ અવાજ સાંભળી તે પલાયન થયો ને પાછું વળી જોવા ઠર્યો નહિ. પછી દૂતો આવ્યા ને તેમણે પ્રભુ ઇસુની સેવા કીધી.

જેણે આપણાં આદિ માતપિતાને ભૂલથાપ આપી અને ખુશનુમા સુંદર એદન બાગમાંથી બહાર ભટકતા કીધાં તથા મહા મનોહર સુખકારી બગીચો વેરાન અરણ્યરૂપ ભયંકર કર્યો, ને માનવજાતને સારૂ આનંદિત વાડીનો રસ્તો બંધ કીધો, તેને આપણા પ્રભુ ઈસુએ રાનમાં પરાજીત કરી હરાવી નાખ્યો, ત્યારે ભૂંડે મોઢે ભાગી ગયો, ને એમ થવાથી એદન બાગનો અસલી માર્ગ ખુલ્લો થયો; ત્યારથી પ્રભુના લોકોને સારૂ તે માર્ગ શુદ્ધ, ચોકખો ને સહેલ કરવાનો આરંભ થયો છે.

ઉપર બતાવેલાં પરીક્ષણોથી ઈસુએ પોતાના મસીહપણાની સાબિતી આપી છે. જો કદાપિ યહુદી લોકોની ધારણા પ્રમાણે તેણે રાજ્યપદ કબૂલ કરી વૈભવ ભોગવ્યો હોત તો તેમ કરી શકત, પણ તે એવા ક્ષણિક રાજ્યપદનો કે વૈભવનો ભૂખ્યો નહોતો, ને તે સારૂ તે આવ્યો નહોતો. તે અક્ષય રાજ્યનો વારસ હતો ને અપાર મોટો વૈભવ પામવાનો હતો. જો તેણે લોકો પાસે સેવા કરાવી હોત તો દૂતોની સેવા પામવાનો નહોતો, એટલુંજ નહિ પણ તેનાથી દેવની સેવા કરાત નહિ, તેમ માણસોના તારણનું કામ તે કરી શકે તેમ નહોતું. આ કડાકડીના મહા કઠણ યુદ્ધમાં વિજય પામનાર મોટા શૂરવીરના સૈન્યમાં જેઓ ચાકરી કરવા ઇચ્છે ને સ્વીકારે તેઓને જગત કે સ્વાર્થ કે શેતાન એ ત્રણેના પર જીત પમાડવામાં આવે છે, તથા તે લડાઇમાં સુભટોના રક્ષણ માટે આત્મિક બળ તથા બખતર આપવામાં આવે છે.

અધ્યાય ૪ થો.

ઇસુના કાર્યઆરંભ સમે યહુદાહ દેશની રાજ્યવ્યવસ્થાનું વર્ણન.

પ્રભુ ઈસુએ જ્યારે પોતાના લૌકિક કાર્યનો આરંભ કીધો ત્યારે યહુદાહ દેશની રાજ્યવ્યવસ્થા કેવી હતી એ વિષે કેટલીએક હકીકત અહીં આપવાની અગત્ય છે એમ જાણી તે અત્રે દાખલ કરીએ છીએ. મૈહાન હેરોદ નામના રાજાની કારકીર્દી દરમિયાન યહુદી રાજ્યનું સ્વતંત્રપણું એ તો માત્ર છાયારૂપ કે નામનું હતું; વળી એટલું જે નામનું સ્વતંત્રપણું તે પણ નાશ પામવાની તૈયારી પર હતું. રૂમી બાદશાહ ઑાગસ્તસે તે દેશ પર જુદા જુદા સુબા ઠરાવી તેને પોતાના રાજ્ય સાથે જોડી દીધો હતો અને બધી જાતની રાજ્યસત્તા પોતાને હાથ રાખી હતી. પણ પ્રજાના વ્યવહારિક રીતરિવાજ તથા ધર્મના કામમાં હાથ નાખવો નહિ એવી રૂમી રાજ્યની સુધરેલી અને ડહાપણ ભરેલી રીતિ હતી, તેથી જે જે દેશો જીતી લીધેલા હતા તે તે દેશોમાં એ રીત કાયમ રાખેલી હતી; માટે એ નિયમને અનુસરી આ દેશનો રાજ્યકારોબાર ચલાવવામાં આવતો હતો. યહુદી લોકોમાં સાન્હેદ્રીમ નામની ધર્મસભા હતી, તે સભાનો અધિકાર જેમ હતો તેમ કાયમ રહેવા દીધો હતો. તે સભા ધર્મસભા ગણાતી હતી માટે તેમાં ફેરફાર કર્યો નહિ. તે નાનાસુના ગુનાહના ફેસલા આપતી હતી, પણ મોટા ગુનાહ હોય કે જેમાં દેહાંતદંડની સજા કરવી પડે, તો તે વખતે સરકારી અધિકારી પાસે પરવાનગી માગવી પડતી હતી. માટે એમ કહેવાય કે સાધારણ મુકરદમાનો ઈનસાફ સભાને હાથ હતો પણ મોટા કેસનો ઈનસાફ સરકારી હાકિમના હાથમાં હતો, તેથી મુખ્ય યાજકના વજનમાં ફેરફાર થયો હતો. પ્રમુખ યાજકની નિમણુક કરવાનો તથા તેને યાજકપદ આપવાનો અધિકાર મહાન હેરોદે પોતાના હાથમાં રાખ્યો હતો. તેથી હાલ તે નિયમ પ્રમાણે તે અધિકાર બાદશાહને હાથ ગયો હતો, માટે ચાલતા વહિવટ પ્રમાણે તે મુખ્ય યાજકના ઉપર સત્તા ચલાવતો હતો.

યહુદાહ દેશ ઉપર પ્રોકયુરેટર નામનો અધિકારી નિમાયલો હતો. તેનો મુકામ કાઈસારિયામાં હતો; અને ત્યાંથી પર્વને વખતે કે બીજા ખાસ પ્રસંગોને વખતે કાંઈ બંદોબસ્ત કે ઈનસાફના ફેસલા તપાસવા સારૂ વખતો-વખત યરૂશાલેમમાં આવતો હતો. રૂમી રાજ્યમાં લોકોની જંગમ મિલકતનો કર લેતા હતા ને તે ઉપરાંત માથાવેરો લેવાનો રિવાજ હતો, તેથી યહુદી લોકો આ બીજા કરને સારૂ નારાજ હતા, તેઓની ધર્મસભા તરફથી બે જાતના કર લેવાતા હતા તે રાજી ખુશીથી આપતા, પણ સરકારી કર આપવો એ અળખામણું લાગતું હતું; માટે જે કોઈ એવું કામ કરે, એટલે સરકારને સારૂ કર વસુલ કરવા નિકળે તેના પર નાખુશ થતા હતા, ને ઘણી વાર તે વસુલ

કરનારની સાથે બંડખેડા થતા હતા. જો કોઈ વિદેશી માણસ એવો કર ઉઘરાવવાનું કામ કરે તો તેનો ધિક્કાર કરતા, પણ જો કોઈ યહુદી માણસ તેવું કામ કરે તો તેનો ઘણોજ ધિક્કાર ને તિરસ્કાર કરતા હતા તથા તેને નીચ ગણતા હતા. તે વાતના પુરાવામાં જો આપણે યહુદી ભાષા તપાસીએ તો ખાતરી થાય છે, કારણ કે તે ભાષામાં દાણી તથા પાપી એ એકજ શબ્દાર્થમાં સમજાવતા હતા; ને તેનું કારણ શું, એમ પૂછો તો ઉપરની વાત પર ધ્યાન આપો; ત્યાં તે ખુલ્લી રીતે બતાવેલું છે.

આ આપણી કથાકાળને સમયે રૂમી પ્રોકયુરેટર પીલાત હતો. યહુદાહ દેશ રૂમી રાજ્ય સાથે જોડાયા પછી આ ત્રીજો અધિકારી આવ્યો હતો. જીતાયલા દેશના લોકો સાથે કેવું માયાળુપણું રાખવું ને તેઓનાં મન મેળવવા સારૂ કેવી રીતભાત રાખવી એ બાબતમાં તે અજાણ હતો, તેમ તે વાતની આવડત પણ દેખાતી નથી; માત્ર આપવડાઇ અને માનમોટમ ઉપર તેના મનનું વલણ હતું. માટે એમ કહેવાય કે તે એવા હોદ્દાને લાયક નહોતો, પણ કેવળ ધિક્કારકારક અભિમાન ને સ્વાર્થબુદ્ધિથી તેણે એ હોદ્દો ધારણ કર્યો હતો. કેવા વિચાર લોકોને રૂચીકર લાગે ને કેવા વિચાર કંટાળો ઉપજાવે એ વાતનું ધ્યાન રાખતો નહિ. એક વખત તેણે વાવટાવાળા રૂમી સીપાઈઓને યરૂશાલેમ મોકલ્યા. એ વાવટા ઉપર રૂમી રાજ્યચિન્હ હતું, તેમાં તેના પૂજનિક પક્ષી ગરૂડની પ્રતિમા હતી, અને યહુદી લોકો એ પ્રતિમાને અમંગળ ગણતા હતા, તેથી આ સીપાઈઓને જોઈ તેઓ ઉશ્કેરાઈ ગયા. તેઓના મન પર એવી અસર થઈ કે હવે રૂમી સરકાર અમને તથા અમારા ધર્મને વટાળવાની તદબીર કરે છે, ને તેથી આ અમંગળ પ્રાણીનું નિશાન આ પવિત્ર નગરમાં મંદિર વટાળવા સારૂ મોકલ્યું છે. એવા વિચારો આવવાથી ધર્મચુસ્ત માણસોનાં મન જનુનથી ભરાયાં ને મરણિયા બની બંડ કરવાની તૈયારી પર આવી ગયાં. તે વાત પીલાતના જાણવામાં આવી કે લોકો રાજ્ય વિરૂદ્ધ ઉશ્કેરાયા છે ને બંડ થવાનો સંભવ છે, ત્યારે તેણે સમયસૂચકતા વાપરી પોતાનો ઠરાવ બદલી નાખ્યો ને સમાધાની થઈ; પણ તેથી લોકોમાં તેનું વજન ઘટી ગયું, કારણ કે તેઓએ જાણ્યું કે તે બીકણો છે. એવા અમલદારોની કારકીર્દીમાં લોકોનાં મન અવ્યવસ્થિત તથા ખળભળેલાં હતાં. તે દરમિયાન મસીહના કાર્યનો આરંભ થવાનો હતો, તેથી ઘણી કાળજી તથા સંભાળથી કામ કરવાની જરૂર હતી.

અમે ઉપર કહી ગયા છીએ કે યહુદી રાજ્યસત્તાનાં પાણી છેલ્લે કયારે આવી પહોંચેલાં છે; તે છતાં જેવી તેવી નામની સત્તા ચાલતી રહી છે તે ડગમગતી રાજ્યસત્તા ઉત્તર સરહદમાં રાજ્યકારોબાર ચલાવતી હતી, ત્યાં

મહાન હેરોદના વંશજો રાજા કહેવાતા હતા. તેમજ તેની વાયવ્ય કોણમાં ચોથાઇદાર ફિલિપનો અમલ ચાલતો હતો ને ગાલીલ તથા પીરીઆના પ્રાંતોમાં હેરોદ આંતીપાસની સત્તા હતી. જે હેરોદે બાપ્તિસ્મા કરનાર યોહાનનો વધ કીધો તે આ હતો. તેના ઘરનાં બધાં માણસો નીચ વૃત્તિવાળાં તથા જુલમી હતાં, તેમ છતાં યહુદી લોકો તેને સ્વદેશી રાજા ગણી વળગી રહ્યા હતા. જેમ એક અક્કલહીણ અનાડી માણસ ગધેડાનું પૂછડું પકડે ને લાતોનો માર ખાય તથા ધસડાય તોપણ મમત પકડી તે છોડે નહિ, તેમ આ યહુદીઓ હેરોદનું પૂછડું પકડી રહ્યા હતા. તેઓ આ રાજ્યવંશીઓમાં અભિમાન રાખી તેને કાયમ ટકાવી રાખવાનું ધારતા હતા ને તે કારણથી તેઓએ "હેરોદીઓ" નામનો પંથ ચલાવ્યો હતો. તેઓની માન્યતા એવી હતી કે જે કંઇ સુખ દુઃખ છે તે અહીંજ છે ને ત્યાર પછી કાંઇ નથી. વળી બીજું એવું સિદ્ધાંત માનતા કે સ્વદેશી રાજ્યમાં રહેવું તે ધર્મ, ને પરદેશી રાજ્યમાં રહેવું તે પાપ છે (પુન. ૧૭; ૧૫). તેમ છતાં જબરદસ્તીથી રાજ્યસત્તા માથે આવી પડે તો તેવે પ્રસંગે તે માન્ય કરવી તેમાં દોષ નથી. આવા મતથી તેઓ રૂમી રાજ્યને કર આપવા ખુશી હતા ને બીજાઓને તે સમજાવતા હતા. તેનો પુરાવો માત્થી ૨૨; ૧૭ માં મળી આવે છે.

અધ્યાય ૫ મો.

ઇસુના લૌકિક કામનો આરમ્ભ.

શિષ્યોનું પ્રથમ તેડું.

પ્રભુ ઇસુ અરણ્યમાંથી પાછા આવ્યા ત્યાર બાદ, તે યોહાન બાપ્તિસ્મા કરનારની નજરે પડ્યા. યોહાને બાપ્તિસ્મા આપતી વેળા જે નિશાની જોઈ હતી તેથી તેને ખાતરી થઈ કે આજ ખરેખરો મસીહ છે. માટે તેણે પોતાના શિષ્યોને તે સંબંધી શાહેદી આપતાં કહ્યું કે, "જુઓ, દેવનું હલવાન, કે જે જગતનું પાપ હરણ કરે છે!" "હલવાન" એ શબ્દો વાપરતાં મસીહના ભાવિ દુઃખ સહન કરવા વિષે તથા પ્રાયશ્ચિત્તરૂપ સ્વાપર્ણ કરવા વિષે દર્શાવી આપેલું હતું, એમાં જરા પણ સંશય કે સંદેહ રાખવા જેવું નથી, કારણ કે મુસાના નિયમશાસ્ત્રમાં જે જે યજ્ઞવિધિઓ દર્શાવેલ છે તેનો સારાંશ કે ઉદ્દેશ જે ખરા અર્થરૂપે રહેલો છે તે તે જાણતો હતો. વળી જે ભવિષ્યગ્રંથમાં તેને "પોકારનારની વાણી" એવું નામ આપેલું છે તેજ ગ્રંથમાં ને તેજ જગ્યાએ મસીહના યજ્ઞવિધિ વિષેની વાત લખેલી છે; તે વાત તેના અભ્યંતરમાં સારી પેઠે ઠસી રહી હતી (યશા. ૫૩).

પહેલે દિવસે યોહાને ઈસુના ગુણોનું સ્પષ્ટિકરણ કીધું તેથી કાંઈ વિશેષ ફળ પ્રાપ્ત થયું હોય એવું દેખાતું નથી. પરંતુ બીજે દિવસે જ્યારે ઈસુ ત્યાં થઈને પસાર થતો હતો ત્યારે ફરી એજ શબ્દોમાં શાહેદી આપતાં કહ્યું કે, "જુઓ, દેવનું હલવાન." આ વખત તેની શાહેદીથી બે શિષ્યો ઈસુની પાસે આવ્યા, તેમાંનો એક યોહાન તથા બીજો આંદ્રયા હતો. તેઓ પોતાના ગુરૂના માર્મિક વચનનો અર્થ સમજી ગયા હતા, ને તેથી આ મહાન ગુરૂને અનુસરનારા થયા. જ્યારે યોહાનની વાતથી આ શિષ્યોને પ્રભુ ઈસુ વિષે જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે તેઓ તરતજ તેની પછવાડે ચાલ્યા. તેઓનો પગરવ સાંભળીને પ્રભુ ઈસુએ પાછળ જોયું ને તેઓને પૂછયું કે, "તમે શું શોધો છો?" ત્યારે તેઓએ ઉત્તર આપતાં કહ્યું કે, "ગુરૂજી, આપ કયાં રહો છો?" કેમકે આ મહાન ગુરૂના રહેઠાણ વિષે તેઓ અજાણ્યા હતા, કારણ કે હજી તો પ્રભુ ઈસુને અરણ્યમાંથી આવ્યાને ઘણા દિવસો થયા નહોતા; તેથી સંભવ છે કે આ શિષ્યો અજાણ્યા હોય. વળી તેનું ગામ આ જગ્યાએથી ઘણું દૂર હતું, તેમજ ત્યાં તેને કોઈ ઓળખતું નહોતું. યર્દન કિનારા પર બાપ્તિસ્મા લેવા આવનારાઓ ઝાડ તળે માંડવા બાંધી તેમાં રહેતા હતા; તે પૈકી કોઈ એક માંડવામાં ઈસુ પણ રહેતો હશે એવો સંભવ છે. તે બન્ને શિષ્યોને પ્રભુએ માત્ર બે શબ્દમાં ઉત્તર આપ્યો હતો કે, "આવીને જુઓ." આ શબ્દો નાના સરખા છે તોપણ તેમાંથી આગળ જતાં મોટાં ફળો ઉત્પન્ન થયાં. તે એવાં કે આ જગતમાં ખ્રીસ્તી મંડળીરૂપ જે ભવ્ય ઇમારત તે ઉભી થએલી છે, તેમાં આ બે પ્રથમ સ્તંભ હતા. તે શબ્દો સાંભળી તેઓ તુરત આવ્યા ને જ્યાં તે રહેતો હતો તે જોયું. આ વાતની શાહેદી આપનાર તેઓમાંનો એક હતો. જ્યારે આ વાત બની ત્યારે તેની ઉમર આસરે સોળેક વર્ષની હતી. પણ જ્યારે તેણે આ વાત લખી ત્યારે તે વૃદ્ધ થયો હતો અને તે સોએક વર્ષને આસરે પહોંચ્યો હતો, છતાં તેની યાદદાસ્ત એવી સરસ હતી કે પ્રથમની બિના પાંછળથી જેવી હતી તેવીજ તેની નજર આગળ તાદસ્ય થતી હતી. કારણ કે તે પોતાના લેખમાં પ્રભુ ઇસુને મળ્યાનો સમય ચોકસ રીતે દર્શાવે છે; એટલે કે તે ઘડી સંબંધી લખ્યું છે કે ત્યારે "દશમી હોરા હતી" એટલે બે પહોર દિવસ વિતી ગયો હતો. ધન્ય છે તે ઘડી તથા પળને કે જેમાં તેનો પ્રભુની સાથે સમાગમ થયો હતો! એ ઘડી તેને વૃદ્ધાવસ્થા સુધી યાદ રહે તો તેમાં શું નવાઇ છે? હા, તે ઘડી તે અનંતકાળ સુધી વિસરનાર નથી.

આ પ્રથમના ને નવીન શિષ્ય જે રાતે ગુરૂની પાસે આવ્યા ને ત્યાં રાતવાસો રહ્યા તે રાતે જે સંભાષણ થયું તે સત્યશાસ્ત્રમાં નોંધાએલું નથી, તોપણ આપણે એવું અનુમાન કરીએ છીએ કે તે સંભાષણથી તેઓને ઘણી અગત્યની તથા નવીન બાબતો વિષે જ્ઞાન પ્રાપ્ત થયું હશે. એટલુંજ નહિ પણ

નિયમશાસ્ત્ર તથા ભવિષ્યવાદીઓની વાતોમાં ખ્રીસ્ત વિષેની અગમ વાણીઓ તથા વાતો વિષે જ્ઞાન થયું; ને તેથી તેઓને સંપૂર્ણ ખાતરી થઈ કે આવનાર મસીહ તે આજ છે એમાં જરા પણ શક નથી.

એ શખસ પૈકી બીજાએ વળતે દિવસે મિશનરીનું કામ બજાવ્યું હતું. એટલે કે, આંદ્રયાએ પોતાના ભાઇ સીમોનને ઇસુની પાસે આણ્યો. તેણે સીમોનની પાસે ગુરૂ સંબંધી જે શાહેદી આપી તેમાં મોટો અર્થ સમાયેલો છે. તેણે કહ્યું કે, "મસીહ (એટલે ખ્રીસ્ત) અમને મળ્યો છે." એ ઉપરથી એમ દેખાય છે કે તે મસીહની શોધ કરતો હતો ને તેના આગમનની રાહ જોતો હતો; વળી તેનું આગમન વહેલું થાય એ માટે તેણે પ્રાર્થનાઓ પણ કરી હશે, કારણ કે તે તેનાથી પોતાના તારણની આશા રાખતો હતો; તેથી યોગ્ય પ્રસંગે તે તેને મળ્યો હતો.

[હવે જ્યારે સીમોન ઈસુની પાસે આવ્યો ત્યારે ઇસુએ તેના પર ધારીને જોયું એમ શાસ્ત્રમાં લખેલું છે. આ વખતનું જોવું તે જૂદા પ્રકારનું હતું. આ નજર તો કાંઇ જૂદા પ્રકારની હતી; તેમાં એક પવિત્ર પુરૂષના નેત્રદ્વારા પ્રસન્ન વદનનો દૃષ્ટિપાત હતો. તેમાં તેના અંતઃકરણમાંનો દિવ્ય પ્રકાશ નેત્રદ્વારા ચમકી રહ્યો હતો].

હવે જ્યારે આંદ્રયાનો ભાઈ સીમોન પ્રભુ ઈસુની પાસે આવ્યો ત્યારે ઈસુએ તેના તરફ ખાસ ધ્યાન આપીને જોયું હતું કારણ કે તે બાબત સુવાર્તામાં લખે છે કે, "ઈસુએ તેના પર ધારીને જોયું." તે લેખ પરથી એવું સૂચવે છે કે એવું નિરીક્ષણ કાંઇક વિશેષ્યતા બતાવનારૂં હતું. જેમ કોઈ ઝવેરી એકાદ મૂલ્યવાન હીરાને પારખવા સારૂ ધ્યાનપૂર્વક જોતો હોય તેમ આ ઝવેરી હીરા સમાન શિષ્યને નિહાળતો હશે; માટે એમ કહેવાય કે આ વખતનું જોવું તે તો અસાધારણ હતું, ને આ સમયની નજર તે તો જૂદાજ પ્રકારની હતી! એ દૃષ્ટિપાત સાધારણ માણસનો નહિ પણ એક પવિત્ર દૈવી પુરૂષનો હતો, કે જેનું મુખાવિંદ હમેશાં પ્રસન્ન રહેતું, ને જેનું મધુર ભાષણ હમેશાં પ્રીતિમય હતું. એવા પવિત્ર પુરૂષના અંતઃકરણમાંથી દિવ્ય પ્રકાશ નિકળી નેત્રદ્વારા સીમોન તરફ ચળકવા લાગ્યો હતો. પૂર્ણ પવિત્ર અને ખરો નિષ્કલંક દેવપુત્ર તેની મુખમુદ્રા કેવા પ્રકારની હતી એ વિષે શાસ્ત્રમાં કાંઈ વર્ણન નથી, તોપણ આપણને તે બાબત સહજ અનુમાન થાય છે કે તેની મુખમુદ્રાનું પરિપૂર્ણ પ્રતિબિંબ સીમોનના મન ઉપર પડી આવ્યું હશે; માત્ર એટલુંજ નહિ પણ તે ફોટો હમેશને માટે તેના અભ્યંતર સાથે જડાઈ ગયો કે તેથી પોતાની જીંદગીના સર્વ દિવસોમાં તે ઈસુની દૃષ્ટિસમીપ ચાલ્યો આવતો હોય એવું તેને ભાસતું હતું. અને એના અંતઃકરણનો એ આભાસ તે તો આ પહેલા દિવસના દૃષ્ટિપાતનું

ફળ કહેવાય છે. ખરી વાત કે એક વાર તે પાપમાં પડયો ને કઠોરતા વાપરી પણ પાછળથી લાગલો પસ્તાવો થયો; જેમ કોઈ માણસના પર અકસ્માત વિજળીક બળનું ખેંચાણ લાગે ત્યારે તે એકદમ આંચકા સાથે ખેંચાય છે તેમ તેને થયું હતું. એટલે કે જ્યારે તેણે બીકમાં પ્રભુનો નકાર કરી કઠોરતા વાપરી ત્યારે અકસ્માત આ દૃષ્ટિપાતનો આંચકો આવ્યો તેથી એ રહેમી તથા પ્રેમી તારનારની દૃષ્ટિસમીપ સ્થિર થયો, ને આજના દૃષ્ટિપાતને પ્રતાપે તેના અંતરમાં મોટા ધોધબંધ પશ્ચાત્તાપનો પ્રવાહ વહેવા લાગ્યો (લુક ૨૩; ૬૧-૬૩).

એ મહાન સદ્ગુરૂએ સીમોનને જોતાંની વાર તુરત તેનાં ગુણ લક્ષણો જાણી લીધાં હતાં, તેમજ તેના વિષે પૂરી ખાતરી પામી લીધી હતી કે આ માણસ સ્થિર ને દૃઢ સંકલ્પવાળો થશે, તેમજ શિષ્યના આચરણમાં જે સદ્ગુણો જોઇએ તે તેનામાં થશે; તેથી આગળ જતાં મારા કામને વાસ્તે ઉપયોગી થશે. એવી રીતે માત્ર એક નજર કરતાં પ્રભુએ એ બધો આભાસ જોઇ લીધો હતો, ને તેથી તેને ગુણવાચક નામો આપ્યાં હતાં: "કેફા" ખડક "પીતર" પત્થર. આ નામો તેને વાસ્તે એક કહેવત પ્રમાણે સૂત્રરૂપ થયાં કે, "યથા નામા તથા ગુણા" જેવું નામ તેવા ગુણ હોય છે. આ નામો આપતી વેળા પ્રભુએ તેનો અધિકાર બતાવ્યો નથી પણ તેના ગુણ બતાવેલા છે. માટે આપણે જાણવું કે એ નામ અધિકારસૂચક નથી પણ ગુણવાચક છે, કારણ કે હજી કોઇ પ્રેરિતો નિમવાનો સમય આવ્યો નહોતો; ને જ્યાં સુધી તેમ થયું નહોતું ત્યાં સુધી પ્રભુના શિષ્યો પોતાને ઘેર જઈ કામધંધો કરતા હતા. તેઓમાંનો કોઈ યોહાન પાસે પાછો ગયો નથી.

જેમ આંદ્રયા પોતાના ભાઇ સીમોનને ઈસુ પાસે લાવ્યો તેમ યોહાને પોતાના ભાઇ યાકુબને ગુરૂની પાસે તેડી આણ્યો કે નહિ? જો કોઇના મનમાં એવો સવાલ ઉઠે તો તે વાજબી છે. પણ એ સવાલના જવાબમાં એમ કહેવાય કે, યાકુબ હજી ગાલીલમાં પોતાને ઘેર રહી માછલાં પકડવાનો ધંધો કરતો હતો, માટે તેનાથી આંદ્રયાની પેઠે થયું નહિ. આ વખત પ્રભુ ઇસુને અરણ્યમાંથી પાછા આવ્યાને ત્રણ દિવસ થયા હતા અને એ ત્રણે દિવસ પોતાના નવા શિષ્યોની સાથે ગાળ્યા હતા. પછી ચોથે દિવસે તેણે ગાલીલમાં જવાનો રસ્તો લીધો હતો. રસ્તે જતાં તેને વળી એક નવો શિષ્ય મળ્યો ને તે પણ ગાલીલના બેથસાઈદાનો રહીશ હતો. એટલે જે ગામમાં ઉપર બતાવેલા શિષ્યો રહેતા હતા ત્યાં આ જણ રહેતો હતો. તેને બોલાવતી વખત પ્રભુએ લાંબું ભાષણ કીધું હોય એમ દેખાતું નથી, પણ માત્ર એક શબ્દ કહ્યો કે, "મારી પાછળ આવ." આવું પ્રેમ ભરેલું ને કોમળ આજ્ઞારૂપ વચન સાંભળીને તે ભોળા મનવાળો તરૂણ ગાલીલી માછી ઈસુનો શિષ્ય થયો, અને તેની પાછળ ચાલ્યો.

ત્યાંથી આગળ ચાલતાં પાંચમે દિવસે એક બીજો શિષ્ય મળ્યો તેનું નામ નાથાનાએલ હતું. તેને તેનો મિત્ર ફિલિપ ઈસુની પાસે તેડી લાવ્યો હતો. આગલે દિવસે ફિલિપને તારણદાતાનો મેળાપ થયો હતો, માટે તે તારનારની ખબર પોતાના ખરા મિત્ર નાથાનાએલને આપે એ તેનો પરમ ધર્મ હતો; એ ધર્માનુસાર તેણે પોતાની વર્તણુક ચલાવીને નાથાએલને કહ્યું કે, "નિયમશાસ્ત્રમાં જેના સંબંધી મુસાએ, તથા ભવિષ્યવાદીઓએ લખ્યું તે, એટલે નાઝારેથનો ઈસુ, યુસફનો દીકરો, અમને મળ્યો છે." એ વાત સાંભળી નાથાનાએલ વિચારમાં પડયો હશે કે વળી એવો તે કોણ હશે કે જેના વિષે મુસા જેવા મહાન વિધિસ્થાપકની શાહેદી હોય ને પુરાતન નબીઓ તથા ભવિષ્યવાદીઓની સાક્ષી હોય? ખરેખર એવો પુરૂષ કોઇ મોટો મહારાજા, તત્વજ્ઞાની કે શાસ્ત્રવેત્તા હોવો જોઇએ. તે કોઈ નાના હેરોદના વંશમાં જન્મેલો રાજ્યપુત્ર હશે? કે આપણામાં પ્રખ્યાતી પામેલા રાબી હિલેલ કે શામ્માઈની પાઠશાળાનો જ્ઞાની પુરૂષ હશે? જે વિષે મારો મિત્ર ફિલિપ કહે છે તે કોણ ને કેવો હશે? એ બાબત ઉપરાચાપરી તેના વિચારો દોડવા લાગ્યા હશે ને તે સંબંધી તેણે એ પુછપાછ કીધી હશે. ફિલિપે પોતાના મિત્રના સવાલનો જવાબ આપવામાં કાંઈ વિલંબ કીધો હોય તેમ નથી. તેણે આ મહાન પુરૂષ કોણ અને કયાંનો છે તે એકજ વાકયમાં કહી બતાવ્યું હતું. એટલે તેણે કહ્યું કે, "નાઝારેથનો રહીશ યુસફનો પુત્ર ઇસુ તે અમને મળ્યો છે." એ વાત સાંભળીને નાથાનાએલને કંટાળો આવ્યો. જેમ કોઇ અશુદ્ધ થએલો હિન્દુ ધર્મવિધિ પ્રમાણે પંચામૃતના ખોરાકથી કંટાળે, જેમ કોઈ પાણીનો તરસ્યો દરિયાના ખારા પાણીને પીતાં કંટાળે છે, તેમ આ વખત ફિલિપની વાતથી તેનો મિત્ર કંટાળી ગયો હતો. તે આસ્થાવાન ને ધાર્મિક યહુદી હતો પણ તે બીજા યહુદીઓની પેઠે દેહવાદી ને દેહ પર ભરોસો રાખી રહ્યો હતો, તેથી તેની સમજમાં એવું આવ્યું કે જેના વિષે મુસા જેવા મહા મોટા પેગંબરે શાહેદી આપી ને જેના વિષે બધા ભવિષ્યવાદીઓ શાહેદી આપતા આવ્યા તે શું નાઝારેથ જેવા કુગ્રામમાં અવતાર લે? ને તેમ હોય તો શું તે એક સુતારને ત્યાં જન્મ લે? એવી વિરૂદ્ધ ભાવના તે ચતુર પુરૂષના હૃદયમાં ઉપજી આવી હતી, માટે તેણે પ્રથમ એજ સવાલ પૂછયો કે, "શું નાઝારેથમાંથી કાંઈ સારૂં નિકળી શકે?" શું કોલસામાંથી હીરો મળે? કે શું રીંગણી પરથી દ્રાક્ષ મળે? કે શું થોરમાંથી કેળું મળે? એવા એવા સવાલો પૂછવા લાગ્યો. હવે આ ફિલિપ તે પણ પોતાના મિત્રના સરખો ચતુર હતો તેથી તેને જવાબ આપતાં વાર લાગી નહિ. તેને કાંઇ તર્કપ્રમાણો કે યુક્તિઓ શોધવાની જરૂરીઆત પડે તેમ નહોતું, માટે તરતજ ટુંકાણુમાં જવાબ આપી દીધો કે, "મિત્ર, આવીને જો" જે મહાન સદ્ગુરૂ વિષે મેં તને શાહેદી આપી છે તે કોણ ને કેવો છે તે જાતે

તપાસી લે; મારી સાથે આવ ને જો. તેમ તેનું કહેવું શું છે તે સાંભળો કેમકે અત્યાર સુધી તેની પેઠે કોઈ બોલી શક્યું નથી. ખરેખર તે સુતારનો પુત્ર છે, પણ તેની પાસે જે કોઇ આવે તેના પર ભારે અસર થયા વિના રહેતી નથી. એટલે તે માણસને જુએ છે ત્યારે તેઓનાં મનોની કલ્પના સુદ્ધાં જાણી લે છે. તે તેઓના ગુણ સ્વભાવ પારખી લેવાને શક્તિમાન દેખાય છે એટલુંજ નહિ, પણ મનોવૃત્તિ સુધી તેનું જ્ઞાન પહોંચી જાય છે, માટે "આવીને જો." વળી તે એવો સમર્થ છે છતાં મહા પાપી માણસો પર પ્રેમ રાખે છે. તેનો ધિક્કાર કરવાને બદલે માયાળુપણું બતાવે છે, ને ઘણી મમતાથી તેના તરફ પ્રેમ ભરી લાગણી બતાવે છે, ને પ્રેમ ભરી લાગણીથી તે તેને સુધારે છે. એવાઓને પોતાના જીવ સમાન સમજી સંભાળી રાખે છે. તેની પાસે અનુપમ તેજ ને ઇશ્વરી શુદ્ધતા છે. તે માણસ પર એવા અસરકારક થાય છે કે, જો તું તેના પર વિશ્વાસ રાખી તેનો શિષ્ય થયે ને તેની સાથે રહે તો ત્યાંથી દૂર જવાને તું ચાહશે નહિ. માટે મારા વ્હાલા મિત્ર, હું તને ભલામણ કરૂં છું કે તું "આવીને જો," તેની પાસે આવતાં જરા પણ વિલંબ કરીશ મા. વૃથા શંકાઓ લાવી વાર લગાડીશ મા. જો તને તેની ઓળખાણ થશે તો તેના પર તારો પ્રેમ સજજડ જડાઈ જાય એમ છે, ને એકદમ તું તેનું ભજન કરવા લાગી જશે માટે "આવીને જો." આ બધી વાતો બની ત્યારે પ્રભુ ઇસુનો મુકામ કાના ગામમાં થયો હતો.

(ઉપર બતાવેલું કાના નાઝારેથની ઉત્તરે ચાર મૈલ દૂર છે. તેને આરબ લોકોએ "કેફર કાના" નામ આપેલું છે).

ઉપર બતાવ્યા પ્રમાણે ફિલિપનું સમાધાનકારક ભાષણ સાંભળી નાઝારેથ સંબંધી નાથાનાએલની શંકા નિવૃત્ત થઈ હતી. જેમ અગ્નિની આંચ લાગતાં મીણની કઠણતા પીગળીને નરમ થાય તેમ તેના મનની કઠણતા પીગળી ગયેલી હતી, તેથી તેનું મન સમાધાન પામ્યું ને રાજીખુશીથી ઇસુ પાસે આવ્યો. જ્યારે નાથાનાએલ ઇસુની પાસે આવતો હતો ત્યારે ઇસુએ તેને છેટેથી ઓળખી લીધો હતો. ઇસુ તેના સંબંધી જાણી ગયો હતો કે આ આવનાર માણસ તે ખરેખરો દેવનો બંદો ને પ્રેરિત છે, માટે તેણે એના વિષે કહ્યું કે, "જુઓ, આ ખરેખરો ઇસ્રાએલી, કે જેનામાં કંઈ કપટ નથી!" નાથાનાએલે ઇસુનાં વચન સાંભળ્યાં તથા તેણે જે શાહેદી આપી તે ધ્યાનમાં લીધી, ત્યારે તેણે નમ્રતાપૂર્વક કહ્યું કે, "પ્રભુ, તું કયાંથી મને ઓળખે છે?" ત્યારે પ્રભુએ તેને અંજીરના ઝાડની નિશાણી આપીને કહ્યું કે, "જ્યારે તું અંજીરી તળે હતો, ત્યારે મેં તને દીઠો." આ અદ્‌ભુત નિશાણીનું જ્ઞાન થતાં નાથાનાએલની આંતરિક આંખો ઉઘડી ગઇ, તેનાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં થયાં.

ત્યારથી તે જ્ઞાનદૃષ્ટિએ જોવા લાગ્યો, ને નાઝારેથની નાની સરખી છાપરીમાં રહેનાર તથા યુસફના પુત્ર તરીકે ઓળખાનાર માણસના પુત્રે તેને યાકુબની સીડીનાં દર્શન કરાવ્યાં, ને તે તેના તેજ આગળ અલોપ થઈ હતી (યોહા. ૧ ; ૫૧). અંજીરીના ઝાડ નીચે શાસ્ત્રપાઠ વાંચતાં તથા દેવનું ધ્યાન ને આરાધના કરતાં તેના મનમાં ઇશ્વરી સમાગમનું સમાધાન થએલું હતું, અને આ સમાગમ ઇસુનો હતો, એમ તેના મનની ખાતરી થઈ કે તુરત પવિત્ર આત્માનો બોધ પામ્યો, તેથી ઇસુને "ગુરૂજી" તથા તારનાર માની તેનો શિષ્ય થયો (યોહ. ૧; ૪૯). સત્યશાસ્ત્રમાં જોતાં બાર પ્રેરિતો મધ્યે નાથાનાએલનું નામ દેખાતું નથી; પણ ત્યાં એક બારથલમીનું નામ આવે છે, તેથી કેટલાએક વિદ્વાનો એવો મત બતાવે છે કે જે બારથલમી તેજ નાથાનાએલ હશે. પ્રેરિતોનાં નામોની ટીપ જે ત્રણ ઠેકાણે છે તે ત્રણે જગ્યાએ ફિલિપના નામ સાથે એ નામ આવે છે, પણ માત્ર યોહાનમાંજ એ નામ બીજું આવે છે તેથી માત્ર યોહાનેજ તેમ કીધું હશે (માત્થી ૧૦; ૩૩. માર્ક ૩; ૧૮. લુક ૬; ૧૪. યોહા. ૨૧; ૨). આ પ્રેરિત હિન્દુસ્તાનમાં સુવાર્તા પ્રગટ કરવા આવેલો હતો એવી તેના વિષે દંતકથા ચાલે છે.

અધ્યાય ૬ ઠો.

ઇસુનો પ્રથમ ચમત્કાર—કાના ગામમાં લગ્નની હકીકત.

પ્રભુ ઇસુ ખ્રીસ્તનું ઇશ્વરપ્રેરિત જીવનચરિત્ર લખનારામાંનો એક જણ એવું કહે છે કે ત્રીજે દહાડે ગાલીલના કાનામાં લગ્ન હતું. આ ત્રીજો દહાડો તે કયારથી હતો એ વિષે ખાતરીપૂર્વક હકીકત લખેલી નથી, તોપણ સંભવે છે કે નાથાનાએલને શિષ્ય થવા સારૂ તેડયો હતો ત્યારથી ત્રીજો દહાડો ગણેલો હશે. આ લગ્નપ્રસંગમાં પોતાના શિષ્યો તથા પોતાની મા સુદ્ધાં નહોતરાએલાં હતાં. ત્યાં જે ઘરને લગતું કામકાજ હતું તેમાં તેની મા મરિયમ સામેલ દેખાતાં હતાં, એ પરથી એવું અનુમાન થાય છે કે આ લગ્ન કરનાર તેનો સંબંધી હશે, તેથી તેણે ઇસુને તથા તેના શિષ્યોને તથા તેની માને આમંત્રણ આપ્યું હશે. એમાં યુસફનું નામ આવતું નથી તેથી એમ સમજાય છે કે આ વખત પહેલાં તેનું મરણ થયું હશે. યહુદી કોમમાં જે ગૃહસ્થ ગણાતા હતા તેઓમાં લગ્નનો ઓચ્છવ એક અઠવાડિયા સુધી પાળતા હતા, ને એમ સાત આઠ દિવસ ખાવાપીવામાં તથા ધામધુમમાં ગાળતા હતા. પણ જેઓ સાધારણ અને ગરીબ લોકો હતા તેઓ માત્ર એક બે દિવસમાં તે કામ આટોપી લેતા હતા. અને આ લગ્ન કરનાર આસામી તે

તો ગરીબ સ્થિતિનો હતો એમ જણાય છે, કારણ કે દેશાચાર પ્રમાણે વિવાહપ્રસંગે વપરાતા પદાર્થ વિષે તેને તંગી પડી હતી. માટે એવું અનુમાન થઈ શકે છે કે જો તે તાલેવર હોત તો તેમ થાત નહિ. વળી જે ચીજ ખુટી ગઇ તે વિષે મરિયમને લાગલી ખબર મળી; એ પરથી તે માણસની ગરીબ સ્થિતિ હતી એમ ચોકસ રીતે દેખાઈ આવે છે. જ્યારે મરિયમે જાણ્યું કે અમુક ચીજ ખુટી પડી ત્યારે તે ચિંતાતુર થવા લાગી. હવે શું કરીએ? મહેમાન, પરોણા તથા નહોતરાયલા સાજનોની સરભરા કેમ થશે? ને જો તેમ કરવામાં ખામી રહેશે તો નિકટના સંબંધીની આબરૂ જશે, માટે જો આવેલા માણસોનું સન્માન સચવાય તો તે સારૂં ને શોભતું છે. એવી એવી ફિકર ચિંતામાં તે ગભરાવા લાગી, પણ પોતાનો પુત્ર ઈસુ ત્યાં છે એમ જાણી ધીરજ આવી. તેના જન્મ પહેલાં દૂતનો સંદેશો તથા જન્મવખતે ઘેટાં-પાળકનું આગમન તેમજ દૂર દેશથી માગીઓનું આવવું એ બધા બનાવો પરથી તેના મહા પરાક્રમની ખાતરી હતી, માટે તેણીને જરા ધીરજ આવી ને એવી આશા થઈ કે આ વખતે ઈસુ કાંઈ અદ્ભુત પરાક્રમ દેખાડી આ ગરીબ કુટુંબની ગરજ સારી શકશે. દેવકુંવરનું પરાક્રમ ને શક્તિ જોવા સારૂ તે આસરે ત્રીશેક વર્ષથી આશા રાખી રહી હતી, પણ એ આશા હજી અધુરી રહેલી હતી. થોડા દિવસો પહેલાં યોહાને તેના પુત્ર વિષે શાહેદી આપેલી છે. તેનું બાપ્તિસ્મા થયું ને તેને શિષ્યો પણ મળ્યા; હવે તે ગુરૂ કે સ્વામી નામે ઓળખાય છે, ત્યારે શું હવે ચમત્કાર કરી પરાક્રમ બતાવવાની વેળા નથી? આ વખત ગરીબ સગાંઓની આબરૂ જાળવવાનો તથા તેઓ પ્રત્યે પરોપકારી-પણું બતાવવાનો પ્રસંગ છે, તેથી જો આપણે આ દુ:ખની વાત તેને જણાવી હોય તો કાંઈ મોટું કાર્ય કરે ને આ લોકોની આબરૂ સાચવે તો ઠીક થશે. એવા એવા વિચારો તેણીના મનમાં ઘોળાવા લાગ્યા હશે, ને તેમાં તેનો હેતુ તે શુદ્ધ અને તેનો વિશ્વાસ તે દૃઢ હતો. પોતાની આંખ આગળ પોતાના વહાલા પુત્રનો મહિમા પ્રગટ થાય તે કેવું ઉત્તમ છે એવી જાતના પરોપકારી અભિમાનની કિંચિત્‌માત્ર છાયા તેના હૃદય પર પડેલી હશે. માટે મહા દુષ્ટ આત્માએ દેવપુત્રનું નામ આપી પોતાને સારૂ ચમત્કાર કરવાને સૂચવ્યું હતું, ત્યારે તેણે પોતાનો ઈશ્વરી સંબંધ દેખાડી તેની વાત માની નહોતી, એમાં તેનો ઈશ્વરી અધિકાર તથા સ્વતંત્રતાનો ઠરાવ દેખાય છે; તેમજ તેથી તેણે પાપમોહ પર જીત મેળવી હતી. હાલમાં તેની માએ માનવી સંબંધ પ્રમાણે પરોપકારને અર્થે ચમત્કાર કરવાની સૂચના કીધી, પણ તેણે પોતાનો ઈશ્વરી સંબંધ બતાવવા પ્રથમ તે વિનંતી માન્ય કીધી નહિ, કારણ કે હવેથી મરિયમની સાથે પુત્રપણાના સંબંધમાં ફેરફાર થવાનો હતો. હાલમાં તે દેવપુત્ર તરીકે પ્રગટ થવાનો છે, માટે તેના કાર્યનું ધારણ દેવની ઈચ્છા પર

અવલંબન રાખે છે, માટે તેને માણસની ઇચ્છા પ્રમાણે (તે માણસ પોતાની વહાલી મા હતી તોએ) વર્તવાનું નહોતું. તેથી જ્યારે મરિયમે તેની આગળ દ્રાક્ષરસ ખુટી ગયાની વાત કરી ત્યારે તેના કહેવાનો ભાવાર્થ જાણીને પ્રભુએ તેને કહ્યું કે, "બાઈ, મારે ને તારે શું? મારો સમય હજી નથી આવ્યો;" મતલબ કે, મારા કામમાં હાથ ઘાલી મને આજ્ઞા આપો એ તમારો અધિકાર નથી, પણ કેવળ મારા પર મારા બાપનો અધિકાર છે, ને તેની આજ્ઞા પ્રમાણે ચાલવું એજ મારૂં કામ છે. લોકવ્યવહાર પ્રમાણે મારો લૌકિક ગૌરવ તમેં ચાહો છો, તે ગૌરવ પામવાનો મારો સમય હજી આવ્યો નથી. એ પ્રમાણે જવાબ આપી મરિયમના અંતઃકરણમાં ઉપજેલો ઉભરો એકદમ દબાવી દીધો હતો. તેણીના અંતરમાં એવો વિચાર આવ્યો હતો કે મારો પુત્ર મારા કહેવાથી મહા અદ્‌ભુત ચમત્કાર કરી બતાવશે. પણ ઉપર પ્રમાણે જવાબ મળતાં તેણીના મનમાં પડેલી છાયા લોપ થઇ હશે. પછી તેજ જગ્યાએ ઇસુ પોતાનો પ્રથમ ચમત્કાર કરી દેવનો મહિમા પ્રગટ કરે છે. તેમાં તેણે એવું કીધું કે લગ્ન કરનારના ઘર પાસે આસરે અઢારેક મણ પાણી સમાય તેવાં પત્થરનાં કુંડાં પડેલાં હતાં. એ કુંડાંમાં નોકરોને કહી પાણી ભરાવ્યું. ઇસુની આજ્ઞા પ્રમાણે તેઓએ બધાં કુંડાં છલોછલ ભરી દીધાં. જ્યારે ઇસુએ જોયું કે મારી આજ્ઞા પ્રમાણે પાણી ભર્યું છે ત્યારે તેમાંથી એક પ્યાલું ભરી મંગાવ્યું ને તે જમણના કારભારીની પાસે મોકલાવ્યું. જમણનો કારભારી આ પ્યાલામાંનો દ્રાક્ષરસ ચાખતાં છક બની ગયો ને કહેવા લાગ્યો કે, હરેક માણસ પહેલાં સારો દ્રાક્ષરસ મુકે છે, ને માણસોએ સારી પેઠે પીધા પછી નરસ; પણ તેં હમણાં સુધી સારો દ્રાક્ષરસ રાખ્યો છે; કારણ કે પ્રથમ જે દ્રાક્ષરસ તમે આપ્યો તે આવો ઉત્તમ નહોતો.

પ્રભુ ઇસુના આ પહેલા ચમત્કાર વિષે વિચાર કરતાં આપણાં મન આશ્ચર્યથી ભરપૂર થાય એવું છે. તેણે પોતાની ક્ષુધાનિવારણને અર્થે રાનમાં શેતાનની સૂચના પ્રમાણે પત્થરની રોટલી બનાવી નહિ, પણ ભર્યા ગામમાં પાણીનો દ્રાક્ષરસ બનાવી લગ્નમાં નહોતરાએલાનાં મન પ્રસન્ન કીધાં. આ ચમત્કાર કરવામાં તેણે કાંઇ ડોળડમાક કે આડંબર કીધો નહિ; તેમ છતાં તે દ્રાક્ષરસ એવા ઉત્તમ પ્રકારનો બન્યો કે ઇશ્વરી શક્તિ શિવાય બીજાથી તેવો થાય નહિ. પાણીનો દ્રાક્ષરસ બનાવવો એ બરોબર નવીન પદાર્થ બનાવવા જેવું કામ છે, પણ પ્રભુને તેમ કરતાં અઘરૂં પડે તેમ નથી. પ્રભુ ઇસુનાં બધાં અદ્‌ભુત કામોનો વિચાર કરતાં એવું દેખાય છે કે તેઓ માણસના સુખને તથા આનંદને સારૂ પરોપકારાર્થે થએલાં છે.

આ વખત પ્રભુ ઇસુ લગ્નસમારંભમાં ગયો હતો; તે ઉપરથી એમ દેખાય છે કે લગ્નવિધિ એક પવિત્ર ક્રિયા છે એમ સમજી તેને માન આપવા

સારૂ તે ત્યાં ગયો હશે. ને બીજી એક વાત શિખીએ છીએ તે એવી કે બ્રહ્મચર્યવ્રત તે ઇશ્વરની દૃષ્ટિમાં વિશેષ માન્ય છે એમ નથી, તેમ તે પ્રભુને પ્રસન્ન કરવાનું સાધન છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે તે માનવને પવિત્રતા પમાડી શકે તેમ નથી.

આ ચમત્કાર વિષે એક વિદ્વાન ટીકાકાર એવું લખે છે કે મુસાના પહેલા ચમત્કારમાં અપરાધી લોકોની શિક્ષા સારૂ પાણીનું રક્ત થયું હતું, પણ ઇસુના પ્રથમ ચમત્કારમાં નિરપરાધી કુટુંબને સારૂ પાણીનો દ્રાક્ષરસ થયો! એ પરથી એવું દેખાય છે કે ઇસુનો ધર્મ માણસને પસ્તાવામાં નાખી પાપને લીધે ઉદાસી કે ખિન્ન કરી નાખે ને જીંદગીભર એવીજ હાલતમાં રાખે એવો નથી, પણ તે તેને નવું જીવન આપી સંતુષ્ટ અને આનંદી બનાવે એવો છે. મનુષ્યનો સંસાર પાપના કારણથી છેક હલકો—માત્ર તરણાતુલ્ય છે—એટલુંજ નહિ, પણ તે છેક નિર્મૂલ્ય મફતિયો કે ફોકટિયો છે. તે ઇસુની દયા તથા કૃપાથી દ્રાક્ષરસ પ્રમાણે રૂચી ઉપજાવનાર બને છે, ને મૂલ્યવાન થાય છે. કારણ કે જ્યારે તેની કૃપાથી સ્વધર્મ પરાયણપણું ઉત્પન્ન થાય ત્યારે તેનું સુખ તે દ્રાક્ષરસ કે દૂધતુલ્ય ગણાય ને તેથી શાંતિ તથા સંતોષ થાય છે (યશા. ૫૫). આ ચમત્કારનું તાત્કાલિક આત્મિક ફળ જે ઉત્પન્ન થયું તે એવું કે, "ત્યારથી ઇસુનો મહિમા પ્રગટ થયો અને શિષ્યોએ તેના પર વિશ્વાસ કીધો," એટલે એ કાર્યથી તેઓના વિશ્વાસની દૃઢતા થઇ, ને આગળ જતાં આ ગુરૂ કેવાં કેવાં પરાક્રમી કામ કરશે તે વિષે સદ્‌બોધ પામવાનો આ આરંભ થયો.

અધ્યાય ૭ મો.

ઇસુનાં કરેલાં કામોના મુખ્ય વિભાગો.

પ્રભુ ઇસુ ખ્રીસ્તના જીવનચરિત્રમાંની વાતોનો ખરો અર્થ સમજવા સારૂ તથા તેના અન્વયનું ખરૂં રૂપ જાણવા સારૂ ને તેના ઇતિહાસમાં બતાવેલાં સ્થળો ઓળખવા સારૂ તેની કાળમર્યાદા તથા બહારનાં રૂપો ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે.

૧. તેમાં પ્રથમ વાત એ છે કે જે લોકોને ખાસ રીતિએ દેવે નિવેડી લીધા હતા તેઓની પાસે એ આવ્યો હતો. ને નિવડેલ લોકો પ્રાચીન કાળે મૂર્તિ-પૂજક રાષ્ટ્રમાંથી જુદા કરાયા હતા. તે એક ઇલાયદા દેશમાં રાખવામાં આવ્યા હતા; ત્યાં તેઓને નિયમશાસ્ત્ર આપ્યું, જેને તેઓએ પોતાની રાજ્યધાનીના શહેરમાં મંદિર બંધાવી તેમાં રાખ્યું હતું. ત્યાં દેવનો ગૌરવ તથા દેવનું તેજ પ્રગટ થતાં હતાં. વળી આ લોકોના ધર્મશાસ્ત્રમાં એવી અગમ વાણીઓ

હતી કે ભવિષ્કાળે એક તારનાર (મસીહ) આવશે; તે યરૂશાલેમમાં શાંતિનું રાજ્ય સ્થાપન કરશે, ને તેની સત્તા આખી પૃથ્વી પર સ્થાપવામાં આવશે; તે સર્વનો નીતિ પ્રમાણે ન્યાય કરશે. તેથી એ લોકો તારનારની રાહ જોતા હતા, ને તેઓની પાસે તે તારનાર આવ્યો હતો. પરંતુ તેના આવવાની નિશાણી કેવી હશે, ને તેના આવવાનો વખત કયારે હશે તે ચોકસ રીતે જાણતા નહોતા. એ બાબત વિષે અગમ વાણીઓના જુદા જુદા ખુલાસા કરતા હતા. પણ એક વાતમાં તે બધાનો મત મળતો હતો, એટલે કે મસીહ આવશે ત્યારે પ્રથમ રાજ્યસ્થાપના કરશે ને પછી ધર્મનો ફેલાવો કરશે; તેના આવવાથી યહુદીઓને સુખશાંતિ મળશે, ને બધી બીજી પ્રજાને ન્યાયનીતિના કાયદા મળશે. એ બધું સીઓનમાંથી પ્રગટ થશે એવી આશા રાખતા હતા. મસીહનાં ગુણકર્મો વિષે એવી દૈહિક ભાવનાવાળા લોકો આત્મિક ઈસુનો અંગીકાર કેમ કરી શકે? માટે તેઓએ તેનો ત્યાગ કીધો. તેઓની યજ્ઞવિધિઓમાં તથા અગમ વચનોમાં મસીહના આત્મિક ગુણ તથા દૈહિક સંકટો ને મરણ બતાવેલાં હતાં, પણ સ્વાર્થબુદ્ધિના અંધાપામાં તે જોઈ શકયા નહિ. જો પ્રભુ ઈસુ તેઓની ઈચ્છા પ્રમાણે ચાલવા કબૂલ થયો હોત તો બધા યહુદીઓ તેનો અંગીકાર કરત એ નક્કી છે, પણ ઈસુ તેમ કરવા આવ્યો નહોતો; તે તો દેવની મરજી પ્રમાણે સર્વ દેશના લોકનું તારણ કરવા આવ્યો, માટે તેનાથી યહુદીઓની ધારણા પ્રમાણે કરાયું નહિ. તે લોકોને લડાઈમાં આગેવાની ભરેલો ભાગ લેવા તૈયાર થઈ બંડ કરનાર મસીહ ગમતો હતો: પણ આ રાંકડા જેવો ગરીબ મસીહ તેઓની નજરમાં આવ્યો નહિ. તેઓને ધામધૂમ તથા રાજ્યવૈભવવાળો મસીહ ગમતો હતો, પણ આ તો છેક ગરીબ જેને માથું મુકવાનું ઠેકાણું પણ નહિ, એવો આવ્યો. તેઓ એકતરફી યહુદીઓનુંજ ભલું કરનાર મસીહની વાટ જોતા હતા, પણ આ તો બધાને સરખી દયા આપનાર આવ્યો. તેઓ મસીહની મદદથી સ્વતંત્ર રાજ્યસત્તા લેવા ચાહતા હતા, ને રૂમી લોકની સત્તામાંથી છુટવાનું ઈચ્છતા હતા, પણ આ તો પાપની સત્તામાંથી છોડાવનાર મસીહ આવ્યો. તેઓ રૂમી સત્તા ભયંકર માનતા હતા, પણ આ તો પાપની સત્તા ભયંકર બતાવતો હતો. તેઓ પરાયા રાજ્યની ગુલામગીરી દુઃખદાયક સમજતા, પણ આ તો પાપની ગુલામગીરી વધારે દુઃખદાયક કહેતો હતો. એમ બધી વાતોમાં યહુદીઓની સમજણ જુદી પડી હતી માટે તેઓએ ખ્રીસ્તનો અંગીકાર કીધો નહિ. તેમજ જ્યારે તે લોકોની વૃત્તિ એકતરફીજ દેખાઇ ત્યારે પ્રભુ ઈસુએ કેટલોએક વખત સુધી પોતાની વાત જાહેરમાં આણી નહિ. જો તે દેશમાં ફર્યો હોત ને રાજા તરીકે દમામ દેખાડી પોતાને પ્રગટ કર્યો હોત તો બધા તેને માન આપી તાબે થવા તૈયાર હતા, પણ પ્રભુનો સંકલ્પ જુદો હતો માટે તેણે તેમ કીધું નથી.

૨. વળી બીજી વાત એવી છે કે બધા યહુદીઓ દેવપુત્રનો અંગીકાર કરે એવી દેવની ઇચ્છા હતી કે નહિ? ને જો એમ હોત તો એક અડચણ પડે એમ હતું. એટલે કે મસીહના સંબંધમાં જે ઈશ્વરી સંકેત હતો તે પૂરો થએલો જોવાત નહિ. વળી તેમાં જે મોટો ગુપ્ત ભેદ રહેલો છે તે પણ અદૃષ્ય રહી જનાર હતો. એટલે કે દેવના પૂર્વજ્ઞાન પ્રમાણે તેના સંકેતોનું અચળપણું તથા માણસોની સ્વતંત્ર ઇચ્છામાં તેના પર આવનાર જવાબદારીનું સામાન્યપણું કેવું છે તે આપણાથી અજાણ્યું રહેવાનું હતું. પાપી માણસોની વતી ખ્રીસ્તે દુ:ખ સહન કરવું એ ઈશ્વરનો અનાદિ ઠરાવ હતો, પણ યહુદીઓ એ વાતમાં અજાણ હતા. તેઓને યજ્ઞવિધિનું કાર્ય સોંપાએલું હતું પણ તેનો ખરો અર્થ સમજતા નહોતા. મસીહ અમારો તારનાર થવા અમારામાં આવશે, પણ તે અમારા હાથે માર્યો જશે એમ જાણતા નહોતા. જો કે ભવિષ્યવાદિઓ એ બાબત સૂચના કરી ગયા હતા, પણ આ વાત તે સમજ્યા નહિ. તેઓ રાતદિન ધર્મલેખો વાંચતા સાંભળતા પણ દૈહિક બુદ્ધિથી ખરો અર્થ સમજતા નહોતા. તેઓના અગમ બોધકોએ ખુલ્લંખુલ્લું કહેલું હતું, પણ એ લોકો તેનો જુદો અર્થ કરતા હતા. તેમજ પ્રભુ ઈસુએ તે વાત મોઘમમાં કહી બતાવી ત્યારે તેઓએ જુદો અર્થ કીધો, માટે ત્યાર પછી તે વાત ખુલ્લી રીતે જણાવી નહિ. છેક તેના મરણના છેલ્લા અઠવાડીઆ સુધી તે પ્રગટ ન કરી; યહુદીઓને ન કહી તેમજ પોતાના શિષ્યોને પણ ન કહી. તેથી ખ્રીસ્તને વધસ્તંભે જડવામાં પોતાની સ્વબુદ્ધિ પ્રમાણે દેવનો ઠરાવ પૂરો કીધો ને પોતા પર પાપનો દોષ ખેંચી લીધો. પ્રભુ ઈસુએ એવું માગ્યું નહોતું કે તમે મને મારી નાખો ને દેવનો ઠરાવ પૂરો કરો; પણ તેથી ઉલટું તેણે એવું માગ્યું હતું કે તમે મારો અંગીકાર કરો તો હું તમારૂં તારણ કરીશ. તેથી તેણે ઉપદેશ આદેશ ને નિષેધ કરીને સમજાવ્યા. એટલે કે તેણે તેઓને બોધ કીધો, વિનવીને કહ્યું, ધમકી આપીને કહ્યું, પણ બધું ફોકટ ગયું. દેવે તેઓને શાસ્ત્ર આપ્યું તેનો હેતુ એવો હતો કે તે લોકો સમજે ને પાળે તો બચાવ પામે, પણ તેઓ સમજ્યા નહિ ને તેની વાત પાળી નહિ તેથી નાશ પામ્યા. એજ રીતે તેઓના ઉદ્ધાર સારૂ મસીહ આવ્યો, પણ તે લોકોએ તેનો ત્યાગ કીધો, માટે જે તારણને સારૂ આવ્યો તેનો તેઓ ગેરલાભ લેવાવાળા બન્યા હતા. તેઓ પર પ્રભુ ઈસુ ઘણી પ્રીતિ રાખતો હતો, ને તેઓનું તારણ ચાહતો હતો એમાં શક નથી. જ્યારે તેણે યરૂશાલેમની છેલ્લી ભેટ લીધી ત્યારે કેટલી માયા બતાવી તે તેના છેલ્લા શબ્દો પરથી દેખાઈ આવે છે તેનો વિચાર કરો! (માત્થી ૨૩; ૩૦).

૩. હવે ત્રીજી વાત તપાસીએ કે શું બધા યહુદીઓ મસીહનો ત્યાગ કરનારા હતા? ને જો એમ હોય તો તે મસીહના અધિકારમાં ખામી દેખાઇ હશે? તેના જવાબમાં એમ કહેવાય છે કે જેઓ તારણ પામવાને માટે નિવડિત

હતા તેઓ ઈસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કરી તારણ પામ્યા, બાકી મોટો ભાગ અવિશ્વાસમાં રહી નાશ પામ્યો. જો કે ખ્રીસ્તના સંબંધમાં જે ઠરાવ થયો તે બધા યહુદીરાષ્ટ્રને નામે થયો પણ તેમાં સર્વની સમ્મતિ હતી એમ નથી; કારણ કે તે લોકોમાં જે ધર્મસભા હતી તેના સભાસદો સિવાય બીજા કોઈ ધર્મવ્યવસ્થાના કામમાં હાથ ઘાલતા નહિ, ને તે પ્રમાણે આ બાબતમાં બધી વાતનો નિર્ણય થયો હતો. ઉપર આપણે વાંચી ગયા છીએ કે યહુદીરાષ્ટ્ર એકજ માણસથી ઉત્પન્ન થએલી પ્રજાનું બનેલું હતું, તેથી ઘણે ભાગે ઐકયતા બતાવવાની રીત પાળનાર હતું. પ્રથમ તેઓનો પિતૃ એક એટલે ઈબ્રાહીમ, પછી તેઓનો દેશ પણ એક, વળી તેઓનો રિવાજ પણ એક, તેઓની ભાષા એક, તેઓનું શાસ્ત્ર એક, તેઓની વિધિઓ એક, તેઓનું મંદિર એક, તેઓનો યજ્ઞયાગ એક, તેઓની વેદી એક, તેઓનો પ્રમુખયાજક એક, તેઓનો દેવ એક, ને તેઓનો મસીહ એક; એ પ્રમાણે ઐકયતા હતી તે સારૂં કહેવાય. પણ તેથી એકતરફી ને સ્વાર્થસાધક થયા. દેવ સર્વ વિશ્વનો પિતા છે ને સર્વનું કલ્યાણ ચાહે છે એ ભૂલી ગયા. તારણદાતા મસીહ તે અમારૂંજ ભલું કરે, અમનેજ તારે, એમ માની બેઠા. તેનાથી બીજાઓનું તારણ થાય ને તેનાથી બીજાઓ આશીર્વાદ પામે તે સ્વાર્થી યહુદીઓને રૂચે તેમ નહોતું, માટે જેઓ સ્વાર્થબુદ્ધિવાળા હતા તેઓ ખ્રીસ્તનો અંગીકાર કરવાથી પાછા રહ્યા, ને જેઓ ખરા યહુદીઓ દેવભક્ત પરમાર્થ બુદ્ધિવાળા હતા તે ખ્રીસ્તનો અંગીકાર કરી તારણનો વારસો તથા અનંત જીવનના ભાગીદાર થયા. પણ એવા લોકો થોડા હતા. દેશમાં થોડા હતા, તેમ ધર્મસભામાં પણ થોડા હતા, માટે તેઓની વાત ગણકારવામાં આવી નહિ. સ્વાર્થબુદ્ધિવાળા ઘણા હતા; દેશમાં ઘણા તેમ સભામાં ઘણા હતા, માટે તે લોકોની વાત કબૂલ કરવામાં આવી, ને પ્રભુ ઈસુને વધસ્તંભે જડવાનો ઠરાવ અમલમાં લેવાયો. જો કે એ ઠરાવ વધુ મત પ્રમાણે ને એકતરફી હતો તોપણ બધી યહુદી પ્રજાના નામમાં હતો, માટે એમ કહેવાય કે, "તે પોતાનાની પાસે આવ્યો, પણ પોતાના લોકે તેનો અંગીકાર કર્યો નહિ." ને પરિણામ પણ એજ થયું કે જેમ બધી પ્રજાને નામે મસીહનો ત્યાગ કરાયો તેમ ખાસ નિવડિતો સિવાય બાકીની બધી પ્રજા એકંદર નાશની અવસ્થાએ પહોંચી ગએલી હતી.

એ પ્રમાણે ઉપર બતાવેલાં ખાસ તત્વો ધ્યાનમાં રાખીએ તો પ્રભુ ઈસુ ખ્રીસ્તની જીંદગીમાં જે જે વાતો બની તેનો ખાસ અર્થ સમજવાને સાધન પામીશું. તે બાબત આગળ જતાં વધારે વાત આવશે, પણ હાલ આ જગ્યાએ તેના લૌકિક કામના વિભાગ બતાવવાની અગત્ય છે. તેમાં મુખ્ય ત્રણ વિભાગ છે.

પહેલો ભાગ :—તેના લૌકિક કાર્યના આરંભથી પહેલું પાસ્ખા પર્વ આવ્યું ત્યાર સુધી (યોહા. ૨; ૧૩). તેના આરંભમાં મંદિરનું શુદ્ધિકરણ થાય છે. તે

અરસામાં, ને એ પહેલા વર્ષને અંતે તેણે એક આડત્રીશ વર્ષના માંદાને સારો કીધો (યોહા. ૫; ૧). ત્યાર પછી યહુદીઓ તેના પર તહોમત મુકી પત્થરે મારવાની મસલહત કરે છે. તે અરસામાં યોહાન બાપ્તિસ્મા કરનારનું મરણ થાય છે.

બીજો વિભાગ:—પર્વ પૂરૂં થયા પછી પ્રભુ ગાલીલમાં આવ્યો ત્યાર પછી આ ભાગનો આરંભ થયો હતો; ગાલીલમાં જે જે કામ તેણે કીધાં તેનો સમાવેશ તેમાં થાય છે. તેનો કાળ તે દોઢ વર્ષનો છે.

ત્રીજો ભાગ:—તેણે છેવટ ગાલીલ પ્રાંત છોડયો ત્યારથી તે યરૂશાલેમમાં છેલ્લો મુકામ કરી તેણે મરણ ભોગવ્યું ત્યાં સુધીની બીનાઓ વિષેનો છે. તેની મુદત વધારેમાં વધારે ૭ માસ ને ઓછામાં ઓછી પાંચ માસની હતી.

અધ્યાય ૮ મો.

ઈસુનું નગર કાપરનાહુમ.

હવે કાના ગામનો લગ્નોચ્છવ પુરો થયો ત્યાર બાદ પ્રભુ ઇસુ તથા તેની મા ને શિષ્યમંડળ કાપરનાહુમમાં આવ્યાં. અહીં આવવાનું શું પ્રયોજન હતું તે બાબત સત્યશાસ્ત્રમાં કંઈ હકીકત બતાવેલ નથી. પણ અનુમાન કરતાં માલમ પડે છે કે તેના ચેલાઓ પૈકી પીતર ત્યાં રહેતો હતો ને તેણે પોતાના ગુરૂને આમંત્રણ આપી બોલાવ્યા હશે. પીતર મચ્છી પકડવાનો ધંધો કરતો હતો, ને આ શહેરમાં તેની પેદાશ તથા ખપત વધારે થતી હતી, માટે પોતાનું જુનું ગામ બેથસાયદા છોડીને આ શહેરમાં રહેવાનું રાખ્યું હતું; તેથી આ પોતાના નવા વાસના નવા ઘરમાં ગુરૂની પધરામણી કરવાની ઇચ્છા રાખે તો તેમાં નવાઈ નહિ. તેથી તે તેઓને ત્યાં બોલાવી ગયો હશે. પ્રભુ ઇસુ પોતાની માનવ જીંદગાની દરમિયાન આ શહેરમાં પ્રથમ આવેલો હતો, પણ આ વખત તે ઘણા દહાડા રોકાયો નહિ. જ્યારે બીજી વાર તે ત્યાં આવ્યો, ત્યારે તેણે પોતાના રહેઠાણને સારૂ આ શેહેર પસંદ કીધું હતું, ને ઘણો વખત તે ત્યાં રહ્યો હતો, માટે સત્ય લેખમાં કાપરનાહુમને "ઈસુનું નગર" એ ઉપનામ આપે છે. તેજ નામ સુવાર્તાના લેખકોએ પોતાના લખાણમાં વિશેષ ભાગે વાપરેલું હોય એમ દેખાય છે, માટે આપણે એ શહેરની ઓળખાણપીછાણ લેવી એ જરૂરનું છે એમ ધારી અત્રે તેનું ટુંક વર્ણન આપીએ છીએ. કારણ કે આપણો તારનાર પોતાની માનવદેહમાં પ્રગટ થયો ત્યારે તેણે પોતાની જીંદગીનો કેટલોએક વખત અત્રે ગુજાર્યો હતો.

કાપરનાહુમ એ નામનો શબ્દાર્થ વિશેષણરૂપે ગુણ બતાવનાર થાય છે, એટલે કે સમૃદ્ધિનો બગીચો કે સમૃદ્ધિનો બાગ એવો તેનો મૂળ અર્થ છે. અને

એક કહેવત પ્રમાણે કથાકાળમાં ત્યાં તેમજ હતું. "યથા નામા તથા ગુણા." આ વાર્તા બન્યાને વખતે તે સ્થળ ખરેખરૂં સમૃદ્ધિવાન અને આબાદ હતું. તેની જમીન ઘણી માતબર ને કશવાળી માટે પેદાસ ઘણી થતી હતી. અનાજનો પાક પુષ્કળ થતો, તેમાં મુખ્ય ઘઉં તથા જવ વેળુની જેમ પાકતા હતા. વળી મેવાની પેદાશ પણ એથી અધિક થતી હતી. ઘણાં સરસ ને કિંમતી અંજીર તે આ જગ્યામાં થતાં હતાં, ઉમદા અને ઉત્તમ દાડમ તે તો ખાસ અહીંજ પાકતાં હતાં, સુંદર ને સ્વાદિષ્ઠ ઘણી સરસ નારંગી તે તો ત્યાંની ગણાતી હતી, એ શિવાય સુંદર ને ફળદ્રુપ દ્રાક્ષમાંડવા તે આ બગીચાના કહેવાતા હતા, વળી વસ્તીના લોકોમાં ખરા ઉદ્યોગી ખેડુતો તે આ શહેરના મનાતા હતા, મોટા ધીરજવાન ને સાહસ વેપારીઓ તે આ નગરમાં હતા, ખરા હિમ્મતવાન, બહાદૂર ને લડાયક શૂરવીરો તે તો ત્યાંના યોદ્ધા મનાતા હતા, ઘણા ચતુર ને હોશીયાર કારીગરો તે આ જગ્યામાં વસતા હતા, આખા ગાલીલ પ્રાંતનું મુખ્ય શહેર તે આજ હતું, આખા પાલેસ્ટાઇન દેશમાં પૂર્વ પશ્ચિમ ફરવાનું મુખ્ય બંદર તે આ હતું, અથવા એમ કહીએ કે પાલેસ્તાઈન દેશને દેશ દેશાવરનો માલ પૂરો પાડનાર ચૌટું તે આ હતું; માટે ત્યાં સમૃદ્ધિની પેદાશ ને સમૃદ્ધિનો બગીચો હોય એમાં શક નથી. જો કે તે મોટું ગંજાવર શહેર નહોતું પણ જરા નાનું સરખું શહેર હતું તોપણ ત્યાંની પેદાશ, ત્યાંની કારીગીરી, ત્યાંનો વેપારરોજગાર ને ત્યાંના ચતુર, ચપળ, હોશિયાર, ખંતીલા, ઉદ્યોગી, સાહસિક, ધીરજવાન ને બાહોશ માણસોએ તેને પ્રખ્યાત કરેલું હતું, ને જેમ તે માતબરપણામાં તથા તવંગરપણામાં અધિકતા દર્શાવનાર હતું તેમ તેની સુંદરતા તથા રમણિકતા પણ ઘણી સુંદર હતી. એના જેની શોભાવાન મનહર સૃષ્ટિ બીજી હશે કે નહિ એ વિષે તે વખતના ગ્રંથકારો સંશયશીલ દેખાઈ આવતા હતા. જે કોઈ ત્યાં જાય ને એ ભૂતળરચના નિહાળે તેને ત્યાં વસવાનું મન થયા વિના રહેજ નહિ. કેમકે મહા મોટા જળાશયને કિનારે મનપસંદ બાગ બગીચાવાળું આ શહેર બધી દિલગીરીનો નાશ કરી આનંદ આપનારૂં સ્થળ બની રહેલું હતું. તેની બધી સીમ લીલીછમ સરખી બાગ સમાન દેખાવ આપનારી હતી. તેની હવા ઘણી સ્વચ્છ, ને ગુલાબ, મોગરા, ચંબેલી, જાઈ, જુઈનાં ફૂલોની ખુશબોદાર મ્હેક મારતી હતી. વળી તેમાં નાના પ્રકારનાં સુંદર પક્ષીઓ પોતાનાં સુંદર પીછાંઓ બતાવી વિશેષ શોભા દેખાડતાં હતાં, એવું આ કાપરનાહુમ ગેન્નેસારેત સરોવરને કિનારે હતું. ગેન્નેસારેત સરોવરનાં બીજાં બે નામો આપેલાં છે, (યોહા. ૨૧ ; ૧) તેમાં તેને તીબેરિયસનો સમુદ્ર કહે છે, ને માત્થી ૧૫ ; ૨૯ માં તેને ગાલીલનો સમુદ્ર કહેલો છે. એ મહા મોટો જળાશય ઉત્તર દક્ષિણ તેર મૈલની લંબાઈમાં છે, ને પૂર્વ પશ્ચિમ ૭ મૈલ પહોળાઈમાં છે. તેના કિનારાની જમીન હાલ વસ્તી વિના ઉજડ પડેલી છે, તેથી તેની શોભામાં ઘટાડો થયો હશે

એમ આપણા મનમાં વિચાર આવે પણ વાસ્તવિક રીતે જોતાં તેમ થયું નથી. કારણ કે ઘણા ઘણા યાત્રાકારી મુસાફરો ત્યાં ગયા ને જાય છે. તેઓ લખે છે કે તેનું પાણી શુદ્ધ નિર્મળ સ્ફાટીક સરખું ચળકાટ મારે છે. તેના ઉપર આકાશનું પ્રતિબિંબ પડતાં વખતોવખત તેનાં રૂપ રૂપાંતરો જુદાં દેખાઇ આવે છે. વિશેષ પ્રાત:કાળને સમે જ્યારે ઉગતા સૂર્યનાં પંચરંગી કિરણો તેના પર આવે ત્યારે ઘણોજ ભવ્ય ને અનુપમ દેખાવ આપે છે. તે વખત તેની શોભાનું આબેહુબ વર્ણન કરવું તે લેખકને ઘણું દુર્લભ થઈ પડે એવું છે.

આ સ્થળનું વર્ણન કરનાર પ્રાચીન લેખક યોસેફસ (ઇ. સ. ૧૦૦માં થયો) લખે છે કે બધાં પાણી કરતાં આ સરોવરનું પાણી ઘણું મીઠું ને સ્વચ્છ છે. એ રીતે પાણીની તારીફ કર્યાં પછી તે તેના કિનારા પર લક્ષ આપે છે. ત્યારે તેના સંબંધમાં તેણે એવી નોંધ લીધી છે કે આ ભૂતળ પર શીતળ ને મધુર હવાવાળી આની બરાબરી કરનાર બીજી જગ્યા હશે કે કેમ એ શક ભરેલું છે. તે લખે છે કે તે જમીન પર એટલાં ઝાડો છે કે ત્યાં ગરમીનું નામ નથી. મોટામાં મોટાં તાડોનાં વન તે આ કિનારા પર વિસ્તાર પામેલાં છે. વળી તે જણાવે છે કે નારંગી, દાડમ, બદામ ને અંજીર આ જમીનમાં સહુથી સરસ ને વખાણવા લાયક પાકે છે. આ વિભાગના રસાળપણા વિષે તે લખે છે કે જ્યારે વરસાદની મોસમ બંધ થાય ને શિયાળાની મોસમ શરૂ થાય ત્યારે આ જમીન પોતાના પૂરા બળ સાથે ભરજોબન કે પૂરજુવાનીનો વેશ ધારણ કરી બીજી જમીન સાથે સ્પર્ધા કરતી હોય તેમ દેખાય છે! જાણે કે તે બીજી જમીનને કહેતી હોય કે, આવો, મારી બરાબરી કરનાર કોણ છે? જો તેમ હોય તો મારી સામે યુદ્ધમાં ઉતરો નહિ તો મારૂં સર્વોપરીપણું સ્વીકારી તાબેદાર બનો, એવું આમંત્રણ આપે છે! તે વખતે જે કોઈ તેને જુએ તે તેને હસ્તગત કરવાની ચાહના રાખશે.

વળી આ જગ્યાના માતબરપણા તથા ફળદ્રુપતા વિષે સત્યશાસ્ત્રમાં એક લેખ આપેલો છે, તે લેખ યોસેફસના કરતાં ઘણા પ્રાચીન કાળના ઈતિહાસમાં મોજુદ છે. એટલે આસરે ઈ. સ. પૂ. ૧૫૦૦ વર્ષ પહેલાં મુસાએ ઇસ્રાએલ ગોત્રનાં બાર કુળને આશીર્વાદ આપ્યો, તેમાં આ પ્રાંતની માલિકી પામનાર નાફતાલીને કહ્યું કે, "હે અનુગ્રહથી તૃપ્ત, ને યહોવાહના આશીર્વાદથી ભરપૂર નાફતાલી; તું પશ્ચિમનું તથા દક્ષિણનું વતન પામ" (પુન. ૩૩; ૨૩). એ વચનોમાં તે દેશની ઉત્તમતા દેખાઈ આવે છે. વળી તાલમુદના પુસ્તકોમાં તેના સંબંધમાં એવો લેખ મળે છે કે, "યહોવાહે પોતાના પસંદ કરેલાને સારૂ ખાસ ગાલીલ પ્રાંત ઠરાવ્યો છે."

એ પ્રમાણે આ સ્થળ તે ગાલીલ પ્રાંતનું મુખ્ય શહેર હતું. ને જેમ તે પેદાશમાં ચઢીઆતું હતું, તેમ વસ્તીમાં પણ અધિક હતું. ગાલીલ પ્રાંતમાં

વસ્તી ઘણી હતી તે બાબત યોસેફસ લખે છે કે, "નાનામાં નાનું ગામ હોય તોપણ તેમાં ૧૫,૦૦૦ ની વસ્તી ગણાય એવી ઘાડી વસ્તીવાળો ગાલીલ પ્રાંત છે." ત્યારે આ શહેરની વસ્તી ઘણી હોય એમાં સંદેહ નથી. તે સિવાય આ શહેર તે મોટા ચાર રસ્તાના મથક પર હતું, તેથી દેશ દેશાવરોના ઘણા મુસાફરો ત્યાં આવતા હતા. એક ધોરી રસ્તો યરૂશાલેમ તથા દમસ્ક શહેરનો ઉત્તર દક્ષિણ ચાલતો હતો ને બીજો પાલેસ્તાઈનના પૂર્વ કિનારાથી સીરીયા તથા મિસરનો, તેના મધ્ય ભાગે આ જગ્યા આવેલી હતી. વળી જે સમુદ્રકિનારે આપણે આ બંદર જોઈએ છીએ તે સમુદ્રમાં આસરે ચાર હજાર વહાણો ફરતાં હતાં, માટે તેની વસ્તી કેટલી અધિક હશે તે સહેજ જણાઈ આવે છે. એવા આ શહેરમાં આપણો તારનાર લગભગ બે વર્ષ રહ્યો હતો ને પોતાનું કામ કરતો હતો. ત્યાં તેણે ઘણો ઘણો બોધ કીધો ને ઘણાં ચમત્કારી કામો કીધાં તેનું વર્ણન આગળ જતાં આપણે જોઈશું. પ્રભુ ઇસુ પોતે પવિત્ર હતો માટે જો યહુદીઓના ધારવા પ્રમાણે કોઇ પવિત્ર તીર્થરૂપ યરૂશાલેમ જેવા શહેરમાં રહ્યો હોત તો ઠીક હતું. પણ આ તો પાપિષ્ટ વિદેશીઓના પ્રાંતનું શહેર છે, તે તેને લાયક ગણે એ કેમ હશે? ખરી વાત કે આ તો વિદેશીઓનું શહેર હતું. તેમ છતાં પ્રભુએ પોતાના રહેવાસને સારૂ પસંદ કીધું પણ તેમ કરવામાં એક ભવિષ્યલેખ પૂરો થાય છે કે, "ઝબુલોનના પ્રાંતના તથા નફથાલીમના પ્રાંતના, યરદન પાસેના સમુદ્રના રસ્તાઓમાં, એટલે વિદેશીઓના ગાલીલમાંના જે લોક અંધારામાં બેઠેલા હતા તેઓએ મોટું અજવાળું દીઠું, ને મરણસ્થાનમાં તથા મરણછાયામાં જેઓ બેઠેલા હતા, તેમના પર અજવાળું પ્રકાશ્યું" (માત્થી ૪; ૧૫, ૧૬). માટે આત્માની પ્રેરણા પ્રમાણે તેમ થયું હતું. ઉપર બતાવ્યા પ્રમાણે પ્રભુ ઇસુ જો કોઈ પવિત્ર પુણ્ય ભૂમિરૂપ સ્થળ પસંદ કરી ત્યાં રહ્યો હોત તો તેથી લોકોમાં તેની પ્રશંસા ને પ્રસિદ્ધિ થાત એમાં શક નથી. તેમ કરવું તે તેની પ્રકૃતિને વિરૂદ્ધ હતું, માટે તેણે પાપી લોકોની સાથે વસી અજ્ઞાન લોકોમાં વાસો કીધો હતો. તેવા લોકોની સાથે સહવાસ કરી તેઓનો સુધારો ચાહતો હતો. તે પોતે અહોનિશ ઈશ્વરનું ધ્યાન ધરનાર તથા તેનાં કાર્યોનું મનન કરનાર હતો તોપણ જંગલનો એકાંત વાસ પસંદ કરતો નહોતો, કારણ કે લૌકિક વ્યવહારમાં રહીને ઈશ્વરનું ધ્યાન ધરાય ને તેનાં કાર્યોનું મનન થાય એવો તેનો સદુપદેશ હતો, તેથી તેણે એવો ઉપદેશ રાખ્યો હોય તો નવાઈ નથી. વસ્તીથી અલગ થઈ વિરક્તપણું કે વૈરાગ દેખાડવો એવો ઈશ્વરી ઠરાવ નથી, ને એમ કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય એમ નથી. એ વાત પ્રભુ ઈસુ જાણતો હતો ને એ વાત શિખવવા આવ્યો હતો, માટે તેણે જે નમુનો આપ્યો તે એવોજ લાયક છે. બીજા ગુરૂઓ જે જે નિર્જીવ ક્રિયાઓના બોજા બતાવી ભ્રમણમાં નાખતા તે બધાનો બોધ તથા નમુનો જુદો હતો, પણ આ સદ્ગુરૂનો બોધ તથા નમુનો એકજ હતો. માત્ર દૈહિક કર્મક્રિયા ને યજ્ઞયાગ

ઇશ્વર માગે છે એમ તેનું કહેવું કે માનવું નથી; તેમજ દેહદમન કે કાયાકષ્ટ કરી વ્રતવ્રતાળ રાખી ઉપવાસ કરવા એ ઇશ્વરકૃપા પામવાનું સાધન છે એવું તે શિખવતો નહિ. પણ તેનું શિક્ષણ એવું છે કે સર્વપ્રત્યે દયાભાવ રાખો, ન્યાયીપણું પાળો, નમ્રતા દાખવો ને પ્રીતિથી વર્તો, એવા સદ્‌ગુણ ઇશ્વર ચાહે છે, ને તે તમારામાં હોય ત્યારે તમે તેની કૃપા પામશો.

એ પ્રમાણે પ્રભુ ઇસુ આસરે દોઢ કે બે વર્ષ આ શહેરમાં રહી બોધ તથા નમુનો આપતો રહ્યો. માત્ર એટલુંજ નહિ પણ ઘણાં અજાયબીભરેલાં પરાક્રમી કામો પણ કરતો. તે જગ્યા હાલ વેરાન જંગલરૂપ છે. એ મોટા શહેરનું હાલ નામ નિશાને દેખાતું નથી. જે ખરેખરૂં આબાદ ને ખીચોખીચ વસ્તીવાળું સ્થળ તે શિયાળવાંનું સ્થાન ને લોંકડાંનું રહેઠાણ ભાસે છે. શાસ્ત્રમાં બતાવેલી બીજી ઘણી ખરી જગ્યાઓની આજ સુધી નિશાણીઓ છે, પણ આ કાપરનાહુમની ચોકસ નિશાણી નથી; તેના સંબંધી જુદાં જુદાં બે ઠેકાણાં બતાવે છે, ને કહે છે કે એ બેમાંથી એક જગ્યામાં તે શહેર હતું. તે બાબતની શોધ ખોળ કરનારા મુસાફરો લખે છે કે એ બન્ને સ્થળ વસ્તીહીન છે. ત્યાં માત્ર થોડા ભટકતા આરબ લોકો પોતાનાં ઢોરઢાંક લઇ આમતેમ નેસડા નાખીને ફરતા ફરે છે. ત્યાં બીજા મુસાફરોને જતાં હાલ ધાસ્તી લાગે છે. એમ સુંદર ને રળીયામણી જગ્યા બીહામણી થઈ પડી તેનું કારણ શું હશે? વાંચનાર મિત્ર એ સવાલ પૂછે તો તે વાજબી છે, પણ તેનો જવાબ આપતાં દિલગીરીથી કહેવું પડે છે કે તે જગ્યાના લોકોએ દેવની કૃપાનો અંગીકાર કીધો નહિ તેથી તેને શ્રાપ મળ્યો હતો, કારણ કે તેઓના બચાવને સારૂ ઘણો બોધ મળ્યો, ઘણા ચમત્કારો દેખાડ્યા, છતાં તેઓનાં મન કઠણ અને અંતઃકરણ અણપસ્તાવિક રહ્યાં, તેથી છેલ્લી વારે તેને શ્રાપોચ્ચારણ અપાયું હતું. તે એવું કે, "ઓ કાપરનાહુમ, તું આકાશ સુધી ઉંચું ચઢયું છે, પણ તું પાતાળ સુધી નીચું કરાશે, કારણ કે જે પરાક્રમી કામો તારામાં થયાં છે તે જો સદોમમાં થયાં હોત તો તે આજ સુધી રહેત."

અધ્યાય ૯ મો.

મંદિરનું શુદ્ધિકરણ.

પાછલા અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે આ વખત થોડા દિવસ ઇસુ ખ્રીસ્ત ત્યાં રહ્યો, પછી તે યરૂશાલેમ જવાનો હતો, કારણ યહુદી લોકોમાં મનાએલું પાસ્ખા પર્વ પાસે આવતું હતું, માટે તે પ્રસંગે તે ત્યાં પર્વ પાળવા સારૂ જવાનો હતો. આ પર્વને વખતે આખા પાલેસ્તાઇન દેશના યહુદીઓ યરૂશાલેમમાં ભેળા થતા હતા, માત્ર એમજ નહિ પણ આખી દુનિયામાં

રહેનાર યહુદીઓ પોતપોતાને ઠેકાણેથી આ પ્રસંગે ત્યાં આવી પર્વમાં સામેલ થતા હતા. એ વિષે આગળ અમે કહી ગયા છીએ તે વાંચનારના ધ્યાનમાં હશે. આ પર્વ વખતે ઘણાંજ યજ્ઞો તથા અર્પણો ચઢાવવામાં આવતાં હતાં. તેથી આ મોટા મેળાવડાને સમયે મંદિરમાં બજાર ભરતા હતા ને તેમાં અર્પણને લગતી ચીજો તથા પ્રાણીઓનો વેપાર થતો હતો. એટલે ગાય, બળદ, ઘેટાં, બકરાં, હોલાં તથા કબુતરો વગેરે પ્રાણી ને બીજી મંદિરમાં ધુપદીપને લગતી સામગ્રી, ને વિદેશીઓનાં નાણાંને બદલે મંદિરમાં વપરાતાં નાણાં આપ લે ઈત્યાદિનો બહોળો વેપારરોજગાર ચાલતો હતો. ઉપર બતાવેલાં પ્રાણી પદાર્થો યજ્ઞસેવામાં કામ આવતાં. તેમજ ખાસ નાણાં ખંડણી તથા મંદિરના ધર્મવેરામાં વપરાતાં હતાં. તે વખત જે રૂમી સરકારના ચલણી સિક્કા ચાલતા હતા તે ધર્મસેવાના કામમાં વપરાતા નહિ, કેમકે તેના પર બાદશાહની છાપ હતી તેથી ધર્મસભાનો એવો ઠરાવ થયો કે એમાં મૂર્તિપૂજા જેવું છે માટે તે બાતલ કરવામાં આવેલા હતા, તેને બદલે યહુદી રાજ્યની કારકીર્દીમાં બનેલા સિક્કા ધર્મસેવામાં વાપરવાનો હુકમ હતો. આ સિક્કા લેવડદેવડમાં વેપારીને પાંચ ટકાનું વળતર મળતું હતું, માટે તેઓ લોકો પાસેથી નવા સિક્કા લઈ જુના આપતા હતા.

એ પ્રમાણે લોકોની સગવડતાના નામમાં ને મંદિરની આવકના વધારાના કામમાં એ પવિત્ર સ્થળે વેપાર કરવાનો રિવાજ ચાલુ કીધો હતો, માટે તે બધાનો સમાસ થવા સારૂ ભજનસ્થાનની ઘણી જગ્યા રોકવામાં આવતી હતી. પ્રાચીન કાળે તે મંદિરમાં કાંઇ લેવડદેવડ કે વેપારરોજગારની વાત કે નિશાણી નહોતી પણ પાછળથી એ રિવાજ શરૂ થયો હતો. તે વિષે તાલમુદના ગ્રંથમાં એક વાત લખેલી છે, તે એવી છે કે, બાબાબની બુટા નામના યહુદીએ પર્વને વખતે ત્રણ હજાર ઘેટાં આણ્યાં ને વિદેશીઓના આંગણામાં રાખ્યાં હતાં, ને તેણે તે જગ્યાએ પ્રથમ વેચ્યાં હતાં. એ આંગણું ઘણી જગ્યામાં ફેલાએલું હતું ને તેના ઉપર મંડપ કરાવેલો હતો, તેથી મોટા ચોક જેવી જગ્યા બનેલી હતી. આગળ જતાં વેપારના લાલચુ યહુદીઓને તે જગ્યા સગવડ પડતી બની. પછી આગળ ચાલતાં તેમાં વેપારરોજગારનો તથા દુકાનોનો વધારો થતો ગયો. તે એટલે સુધી કે ત્યાં એક બજાર ભરાવા જેવો દેખાવ થતો હતો. એમાં નાણાવટીના ચોતરા તથા પછીથી પક્ષીવાળાઓના મોટા પિંજરા ને ઘેટાં બકરાના વાડા તથા ગાયો ને બળદોની ગભાણો થઈ હતી. પરાત્પર દેવનું આ મંદિર જે સેવાભક્તિનું સ્થળ તે એ પ્રમાણે વેપારનું ઘર બન્યું હતું. જે ખાસ ધર્મધ્યાનને સારૂં ચણ્યું હતું તે દુકાનદારોની બજારરૂપ બન્યું, જે જગ્યા ઈશ્વરસ્તુતિનાં મધુર ગાયનો માટે હતી ત્યાં ગાય બળદના બરાડા સંભળાતા હતા; જેમાં પ્રાર્થનાનાં સ્તોત્રોનો અવાજ થવો જોઇએ તેમાં ઘેટાં બકરાં બેં બેં કરતાં હતાં. જે જગ્યા માત્ર

શાંતવૃત્તિને અર્થે હતી ત્યાં વેપારરોજગાર ને લેવડદેવડનો કોલાહલ થતો હતો. તે જોવાથી ભક્તિભાવનામાં આસ્થા રાખનારાઓ પોતાના મનમાં ખિન્ન થતા હતા. તેમ છતાં નાશવંત દ્રવ્યના લોભી વેપારી તથા યાજકો એ વાત પર વિચાર કરતા નહિ.

હવે જ્યારે પ્રભુ ઈસુ આ પર્વ પર ત્યાં આવ્યો ત્યારે આ પવિત્ર તથા નિવૃત્તિવાળા શુભ ભજનાલયમાં વ્યર્થતાને સારૂ પ્રવૃત્તિનાં કામો થતાં જોયાં, તેથી તેનું અંતઃકરણ દુઃખાયું ને બળવા લાગ્યું. તે પોતે મંદિરનો પ્રભુ હતો. આ મંદિર તેના મહાન પિતાનું ઘર હતું, માટે તેમાં જે ભ્રષ્ટાચાર ચાલતો હતો તે દૂર કરવાનું તથા મંદિરનું શુદ્ધિકરણ કરવાનું તેણે મન પર લીધું, ને તેમ કરવા તે ખરો હકદાર હતો. તેથી તેમણે ઝીણી દોરીનો એક ચાબુક બનાવ્યો. તે ચાબુક કોઈ પશુ, પક્ષી કે માણસને મારવા સારૂ નહોતો પણ તે પોતાના અધિકારયુક્ત નિશાન તરીકે હાથમાં પકડેલો હતો. તેણે એ બધા વેપારી લોકોને ખુબ ધમકાવ્યા અને ખાસ હુકમ કીધો કે તમારે આ જગ્યાએથી પોતાની દુકાનો એકદમ બહાર કાઢવી. આ જગ્યા તમારા વેપાર સારૂ બંધાવી નથી પણ દેવની સેવાભક્તિને સારૂ બનાવેલી છે, માટે "એ બધું અહીંથી બહાર કાઢો ને મારા બાપના ઘરને વેપારનું ઘર ન કરો." એ પ્રમાણે કહી નાણાવટીઓના માંચડા ઉથલાવી પાડ્યા ને કબુતર વેચનારાઓનાં પિંજરાં વિખેરી નાખ્યાં, તથા ગાયબળદ ને ઘેટાંબકરાં હાંકી કાઢયાં.

પ્રભુ ઈસુના આ કાર્ય સંબંધી જો કોઈને શંકા આવે કે તે એકલો હતો તેમ છતાં આ મોટા સમુદાયને કેમ ધમકાવી શકયો? એવા મોટા વેપારીવર્ગને દબાવવા તથા પોતાનો હુકમ મનાવવા તેને શું સત્તા હતી? ને સત્તા વિના તે લોકો કેમ માને? શું તેઓ તેની સામા થયા નહિ? તેના જવાબમાં એટલું કહેવું બસ થશે કે તેમાં તેઓ અપરાધી હતા તથા પ્રભુ ઈસુ અધિકારી હતા; એજ કારણ ને એજ સત્તા! આવી પવિત્ર જગ્યામાં દુકાનો કરવી એમાં તેઓ દોષિત હતા, ને ઈસુના કાર્યમાં તેનો અધિકાર હતો. તેઓનાં કામો અન્યાયી હતાં ને ઈસુનું કૃત્ય ન્યાયી હતું. તેનો યથાર્થ ક્રોધ ને પવિત્ર આવેશ જોતાં તેઓ દબી ગયા હતા. આના જેવી એક બીજી વાત ઇતિહાસમાં મળે છે, તેમાં એક તરફ આહાબ રાજા ને બીજી તરફ એક ઈશ્વરભક્ત એલીયાહ ભવિષ્યાદી. આહાબ રાજાએ અનીતિ કરી નાબોથ નામના યહુદી માણસની દ્રાક્ષવાડી છીનવી લીધી, ને વિના કારણે બીન અપરાધી નાબોથને દગલબાજીથી મરાવી નાખ્યો હતો. એ વાત એલીયાહના જાણવામાં આવી ત્યારે તેણે આહાબની પાસે જઈને તે અપકૃત્ય સંબંધી સખત રીતે ઠપકો આપ્યો ને ખુબ ધમકાવ્યો. એલીયાહના ઠપકાથી તથા ધમકીથી તે રાજાને ક્રોધ ચઢયો પણ તેનાથી એની સામું બોલી શકાયું નહિ, પણ બધું મુંગે મોઢે સાંભળવું પડયું. વળી બીજી

વાત કે જ્યારે શાઉલ રાજાએ ઉન્મત્તપણાથી પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ કામ કર્યું, ત્યારે શમૂએલે તેને બધા સૈન્યની રૂબરૂ ઠપકો આપ્યો, ને તે શાઉલે નિરૂત્તર થઈ સાંભળ્યો હતો. તે પ્રમાણે આ બીના પણ તેવીજ હતી. કેમકે દ્રવ્યલોભની લાલચમાં પડીને આ લોકો આંધળા થયા હતા, ને આ પવિત્ર મંદિરને બજાર કે વેપારના ચકલારૂપ કીધું. ત્યારે તેઓ ઇસુની સામા થઈ શકયા નહિ, પણ તેની આજ્ઞાને તાબે થયા. એ રીતે તેના કાર્યનો આદરસત્કાર થયો.

૯ જો કે તે કાર્ય ભાવિક લોકોની નજરમાં સારૂં ને માન્ય ગણાવા લાયક હતું તોપણ મંદિરના અધિકારીઓને ગમ્યું નહિ. ઇસુનું કામ અયોગ્ય છે કે દોષરૂપ છે એવું તેઓથી કહેવાયું નહિ, પણ એક અપ્રસિદ્ધ ગાલીલી જુવાન આટલી હિમ્મત બતાવે તેમાં તો આપણે શરમાવું જોઇએ એમ તેઓની લાગણી ઉશ્કેરાઈ હશે. તેની તરફ તેઓ તિરસ્કાર ભરી નજરે જોવા લાગ્યા. આવો અધિકાર ચલાવનાર એક રીતિએ આપણી ધર્મસભા પર છાપો મારનાર ગણાય છે. તેણે આપણને પૂછ્યા વિના આપણા કામમાં હાથ નાખ્યો તે આપણે સહન કરવું નહિ, માટે આપણામાંના કેટલાએક તેની પાસે જવું ને આ કામ કરવાનો તેને શું અધિકાર છે તથા તે અધિકારની શું નિશાણી છે એ બાબત જવાબ માગવો, એવો ઠરાવ કરવામાં આવ્યો. પછી તેઓએ ઠરાવ મુજબ ઇસુની પાસે કેટલાએકને મોકલ્યા અને પૂછાવ્યું. તેના જવાબમાં પ્રભુ ઇસુએ જે વાત કહી તે તેઓ સમજી શકયા નહિ. જ્યારે તેઓએ નિશાણી માગી ત્યારે તેઓને કહ્યું કે, "આ મંદિરને તમે પાડી નાખો ને ત્રણ દહાડામાં હાથે નહિ બાંધેલું એવું મંદિર હું ઉભું કરીશ." એ વચનોનો ખરો ભાવાર્થ એ લોકો સમજી શકયા નહિ. કેટલોએક સમય વિત્યા પહેલાં તેના શિષ્યો પણ તે વાત સમજ્યા નહોતા. જ્યારે તે મરણ પર જીત મેળવી પુનરૂત્થાન પામ્યો ત્યારે તેના શિષ્યોને ખાતરી થઈ ને તે વચનનો ભાવાર્થ સમજાયો હતો, પણ અજ્ઞાન ફરોશીઓ તેથી અજાણ્યા રહ્યા. તેઓએ જે અર્થ લીધો તે પત્થરના મંદિર પર બેસાડયો હતો. એટલે જે મંદિરમાં આ ભાષણ થયું તે મંદિર પાડી નાખવાનું ને તેને ત્રણ દિવસમાં બાંધવાનું ઇસુ કહે છે ને એ તો દુર્ભાષણ કહેવાય, માટે તેઓએ પ્રભુને કહ્યું કે, "આ મંદિરને બાંધતાં છેતાળીશ વર્ષ થયાં છે તેને તું ત્રણ દિવસમાં ઉભું કરી શકશે?" એ શિવાય તેઓ વધારે બોલી શકયા નહિ; માટે ઇસુની આજ્ઞા માન્ય કરવી પડી. જ્યારે તેઓનાં લોભી અંતઃકરણમાં આ નિર્લોભી ઇસુની ક્રોધાગ્નિનો પ્રકાશ પડયો, ત્યારે તેઓ જાગૃત થયાં. તેઓનો અંતર આત્મા તે બોધ આપવા લાગ્યો, ને તેઓની સ્વાભાવિક વિવેક બુદ્ધિ ન્યાયાધીશ બની કહેવા લાગી કે તમારૂં કામ ખોટું ને ઇસુનું ખરૂં છે. તે વાજબી ગણી સન્માન સાથ માનવું પડયું હતું.

આ મંદિર બાંધતાં લગભગ છેંતાળીશ વર્ષ વિતી ગયાં હતાં, તોપણ યહુદીઓની ધારણા પ્રમાણે તે પુરૂં થયું નહોતું. ઘણા પ્રાચીન કાળે સુલેમાન રાજાએ જે મંદિર બંધાવ્યું હતું તેની જગ્યામાં નવી ઈમારત કરી હતી; કારણ કે બાબેલના રાજાએ સુલેમાનના બંધાવેલા મંદિરનો નાશ કીધો હતો. ત્યાર પછી એઝરા તથા નહેમ્યાહના વખતમાં ફરી બંધાયું, ને આ હેરોદ રાજાના સમયે તેને પાંચસો જેટલાં વર્ષ થયાં હતાં. તેથી એ પુરાણી ને જુની ઈમારતનો જીર્ણોદ્ધાર કરવા સારૂ પુષ્કળ નાણાં જમા થયાં, ત્યારે હેરોદ રાજાની હસ્તક તે મરામતનું કામ ચલાવેલું હતું. એ કાર્યનો આરંભ ઈ. સ. પૂ. ૧૭ માં થયો હતો ને ત્યાર પછી દશેક વર્ષમાં મુખ્ય કામ પુરૂં થયું, ને બાકીનું બધું પુરૂં કરતાં છેંતાળીશ વર્ષો વિતી ગયાં હતાં. તેમાં એક હજાર ગાડાં તથા દશ હજાર કારીગરો કામે લાગેલા હતા. મંદિરનો મુખ્ય ને પવિત્ર ભાગ તે માત્ર યાજકોના હાથથી બંધાયો હતો ને તેને માટે એક હજાર યાજકો કારીગરનું કામ હાથે કરતા હતા. એમ કામ ચલાવતાં દોઢ વર્ષે માત્ર એક ભાગ પૂરો થયો હતો. એ બધી બીના યોસેફસના ગ્રંથમાં લખી રાખેલી છે. આ પ્રમાણે હેરોદના હાથથી સમરાવેલા મંદિરને લોકો હેરોદનું મંદિર કહેતા હતા.

હેરોદ રાજા ઈમારતો બંધાવવામાં પ્રવીણ હતો. તેણે ઘણી ઘણી ઈમારતો બંધાવી હશે પણ આવી ભવ્ય ઈમારત બીજી નહોતી. યરૂશાલેમમાં મોટામાં મોટી સુંદર ને સરસ ઈમારત તે આજ હતી. માત્ર એટલુંજ નહિ પણ આખા પાલેસ્તાઈન દેશમાં આના જેવી સુંદર ને મહા ગંજાવર બીજી કોઈ નહિ હતી. વળી તે ઉપરાંત કહીએ તો આખી દુનિયામાં વિશાળ ને સુશોભિત સુંદર ઈમારત તે વખતે હતી નહિ. માટે એમ કહેવાય છે કે સર્વથી શ્રેષ્ઠ, સુંદર ને શોભાવાન ઉત્તમોત્તમ ઇમારત તે આજ હતી, ને તેની બરાબરી કરનાર કોઈ બીજી નહોતી. તેનું ભોંયતળ તે ઉત્તમમાં ઉત્તમ સંગેમરમરના પત્થરનું બંધાવેલું હતું. તેમાં ઘણાં સુંદર ચિત્રામણો મીણાકારી જડાવ કામની પેંઠે જડી દેવામાં આવ્યાં હતાં, ને એમ ઉપર નીચે તથા આજુબાજુ પત્થરકામ શોભતું હતું. વળી તેમાં જ્યાં જ્યાં લક્કડકામ હોય ત્યાં ત્યાં નર્યું સુગંધી કાષ્ટ વાપરેલું હતું. તે શિવાય ઝાલરો તથા કાંગરા વગેરેમાં ચોકખું સુવર્ણ કારીગીરીનું બનાવેલું હતું. તેના પર સહેજ રોશની પડતાં સૂર્યના કિરણો માફક ઝગઝગાટ મારી રહેતું હતું. તેના મુખ્ય ને મોટા દરવાજા ઉપર સોનેરી દ્રાક્ષવેલો બનાવેલો હતો. તેમાં તેની ડાળી, ડાંખળીઓ, ફૂલ, પાત્રાં ને પાકેલી દ્રાક્ષલુમો બતાવેલી, તે પણ શુદ્ધ કુંદનનું કામ હતું, માટે તે ઘણું શોભાયમાન દેખાતું હતું. એવું સુંદર ભપકાદાર ઉત્તમ મંદિર શોભાવાન કારીગીરીથી શણગારવામાં આવ્યું હતું. તેમાં ચિત્ર-વિચિત્ર ભરતકામના સુનેરી પડદા લટકાવવામાં આવેલા હતા. એ વિષે ટુંકામાં કહેતાં આ મંદિરની અંદર શોભાને સારૂ સોનારૂપાની રેલમછેલ થઈ રહેલી હતી.

આવા આ મજબૂત ને ભવ્ય તથા શોભાવાન મંદિરને પાડી નાખી ત્રણ દહાડામાં યથાસ્થિત કરનાર ગાલીલી જુવાન તે કોણ હશે? ને તેમ બોલવામાં તેનો ઉદ્દેશ તે શું હશે? ને તેવું કરવાને સારૂ તેની શક્તિ કેટલી? એવા એવા સવાલો પુછવા લાગ્યા. પણ ઇસુના બોલવાનો ખરો અર્થ સમજ્યા નહિ. ખરી વાત કે ઇસુના ભાષણમાં આ મંદિરને પાડી નાખો ને હું તેને ત્રણ દહાડામાં "ઉભું કરીશ" એ શબ્દો આવ્યા હતા, પણ તેમ બોલવામાં તેનો આશય જુદો હતો. ઇસુનું કહેવું તે લાક્ષણિક હતું પણ તેના વિરોધીઓ તે અક્ષરે અક્ષર સમજતા હતા. પણ તે અર્થ જુદો હતો ને તેજ રીતે આગળના કેટલાએક ભવિષ્યવાદીઓ અગમવાણી બોલતા હતા. તેણે આવા ગુઢાર્થવાળાં માર્મિક ભાષણો ઘણીવાર આપ્યાં, તે બધાંમાં આ પહેલું ભાષણ હતું. તેમાં તેના અધિકાર સાથે આજ્ઞાર્થે ભાષણ આપ્યું છે, તેથી તેનું સાંભળનારા યહુદીઓના મન ઉપર સારી અસર થએલી હતી. જો કે આ માર્મિક વચનો બરોબર સમજ્યા નહિ તોપણ તે વચનો યાદ રાખી રહ્યા હતા, ને તેના પુનરૂત્થાન પછી ખરો અર્થ જાણી શકયા હતા. વળી બીજાઓ એ વાત યાદ રાખી તેના જુઠા સાક્ષી થયા. એટલે ત્યાર પછી ત્રીજે વર્ષે ઇસુને ગુનેહગારની પેઠે પકડયો, ત્યારે દોષયુક્ત બાનું શોધવાની જરૂર પડી, તેથી કેટલાએક જુઠા શાહેદી બન્યા. તેઓએ આ વાતની સાક્ષી આપી હતી કે ઇસુ મંદિર પાડવા સંબંધી જે બોલ બોલ્યો તે અમે સાંભળ્યા હતા. તે એવા કે, "આ મંદિરને તમે પાડી નાખો ને હાથે બનાવેલા આ મંદિરને હું પાડી નાખીશ, ને ત્રણ દહાડામાં વગર હાથે બનાવેલું એવું બીજું બાંધીશ" (માર્ક ૧૪; ૫૮).

પ્રભુ ઇસુનાં વચનોમાં ખરો અર્થ શું હતો તે શાસ્ત્રકર્તા પરિપૂર્ણ રીતે બતાવે છે. તેમાં તે સાફ લખે છે કે, "તેણે તો પોતાના શરીરરૂપ મંદિર વિષે કહ્યું હતું." ખાસ યહુદીઓના હાથથી મારૂં મરણ થશે એવી ગર્ભિત સૂચના આ વાકયમાં તેણે કીધી હતી, એટલુંજ નહિ પણ તે મરણથી જે મહા મોટું ફળ નિપજવાનું હતું તે પણ સૂચવેલું હતું; એટલે કે આજ સુધી ઇશ્વરભક્તિ આ હાથે બાંધેલા મંદિરમાં થતી હતી, તેમ સર્વ સેવા પામવા યોગ્ય દેવ તે દેવળમાંજ છે એવી માન્યતા હતી. પણ તમે મારૂં શરીરરૂપ મંદિર પાડી નાખશો ત્યાર પછી ત્રીજે દિવસે હું પુનરૂત્થાન પામી પાછો ઉઠીશ, એમાં મારા શરીરરૂપી નવું મંદિર બાંધીશ ને તે મંદિર તે તો મારી મંડળી છે; હું મરણમાંથી પાછો ઉઠી તે મંડળી બાંધીશ, તે દેવળરૂપ થશે ને તેમાં દેવનો વાસો થનાર છે. તે ઉપરાંત મારા દરેક ભક્તજનનું અંતઃકરણ તે મંદિરરૂપ થશે ને તેમાં દેવનો વાસો થશે (૧ કરીં. ૬; ૧૯. ૨ કરીં. ૬; ૧૬). એવું મંદિર હું બાંધનાર છું.

વળી તે ભાષણમાં એક ત્રીજો અર્થ રહેલો હતો તે એવો કે, "તે તેણે પોતાના શરીરરૂપ મંદિર વિષે કહ્યું હતું," એટલે તે દેવના અવતારી

પુરૂષ ને દેવના મંદિર જેવાને યહુદીઓ મારી નાખવાના છે, પણ તે પાછો ઉઠવાનો; તેમજ જે ખરેખરૂં મંદિર જે ઈમારતરૂપ હતું તે પણ યહુદીઓના ભ્રષ્ટાચારથી નાશ પામવાનું હતું. પૂર્વે આ દેવમંદિરમાં દેવનો આશીર્વાદ આવતો હતો, પણ હવે ત્યાં પાપાચાર તથા ભ્રષ્ટાચાર થવાથી દેવનો ક્રોપ ઉતરનાર હતો; તેના ભવિષ્યસૂચક અર્થમાં આવો ઈશારો કીધો હતો. તેઓનાં કાર્યો દેવના કોપનેં સંગ્રહ કરનારાં હતાં, ને તેથી વહેલોમોડો અચાનક તે ક્રોધાગ્નિ સળગી ઉઠશે ને આ સ્થળ નાશ પામશે એવું પણ સૂચવેલું હતું. ને તેની જગ્યાએ હું મારી જીવતી મંડળીરૂપ મંદિર બાંધીશ, તેમાં અહોનિશ દેવની સેવાભક્તિ થશે, ને આગળ જતાં એ પ્રમાણે થયું; એટલે જે દિવસે યહુદીઓએ પ્રભુ ઈસુને વધસ્તંભે જડાવ્યો તેજ દિવસે પ્રાચીન ધર્મવિધિનાં સર્વ ચિન્હો તથા લક્ષણોનો નાશ થયો, ને ત્યાર પછી દેવળનો અધિકાર પણ નાશ પામ્યો હતો. પણ તેની જગ્યા પર ઈસુએ પોતાની કબરમાંથી નવો ધર્મ કાંઢયો છે, ને તેમાં ખરા તથા જીવતા શુદ્ધ દેવની ભક્તિ શુદ્ધ રીતિએ ચાલુ કીધી છે, માટે જ્યારે પ્રભુ ઇસુએ એ મંદિર વિષે બોધભાપણ આપ્યું ત્યારે તેનો જવાબ આપવા કોઈ અધિકારી ઉભા રહ્યા નહિ, પણ નીચી મુંડીએ સાંભળ્યું ને પછી પલાયન થયા હોય એમ દેખાય છે. પણ તેઓના મનનો અંટસ ને અભિમાનયુક્ત કીનો તે ગયાં નહિ, તેથી હરેક રીતે ઈસુના કામમાં અડચણો ઉભી કરવા લાગ્યા ને તેમ કરતાં મન શાંત કરવા લાગ્યા. આ પર્વને વખતે કેટલાએક ઈસુના ચમત્કારો જોઇને તથા તેની વાત સાંભળીને તેના પર વિશ્વાસ કરવા તત્પર થયા, પણ સર્વજ્ઞ ઇસુએ તેઓનો ભરોસો રાખ્યો નહિ, કારણ કે તે દરેક માણસની વાત જાણનાર હતો (યોહા. ૨; ૨૩–૨૫).

અધ્યાય ૧૦ મો.

નીકોદેમસની વાત.

જે દિવસે પ્રભુએ આ મંદિરનું શુદ્ધિકરણ કીધું તે દિવસની સાંજે સાન્હેદ્રીમ સભાનો એક વિદ્વાન પંડિત ઈસુની પાસે આવ્યો, તેનું આચરણ તથા માનવું ફરોશીપંથ પ્રમાણે હતું. આ પંથના ઘણા ખરા માણસો દાંભિક, અભિમાની ને ગર્વિષ્ઠ તથા મિથ્યા મોટમ ધરાવનારા હતા, પણ બધામાં તે દુર્ગુણો હતા એમ નથી. તેઓમાંના કોઈ કોઈ શુદ્ધ અંતઃકરણવાળા ને સત્યની શોધ કરનારા હતા, ને તે પૈકી આ સદ્ગૃહસ્થ એક હતો, તેનું નામ નીકોદેમસ છે. તેણે મંદિરમાં ઇસુનો અલૌકિક બોધ સાંભળ્યો હતો, અગર બીજા કોઈ માણસે તેને વાત કરી હોય. વળી પ્રભુ ઇસુના ચમત્કાર તથા પરાક્રમી કામોની તેને ખબર મળેલી હતી, માટે તે પોતાના મનમાં જાણતો હતો કે, "આ ઇસુ

દેવ તરફથી આવેલો બોધક છે" એ પ્રમાણે તે પોતાના મનથી જાણતો હતો. તોપણ પ્રગટરૂપે ઇસુની પાસે આવી તેની મુલાકાત લેવી એ કઠણ લાગતું હતું, કારણ કે ઉપર બતાવેલા ફરોશીપંથનું થોડું ઘણું ખમીર અસર કરી રહેલું હતું. તેના મનમાં આવ્યું હશે કે હું સાન્હેદ્રીમ સભામાં બીરાજનાર સભાસદ છું, મારો વર્ગ તે પંડિતોનો વર્ગ છે, તેમ છતાં જો હું ઇસુની પાસે જાઉં તો મારૂં વજન ઘટી જાય; મારા સાથી મિત્રમંડળવાળા મારી મશ્કરી કરે માટે કેમ જાઉં? પણ તેના મનનો સદ્‌ભાવ તેને ઇસુ તરફ ખેંચતો હતો ને તેને દાબી દેવો અશકય હતું, તેથી તે નાહિમ્મતની પેઠે છાનામાનો રાતની વેળા ઇસુ પાસે આવ્યો.

જો કે તે રાત્રિની વેળા બીતો બીતો ઇસુ પાસે આવ્યો, તોપણ તેણે ત્યાં જે સંભાષણ કીધું તે તરફ જોતાં તે ઇસુને માન આપવા તથા સન્માન જોગ ગણવા ખુશી હતો, તેથી એવું જણાય છે કે તે ઇસુનો સત્કાર કરનાર હતો. મારા બરાબરીઆ તથા સાથી અધિકારીઓ તમારી ચિકિત્સા કરે છે પણ હું તમારી સલાહ લેવા આવ્યો છું; તમારો મેલાપ લેવામાં મારો એજ ભાવાર્થ છે કે તમને મળી તમારી સલાહ લેવી; કારણ કે, "અમે જાણીએ છીએ કે તું દેવની પાસેથી આવેલો ઉપદેશક છે." એ પ્રમાણે તેના બોલવામાં ઇસુને "દેવની પાસેથી આવેલો ઉપદેશક" એટલું કબૂલ કરે છે, પણ તે મસીહ છે એમ કબૂલ કરતો નથી. તે ઇશ્વર પાસેથી આવેલો છે ને તેથી તેની પાસે ઇશ્વર સંબંધી જ્ઞાન છે એ જ્ઞાન પામવાની આશા રાખી પોતે આવેલો છે એવું કહી બતાવે છે; ને સ્વર્ગપ્રાપ્તિ કે અનંત જીવન પામવા સારૂ શું કરવું જોઇએ એવો ગંભીર સવાલ પુછે છે, તેમ છતાં પોતાને જે કાંઇ જાણવાની ઇચ્છા છે તે ખુલ્લી રીતે બતાવતો નથી. પ્રભુ ઇસુ તે સર્વજ્ઞ છે, તે માણસોને જ્ઞાનપ્રકાશ આપે છે એટલુંજ નહિ પણ પાપમાં મલીન થએલા માણસોને શુદ્ધ કરે છે. જ્યાં સુધી માણસનું હૃદય અશુદ્ધ રહે છે ત્યાં સુધી તે દેવના જ્ઞાનનો લાભ પામી શકતું નથી, કારણ કે અશુદ્ધ મન જ્ઞાને કરી ફૂલાય છે તેથી અભિમાનમાં પડી વધારે શિક્ષાપાત્ર થાય છે, માટે પ્રભુએ તેને જે જવાબ આપ્યો તે લાયક છે. ફરોશી લોકો મહા કર્માભિમાની હતા. જો કે તેઓનો ધર્માચાર દૈહિક હતો, એટલે કે નહાવાધોવામાં, ખાવાપીવામાં, ઓઢવાપહેરવામાં ને અડકવા-અભડાવામાં તેઓનો આચારવહેવાર સમાએલો હતો, ને તેવી બધી બહારની ક્રિયાઓ નકારી અંતઃકરણની ખરી ક્રિયાનો જવાબ સાંભળ્યો, ત્યારે નાથાના-એલની પેઠે એનો ગર્ભ ગળી ગયો, ને તેના મનનો બધો ગર્વ નાશ પામ્યો, ને તેમાં પરિપૂર્ણ રીતે સત્યનો પ્રકાશ પ્રગટી આવ્યો. જાણે કે પ્રભુનું વચન નીકોદેમસના હૃદયમાં પ્રવેશ પામી તેને સુબોધ આપી કહેતું હોય કે, હે નીકોદેમસ, તારે કેવા થવું તે તું સાંભળ; તારે કેવા થવું એ તને બતાવવામાં આવે છે. પ્રભુના ખરા ભકતોને તથા આ ઇશ્વરી બોધકના ખરા શિષ્યોને જે પ્રથમ જરૂરની

વાત તે તો નવાપણાની વાત છે, ને એ નવો જન્મ પામનારો ખરો ને લાયક શિષ્ય થઈ શકે છે. તેના મનમાં જે મલીનતા કે પાપી ભાવના હોય તે નિકળી જવી જોઇએ.' હું આ દુનિયામાં દેવનું રાજ્ય સ્થાપવા આવ્યો છું, ને તે રાજ્ય તો નવું છે માટે તેની પ્રજા પણ નવી જોઇએ, આ રાજ્ય પવિત્ર છે માટે તેમાં દાખલ થનાર પ્રજાએ પવિત્ર થવું જોઈએ. જે જુનું મલીનપણું તે ઉતારવું ને પવિત્રતા પામી નવાપણું પામવું, તેથી "નવા જન્મની અગત્ય છે" આવા શબ્દો સાંભળી તે નીકોદેમસ સ્તબ્ધ બની ગયો. ઉપર બતાવેલું પ્રભુનું વચન સાંભળી ઠંડોગાર બની ગયો. મને આવો બોધ કરશે એવું તેના ધારવા કે માનવામાં આવ્યું નહોતું. તે પોતે ફરોશીપંથનો પંડિત અને ન્યાયી સભાનો મેમ્બર હતો. પોતે કડકડતી રીતે ફરોશીઓના ધર્મ પ્રમાણે નિયમશાસ્ત્ર પાળતો હતો, તેથી તેની અંતરશુદ્ધિ વિષે કાંઈ શંકા રહે એમ નહોતું. તે તો પોતાને પવિત્રજ ધારતો હતો. બીજા લોકો પાપી હોય પણ ફરોશી તો પવિત્રજ હોય એવું તે માનતો હતો. ફરોશી એ શબ્દ ખાસ વેગળા કરેલાનો અર્થ બતાવનાર છે, માટે તેઓની પવિત્રાઇમાં શું પૂછવું હોય! આવો બોધ તે તો બેસુન્નતી કે વિદેશીઓને માટે હોય. જેઓ મંદિરના દરવાજા બહાર રહેનારાં છે તેઓને હોય, અમને એવા બોધની જરૂર નથી. આ બોધક મને એવા માણસની પંક્તિમાં બેસાડવા ચાહે છે કે શું? એ પ્રમાણે આ આત્મિક રોગવાળાને આત્મિક દવાની કડવાસ લાગી, કારણ કે તે અસાધ્ય રોગની જાણ પામ્યા વિના રહેલો હતો, તેથી તે પોતાનો રોગ કબૂલ કરતો નથી. તેના પ્રત્યુત્તર તરફ જોતાં એવું જણાય છે કે સદ્ગુરૂના વચનનો સાર તે સમજ્યો નહિ, ને જો કદાપિ સમજ્યો હોય તો તે સ્થૂળ અર્થે સમજ્યો હતો. માટે તેણે કહ્યું કે, "માણસ ઘરડો થઇને જન્મ કેમ પામી શકે? તે શું બીજી વાર પોતાની માના પેટમાં પેસીને જન્મ લઈ શકે છે?" એ પ્રમાણે શંકા બતાવે છે પણ પોતે દેવના રાજ્યથી અજ્ઞાન કે વેગળો હોય એ વાત કબૂલ કરતો નથી. જાણે કે હજી તે પોતાના જ્ઞાનનો ભરોસો રાખી ઇસુના બોધને સૃષ્ટિક્રમ વિરૂદ્ધ કરાવવા માગે છે, પણ પ્રભુ ઇસુએ એ શબ્દવાદ પર કાંઇ ધ્યાન આપ્યું નહિ, પણ તેજ વિષય ચાલુ રાખી વાક્યઅલંકારમાં રૂપાંતર કરી બીજા શબ્દો ઉમેર્યા ને પોતાની વાતનો સ્પષ્ટાર્થ બતાવ્યો. તેમાં તે કહે છે કે, "જો કોઇ માણસ પાણીથી તથા આત્માથી જન્મ્યું ન હોય તો દેવના રાજ્યમાં તે જઇ શકતું નથી." મતલબ કે જે નવા જન્મ વિષે હું તને કહું છું તે દેહનો નહિ પણ આત્માનો જન્મ છે, અને એ નવા જન્મનો ક્રમ તથા તેની રીત તે અગમ્ય છે. જેમ વાયુનો ક્રમ ને તેની રીત સમજણ બહાર છે તેમ નવા જન્મની રીત એવીજ છે. જેમ વાયુ દેખાતો નથી તેમ આત્મિક જન્મ પણ દેખાતો નથી, માત્ર તેનાં ગુણકર્મોથી તે જણાઇ આવશે. પાણીના સ્નાનથી દેહશુદ્ધિ દર્શાવાય છે ને

પવિત્ર આત્માના સ્નાનથી આત્માની શુદ્ધિ દર્શાવાય છે. ત્યાર પછી અંતઃકરણ પવિત્ર કરાય છે, ત્યારે તે પાપ સંબંધી મરેલું ને ધર્મ સંબંધી જીવતું તથા બળવાન થાય છે. માટે જે નવો જન્મ મેં તને બતાવ્યો તે તો એવો છે.

એ પ્રમાણે પ્રભુ ઇસુએ બહોળા અર્થથી પોતાની વાતનો ખુલાસો કરી બતાવ્યો, તોપણ નીકોદેમસમાં રહેલું ફરોશીઆમીર ફુલતું ને ફુલતું રહે છે, માટે પ્રભુ ઇસુની વાત અશક્ય છે એમ લાગ્યું. તે હજી પોતાના સ્વપુણ્યનો આધાર ધરી કહે છે કે મને એ નવા જન્મની શી જરૂર છે? શું બરફને સફેદ કરવા ધોવો પડે? હું ઇબ્રાહીમના કુળમાં જન્મેલો રાબી છું, હું નિયમચુસ્ત ધર્માધિકારી છું, મારૂં કુળ, મારૂં જ્ઞાન ને મારૂં આચરણ તે પવિત્ર છે; વળી પવિત્ર સુન્નતને યોગે હું પુનર્જન્મ પામેલો છું, તો પછી બીજું શું રહ્યું છે? માટે મારે બીજા જન્મની જરૂર રહી નથી. પ્રભુ ઇસુએ તેના આવા અભિમાનને જાણી લીધું, ત્યારે તે અભિમાન તોડવા સારૂ તથા તેનું અજ્ઞાન બતાવવા એક ટકોર મારી કે, "તું ઇસ્રાએલનો ઉપદેશક થઇને શું એ વાતો નથી જાણતો?" સાન્હેદ્રીમ સભામાં તું અધિકારી ગણાય છે, તને હાકેમ એટલે જ્ઞાનીની પદવી મળેલી છે તોપણ આ વાતમાં અજ્ઞાન છે! આ વાત મોટા મર્મની કે ઉંડા ભેદની નથી, તે તો દેવના રાજ્યમાં પ્રવેશક વાત છે, તે તો માત્ર પહેલું પગથિયું છે, તેમ છતાં તું તે જાણતો નથી! જો તારી બુદ્ધિ એવી કાચી ને તારી અક્કલ એવી ટુંકી છે તો તારાથી બીજી ગહન ને માર્મિક વાતો કેમ સમજી શકાશે. જો એવી સંકોચિત બુદ્ધિ રાખે તો તું આકાશની વાતો જાણી શકનાર નથી. "જો મેં તમને પૃથ્વી પરની વાતો કહી ને તમે વિશ્વાસ કરતા નથી, તો હું તમને આકાશમાંની વાતો કહું તો તમે કેમ વિશ્વાસ કરશો?" માટે તારે જાણવું કે જે આકાશી હોય તેજ આકાશની વાતો જાણે છે.

આ વાતોમાં નીકોદેમસનું અજ્ઞાનપણું તથા તેના વિષે પ્રભુ ઇસુની લાગણી તે બતાવીને એનો દોષ દર્શાવી આપે છે. પોતાના શ્રોતાજન અજ્ઞાનમાં રહે ને તેઓ પર અજ્ઞાનપણાનો દોષ મુકાય એવું ઇસુ ચાહતો નહોતો, માટે આ સંભાષણ પૂરૂં થયા પછી તેણે દેવના રાજ્યનો ગુપ્ત મર્મ તે કેવો ને શું છે તેનો ખુલાસો કરી બતાવ્યો. માણસનો પુત્ર દુઃખ ભોગવી મરણાધીન થશે ને તેથી ઇશ્વરી ન્યાય પૂર્ણ કરાશે ને માણસોને સારૂ આકાશના રાજ્યનો માર્ગ ખુલ્લો કરાશે એ બધી વાતનો ખુલાસો કરી બતાવ્યો. આ મહા મૂલ્યવાન તારણ આપવામાં ઇશ્વરી પ્રેમ કેવો છે તે પણ કહી આપ્યું, જગતને સારૂ દેવનું દાન કેવડું મોટું ને મૂલ્યવાન છે તે દેખાડયું, તે દેવના પુત્ર પર વિશ્વાસ રાખનારને શું ફળ મળશે તે પ્રકટ કરી આપેલું હતું. વળી જેઓ અવિશ્વાસ રાખી કઠણ મન રાખનારા તેઓના ઉપર કેવો ને કેટલો દંડ આવશે તે પણ કહી બતાવેલું હતું. એવી જે અસાધારણ વાતો હજી બીજા લોકોને પ્રગટરૂપે કહેલ નહિ તે

આ જ્ઞાન ઇચ્છનાર ફરોશીને કહેવામાં આવી. આ વખતની મુલાકાત ફોકટ ગઇ નહિ પણ ફળવાન થઇ હતી, કેમકે તે દિવસથી નીકોદેમસ પ્રભુ ઇસુ પર પ્રીતિ રાખવા લાગ્યો, કારણ કે તે પોતાના મનથી તેના પર વિશ્વાસ રાખતો ને તેનો શિષ્ય થયો હતો. બીજા શિષ્યોની પેઠે તે એકદમ પ્રસિદ્ધિમાં આવ્યો નથી, તોપણ તે ઘડી પછી તારનાર પર તેણે ખરી પ્રીતિ રાખી હતી ને એક નિષ્ઠાથી તેના પર ભરોસો રાખ્યો હતો. તેના અંતઃકરણમાં આજે જે પ્રીતિનો અંકુર પેદા થયો તે યોગ્ય સમયમાં પ્રગટરૂપે ફળ્યો હતો, તેથી તેનામાં રહેનાર લોકલજ્જા તથા બીક તે નાશ પામ્યાં હતાં (યોહા. ૭; ૫૦ : ૧૯; ૩૯). પુરાતન વાર્તાઓ પરથી એવું જણાય છે કે પ્રભુ ઇસુ મહિમાવાન કરાયો ને પુનરૂત્થાન પામ્યો, ત્યારે આ નીકોદેમસ તેનો શિષ્ય થયો ને મંડળીની સાથે જોડાયો હતો. તેણે યોહાન તથા પીતરના હાથથી બાપ્તિસ્માનો પવિત્ર જળસંસ્કાર લીધો હતો; તે કારણથી યહુદી લોકોએ તેનો ધિક્કાર કરી ફટકા માર્યા ને યરૂશાલેમ બહાર કાઢી મુકયો હતો. પછી તેનો જાતભાઇ ગમાલીએલ તેને આસરો આપનાર થયો, ત્યાં તે મરણ સુધી વિશ્વાસુ રહ્યો ને પ્રભુમાં ઉંઘી ગયો; ત્યારે સન્માન સાથે સ્તેફનની કબરમાં મુકી તેની ક્રિયા કીધી.

હવે શાસ્ત્રલેખ ઉપર જોતાં એવું દેખાય છે કે આ પર્વ સમાપ્ત થયા બાદ પ્રભુ ઇસુ યહુદાહના પ્રાંતમાં ગયો હતો. પણ તે પ્રાંત કયાં હતો કે યહુદાહનો કયો પ્રાંત હતો તે વાત બતાવેલી નથી, પણ અનુમાન કરતાં એવું દેખાય છે કે તે લોકોને બાપ્તિસ્મા આપવા સારૂ યરદનકિનારા તરફ ગયો હશે. તે પ્રદેશમાં યરદનની સાથે બીજી નાની નાની નદીઓનો સંગમ થાય છે, માટે તે જગ્યામાં પુષ્કળ પાણી હોય છે તેથી બાપ્તિસ્માને સારૂ તે અનુકૂળ પડે એવું સ્થાન છે. પ્રભુ ઇસુ જ્યારથી ગાલીલ પ્રાંતમાં ગયો ત્યારથી બાપ્તિસ્મા આપવાનું કામ તેણે આરંભેલું હતું, ને તેમાં તે પોતે તથા પોતાના શિષ્યો પણ ભાગ લેતા હતા, એ પ્રમાણે થોડા દિવસ બાપ્તિસ્મા કરવાનું કામ ચલાવ્યું હતું.

જે વખત પ્રભુ ઇસુ બાપ્તિસ્મા સંસ્કાર આપવાનું કામ કરતો હતો તે વખતે યોહાન બાપ્તિસ્મા કરનાર યરદનકિનારો છોડી એનોનમાં કામ કરવા ગયો હતો. તે ઘણાં પાણીનું સ્થાન હતું ને શાલેમની પાસે આવેલું હતું, માટે યોહાને ત્યાં મુકામ રાખ્યો હશે. આ શાલેમ કયાં હતું તેની ચોકસ રીતે ખબર મળતી નથી. ઘણા ઘણા વિદ્વાન શોધકો શ્રમ વેઠી તેની ખોળ કરે છે પણ હજી ખાતરીપૂર્વક જગ્યા બતાવી શકયા નથી. વળી આ કથાના પ્રસંગમાં તેની વિગતવાર હકીકત જાણવાની જરૂર નથી.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે યોહાન તથા તેના શિષ્યો આ નવી જગ્યામાં આવી બાપ્તિસ્મા આપવાનું કામ કરે છે, તે દરમિયાન કેટલાએક યહુદીઓ તેના શિષ્યો કને આવ્યા ને શુદ્ધિકરણ વિષે વાદવિવાદ કરવા લાગ્યા.

યોહાનના કેટલાએક શિષ્યો પ્રભુ ઇસુ વિષે ભૂલ ખાતા ને પોતાના મનમાં મત્સર રાખતા હતા એવું તેઓના કામ પરથી જણાઈ આવે છે, કારણ કે જ્યારે તેઓએ જોયું કે અમારા ગુરૂના કરતાં ઈસુની પાસે જનારાની સંખ્યા વધે છે ત્યારે તેથી તેઓ દિલગીર થયા ને ઈસુ પર રીસે બળવા લાગ્યા, ને પોતાના ગુરૂ પાસે ફરિયાદ કરવા ગયા કે, ગુરૂજી, જે માણસ યરદનકિનારે તમારી પાસે આવ્યો હતો ને જેના વિષે તમે શાહેદી આપી હતી તે તો લોકોને બાપ્તિસ્મા આપે છે, ને ઘણા માણસો તેની પાસે સંસ્કાર લેવા જાય છે. આપણે આગળની વાતો પરથી જાણીએ છીએ કે યોહાન આ શિષ્યોની પેઠે સાંકડા કે સંકોચિત મનવાળો નહોતો, ને મત્સર તે શું છે એ તેના હૃદયમાં હતુંજ નહિ. તેવા દુર્ગુણથી તે પૂરો દૂર હતો, માટે તેણે પોતાના નાનાપણા વિષે ને ઈસુના વડાપણા વિષે ખુલ્લેખુલ્લી રીતે કહી બતાવ્યું કે, "જો કોઈ માણસને આકાશથી અપાયું ન હોય તો તે કાંઈ પામી શકતો નથી: તમે પોતે મારા સાક્ષી છો કે મેં કહ્યું કે હું તે ખ્રીસ્ત નથી પણ તેની આગળ મોકલાએલો છું. જેને કન્યા છે તેજ વર રાજા છે, પણ વર રાજાનો મિત્ર જે ઉભો રહીને તેનું સાંભળે છે તે વર રાજાની વાણીથી બહુ આનંદ પામે છે. એ માટે મારો આનંદ સંપૂર્ણ થયો છે, તે વધતો જાય પણ હું ઘટતો જાઉં એ અવશ્યનું છે." જેમ પ્રાત:કાળે ઉગતા સૂર્યસમીપ શુક્રનું તેજ લોપ થાય છે તેમ એ ન્યાયીપણાનો પ્રકાશિત ભાનુ ઉદય પામ્યો છે, માટે મારૂં તેજ અસ્ત થાય એ વાજબી છે. હું એક દૂત કે જાસુસ છું, પણ તે સનાતન દેવનો પુત્ર છે. તે સદાકાળનો વારસ ઠરાવાયો છે ને દેવ બાપે તેને સર્વ સત્તા આપી છે. પૃથ્વી પર કે આકાશમાં જે જે છે તે બધું તેને સ્વાધીન કરાએલું છે, કે તેના પર યોગ્ય વિશ્વાસ કરનારા તારણ પામે.

ઉપર બતાવેલી વાતોમાં યોહાન બાપ્તિસ્મા કરનાર પોતાના શિષ્યોને મસીહ વિષે જે શાહેદી આપે છે તે પર વાંચનાર મિત્રોનું ધ્યાન ખેંચાય એવું છે. તે પોતે પોતાનું કનિષ્ઠપણું કબૂલ કરી ઈસુનું શ્રેષ્ઠપણું બતાવે છે, એમાં તેની નમ્રતા કેટલી પ્રશંસનીય છે તે જુઓ! પોતાના શિષ્યોની રૂબરૂ પોતાનું કનિષ્ઠપણું કબૂલ કરવું ને બીજાને માન આપવું એ નમ્રતા વખાણ પામવા યોગ્ય છે. સાધારણ માણસ એવી નમ્રતા બતાવી શકતો નથી. તેમ કરવું તે નાનીસુની વાત નથી પણ તેમાં ઘણું મોટું મન રાખવું પડે એમ છે. સંકોચિત મનવાળો એમ કરી શકે નહિ. જો તમે વાસ્તવિક રીતે જોશો તો તે કેવું કઠણ કામ છે તે જણાશે. શું તમે તેમ કરી શકો છો? જો તેમ કરવાની શક્તિ તમારામાં હોય તો તમને ખરી ધન્યતા છે! આ મહાત્મા યોહાનને જેમ આપણે ધન્યવાદ આપીએ છીએ તેમ તેજ ધન્યવાદ તમને પણ મળે. જેમ તે પ્રભુ ઇસુને માન આપવા પોતાને નીચો કરે છે તેમાં તેની મોટાઈ તથા તેની ધન્યતા દેખાઈ આવે છે, તેમ તમે પણ તે પ્રમાણે કરો તો તેવીજ મોટાઈ ને તેવીજ ધન્યતા તમને મળે.

અધ્યાય ૧૧ મો.

પ્રભુ ઇસુ ફરી ગાલીલ પ્રાંતમાં જાય છે ને તે રસ્તે એક સમરૂની સ્ત્રીની ભેટ થાય છે.

આપણે ઉપર વાંચી ગયા છીએ કે યહુદાહ પ્રાંતમાં પ્રભુ ઈસુએ બાપ્તિસ્મા આપવાનું કામ શરૂ કીધું હતું, ને ઘણા માણસો તેની પાસે આવતા હતા; એ પ્રમાણે સારૂં કામ ચાલતું હતું, તે કેટલાએક ફરોશીઓને ગમ્યું નહિ, તેથી તે લોકો પ્રભુનો દ્વેષ કરવા લાગ્યા. તે દ્વેષભાવ રફતેરફતે વધવા લાગ્યો ને જેમ જેમ ઈસુની કીર્ત્તિ વધવા લાગી તેમ તેમ તેના પર રીસ ભરાતી ગઈ. આખર ક્રોધાંધ બની તેનો નાશ કરવા તત્પર થયા. પ્રભુ એ રીતનો દ્વેષભાવ જાણી ગયો ત્યારે ત્યાંથી નિકળી ગાલીલ તરફ ફર્યો. જો તે વધારે વખત ત્યાં રહ્યો હોત તો તેના શત્રુઓનો ભોગ થઇ પડત, માટે તે ચેતન પુરૂષ ત્યાંથી રવાના થયો. વળી તેજ અરસામાં હેરોદ રાજાએ યોહાન બાપ્તિસ્મા કરનારને પકડયો ને કેદ કીધો, માટે તે બન્ને કારણોને લીધે ઈસુએ યહુદાહ પ્રાંત છોડી ગાલીલમાં આવવાનું નક્કી કીધું. ત્યાં જતાં સમરૂનનો પ્રાંત વચમાં આવે છે. એ પ્રાંતમાં વસ્તીનો તમામ જથો સમરૂની લોકોનો હતો. ને સમરૂની લોકો યહુદીઓના પ્રતિસ્પર્ધી હતા તેથી તેઓ તેના પર વેરભાવ રાખતા હતા, તોપણ સાધારણ યહુદી કરતાં ફરોશી લોકો પર વધારે કીનો રાખતા હતા. તે વેર બન્ને પ્રજામાં અરસપરસ વાસો કરી રહેલું હતું માટે તેઓને અરસપરસનો વહેવાર રહ્યો નહિ. તેમાં ફરોશીઓ વધારે ઉમેરો કરતા હતા, કારણ કે તેઓ સમરૂનીને ઘેર જાય નહિ, તેને અડકે નહિ ને તેની સાથે બોલે પણ નહિ. જો કોઇ વખત એ પ્રમાણે અડકવું પડે તો તેથી આભડછેટ લાગે ને સ્નાનશુદ્ધિ કરવી પડે એવી ફરોશીઓની માન્યતા હતી, ને તે પ્રમાણે બીજા યહુદીઓને શિખવતા હતા. તેમ છતાં પ્રભુ ઈસુની વાત જુદી હતી. તે એવા વહેમી વટાળને કે ખોટી આભડછેટને લેખવતો નહિ. તેના નિર્મળ અંતઃકરણમાં માણસજાત પર દ્વેષભાવ રાખતો નહિ, માટે તે ખુશીથી તે લોકોનાં ગામોમાં ગયો હતો. આ વખત દિવસને ટાઢે પહોરે ચાલતાં ચાલતાં તે સૈખાર ગામ પાસે આવી પહોંચ્યો હતો. આ સૈખાર યરૂશાલેમની ઉત્તરે ત્રણેક દિવસની મજલ જેટલું દૂર છે, ને તે ઘણું પ્રાચીન ને જુનું શહેર છે, ને આજ સુધી તે મોજુદ રહેલું છે. હાલ તેનું નામ બદલી લોકો તેને "નબલુસ" કહે છે. આ શહેર પાસે યાકુબનો કુવો છે. ત્યાં આપણો તારનાર દિવસનો પ્રથમ પહોર વિત્યા બાદ મુસાફરીથી થાકીને વિસામો લેવા બેઠો હતો. તે વખત સંબંધી સુવાર્ત્તિક યોહાન એવી શાહેદી આપે છે કે, "ત્યારે આસરે બપોરનો વખત થયો હતો." ઇસ્રાએલ લોકોના મૂળ પૂર્વજ યાકુબે પોતાના પુત્ર યુસફને જે ખેતર વારસામાં આપ્યું હતું તેમાં તેણે આ

કુવો ખોદાવ્યો હતો (ઉત્પ. ૪૮; ૨૨), ને તેની પડોસમાં થોડે દૂર યાકુબની કબર બંધાવેલી હતી. આ શહેરની આજુબાજુનો પ્રાંત જેવો ત્યારે હતો તેવો આજ દિન સુધી રહેલો છે. ત્યાં વસનારાની સામે સમરૂનના એબાલ અને ગરીઝીમ પર્વતો દેખાઈ આવે છે. તેમાં બીજા ડુંગર ઉપર જોઇએ તો મનાસ્શેહ રાજાએ બંધાવેલા દેવળના પત્થર ઢગલેઢગલા દેખીશું. આ મનાસ્શેહ રાજાએ સમરૂનીઓને સારૂ એક દેવળ બંધાવ્યું હતું. તે કાળાંતરે જીર્ણ થઇ નાશ પામ્યું છે. એ ખંડેરની આસપાસ જૈતુનનાં ઝાડોનું સુંદર વન બની ગએલું છે. તે વનની અંદર રહીને આસપાસ જોઈએ તો આજુબાજુના ગામનાં ધાબાં કે અગાશીઓ દેખાય છે, તેથી જોનારની આંખને સુંદર રળીઆમણો દેખાવ લાગે છે. આ વખત જે સ્થળે પ્રભુ ઇસુ આવીને બેઠેલો છે તેજ સ્થળે પૂર્વે નાઝારેથથી આવનાર મુસાફરો વિશ્રામ પામવા બેઠેલા હતા. તે વખત એ કુવામાં ઘણું પાણી હતું, પણ હાલ ત્યાં માત્ર એ કોરીકડાક વાવ રહેલી છે. મુંબઇ શહેરનો સુપ્રસિદ્ધ ને વિદ્વાન ખ્રીસ્તનો વિશ્વાસુ સેવક ડાકતર વિલ્સન સાહેબ ૧૮૪૨ માં ત્યાં ગયા હતા, ને તેની સાથેના નોકરે આ પડી ગએલા કુવામાં ઉતરી કેટલાએક પત્થર વીણી લીધા હતા, તે મુંબઈમાં લાવી લોકોને બતાવ્યા હતા. તેણે તે જગ્યા સાફસુફ જોઈને તેનું માપ લીધું તો અનામત રહેલી દિવાલ ૭૫ ફીટની ઉંડાઈ સુધી ગએલી માલમ પડી.

આપણે ઉપર આવેલી હકીકતથી જાણી ચુકયા છીએ કે આ યહુદીઓ તથા સમરૂનીઓ વચ્ચે પરસ્પર હડહડતું વેર હતું. સમરૂની લોકો તે ધર્મભ્રષ્ટ ને ફીતુરી છે એવું માની યહુદીઓ તેને નિંદાયુક્ત ઉપનામો આપતા હતા. તેમજ તે લોકો સમરૂનીઓ તરફથી ઉલટી પુષ્પાંજલી પામતા હતા. આ વેરભાવના કારણમાં વધારો કરનાર એક અંગત કારણ બન્યું હતું, કે જે રસ્તે પ્રભુ ઇસુ પસાર થઇ આવ્યો હતો તેજ રસ્તે સમરૂની લોકોના ધાડાએ યરૂશાલેમ પર આવી હલ્લા કીધા હતા. તેઓ શહેરમાં પેઠા ને યહુદીઓના પવિત્ર મંદિરમાં માણસોનાં હાડકાં બાળી અશુદ્ધતા કરી હતી. આ આપણી કથાના સમય પૂર્વે કેટલાંએક વર્ષો પર પાસ્ખા પર્વને સમે એવું કામ કરવામાં આવેલું હતું, તેથી પુરાતન વેરભાવમાં વધારો થયો હતો. ને આ રીતે સામાસામી જાથુ હાડવેર રાખનારી પ્રજાની એક સ્ત્રીની સાથે આજે ઇસુ વાતચિત કરે છે! એમાં ઘણીજ અજાયબી તથા નવાઇ પામવા જેવું છે! રાબી લોકો સ્ત્રીઓ સાથે વાતચિત કરતા નહિ. જો કોઈ તેમ કરે તો તે નિંદાયુક્ત ગણાય. જો કોઇ કુલીન સ્ત્રી હોય તો જરા ઠીક તેમાં વધારે પાપ નહિ, પણ આ સ્ત્રી તે તો સાધારણ સ્ત્રીઓમાં દોષરૂપ ગણાએલી હતી, ને તેની સાથે વાતચિત કરવી એ મોટી અચરત ભરેલું હતું. હા! ખરી વાત! કે લોકોની નજરમાં તેમ હોય! પણ પ્રભુની નજરમાં તેમ નહોતું. તે તો મહા મોટું તારણ સિદ્ધ કરવા આવેલો

હતો, તેથી તેણે તેણીની સાથે યોગ્ય સંભાષણ કીધું. પ્રભુ ઈસુ તેણીનાં પાપકર્મો પર પ્રીતિ રાખતો નહોતો પણ તેણીના અમૂલ્ય આત્મા પર તે પ્રીતિ રાખતો હતો, તેથી લોકલજ્જા, દેશનો દૂરાગ્રહ, કે રીતરિવાજ દબાવી તેણીની સાથે સંભાષણ કરવા લાગ્યો. તે પોતે તેણીના અજ્ઞાનપણા વિષે તથા તેણીના ભ્રષ્ટાચાર વિષે જાણતો હતો, માટે તેણે તેણીની દયાજનક હાલત જોતાં પોતાનું મહત્વ વિસારી મેલ્યું, ને આ કરૂણાપાત્ર સ્ત્રીના ઉપર કૃપાદષ્ટિ કીધી હતી.

પ્રભુ ઈસુ આ બાઈને જે ઉપદેશ આપવાનો હતો તેની શરૂઆત તે સરળ રીતે કરે છે, ને તેમાં એક દૈહિક પદાર્થની માગણી કરતો દેખાય છે. કેમકે આ સંભાષણની શરૂઆતમાં ઈસુએ તેણીની પાસે પાણી માગ્યું હતું. ને જેમ શરીરની તૃષા મટાડવા સારૂ દશ્યમાન થએલા પાણીની જરૂર છે તેમ આત્માની તૃષા છિપાવવા સારૂ અદશ્ય રહેલા જીવતા પાણીની જરૂર છે, એવી વાત તેણીને સંભળાવી હતી. આ વખતે જે કુવા પર તે બેઠેલો હતો ત્યાંથી તેણે તેની ઉપમા આપી જીવતા આત્મિક કુવાની કે ઝરાની જગ્યા બતાવી આપી હતી. તોપણ તેણી પોતાની અજ્ઞાન બુદ્ધિથી પ્રભુના ઉપદેશનો સાર સમજી શકી નહિ, કેમકે પ્રભુએ તેણીને એવું કહ્યું હતું કે, "જે પાણી હું આપીશ તેમાંનું જે પીએ તેને કદી તરસ નહિ લાગશે." એ વાતનો સાર તેણી સમજી શકી નહિ ને જે કુવા ઉપર પાણીની વાતચિત થાય છે તેજ પાણી તેણી માગતી હોય એવું દેખાય છે. તેણીને વખતોવખત આ કુવા પર પાણી ભરવા આવવું પડતું હતું, ને તે મહેનતથી છુટકો પામવાનું મન હતું, માટે તેણીએ લાગલો જવાબ આપ્યો કે, "પ્રભુ, તે પાણી મને આપ;" કારણ કે મારે અહીંઆં ફેરા ખાવાની માથાકુટ ને હેરાનગતી વેઠવી પડે છે, માટે મને તે પાણી આપો.

પહેલાં તેણીની પાસે પ્રભુ ઈસુ પાણી માગે છે, પણ હાલમાં તેણી પ્રભુ પાસે પાણી માગવા લાગી છે, એ રીતે હાલ તેનામાં કેટલોએક ફેરફાર થએલો દેખાય છે. હમણાં તે પોતાના મનમાં એવું જાણે છે કે હું કોઈ સાધારણ યહુદી સાથે વાતચિંત કરતી નથી, પણ એક મહાત્મા પુરૂષની સાથે બોલું છું, કેમકે તેણીના બોલવામાં આદરસત્કારરૂપ શબ્દ વાપરી પ્રભુ ઈસુને "પ્રભુ" એટલે "મહારાજ" કહી બોલાવે છે. પ્રથમ વાતની શરૂઆત થતાં તેણીએ એ પદ યોજેલું નહોતું, પણ હાલમાં પોતે જાગ્રત થઇ સન્માન આપે છે. કારણ કે પ્રભુએ તેણીને જાગ્રુત બનાવી પાપનો પસ્તાવો કરવાનો સમય આણી આપ્યો હતો. માણસોના સાધારણ પાપી સ્વભાવ વિષે પ્રભુ બોલ્યો નથી. બધું જગત પાપી છે તેમ તું પણ પાપી છે એમ તેણે કહ્યું નહિ, પણ જે જે પાપમાં તેણી વિશેષ પડેલી હતી તે બતાવ્યાં ને જાગૃત કીધી. પાપનો ખુલાસો કરી તે જણાવવાં ને પછી તે કબૂલ કરાવવાં તે પ્રભુ ઇસુના ઉપદેશની રીત હતી, તેથી જ્યાં જેવાં પાપ-કર્મ ત્યાં તેવું બાણ મારી પાપનો નાશ કરે છે. આ સ્ત્રી પોતાના ધણી વિરૂદ્ધ

પાપ કરતી ને તેમાં પાપ છે એમ માનતી નહોતી, તેથી પ્રભુએ તેણીને તેમાં કેવું ભુંડું થાય છે તે બતાવવા સારૂ યોગ્ય બાણ યોજી કાઢયું હતું. એટલે જ્યારે તેણીએ પ્રભુ પાસે પાણી માગ્યું ત્યારે પ્રભુએ કહ્યું કે, "જા, તારા વરને અહીં તેડી આવ." તેણી એ વખતે જાગૃત થઇ કહેવા લાગી કે, "મારે વર નથી." એ વખતે ઇસુએ તેણીનું પાપ દર્શાવી આપ્યું કે, "તેં ઠીક કહ્યું કે, મારે વર નથી; કેમકે તને પાંચ વર હતા, ને હમણાં જે તારી સાથે રહે છે તે તારો વર નથી, એ તેં ખરૂં કહ્યું. માટે તારી વાત ખરી છે." આ શબ્દો સાંભળવાથી તેણી પોતાનાં પાપ વિષે તથા પ્રભુના મહત્વ વિષે જાણીતી થઈ. એ વાત પરથી તેણીના મનમાં પૂરી પ્રતીત આવી કે આ પુરૂષ કોઈ ભવિષ્યવાદી કે પેગંબર છે. તે મારા જન્મચરિત્રની વાત જાણે છે, માટે જરૂર તે અગમ જ્ઞાનવાળો મહાત્મા છે. વળી તેને બીજી ખાતરી થઇ, તે એવી કે જે પુરૂષ મારાં ગુપ્ત કામોનું જ્ઞાન ધરાવે છે તે ઇશ્વરજ્ઞાન પામેલો હશે એમાં શક નથી, માટે તેને તે વાત પૂછું તો ખરૂં જ્ઞાન પામું. અમારા લોકોમાં તથા યહુદી લોકોમાં ધર્મ સંબંધી જે મતભેદ ચાલે છે તેનો ખરો ખુલાસો આપવાને આ પુરૂષ સમર્થ છે માટે તે પૂછું તો ઠીક. એ પ્રમાણે આ ધર્મશૂન્ય પ્રાણી ધર્મજિજ્ઞાસુ થઈ અત્યંત ભાવે પ્રભુને તે સવાલ પૂછે છે કે, "પ્રભુ, તું ભવિષ્યવાદી છે એમ મને માલમ પડે છે. અમારા પિતાઓ આ પહાડ પર ભજન કરતા હતા, પણ તમે કહો છો કે, જે જગ્યાએ ભજન કરવું જોઈએ તે યરૂશાલેમમાં છે," માટે કૃપા કરી તે વાત કહો. પ્રભુભક્તિ કરવાનું ખરૂં સ્થાન કયાં છે? શું યરૂશાલેમ ખરૂં કે આ ગરીઝીમ પહાડ ખરૂં છે? યરૂશાલેમ શહેરમાં સુલેમાન રાજાએ મંદિર બંધાવ્યું એ ખરી વાત છે, પણ આ ગરીઝીમ પહાડ જે આપણી સામો દેખાય છે ત્યાંથી યહોશુઆએ પિતૃઓને આશીર્વાદ આપ્યા છે, ને આપણા પૂર્વજ ઇબ્રાહીમે એજ પહાડ પર પોતાના પુત્રનું અર્પણ કીધું હતું. માટે તમે આ બે સ્થાનમાં વધારે પવિત્ર કયા સ્થાનને કહો છો? પ્રભુભક્તિને વાસ્તે તે બેમાંથી શ્રેષ્ઠ કયું છે એનો જવાબ આપો.

આ સમરૂની લોકોમાં સેવાભક્તિનો ભાવ હતો. તેઓ ભક્તિભાવમાં આસ્થાવાન હતા એમ કહેવું તે ખોટું નથી. પણ તેઓની સેવાભક્તિ અજ્ઞાનવાળી હતી. તે સંબંધી એક એવો દાખલો છે કે તેઓએ એક દેવમંદિર બનાવી તેમાં દેવ બેસાડયો. પણ કેટલોક કાળ વિત્યા સુધી આ દેવનું નામ નહોતું, ને એ નનામા દેવની ભક્તિ સિકંદર બાદશાહના જમાના સુધી ચાલ્યા કરતી હતી; ને ત્યાર બાદ જ્યુપીટરના નામથી તે દેવને ઓળખવા લાગ્યા હતા તેથી તે જ્યુપીટરનું મંદિર ગણાયું હતું. તે બાબત યોસેફસે પોતાના લખાણમાં એવી નોંધ લીધેલી છે કે, "સમરૂની લોકોએ પોતાના એક જુના મંદિરને જ્યુપીટરનું મંદિર એવું નામ આપ્યું, ને તેવો લેખ મુકવા સારૂ એપીફિનીસ પર વિનંતીપત્ર

મોકલ્યો હતો.” એમાંની .આ સ્ત્રી પ્રભુ ઇસુ પાસે ખરા દેવનું જ્ઞાન પામવા સવાલ પૂછે છે.

વાસ્તવિક રીતે જોતાં ઉપરના સંવાદ સાથે આ સવાલનો કાંઈ સંબંધ નહોતો. તે છતાં પ્રભુએ એ સવાલ તરછોડી કાઢયો નહિ, પણ યોગ્ય રીતિએ તેનો ખુલાસો કરી સમજણ પમાડી છે. પ્રભુએ તેણીને જે પ્રત્યુત્તર આપ્યો તે થોડાજ શબ્દોમાં ને ટુંકો છે, તોપણ તેમાં ઘણી સત્યતા સમાએલી છે. તેમાં તે પ્રથમ કહે છે કે તમે જે ભક્તિ કરો છો તે જ્ઞાનરહિત છે, ને તેમાં અજ્ઞાનપુણું ભરેલું છે; તેનું પ્રમાણ આપણે ઉપર વાંચી ગયા છીએ. વળી તે બતાવે છે કે તારણનું સાધન યહુદીઓમાંથી છે, કારણ કે તે લોકોમાં મસીહ પ્રગટ થનાર છે ને એટલા સારૂ પ્રભુએ તેઓને શાસ્ત્રદાન આપ્યું, તથા ભવિષ્યવાદીઓ ને પેગંબરો પણ આપ્યા છે; તેથી એમ કહેવાય કે યરૂશાલેમ એ ભક્તિનું મુખ્ય સ્થળ ગણાતું હતું. એ રીતે વાત કીધા પછી તે એક બીજી મહત્વની વાત કહી બતાવે છે, ને તેજ વાત આજ સુધીના લોકોને પ્રગટ કરવામાં આવે છે ને સર્વ લોક તે માન્ય કરે છે. તે વાત શું હશે એવી વાંચનારને જિજ્ઞાસા થઈ હશે. તો જુઓ, પ્રભુ ઈસુ તે બાઇને કહે છે કે, “બાઈ, એવી વેળા આવે છે, ને હાલ આવી છે, કે જેમાં ખરા ભજનારા આત્માથી તથા સત્યતાથી બાપનું ભજન કરશે; કેમકે એવા ભજનારાઓને બાપ ઇચ્છે છે. દેવ આત્મા છે, ને જેઓ તેને ભજે છે, તેઓએ આત્માથી તથા સત્યતાથી ભજન કરવું જોઇએ.” એ વાતમાં પ્રભુ બતાવે છે કે, બાપની ખરી ભક્તિ યરૂશાલેમમાં કે ગરીઝીમ પર થતી નથી, પણ “ખરી ભક્તિ આત્માથી તથા સત્યતાથી થાય છે; કેમકે દેવ સર્વત્ર છે ને સર્વત્ર જગ્યાએથી ભજી શકાય છે. તેની ભક્તિને સારૂ એવી વેળા આવનાર છે, ને હાલ આવી છે. આ સિદ્ધાંત ને ભવિષ્યવચનથી તેણીના મનનું સમાધાન થયું. ત્યારે તે ગ્રહણ કરવા તતપર થઈ. તેના મનમાં નક્કી થયું કે આ મહાન પુરૂષ મસીહ વિષે જાણનાર હશે. બીજા ભવિષ્યવાદીઓ તથા પેગંબરોનો શિરતાજ મસીહ છે. જ્યારે તે આવશે ત્યારે તે બધું પ્રગટ કરશે. એવા એવા વિચારો કરતાં તેણીએ પ્રત્યક્ષ પ્રગટ કહી સંભળાવ્યું કે, મસીહ (જે ખ્રીસ્ત કહેવાય છે) તે આવે છે, એ હું જાણું છું; તે આવશે ત્યારે આપણને બધું કહી બતાવશે. એ વચન પરથી મસીહના આગમન વિષે તેણીની અપેક્ષા તથા આસ્થા પ્રગટ દેખાઈ આવે છે, માટે હવે તેણીને એ સદ્જ્ઞાન આપવાનું શરૂ કરે છે. હવે તેણીને અજ્ઞાન દશાથી મુક્ત કરવા પ્રભુ પોતાને પ્રગટ કરતાં કહે છે કે, “બાઈ, તારી સાથે જે બોલે છે તે હુંજ તે છું.” તે દરમિયાન તેના શિષ્યો જે બજારમાં ખાવાનું લેવા ગયા હતા તેઓ પણ આવ્યા.

આ કુવો ગામતળીયાની જમીન કરતાં વધારે ઉંચી જગ્યામાં હતો, ને તેની તથા ગામની વચ્ચે કાંઇ ઓથારૂપ ઝાડ વગેરે હતાં નહિ. કુવાથી જે જે

માણસો આવજા કરે તે ગામનાં માણસો દેખી શકે ને ગામમાં સીધા રસ્તા પર જતા આવતા માણસોને કુવા પરથી દેખી શકાય એમ નજરવેગ હતું. કેવળ એમજ નહિ પણ કુવાની જગ્યા ઉંચી હોવાથી જે વાતચિત થાય તે આવનાર સાંભળી શકે એમ હતું, માટે ઘણે દૂરથી શિષ્યોએ ઇસુ ગુરૂનાં વચનો સાંભળ્યાં હતાં. ઘણો વખત સુધી પોતાનો ગુરૂ એ સ્ત્રીની સાથે વાતચિત કરે છે તેથી તેઓના મનમાં અજાયબી થવા લાગી. આપણો ગુરૂ યહુદી છે, માત્ર એટલુંજ નહિ પણ યહુદીઓનો રાબી છે, તેમ છતાં આવી સમરૂની બાયડીની સાથે વાતચિત કરે છે એ શું કહેવાય? એવી પાપી સ્ત્રીની સાથે કેમ બોલતો હશે? એ પ્રમાણે તેઓના મનમાં પ્રશ્નો થયા પણ તેઓએ એ પ્રશ્નોનો ખુલાસો પૂછ્યો નથી. આ સદ્‌ગુરૂની ગંભીર મુખમુદ્રા તથા કરૂણાળુ દૃષ્ટિ ને પ્રીતિથી પરિપૂર્ણ થએલું અંતઃકરણ માયાળુ ચિતવૃત્તિ સહિત જોઇને ચેલાઓના મન પર તેની છાપ પડેલી હતી, તેથી તે પોતાના યહુદીપણાનો વેરભાવ તથા ગર્વ દબાવી ગયા. આ તરફ નજર કરે તો સદ્‌ગુરૂના બોધથી આસ્થા દર્શાવનાર વચનો બોલતી પશ્ચાત્તાપવાળી મુખમુદ્રા ધારણ કરી નમ્ર થએલા અંતઃકરણવાળી બાઈ છે, માટે તેણીના તરફ દયાની લાગણી થયા વિના રહે નહિ; એવાં એવાં કારણોથી શિષ્યોનાં મન નમ્રતાથી ભરાઈ ગયા હતાં. તેઓએ ગુરૂની પાસે આવીને નિયમ પ્રમાણે નમન કરી બાજુ પર જમવાની તૈયારી કીધી. પછી ગુરૂને વિનંતી કરતાં કહેવા લાગ્યા કે જમવા પધારો. પણ સદ્‌ગુરૂને પિતાના કાર્યરૂપી જે ક્ષુધા લાગેલી હતી તે હજી તૃપ્ત થએલી નહોતી; તે પોતાના પ્રેમી દિલમાં નિરંતર મહાન પિતાનો આજ્ઞાંકિત ભાવ રાખતો હતો, માટે જ્યારે તેની ઇચ્છા પ્રમાણે કામમાં લાગેલો હોય ત્યારે ભૂખ કે તરસ વિસારી દેતો હતો; તેથી આ વખત શિષ્યોની વિનંતીનો જવાબ આપતાં કહે છે કે, "જેણે મને મોકલ્યો છે તેનું કામ કરવું ને તેની ઇચ્છા પ્રમાણે ચાલવું એજ મારૂં અન્ન છે."

હવે અહીં શિષ્યોની સંઘાતે એ પ્રમાણે વાતચિત ચાલે છે તે દરમિયાન પેલી સ્ત્રી પોતાની ગાગર મુકીને શહેરમાં દોડી ગઈ, ને પોતાના લોકોને આ મહાન પુરૂષની વધામણી આપી તેની તારીફ કરવા લાગી. આ માણસ તે સાધારણ યહુદી નથી પણ ભવિષ્યવાદી છે એવું તેણીએ જાહેર કીધું; તે ઉપરાંત પોતાને તેનાથી જે આત્મિક લાભ મળ્યો હતો તે પણ કહી બતાવ્યો, તેથી ઘણાં માણસો એકઠાં થઇ પ્રભુને મળવા સારૂ ઉપર બતાવેલી જગ્યા તરફ ચાલ્યાં. પ્રભુ ઇસુએ એ સમુદાયને પોતા તરફ આવતો જોઈ શિષ્યોને કહ્યું કે, "તમારી આંખો ઉંચી કરીને ખેતરો જુઓ, કે તેઓ કાપણીને સારૂ પાકી ચૂકયાં છે." એ પ્રમાણે ગુરૂશિષ્યોની વચ્ચે સંવાદ ચાલતો હતો, તેટલામાં લોકો તેની પાસે આવ્યા, ને તેઓ પ્રભુની વાતો સાંભળી તેના પર વિશ્વાસ રાખનારા થયા. પછી પેલી બાઈ પ્રત્યે કહેવા લાગ્યા કે, "હવે અમે [એકલા] તારા કહેવાથી વિશ્વાસ નથી

કરતા; કેમકે અમે પોતે સાંભળીને જાણીએ છીએ કે જે જગતનો ત્રાતા તે નિશ્ચે એજ છે." પછી તે લોકોએ પ્રભુની વિનંતી કરી કે બે દિવસ અમારામાં આવો ને રહો, એથી પ્રભુ ઇસુ બે દિવસ તે લોકોની સાથે રહ્યો ને તેઓને ઉપદેશ કીધો.

આ બે દિવસમાં કેટલાએક સમરૂની પ્રભુ ઇસુ પર વિશ્વાસ કરી તેના શિષ્ય થયા, પણ તે સિવાય તાત્કાલિક જેવું જોઇએ તેવું તે કામનું ફળ નિપજ્યું નહિ, તેમ છતાં તે નિષ્ફળ ગયું નહિ. તે વખતે જે બીજ રોપાયાં હતાં તેને થોડાજ વખત પછી યોગ્ય ફળો આવ્યાં (પ્રે. કૃ. ૫; ૮); ને એમ સારો પાક થયો હતો.

અધ્યાય ૧૨ મો.

પ્રભુ ઇસુ ફરી ગાલીલ પ્રાંતમાં જાય છે ને કાના ગામમાં એક અધિકારીના દીકરાને સાજો કરે છે.

જેમ આપણે ઉપર વાંચી ગયા તેમ પ્રભુ ઈસુ સમરૂની લોકોની માગણી પ્રમાણે બે દિવસ તેઓની પાસે રહ્યો, ને ત્યાંથી નિકળ્યા પછી ગાલીલના કાનામાં આવ્યો. આ વખત પ્રભુએ કેટલાએક દિવસો સુધી ત્યાં મુકામ રાખ્યો, કારણ કે ત્યાંના લોકોએ ઘણા આદરસત્કાર સાથ તેનો આવકાર કીધો હતો. તે લોકોએ પર્વની વેળા પ્રભુ ઈસુનાં કામો જોયાં હતાં તેથી તેઓના વિશ્વાસને ટેકો મળ્યો હતો, માટે તેઓ આ વખત તેનો આવકાર કરવા તથા તેની વાત સાંભળવા ખુશી હતા, માટે ત્યાં તેણે વધારે દિવસ રોકાણ કીધું. તે અરસામાં એક એવો બનાવ બન્યો કે હેરોદ રાજાના કારભારી મંડળના એક ગૃહસ્થનો દીકરો માંદો પડયો હતો. તે માણસે એવું સાંભળ્યું હતું કે પ્રભુ ઈસુ પાછો આવ્યો છે ને કાનામાં તેનો મુકામ છે, તેથી તે ત્યાં આવ્યો ને એવી વિનંતી કીધી કે, "આવીને મારા દીકરાને સાજો કર: કેમકે તે મરવાની અણી પર છે."

પ્રભુ ઈસુ કોઈ માયાક્રિયા કરનાર, મંત્રતંત્ર રચનાર, ઉસ્તાદ કે હકીમ નહોતો કે માણસો તેને પોતાને સોય પડતી જગ્યાએ બોલાવી શકે, ને પોતાનાં માંદાને સારૂં કરાવે. તેણે પોતે જ્યારથી કામનો આરંભ કીધો ત્યારથી એવી અસર થવા દીધી નહોતી. જો કે તે મોટાં પરાક્રમી ને ચમત્કારિક કૃત્યો કરતો તોપણ તે વિશ્વાસ કરનારને સારૂ કરતો હતો. અવિશ્વાસીઓને પરાક્રમી કામ બતાવી મોહિત કરવા, કે તેઓ તેના પરાક્રમના વિશ્વાસી થાય એવી તેની ઈચ્છા નહોતી. તેના ચમત્કારમાં જાદુ કે છુમંતર, તાવીજ કે જંતરતંતરનો જરાએ દેખાવ

નથી; તેમજ મંત્રવાદીના ઢોંગસોંગ કે આડંબર તેણે દેખાડ્યા નહોતા. તેના ચમત્કારથી તે લોકોના પૈસા લેવા માગતો નહોતો. એવી લાલચ કરનારા નાણાં હરણ કરવા સહેજસાજ આમંત્રણ થતાં ત્યાં જવાને તત્પર થાય છે. બોલાવનારા મારા પર પર વિશ્વાસ રાખે છે કે નહિ? મારા તરફ તેઓનો સદ્ભાવ છે કે નહિ? એવી વાતનો વિચાર કરતા નથી, કારણ કે તેઓનો મુખ્ય હેતુ તે પૈસા લેવાનો હોય છે; માટે તે મળશે એવી આશા થાય તોબીજી વાતની ચિંતા નથી એવી તેઓની માન્યતા હોય છે.

પ્રભુ ઈસુનાં કામ તથા રીતરિવાજ એઓનાથી જુદાં હતાં. લોકો પોતા પર વિશ્વાસ કરે માટે તે ચમત્કાર કરતો એટલુંજ નહિ પણ તે કરતાં કાંઈક વિશેષ હેતુ હતો. હાલમાં તે સમરૂની લોકોમાંથી આવેલો હતો. ત્યાં ઘણા સમરૂનીઓએ તેના પર વિશ્વાસ કીધેલો હતો, પણ તેણે ત્યાં કાંઇ ચમત્કાર કરી બતાવ્યો નહોતો. તે લોકોએ તેના વિશેષ ચમત્કાર જોયા નહોતા તોપણ તેનો બોધ ગ્રહણ કરી તેના શિષ્ય થયા, ને તેના પર વિશ્વાસ રાખવા લાગ્યા હતા; તેજ પ્રમાણે આ ગાલીલ પ્રાંતમાં થાય તો સારૂં એવી તેની મનોભાવના હતી. એ માટે તેણે આ અધિકારીને ટકોર મારી કહ્યું કે, "ચિન્હો તથા આશ્ચર્યો દીઠા વગર તમે વિશ્વાસ કરવાના નથી." એમાં પ્રભુએ એમ બતાવ્યું છે કે માત્ર ચમત્કારનો આશ્રય ધરી રહેલો વિશ્વાસ તે અપૂર્ણ ને કાચો છે. એમ બોલી તેના વિશ્વાસની વૃદ્ધિ કરી વચન આપ્યું કે, "ચાલ્યો જા, તારો દીકરો જીવતો રહ્યો છે," ને આગળ જતાં તે વાત ખરી ઠરી. કારણ કે તે અધિકારી ત્યાંથી નિકળીને પોતાને ઘેર જતો હતો તે દરમિયાન તેના ચાકરો સામા મળ્યા. તેઓને તેણે પોતાના છોકરાની તબિયત વિષે પુછયું કે મારા દીકરાની શી ખબર છે; ત્યારે તેઓ તેને કહે છે કે, તારો દીકરો જીવતો રહ્યો છે; એથી તેને આનંદ થયો. પછી તે પોતાની ખાતરી કરવા પુછવા લાગ્યો કે, કયા ઘડીએ તે સાજો થવા લાગ્યો? તેના જવાબમાં તેઓ બોલ્યા કે, કાલે બપોર પછી એક કલાકે તાવે તેને છોડયો. એ સાંભળવાથી તેના મનમાં પૂરી પ્રતીત થઈ કે જે સદ્ગુરૂનું વચન મને મળ્યું તે સિદ્ધ થયું છે, કેમકે જે વેળા તે બોલ્યો કે તારો દીકરો બચી ગયો છે તેજ ઘડીથી તે સાજાપણું પામ્યો છે. એ વાત તેણે ધ્યાનમાં રાખી ને ત્યાર પછી તે તથા તેના ઘરનાં બધાં પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખી તેનાં શિષ્ય થયાં; માટે એમ કહેવાય કે એ ચમત્કારનું પરિણામ ઇસુના મન તથા વચન પ્રમાણે આવ્યું હતું.

અત્યાર પહેલાં પ્રભુ ઈસુએ જે જે બીજા ચમત્કારો કીધા તે કરતાં આમાં કાંઈક વિશેષતા હતી એમ નહિ, પણ તેમાંથી જે ફળ નિપજ્યું તે ઘણાઓના બોધને સારૂ દાખલારૂપ થયું છે. તે કારભારીનો વિશ્વાસ પ્રથમ કાચો હતો પણ આગળ જતાં તે પક્કો થયો હતો. પ્રથમ તેણે પ્રભુ ઈસુના ચમત્કારો વિષે ઘણું

સાંભળ્યું હતું, તેથી પોતાના સંકટની વખતે તે તેનીજ પાસે ગયો. પ્રથમ તેની ધારણા એવી હશે કે સદ્‌ગુરૂને હું મારે ઘેર બોલાવી લાવીશ. તે આવીને મારા છોકરા પર હાથ મુકશે એટલે તે સાજો થશે. તેનામાં એવો પરાક્રમ છે કે માદાં માણસો તેના સ્પર્શથી સાજાપણું પામે છે એવી તેની માન્યતા હતી, પણ તેના વચનથી સર્વ રોગ દૂર થાય છે એવી તેને ખાતરી નહોતી, તેમ છતાં આ વખત તે પ્રભુની કૃપા પામ્યો, તેથી તેના મનની ખોટી ભ્રમણા દૂર થઇ ને તારણસાધક જીવતો વિશ્વાસ પામ્યો; ત્યારે તેને ખાતરી થઈ કે પ્રભુ ઇસુ ગમે તેટલો દૂર છતાં તે પોતાના વચનથી સર્વ કાંઈ કરવાને શક્તિમાન છે. તેના પર વિશ્વાસ રાખવાથી આપણાં સર્વ કામ સિદ્ધ થાય છે. તેના વચનથી રોગ જાય એટલુંજ નહિ પણ મરણના પંજામાં આવેલો બચે છે, એ પ્રમાણે ઇસુનું પરાક્રમ તથા અગત્ય સમજતાં શિખ્યો, તેથી તેના ઘરનાં બધાં વિશ્વાસી થયાં; ને અનંત જીવન તથા તારણ પામ્યાં. એ પ્રમાણે એક જુવાન છોકરાના મરણતુલ્ય મંદવાડમાંથી આખા કુટુંબને જીવનનું દાન પમાડયું, ને તે છોકરાને સાજાપણું આપી તેના આયુષ્યમાં વધારો કીધો.

અધ્યાય ૧૩ મો.

પ્રભુ ઇસુ પર્વ પાળવા યરૂશાલેમ જાય છે ને ત્યાં એક પક્ષઘાતીને સાજો કરે છે.

એ રીતે પ્રભુ ઇસુ આ કાના ગામમાં બીજી વાર થોડા દિવસ રહ્યો; પછી તે યરૂશાલેમમાં પર્વ પાળવા સારૂ ગયો, પણ કાના ગામ છોડ્યા પછી કેટલાએક દિવસ તે એકાંતમાં હતો. આ વખતે તેના શિષ્યો તેની સાથે નહોતા પણ તે માત્ર એકલોજ હતો. એ એકાંતવાસમાં તે કયાં રોકાયો એ વિષે શાસ્ત્ર લખનાર કાંઇ લેખ આપતા નથી, ને એ પ્રમાણે એકાંતવાસ રહેવાનું કારણ પણ દર્શાવતાં નથી, તેથી વિદ્વાન લોકોએ તે વિષે જુદા જુદા મત આપેલા છે. તેઓ પોતપોતાના અભિપ્રાય પ્રગટ કરે છે, પણ તેમાં સમાધાનકારક હકીકત મળતી નથી; માટે તે વિષે ખાતરીપૂર્વક એટલુંજ કહેવાય કે તે વખત દરમિયાન તેના બીજા શિષ્યોથી જુદો થઇ કયાંક એકાંતવાસમાં હતો. હજી સુધી યોહાનનું કામ ચાલુ રહેલું હતું, તેથી એવું અનુમાન થાય છે કે તે કામને કાંઈ હરકત ન પહોંચે ને તે કામને પૂરતો અવકાશ મળે માટે તે પર્વના દિવસો સુધી એકાંત રહ્યો હશે, ને જ્યારે પર્વ આવ્યું ત્યારે તે ત્યાં હાજર થયો. આ વખતનું પર્વ તે કયું પર્વ હતું તે બાબત સતલેખમાં ખુલાસો કરેલો નથી, પણ તે બાબત ગ્રંથકારોએ પોતપોતાના ગ્રંથની ટીકાઓમાં ખુલાસા આપેલા છે. તેઓ બધા આખર એ વાત બતાવે છે. કેટલાએક કહે છે કે આ પર્વ તે પુરીમ પર્વ

હતું, ને બીજા કેટલાએક પાસ્ખા પર્વ હતું એમ લખે છે; પણ આપણે યાદ રાખવું કે પુરીમ કે પાસ્ખા એ બન્ને પર્વો માત્ર એક માસના અંતરમાં આવેલાં છે, માટે ઉપર બતાવેલા ટીકાકારોને આપણે માન્ય રાખીએ એમ છે. ફાગણ માસના અરસામાં પ્રથમ પુરીમ ને પછી ચૈત્ર માસમાં પાસ્ખા પર્વ આવે છે; તેની વચ્ચે ઘણો અંતર નથી. આ પર્વને વખતે પ્રભુ ઇસુ યરૂશાલેમમાં હાજર થયો ને ત્યાં તેણે જે જે કામ કીધાં તે તરફ વાંચનારનું ધ્યાન ખેંચવા માગીએ છીએ.

હવે યરૂશાલેમ શહેરમાં મંદિરને પૂર્વોત્તર દરવાજાએ બેથેસ્દા નામનો કુંડ કે તળાવ છે. તેનાં પાણી એવાં હતાં કે તેથી અનેક જાતના રોગી સાજા થતા હતા. એક એવા વિચિક્ષણ ગુણવાળા આ કુંડમાં નિયમસર સ્નાન કરવાથી રોગ મટી જતો, માટે ઘણાં માંદાં માણસો ત્યાં આવીને રહેતાં હતાં. ત્યાં કેટલાએક ધાર્મિક માણસોએ તેવા રોગી લોકોના રહેવાસ સારૂ ઘુમટદાર મકાનો બંધાવેલાં હતાં. આ કુંડમાં માત્ર વરસાદનું પાણી આવતું કેવળ એમ નહિ, પણ તેના તળીઆને મધ્ય ભાગે પાતાળી ઝરણ ફુટેલું હતું, તેથી કોઇ કોઇ વેળા જોસબંધ ભભુકા વછુટી તે પાણી વલોવાતું હતું. વળી કેટલાએકના કહેવા પ્રમાણે આકાશમાંથી દૂત આવતો, ને તે પાણી હલાવતો હતો. એ પ્રમાણે પાણી હાલી રહે ત્યારે જે કોઈ તેમાં પ્રથમ નહાય તે પોતાના રોગથી સાજો થતો; તે કારણથી ઘણા રોગી લોકો ત્યાં આવી રહેતા હતા. તેમાં એક પક્ષઘાતી માણસ હતો, તે ઘણો ગરીબ, કંગાલ ને અપંગ હતો. તેને કોઇ સગાં, સહોદર કે અંગત માણસો નહોતાં, તેમજ એવો કોઇ પરોપકારી મિત્ર નહોતો કે જે તેને વખતસર નિયમ પ્રમાણે આ કુંડના પાણીમાં ઉતારી સ્નાન કરાવે. જ્યારે પાણી હાલતું ત્યારે તે અવાજ સાંભળી ત્યાં જવાનું કરતો, પણ બીજા તેની આગળ જતા ને આ માણસ પાછળ રહી જતો, તેથી લગભગ ૩૮ વર્ષથી તે એવી બિમારી ભોગવતો હતો.

આ વખતે આપણા તારનારે તેના ઉપર દયા કરીને તેને સાજાપણું આપ્યું. મોટાં મોટાં પર્વ કે પરવણીને વખતે ઘણા ધનવાન લોકો સોનારૂપાનાં દાન આપી ગરીબો પર મહેરબાની દર્શાવે છે ને તેઓની કંગાળ અવસ્થા દૂર કરે છે; પણ આ વખત આપણે નજર કરતાં કાંઇક જુદું જોઈએ છીએ, કે જેની પાસે આ જગતનું સોનુંરૂપું કે ધનદોલત નથી તે આ ગરીબ માણસની ગરીબી દૂર કરી તેને ધનવાન બનાવે છે! હા! ખરેખર! સોનારૂપાથી શ્રેષ્ઠ ને મણીમાણેકથી મોંઘી જે આરોગ્યતા તે તેને આપે છે, ને એથી બિમારીનું દારિદ્ર દૂર કરે છે. જ્યારે પ્રભુ ઇસુ તેની પાસે ગયો ત્યારે તેને પુછ્યું હતું કે, તારે સાજો થવાની ઇચ્છા છે? તેના જવાબમાં આ માંદો માણસ સાફ જવાબ આપી શકયો નહિ, પણ પોતાની દુઃખી જીંદગીનું વર્ણન કરવા લાગ્યો. તેણે

પ્રભુને કહ્યું કે, સાહેબ, મારે કોઈ સગાંવ્હાલાં કે મિત્રો નથી, તેથી પાણી હલાવાય છે ત્યારે બીજાઓ મારી આગળ જાય છે ને હું પછવાડે રહી જાઉં છું. આ જે મારી સાથે વાત કરનાર તે કોણ ને કેવો છે એથી તે અજાણ હતો; વળી આ વાતચિતનું છેવટ પરિણામ શું આવશે એની તેને ખબર નહોતી.

આ મહાન પુરૂષ સર્વ પ્રકારના રોગો પર સત્તા ધરાવે છે, ને માત્ર શબ્દથી સર્વ રોગ મોચન કરી શકનાર છે. તે વાત આ બિમારની સમજણ બહાર હતી, માટે તેણે સાજાપણાની માગણી ન કરતાં પોતાની દુઃખી હાલત બતાવી હશે; પણ સર્વજ્ઞ પ્રભુએ તેની દુઃખી જીંદગી જાણી લીધી હતી. તે તેના પર દયા દર્શાવનાર થયો હતો, તેથી તેની માગણી તરફ જોયા વિના તેની અગત્ય જાણી લીધી હતી, માટે વધારે વિલંબ ન કરતાં લાગલો હુકમ કીધો કે, "ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલ." આ શબ્દો તે દરદીને અકસીર દવારૂપ થઇ પડ્યા હતા. કેમકે પ્રભુના શબ્દધ્વનિથી તેના કર્ણદ્વારને રસ્તે તેના પરાક્રમનો પ્રવાહ વહેવા લાગ્યો હતો, તેથી આ અશક્તના શરીરમાં શક્તિ પરવરવા લાગી. જેમ વિદ્યુત્બળથી હરકોઈ સ્થૂળ પદાર્થ એકાએક ચલાયમાન થઈ ગતિમાં આવે, તેમ આ રોગીનું અકડી ગયેલું અંગ બળ પામી ગતિમાં આવ્યું. એટલે કે પ્રભુનો શબ્દ સાંભળ્યો કે તુરતાતુરત તેના હાથપગમાં શક્તિ આવી, તે લાગલો એકદમ ઉઠીને બેઠો થયો, ને પોતાનો ખાટલો ઉપાડીને ચાલવાનું બળ પામ્યો. એ રીતે જે ખાટલામાં તેણે લાંબો વખત બિમારી ભોગવી હતી તે ખાટલો ઉંચકીને સર્વના દેખતાં ઘર તરફ રવાના થયો. આ કુંડ જે બેથેસ્દા નામથી ઓળખાતો હતો તે નામ પ્રમાણે આજે આ માંદાને વાસ્તે ગુણકારી થયો; કેમકે બેથેસ્દા એટલે "દયાનું ઘર" ત્યાંથી આજે આ દયાપાત્ર રોગી દયા પામ્યો ને નિરોગી કરાયો. આ વખત પહેલાં કોઇ માણસ આ પ્રમાણે દયા પામ્યો હોય તેનો દાખલો મળતો નથી, પણ દાખલો મોજુદ રહેલો છે.

હવે એ પ્રમાણે ઉપરની બીનાથી સર્વ માણસને આનંદ થાય એવું છે, ને તેથી ઘણાને હર્ષ થયો હશે, પણ યહુદી લોકોના ધર્માધિકારીઓને તેમ થયું નથી, કારણ કે તેઓ દેવનાં એવાં કામો સંબંધી તેનો આભાર માની દયા કબૂલ કરવા ખુશી નહોતા, તેથી તેઓને આનંદ થયો નહિ, પણ તેથી ઉલટું દુઃખ થયું, એટલે જે પુરૂષના હાથે આ દયા ભરેલું કાર્ય બની આવ્યું તેના ઉપર તેઓ ક્રોધે ભરાયા. સાધારણ ગરીબ લોકો જાણતા હતા કે તે સત્પુરૂષ ત્રાતા છે, પણ આ અધિકાર પામેલા તેને તારનાર તરીકે માનવા ખુશી નહોતા. આગળના બધા ભવિષ્યવાદીઓ તથા પેગંબરોના વચન પ્રમાણે આ ત્રાતા યહુદીઓનો વચનદત્ત રાજા તથા જગતનો ઉદ્ધારનાર છે, પણ એ અભિમાની હાકેમો કબૂલ કરતા નહિ. વળી અધૂરામાં પૂરૂં થયું કે આ ચમત્કાર થયો ત્યારે વિશ્રામવાર હતો, માટે તેના કર્તાની સ્તુતિને બદલે નિંદા કરવામાં આવી. તે

ડોળઘાલુ અમસ્થો આડંબર દેખાડી આ પરોપકારી પુરૂષને દોષિત ઠરાવવા તત્પર થયા. તેઓએ એવો આરોપ મુકયો કે એ માણસ દેવ તરફથી નથી, કારણ કે તે સાબ્બાથવાર પાળતો નથી, એ અમે જાણીએ છીએ. એ રીતિએ પ્રભુના સારા કામની ભુંડી નિંદા કરનારા થયા હતા. જેમ કોઇ સુગંધીદાર પુષ્પવેલીના ઉપર કાંટા કે કંથારનો ઓથો વધી જઇ તેની શોભા તથા સુગંધી નષ્ટ કરે તેમ આ ચમત્કારના દયા ભરેલ કાર્ય પર થયું હતું. યહુદી લોકોને જે નિયમશાસ્ત્ર આપવામાં આવ્યું હતું તેમાં સાબ્બાથવારનો દિવસ તે માત્ર શાંતિ તથા 'ખરી' નિવૃત્તિને સારૂ ઠરાવેલો હતો. આ જગતના વ્યવહારિક કામો કરતાં જે જે કષ્ટ તથા શ્રમ ઉઠાવવો પડે છે, તેથી છુટકો પામી વિશ્રામ લેવાનો અવકાશ મળે તથા પૂરા નિવૃત્તપણાએ ઈશ્વરની સેવાભક્તિનો લાભ પમાય એવા હેતુથી વિશ્રામવારના પ્રભુએ સાબ્બાથનો દિવસ ઠરાવી આપ્યો હતો; પણ ઉપર બતાવેલા પ્રભુના સત્કાર્યને દોષયુક્ત આચ્છાદન તળે ઢાંકી દેવાનું કીધું તેમ આ દિવસને પણ આચ્છાદનરૂપ કરડી આજ્ઞાઓથી ઢાંકી દીધો હતો. તેના ઉપર માનવ-કલ્પના પ્રમાણે બનાવટી આજ્ઞાઓનું એવું આચ્છાદન થયું હતું કે એ સુંદર ને સુખદાયક સાબ્બાથ જે સુખશાંતિને અર્થે અપાયો હતો તે મોટા બોજારૂપ બનાવી નાખ્યો હતો. તે સાબ્બાથ પરનો ઓથો કાઢી નાખી ફરી શાંતિરૂપ સુખદાયક સાબ્બાથ થાય માટે આજે સાબ્બાથનો સ્વામી તેના પર સત્યનો શ્વાસ ફુંકી ઓથો ઉતારવાનો હતો. તે પ્રમાણે તેણે કીધું ત્યાર પછી ખરો વિશ્રામવાર થયો.

પ્રભુ ઇસુએ આજે જે ચમત્કાર કીધો તેની વાત આખા શહેરમાં ચર્ચાવા લાગી હતી. હરેક જગ્યાએ જ્યાં ને ત્યાં લોકો એકઠાં મળી વાતો કરતાં હતાં કે કોઇએક ઉપદેશકે એક માંદા માણસને આજે સાજો કીધો, ને તેને ખાટલો ઉંચકીને ચાલવાનો હુકમ આપ્યો. આજે પર્વનો મોટો સાબ્બાથ છે છતાં તેણે આ પ્રમાણે કામ કરવાનું ફરમાન આપ્યું છે! આ વાત એક કાનેથી બીજે કાને ને બીજેથી ત્રીજે એમ શહેરના મનુષ્યસમુદાયમાં એકાએક ફેલાઇ ગઇ હતી. વાટેઘાટે ચોરેચકલે જ્યાં જ્યાં માણસો મળે ત્યાં ત્યાં એ વાતની ચર્ચા કરે, તેથી તે મંદિરમાં અધિકારીમંડળ સુધી જઇ પહોંચી હતી. આપણે ઉપર વાંચી ગયા છીએ કે આ અધિકારીઓ તેજ કામને સારૂ કાન ફફડાવી બેઠા હતા. જ્યારે તેઓએ સાંભળ્યું કે ફલાણો માણસ આજે સાજો કરાયો ને તે ખાટલો ઉંચકીને ચાલ્યો ગયો, ત્યારે તેઓએ એકદમ તેને સભાની રૂબરૂ બોલાવ્યો ને પૂછપાછ કીધી; એના જવાબમાં માંદાએ એવી ખબર આપી કે, "જેણે મને સાજો કીધો તેણે મને કહ્યું કે, તારો ખાટલો ઉંચકીને ચાલ. પછી તેના ફરમાન પ્રમાણે હું સાજાપણું પામી બેઠો થયો ને તેની આજ્ઞા પ્રમાણે ઘેર ગયો." આ ભયંકર માંદગી દૂર કરનારનું નામ ઇસુ છે, એ હકીકત સાંભળી ઘણા

ખરા અધિકારીઓ ક્રોધાંધ બન્યા. તેઓએ આવેશમાં આવી એવો ઠરાવ કીધો કે આપણે ઇસુનો નાશ કરવો જોઇએ, કેમકે તેણે વિશ્રામવાર ભંગ કીધો માટે તે મરણદંડ યોગ્ય છે, તેથી તેને મારી નાખવાનો ઠરાવ કીધો (યોહા. ૫; ૬).

આ વાત પરથી કોઇ એમ બોલે કે ઈસુએ યહુદી ધર્મની એક મોટી આજ્ઞા ઉલ્લંઘન કરી સાબ્બાથનું અપમાન કીધું, માટે મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે તેને દેહાંતદંડની શિક્ષા કરવી એ વાજબી હતું, તેથી આ અધિકારીઓનો ઠરાવ તે યોગ્ય હતો. એવો સવાલ પૂછનારને જવાબ આપવામાં આવે છે કે પ્રભુ ઇસુએ સાબ્બાથનું ખંડન કર્યું નથી ને તે કદી કરેજ નહિ, પણ જે આચ્છાદન આ પવિત્રને સુખકર દિવસ પર બોથારૂપ હતાં તેને તેણે દૂર કીધાં હતાં ને ખરા વિશ્રામવારની સ્થાપના કરી હતી. સાબ્બાથ પર આચ્છાદનરૂપ માણસોની આજ્ઞાઓ તેણે તોડી પાડી હતી, કારણ કે તે નિયમશાસ્ત્ર વિરૂદ્ધ હતી. સાબ્બાથ-વાર ઠરાવનાર પ્રભુની ઇચ્છા એવી હતી કે તે માણસને તથા બીજાં પ્રાણીને શાંતિરૂપ થાય ને તે દિવસે સર્વ કોઈ દયા પામે, માટે વિશ્રામવાર પાળવા સારૂ નિયમશાસ્ત્રમાં આજ્ઞા આપેલી છે. તે દિવસ આળસમાં ને સુસ્તીમાં ગુમાવી દેવો એવો તેનો હેતુ નથી, પણ તે પવિત્ર સેવાંમાં તથા દયાભરેલાં કાર્યોને સારૂ જુદો ઠરાવાયો છે, તેથી તે કામમાં વાપરવો એવી તેની મતલબ રહેલી છે. કારણ કે નિયમશાસ્ત્ર નિર્દય નથી પણ દયાથી ભરેલું છે, માટે તેનું ફરમાન એવું છે કે, "હું કૃપા ચાહું છું ને યજ્ઞાર્પણ નહિ" (હોશી. ૬; ૬). હવે જ્યારે ઇસુએ એ પ્રમાણે એક અશક્ત દયાપાત્ર પ્રાણીના ઉપર દયા કીધી ને તેને પોતાનો ખાટલો ઉપાડવાનો હુકમ આપ્યો ત્યારે તેમાં શું ખોટું હતું તે દેખાતું નથી. કેટલાએક શાસ્ત્રનો વિપરીત અર્થ કરનારા ઇસુના દ્વેષકો કહેશે કે યિર્મે. ૧૭; ૨૧ માં બોજો ઉપાંડવાની મના કરેલી છે; તેમ છતાં તેણે બીજો ઉપાડવાનો હુકમ આપ્યો તે ખોટું છે. પણ જો વિચાર કરી તપાસીએ તો ખાતરી થશે કે યિર્મેયાહ જે બોજા વિષે મના કરે છે તેમાં તથા ઇસુ જે બોજો ઉંચકવાનો હુકમ આપે છે તેમાં ઘણો ફેર રહેલો છે. માટે એ વાત પરથી નક્કી જણાય છે કે ઈસુએ શાસ્ત્રનું ફરમાન તોડયું નહિ, પણ ફરોશીઓની મેળવણી કાઢી નાખી હતી. એ ફરોશી રાબી લોકે સાબ્બાથવાર વિષે ઘણા ઝીણા સૂક્ષ્મ ને બારીક નિયમો ઘડી કાઢયા હતા. તેઓની સંખ્યા એટલી હતી કે તે બધાનું વર્ણન કરતાં એક મહા મોટો ગ્રંથ બની શકે, તેથી આ જગ્યાએ તે બતાવી શકાય તેમ નથી. વળી એવાં માનવકલ્પના પ્રમાણે ઘડાએલા કાયદા માણસોની જીવનવૃત્તિ સુધારવાને સારૂ નિરૂપયોગી છે, માટે અત્રે તેનું વિસ્તારપૂર્વક વર્ણન કરવાની અગત્ય નથી; તોપણ તે કેવા નિર્જીવ ને બાળખેલ સરખા છે તે બતાવવા સારૂ અહીં કેટલા-એક લખીએ છીએ જેથી વાંચનારને તેની ખાતરી થશે.

રાબ્બી લોકોએ આ બોજો કે ભાર ઉંચકવા બાબત જે બારીકમાં બારીક નિયમ સ્થાપ્યો તે એવો કે જો કોઇ માણસ પોતાના જોડામાં લોઢાના ખીલા નંખાવે તો તેણે સાબ્બાથવારે તે જોડા પહેરવા નહિ, કેમકે તેમાં લોખંડનું વજન છે ને તેથી સાબ્બાથવારનો ભંગ થાય છે.

સાબ્બાથવારે ભાથા જેટલી રોટલી ઉંચકીને એક જગ્યાથી બીજી જગ્યાએ જવું નહિ, કેમકે તેમ કરતાં વિશ્રામવાર સંબંધીની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. એક રોટલી ભાંગી તેના બે ભાગ કરે ને બે જણ લઇને ચાલે તે પણ સાબ્બાથવારનું ખંડન કરનાર ગણી શકાય છે.

જો કોઇ રસી અથવા દોરાની ગાંઠ વાળતાં બન્ને હાથ લગાડવા પડે તો તેમાં વિશ્રામવારનું ખંડન થએલું જાણવું.

જો કોઈ માણસ વિશ્રામવારે એક કરતાં વધારે અક્ષર લખે તો સાબ્બાથનો ભંગ થાય છે. તેમજ એક અક્ષરમાં બે જાતની સાહી વાપરે તોપણ સાબ્બાથનો ભંગ થાય છે.

જો કોઈ માંદો માણસ સાબ્બાથ દિવસે જુલાબ જેવી દવા ખાય તો તે સાબ્બાથ ભંગ કરે છે.

સાબ્બાથ દિવસે જો કોઈનો હાથ પગ ઉતરી ગયો હોય તો તે સાંધો ચઢાવાય નહિ ને જો કોઇ તેમ કરે તો તેમાં સાબ્બાથ ભંગ થયાનો દોષ છે.

એવા ને એના જેવા બીજા ઘણા અયોગ્ય નિયમો ઘડી ને લખી રાખેલા હતા ને તે બધા વિષે એવી વાત ફેલાવી હતી કે એ નિયમો સ્વર્ગના દરવાજા ઉપર લખી રાખેલા છે, માટે આ ચમત્કાર કરવાથી પ્રભુ ઈસુ તથા તેનાં વિરૂદ્ધ વાદીઓની વચ્ચે તકરાર ઉભી થઈ હતી; પણ પ્રભુએ તેની સામા વાદવિવાદ કીધો નહિ; પણ તેઓનાં મન એક ઉત્તમ નિયમ તરફ ખેંચવા સારૂ પ્રયત્ન કીધો હતો. તેમાં તે કહેવા લાગ્યો કે બાપ તથા દીકરાની વચ્ચે નિકટનો સંબંધ હોય છે, તેથી તે બન્નેના સંકલ્પ તથા શક્તિ ઐકયતામાં રહે છે. દેવની પ્રીતિનાં કાર્ય હમેશાં જારી રહે છે તે કદી બંધ પડતાં નથી, તેમ છતાં તે કામોમાં સાબ્બાથવારનું ખંડન થતું નથી. માણસના શરીરના કલ્યાણ સંબંધી તથા તેના આત્માના તારણ સંબંધી સર્વોત્તમ ઉદ્યોગ કરવાની તેને સનાતન સત્તા છે. જે ચમત્કારથી તમે મને દોષિત ઠરાવો છો તેજ ચમત્કારથી મારી તથા મારા મહાન પિતાની ઐકયતા જણાય છે. મારી તથા મારા પિતાની સર્વ વાતમાં ઐકયતા રખાએલી છે, ને તેની નિશાણી તે મારાં કાર્યમાં દેખાઈ આવે છે. જો કે હાલમાં તમારી આગળ તે ઝાંખા જેવું દેખાય છે, પણ પુનરૂત્થાનમાં ન્યાયકાળે તે પૂરૂં પ્રકાશિત દેખાઈ આવનાર છે. આગળના વખતમાં આવી રીતે ઈશ્વરી કાર્ય

થએલાં નથી, પણ હાલ તે કાર્યોનો આરંભ થાય છે, માટે તે મારા ઉપદેશ વિષે પ્રમાણરૂપ છે. તમે મારા ઉપદેશનો નકાર કરો છો, પણ યાદ રાખો કે તેથી તમે પોતે દોષિત ઠરવાના છો. જે કોઇ મારા બોધનો અંગીકાર કરશે તેનેજ જીવન મળવાનું છે, શું એ મારૂં ભાષણ તે ઉદ્ધતપણાનું છે? કે શું તેમાં દેવનિંદા છે? શું તમે એ પ્રમાણે બોલી શકો છો? જુઓ, હવે મારી શાહેદી ઉપરાંત હું તમને બીજી સાક્ષી આપીશ, અને તે સાક્ષી યોહાનની છે; તેનાં કરતાં મોટી સાક્ષી તે મારાં કામ છે. હું જે જે ચમત્કારિક કામો કરૂં છું તેનો વિચાર કરો, કારણ કે તે કામોથી દેવ મારા સંબંધી શાહેદી આપે છે. દેવની શાહેદી સાંભળવા સારૂ માત્ર કાનની જરૂર નથી, પણ તેને સારૂ હૃદયની જરૂર છે, માટે તે અંતઃકરણથી સાંભળી શકાય છે; પણ તમારાં હૃદયમાં દેવનું વચન રહી શકતું નથી; કારણ કે તમે દેવના મોકલેલા ઉપર વિશ્વાસ કરતા નથી. આવી અંતરાત્માની ખાતરીપૂર્વક નિશ્ચય શાહેદી ન માનનારાઓને શાસ્ત્રપ્રમાણ આપવાં એ વ્યર્થ છે, કેમકે આત્માની તથા શાસ્ત્રની સાક્ષી મળતીજ આવે છે, તેથી તે યથાર્થ મનાય છે. તમારા કહેવા પ્રમાણે મેં સાબ્બાથવારનો ભંગ કીધો, તેથી તમે મારા ઉપર સતાવણી કરવા તત્પર થયા છો, પણ એમાં તમારી ભૂલ છે. મેં સાબ્બાથવારનો ભંગ કીધો નથી, તેમ છતાં તમને એવું લાગે છે તો તેમાં તમારા અંતઃકરણની દુષ્ટતા દેખાય છે, માટે તમને સારૂં તે માઠું ને ખરૂં તે ખોટું લાગે છે. તમે પોતે મારી પાસે આવી જીવન પામવા ખુશી નથી, પણ તમે પોતાને જીવનથી વેગળા રાખો છો; અને એ જુદાપણાનું કારણ તે મારા તથા તમારા કામમાં વિરૂદ્ધતા છે. હું પોતાનું મહત્વ વધારવા માગતો કે ઈચ્છતો નથી. મારૂં આવવું તે સ્વાર્થી નથી પણ પરમાર્થી છે. તમારૂં જીવન સ્વાર્થી છે, પણ મારૂં જીવન પરમાર્થી છે. તમે માણસોનાં વખાણ ને માણસો તરફથી પ્રશંસા પામવા ચાહો છો, ને તે તમને મળે માટે તમે તે પામવા સારૂ પ્રયત્ન કરો છો; પણ હું તેમ કરતો નથી, તેથી મારી તથા તમારી વચ્ચે આ મોટો ભેદ રહેલો છે. મારી પરીક્ષા કરવા સારૂ તમારામાં બુદ્ધિ નથી, કેમકે ઉપર બતાવેલાં કારણો ખરી સમજણને અટકાવ કરે છે. તમે કહો છો કે અમે મુસાને માનીએ છીએ; તમે મુસાના નિયમશાસ્ત્ર સંબંધી શાહેદી આપો છો, ને લોકોમાં જાહેર કરો છો કે અમે મુસાના નિયમશાસ્ત્રને માન આપી પાળીએ છીએ, પણ ખરી વાત એ છે કે તમે મુસાનું નિયમશાસ્ત્ર સમજતા નથી. જો તમને તેની ખરી સમજણ હોત તો તમે જાણી શકત, કેમકે ત્યાં મુસાએ મારા વિષે શાહેદી આપેલી છે; પણ જ્યારે તમને તમારા શાસ્ત્ર પર ભરોસો નથી ત્યારે મારા પર કયાંથી હોય?

જેમ આપણે ઉપર વાંચી ગયા છીએ તેમ પ્રભુ ઇસુએ પોતાના વિરોધીઓને પ્રત્યુત્તર આપી પોતાનું દેવપણું તથા દેવની સાથેનો નિકટ સંબંધ તે

દેખાડી આપ્યો હતો. પ્રભુ ઈસુના ભાષણમાં તેણે પોતા વિષે કહ્યું કે, હું દેવનો પુત્ર છું ને દેવને સમાન છું. તે વાત આ સભાના અધિકારીઓને મન ઘણીજ અણગમતી ને ખોટી લાગી. પ્રભુ ઇસુએ તેઓની આગળ પોતા વિષે તથા પોતાનાં કામ વિષે ત્રણ પ્રકારની શાહેદી આપી. તેમાં પ્રથમ શાહેદી યોહાનની ને પછી પોતાનાં પરાક્રમી કામોની ને છેલ્લી તથા ત્રીજી શાસ્ત્રની શાહેદી આપી પ્રમાણ કીધું હતું. છતાં તેઓએ એ વાતો સ્વીકારી નહિ, તેથી પ્રભુએ ત્યાંથી નિકળી જવાનું યોગ્ય ધાર્યું હતું. એ વાતને અનુલક્ષી એક વિદ્વાન ગ્રંથકર્તા લખે છે કે, "એ વખત સુવાર્તાના સંબંધમાં ખરેખરો પ્રસંગ લાવનાર સમય હતો. આટલા દિવસ સુધી યરૂશાલેમમાં તથા આસપાસનાં ગામોમાં પ્રભુનો બોધ તે સામાન્ય ઉપદેશ પ્રમાણે હતો, ને સર્વ લોકોમાં માન્ય કરાતો હતો, તેથી તે સાંભળવા સારૂ લોકો ખુશીથી ભેળા થતા હતા ને આનંદ સહિત સાંભળતા હતા, તેમજ તે ગ્રહણ કરતા હતા, પણ હવે પછી એ વાત બદલાઈ ગઇ ને તેનું જુદું રૂપ બની ગયું હતું. કારણ કે આજની હકીકતથી બધાં બદલાઇ ગયાં ને છેક જુદાં બન્યાં હતાં. તે એટલે સુધી બદલાયાં કે આ દાઉદની નગરીમાં દાઉદના પુત્રને પ્રગટરૂપે રહેવું ને વાત કરવી એ મુશ્કેલ હતું, એટલુંજ નહિ પણ ત્યાં તે નિર્ભયપણે રહે એમ રહ્યું નહોતું." તેથી પ્રભુ ઇસુએ સમયસૂચકતા વાપરી આ સ્થળ કેટલાએક વખત માટે છોડી દીધું, કારણ કે આ બાપનું ઘર જે ખાસ ઉપદેશને સારૂ અનુકૂળ ગણાય તે હાલ પ્રતિકૂળ થયું હતું, જે ખરૂં નિર્ભય સ્થાન તે ભયગ્રસ્ત થયું; તેથી સ્થળાંતર કરવું એ ડહાપણયુક્ત હતું, માટે ઘણા દિવસ પછી તે ત્યાં આવ્યો હતો. તે દરમિયાન તેણે ગાલીલ પ્રાંતમાં ફરીને પોતાનું કામ કીધું.

હવે ઉપર બતાવ્યા પ્રમાણે પ્રભુ ઇસુએ યહુદાહ પ્રાંત છોડયો ને ગાલીલમાં આવ્યો, તેથી તે ઘરનાં માણસોને ફરી શત્રુવટ રાખવાનું કારણ રહ્યું નહોતું. તોપણ જ્યારે પ્રભુ ઇસુ ગાલીલમાં પોતાનું કામ કરતો હતો, ત્યારે તેના કામ પર દેખરેખ રાખવા તથા તેમાં વિઘ્ન નાખવાનું તેઓ ચુકયા નહિ. તેઓએ કેટલાએક જાસુસો મોકલ્યા કે તેઓ ઇસુની કીર્ત્તિનો નાશ કરે ને તેનાં સારાં કામને દોષિત ઠરાવી વખોડી કાઢે, માટે એમ કહેવાય કે જ્યારથી પ્રભુએ સુવાર્તાનો આરંભ કીધો ત્યારથી તેના શત્રુઓની શાંતિ ગઈ. તેઓ નિવૃત્તિ રહિત પ્રવૃત્તિમાં આવી પડ્યા. તે બાબત આપણે જેમ જેમ આગળ વાંચીશું તેમ તેમ વધારે માહિતગાર થઈશું ને તેઓની અશાંતિ કેટલી હતી તે જાણી શકીશું.

ખંડ ૩ જો.

યોહાન બાપ્તિસ્મા કરનાર કેદ કરાયો ત્યાર પછીથી તેના મરણપર્યંતની હકીકત.

સમય—રૂમી શક ૭૮૧ ના એપ્રિલથી ૭૮૨ ના માર્ચ સુધી.

ઇ. સ. ૨૮–૨૯.

અધ્યાય ૧ લો.

બાપ્તિસ્મા કરનાર યોહાનનો વધ કરાયો.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે પ્રભુ ઈસુ યરૂશાલેમ છોડી ગાલીલ પ્રાંતમાં પાછો આવે છે. તે પ્રમાણે તે ત્યાં આવ્યો ત્યારે એક મહા દુઃખદાયક સમાચાર સાંભળી દુઃખી થયો. એ સમાચાર એવા હતા કે, "હેરોદ રાજાએ યોહાન બાપ્તિસ્મા કરનારનો શિરઃછેદ કીધો હતો." એ વર્તમાન સાંભળવાથી પ્રભુના મનમાં ઘણું ભારે દુઃખ લાગ્યું હશે, કેમકે યોહાન એક પ્રકાશિત દીપકરૂપ હતો, ને તેના પ્રકાશ વડે કેટલુંએક અંધારૂં દૂર થાય માટે તે અંધારામાં પ્રકાશ આપતો હતો. તે દરમિયાન અંધારાની સત્તા ધરાવનારા આ અધિકારીએ તેના ઉપર હલ્લો કીધો, ને તેથી આગળ વધતાં અટકાવી તેણે તે બુઝાવી દીધો. ત્યારે પ્રકાશની રાહ જોનારાં તથા પ્રકાશના પ્રભુને કેટલું દુઃખ લાગે તેનું વર્ણન કરવું કઠણ છે. આ યોહાન બધા ભવિષ્યવાદીઓમાં મુખ્ય અને મોટો હતો, તેમજ પ્રભુ ઈસુના સૈન્યમાં અગ્રેસર દૂત જેવો ગણાતો હતો; તેને એક દુષ્ટ રાજાએ શિરઃછેદ કરી મારી નાખ્યો.

યોહાન બાપ્તિસ્મા કરનારને જે રાજાએ મારી નાખ્યો તેનું નામ હેરોદ આંતિપાસ હતું. તેને મહાન હેરોદના મરણ પછી ગાલીલ પ્રાંતનું ચોથાઇદાર રાજ્ય મળેલું હતું. તે ઘણો કામી, વિષયલંપટ, ક્રૂર તથા કપટી હતો. તેની મનોવૃત્તિ તુચ્છ અને નબળી હતી. તેનો એક દાખલો એવો છે કે આ હેરોદ આંતિપાસ એકવાર પોતાના નાના ભાઈ ફિલિપને મળવા સારૂ રૂમ શહેરમાં ગયો; ત્યારે તેના ભાઈએ તેને પોતાના મહેલમાં ઉતારો આપી ઘણા પ્રેમભાવે સન્માન-પૂર્વક પરોણાચાકરી કરીને બંધુપ્રીતિને ઘટતો આદરસત્કાર આપ્યો. તેણે સારી રીતે આગતાસ્વાગતા કરી સેવાચાકરી બજાવી હતી. એ પ્રમાણે ફિલિપની ભલમનસાઇ તથા સરભરાનો તેણે કેવો બદલો વાળ્યો તે જુઓ. તેણે એની સ્ત્રી હેરોદીઆસને દુરાચારમાં નાખી પોતાને સ્વાધીન કરી લીધી, ને જ્યારે તે

ઘર તરફ ફર્યો ત્યારે તેણીને નસાડી લાવ્યો. હેરોદીઆસ તેના ભાઈની વહુ હતી, એટલુંજ નહિ પણ તે તો તેની ભત્રીજી થતી હતી, કારણ કે મહાન હેરોદનાં ઘરવાળાંમાં લગ્નસંબંધે મોટો ઘોંટાળો ચાલતો હતો. હેરોદ આંતિપાસની પરણેતર સ્ત્રી તે અરેતાસ નામના એક અરબસ્તાનના અમીરની પુત્રી હતી. હેરોદીઆસને લઈને હેરોદ ઘેર આવ્યો ત્યારે અરેતાસની દીકરી પોતાના બાપને શરણે નાસી ગઈ, ને તેને લીધે અરેતાસે હેરોદની સાથે લડાઈ ચલાવી. હેરોદ આવું કુકર્મ કરનાર થયો હતો, તેથી તેનું મન વખતોવખત ડંખ્યા કરતું હતું. પણ તેણે અંતરયામીનો બોધ દબાવી દીધો, ત્યારે ઈશ્વરી ઠરાવ પ્રમાણે આ બોધકની ગંભીર વાણી તેના કાન પર પડી હતી. યોહાન બાપ્તિસ્મા કરનાર તથા આ દુષ્ટ રાજાનો મેળાપ ક્યાં ને કેવી રીતે થયો તે વિષે શાસ્ત્રમાં વિગતવાર લખેલું નથી. પણ એટલું ચોકસ રીતિએ કહી શકીએ છીએ કે જ્યારે તેણે આ દુષ્ટ રાજાને જોયો ત્યારે તેણે એનાં પાપી કામ વિષે ઉઘાડી રીતે ઠપકો આપ્યો. તેણે એના મ્હોની શરમ રાખી વખાણ કીધાં નહિ, કે તેનાં પરોપકારી કામો વખાણી તેની સ્તુતિ કરી નહિ. તેની પાસેથી નાણાં મેળવવા કાંઇ ખુશામત કરી નહિ, પણ તેને એનાં પાપકર્મનું દીર્ઘ દર્શન કરાવતાં કહ્યું કે, "તારા ભાઈની વહુ રાખવી તને યોગ્ય નથી." આ રાજા લોકોને આજ્ઞા આપનાર હતો. તે આ આજ્ઞા સાંભળી શક્યો નહિ; તેને એ સાંભળતાં ચટકો લાગ્યો, તેનું મગજ તપી ગયું, તેને કાને ઇશ્વરના ભક્તની વાણી પડી કે તુરત તેનું માથું તુટી જવા જેવું થયું. મને આવો બોધ કરનાર આ કોણ છે? તેને રાનમાં રહેવું હોય તો તે ખુશીથી ત્યાં રહે ને મારી પ્રજાને ધર્મ સંબંધી તત્વસિદ્ધાંત શિખવવાં હોય તો ખુશીથી શિખવે, પણ મારી દરબારમાં આવી મારી ઇચ્છા વિરૂદ્ધ બોલે ને મારાં કામની નિંદા કરી મને દોષિત ઠરાવે એવો તેને શું અધિકાર છે? તેથી હમણાંજ તેનું મ્હો બંધ કરવું જોઇએ, નહિ તો પછી તે આવીજ બડબડ કરતો રહેશે. એવો વિચાર કરી તેણે એ ઉપદેશકને માખેરસ નામના કિલ્લામાં કેદ કીધો.

હવે જ્યારે યોહાન એ રીતે કેદ કરાયો ત્યારે તેણે પોતાના બે શિષ્યોને મોકલી ઇસુને પુછાવ્યું કે, "જે આવનાર છે તે શું તું છે કે અમે બીજાની વાટ જોઇએ?" આ યોહાન પુરતી રીતે ઇસુને ઓળખતો હતો તેમ છતાં આ પ્રમાણે સવાલ પુછાવે છે તેનું કારણ શું હશે, એવો પ્રશ્ન થાય છે, ને એ પ્રમાણે પ્રશ્ન ઉઠે એ સ્વાભાવિક છે. કેમકે એ વાર્તા સંબંધી ઘણા ઘણા સવાલો થએલા છે, ને વિદ્વાન ગ્રંથકારોએ તેના જવાબ આપી ખુલાસા કરેલા છે. તેમાંનો એક એવો છે કે, યોહાને પોતાના શિષ્યો મારફત પુછાવ્યું તેમાં તે મસીહને ગર્ભિત અરજી કરી કહે છે કે તમે મસીહ છો, છતાં આ પ્રમાણે તમારા કામની આડે આવેલી અડચણ કેમ દૂર કરતા નથી? તો એવો સંવાદ સાંભળ્યો હતો કે જો ઇસુ તે મસીહ છે તો તેણે યોહાનને કેમ કેદ થવા દીધો? ને જો તેમ થયું તો

હજી સુધી કેમ સહાય કીધી નથી? જ્યારે પોતાના શિષ્યો એ પ્રમાણે બોલવા લાગ્યા ત્યારે તેઓની શંકા નિવૃત્ત થાય, માટે તેણે તેમને ઈસુની પાસે મોકલ્યા હશે; તેમ છતાં આ સંકટની વેળામાં ખુદ યોહાનને સંશય આવે કે સંશય થાય તો તેમાં વિશેષ આશ્ચર્ય થવા જેવું નથી. પતિત માણસનો સ્વભાવ એવો હોય છે. તે એવો કે જો આપણે કોઈ વેદનામાં આવી પડીએ તો આપણા મિત્રોને કે આપણા સહાય કરનાર મદદગારોને મળવા બોલાવીએ છીએ, કે તેઓ આપણી સહાય કરે ને આપણને ધીરજ આપે. તેઓને ગમે તો તે આપણી વેદના દૂર કરે, અથવા આપણને કાંઇ રસ્તો બતાવે કે તેથી આપણું મન ધીરજ પામે. તે માટે જો આ શિષ્યોને યોહાને ઈસુની પાસે મોકલ્યા હોય તો તે પણ યોગ્ય છે.

જ્યારે ઉપર લખેલો સંદેશો યોહાન તરફથી આવ્યો ત્યારે પ્રભુ ઈસુ નાઇન શહેરમાં રહેતો હતો (ત્યાં તેણે જે કામો કીધાં તે વિષે આગળ લખવામાં આવશે), ને જે જે કામો પોતે કરતો હતો તે પરથી તેણે જવાબ મોકલ્યો. તેણે યોહાનના શિષ્યોને કહ્યું કે, "જે જે તમે જોયું તથા સાંભળ્યું તે જઈને યોહાનને કહી સંભળાવો; એટલે આંધળા દેખતા થાય છે, લુલા ચાલતા થાય છે, કોઢિયા શુદ્ધ કરાય છે, અને બહેરા સાંભળતા થાય છે, મુએલાને ઉઠાડવામાં આવે છે, દરિદ્રીઓને સુવાર્તા પ્રગટ કરાય છે, અને જે મારા સંબંધી ઠોકર નહિ ખાશે, તેને ધન્ય છે (લુક ૭; ૨૨, ૨૩). એ પ્રમાણે યોહાનના શિષ્યોને જવાબ આપ્યો ને વિદાય કીધા. તે લોકોના ગયા પછી તેણે પોતાના શ્રોતાજન સમક્ષ યોહાન વિષે કહેવાનું શરૂ કીધું. તેમાં પ્રભુ કહે છે કે, "તે પવનથી હાલતું બરૂ નહોતું." એ વચન પરથી આપણને એવી શિખામણ મળે છે કે યોહાનનો વિશ્વાસ દ્દઢ હતો, પણ કેવળ ક્ષણિકવાર સુધી તેના મનમાં નિરાશા થઈ હતી; કારણ કે સંકટકાળે નિરાશા આવી માણસના વિશ્વાસ પર હલ્લો કરે છે, પણ ખરો વિશ્વાસ તેથી નાબૂદ થતો નથી.

હવે એ યોહાન કેદખાનામાં હતો તે દરમિયાન હેરોદ આંતિપાસની સાલગીરી કે જન્મતારીખ આવી હતી. એવા પ્રસંગો પર મોટો સમારંભ કે ઓચ્છવ કરવો એવી હેરોદના ઘરકુટુંબમાં રીત હતી. એ રીતિ પ્રમાણે રૂમી બાદશાહો પોતપોતાની વર્ષગાંઠનો ઓચ્છવ કરતા હતા. તેની દેખાદેખી આ હેરોદના પરિવારમાં દાખલ થઈ હતી, તેથી તે દિવસે તેણે પોતાના દરબારી માનવંત અમલદારો તથા લશ્કરી સરદારોની મોટી મિજલસ કરી મિજબાની આપી. તે પ્રસંગ પર ખ્યાલખુશાલીને સારૂ જે જે ગોઠવણો કરેલી હતી તેમાં તેની સ્ત્રીએ પોતાની મતલબ સાધવા સારૂ એક કલમનો વધારે ઉમેરો ચગદી ઘાલ્યો. તે એવો કે, તેણે પોતાની પુત્રીને સભા સમક્ષ નૃત્યક્રીડા કરવા મોકલી દીધી. જેમ આ દેશમાં લગ્નપ્રસંગે કળાવન્તી કે ગુણકાનો નાચ કરાવવાની રીતિ ચાલે છે, તેમ અદોમી રાજાઓમાં એ ભ્રષ્ટ રીતિ ચાલતી હતી. મહાન

હેરોદ રાજાએ પોતાના રજવાડામાં એક નૃત્યશાળા બાંધી હતી, પણ ખુદ પોતાના કુળની સુંદર સ્ત્રીઓ પોતાની આગળ આવીને નાચ કરે એવી તેની મનોભાવના નહોતી. આમંત્રણ કરેલા પરોણાઓની મંડળી ભોજનપાન કરી રંગમહેલમાં બેઠી હતી. એવામાં તે સભા સમક્ષ હેરોદિયાસની પુત્રી આવીને નાચ કરવા લાગી. તેણીએ એવી નૃત્યકળા બતાવી કે તેથી હેરોદ ખુશ થયો; અને છોકરીને વચન આપ્યું કે, જે તું ચાહે તે મારી પાસે માગ, ને હું તને તે આપીશ. તેણીની મા એવાજ વચનની રાહ જોઈ રહી હતી તેથી હવે તે આશા સફળ થઈ. તેણીએ પોતાની પુત્રીને એવી સલાહ આપી કે તારે યોહાન બાપ્તિસ્મા કરનારનું માથું માગવું, ને તે પ્રમાણે તેણીએ રાજા પાસે આવી એવી માગણી કીધી. અહીં આપણે જોવાનું છે કે દુરાચરણ ઉપર દુષ્ટ બુદ્ધિ કેટલું જોર ચલાવે છે. જુઓ, રાજાએ તેણીને જે વચન આપ્યું તેમાં તે પોતાનું અર્ધું રાજ્ય આપવા બંધાયો હતો (માર્ક ૬ ; ૨૩), પણ તેને તે જોઈતું નથી. તેના કરતાં તેણીને પોતાના પાપનો નિષેધ કરનાર જે પવિત્ર સાધુ યોહાન તેનું માથું જોઇએ છે! આ ભયંકર માગણી હેરોદે સંતોષસહિત માન્ય કરી હોય એમ આપણે જાણવું નહિ, પણ પોતાના વચનને લીધે લોકલજ્જાથી યોહાનનો શિરઃછેદ કરવાનો હુકમ આપ્યો. અને તે પ્રમાણે બંદીખાનામાં જઈ સિપાઈ લોકોએ તેનું માથું કાપ્યું, ને એક કથરોટમાં મુકી તે છોકરીને આપ્યું, પછી તે છોકરીએ તે તેની માને દીધું. પરંતુ તે ઈશ્વરભક્તને લોહી તથા માંસના મસ્તક બદલ પોતાનો સ્વર્ગી મુગટ પહેરવા સારૂ અવિનાશી શિર પ્રાપ્ત થયું. તેના પર તેણે અનંત જીવનનો અવિનાશી તથા નહિ ચિમળાનાર મુગટ પહેર્યો. યોહાનના રક્તપાતથી હેરોદના દોષિત મનની શાંતિ થઇ નહિ, કારણ કે જ્યારે તેણે ઇસુની કીર્ત્તિ વિષે ગાલીલમાં સાંભળ્યું ત્યારે તેના મનમાં બીક લાગી. તે ભયભીત થઇ કહેવા લાગ્યો કે, "એ તો યોહાન બાપ્તિસ્મા કરનાર છે; તે મરેલામાંથી ઉઠયો છે ને પરાક્રમી કામો કરે છે." માણસના શરીરનો નાશ કરવા માણસ સમર્થ છે પણ સત્યનો કે સદસત્ વિવેકનો નાશ કરવા તેની સત્તા ચાલતી નથી.

આ અને આના જેવાં બીજાં ઘણાં ઉદાહરણો ઇતિહાસમાં મળી આવે છે કે રાજ્યદ્વારી લોકો આવા આનંદી દિવસોમાં અઘોર કૃત્યો કરી પોતાનાં નામ કલંકિત કરી ગયા છે. પારસી લોકોમાં ઝર્કસસ નામનો રાજા હતો. તેણે પોતાની સ્ત્રીના આગ્રહથી પોતાના જન્મદિવસે માસિસટેસનો શિરઃછેદ કરાવ્યો હતો. પાર્થીયન લોકોમાં (ઇ. સ. પૂ. ૫૩–૫૨)માં ઓરદોસ રાજા થયો હતો. તેણે પોતાના પુત્રને લગ્નપ્રસંગે નાટક કરાવ્યું, તેમાં એક વેશ ધરનારે ક્રાસસ નામના રોમન શાહુકારનું માથું રંગભૂમિમાં આણ્યું. તે જોઈ સભાજનો ઘણા ખુશી થયા ને તાલીઓ પાડી ગાયન કીધું.

એ પ્રમાણે આ દુષ્ટે એવા ધાર્મિક અને પવિત્ર સાધુનો વધ કરી પ્રાણ લીધો, ને પોતાની વ્યભિચારિણી સ્ત્રીની દાઝ હોલવવા અન્યાયી કર્મ કરનારનું કલંક લીધું. તેનું છેવટ સારૂં થયું નહિ. હેરોદ કેવળ ચોથાઈદાર હતો (લુક ૯; ૭), પણ હેરોદિયાસે તેને રાજાનો ખીતાબ લેવા સારૂ પરાકાષ્ટાથી આગ્રહ કીધો; તેથી રોમન બાદશાહ કાલીગુલે તેના ઉપર રાજ્યદ્રોહનો આરોપ મુકયો ને ગાલ્ (ફ્રાન્સ) દેશમાં મોકલાવી ત્યાં કેદ કીધો. તેની સાથે તેની દુષ્ટ સ્ત્રી પણ ગઈ હતી. તે બન્ને જણ કેટલોએક વખત ત્યાં અપમાન ને અપકીર્તિ ભોગવી મરણ પામ્યાં. તેની નાચનારી છોકરીનું નામ આગળના ઇતિહાસ મધ્યે દેખાતું નથી.

"તેના શિષ્યો એ સાંભળીને આવ્યા, ને તેનું ધડ લઈ ગયા, ને કબરમાં મુક્યું." (માર્ક ૬ ; ૨૯).

અધ્યાય ૨ જો.

ઇસુ પોતાના ગામમાં (નાઝારેથ) જાય છે ત્યારે ત્યાંના લોક તેનો અંગીકાર કરતા નથી.

હવે અહીં આપણે યાદ રાખવાનું છે કે પ્રભુ ઇસુ કેટલોએક વખત કાપરનાહુમમાં પાછો આવી રહેલો છે. તેણે ત્યાંથી નિકળી ગાલીલમાં સુવાર્તા પ્રગટ કરવાનું કામ ચાલું કીધું. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં સભાસ્થાનોમાં ઉપદેશ આપ્યો. એ રીતિએ ફરતાં ફરતાં પોતાના જુના ગામની મુલાકાત લીધી, એટલે કે તે નાઝારેથમાં આવ્યો. તે પોતે આ ગામમાં નાનપણથી ઉછરીને મોટો થયો હતો. ત્યાં ઘણા લોકની વસ્તી નહોતી, કારણ કે તે ગામ નાનું સરખું હતું, તેથી ત્યાં એકજ સભાસ્થાન બંધાવેલું હતું. પ્રભુ ઇસુ પોતાની રીત પ્રમાણે આ સભાસ્થાનમાં ઉપદેશ કરવા ગયો હતો. હાલ ખ્રીસ્તી મંડળીમાં ભજનસેવાની જે રીતિ જોઇએ છીએ તે રીતિ પ્રમાણે યહુદી મંડળી ભજનસેવાનું કામ ચલાવતી હતી. તેઓ શરૂઆતમાં ઉપકારસ્તુતિની પ્રાર્થના કર્યાં પછી શાસ્ત્રવાંચન કરતા હતા. એ વાંચનમાં મુખ્ય બે વિભાગોનું વાંચન ચાલતું હતું. તેના પ્રથમ ભાગને 'પારાશા' કહેતા હતા. 'પારાશા' એટલે નિયમશાસ્ત્ર; તે પાઠ પહેલો વાંચવામાં આવે, ને ત્યાર પછી 'હાફ્તારા' એટલે ભવિષ્યગ્રંથ વાંચતા હતા. આ વાંચન વાંચવા સારૂ ત્યાં કોઈ લેવી કે યાજક નહોતો, તેથી 'બતલનીમ' (વડીલ) મુખ્ય આસન પર બેસીને તે કામ કરતા હતા. એવા વડીલો દશ કરતાં વધારે હતા. તેમાં એક 'રોશહકેનેરોથ' એટલે પ્રમુખ હતો. તે સભાસ્થાનનો અધિકારી ગણાતો હતો. તેના તરફથી પરવાનગી મળતાં કોઇએક લાયક માણસ વાંચનપાઠ વાંચતો હતો.

સભાસ્થાનના આ કામદારો શિવાય ઉતરતા દરજ્જાવાળા બીજા ત્રણ કામદારો હતા; એટલે 'હાજ્જાન,' 'શાલીયાહ' અને 'પરનાસીમ.' તેમાં પહેલો તે શાસ્ત્રનો ગ્રંથ સંભાળનાર, ને બીજો સભાસ્થાનનાં પાત્રો સંભાળનાર હતો, ને ત્રીજો તેનો કારોબાર ચલાવનાર હતો.

પ્રભુ ઇસુ જ્યારે સભાસ્થાનના બીમ (આસન) પર ચઢયો, ત્યારે નિયમ-શાસ્ત્રમાંથી પહેલો પાઠ વંચાઇ ગયો હશે એવું દેખાઈ આવે છે; કારણ કે, જ્યારે તે ત્યાં બેઠો ત્યારે પ્રમુખે તેના હાથમાં એ પુસ્તક આપ્યું હતું. આ જમાનામાં હાલ છાપેલાં પુસ્તકો જોઇએ છીએ, પણ તે વખત એવાં પુસ્તકો નહોતાં, કેમકે ત્યારે છાપવાની કળા પ્રગટ થએલી નહોતી. માટે દરેક પુસ્તક પાનાને આકારે છુટા કાગળોમાં કે ટીપણાના આકારે ઓળિયારૂપ રચેલાં હતાં. અને જયારે ઇસુ સન્માન યોગ્ય 'મફતીરાના' વાંચનારની જગ્યાને લાયક ઠરેલો હતો, ત્યારે હાજ્જાનાએ તેના હાથમાં યશાયાહનું પુસ્તક 'મેગીલા' (વિંટાળેલું ટીપણું)નું ઓળિયું તેના હાથમાં આપ્યું. જ્યારે તેણે તે ઉકેલીને વાંચ્યું ત્યારે સર્વ લોક વાંચન ચાલતાં સુધી ઉભા રહ્યા. આ વાંચનમાં તેણે માત્ર બે ત્રણ કલમો સુધી વાંચ્યું હતું. તેનો તરજુમો એવો હતો કે, "પ્રભુનો આત્મા મારા પર છે, કેમકે દરિદ્રીઓ આગળ સુવાર્તા પ્રગટ કરવા સારૂ તેણે મારો અભિષેક કીધો છે; બંદીવાનોનો છુટકો તથા આંધળાઓને દૃષ્ટિ પામવાનું જાહેર કરવા, ઘાયલ થએલાઓને છોડાવવા તથા પ્રભુનું માન્ય વર્ષ પ્રગટ કરવા સારૂ તેણે મને મોકલ્યો છે." એટલું વાંચીને તેણે પુસ્તક બંધ કર્યું ને સેવકને આપ્યું, પછી તે પોતે બેસી ગયો. ત્યારે સર્વ શ્રોતાજન તેના તરફ એકી નજરે જોઈ રહેલા હતા. પ્રભુ ઇસુએ તેઓને ઉપદેશ આપતાં છેલ્લા શબ્દો પર ભાર મુકી કહ્યું કે, "આજ આ લેખ તમારા સાંભળતાં પૂરો થયો છે." નાઝારેથના લોકોએ પ્રથમ પ્રભુની વાત સાંભળી ત્યારે તેની તારીફ કીધી હતી; પરંતુ તેને મળેલું જ્ઞાન તે ઇશ્વરદત્ત છે એમ માન્યું નહિ, તેમજ તેની ગરીબ સ્થિતિ જોઇને તેઓએ ઠોકર ખાધી. વળી તે પાઠશાળામાં બેસીને શિખેલો નથી તેમ છતાં આવું જ્ઞાન તેને કયાંથી હોય! એમ જાણી તેની કુચેષ્ટા કરવા લાગ્યા. તેઓએ કહ્યું કે, "શું આ યુસફનો દીકરો નથી?" તેણે બીજાં ગામોમાં ચમત્કાર કરેલા હતા પણ પોતાના ગામમાં કાંઈ તેવું કીધું નહિ, તેથી તે તેઓને ખરાબ લાગ્યું. પ્રભુએ તેઓની કલ્પના જાણી લીધી હતી, માટે જે કાંઇ તેઓ બોલવાના હતા તે તેણે પોતેજ કહી દીધું કે, "આ દૃષ્ટાંત તમે નિશ્ચય મને કહેશો કે, વૈદ, તું પોતાને સાજો કર; કાપરનાહુમમાં અમે જે જે કામો વિષે સાંભળ્યું તેવાં કામો અહીં તારા પોતાના વતનમાં પણ કર." ત્યારે તેણે તેઓને એલીયાહ તથા એલીશાનો દાખલો આપ્યો કે તેઓ કોની પાસે મોકલાયા, તેનો વિચાર કરો! તેઓની પેઠે મેં તમારા શિવાય બીજા બીજા

લોકોમાં ચમત્કાર કીધા તેમાં ખોટું શું? મેં તમારી આગળ તાજુબી ભરેલાં કામો ન કર્યાં તેનું કારણ મારામાં નથી, પણ તમારામાં છે. તમારો અવિશ્વાસ ને તમારો અભિમાન તેજ તમારા હકને છીનવી લેનાર થયાં છે; કેમકે તમે તમારા વારસાનો તિરસ્કાર કરો છો, માટે તે તમને મળતો નથી, પણ વિદેશીઓને અપાય છે.

અને એ વાત સાંભળીને સભામાંના સઘળા ક્રોધે ભરાયા; ને તેઓએ ઉઠીને તેને શહેર બહાર કાઢી મુકયો, ને તેને હેઠળ પાડી નાખવા સારૂ જે પહાડ પર તેઓનું શહેર બાંધેલું હતું તેની કોરે તેઓ તેને લઈ ગયા. પણ તે તેઓની વચમાં થઇને ચાલ્યો ગયો (લુક ૪; ૨૮–૩૦).

અધ્યાય ૩ જો.

ઇસુએ ગાલીલમાંથી ચાર શિષ્યો બોલાવ્યા ને સુવાર્તા પ્રગટ કરવાનો આરંભ કીધો.

આપણે ઉપર વાંચી ગયા કે નાઝારેથના લોકો ઉલટા થયા ને પ્રભુ ઇસુનો અનાદર કરી તેને મારી નાખવા તૈયાર થયા હતા, ત્યારે તેઓના પંજામાંથી તે નિકળી ગયો ને કાપરનાહુમમાં આવ્યો. એ દહાડા પછી તેણે ત્યાં તથા આસપાસનાં ગામોમાં બોધ કરવાનું કામ કર્યા કર્યું હતું. જો કે અત્યાર પહેલાં તે ઉપદેશ કરતો હતો ખરો, પણ તે છુટક છુટક કામ હતું, ને હવે પછી તેણે ખાસ રીતિએ તે કામ પર ધ્યાન આપેલું હતું એમ દેખાય છે. પ્રભુ ઇસુનું કાર્ય તે અનિયમિત નહિ પણ નિયમિત રીતે હતું. જેઓએ એના કામનો ખરો અભ્યાસ કરેલો છે તેઓને તે બાબત પૂરી માહિતી મળી છે. તેઓની શાહેદી પ્રમાણે નાની મોટી નવ મુસાફરી ફરીને આખા પ્રાંતમાં સુવાર્તા પ્રગટ કરેલી હતી. આ મુસાફરીઓમાં તે કાપરનાહુમથી ફરવા જતો ને પાછો તે ત્યાં આવીને રહેતો હતો. પ્રભુ ઇસુનું જીવનચરિત્ર શિખવાની જીજ્ઞાસા રાખનારાઓને ખુલાસાવાર સમજણ મળે માટે છેવટના ભાગમાં તે મુસાફરીઓની વિગતવાર યાદી આપીશું.

જ્યારે પ્રભુ ઇસુ નાઝારેથ મુકીને કાપરનાહુમ આવ્યો ત્યારે તેને ચાર સાથી મળ્યા, તે તેના પ્રથમ શિષ્ય ગણાય છે. તેમાંનો એક સીમોન, બીજો આંદ્રયા, ત્રીજો યોહાન ને ચોથો યાકૂબ હતો. આપણે આગળ વાંચી ગયા છીએ કે આ ચારે જણા પહેલાં યોહાન બાપ્તિસ્મા કરનારથી બાપ્તિસ્મી થયા ને પછી પ્રભુને શરણે આવ્યા હતા, તેમ છતાં હજુ તેઓ પોતાના કામકાજમાં રોકાએલા હતા. પણ હવે યોહાન બાપ્તિસ્મા કરનારનું કામ બંધ થયું ને પ્રભુના કામની શરૂઆત થવાનો સમય આવ્યો, ત્યારે તેઓ પોતાનું સર્વસ્વ છોડીને તેની

પાછળ ચાલી નિકળ્યા હતા. એથી તેઓ આ સદ્‌ગુરૂના પરમાર્થિક કાર્યમાં મદદગાર થયા. જેમ સદ્‌ગુરૂ ઇસુ પોતાના કાર્યમાં આસ્થાવાન હતો તેમ આ વિશ્વાસુ ને આજ્ઞાંકિત શિષ્યો ગુરૂસેવામાં તત્પર હતા. તેઓ પોતાનું સર્વસ્વ છોડીને ગુરૂસેવામાં હાજર થયા. આ આજ્ઞાંકિત ચેલાઓ ઘરબાર, કુટુંબકબીલો વગેરે છોડીને પ્રભુના કાર્યમાં ભાગ લેવા બહાર પડ્યા. જ્યાં જ્યાં પ્રભુ ઇસુ જતો ત્યાં ત્યાં તેઓ સાથે જતા ને જ્યાં તે રહેતો ત્યાં તેઓ પણ રહેતા. આ વખતના સાર્થક તેડા પછી અંતપર્યંત તેઓ પોતાના ગુરૂની સાથે ને પાસે રહેનારા થયા. એ પ્રમાણે સેવાકાર્યમાં ભાગ લેતાં પોતાનું આયુષ્ય પૂરૂં કીધું, તોપણ હજુ સુધી તેઓ પ્રેરિતપણા પર ઠરાવાયા નહોતા, કારણ કે હજી પ્રભુએ પોતાના કાર્યનો પૂરો મર્મ તેઓને બતાવેલો નહોતો. સુવાર્તાના કાર્યમાં જે જવાબદારી તથા જોખમ રહેલું હતું તેથી તેઓ અજાણ હતા.

આ પ્રથમ શિષ્યોનું આમંત્રણ કર્યાં બાદ જે વિશ્રામવાર આવ્યો તે દિવસે તેણે કાપરનાહુમના સભાસ્થાનમાં ઉપદેશ આપ્યો. તે વિષે પહેલી ત્રણ સુવાર્તાઓમાં સવિસ્તર હકીકત મળે છે (માત્થી ૮; ૧૪–૧૭. માર્ક ૧; ૧૬–૩૪. લુક ૪; ૨૩–૪૧). તે પરથી તેના કાર્યનું આબેહુબ સ્વરૂપ જોઇ શકાય તેમ છે. જો કોઈ જીજ્ઞાસુ પ્રભુ ઇસુના કાર્યનું રૂપ જોવા કે જાણવા ચાહે તો તેણે ઉપર બતાવેલાં સ્થળો તપાસવાં, એથી તેને પૂરી માહિતી મળશે, ને એમ કરવાથી તેની જીજ્ઞાસા તૃપ્ત થશે. એટલે કે "તે પોતાની જીંદગીના દિવસોમાં સારૂંજ કરતો હતો." જગતમાં જે જે ગુરૂ લોકો છે તે બધામાં તથા ઇસુ ગુરૂમાં એક મોટો ભેદ રહેલો છે; એટલે કે બીજા કેટલાએક ગુરૂ લોકો એકાંતવાસ કે વનવાસ પસંદ કરે છે, પણ ઇસુ ગુરૂ વસ્તીમાં રહી જનસેવા કરતો હતો. બીજા કેટલાએક યોગસાધના કે લાંબી લાંબી સમાધીઓ ખેંચવામાં પોતાનો વખત વાપરે છે, પણ આ ગુરૂએ લોકોને ઉદ્ધારમાર્ગ બતાવવામાં પોતાનો વખત વાપરેલો છે. વળી બીજાઓની પેઠે તેણે મંદિરૂમાં બેસી પોતાની પૂજા કરાવી નથી, પણ સેવકની પેઠે શિષ્યોના પગ ધોએલા છે. ગૌમુખીમાં હાથ ઘાલી મૂગો બેસી રહેતો નહિ, પણ ચૌટેચકલે કે સભાસ્થાને જ્યાં પ્રસંગ મળે ત્યાં બોધ આપતો હતો. તેમજ તેણે મોટા મોટા ગ્રંથો વાંચવામાં કે લખવામાં જીંદગી ગાળી નહિ, પણ રહેણીકહેણીનો ઉત્તમ નમુનો આપવામાં પોતાની જીંદગી વાપરેલી છે. તેના બોધમાં મહા માર્મિક ને ગુઢાર્થવાળી કહણ વાર્તા કે બ્રહ્મજ્ઞાનીઓના અનુમાનિક દાખલા નહિ, પણ સીધી ને સરળ વાતોમાં દેવનો તથા માનવનો પ્યાર બતાવેલો છે. તેણે બીજાઓની પેઠે દ્રવ્ય હરણ કરી પૈસાનો ભંડોળ કીધો નથી, કે મીઠું બોલી લોકોને ફોસલાવ્યા નથી, લોકો રીજે કે ખીજે એ વાતની તેણે પરવા રાખી નથી; પણ નિષ્પક્ષપાતપણે સત્યનાં સિદ્ધાંતો જણાવ્યાં છે. ઘેર ઘેર ફરી

તાળમૃદંગ વગાડવાં કે કરતાળ રાખી ટહેલ ઉઘરાવનારા મોકલ્યા નહિ, પણ ઘેર ઘેર ફરી માંદાં દુઃખિતોની ખબર લેતો હતો ને લેવડાવતો હતો; કેમકે ઢોંગસોંગ કરી માયા મેળવવી એવો વિચાર તેનામાં નહોતો, પણ આકાશના રાજ્યને સારૂ ખાસ યોગ્ય પ્રજા મેળવવી એજ ઈચ્છા રાખતો હતો; તેથી તેને જે સમય મળ્યો તેમાં આકાશના રાજ્ય વિષે ઉપદેશ આપ્યો. ગામેગામ ફરીને ઉદ્ધારનો માર્ગ જણાવ્યો, માંદાંઓને આરામ આપ્યો, દુઃખીઆઓને દિલાસો દીધો ને ઇશ્વરનો ઠરાવેલો તારણોપાય પ્રગટ કર્યો. જુલમથી પીડાએલા તથા જાલમોથી કઢાએલાને તેણે યથાસ્થિત કીધા. એ રીતે પરમાર્થિક પ્રીતિથી તેણે સર્વનું કલ્યાણ કીધું ને એવો ઉત્તમ નમુનો આપી સર્વ શિષ્યોને સારૂ શિક્ષણપદ્ધતિ સ્થાપી છે.

આ સભાસ્થાનમાં પ્રભુએ જે બોધ આપ્યો તે ઘણી સારી અસર કરનાર થયો હતો, માટે શ્રોતાજનો ખુશી થયા ને આનંદ પામ્યા; તેમજ લક્ષ દઈને બધી વાતો સાંભળી હતી, કેમકે બીજા ઉપદેશકોના બોધમાં તથા આ બોધકના ઉપદેશમાં ઘણો અંતર રહેલો હતો. બીજા ઉપદેશકોની વાતોમાં માણસની ચતુરાઈ તથા યુક્તિની લુખીસુખી વાતો હતી, પણ આ ગુરૂની વાતો આત્માને જીવનદાયક હતી. બીજાઓની વાતો માનસિક શૈલી પ્રમાણે ઠરાવેલી હતી, પણ સદ્‌ગુરૂ ઇસુની વાત પવિત્ર આત્માની પ્રેરણા પ્રમાણે નિર્માણ થએલી હતી. બીજા ઉપદેશકોના બોધમાં કર્મકાંડ તથા યજ્ઞયાગની વાતો આવે, પણ સદ્‌ગુરૂના ઉપદેશમાં સ્વદમન તથા સ્વાર્પણ કરવાની વાતો હતી. બીજા ઉપદેશકોનો બોધ ખાસ કરી અર્પણ ચઢાવવાનો હોય, તેમાં યજ્ઞમાં પશુવધ કેમ થાય? તેને બાંધવાની તથા મારવાની તથા ચીરવાની ક્રિયા બતાવેલી હોય, પણ પ્રભુના ઉપદેશમાં પાપમોચન થવાની તથા પાપ જીતવાની રીતિ બતાવેલી હતી. બીજા ઉપદેશકો લોહી પાડવા તથા છાંટવાના નિયમો બતાવે પણ સદ્‌ગુરૂ પ્રાણરક્ષણના નિયમ શિખવતો હતો. બીજાઓ માંસ આપવાના તથા ખાવાના ધારા જણાવતા, પણ સદ્‌ગુરૂ આત્મા પામવાની રીત બતાવતો હતો. બીજાઓ લેવીઓ તથા યાજકોને ખુશ કરવા તથા મળવાના રસ્તા બતાવે, પણ સદ્‌ગુરૂ દેવને મળવાનો તથા તેનેજ રાજી રાખવાનો રસ્તો બતાવતો હતો. બીજા ગુરૂઓ યાજકોને દાન અર્પણ કરવાની શિખામણ આપતા, પણ પ્રભુ ઈસુ દેવને જીવતું અર્પણ ચઢાવવાનું શિખવતો હતો. બીજાઓના બોધમાં ભાતભાતનાં દસાંશો તથા અર્પણોની શિખામણો આવતી, પણ પ્રભુ ઈસુના બોધમાં જીવનવૃત્તિનો શુદ્ધ ને સાર્થક નમુનો બતાવેલો હતો. એવો ઉપયોગી ને અગત્યનો બોધ આગળના વખતમાં તેઓએ સાંભળેલો નહોતો. તેમાં દૈહિક સુન્નતના નિયમ કે ધારા બતાવેલા નહિ, પણ સુન્નતવાળું મન રાખવાનો બોધ હતો. તેના બોધમાં યહુદીઓ તથા વિદેશીઓનો અંતર બતાવેલો નહિ, પણ દેવભક્તો તથા દેવ

તજનારાનો ફેર બતાવેલો હતો, માટે જ્યારે તે લોકોએ એવો અધિકારયુક્ત બોધ સાંભળ્યો ત્યારે તેના સાંભળનારા છક થઈ ગયા. આ ઉપદેશ સાંભળનારામાંથી કોઇએક ભુતવળગેલો માણસ મોટી બૂમ પાડી બોલી ઉઠયો કે, "અરે ઇસુ નાઝારી, અમારે ને તારે શું છે? શું તું અમારો નાશ કરવા આવ્યો છે? તું કોણ છે એ હું જાણું છું, એટલે તું દેવનો પવિત્ર છે." એ સાંભળીને ઇસુએ તેને ધમકી આપીને કહ્યું કે, "ઓ અશુદ્ધ આત્મા, છાનો રહે, ને એનામાંથી નિકળી જા;" તેથી અશુદ્ધ આત્મા તેમાંથી નિકળી ગયો ને ભુત વળગેલો સાજો થયો. ત્યારે બધા માણસો નવાઈ પામી પ્રભુ ઇસુની કીર્ત્તિ પ્રગટ કરવા લાગ્યા ને એમ આખા ગાલીલ પ્રાંતમાં તેની પ્રશંસા ફેલાઈ.

હવે જ્યારે પ્રભુ ઇસુ સભાસ્થાનમાંથી પોતાના શિષ્યોને ઘેર આવ્યો ત્યારે ઘણાં રોગી માણસો તેને મળવા આવ્યાં, ને તેણે તે બધાંને સાજાં કીધાં. તેઓ પૈકી એક બાઇ હતી; તે મંદવાડના ખાટલામાં પડી દુઃખ ભોગવતી હતી. તેણીને તાવની સખત બિમારી લાગી હતી, તેથી હેરાન થતી હતી. નહિ ઉઠાય કે નહિ બેસાય, માટે ખાટલાવશ પડી રહેલી હતી. આ દુઃખિયારી બાઇ કોણ હશે, એવું વાંચનાર મિત્ર પુછે તો તેનો જવાબ આપું છું કે આપણા પ્રભુનો વહાલો શિષ્ય જે પીતર નામે ઓળખાય છે તેની સાસુ એવી કઠણ માંદગીમાં પડી હતી. પ્રભુ ઇસુ તેણીના બિછાના પાસે ગયો ને તેણે તેણીનો હાથ પકડયો એટલામાં તેનો મંદવાડ દૂર થયો. તેણી પૂરૂં સાજાપણું પામી નિરોગી થઈ, એટલુંજ નહિ પણ તાત્કાળિક શક્તિ પામવાથી પ્રભુની સેવા કરવાના કામમાં લાગી. પછી પ્રભુ ઇસુ ત્યાં કેટલોએક વખત રોકાયો ને થોડો વિસામો લીધો.

એ પ્રમાણે પ્રભુ ઇસુને સીમોનને ઘેર કેટલીએક વિશ્રાંતિ મળી, પણ તે માત્ર અલ્પકાળ સુધી રહે એવી હતી; કારણ કે આ સાબ્બાથને દિવસે સાંજની વેળા સીમોન પીતરના ઘર પાસે મોટી મેદની મળી હતી. ઘણાં માંદાંઓને તેમનાં સગાંવહાલાંઓ ત્યાં લાવ્યાં હતાં, જેથી તે જગ્યાએ ઘણી ભીડ જામેલી હતી. સવારને વખતે ત્યાં જે ચમત્કાર થયો હતો તેની બાતમી ચોતરફ ફરી વળી, કેમકે તે વખતે સભાસ્થાનમાં ગએલા લોકો જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં તેની તારીફ કરવા લાગ્યા. આપણા લોકોમાં એક મહા સમર્થ મહાત્મા પ્રગટ થયો છે. તે હરેક પ્રકારના રોગ મટાડે છે ને અધિકાર સાથે ભુતોને કાઢે છે એવું સાંભળીને ઘણા લોકો પોતાનાં માંદાં તથા ભુતવળગેલાંને તેની પાસે લાવ્યાં હતાં; તેથી એમ કહી શકાય કે ત્યાં માંદાં તથા દુઃખિતનો મેળો ભરાયો હતો. તેમાં કેટલાંએક કણુતાં હતાં ને બીજાં કેટલાંએક ધુણુતાં હતાં. એમ બૂમબરાડા ને હાયબાપનો શોરબકોર થઈ રહ્યો હતો. કેટલાંએક વળગાડને લીધે ગાંડાં મસ્તાન બનેલાં હતાં, તેઓને તેમનાં સગાંવહાલાં બાંધીને ઉભાં રહેલાં હતાં. તેમાંનાં કેટલાંએક વિક્રાળ ને ભયંકર દેખાતાં હતાં. તેઓ મોટી મોટી

બૂમો ને કીકીઆરીઓ મારી કાન ફુટી જાય તેવી વાણી કાઢતાં હતાં. કેટલાં-એક આંધળાં પોતાના ભાઈ કે બાપનો હાથ પકડીને આવેલ હતાં. તેમજ જે લંગડાં તથા પાંગળાં હતાં તેઓ માંચામાંચી કે કેડખંધોલા પર બેસીને આવ્યાં હતાં. જેઓ પક્ષઘાતી કે લકવાથી અકડાઈ જઈને સુકાઇ ગએલાં તેઓ ઝોળી કે ડોળીમાં પડીને આવેલાં હતાં, એમ જુદાં જુદાં સાધનો વડે આ દરદીસમુદાય પીતરના ઘર પાસે આવી પહોંચેલો હતો.

આ સમુદાયમાં બધાં ચિંતાતુર ને દુઃખીજ હતાં. કોઈને જાતે શરીરનો વ્યાધિ તો બીજાંને લાગતાં વળગતાંના મંદવાડથી મનનો વ્યાધિ વળગેલો હતો; માટે સામટેમેળે આ મેલાવડામાં મળેલાં માણસો બધાં ચિંતાગ્રસ્ત ને અશાંત હતાં. પણ તેમાં એક જણ હતો કે જેના પર અશાંતિનો હુમલો થઈ શકતો નથી તે શાંતિનો સરદાર છે. તે શાંતિનું મૂળ ને શાંતિનું ઝરણુ છે, ને તેની શાંતિ આ બધાંને શાંત કરવા સમર્થ છે. તેણે સાંજની વેળા ઠંડે પહોરે પ્રસન્ન વદનથી શાંતપણે ઘરના દરવાજા બહાર દૃષ્ટિ કીધી, ત્યારે આ દુઃખી સમુદાય તેની નજરે પડયો. જ્યારે આ દયાસાગર પ્રભુની દૃષ્ટિસમીપ આટલાં બધાં દયાપાત્ર દેખાયાં ત્યારે તેના અંતઃકરણમાં દયાના તરંગો ઉછળવા લાગ્યા.

તે રોગીઓ તથા ભૂતવળગેલાંઓને જે મહા ધનવંતરી વૈદરાજ (એટલે દયાસાગર ઈસુ) મળ્યો એણે તેઓને શું શું કર્યું? એવો પ્રશ્ન સહજ ઉપજી આવે છે. શું તેણે તે દરદીઓના ઉપર ફુંક મારી મંત્રોચ્ચારણ કીધું? અથવા શું તેઓના હાથ પર દોરા ધાગા બાંધ્યા? કે શું તેઓ પર ઉતાર ઉતારી શેરણીઓ વહેંચાવી? કે શું તેણે નાના પ્રકારનાં તેલ મસળી પાક પકવાન બતાવ્યાં? કે તેઓને રાખ તથા ચુરણનાં પડીકાં આપી ફરી આવવાનું કહ્યું? અથવા શું તેણે કહ્યું કે એ તો તમારા નસીબની વાત છે, તેમજ તેઓને નાની મોટી પનોતી કે સાડ સતીની વાતો કહી? શું તેઓને દાન દક્ષણા આપવાનું કહ્યુ? કે અમુક અમુક ક્ષેત્રમાં જઈ મંત્રજપ કે શ્રાદ્ધ સરાવવાનું બતાવ્યું? કે શું એણે દેવીદેવતાનું અનુષ્ઠાન કે પૂજન કરવાનું બતાવ્યું? કે શું તેણે એ લોકોને પોતાની પાસે ચાર છ માસ ફરવાની આજ્ઞા આપી? એ પ્રશ્નોના જવાબમાં એટલુંજ કહેવું બસ છે કે આ સમર્થ તારનારે તેવું કાંઈ કહ્યું નહિ, પણ એણે માત્ર શબ્દ કહ્યો ને તેથી સર્વનાં દરદ દૂર થયાં. તેણે માત્ર શબ્દ કહ્યો ને સર્વ ભૂતવળગેલાં સારાં થયાં ને બધા રોગીઓના રોગ દૂર કીધા; કેમકે તેના સંબંધી જે ભવિષ્યવાણી હતી તે પૂરી થઇ કે, "તેણે પોતે આપણા મંદવાડો લીધા ને આપણા રોગો ભોગવ્યા," અને તેજ આપણો હિતેચ્છુ તથા યશાયાહ ભવિષ્યવાદીએ બતાવેલો તારનાર છે એ વાતનું પૂરૂં પ્રમાણ આપ્યું. જે શબ્દ વડે પ્રભુએ આ દુઃખી સમુદાયને સાજાપણું પમાડયું તે શબ્દ શું હતો એ વાતની કલ્પના કરવાનું આપણને પ્રયોજન નથી; કેમકે સુવાર્તાઓમાં ઠેકાણે ઠેકાણે તે શબ્દ લખાએલા

છે. જ્યારે ભુત વળગેલા તેની પાસે આવતા ત્યારે તે કહેતો કે, "છાનો રહે, ને એમાંથી નિકળ" એવું બોલવાથી ભુતો નિકળતાં હતાં. તેમજ લંગડા તથા પાંગળાને તે કહેતો કે, "હું તને કહું છું કે તું ઉઠ" ને તરત તે હરણની પેઠે કુદવાની શક્તિ પામતા હતા. પક્ષઘાતીઓને તે કહેતો કે, "ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલતો થા" ને તે સાંભળતાં તેઓ બળવાન થતા. પાપી માણસને તે કહેતો કે, "દીકરા, ધીરજ રાખ, તારાં પાપ તને માફ થયાં છે" એ પ્રમાણે તેનો શબ્દ સામર્થ્ય ભરેલો હતો, તેથી અસાધારણ કાર્ય નિપજતાં હતાં.

આ રીતે પ્રભુ ઇસુનું એક દિવસનું કામ પૂરૂં થયું. તે તેના રોજના કામના નમુના પ્રમાણે હતું સમજવું ઘટે છે. લોકોના સમુદાયમાં તથા એકાંતમાં ઉપદેશ કરવો, પોતાના શિષ્યોને શિક્ષણ આપવું, દયા પામનારા લોકો પર દયા કરવી ને એકાંતમાં જઇ પ્રાર્થના કરવી એજ તેનું રોજીંદુ કાર્ય કર્મ હતું.

તે દિવસના પરિશ્રમને લીધે પ્રભુ ઇસુને વિસામો લેવાની જરૂરિયાત હતી, માટે બીજે દિવસે મોટા પરોઢીઆને સમયે તે ઉઠયો, ને કોઇ ન જાણે તેમ દૂર મેદાનમાં ગયો. ત્યાં તેણે પ્રાર્થના કરી વિસામો લીધો. તેનું કામ જો કે લોકોની ગીરદીમાં હતું તોપણ લોકોની ભીડ તથા ગડબડ તેને મનપસંદ નહોતાં, અને પોતાની કીર્ત્તિ તેના પોતાના કાને સાંભળવા તે ઇચ્છતો નહોતો, તેમજ માત્ર પોતાના શારીરિક વ્યાધિથી છુટકો પામવા સારૂજ લોકો તેની પાસે આવે એવો ઉપદેશ તેણે રાખેલો નહોતો. તે તો આત્મિક રાજ્ય સ્થાપન કરવા તથા માણસોના આત્મિક રોગ ટાળી તે રાજ્યમાં દાખલ કરવા સારૂ આવ્યો હતો. ને ફતેહમંદ રીતિએ તે કાર્ય ચલાવાય માટે વખતોવખત પોતાના આકાશી પિતાની સાથે પ્રાર્થનાદ્વારા સંભાષણ તથા સમાગમ પામવાની ખાસ અગત્ય હતી. તેમ છતાં તે ઘણો વખત એકાંતવાસમાં રહી શકતો નહિ, કારણ કે એવી વેળામાં ઘણી ઝડપથી લોકો તેને શોધતા શોધતા ત્યાં આવી પહોંચતા હતા. શિમોન તથા તેના મિત્રોની એવી ઇચ્છા હતી કે તે પોતાને ઘેર રહીને કામ કરે તો સારૂં. પણ તેણે તેઓને સાફ ના પાડીને કહ્યું કે, મારે ગામેગામ ફરીને મારૂં કામ કરવાનું છે (માર્ક ૧; ૩૮).

હવે પ્રભુ ઇસુ ગાલીલ પ્રાંતમાં ફરવા નિકળેલ છે. આ ગાલીલ પ્રાંત ઘણા વિસ્તારવાળો મોટો પ્રદેશ હતો, તેથી તેમાં સુમારે ૨૦૪ ગામો તથા શહેરો હતાં ને તેઓમાં ત્રીશ લાખ માણસની વસ્તી ગણાતી હતી. આ મુસાફરીમાં પ્રભુ ઇસુ કયાં કયાં ગયો તેની ચોકસ નોંધ મળતી નથી, કારણ કે જે જે ગામોમાં તેણે કામ કીધું તે બધાં ગામોનાં નામ શાસ્ત્રમાં આપેલાં નથી. પરંતુ તે બેથેસાઇદા તથા ખોરાજીનમાં ગયો હતો એ નક્કી વાત છે. વળી બીજાં ગામોમાં પણ ગયો એટલે દાલમાનુથા તથા માગદાન તે પણ નજીક નજીક હતાં ત્યાં

સુધી તે ગયો હતો, કારણ કે તેણે પોતાના શિષ્યોને કહ્યું કે, "મારે પાસેના ગામમાં જવું ને ત્યાં પણ ઉપદેશ કરવો જોઇએ એને સારૂ હું નિકળેલો છું" (માર્ક ૧; ૩૮).

આ મુસાફરીની વેળા પ્રભુએ જે જે ચમત્કારો કીધા તે બાબત શાસ્ત્રમાં વિગતવાર વર્ણન આપેલું નથી, કારણ કે ચમત્કાર કરવા એજ તેનું મુખ્ય કામ નહોતું પણ ઉપદેશ કરવો એજ તેનું વિશેષ કામ હતું; ને તેની સાબિતીમાં ચમત્કાર સાધનરૂપ હતા, કારણ કે તે તેના ઇશ્વરીપણાનો અધિકાર હતો. તે અધિકારની નિશાણી કે પ્રમાણ આ ચમત્કારોથી પ્રગટ થતું હતું. કેમકે તેના ચમત્કારિક કામ જોવાથી લોકોને ખાતરી થાય કે આ કૃત્યો કરનાર પુરૂષ તે સાધારણ માણસ નથી, પણ તેનામાં ઇશ્વરી શક્તિ ને ઇશ્વરી પરાક્રમ જોડાએલાં છે. જો કોઇ માણસની સાથે દેવ ન હોય તો તે આવાં ઇશ્વરી કામ કરી શકે નહિ, માટે આ ઉપદેશકની સાથે દેવ છે. એવી રીતે તેના ચમત્કાર તેની શાહેદી આપતા હતા. માર્ક ૧; ૪૦ માં જે ચમત્કારની વાત લખેલી છે તે ચમત્કાર આ વખતે બન્યો એમ કેટલાએક વિદ્વાનનો મત છે. આ વખતે પ્રભુએ જે કોઢિયા (રક્તપિત્તવાળા) ને પ્રભુએ શુદ્ધ કર્યો તેને અજાયબી ભરેલો હુકમ આપ્યો, એટલે કે, પ્રભુ ઇસુએ તેને કહ્યું કે આ વાત તારે કોઇને કહેવી નહિ; પણ તેણે પોતા પર હુકમ કરનાર પ્રભુની કીર્ત્તિ ગામેગામ જઇને ફેલાવી, ને તેની શાહેદીથી લોકોનાં ટોળેટોળાં ઇસુને શોધવા નિકળ્યાં હતાં. એ સમયમાં ઇસુ પોતે અરણ્યમાં એકાંત પ્રાર્થના કરવા સારૂ રોકાએલો હતો, તેથી બધા લોકો તેને શોધતા શોધતા ત્યાં આવી મળ્યા હતા.

પૂરવણી.

અંક ૧ લો.

ગાલીલ પ્રાંતમાં ઇસુની પહેલી મુસાફરી સંબંધી.

મુકામ ૧ લો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

જ્યારે નાઝારેથના લોકોએ ઇસુનો અનાદર કીધો ને તેના પર વિશ્વાસ રાખ્યો નહિ ત્યારે તે કાપરનાહુમ આવ્યો. અહીં પ્રથમ તેના ચાર શિષ્યો થયા હતાં. તેઓ માછી હતા ને સાથે સાથે માછલાં પકડવાનો ધંધો કરતા હતા. પણ આ વખતે પ્રભુએ તેઓને પોતાની સાથે રહેવા સારૂ તે ધંધા પરથી બોલાવી લીધા ને હમેશને માટે સાથે રાખ્યા. ત્યાર બાદ જે સાબ્બાથવાર આવ્યો તે સાબ્બાથે સભાસ્થાનમાં જઈ ઉપદેશ કીધો ને એક ભૂતવળગેલાને સમો કીધો.

પછી ત્યાંથી પીતરને ઘેર આવ્યો ને તેની સાસુનો તાવ મટાડયો, તથા સાંજને સમયે બહાર આવી અનેક પ્રકારના રોગીઓને સાજા કરવાનું કામ કીધું. પછી મોટી સવારે જાગૃત થઈ એકાંતે ગયો ને ત્યાંથી આસપાસનાં ગામોમાં જઈ બોધ આપ્યો.

મુસાફરી ૧ લી.

આ વખત પ્રભુ ઈસુ જેટલાં બધાં ગામોમાં ફર્યો તે બધાંનાં નામો શાસ્ત્રમાં બતાવેલાં નથી. આ મુસાફરીમાં તેણે એક કોઢીયાને સાજો કીધો તેથી ઘણા લોકો તેને શોધતા હતા. માટે તે કોઇ શહેરમાં ગયો નહિ, પણ અરણ્યમાં એકાંતવાસે રહ્યો ને લોકો તેનો શોધ કરતા કરતા તેની પાસે આવ્યા.

મુકામ ૨ જો.

સ્થળ—કાપરનાહુમ શેહેર.

ઇસુ ઘેર આવ્યો છે એમ જાણી ઘણા લોકો તેની પાસે આવ્યા, તેથી ત્યાં મોટી ગીરદી જામી ગએલી હતી. ત્યાં તેણે કોઈએક પક્ષઘાતી માણસને પાપની ક્ષમા આપી સાજો કીધો, તેથી ફરોશી લોકો તેના પર ક્રોધે ભરાયા. પછી તે સમુદ્રકિનારે ગયો ને ત્યાં ઉપદેશ આપ્યો. તે વખતે તેણે માત્થીઅસ (માત્થી દાણી) ને પોતાની પાસે બોલાવી લીધો હતો. ત્યાર બાદ સાબ્બાથને દિવસે તે એક ખેતરમાં થઇને જાય છે. ત્યાં તેના શિષ્યો કણસલાં તોડીને તેમાંથી દાણા ખાવા લાગ્યા. તેના ઉપર તાકી રહેનારા ફરોશી તે જુએ છે. તે ફરી સભાસ્થાનમાં ગયો અને એક માણસનો હાથ સાજો કીધો. ફરોશીઓ તથા હેરોદીઓ તેના વિરૂદ્ધ એક્કો કરે છે. પછી વળી તે સમુદ્રકાંઠે ગયો ને ઘણા લોકો તેની પાસે ગયા.

મુસાફરી ૨ જી.

તેમાં તે કાપરનાહુમથી નિકળીને પાસેના એક ડુંગર ઉપર ગયો ને આખી રાત એકાંત પ્રાર્થના કરવામાં ગાળી, ને ત્યાર પછી પોતાના શિષ્યોને બોલાવી બાર પ્રેરિતોની નિમણુક કરી. તે કરી રહ્યા બાદ તેણે પહાડ પરનું ભાષણ આપ્યું, ને તેજ દિવસે તે ફરી કાપરનાહુમમાં પાછો આવ્યો. બધા લોકો તેની પાછળ આવ્યા.

મુકામ ૩ જો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

ફરી તે પાછો આવ્યો ને બારોબાર એક જમાદારના દીકરાને સાજો કરવા ગયો. તેની સન્મુખ એવી ભીડ જામેલી હતી, ને તેની આગળ એટલી ગીરદી રહેતી કે ઘણી સારી રીતે તેનું કામ કરી શકતો હતો. તેમાં તેને આહારપાણી

લેવાનો વખત મળતો નહિ. તેના ઇષ્ટ મિત્રોને એમ લાગ્યું કે તે ભ્રમિત થઈ ગયો હશે.

મુસાફરી ૩ જી.

ત્યાર પછીના દિવસે તે નાઇન નામના નગરમાં ગયો ને વિધવાના દીકરાને મરણમાંથી જીવતો ઉઠાડયો, ને ત્યાં જે નજીકનો પ્રાંત હતો તેમાં પોતાનું કામ ચલાવ્યું. યોહાન બાપ્તિસ્મા કરનાર બંદીખાનામાંથી તેની પાસે સંદેશો મોકલાવે છે. શિમોન નામના એક ફરોશીને ઘેર તે જમવા જાય છે. ત્યાં કોઇએક સ્ત્રી આવે છે ને તેણી તેને અભ્યંગ કરે છે. ત્યાર પછી તે પાછો કાપરનાહુમમાં આવે છે.

મુકામ ૪ થો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

તે એક આંધળા તથા મુગા ભૂતવળગેલાને સાજો કરે છે તે જોઈ ફરોશીઓ તેના ઉપર તહોમત મુકીને કહે છે કે, તેના ચમત્કાર બાલઝબુલની સાધનાથી થાય છે એવું દુર્ભાષણ કરવા લાગ્યા. તેની મા તથા તેના ભાઇઓ તેને મળવા સારૂ આવે છે, તે સમુદ્ર ઉપર જાય છે, ને દાખલા આપી સમજાવે છે.

મુસાફરી ૪ થી.

તેજ દિવસે તે પોતાના શિષ્યો સુધાં સમુદ્રને સામે કિનારે જતો હતો, તે વખત તેણે તોફાન શાંત પાડયું. ગાડરેનોના દેશમાં જઈ તેણે એક ભુત વળગેલાને સારો કીધો. તે ભુતો ભુંડોના ટોળામાં પેઠાં ને તેણે ભુંડોનો નાશ કીધો. ત્યાંના લોકો તેની પાસે આવ્યા ને પોતાની સીમમાંથી નિકળી જવાની વિનંતી કીધી. તે ફરી કાપરનાહુમમાં આવ્યો.

મુકામ ૫ મો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

ત્યાં લેવી મિજબાની કરે છે, યાઐરસની દીકરી તથા રક્તસ્રાવવાળી એક સ્ત્રીને તે સાજી કરે છે.

મુસાફરી ૫ મી.

બીજીવાર તે નાઝારેથમાં જાય છે ને ફરી લોકો તેનો અનાદર કરે છે. ત્યાર પછી તે ગાલીલ પ્રાંતનાં બીજાં ગામોમાં ફરીને ઉપદેશ કરે છે, ને બાર પ્રેરિતોને તે કામ પર મોકલે છે. સુમારે એ અરસામાં હેરોદે બાપ્તિસ્મા કરનાર યોહાનનો વધ કરાવ્યો હતો, તેથી ઈસુના કામ તથા ચમત્કારો વિષે સાંભળી તે તેને જોવા ચાહતો હતો. ઈસુ પાછો કાપરનાહુમમાં આવ્યો ત્યાં તેના શિષ્યો તેને આવી મળે છે.

મુકામ ૬ ઠ્ઠો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

આ વખતે આ મુકામમાં કાંઈ વિશેષ વાત બની હોય તેમ દેખાતું નથી. કદાપિ પ્રભુ ત્યાં થોડાજ દિવસ રોકાયો હશે, કે પાછો તે તુરત સામે કાંઠે ગયો હશે.

મુસાફરી ૬ ઠ્ઠી.

તે એક જગ્યાએ જવા સારૂ પોતાના બાર શિષ્યો સહિત સમુદ્ર પર થઇને જાય છે. પરંતુ લાગલો લોકસમુદાય તુરતાતુરત તેની પાછળ આવે છે. ત્યાં પાંચ હજાર માણસને જમણ કરાવે છે. પ્રેરિતોને વહાણને રસ્તે મોકલી દે છે, ને બીજા દિવસના પ્રાતઃકાલ સમયે તે પોતે પાણી પર ચાલીને તેઓને જઈ મળે છે. તેઓ ગેન્નેસારેતના કિનારા પર ઉતરી પાછા કાપરનાહુમમાં આવે છે.

મુકામ ૭ મો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

તે સભાસ્થાનમાં જઈ જીવનની રોટલી વિષે ઉપદેશ આપે છે. તે સાંભળીને તેના કેટલાએક શિષ્યો તેને મુકીને જતા રહે છે. તેનું તથા ફરોશીઓનું ભાષણ થાય છે. તે એક રોગીને સાજો કરે છે.

મુસાફરી ૭ મી.

એકાંતવાસ લેવા સારૂ તે સુર તથા સીદોનના પ્રાંતમાં જાય છે. ત્યાં તે સુરફૈનીકી સ્ત્રીની દીકરીને સાજી કરે છે. યરદન નદીની ઉત્તર તરફ ઉતરી દકાપલીસમાં તે જાય છે; ત્યાં એક બહેરા માણસને સાજો કરે છે, ને ચાર હજાર માણસોને જમણ આપી દાલમાનુથાની વાટે થઈ પાછો કાપરનાહુમમાં આવે છે.

મુકામ ૮ મો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

ફરોશીઓ તેની પરીક્ષા કરે છે ને તેની પાસે તેઓ નિશાણી માગે છે.

મુસાફરી ૮ મી.

સમુદ્રને પેલે પાર જે બેથસાઈદા છે ત્યાં તે જાય છે, ને ત્યાં એક આંધળાને દેખતો કરે છે. પછી જે કાઈસારીઆ ફિલિપ્પી નામનું ગામ છે ત્યાં જાય છે. ત્યાં એક પહાડ ઉપર તેનું રૂપાંતર થાય છે. તે એક ફેફરાવાળા છોકરાને સાજો કરે છે. પછી પાછો કાપરનાહુમમાં આવે છે.

મુકામ ૯ મો.

સ્થળ—કાપરનાહુમ શહેર.

તે પોતે જકાત કે કરના પૈસા ભરી આપે છે. પોતાના શિષ્યોની સાથે સંવાદ કરે છે, તેના મિત્રો તેને યરૂશાલેમમાં પર્વમાં જવાની તથા ત્યાં ચમત્કાર કરવાની સલાહ આપે છે; પણ તે તેઓની સલાહ માનતો નથી.

મુસાફરી ૯ મી.

તે ગુપ્તપણે મંડપના પર્વ વખતે યરૂશાલેમમાં જાય છે. ત્યાં તેની પાસે એક વ્યભિચારમાં પકડાએલી બાઇને લાવવામાં આવે છે. એક આંધળા માણસને તે સાજો કરે છે, અને લોકોને ઉપદેશ આપે છે. પછી તે પાછો કાપરનાહુમમાં આવે છે.

આખરે તે છેલ્લીવાર કાપરનાહુમ તથા ગાલીલ પ્રાંત છોડીને જાય છે.

અંક ૨ જો.

યહુદી લોકોમાં ભૂત કાઢવાની જે રીત ચાલતી હતી તેનું ટુંક વર્ણન.

જેમ આપણા દેશમાં ભૂતપ્રેતનો વહેમ ચાલે છે તેમ પૂર્વ કાળના યહુદીઓમાં પણ એવીજ માન્યતા હતી, તેથી એ ભૂત કાઢવાનો રિવાજ યહુદી મંત્રકારોએ ઠરાવેલો હતો. તે ઉપાય કેવી રીતનો હતો તેનું ટુંક વર્ણન એક રૂમી તવારીખમાં આપેલું છે તે વાંચનારના જાણવા સારૂ અત્રે લખીએ છીએ. તે નોંધમાં લખ્યું છે કે એક વખત વેસ્પેશિયન બાદશાહ તથા તેના સેનાપતિ ટૈટસ તથા બીજા રૂમી સરદારો સમક્ષ એક યહુદી માણસે ભૂતનો વળગાડ કાઢયો હતો. તે ઉસ્તાદ કે હકીમનું નામ એલીયાઝર હતું. તેણે પ્રથમ ભૂતવળગેલા માણસના નાકમાં વાળી (નથ) ઘાલીને પછી કાંઈ જડીબૂટીનું મૂળિયું ઘાલ્યું, તેથી તે ભૂતવળગેલો માણસ નીચે પડી ગયો. ત્યાર પછી તે મંત્રકારે કેટલાએક ચેટકો કીધાં ને ઉપરાચાપરી મંત્રોચ્ચારણ કરી ફુંકો મારવા માંડી, ને તે ભૂતને રાજા સુલેમાનના નામથી હુકમ કીધો કે તે તેના શરીરમાંથી નિકળે ને પાછો તેમાં પેસે નહિ, માટે તેજ સુલેમાનના સોગન દીધા. ત્યાર બાદ બીજા માણસોને ખાતરી કરી આપવા સારૂ તેણે એક પાણીનું ભરેલું માટલું મંગાવ્યું, ને પેલા ભૂતવળગેલા માણસમાં રહેલા ભૂતને હુકમ કીધો કે જો તું તે માણસનું શરીર છોડીને જાય છે, તો પેલું પાણીનું વાસણ ખાલી કર; ને જેમ તે પાણી વાસણમાંથી નિકળીને પાછું તેમાં પેસતું નથી તેમ હું આ માણસમાંથી નિકળી જાઉં છું ને પાછો તેમાં પેસનાર નથી, એ વાતની કબૂલાત આપી તે ભૂતે પાણીનું ભરેલું માટલું ખાલી કીધું ને તે ભૂત તેમાંથી ગયો.

એ ઉપરથી એક ગ્રંથકર્તા એવી ટીકા કરે છે કે યોસેફસ ઘણો શાણો વિદ્વાન, કાવાદાવામાં નિપૂણ, સુધરેલો રાજ્યદરબારી ગણાતો હતો; વળી તે અનુભવી અને લશ્કરોમાં ફરનારો માણસ હતો, પણ ખ્રીસ્તનું ચરિત્ર લખનારા તે સાદા ભોળા અને અણુશિખાઉ માણસો હતા. જો તેઓએ ભૂત કાઢવાના ઉપાય સંબંધી કાંઇ ઉપર પ્રમાણે વાત લખી હોત તો આપણા જમાનાના ઘણા ખરા લોકો તેની ઠઠ્ઠા કરી મશ્કરીમાં ઉડાવ્યા વિના રહેત નહિ. એ પ્રમાણે વાત છે. વળી બીજી વાત ધ્યાનમાં રાખવાની એ છે કે ખ્રીસ્તે જે ભૂતો કાઢ્યાં તેના સંબંધમાં તેઓ લખે છે કે, તેણે માત્ર શબ્દ બોલી ભૂતોને કાઢયાં, એ પ્રમાણે લખાણ કરવાની તેઓને કોણે સૂચના કીધી? વળી લખ્યું છે કે, ખ્રીસ્તના એ ચમત્કાર જોઈ લોકો દંગ થયા, એમ લખવાનું કારણ શું હશે? એ પ્રશ્નોનો ઉત્તર અમારા સુજ્ઞ વાચકો પોતે આપી શકે તેમ છે.

અધ્યાય ૪ થો.

એક પક્ષઘાતી માણસને ઇસુએ સાજો કર્યો.
યહુદી લોકના અધિકારીઓ ઇસુ પર ગુસ્સે ભરાય છે.
લેવી જકાતદારને ઇસુ તેડું કરે છે.

હવે અહીં આપણે ફરી ઈસુ તરફ જોવાનું છે. તેણે ગાલીલ પ્રાંતની પહેલી મુસાફરી પૂરી કીધી ને ફરી પોતાના શહેરમાં (કાપરનાહુમ) બીજીવાર મુકામ કીધો. ત્યારે તેણે પોતાની રીત પ્રમાણે ઉપદેશ આપવાનું કામ શરૂ કીધું. એક દિવસ તે પોતે બોધ આપતો હતો ત્યાં ઘણાં માણસો એકઠાં થયાં ને લોકોની ઠઠ જામી ગએલી હતી. એ જે ઘરમાં બેઠો હતો તે આખું ઘર ખીચોખીચ ભરાઈ ગયું હતું, એટલુંજ નહિ પણ બહારની પરશાળ તથા આંગણામાં મોટી ગીરદી જામેલી હતી, તેથી ઘરની અંદર જવાનો બંધ થયો હતો. હવે ઇસુ આવ્યો છે ને ફલાણા અમુક ઘરમાં બોધ કરે છે એવી ખબર સાંભળીને કેટલાંએક માણસો પોતાનાં માંદાં સગાંને તેની પાસે લાવ્યા. આ માણસને પક્ષઘાતનો રોગ થયો હતો, તેથી તેનું શરીર અકડી ગયું હતું ને હરવા ફરવાની શક્તિ રહેલી નહોતી, માટે તેને ખાટલા પર નાખીને ઉપાડી લાવ્યા હતા. તેઓ જ્યારે તે ઘર પાસે આવ્યા ત્યારે ત્યાં ઘણી ભીડ થએલી દીઠી. તેની અંદર થઇને જઇ શકવું કઠણ હતું. હવે શું કરવું? ઇસુ ઘરની અંદર છે, પણ લોકોની ભીડમાં થઇને આ માંદાને કેમ કરી ત્યાં પહોંચાડવો તેનો વિચાર કરવા લાગ્યા. આખર તેઓને એક રસ્તો જણાયો; તે એવો કે, ઘરના ધાબા પર ચઢીને જે ખુલ્લો ચોક હતો ત્યાંથી દોરડાં બાંધી આ ખાટલો ઉતારવો, તો ઈસુના પગ આગળ માંદા માણસને ઉતારી શકાય. પછી તેઓ પાછળના ભાગ પર થઈ ઘરના ધાબા ઉપર ચઢી

ગયા ને તપાસ્યું તો ત્યાં ખાલી છત મુકેલી હતી તે તેઓએ ઉપાડી લીધી, ને દોરડાં બાંધી આ દરદીનો ખાટલો અંદર ઉતાર્યો. પ્રભુ ઈસુ પોતે લોકોને ઉપદેશ આપે છે, તે દરમિયાન તેની સન્મુખ આ ખાટલો ચોકને રસ્તેથી નીચે ઉતરી આવતો જુએ છે. એ વખતે પોતે તેમજ તેના શ્રોતાજન ખાટલા તરફ એકી નજરે જોવા લાગ્યા. ખાટલા ઉપર સુતેલો દરદી આ મહાન સદ્‌ગુરૂની સામો જોઈ રહ્યો હતો. તેનાથી કંઇ બોલી શકાયું નથી, પણ માત્ર દયામણી મુખમુદ્રાથી તે પ્રભુ તરફ જોઈ રહેલો હતો. કદાચ તે પોતે અશક્ત છે તેથી બોલતો નથી, કે કદાચ તે ગભરાયલો છે તેથી બોલતો નથી; પણ તે તો માત્ર ટગરટગર તાકીને શૂન્યવત પડયો પડયો પ્રભુ ઈસુને જોઇ રહેલો છે. એટલામાં દયાસાગર ઈસુ આ માંદા પર અપાર દયા દર્શાવી તેને ઉત્તમોત્તમ કૃપાદાન આપે છે. તે કૃપાદાન વિષે આ દરદી પણ અજાણ હશે, તેમજ તેને ત્યાં લાવનારા ઇષ્ટ મિત્રો પણ અજાણ હશે એવું મહા મૂલ્યવાન દાન પ્રભુએ તેને આપવા ઠરાવ્યું હતું. એટલે કે સર્વ રોગ તથા મંદવાડનું મૂળ કારણ તે પાપ છે એ વાત પ્રભુ ઇસુ સારી પેઠે જાણતો હતો, માટે તેણે આ માણસને પ્રથમ પાપની ક્ષમા પામવાનું કૃપાદાન આપ્યું એટલે પ્રભુ ઇસુએ તેને કહ્યું કે, "દીકરા, ધીરજ રાખ, તારાં પાપ તને માફ થયાં છે." આ અમૂલ્ય શબ્દોમાં કેટલી દયા ને તેમાં કેટલી મમતા તથા કેટલી પ્રીતિ તેનું યથાયોગ્ય વર્ણન કરવાને જોઇતા શબ્દો કયાં મળે? એ મધુર વચનોનો સ્વાદ અનુભવ શિવાય કોણ વર્ણવી શકે? ખરેખરૂં કહીએ તો એ માંદાને ધન્ય છે ને એ માંદગીને પણ ધન્ય છે, કે જેનાથી આવા પ્રેમાળ ને દયાભરેલા મધુર શબ્દો સંભળાય છે! પણ તે સર્વ કરતાં હજારો ને લાખોગણી ધન્યતા પ્રભુને છે કે જેણે એવા પતિત પ્રાણી પર દયા રાખી ને તેનાં પાપ દરગુજર કીધાં! જ્યારે તે માંદાએ ઉપર પ્રમાણે પ્રભુના શબ્દો સાંભળ્યા ત્યારે તેના અંતઃકરણમાં ઘણું સમાધાન થયું ને તે ઘણી શાંતિ પામ્યો.

હવે પ્રભુ ઈસુના શબ્દો માંદાને આરામરૂપ થયા, પણ ત્યાં જે વિરોધવાદી ફરોશીઓ હતા તેઓને એ સાંભળતાં લાય લાગી. તેઓ છેક તપી ગયા ને સદ્‌ગુરૂ પર દેવનિંદાનું તહોમત મુકવા લાગ્યા. આ માણસ કોણ છે? તેને પાપ માફ કરવાનો શું અધિકાર છે? તેનાથી આવું કામ કેમ કરાય? શું તે દેવ છે? શું તે દેવનો બરોબરીઓ છે? માણસોનાં પાપ માફ કરવાં એ તો એક દેવનુંજ કામ છે. તો પછી ઈસુને એમ બોલવાનો શો અધિકાર છે? એ પ્રમાણે માહોમાંહે મનની કુચેષ્ટા કરવા લાગ્યા તે વાત પ્રભુ ઇસુના ધ્યાન બહાર નહોતી; પણ એ તે જાણતો હતો, માટે એ લોકોને તેણે પુછ્યું કે, "તમે તમારા મનમાં શી કલ્પના કરો છો? જુઓ; અહીં બે કામ છે, તેમાંનું સહેલું કયું છે? આ માણસને કહેવું કે તારાં પાપ તને માફ થયાં છે અથવા એમ કહેવું કે, તું ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલ્યો જા?" તે બન્ને કામ સરખાંજ છે, કારણ કે બન્ને

અસાધારણ ને માણસની સત્તા બહાર છે. તે બન્નેમાં ઈશ્વરી પરાક્રમની જરૂર છે માટે જે પહેલું કરે તેણે જરૂર બીજું પણ કરવુંજ જોઇએ: મોંથી કહેવું કે તારાં પાપ તને માફ થયાં છે, એનું કાંઈ દૃષ્ય પ્રમાણ નથી, પણ જો માંદાને કહીએ કે, ઉઠ, તારો ખાટલો ઉંચકીને ચાલ્યો જા, તો તેમાં દેખીતા પરાક્રમની જરૂરિયાત છે, ને જેને દેખીતો પરાક્રમ કરવાની સત્તા હોય તેને અદૃષ્ય પરાક્રમ કરવાની સત્તા પણ હોય છે. એથી મારાં વચનોની સત્યતા વિષે તમને ખાતરી થશે માટે તેણે તે માંદા તરફ જોઇને તેને કહ્યું કે, "ઉઠ, તારો ખાટલો ઉંચકીને તારે ઘેર ચાલ્યો જા." ને તરત તેના અંગમાં શક્તિ આવી, તેથી તે ઉઠીને બેઠો થયો ને જે ખાટલા પર તેણે લાંબો વખત માંદગી ભોગવી હતી તે ખાટલો તેણે ઉપાડી લીધો, પછી લોકોએ તેને રસ્તો આપ્યો એટલે તે પોતાને ઘેર ચાલ્યો ગયો. એ રીતે પ્રભુ ઈસુએ પોતાનો પરાક્રમી શબ્દ કહી તે માંદાને શક્તિમાન કીધો; એવો કે જેના હાથ પગના સાંધા અકડી ગએલા, જે અતિશય અશક્ત બની ગએલો, જેના ધુંટણો લથડી ગએલા, ને જેની ધુંટીઓ સજ્જડ રહી ગએલી, જેનામાં ઉઠવા કે બેસવાની શક્તિ નહિ, એવા અકડી ગએલા શરીરવાળાને શૂન્યવત્ દેહમાં સાજાપણું પમાડી નિરોગી કીધો; ત્યારે તે હરણની પેઠે કુદીને બેઠો થયો ને બધા લોકના દેખતાં પોતાનો માંચો ઉપાડીને ચાલતો થયો. બધા લોકો આ ચમત્કાર જોઈને આશ્ચર્ય પામ્યા ને ત્યાંથી પોતપોતાને ઘેર ગયા ત્યારે તેઓ એક બીજા પ્રત્યે વાતચિત કરી કહેતા હતા કે, "આજ આપણે અજાયબ જેવી વાતો જોઇ છે" (લુક ૫; ૨૬).

આ પ્રસંગે ઈસુના ઉપર દોષ મુકનારા જેઓ ત્યાં આવ્યા હતા તેઓ માત્ર એક ગામ કે એકજ પ્રાંતના નહોતા; પણ આખા દેશના હતા, કેમકે લુકે તે વાતની હકીકત પોતાના લખાણમાં આપેલી છે. તે એવી કે, "એક દહાડો તે બોધ કરતો હતો, ત્યારે ફરોશીઓ તથા નિયમોપદેશકો ગાલીલના હરેક ગામમાંથી તથા યહુદાહથી તથા યરૂશાલેમથી આવીને ત્યાં બેઠા હતા, ને [માંદાને] સાજા કરવા સારૂ પ્રભુનું પરાક્રમ તેની પાસે હતું" (લુક ૫; ૧૭). જ્યારે તેઓએ ઈસુના ઉપદેશ વિષે તથા તેના ચમત્કારો વિષે ઘણી તારીફ સાંભળી, ત્યારે તેઓ તેની પૂરી ખાતરી કરવા સારૂ ત્યાં આવ્યા હશે. જે ઉપદેશક વિષે લોકોમાં મોટી મોટી વાતો ચાલે છે તે મસીહ છે કે કેમ, એ બાબત જાણવાની ભાવના રાખી તેઓ ત્યાં એકઠા થએલા હતા. પણ જ્યારે તેઓએ જાણ્યું કે આ ઇસુ વડીલોના સંપ્રદાયને બરોબર માન આપતો નથી, તેમજ પાપનિવારણ થવા સારૂ સ્વકર્મ માર્ગ વિષે પણ બોલતો નથી, ને યજ્ઞયાગ તથા પાપબળીદાનની ખટપટ વિષે કંઇ કહેતો નથી, તે બાબત જ્ઞાન ઉપદેશ આપતો નથી, પણ તે તો પોતે ઇશ્વરી અધિકાર ધારણ કરી પાપની માફી આપે છે, એવું જોઈ તેઓ ઘણાજ ક્રોધાયમાન થયા; તેથી રીસભર્યાં

એનો ધિક્કાર ને દ્વેષ કરવા લાગ્યા. જેમ જેમ એ દ્વેષભાવ આગળ વધતો ગયો તેમ તેમ તેનાં કેવાં કેવાં માઠાં પરિણામ આવ્યાં તે વાત આગળ જતાં આપણા જાણવામાં ને જોવામાં આવશે, ત્યારે તેનો ખરો મુદ્દો ને યથાર્થ અર્થ સમજી શકીશું.

આ ફરોશી અધિકારીઓને વિશેષ દ્વેષ કરવાનું એક બીજું કારણ મળી આવ્યું તે એ પ્રમાણે હતું કે આપણે જે પક્ષઘાતી વિષે ઉપર વાંચી ગયા તેને સાજાપણું આપ્યા બાદ પ્રભુ ઇસુ સમુદ્રકાંઠે બોધ કરવા જતો હતો. ત્યાં રસ્તે જતાં એક દાણ લેવાની ચોકી આવી, તે દેવડી પર લેવી નામે મુખ્ય દાણી બેઠો હતો. આ દાણીને પ્રભુ ઇસુએ પોતાનો શિષ્ય થવા સારૂ બોલાવ્યો. એમાં એમ દેખાય છે કે આ લેવી તથા સદ્ગુરૂની વચમાં પ્રથમ ઓળખાણપીછાણ હશે, તેથી જ્યારે પ્રભુએ તેને બોલાવ્યો ત્યારે તેણે પોતાનો ધંધો છોડીને ઈસુની પાછળ ચાલી નિકળવાનું કીધું, ને તે તેનો શિષ્ય થયો.

કાપરનાહુમ શહેર એ મુખ્ય ચાર શહેરના ચૌટા જેવું હતું, કારણ કે આ તરફ યરૂશાલેમ તથા દમસ્ક શહેરના બહોળા વેપારરોજગારનો ધોરી રસ્તો ત્યાંથી જતો, ને બીજી તરફ સૂર તથા સિકોરીસનો માર્ગ ત્યાં થઇને નિકળતો હતો. એ રીતે આ મોટાં શહેરોમાંની ઉપજનીપજમાંનો માલ બધો ત્યાં થઇને પસાર થતો હતો, માટે કર અથવા દાણ લેવાની ત્યાં ઘણી સારી સગવડ હતી. યહુદી લોકો ન ચાલતાં કર કે દાણ આપતા ખરા, પણ તેઓના મનમાં તેનો પૂરો કંટાળો હતો. તેમાં તેઓને પૈસા ભરવાં પડતા, તેથી એનો કંટાળો હતો એટલુંજ નહિ, પણ પરાયા ધર્મના રાજાને કર આપવાથી તેના દાસપણામાં આવ્યાં છીએ એવી લાગણીથી તેઓનું મન કંટાળતું હતું. વળી મૂર્ત્તિપૂજક વિદેશી રાજાને પૈસા આપવા તે તો ધર્મથી વિરૂદ્ધ છે એવી સમજણથી ધર્મચુસ્ત યહુદીઓને ઘણો ખેદ થતો હતો ને એજ કારણોને લીધે દાણ લેનારનો ધિક્કાર કરતા હતા; ને કોઈ માણસ એવું કામ કરે તો તેના પર યહુદીઓને કંટાળો આવતો, તેથી તેઓ તેનો દ્વેષ કરતા ને તેમને નીચ તથા હલકી પંક્તિમાં ગણતા હતા. વળી બીજું કારણ એ કે, કેટલાએક દ્રવ્યલોભી જકાતદારો અયોગ્ય રીતે જોરજુલમથી નાણું કઢાવતા હતા, તેથી તમામ લોકો તેઓને તુચ્છ તથા હલકી પંક્તિના માનતા. થિઓટીકસ નામનો એક ગ્રીક કવિ થયો છે. તેને કોઇએક માણસે પુછ્યું કે, સર્વ કરતાં ખરાબ પશુ તે કયું? તેના જવાબમાં તે કહે છે કે બધાં પશુઓમાં ભુંડાં પશુ ત્રણ છે. તેમાં એક ડુંગર પરની રીછણ, બીજો વનનો સિંહ, ત્રીજો શહેરમાંનો જકાતદાર તથા વડાઇ કરનારો વકીલ.

જે ધંધો લોકોમાં ન છાજતો તથા નિંદાયુક્ત હોય તેથી યહુદી માણસે વેગળા રહેવું એવો તે લોકોનો મત હતો. તેમ છતાં જો કોઇ યહુદી તેવો ધંધો

કરે તો તેનો ઘણો ધિક્કાર થતો હતો, તેના જ્ઞાતિબંધુ તેને ઘણો નીચ માનતા હતા, ને તેવાની સાથે કાંઈ સંબંધ કે વ્યવહાર રાખતા નહિ.

હવે જ્યારે પ્રભુ ઇસુએ એવા એક માણસને ચેલો કીધો ને આગળ જતાં તેને પ્રેરિતપદ આપી પ્રેરિતપણા ઉપર ઠરાવ્યો, ત્યારે તેથી તેના શત્રુઓને ઘણોજ ગુસ્સો ચઢ્યો, પણ પ્રભુ ઈસુ લોકોના રાગદ્વેષ કે રાજીનારાજીની દરકાર કરે એવો નહોતો; પણ તે તો પાપી, દુષ્ટ તથા અધમ થઇ પતિત અવસ્થામાં પડી ગએલાંને તારવા સારૂ આવ્યો હતો, તેથી તેણે પોતાના કામમાં અભિમાન કે ગર્વ, દુરાગ્રહ કે અજ્ઞાનનો વણછો થવા દીધો નહિ. તેણે જાતિઅભિમાનમાં ફુલાએલા ફરોશીઓને કે પોતાને પવિત્ર ગણનારા શાસ્ત્રીઓને પોતાના શિષ્ય-મંડળમાં દાખલ કીધા નથી.

પ્રભુનો શિષ્ય થવાથી માત્થીને જે લાભ થયો તે દાણીનો ધંધો તજવાની ખોટ કરતાં ગુણવાન ને મૂલ્યવાન હતો. પ્રભુ ઈસુએ તેને કહ્યું કે, "તું મારી પાછળ આવ." એ એકજ વચનમાં તેણે શિષ્યપણું સ્વીકારી લીધું હતું. ત્યારથી તેના પર જે દ્રવ્યલોભનું બંધન હતું તે તુટી ગયું. જ્યારે ધનતૃષ્ણાની બેડી તેના પગમાંથી ભાંગી ગઇ, ત્યારે તે એકદમ ઉઠીને બેઠો થયો ને પ્રભુની પાછળ ચાલવા લાગ્યો. જેમ લોખંડ જેવી ધાતુને પારસમણીનો સ્પર્શ થતાં કંચનરૂપ થાય છે, એ માન્યતા પ્રમાણે પારસમણીરૂપ પ્રભુ ઇસુને નીચ મનાએલો લોખંડ-રૂપ માટીનો માણસ સ્પર્શ કરી સૂવર્ણથી ચોકખો શુદ્ધ કુંદનરૂપી બની ગયો.

આ માત્થીયસે છેવટ સુધી પ્રભુ ઈસુની પાસે રહીને એક નિષ્ઠાથી વિશ્વાસુ-પણાએ તેની સેવા કીધી, માત્ર એટલુંજ નહિ પણ તેને લખવાની જે વિદ્યા આવડતી હતી તેનો તેણે ઘણો સારો ઉપયોગ કીધો; કેમકે પ્રભુના સ્વર્ગારોહણ બાદ તેણે તેનું વૃત્તાંત રચ્યું. સુવાર્તાના લેખકો પૈકી પહેલો આજ હતો, એમ દેખાય છે. તેના નામે નવા કરારમાં જે પુસ્તક પ્રથમ આવે છે તે આજ પુસ્તક છે.

અધ્યાય ૫ મો.

વિશ્રામવારને દિવસ ઇસુના શિષ્યો અનાજના ખેતરમાં થઇને જાય છે ને કણસલાં મસળી દાણા ખાય છે.
એક માણસનો હાથ સુકાઇ ગયો હતો તેને ઇસુ સાજો કરે છે.
ફરોશીઓ તથા હેરોદીઓ ઘણો દ્વેષ કરે છે.

હવે ગાલીલ પ્રાંતની પહેલી મુસાફરી પુરી કરી પ્રભુ ઈસુ પાછો પોતાના શહેરમાં આવી રહેલો હતો. તે દરમિયાન એક દિવસે તે બહાર ફરવા જતો

હતો. એ દિવસ સાબ્બાથવારનો હતો, તેથી કેટલાએક ફરોશીઓ તથા શાસ્ત્રીઓ તેઓની પાછળ ગયા. આગલા સમયમાં વિશ્રામવારને દિવસ ઈસુએ કેટલાંએક ચમત્કારિક કામો કરેલાં હતાં, તેથી એ લોકો ઈસુના ઉપર સાબ્બાથ ભંગ કરવાનું તહોમત મુકતા હતા. તેઓ અહીંતહીં ફરી ઇસુની નિંદા કરતા ને કહેતા કે, ઈસુ તથા તેના શિષ્યો વિશ્રામવાર પાળતા નથી. એવી રીતે તેઓ એને દોષિત ઠરાવતા હતા, પણ પરોપકારી ને દયા ભરેલાં કામો શિવાય બીજાં સંસાર વ્યવહારનાં કામો વિષે બોલવાનું ખાસ કારણ નહોતું, ને એવું કારણ શોધવા સારૂ આ વખત તેઓ એની પાછળ બહાર ગયા હતા. તેઓના મનમાં એવો ઠરાવ હતો કે જો આજે ઈસુ વિશ્રામવારની મર્યાદા બહાર મુસાફરી કરે તો આપણે તેના પર દોષ મુકીશું પણ તેમાં તેઓ ફાવ્યા નહિ, કારણ કે પ્રભુ ઇસુ વિશ્રામવારની ઠરાવેલી મર્યાદા કરતાં વધારે ચાલ્યો નહિ. તોપણ તેઓને બીજું નિમિત્ત મળ્યું, તેની હકીકત નીચે પ્રમાણે છે.

આપણે આગળ વાંચી ગયા છીએ કે સાબ્બાથવાર વિષે યહુદી રાબીઓએ ઘણી ઘણી આજ્ઞાઓ કલ્પી કાઢી હતી. તે બધી એટલી સૂક્ષ્મ ને બારીક હતી કે માત્ર એક આજ્ઞા ઉપરથી આખો ગ્રંથ રચાયો હતો. એમાં વિશ્રામવાર સંબંધી ઘણા વિગતવાર નિયમો ફરમાવેલા હતા. તે ગ્રંથ આદ્ય ધર્મના નામથી ઓળખાતો હતો. તેમાંની તરેહવાર ટીકાઓમાં એક એવી ટીકા હતી કે સાબ્બાથવારને દિવસે અનાજના ખેતરમાં થઈને ચાલવું નહિ કેમકે તેમ કરતાં લણણી તથા કાપણીની ક્રિયા થાય છે. લણણીનું કામ થાય છે કારણ કે ચાલવાથી કણુસલાં તુટે છે ને તેથી તેમાંનાં કણ ખરે છે. કાપણીનું કામ થાય છે કારણ કે છોડવા ભાંગીને ઢળી પડે છે. તેમ હોય તો પછી કણુસલાં તોડવાં ને મંસળીને ખાવાં એવી છુટ કયાં રહી? હશે! ફરોશીઓનો કડકડતો ધર્માચાર એમ બતાવે તો તેમાં નવાઈ શું હોય! એમ છતાં આ સાબ્બાથવારને દિવસે પ્રભુ ઈસુ પોતાના શિષ્યો સહિત અનાજના ખેતરમાં થઇને ચાલ્યા જતા હતા તે તેઓએ નજરેનજર જોયું એટલુંજ નહિ, પણ શિષ્યોમાંના કેટલાએકને ભુખ લાગી હશે તેથી તેઓ કણુસલાં તોડીને ખાવા લાગ્યા તે પણ જોયું. ફરોશી બાવાઓએ એ પણ પોતાની આંખે દીઠું. બસ! હવે થઇ ચુકયું! હવે બીજું શું જોઇએ? કેવો સરસ લાગ! કેવો ભારી ગુન્હો! હવે શિષ્યોને ભુખ લાગેલી માટે તેઓએ અનાજનાં કણુસલાં હાથો વતી મસળ્યાં ને તેમ કરી દાણા ખાધા, એ પરથી ઈસુનાં છિદ્ર ઉઘાડાં કરી એકદમ તેના ઉપર દોષ મુકી કહેવા લાગ્યા કે, "સાબ્બાથ દિવસે જે ન કરવું જોઇએ તે તેઓ કેમ કરે છે?" એ સવાલના જવાબમાં પ્રભુએ તેઓને જે ઉત્તર આપ્યો તે પ્રસંગાનુસાર તથા યથાર્થ હતો, તેથી તેણે પોતાના શિષ્યોનો બચાવ કીધો એટલુંજ નહિ પણ તેઓના પવિત્ર રાબી લોક સાબ્બાથવારને દિવસે મંદિરમાં અર્પણ વિગેરે જે સેવાનાં કાર્ય

કરે છે તે પ્રમાણે આ કાર્યને પવિત્ર સેવાને માટે નિર્દોષ ઠરાવે છે. જેમ રાબી લોકોનું કામ શાસ્ત્રાનુસાર હતું તેમ આને પણ શાસ્ત્રાનુસાર ઠરાવે છે.

વળી પ્રભુએ તેઓને એક બીજું ઉદાહરણ આપીને કહ્યું કે, જ્યારે આવા પ્રસંગ પર તમે મારા શિષ્યોનો દોષ ઠરાવો છો ત્યારે તમારા પૂર્વજ મહારાજા દાઉદ ભક્તરાજ વિષે તમે શું ધારો છો? જુઓ, તે મહાવીર પુરૂષને ભક્ત માનવામાં આવે છે, તેમ છતાં અગત્યના પ્રસંગ પર તે સાબ્બાથ દિવસે દેવ-મંદિરમાં જાય છે ને અર્પેલી રોટલી (જે યાજક શિવાય બીજો કોઈ ન ખાય તે) ખાય છે! એનો અર્થ શું હશે? તોપણ તમે તેને દોષિત ઠરાવતા નથી! ત્યારે જો મારા શિષ્યોએ પોતાના જીવના રક્ષણાર્થે માત્ર ખેતરમાંથી ધાન્ય ખાધું તો શું તેમાં તેઓ દોષિત થયા? વળી બીજું કે તમારા રાબી લોકોની એવી આજ્ઞા છે કે મંદિરમાં સાબ્બાથ પળાય નહિ, કારણ કે તે દિવસે જે કામો બહાર કરવા સારૂ નિષેધિત છે તે કામો યાજકને કરવાં પડે છે. તેઓ યજ્ઞ માટે લાકડાં ફાડે, અગ્નિ સળગાવે, મેજ ઉપર ઉની ઉની તાજી રોટલી મેલે, યજ્ઞપશુને કાપે, છોકરાઓની સુન્નત કરે, એ પ્રમાણે સાબ્બાથ દિવસનો ભંગ કરે, તોપણ તે નિર્દોષ છે; કેમકે મંદિર તેના પર દોષ ઠરાવતું નથી. તો મંદિર કરતાં જે ઘણો મોટો તે શું પોતાના શિષ્યોને નિર્દોષ માને નહિ! એ પ્રમાણે ઉત્તર આપીને પ્રભુએ તેઓને એક મોટા સિદ્ધાંતની સૂચના આપી તે એ છે કે, "યજ્ઞ કરતાં હું દયા ચાહું છું," કારણ કે સાબ્બાથવાર ઠરાવી આપવામાં માણસો પર દયા દેખાડાય એવો દેવનો હેતુ છે. એ માટે તે દિવસે દયાનાં બધાં કાર્ય કરવાની છુટ છે. માત્ર એટલુંજ નહિ પણ તેમ કરવાથી દેવ સંતોષ પામે છે, તેમજ સાબ્બાથ તે મનુષ્યને માટે થયો છે, માટે માણસનો પુત્ર સાબ્બાથવારનો પ્રભુ છે.

ત્યાર પછી આગળ આવેલા સાબ્બાથવારે પ્રભુ ઇસુ કાપરનાહુમના સભાસ્થાનમાં હતો. તે વખત એક માણસને તેની પાસે લાવવામાં આવ્યો હતો. તે માણસનો એક હાથ સુકાઇ ગયો હતો તેને તેણે સાજો કીધો. એ માણસ સંબંધી એવી દંતકથા ચાલે છે કે, તે માણસ ખાટલાવશ હતો ને જે વ્યાધિ તેને લાગેલો હતો તેને યોગે ભિક્ષા માગવાનો વખત આવશે એવી બીક લાગતી હતી, માટે તેણે એ બાબત ઇસુની વિનંતી કરી. જે મતલબથી આ દિવસે તે માણસ ઇસુની પાસે આવ્યો તે શાસ્ત્રીઓ તથા ફરોશીઓની જાણબહાર નહોતી, માટે તેઓ તાકીને બેઠા હતા. જો આજે એને સાજો કરે તો આપણે તુરત તેના ઉપર દોષ મુકી એવો ઠરાવ કરીશું કે તેણે વિશ્રામવાર ભંગ કીધો. એ વાતમાં તેઓએ હેરોદીઓની સાથે સંપ કરી રાખેલો હતો, કે ઇસુને ગુનેહગાર ઠરાવવામાં તેઓ પણ સામેલ થાય, માટે તેઓ બધા દ્વેષબુદ્ધિથી ત્યાં આવેલા ને તાકી બેઠેલા હતા. પ્રભુ ઇસુએ તેઓને ઘણીવાર સુધી ભ્રાંતિમાં રહેવા દીધા

નહિ. તેણે પેલા આજારીને એકદમ હુકમ આપ્યો ને સભાની વચ્ચે ઊંડો કીધો. પછી ચોતરફ પોતાના વિરોધીઓ ભણી જોઈને પ્રશ્ન કીધો કે વિશ્રામવારે શું કરવું? તે દિવસે સારૂં કરવું, કે ખરાબ કરવું? જીવને બચાવવો, કે મારવો? એમાંનું કયું યોગ્ય છે? તેનો જવાબ આપી ખુલાસો કરો. ઉપર બતાવેલા પ્રશ્નનો ઉત્તર કાંઇ કઠણ નહોતો, તોપણ તે ગર્વિષ્ઠ ફરોશીઓ મૂઢની પેઠે મૂગા બેસી રહ્યા, કારણ કે તેઓની મતલબ ખરાબ હતી. તેઓ ચાહતા હતા કે ઈસુ આજે આ ચમત્કાર કરે ને અમો તેને દોષિત ઠરાવી ન્યાયસભા આગળ ઉભો કરીએ, અથવા તે સાબ્બાથવાર ભંગ કરનારો છે એવો તેના નામ પર બટ્ટો મુકી તેનાં કામમાં વિઘ્ન નાખીએ એવી દુષ્ટ ભાવનાથી તેઓ છાનામાના બેસી રહ્યા હતા; પણ પ્રભુએ તેઓનાં વ્યવહારિક ચાલચલણનું ખરૂં ઉદાહરણ આપ્યું, તેથી તેઓ પરાજીત થયા. તેણે તેઓને કહ્યું કે, "તમારામાં એવું કોણ છે કે જે સાબ્બાથ-વારે તેનું ઘેટું ખાડામાં પડયું હોય તો ન કાઢે? ત્યારે માણસ ઘેટા કરતાં કેટલું ઉત્તમ છે!" આ વાતમાં તેઓ નિરૂત્તર હતા. એનું ખંડન કરી શકાય તેમ નહોતું, માટે તે કંઈ બોલ્યાજ નહિ, તેથી માત્ર છાનાજ રહ્યા ત્યારે પ્રભુને તેઓના અંતઃકરણની કઠણતા પર કોપ ચઢયો. તેનો આ ક્રોધ પરિશુદ્ધ ને યથાર્થ હતો તેથી તેનાં લોચન તપી ગયાં, ને તે ક્રોધિત મુખમુદ્રાથી તે નિષ્ઠુર, ગર્વિષ્ઠ, અજ્ઞાની, કુબુદ્ધિવાન માણસો તરફ જોઇ તેમનાં દુર્ગુણો પર કોપાયમાન થયો, એવો લેખ મળી આવે છે; અને ત્યાર પછી પેલા આજારીને તેનો હાથ લાંબો કરવાનો હુકમ આપ્યો. જ્યારે તે માણસના વિશ્વાસની તથા પ્રભુના હુકમની સંધી થઈ ત્યારે તેનો હાથ તે બીજા હાથના જેવો સાજો થયો (માર્ક ૩; ૫).

એ પ્રમાણે ચારેબાજુથી ઈસુના શત્રુઓ હાર ખાતા હતા, તેથી તેઓ લજ્જિત ને શરમિંદા થતા હતા. તેઓને એના ઉપર દોષ મુકવાની જગ્યા મળતી નહોતી. એણે જે ચમત્કારો કીધા તે એવા હતા કે તેથી એના પર સાબ્બાથવાર તોડવાનો આરોપ મુકાય તેમ નહોતું. આ ચમત્કારમાં તેણે પેલા આજારીનો સ્પર્શ પણ કરેલો નહોતો, તેમજ તેને ક્રિયા જેવું કંઈ કહ્યું કે કર્યું નહિ. વળી તેનામાં તાત્કાલિક જે શક્તિ આવી તેનો ઉપયોગ કરવાને કંઈ ફરમાન આપેલું નહિ. તેણે કેવળ શબ્દ કહ્યો ને માત્ર તેથીજ તે સાજો થયો. શબ્દ બોલવાથી સાબ્બાથવારનો ભંગ થાય છે એમ તે દુર્ગુણગ્રાહી બોલી શકતા નહોતા. જ્યારે એ પ્રમાણે નાસીપાસી ને ફજેતી પામ્યા ત્યારે તેઓ દ્વેષે ભરાયા, ને એક બીજા સાથે સંપીલા થઇ મસલહત કરવા લાગ્યા કે, "આપણે ઈસુને શું કરીએ?" અત્યાર પહેલાં હેરોદી પંથવાળા સાથે તેઓ વેરભાવ રાખતા હતા, કારણ કે હેરોદીઓ રૂમી રાજ્યની સત્તા કબૂલ રાખનારાને કેટલીએક બીજી વાતોમાં મૂર્તિપૂજકોના જેવા ચાલચલણ આચરવાવાળા હતા. તેમ છતાં ફરોશી

લોકોએ હાલમાં તેઓ સાથે મિત્રાઈની સંધી કરી લીધી ને બધા એકઠા મળી ઈસુનો ઘાત કરવાની મસલહત કરવા લાગ્યા (માર્ક ૩; ૬).

પરંતુ હજી સુધી તે અધિકારીઓની શિખવણીથી લોકોનાં મન ઈસુ વિરૂદ્ધ ઉશ્કેરાયેલાં નહોતાં, એથી તેણે એ લોકોમાં કામ કરવાનું છોડયું નહિ, તોપણ હવે પછી તેણે પોતાના શિષ્યોને શિક્ષણ આપવાના કામ પર વિશેષ લક્ષ આપવાનું શરૂ કીધું. અને પોતે જે નવીન ધર્મવ્યવસ્થા ચાલુ કરવા આવ્યો હતો તેની સ્થાપનાનો આરંભ કીધો.

અધ્યાય ૬ ઠ્ઠો.

બાર પ્રેરિતો.

ઉપરના અધ્યાયમાં બતાવેલી વાતો બની ગયા પછી પ્રભુ ઈસુએ પોતાના કામ સંબંધી જે ઠરાવ મનમાં ધારી રાખેલો હતો તે પ્રમાણે શિષ્યોમાંના કેટલાએકને પસંદ કરવાને તેઓને પ્રેરિતપદ પર ઠરાવવા એવી વેળા હવે આવી પહોંચી હતી. પુષ્કળ લોકો તેને શરણે આવ્યા ને તેના શિષ્ય થયા હતા, વળી બીજા ઘણા માણસો તેના ઉપર વિશ્વાસ રાખતા હતા; તથાપિ હજી સુધી તેના ધર્મનો પાયો નાખેલો નહોતો, તેમજ તે પોતે જે ઈમારત બાંધવાનો હતો તેના સ્તંભ ઉભા કરેલા નહોતા. હવે આ કામને સારૂ નિવડેલા માણસોની જરૂર હતી. એવા માણસો જોઇતા હતા કે તેઓ ઈસુ પર વિશ્વાસ રાખે ને એક નિષ્ઠાથી વિશ્વાસ રાખી લોકોને બોધ આપવામાં ધીરજવાન થઈ રહે, માત્ર એટલુંજ નહિ પણ તેઓ પોતે ઇસુના જેવુંજ મન રાખી રહે, ને તેના જેવી નિષ્કામ બુદ્ધિ રાખે, કે જેણે જગતના કલ્યાણને અર્થેજ કમ્મર બાંધી હતી ને તેને સારૂ પોતાનો પ્રાણ અર્પણ કરવાની આનાકાની કીધી નહિ, એવા માણસોની એને અગત્ય હતી; ને હજી ઇસુને એવા યોગ્ય માણસો મળ્યા હતા એમ સમજવું નહિ. પણ જેમ કોઈ હોશિયાર શિલ્પકારીગર ખાણમાંથી અણઘડ બેડોળ પત્થર કાઢીને તેના પર પોતાની કારિગીરી પ્રમાણે ઓજાર ચલાવી મનપસંદ સુંદર પુતળાં બનાવે છે, તેમ આ મહા પ્રવીણ શિલ્પશાસ્ત્રીએ ગાલીલની ખાંણમાંથી મનુષ્યરૂપ પત્થર કાઢયા ને પોતાની કુશળ કારિગીરીથી તેઓને મનપસંદ બનાવ્યા. પ્રથમ તેઓ અણશિખાઉ, સાદા ને ભોળા હતા. તેઓ રાજ્યકુળમાંથી કે કોઇ વિદ્વાન પંડિત શાસ્ત્રીના પરિવારમાંના નહોતા. તેઓના પિતૃઓમાં કોઇ ધર્માધિકારી કે નામાંકિત પ્રસીદ્ધ ધાર્મિક માણસ થએલા નહોતા, પણ તેઓ સંસારિક કામધંધો કરનાર પતિત માણસો હતા. કર્મકાંડી ફરોશીઓના કર્મકાંડનો પવન તેઓને લાગેલો નહોતો, તેમ રાબી લોકોના જ્ઞાનની ફુલાસ તેઓને વળગી નહોતી. તેઓની પાસે જે ઈશ્વરશ્રધા હતી તે

સ્વાભાવિક અને શુદ્ધ હતી. તેમાં માનવી ધર્માચારનો પાસ લાગ્યો નહોતો, અથવા મતાભિમાની લોકોનો મેલ લાગ્યો નહોતો. તોપણ આ શિષ્યો પ્રથમથી ઇસુના કામને લાયક હતા એમ તો નહિ, પણ એ લાયકી તેઓમાં લાવવાની હતી, ને તેને દીર્ઘકાળિક શિક્ષણની તથા જ્ઞાનોપદેશની જરૂર હતી. તેઓ બધા સમબુદ્ધિવાળા કે સમાનશીલ હતા એમ નહિ, પણ તેઓમાં કોઇ તેજ સ્વભાવવાળા, તો કોઈ ઉતાવળીઆ, કોઈ અતિપય ધીટ, કોઇ ક્ષમા વિનાના અસહનતાવાળા, કોઈ મહત્વની આકાંક્ષા રાખનારા, મોટાઈ પર મન લગાડનારા, એવા હતા. તેઓને શિક્ષણ અને પરીક્ષણની ભઠ્ઠીમાં નાખી નિર્મળ કરવાના હતા. તેઓની બુદ્ધિ પ્રકાશમાન કરી મસીહનો ગૌરવ બતાવવો, અને તેના રાજ્યનું ખરૂં સ્વરૂપ પ્રગટ કરી દેખાડવું હતું, ને એ કામ કરવામાં ઘણા દિવસો લાગ્યા. ખ્રીસ્તનું આકાશગમન થયું ને પવિત્ર આત્માનો પ્રબોધ મળ્યો ત્યારે તેઓ એના વિષે તથા એના રાજ્ય વિષે પૂર્ણ પ્રબોધ પામી લોકોમાં સદુપદેશ કરવાને સમર્થ થયા.

હવે આ બાર પ્રેરિતો જો કે ધનવાન નહોતા તોપણ તેઓ છેક ગરીબ ભિખારી કે મિલકત વિનાના નહોતા. હડાઉ ગુરૂને સંગે ફરનારા સટાઉ ચેલા જેવા તેઓ નહોતા. તેઓએ ભુખમરાને લીધે પોતાનાં ઘરબાર છોડ્યાં નહોતાં. અમે ઇસુ ગુરૂની પાસે જઈશું ને તે અમને કોઈ મંત્રતંત્ર શિખવશે અથવા અમે ઇસુ ગુરૂ પાસે જઈશું ને તેથી લોકોમાં અમને માનમોટાઈ મળશે એવી કાંઇ અપેક્ષા તેઓને નહોતી, ને એવા ઉપદેશથી તેઓએ પ્રેરિતપણાનો સ્વીકાર કરેલો નહોતો. પીતર અને આંદ્રયાને કાપરનાહુમમાં પોતાનું ઘર હતું (માર્ક ૧; ૨૯). યોહાનની મા પોતાના દ્રવ્યથી ઈસુની સેવા કરતી હતી (લુક ૮; ૩). માત્થી એ એક મોટો જકાતદાર હતો ને જ્યારે તે ઇસુનો શિષ્ય થયો ત્યારે તેણે મોટું જમણ આપ્યું હતું (માત્થી ૯; ૧૦). એ રીતે તેઓ ઘરબારી ને આબરૂવાન માણસો હતા. તેમ છતાં તેઓ કનિષ્ઠ વર્ગના લોકો પૈકી હતા. યરૂશાલેમના શ્રેષ્ઠ યહુદીઓ તેઓને ગધેડા જેવા મૂર્ખ અને અભણ જાણી તુચ્છ માનતા હતા, પરંતુ એવા માણસોને નિવેડી લેવા એ પ્રભુને યોગ્ય ને સારૂં લાગ્યું હતું. એવા નીચ મનાએલા માણસોને નિવેડી લેવામાં પ્રભુનો જે ખાસ હેતુ હતો તે તેના એક વિદ્વાન શિષ્યે પ્રગટ કરેલો છે. તે શિષ્ય ઉંચ પંક્તિનો વિદ્વાન પંડિત હતો. તે પોતાના લેખમાં એવું લખે છે કે, "દેવે જ્ઞાનીઓને લજાવવા સારૂ જગતના મૂર્ખોને પસંદ કીધા છે, ને શક્તિવંતોને લજાવવા સારૂ જગતના અબળોને પસંદ કર્યાં છે; ને જે છે તેઓને વ્યર્થ કરવા સારૂ દેવે જગતના અકુલીનોને તથા ધિક્કારાએલાઓને તથા જે નથી તેઓને પસંદ કર્યાં છે."

હવે આ પ્રેરિતોને નિવેડવાનું કામ તે મોટા ઠાઠમાઠથી કે મહાભારે સમારંભથી કરવામાં આવ્યું નહિ. તે દેખાડવા સારૂ પ્રભુએ મોટા સમુદાયને

આમંત્રણ આપી તેડયો નહિ, તેમજ તે કાર્યને સારૂ જગતની રીત પ્રમાણે શુભ સ્થાને મોટો મંડપ ખડો કીધો નહિ. વળી તેને સારૂ શુભ મુહૂર્ત પણ જોયું નહિ, પણ તે કાર્યની અગાઉ આખી રાત તે પહાડ પર હતો ને આખી રાત તેણે પ્રાર્થના કરવામાં ગાળી હતી. કોઈ પણ સત્કાર્ય તથા મહત્વના કામમાં યશ પ્રાપ્ત કરવો હોય તો તેમાં પ્રથમ ને પક્કી તૈયારી તે એજ છે કે દેવનો આશીર્વાદ માગવો, ને તેજ પ્રમાણે ઈસુએ કર્યું. એ રાત્રિએ જે પ્રાર્થના પ્રભુએ કરી તેમાં તેનો આશય શું હતો તે વિષે સુવાર્તામાં કાંઈ લખ્યું નથી, પણ તે વિષે વિચાર કરતાં આપણે જાણી શકીશું કે સવારમાં તે પોતે જે મહત્વનું કામ કરવાનો હતો તે કામને લગતી તેણે પ્રાર્થના કરી હશે એમાં જરાપણ સંશય જેવું નથી. તેના સંબંધમાં એક વિદ્વાન ગ્રંથકર્તા એવું લખે છે કે, "તેના માર્ગ પર જે જે ઘોર અંધકાર પડતો હતો તેમાં આગળ પગલાં ભરવા સારૂ તે તે વાતો સંબંધી ધીરજ માગી હશે. જેઓ બાપના નિવડેલા હતા તેઓ તેના પોતાના મનથી નિવેડાય એવું જ્ઞાન તેણે માગ્યું હશે. જો દેવપુત્રે એવી માગણી નહિ કરી હોત તો શું તે આપણો ભાઈ થઈ શકત? તેણે પોતાના શિષ્યોને માટે એવી પ્રાર્થના કીધી હશે કે તેઓને જે હોદ્દો મળે તેનો ગર્વ કરનારા ન થાય પણ તેઓમાંથી અભિમાન નિકળી જાય. ઈશ્વરી દયાથી તેઓમાં નમ્રતાનો વાસો થાય ને લીનતા આવે, (તેઓમાંથી એક બાદ કરતાં) બધા છેવટ સુધી અંતપર્યંત ટકી રહે, ને પોતાના પ્રેરિતપણાને તથા સેવાને યોગ્ય થાય, ને તેઓના વચનો પર વિશ્વાસ રાખી બધી ખ્રીસ્તી પેઢીઓ તેના પાયા ઉપર રચાઈ જાય એવી પ્રાર્થના પ્રભુએ તે રાતે કીધી હશે એવું માનવામાં શું પ્રતિબંધ છે?"

પ્રભુએ એકંદર બાર શિષ્યોને નિવેડી લીધા હતા. તેઓનાં નામ નવા કરારમાં ચાર જગ્યાએ આવે છે (માત્થી ૧૦; ૨-૪. માર્ક ૩; ૧૧-૧૯. લુક ૬; ૧૪-૧૬. પ્રે. કૃ. ૧; ૧૩). તેમાં કોઈ પ્રમુખ હતો કે કોઈને બીજાઓ કરતાં વિશેષ અધિકાર હતો એમ તો નહિ પણ સઘળા સામાન્ય હતા. પ્રેરિતપણાને લીધે તેઓએ અવિવાહિત રહેવું કે કુટુંબપરિવારનો ત્યાગ કરવો એવી કાંઇ બાધા ઠરાવી આપી નહોતી. પીતરને પરણેલી સ્ત્રી હતી ને બીજાઓને પણ હશે; ૧ કરીં. ૯; ૫ જુઓ.

અધ્યાય ૭ મો.

પહાડ પરનું ભાષણ.

હવે ઉપર બતાવેલી હકીકત પ્રમાણે પ્રભુ ઇસુ બાર પ્રેરિતો પસંદ કરી રહ્યો ત્યાર બાદ તે પહાડ પરથી ઉતરી નીચેના ઢાળ તરફ આવ્યો. ત્યાં ઘણા

લોકો તેને મળવા સારૂ એકઠા થએલા હતા. તેઓની વચમાં તે આવ્યો ને ત્યાં ઉભો રહ્યો, ને તેઓમાંના માંદાઓને સાજા કીધા, ભૂત વળગેલાઓમાંથી ભૂતો કાઢયાં ને તેઓને સારા કીધા, એમ કેટલીએક વાર સુધી તેઓમાં કામ કીધું. તે દરમિયાન ઘણા માણસો તેનો સ્પર્શ કરવા ચાહતા હતા, કેમકે તેનામાંથી પરાક્રમ નિકળતું હતું ને સર્વને સાજા કરતું હતું. એ પ્રમાણે લોકોનો શારીરિક વ્યાધિ દૂર કરવા સારૂ પ્રભુએ પોતાનો કેટલોએક સમય ખરચી નાખ્યો. પછી પાછો ઢોળાવથી ચઢતી બાજુએ ઉપર ગયો ને પોતાના શિષ્યોને બોધ આપવા બેઠો. તેની આસપાસ તે બાર પ્રેરિતો અર્ધચંદ્રાકારે એ નવીન સ્થળે બેઠેલા હતા, અને તેઓની પાછળ બીજા શિષ્યો બેઠેલા હતા. વળી તે શહેરના લોકો તથા આજુબાજુથી આવેલા માણસો ત્યાં એકઠા થયા હતા. તે દેવાલય કેટલું સુંદર ને કેવું શોભાયમાન હતું? પ્રાતઃકાળનું નિર્મળ આકાશ આચ્છાદનરૂપે તેના તંબુની ગરજ સારતું હતું. સુંદર ને સરસ કુમળું લીલું ઘાસ તેઓને સારૂ મખમલના ગાલીચાની ખોટ પૂરી પાડતું હતું. ચઢતા ઉતરતા ઢોળાવ ને ટેકરા તે સિંહાસન તથા બેઠકોને સ્થળે ગોઠવાયલા હતા. મંદમંદ વાતો સુગંધીવાયુ ત્યાં પંખાઓની ગરજ સારતો હતો ને ઉદયકાળનો તેજસ્વી સૂર્ય પોતાનાં રૂપેરી કિરણો પ્રકાશમાન કરી રોશનીનું કામ સારતો હતો. એવા કુદરતી ભવ્ય મંદિરની અતૂલ્ય, અકથ્ય ને અગણિત શોભામાં વધારો કરનાર સુંદર છબીવાળો દેવમૂર્ત્તિ સદ્‌ગુરૂ પોતે બિરાજેલો હતો, ને તેની સન્મુખ આ શ્રોતાજનોનું મહા મંડળ ભરાએલું હતું. તેનું આબેહુબ ને અનુપમ સુંદર ચિત્ર ચિતરવાને આ નિર્જીવ કલમની શી ગુંજાશ હોય! જે જીજ્ઞાસુ એવી અનુપમ શોભા જોવાને ભાગ્યવાન થયા તેજ માત્ર તે મનોહર સુંદરતા જાણી શકયા હતા. એવા સુંદર ઠેકાણામાં બેસીને સદ્‌ગુરૂએ પોતાનો ઉપદેશ શરૂ કીધો. આ ઉપદેશ મહા મોટો ભારે ગંભીર અને ગહન હતો. તેને પહાડ પરનું ભાષણ કહે છે. તેનું ખરૂં સ્વરૂપ તે પ્રસંગના અનુસરણ ઉપરથી દેખાઇ આવે છે. તે સમયમાં પ્રભુએ જે જે વચનામૃત પોતાના શિષ્યોને કહ્યાં હતાં તે તો ખરાં છે. તોપણ તે અમૃત ભાષણ સર્વ લોકને સારૂ ઉપયોગી છે.

એ ભાષણ જો કે સરલ છે તોપણ તેમાં મોટા વિસ્તારવાળો ગુઢ અર્થ રહેલો છે. પ્રભુ ઇસુ જે નવીન રાજ્ય સ્થાપન કરવા આવ્યો હતો તેમાં પ્રવેશ કરવાની ઇચ્છા રાખનારામાં કેવી યોગ્યતા હોવી જોઇએ એ વિષે આરંભમાંજ કહી બતાવે છે. ધનલોભી અને વિલાસી મહાનેચ્છુ અને ગર્વિષ્ઠ તથા આત્મસંતોષી, સંસારત્યાગી અને દેહદમન કરનારા કર્મવાદી અને નિષ્ઠુર એવા આ રાજ્યના અધિકારી થશે નહિ. પણ જેને આત્માની દીનતા અને પશ્ચાત્તાપ-વાળું મન છે, જેને આત્મિકપણાની ભુખ છે ને તેનીજ ખરી તરસ લાગે છે, જેઓ દયાળુ અને નિષ્કપટી છે તેઓજ આ રાજ્યનો વારસો પામશે એવી

વાત આરંભમાંજ પ્રભુએ કહી બતાવી છે. તેથી તેમાં કર્મમાર્ગી કે જ્ઞાનમાર્ગી કે પુષ્ટિમાર્ગી, અને ઉદાસી, વાનપ્રસ્થ ને સન્યાસી એવાઓને સારૂ તેમાં જગ્યા મળવાની નથી; પણ જે પોતાને નીચ સમજે છે અને જેઓએ પોતાના સ્વપુણ્યનો ત્યાગ કરેલો છે, જેઓ અંતઃકરણમાં નિર્મળ છે તેઓનેજ દેવનાં દર્શન થશે. એ પ્રમાણે એના રાજ્યનું જાહેરનામું છે.

એ રીતિએ પોતાની પ્રજાના ગુણલક્ષણોનું વર્ણન કીધું ત્યાર બાદ તેઓને આ જગતનું કાર્ય બતાવ્યું તેમાં તે શિષ્યોને જગતનું અજવાળું કહે છે. એટલે તેઓને ઇશ્વરી જ્ઞાનની પ્રાપ્તિ થએલી છે તેનો તેઓ પ્રસાર કરનારા થાય, અને તે પોતે જે ઈશ્વરી સ્વભાવના ભાગીદાર થયા છે તે સ્વભાવને દ્વારે જગતમાં જ્યોતિઓના જેવા પ્રકાશરૂપ દેખાવ આપનારા થાય. તેઓ જગતનું મીઠું છે માટે તેઓએ પોતાનાં પવિત્ર આચરણથી તથા શુદ્ધ નમુનાથી પાપનો નિષેધ કરવો, ને જગતનો બગાડ ફેલાવા ન દેતાં તેને અટકાવવો ને તેઓમાં જે સત્વ રહેલું છે તેને સાચવી રાખવું, એવું એનું કામ છે.

આ રાજા જુના કરારને તોડવા કે તેનો નાશ કરવા સારૂ આવ્યો નથી, પણ તેઓમાં જે કંઇ અપૂર્ણ હતું તે પૂર્ણ કરવા સારૂ આવ્યો છે. ફરોશીઓનો ધર્માચાર જે આત્મિક પવિત્રતા દર્શાવનાર ઉપરની દેખાતી બાહ્ય ક્રિયાઓનો હતો તેથી ઈસુએ તેઓના સંપ્રદાયને એક બાજુએ મુકયો; એટલુંજ નહિ પણ મુસાના નિયમશાસ્ત્રને તેઓએ બાહ્ય ક્રિયાઓ ઉપર જે બેસાડેલું હતું તેને તે ચિત્તવૃત્તિ પર લગાડી આત્મા સાથે અભ્યંતરમાં ઉતારી દે છે. મતલબ કે નિયમશાસ્ત્ર માત્ર બહારની દૈહિક ક્રિયાઓ ઉપરજ લાગુ પડે છે એવો જે તેઓનો ભ્રમ હતો તે દૂર કીધો ને આત્મા તથા ચિત્તવૃત્તિ સુધી નિયમશાસ્ત્રની સત્તા છે એવું શિખવ્યું. તેણે કહ્યું કે વ્યભિચાર અને હત્યા તેનાં બીજ અંતઃકરણમાં રહેલાં છે. લબાડી કરવી અને ખોટા સોગન લેવા એ બન્નેને એકજ વર્ગમાં મુકે છે. સર્વદા સત્ય બોલવું એ ધર્મનું કર્તવ્ય નથી, પણ સાક્ષી પૂરવામાં સત્ય બોલવું એવી સમજણ ઉપરથી અનેક પ્રકારનું જુઠાણું ને બેવચનીપણું ચાલતું હતું તેનો નિષેધ કીધો છે. પ્રતિકારને બદલે પ્રીતિના મહા મોટા નિયમની સ્થાપના કીધી. જે કોઈ તારા જમણા ગાલ પર તમાચો મારે તેની ગમ બીજો ગાલ ફેરવ; ને તારો અંગરખો લેવાનો દાવો કરે તેને તારો ઉપરણો લેવા દે. પોતાના વૈરીઓ પર પ્રીતિ કરો. તમને શાપ દે તેને આશીર્વાદ આપો. જેઓ તમને સંતાપે છે ને તમારી પછવાડે લાગે છે તેઓને સારૂ પ્રાર્થના કરો. આ નવીન નિયમની સ્થાપના તે માણસોના તર્કજ્ઞાન કે સ્વાર્થબુદ્ધિ પ્રમાણે કીધી નથી, માટે તેનો પાયો માનવી જ્ઞાન કે બુદ્ધિ પર નહિ પણ સનાતન ઈશ્વરની દયા તથા ભલાઈ પર રચાએલો છે એવું પ્રભુએ પ્રગટ કરી બતાવેલું છે. "જેમ તમારો

આકાશમાંનો બાપ પૂર્ણ છે તેમ તમે પણ પૂર્ણ થાઓ, કેમકે તમે તેના દીકરા થવાના છો. જુઓ, તે ભલા તથા ભુંડા પર પોતાના સૂર્યને ઉગાવે છે ને ન્યાયી તથા અન્યાયીના ખેતર પર વરસાદ વરસાવે છે."

આ મહા મોટા ભાષણમાં કે સદુપદેશમાં પ્રભુએ ખોટાં આચરણોનો તથા ખોટી ભક્તિનો નિષેધ કરેલો છે. જેઓ દાનધર્મ કરતી વેળા મોટાં રણશિંગડાં ફૂંકાવે છે ને ઢોલ વગડાવે છે તેઓ માત્ર માણસોનાં વખાણ પામવા માટે કરે છે. તેઓને એ શિવાય કાંઈ વિશેષ ઇચ્છા નથી, તેમજ બડબડીઆની પ્રાર્થના જે પોપટિયા ઉચ્ચાર જેવી તે માત્ર ઘંટારવ પ્રમાણે અર્થહીન છે, તેથી લોકોમાં વાહવાહ બોલાય છે પણ તેથી ઈશ્વર પ્રસન્ન થતો નથી. એ વાતોનો નિષેધ કરતી વેળાએ માત્ર સૂત્ર કે નિયમ પ્રમાણે ગોઠવેલાં વાકયો કીધાં એમ નહિ પણ તે વખતના યહુદી લોકોમાં તે બાબત જે વ્યવહાર ચાલતો હતો તેનું ચિત્રવત્ વર્ણન કરીને તેના રૂપનું ખંડન કીધું હતું. "જ્યારે તું દાનધર્મ કરે ત્યારે જેમ ઢોંગીઓ સભાસ્થાનોમાં તથા રસ્તાઓમાં માણસોથી વખાણ પામવાને કરે છે તેમ તું પોતાની આગળ રણશિંગડું ન ફૂંકાવ. પણ જ્યારે તારો ડાબો હાથ દાન આપે ત્યારે તે જમણો હાથ ન જાણે એમ ગુપ્તદાન દે. તેમજ તમે પ્રાર્થના કરતી વેળા વિદેશીઓની પેઠે બડબડાટ કરશો નહિ." યહુદી લોકો પોતાનાં સત્કૃત્યો વિષે ઘણું અભિમાન ધરાવતા હતા, ને બીજા બધા લોકોને સુકૃત્યહીન જાણી ધિક્કારતા હતા. તેઓના સ્વકર્માભિમાનનું છેદન કરવા સારૂ પ્રભુએ આ તીક્ષ્ણ વાકયબાણ યોજી કાઢેલાં હતાં.

આ ભાષણના ઉત્તર ભાગમાં વચ્ચે વચ્ચે ઘણાજ તીક્ષ્ણ ઉપદેશની શૈલી યોજેલી હોય એમ દેખાએ છીએ, તેથી એમ જાણવું કે તે વખતના યહુદી લોકોમાં માત્ર શુષ્ક અને નિર્જીવ ભક્તિ ચાલતી હતી. માત્ર ભક્તિનો કોરો આડંબર ને નીતિનું પોકળ દેખાતું હતું. તેનો વિનાશ કરવાને તેની જગ્યાએ નવીન, ખરી ને જીવતી ભક્તિ પ્રગટાવનાર ધર્મ સ્થાપવા સારૂ પ્રભુ ઇસુ આવ્યો હતો. માટે તેણે એવી ભક્તિને અનુસરનારા પ્રત્યે કહ્યું કે, જે માત્ર મને "પ્રભુ પ્રભુ" કહીને ભક્તિ કીધાનું સમજે છે તેથી ખરી ભક્તિ થતી નથી. કેવળ નામ સ્મરણ કરવું એથી ઈશ્વર પ્રસન્ન થતો નથી, પણ જેઓ ઈશ્વરની ઇચ્છા જાણે છે ને તે પ્રમાણે વર્તે છે તેજ તેની મહેરબાની પામે છે. એ શિવાય તેણે બીજો ઉપદેશ કીધો કે સ્વકર્મક્રિયાનો ધર્મ તે વેળુ પર નાખેલા પાયાના જેવો તકલીદી છે, ને એમ રેતી પર બાંધેલું ઘર વાયુના તોફાની ઝાપટા સામે ટકી શકતું નથી. જેઓ ઈશ્વરી વચન સાંભળે છે પણ તે પ્રમાણે ચાલતા નથી તેઓ એવાં તકલીદી ઘર બાંધનારના જેવા છે. જ્યારે તેઓ પર ઈશ્વરી ન્યાયનો પહેલો ધક્કો લાગે છે ત્યારે તેઓ એકદમ જમીનદોસ્ત થઇ જાય છે.

આ પ્રમાણે એ ઉપદેશમાં બધા વિષયો આત્મિક વાતો સંબંધી આવે છે. ફરોશી લોકોનાં મતમતાંતર તથા કલ્પિત કહાણીઓનો પ્રભુએ નાશ કીધો ને તેને ઠેકાણે યોગ્ય ને લાયક સદ્દભક્તિ જે ખરી ઇશ્વિરભક્તિ કહેવાય ને જેમાં મનુષ્યોને સુખ કરનારી સુનીતિ રહેલી હોય એવી સુંદર ઇમારત સ્થાપન કીધી છે.

પ્રાચીનકાળે 'ફેદરસ' નામે એક ગ્રંથકર્તા થયો; તે આ ઉપદેશને એક મહાસાગરની ઉપમા આપી લખે છે કે, "તે એક મોટા સમુદ્ર સરખો છે." જેમ સમુદ્રનાં મોજાં ઉછળતાં ઉછળતાં આવે ને કિનારા પર ઉભેલાના પગ સાફ કરે તેમ આ ઉત્તમ બોધસાગરનાં મોજાં ઉછળતાં ઉછળતાં આવીને અમારાં છોકરાંઓના પગ સ્વચ્છ, સાફ ને શીતળ કરે છે. આ પૃથ્વી પરના દરેક સમુદ્રો તથા મહાસાગરોની ઉંડાઈ માપવામાં આવે તો માપી શકાય, પરંતુ આ મહાસાગરની ઉંડાઈ અમાપ છે. તેના કિનારા ઉપર મોટા વિદ્વાન ને જ્ઞાની પુરૂષો વિસ્મય પામી ચકિત થઈ ઉભા રહે છે; હા, તેઓ સંપૂર્ણ પ્રેમથી સ્ફૂરિત થઈ એ અથાગ જ્ઞાનસાગરને નિહાળી રહે છે."

આ અનુપમ ઉપદેશની બરાબરી કરે એવું જ્ઞાન રાબી લોકોમાં હતું નહિ, માત્ર એટલુંજ નહિ પણ જગતમાં જે જે તત્વજ્ઞાનીઓ થયા તેઓ પણ આની તુલના પ્રમાણે આવી શકે તેમ નથી. તેઓના પુસ્તકમાં જે જે જ્ઞાનનાં વચનો આવે છે તેમાં કાંઈ પણ બોધપદ્ધતિ નથી એમ અમારા કહેવાની મતલબ નથી. ખાંડીભર ભુસામાં મુઠ્ઠીભર ધાન્ય હોય તેથી તે અનાજની ગણતરીમાં ગણી શકાતું નથી, તેમજ કોઇ નદીકિનારાની વેળુમાં એક માસાભાર સોનું હોય તેથી તે સોનાની ખાણ કહેવાય નહિ. તે પ્રમાણે જગતમાંના તત્વવેત્તાઓનું જ્ઞાન આની બરાબરીમાં ગણાય તેમ છે. જો કે ઇશ્વર તથા મનુષ્ય સંબંધી તેમાં સત્સિદ્ધાંતરૂપી કોઈક કણ દેખાય છે ખરા, તોપણ તેમાં ઘણી ભ્રાંતિ તથા ભ્રમણા ને ભ્રષ્ટતારૂપી વેળુ કે ભુસાના ઢગલેઢગલા મળેલા દેખાશે. પણ પ્રભુ ઇસુનું પહાડ પરનું ભાષણ તે તો પહાડ પરની સોનાની ખાણરૂપ છે, અને તેમાંનું સૂવર્ણ તે તો નિર્મળ, નિષ્કલંક, વિપુલ અને ઓપેલું છે. બ્રહ્મોસમાજના સ્થાપક વિદ્વાન રામમોહનરાય કે જેઓએ અનેક પ્રકારના પ્રાચીન તથા અર્વાચીન ગ્રંથોનું ને ભાષાઓનું જ્ઞાન મેળવ્યું હતું તેઓ ઘણા ધર્મોનો સાર જાણતા હતા. તેઓને કોઈ પણ ધર્મમાં આવો અદ્વિતીય, ઉત્તમ ને પવિત્ર નિરૂપમ અને પરમ કલ્યાણકારી સુસંવાદ મળેલો નથી. તેઓએ એનું સંસ્કૃત ભાષાંતર કીધું છે, ને તેને લાક્ષણિક નામ આપતાં તેઓ લખે છે કે, "શ્રી ઇસુ ખ્રીસ્તકૃત શાંતિ કલ્યાણદાયક સુસંવાદ." એને તે નામ આપવું તે બરાબર છે, કેમકે જેઓ તે પ્રમાણે આચરણ આચરે તેઓ જરૂર શાંતિ તથા કલ્યાણ પામે એમાં જરાપણ સંશય રખાય તેમ નથી.

અધ્યાય ૮ મો.

એક જમાદારના ચાકરને સાજો કર્યો.

ઉપર બતાવેલું પહાડ પરનું ભાષણ પૂરૂં કીધું ત્યાર પછી પ્રભુ ઈસુ પાછો કાપરનાહુમમાં આવ્યો, ત્યારે તેની સાથે ઘણા લોકોનો સમુદાય આવેલો હતો; કારણ કે દિનપ્રતિદિન તેની કીર્ત્તિ વૃદ્ધિ પ્રામતી ને ફેલાઈ જતી હતી, તેથી લોકો તેનું સાંભળવા તથા તેને જોવા ને તેનાથી લાભ પામવા તેની પાસે આવ્યા કરતા હતા. હવે એ વાત એટલેથી મુકી આપણે એ શહેર તરફ નજર કરીએ તો ત્યાં કેટલાએક રૂમી સિપાઈઓ આપણા જોવામાં આવે છે. જો તમે પૂછો કે, તેઓનું ત્યાં શું કામ હશે, તો તેના જવાબમાં હું તમને કહું છું કે એ શહેર રૂમી સત્તા તળે હતું, તેથી ત્યાં રૂમી લશ્કરનું એક થાણું રાખવામાં આવેલું હતું. તે થાણાના ઉપરીને સરદાર (જમાદાર) એવું નામ આપતા હતા, ને તેઓ પોતાના સિપાઈઓ શિવાય ઘણા દાસદાસીઓ રાખી તેઓ પર સરદારી ભોગવતા હતા. આ વખતે એવા એક સરદારનો માનીતો દાસ પક્ષઘાતના રોગથી મરણની અણી પર આવી રહેલો હતો. રૂમી રીતરિવાજ તથા કાયદા કાનૂન પ્રમાણે દાસ (ગુલામ) ને માલિકની મિલકત પ્રમાણે ગણતા હતા, તેથી કેટલાએક માલિકો પોતાના દાસો વિષે જોઈએ તેવી કાળજી રાખતા નહિ. જો કોઇની પાસે ઘણા ગુલામ હોય ને તેમાંનો એકાદ મરણ પામે તો તેની કાંઇ ફીકરચિંતા રાખવામાં આવતી નહિ, તેમજ જો તેમાંથી એકાદ માંદોતાતો હોય તો કોઇ તેની કાળજી રાખે નહિ. માત્ર ખપજોગાં હથીઆરોની કાળજી રાખવી એ રૂમી સરદારોની રીત હતી, પણ આ સરદાર એવી રીત રાખનારો નહોતો. તેના મનમાં ઘણી દયા ને ઘણી પ્રીતિ હતી, તેથી તેણે પોતાના ચાકરની અસાધારણ માંદગી જાણી તેનો ઇલાજ લેવાનું ધ્યાનમાં લીધું હતું. તેણે પ્રભુ ઈસુના અલૌકિક પરાક્રમ વિષે ઘણું સાંભળ્યું હતું, ને તેજ ઈસુ આજે અહીં આવેલો છે એવું જાણીને કેટલાએક યહુદીઓના વડીલોને તેણે પોતાને ત્યાં બોલાવ્યા. એ વડીલો જ્યારે તેની પાસે આવ્યા ત્યારે તેણે તેઓની પાસે એવી માગણી કરી કે તમો ઇસુની પાસે જાઓ ને મારે માટે વિનંતી કરો કે, "તે આવે ને મારા ચાકરને સાજો કરે." આ વડીલો સભાસ્થાનના અધિકારીઓ હતા ને એ વિદેશી જમાદારના પ્રતિનિધી થઇ પ્રભુની પાસે આવ્યા હતા, એનું શું કારણ હશે એમ વાંચનારને સવાલ પૂછવાનું મન થાય એવું છે, પણ તેનો જવાબ તેઓની અરજમાં ખુલ્લો દેખાડેલો છે. જ્યારે તેઓ ઇસુની પાસે ગયા ત્યારે તેની વિનંતી કરતાં કહ્યું કે, "તેને સારૂ તું આવું કરે તેને તે યોગ્ય છે; કેમકે તે આપણા લોક પર પ્રેમ રાખે છે, ને તેણે પોતે આપણે સારૂ આપણું સભાસ્થાન બંધાવ્યું છે." રૂમી લોકો યહુદીઓનો ઘણો દ્વેષ કરતા હતા, પણ તેઓ પૈકી

આ માણસ તેવો નહોતો. ધર્મભાવના સંબંધથી તેની પ્રીતિ યહુદીઓ સાથે જોડાઇ હતી. તે વખતમાં ઘણા ખરા સમજુક ને વિચારવંત પુરૂષો મૂર્ત્તિપૂજાના ખેદજનક ને કંટાળા ભરેલા રિવાજોથી નારાજ થતા હતા. તેઓ યહુદી લોકોનો સત્ય ને પવિત્ર ધર્મ માનયોગ્ય ગણતા હતા. તેવા લોકોને યહુદીઓએ "થએલા યહુદી" એવું નામ આપેલું હતું (પ્રે. કૃ. ૨; ૧૦ : ૬; ૫: ૧૩; ૪૩). તે વેળા કાપરનાહુમની વસ્તી જો કે ઘણી હતી તોપણ ત્યાં માત્ર બે સભાસ્થાનો હતાં એવું દેખાય છે, કેમકે હાલ "ટેલહુમ" નામથી ઓળખાતી જગ્યાએ તે પ્રાચીન શહેર હતું ને તેની પાસે જુના સભાસ્થાનોનાં બે ખંડિયેર બતાવવામાં આવે છે; તેમાંનું એક આ સુબેદારે બંધાવેલું હતું. એ ખંડિયેરમાં જુની નકશીકામવાળા સંગેમરમરના પુષ્કળ પત્થરો મળી આવે છે. એ ઉપરથી એવું અનુમાન થાય છે કે તે લોકપ્રિય તથા ભક્તિવાન સરદારે જે ભજનસ્થાન બંધાવ્યું હતું તે મહા ગંજાવર અને સુશોભિત હતું.

આ રૂમી જમાદાર માત્ર દયાળુ અને લોકપ્રિય હતો, એટલુંજ નહિ પણ તે શિવાય તે નમ્ર, હા, ઘણોજ નમ્ર હતો, કેમકે જ્યારે પ્રભુ ઇસુ તેને ઘેર આવતો હતો ને તે નજીક નજીક આવી પહોંચ્યો ત્યારે તેણે પોતાના મિત્રોને સામા મોકલ્યા ને એવી વિનંતી કહેવડાવી કે, "પ્રભુ, તું તસ્દી ન લે, કેમકે તું મારા છાપરા તળે આવે, એવો હું યોગ્ય નથી; એ કારણથી મેં પણ તારી પાસે આવવા પોતાને યોગ્ય ગણ્યો નહિ; પણ તું શબ્દ બોલ, એટલે મારો ચાકર સાજો થશે. કેમકે હું પણ તાબેદાર માણસ ઠરેલો છું ને મારે પોતાને તાબે સિપાઇઓ છે; ને હું એકને કહું છું કે, જા, ને તે જાય છે; ને બીજાને કહું છું કે, આવ, ને તે આવે છે; ને મારા ચાકરને કહું છું કે, આ કર, ને તે તે કરે છે." તેના આવા શબ્દો સાંભળીને તથા તેનો આવો વિશ્વાસ જોઈને પ્રભુ ઇસુ આશ્ચર્ય પામ્યો ને તેણે કહ્યું કે, "એટલો બધો વિશ્વાસ ઇસ્રાએલમાં પણ મારા જોવામાં આવ્યો નથી." પછી તેણે પોતાની સાથે જેઓ ચાલતા હતા તેઓને કહ્યું કે, પૂર્વથી તથા પશ્ચિમથી ઘણા લોક આવશે ને ઇબ્રાહીમ તથા ઇસહાક તથા યાકૂબની સંઘાતે સ્વર્ગના રાજ્યમાં બેસશે. બ્રાહ્મણની પંક્તિમાં ઢેડ બેસશે, એવું બોલવું બ્રાહ્મણ લોકોને અરૂચી ભરેલું લાગે છે, તેમજ ઉપરનું વચન યહુદીઓને અરૂચી ઉપજાવે એવું હતું; કારણ કે સ્વર્ગના રાજ્યનો વારસો ઇબ્રાહીમ તથા તેની ઓલાદને સારૂજ છે, તેથી જેઓ તેના વંશજો છે તેઓ તે અધિકાર પામશે. એ પ્રમાણે આ અભિમાની લોકો માનતા હતા, તેમાં તેઓ સ્વાભાવિક ભૂલ ખાતા હતા. વળી તેઓના (રાબી) જ્ઞાની લોકો એવી ભૂલ-થાપમાં ઉમેરો કરતા હતા, કેમકે કોઇ યહુદી રાબીનો શિષ્ય થઈ ધર્મશિક્ષણ માગે ત્યારે તેને પ્રથમ એવાજ પાઠો આપવામાં આવતા કે દેવ યહુદીઓનો મિત્ર ને વિદેશીઓનો શત્રુ છે. તેનું કહેવું એમ છે કે, "હું યહુદીઓને માટે એક સુંદર

મેજ તૈયાર કરીશ, તે દેખીને વિદેશીઓને શરમ લાગશે." આવી પક્ષપાત ભરેલી મેજની આશા યહુદી રાબીઓ રાખતા આવ્યા હતા. તેઓને ઈશ્વરપ્રેરિત મસીહે એક જૂદીજ મેજ બતાવી કે જેના પર મિષ્ટાન્નપાન કરવાને યહુદી તથા વિદેશીને એકજ આમંત્રણ આપવામાં આવેલ છે, ને એ બન્ને કોમ સંપસંપીને સરખો ભાગ પામે છે. જે કોઈ આ સાર્થક તેડાનો સ્વીકાર કરે તે આ મેજ પર આવે. તેડાએલો યહુદી આવે, તેમ વિદેશી પણ આવે, ને આકાશી મેજ પર અમૃતપાન કરે, કેમકે તે સર્વને સારૂ તૈયાર કરેલી છે.

એ ઉપરથી એમ દેખાય છે કે સદ્‌ગુરૂ ઈસુનો ધર્મ તે એકદેશી કે એક રાષ્ટ્રીય ધર્મ નથી પણ તે સર્વદેશી ને સઘળાં રાષ્ટ્રોને સારૂ, એટલે સાર્વજનિક છે. તેમાં યહુદી કે વિદેશીનો ભેદ નથી, તેમજ તેમાં વર્ણાશ્રમનો અંતર રાખેલો નથી. ગમે તે વંશનો કે ગમે તે વર્ણનો કે ગમે તે દેશનો હોય તેને ઈસુ તેડે છે. જો કોઇ માણસ તે તેડાનો સ્વીકાર કરે ને પ્રભુ ઈસુની આજ્ઞાઓને આધીન થાય તો તેને વાસ્તે અનંત જીવનના આશીર્વાદો તૈયાર છે; પછી તે વિદ્વાન કે અવિદ્ય હોય, ગરીબ કે તાલેવર હોય, નાનો હોય કે મોટો હોય, ઉંચ હોય કે નીચ હોય તેમાં અંતર નથી; જેમ તે બ્રાહ્મણને તેડે છે તેમ તે ભંગીને પણ તેડે છે, જેમ રાજાને તેમ રંકને, જેમ પૈસાદારને તેમ ગરીબને, હા, સર્વ માણસજાતને તે બોલાવે છે ને આશીર્વાદ આપે છે. ઉપર આપણી વાર્તામાં બતાવેલો સુબેદાર રૂમી વિદેશી હતો, તોપણ તે વિશ્વાસથી પ્રભુ ઇસુની પાસે આવ્યો હતો, માટે તેને પ્રભુએ કહ્યું કે, તેં જેવો વિશ્વાસ કીધો છે તેવું તારે સારૂ થશે, તેથી તેજ ઘડીએ તેનો ચાકર સાજો થયો.

અધ્યાય ૯ મો.

ઇસુ નાઇન ગામમાં જાય છે ને એક વિધવાના પુત્રને પુનર્જીવન પમાડે છે.

હવે આપણે જોવાનું છે કે આ કથાનો મુખ્ય નાયક કાપરનાહુમથી મોટી સવારે નાઈન ગામ જવા સારૂ નિકળે છે, ત્યારે તેના શિષ્યો તથા બીજા કેટલાએક તેની સાથે જાય છે. પાલેસ્તાઈન દેશ તે ઉષ્ણકટિબંધ પર આવેલો છે માટે ત્યાં બપોરને વખતે સખત તાપ પડે છે, તેથી આ બધો સમુદાય મોટા પરોઢીઆની વેળાએ મુસાફરી કરવા તત્પર થયો; કેમકે કાપરનાહુમ તથા નાઈન ગામની વચ્ચે લગભગ બારેક ગાઉનો અંતર છે, ને આ લાંબી મજલ દિવસના પહેલા ને ઠંડા પહોરમાં કાપવી સુગમ પડે તેમ હતું, તેથી બધા વહેલા ઉઠીને તૈયાર થયા. પછી ગાલીલના સમુદ્રકિનારે આવી તૈયાર રાખેલી હોડીઓ પર ગયા, કેમકે આ મુસાફરોને નાઈન જતાં કેટલીએક મજલ યરદન નદીમાં જળ-

માર્ગે કાપવાની હતી. તેને સારૂ ઉપર બતાવેલી હોડીઓ તૈયાર રખાવેલી હતી માટે બધા તેમાં સ્વાર થયા, ને સડસડાટ પવનવેગે ચાલવા લાગ્યા. જ્યારે સઘળો સમુદાય હોડીઓમાં બેઠો ત્યારે હોડીઓનાં સઢો છોડવામાં આવ્યાં ને બંધો છુટા કરી લંગરો ઉંચકાયાં એટલે તમામ હોડીઓ ઉતરતે પાણીએ ઝપાટાબંધ ચાલવા લાગી. તે જોતજોતાંમાં યિઝ્રએલના મેદાન પાસે આવી પહોંચી. અહીં હોડીઓ લંગર કરી બધા લોકો નદી બહાર કિનારે આવ્યા, ને આ સુંદર મેદાનમાં પંથ કાપવા લાગ્યા. આ મેદાન સુમારે પંદર ચોરસ માઇલ જમીન પર વિસ્તાર પામેલું છે. તેની જમીન ઘણી રસાળ છે. ઠેરેઠેર અંજીર, દાડમ, બદામ, ખજુર, નાળીએર, તથા સુંદર દ્રાક્ષવાડીઓ શોભી રહેલી છે. આવા સુંદર ને રમણિક મેદાનમાં આપણા મુસાફરો પ્રાતઃકાળના શિતળ પવનની લહેરો લેતા ચાલ્યા જાય છે.

મારા વ્હાલા મિત્રો; શું તમે નાઇન શહેર જોયું છે? તે ઘણું સુંદર છે. તમને પેલી કહેવત યાદ હશે કે, "યથા નામા તથા ગુણા." ખરેખર આ જગ્યાએ તે કહેવત ખરી પડે છે. તેના નામનો શબ્દ જે નાઇન તે હેબ્રી ભાષાનો છે, ને તેનો અર્થ સુંદર થાય છે, ને જ્યારે તમો એ જોશો ત્યારે તમને ખાતરી થશે કે મારી વાત ખરી છે, માટે જરા ઝડપ રાખી ઉતાવળા ચાલો તો આપણે તે સમુદાય સાથે ત્યાં જઇ પહોંચીશું ને તે ગામની સુંદરતા નિહાળીશું. જુઓ, આટલી વારમાં તો મેદાનનો પંથ પૂરો થવા આવ્યો છે. હવે તમારી દૃષ્ટિ લગાડો ને લાંબી નજરે જુઓ. તમારી સામે ક્ષિતિજમાં પહાડ જેવું કાંઈ દેખાય છે. જરા વધારે ચોકસાઇથી તપાસી જુઓ તો તમે જાણશો કે તે તો હેર્મોન કહેવાએલો પહાડ છે. એ પહાડની ઉત્તર પશ્ચિમ દિશાની મધ્યે નાઇન ગામ વસેલું છે. જુઓ, એ તરફ ઝાંખાં ઝાંખાં ઘરો, ધાબાં ને અગાશીઓ દેખાય છે. તેની ઉત્તમ બાંધણી તથા આસપાસની સુશોભિત વૃક્ષવેલી કેવી રળિયામણી દિસે છે. તે સુંદરતા જોતાં જોતાં આપણા આજના પ્રવાસીઓ પોતાનો થાક ભૂલી જઇ ઘણા જલદ ઘોડાની પેઠે રસ્તો કાપતા જાય છે. હવે તેઓ છેક પાસે આવ્યા છે. હા, છેક તળેટીમાં લગોલગ આવી પહોંચેલા છે. અહીંથી તેઓનો રસ્તો ઘણોજ મનોહર ને રમણિક દેખાય છે. તે વાંકોચુંકો પહાડ પર ચઢતા સાપની પેઠે આડોઅવળો ઢોળાવ કાપતો હોય એમ લાગે છે. આ રસ્તા પર માણસોનો મોટો સમુદાય ચઢતો માલમ પડે છે. સર્વની અગાડી મોખરે એક ભવ્ય પુરૂષ રાબીના વેશમાં ચાલે છે. તે આપણી કથાનો શિરોમણી નાયક છે. તેની આસપાસ બન્ને બાજુ પર તેના પસંદ કરેલા શિષ્યો તથા મિત્રો છે. તે વિના બીજા ઘણા માણસો તેની સાથે ચાલતા જાય છે. તેઓની ચોકસ સંખ્યા આપણાથી ગણી શકાતી નથી પણ તે જાણવાની ઇચ્છા હોય તો સુવાર્તિક લુકને પુછીએ. સાંભળો, તે આપણને શું કહે છે? એવું કે, "તેની સાથે તેના શિષ્યો તથા લોકોનો મોટો સમુદાય હતો" (લુક ૭; ૧૧).

હવે આપણા આ પ્રવાસીઓ તડકાથી પસીને રેબઝેબ થએલા છે તેઓ લાંબી મજલ ખેડતાં અત્યારે થાકી જવા આવ્યા હશે, તોપણ તેમના પગ ઘણી ઝડપથી ઉપડે છે. આ થોડી વારમાં તેઓ ચઢતા ચઢતા પહાડને મધ્ય ભાગે પહોંચી ગયા છે, માટે આપણે જરા ઉતાવળ કરો કે તેમને બરાબર જોઇ શકીએ. મારા પ્યારા વાચકો, તમે સારી ઝડપ કીધી છે કે તમે પણ તેમની પાસે પહોંચી ગયા. હવે જરા વિસામો લો, કેમકે હવે આપણે આ મુસાફરોને જોઇ શકીએ છીએ, ને તેમની વાતો સાંભળી શકીએ છીએ. પણ એક બીજું કૌતક જુઓ! આ ગામ તરફથી એક મોટું ટોળું આપણા તરફ આવે છે. તે શું હશે? એ લોકો તો ઘણા છે; તેઓ બધા અત્યારે કયાં જતા હશે? હવે તો લગભગ મધ્યાન્હ કાળ થવા આવ્યો છે. તાપ વધતો જાય છે, ને આવા તાપના વખતે તે કેમ નિકળ્યા હશે? અરે! આ નાના સંઘમાં તો કાંઇક વિચિત્ર દેખાવ માલમ પડે છે. તેમાં ચાર માણસો બબ્બેની જોડે આગળ આવે છે. તેઓની ખાંધ પર કાળા વસ્ત્રના આચ્છાદનવાળો જનાજો છે. તેની પાછળ એક બાઈ રૂદનપાત કરતી ચાલી આવે છે ને તેની પછવાડે એ બધો સમુદાય ગમગીની ભરેલે ચ્હેરે આવતો હોય એવું દિસે છે. આપણા આગળ વધતા સમુદાયની પેઠે તેઓ જલદી ચાલતાં નથી, તોપણ હવે તેઓ બન્ને જથા વચ્ચે માત્ર થોડોજ અંતર રહેલો છે, માટે આપણે ત્યાં જઈ પહોંચીએ તો સારૂં, કે આ આવનાર જનાર સમુદાયની ભેટમાં શું શું થાય છે તે આપણે જાણી શકીએ. જુઓ, એટલામાં તો તેઓ ભેટાભેટ થઈ ગયા છે ને આપણા જનાર મુસાફરોનો આગેવાન તેમાંના એકને કાંઇ પૂછપરછ કરે છે. જરા નજીક આવો, કે તેની વાત બરાબર સાંભળી શકાય. સાંભળો, આ આગેવાન પુરૂષ પેલા આવનારને પૂછે છે કે આ કોણનો જનાજો છે, ને આ રડનાર બાઇ તે કોણ છે? તેના જવાબમાં સામો માણસ દિલગીરી ભરેલા અવાજે ઉત્તર આપતાં કહે છે કે, પ્રભુ, એ બાઈનો એકનોએક દીકરો મરણ પામ્યો છે તેનો આ જનાજો છે. એ વિધવા પોતાના આ છોકરાને આધારે રંડાપો ગાળતી આવી છે, તેથી આજ તેનાં પર દુઃખનું વાદળ તુટી પડયું છે, કેમકે તેનો આધારરૂપ પુત્ર આજે તેની પાસેથી લઈ લેવામાં આવ્યો છે, તેથી તેના દુઃખનો પાર રહ્યો નથી; એ માટે તે અત્યંત દુઃખી છે ને તેની સાથે અમારા ગામનાં નાનાં મોટાં બધાં દુઃખી છે. અરે! આ જુવાનના મરણથી અમારા ગામમાં હાહાકાર વરતાયો છે. આટલી વાતચિત થાય છે પણ તેની માને કાંઈ ખબર પડતી નથી. જુઓ, તે તો જનાજાને વળગી રડયાજ કરે છે. શું આ વેળા તેને રડતી બાઇના પર દયા આવી હશે! હા, દરેક માણસોનાં સ્વાભાવિક ગુણલક્ષણો તરફ જોતાં તે સુખ દુઃખમાં લાગણી ધરાવનાર દેખાય છે, તેથી તે દુઃખિયારાને જોઈ દુઃખી થાય છે ને પોતાની શક્તિ તથા ઉદારતા પ્રમાણે દુઃખમાં દિલાસો ને મદદ

આપવાનું કરે છે. જો તે ભુખ્યું હોય તો ખોરાક પાણીની મદદ કરે, ને માંદુંતાતું હોય તો ઓસડવેસડના ઉપાય બતાવે છે, તેમ નિર્ધન દરિદ્રી હોય તો પૈસાટકાની મદદ કરે, પણ આવા દુઃખમાં શું? જ્યારે કોઇના પર આવું દુઃખ આવે છે ત્યારે બીજાં માણસો તેની સાથે દુઃખી થાય ને કાંઈ દિલાસો દેવાને શિખામણની વાતો કરે છે. તેમાં જગતના કુદરતી નિયમો બતાવી મોહપાસનું દુઃખ તોડવાનો ઉપાય વાપરે છે, માટે તેવાઓ આ બાઇને કહે છે કે, બાઇ, પૂર્વજન્મના રૂણીના બંધન પ્રમાણે તે તમારો પુત્ર થયો હતો ને તે માગણું પરિપૂર્ણ થવાથી પોતાને રસ્તે ગયો છે, માટે તમારે વૃથા કલ્પાંત કરવો નહિ. આ દુનિયામાં કોઇ કોઈનું સગું નથી. જેમ પૂરમાં તણાતાં કાષ્ટો રેલ ઉતરતાં છુટાં છુટાં તણાઇ જાય છે, તેમ માબાપ, મિત્ર, પુત્ર, પરિવાર અંતે જુદાં પડ્યા વિના રહેતાં નથી, તેથી તમે શોકનો ત્યાગ કરી ધીરજ રાખો. આ સંસારનો મેળાપ ઝાડ પરનાં પક્ષી કે ધર્મશાળાના ઉતારૂઓના જેવો છે. સવાર થતાં બધાં પોતપોતાને રસ્તે જાય છે, તેમાં તેનો શોક કરવો નકામો છે. હવે તમો ગમે તેટલું રડો પણ તમે તેને દેખવાનાં નથી. માટી સાથે માટી મળવાની, ને પવન સાથે પવન મળ્યો, એમાં રડવું કોને? એ તો જગતના નિયમ પ્રમાણે જન્મે તે મરે છે માટે તમારા નસીબમાં લખ્યું હતું તે થયું, તેમાં શોક શાનો? એ પ્રમાણે તે બાઇના દિલાસા માટે આ સત્પુરૂષ કાંઇ દાખલા દલીલો આપતો નથી, પણ માત્ર ઉભો રહેલો છે, ને વળી છેક પાસેજ ઉભો છે. અરે! શું તેને પ્રેતસૂતકની અશુદ્ધતા લાગતી નથી? ઓ બાપ! એવું તે હોય! આપણા વાણીઆ, બ્રાહ્મણ, કણબી, પાટીદારની પેઠે એ યહુદીઓ પણ પ્રેતસૂતકનો વટાળ માનતા આવ્યા છે. ત્યારે આ શું? આ યહુદી રાબી મુડદાની લગોલગ ઉભો રહેલો છે તેનું કારણ શું હશે? તે વિષે હાલ આપણે પુરો ખુલાસો જાણતા નથી, માટે આપણે એના શિષ્યોને પુછીએ કે તમારો ગુરૂ મુડદાનો સ્પર્શ કરતાં અભડાતો નથી. સાંભળો, આપણી વાત સાંભળવાથી તેનો ખુલાસો કરવા સારૂ યોહાન આવે છે. એ ઘણો જ્ઞાની પુરૂષ છે, તેથી શાસ્ત્રમાં તેને દેવજ્ઞાનીનું નામ આપ્યું છે. જુઓ, તે કહે છે કે ઇસુને એવો વટાળ નથી લાગતો, કારણ કે તે મરેલાં તથા જીવતાંઓનો સ્વામી છે, તેથી તેને સ્નાનસૂતક વળગતાં નથી, કારણ કે મરણ તથા જીવનની ચાવી તે તેના હાથમાં છે (પ્ર. ૧; ૧૮); માટે વટાળ તેનાથી વેગળો રહે છે ને આભડછેટ અળગી જાય છે. જુઓ, તે ચાહે તો મરેલાંને જીવતાં કરી શકે છે. તમારે તેનો પરતો જોવો હોય તો તેની પાસે આવો. વાચક મિત્રો, જરા આગળ ચાલો, ને આપણે તે મહા પુરૂષની પાસે જઇએ. જુઓ, તે કેવી ગંભીરતાથી ઉભો છે. તેણે પોતાનો થાક તથા માથા પરનો તાપ વિસારી પેલી વિધવાના દુઃખમાં ભાગ લીધો છે. એ તો એને દિલાસો આપે છે. સાંભળો, તે પેલી

બાઈને કહે છે કે, રડ મા. તે તેનો વિલાપ સાંભળી દિલગીર થયો છે. તેના મનમાં એના પ્રત્યે ઘણી દયા આવી છે. જુઓ, પેલા ખાંધિયાને ઉભા રાખી મરેલા તરફ કાંઇ હુકમ આપતો હોય તેમ બોલે છે. સાંભળો, તેણે શું કહ્યું તે તમે સમજ્યા છો? તે કહે છે કે, "જુવાન, ઉઠ."

અરે! આ કેવી વાણી! શાબાશ, શાબાશ, ઓ પ્રભુ ઈસુ, તારી વાણીને શાબાશ છે! તારા હુકમને ઘણા ઘણા રંગ છે! વાહ! આ કેવી અજાયબી! જુઓ, એના વચનથી પેલો મરેલો જીવતો થયો, તેને જનાજામાંથી ઉઠાડી તેની માના હાથમાં સોંપે છે! વાહ વાહ! આ તો બધા લોકો તેની આસપાસ ફરી વળ્યા છે, થોડી વાર પહેલાં રડતા હતા તેઓ હાલ ખુશી થાય છે! અરે! પેલી રડતી ડોસી પોતાના છોકરા સહિત કેવી નમન કરે છે! હવે તેના ચહેરા પર દિલગીરી નથી પણ આનંદ તથા કૃતજ્ઞતાની છાયા છવાએલી છે! થોડી વાર પહેલાં તેના ઉપર દુઃખનો ડુંગર આવી પડયો હતો, કેમકે તેનો એકનોએક દીકરો મરણ પામ્યો હતો, પણ હાલ તેના પર સુખનો સાગર ઉછળવા લાગ્યો છે; કારણ કે તેના મરેલા પુત્રને પ્રભુએ જીવતો કીધો. પ્રથમ તે બાઈનો એકેક પગ પારાપાર કષ્ટથી મહા મુશ્કેલીએ ઉપડતો હતો, પણ હાલ તે હરણની પેઠે કુદી શકે તેમ છે. પહેલાં તે નમુળિયા ઝાડની પેઠે ઢળી પડતી હતી, તેથી તેના ખાસ અંગત સ્નેહીઓ આધાર આપી મહા મુસીબતે ચલાવતા હતા, પણ હાલ તે મજબુત ઘોડાની પેઠે ટટાર થઇ છે. જરા વાર પહેલાં તે ચોધાર આંસુએ રડતી હતી તેથી તેનાં નેત્રો સોજેલાં ને લાલચોળ દેખાતાં હતાં, પણ હાલ દુઃખનાં અશ્રુ ગયાં છે ને પ્રેમનાં અશ્રુ આવ્યાં છે, તેથી તેનાં નેત્રો પ્રેમી ચળકાટ મારતાં શોભી રહેલાં છે. આ દિલાસો આપનાર ખરો, હા, તેને આપણે દિલાસાનો દેવ કહીએ તો તે બરાબર કહેવાશે, કેમકે માણસના દિલાસામાં તથા પ્રભુના દિલાસામાં અત્યંત તફાવત હોય છે. આવા પ્રસંગ પર માણસનો દિલાસો માત્ર શબ્દનો હોય છે ને તેનાથી ગએલી વસ્તુ મેળવી શકાતી નથી, પણ પ્રભુનો દિલાસો તે તો ખરો છે. જાણે કે કાળરૂપી લૂટારો નાઈન ગામમાં આવ્યો હતો; તેણે આ અનાથ વિધવાના પુત્રનું હરણ કીધું ને પોતાની લૂટ લઇ ચાલવા લાગ્યો. એવામાં અનાથનો નાથ ને વિધવાનો વસીલો પ્રભુ ઇસુ જે કાળ તથા મરણનો મારનાર ને જીવનનો અધિકારી તે પોતાની સ્વારી સહિત રસ્તામાં સામો આવ્યો ને તેણે પેલા લૂટારાની લૂટ પાછી વાળી દુઃખી વિધવાને દિલાસો આપ્યો; તેજ ખરો દિલાસો કહેવો જોઇએ. માણસો દિલાસાના શબ્દો બોલે તેમાં, તથા પ્રભુના શબ્દોમાં કેટલો અંતર છે તે જુઓ. મારા મિત્રો, જો તમે આ વાતમાં ખરી તપાસ કરશો તો તમને ખાતરી થશે કે માણસોના શબ્દો ફીકાફસ હશે, પણ પ્રભુના શબ્દ ઘણા મીઠા છે. જુઓ, તેણે કહ્યું કે, "બાઇ, રડ મા." આ શબ્દો તે માત્ર

શુષ્ક શબ્દો નહોતા. જ્યારે તેણે રડવાની મના કરી ત્યારે તેણે પોતાનું મહા અદ્‌ભુત પરાક્રમ બતાવવાનું નક્કી કીધું. હા, તેણે રડવાનું કારણ દૂર કીધું. તે જનાજા પાસે ગયો અને પ્રેતસૂતકની બીક રાખ્યા વિના તત્કાલ તેને પકડયો એટલે ખાંધીઆ ઉભા રહ્યા. ત્યારે તેણે તે મરણાધીન માણસને કહ્યું કે, "જુવાન, હું તને કહું છું કે ઉઠ." ને તરત તે ઉઠીને બેઠો થયો ને બોલવા લાગ્યો; પછી તે તેને એની માને સોંપી કહે છે કે, બાઈ, આ તારો દીકરો જીવતો જાગતો તારી પાસે છે, માટે રડ મા.

આ ચમત્કારના સંબંધમાં સુવાર્તિક લુક એવી નોંધ લે છે કે, તેથી સઘળા લોકોને ભય લાગ્યો, માટે તેઓ દેવના ગૌરવની સ્તુતિ કરી કહેવા લાગ્યા કે, એક મોટો ભવિષ્યવાદી આપણામાં ઉભો થયો છે ને દેવે પોતાના લોક પર નજર કીધી છે. ખરેખર એ મોટા ભવિષ્યવાદીનું કામ હતું, માત્ર એટલુંજ નહિ પણ તેમાં દેવના સામર્થ્યનું પ્રદર્શન હતું, કારણ કે પ્રાચીન કાળે બે ભવિષ્યવાદીઓએ મરેલાને જીવતા કીધા હતા (૧ રા. ૧૭; ૨૧. ૨ રા. ૪; ૩૫); પણ તેઓએ ઘણા કાલાવાલા કરીને મહા આર્જવથી તે કામો કીધાં હતાં. તેમાં તેને ઘણી શક્તિ વાપરવી પડી ને ઘણોજ વખત ખરચવો પડયો હતો. પરંતુ આ ચમત્કાર મહા શાંતપણે અકસ્માત ને તાબડતોબ થયો. વળી તે તો માત્ર પોતાનેજ નામે પોતાની શક્તિથી માત્ર એકજ શબ્દ બોલીને કીધો હતો, તેથીજ તે જોનારા લોકોએ કહ્યું કે, દેવે પોતાના લોકો પર નજર કીધી છે. એમાં તેઓનું જે અનુમાન તે શું ખોટું હતું? તેઓએ ઇસુને મોટો ભવિષ્યવાદી કહ્યો તેનું કારણ લાયક ને સબળ હતું. જે ટેકરી ઉપર આ ચમત્કાર બન્યો તેની બીજી બાજુ તરફ સોબાના નામનું એક ગામ છે. તેને પ્રાચીન કાળે સુનેમ કહેતા હતા. ત્યાં આસરે ઇ. સ. પૂ. નવસેં વર્ષ અગાઉ એલીશા ભવિષ્યવાદીએ એક સ્ત્રીના પુત્રને મરણમાંથી સજીવન કીધો હતો (૨ રા. ૪); અને એ ટેકરીની નીચે જે વિસ્તારવાળું મેદાન છે તે મેદાનમાં એલીઆહ ભવિષ્યવાદીએ ઘણાં અદ્‌ભુત કાર્યો કરી ઇસ્રાએલના દેવનો મહિમા પ્રગટ કરાવ્યો હતો. ત્યાંથી ઉત્તર બાજુએ થોડે છેટે સારફાથ ગામ આવે છે. એક વખત એ ગામમાં રહેનારી વિધવાના પુત્રને તેણે મરણમાંથી ઉઠાડયો અને જીવતો કીધો હતો. જ્યારે પ્રભુ ઈસુએ આ વિધવાના પુત્રને સજીવન કીધો ત્યારે લોકોના મનમાં તે વિધવાના પુત્રની તથા એલીઆહ જેવા મોટા ભવિષ્યવાદીની વાત સ્મરણમાં આવી હશે ને તેથી તેઓ ઈસુને મોટો ભવિષ્યવાદી કહી વખાણવા લાગ્યા હતા, ને એ વાત આખા યહુદાહ પ્રાંતમાં તથા આજુબાજુના દેશોમાં ચોતરફ ફેલાવા લાગી (લુક ૭; ૧૭).

જ્યારે આ ચમત્કાર બન્યો ને પ્રભુ ઈસુ હજી નાઇન ગામમાંજ હતો ત્યાં યોહાન બાપ્તિસ્મા કરનારે બંદીખાનામાંથી સમાચાર મોકલી મસીહ વિષે પુછાવ્યું

હતું. પાછળ આવી ગએલા એક પ્રકરણમાં યોહાનનું વૃત્તાંત આપી અમે તે જણાવેલું છે (ખંડ ૩, અ. ૧ જુઓ), માટે આ ઠેકાણે તેનું વર્ણન કરવાની જરૂર નથી.

અધ્યાય ૧૦ મો.

એક પાપી અને ફરોશી.

આગળ આવી ગએલા અધ્યાયની હકીકત બન્યા પછી પ્રભુ ઈસુ કેટલાએક દિવસ નાઇન ગામમાં રહ્યો તે દરમિયાન તેણે આંધળાને દેખતા કીધા, માંદાને સાજા કીધા, ભૂતવળગેલાને સમા કીધા, ને એમ અનેક દુઃખિતોનાં દુઃખ કાપી આકાશી રાજ્યની સુવાર્તા પ્રગટ કીધી.

તે એવાં પરોપકારનાં કાર્યો કરતો હતો, એ અરસામાં કોઈએક સીમોન નામનો ફરોશી આવ્યો. તેણે પ્રભુ ઈસુને પોતાને ઘેર જમવાનું નોતરૂં આપ્યું. આ ફરોશી પોતાના પંથવાળા બીજા ફરોશીઓ જેવો કર્મકાંડી અને સ્વપુણ્યાભિમાની હતો. તેમ છતાં તેણે ઈસુને પોતાને ઘેર બોલાવ્યો. એમ કરવામાં તેનો શો હેતુ હશે તે બરોબર સમજાતું નથી, પણ એટલું કહી શકાય છે કે તેના પર એનો કાંઇક લોભ હતો. આ મહાન સત્પુરૂષે અમારા ગામમાં આવી અમારા લોકો પ્રત્યે મોટો પરોપકાર કીધો છે, માટે તેની પરોણા ચાકરી કરવી એ ઘટાર્થ છે એવું તે સમજતો નહોતો, તેમજ આ સદ્ગુરૂને પોતાને ત્યાં બોલાવવામાં કાંઈ માન મળે એવી આશા નહોતી. વળી તે મહાન પુરૂષના ચરણાવિંદનો પ્રવેશ થવાથી કાંઈ ઈશ્વરી કૃપા મળશે એવી તેની સમજણ નહોતી, પણ તેમને એ પ્રમાણે નોતરવામાં હું તેના પર ઉપકાર કરૂં છું ને તેથી તેનું માન વધારૂં છું એવી તેની કલ્પના હતી. વળી તેના મનમાં એમ પણ હોય કે હું ઇસુને મારી પાસે બોલાવીને બરોબર જોઈશ તેમજ તેનું કહેવું સાંભળીશ. છેટે કે દૂર રહીને તેનું ભાષણ સાંભળવું તે કરતાં પાસે બેસાડીને સાંભળવું સુગમ પડશે, અને એમ કરતાં તેના ગુણદોષો પણ જાણી શકાશે. વળી જેમ તેણે પોતે આ ગામમાં આવી ઘણાં ઉદાર કામો કર્યાં છે તેમ હું પણ તેના કરતાં ઓછો ઉદાર નથી એ વાતની તેને ખાતરી થશે. એવા એવા સ્વાર્થી વિચારો રાખી તેણે ઈસુને ભોજન કરવાનું આમંત્રણ કીધું ને પોતાને ઘેર બોલાવ્યો એવું દેખાય છે.

જેમ તેણે એવા અધકચરા મનથી ઇસુને મિજબાની આપી તેમ તેણે એવીજ રીતે નહિ સરખી સરાહગત કે પરોણાચાકરી કરી હતી. મારા વાચક મિત્રો, જો તમારે આ દાંભિક ફરોશીની મગરૂરી ભરેલી પરોણાચાકરી તથા લુખી મિજબાની જેવી હોય, તો ચાલો આપણે ઈસુની પાછળ પાછળ તેના ઘર

સુધી જઇએ ને ત્યાં જે બનાવ બને તે નજરોનજર જોઈએ, તો તેથી આપણને કાંઈ શિખામણ મળશે; પણ યાદ રાખો કે ગડબડ તથા ઘોંઘાટ કર્યા વિના છાનામાના જવું, નહિ તો પેલો અભિમાની આપણને પેસવા દેશે નહિ. આ યહુદીઓ પરોણાનો આદરસત્કાર કરવાના કામમાં ઘણા પ્રવીણ હોય છે. જ્યારે તેમને ઘેર કોઈ માનવંત પરોણો આવે ત્યારે પ્રથમ તેના પગ ધોવા સારૂ શિતળ પાણી લાવે છે. ત્યાર બાદ સારા ને સ્વચ્છ રૂમાલ વડે તે લુછે છે. પછી સુગંધી તેલ તથા અતર લાવી તેના માથા પર ચોળે છે, ને આખર પ્રેમનાં ચુંબન કરી આલિંગન કરી મુખ્ય આસન પર બેસાડે છે, ને છેવટે જમણપાનનો વ્યવહાર શરૂ કરે છે. હવે આપણે જોવાનું છે કે આપણા મનપસંદ પરોણાને સારૂ એમાંનું શું શું થાય છે, માટે જલદી તૈયાર થાઓ. જુઓ, એટલામાં પેલા ભાઇનું તેડું આવ્યું છે, ને તેની સાથે જવા સારૂ ઈસુ પોતાના શિષ્યવૃંદ સહિત તૈયાર થાય છે, માટે વહેલા ચાલો, કે આપણે તેની સાથે સામેલ થઈ જઈએ. પ્રભુ ઇસુને તથા તેના સમાજને મોખરે ચાલવા દો ને આપણે તેની પાછળ પાછળ જઇશું. તમને પ્રથમ ચેતવણી આપી છે તે યાદ રાખીને ચાલો. હવે જુઓ, પેલું સામેનું ઉંચા પડથારવાળું સાફસુફ ઘર દેખાય છે તે ફરોશીનું છે. જુઓ, તેના આંગણામાં કેટલાંએક પાણી ભરેલાં વાસણો મુકી રાખ્યાં છે ને સામી બાજુએ ધોએલા પાટલા તથા ખાટલા રાખ્યા છે. ઓસરીમાં લાંબી દોરી બાંધેલી છે. તેના ઉપર લાંબા ફુમતાવાળા ઝાલરથી ઘેઘુર, લડસડતા જામા તથા પાયજામા ને ધોતીઆં સુકાય છે. તેની ઓથમાં આડી નજરે જોતો એક માણસ આમતેમ ફરે છે. જાણે તે કોઇની રાહ જોતો હોય તેમ વખતોવખત દરવાજા તરફ જુએ છે. અરે તે તો આપણને જોતાંની વાર પગથીઆં પાસે ખુલ્લી પરસાળમાં આવ્યો ને ત્યાંજ ઉભો છે. હવે તેને બરોબર જોઇ શકાશે. જુઓ, તેના માથાના બાલ છુટા રાખી માથા પર પાઘડી બાંધી છે. તેના મોઢા પર કેવી લાંબી દાઢી છે પણ ઉપરની મૂછ કાતરીને ટુંકી કરી છે, તેથી તેના હોઠો ફરકતા દેખાય છે. તેના માથા પર કાંઈ હેબ્રી લીપીના શબ્દો લખેલા છે. અધધધ! આ તેનો જામો કેટલો લસડતો ને કેવો જાડો દેખાય છે? ને તેની ઝાલર તથા ફુમતાં કેવી શોભા આપે છે? શું તમે તેને ઓળખો છો? તે તો આ ઘરનો માલિક સીમોન છે. અરે! તે તો અકડ ગરદન રાખી ઉભો છે. આપણા માનવંત પરોણાની સાથે તે કાંઈ સભ્યતા બતાવતો નથી. આપણે તો યહુદીઓનો પરોણાચાર જોવાની આશા રાખતા હતા પણ અહીં તો તેવું કંઈ નથી. આ એરંડો તો માત્ર ઉંચો વધવાનુંજ શિખ્યો છે. તેમાં અમૃત ફળ આપનાર આંબાનો નમ્ર ગુણ દેખાતો નથી. મિત્રો, છાના રહો, એવું બોલશો મા, નહિ તો તે આપણા પર ગુસ્સે થશે ને કાઢી મુકાવશે. આપણે અહીં જે જે થાય તે જોવાનું છે. સાંભળો, તે કાંઈ બોલે છે, તમે સાંભળ્યું? તેણે પ્રભુને લુખો આવકાર દેતાં કહ્યું

કે, "આવો, બેસો." જુઓ, તે ઈસુ ગુરૂને પોતાની પાસે બેસાડે છે ને સાધારણું જમણવાર ચલાવે છે. આ રીતે તેની લુખાસુખી પરોણાચાકરી કરવામાં તે શું જાણે છે તે તમે સમજ્યા છો? તે માણસ ઘણો અભિમાની છે ને તેથી પોતાના સ્વજાતિ બંધુઓનો તિરસ્કાર કરી પોતાને પવિત્ર માને છે, માટે બીજા સાધારણ માણસોની માનમરતબા ભરેલી મિજબાની કરતાં પોતાની લુખીસુખી મિજબાની મોટી ગણે છે. આજે તે પોતે કૃતાર્થ થયો, એમ માનતો નથી, પણ તે માને છે કે આજે મેં ઇસુને કૃતાર્થ કીધો. ઇસુ યહુદી રાખી છે ને હું પવિત્ર ફરોશી છું ને તેથી તેને મારે ત્યાં બોલાવી મારી જોડે બેસાડું ને જમાડું તે તેના માનને ખાતર ગણાશે એમ તે સમજે છે. તમે જોયું કે તેનું આંગણું, ઓસરી, ઘરબાર, વગેરે સાફ છે? હા, તેનાં વાસણકુસણ, ઠામડીકરાં, ખાટલાપાટલા, લુગડાંલતાં બધું સાફ છે, પણ તે બધાંનો મેલ અભિમાનરૂપ થઈને તેના મનમાં ભરાયો છે, માટે તે આપણ પવિત્ર પરોણાની ચોખવટ જોઇ શકતો નથી ને તેને માન આપી શકતો નથી. પણ જુઓ, આ માનવંત પરોણાને પ્રભુ અહીં પણ માનવંતો કરે છે. પેલી બાઇને તમે દેખો છો? એ શું પેલી ઇસુની પછવાડે ઉભેલી છે! પણ હાલ તે ઢીંચણ પર બેઠી છે. હું તમારી સાથે વાત કરતો હતો ત્યાર પહેલાં તેના તરફ મારૂં ધ્યાન હતું. તે પણ આપણી સાથે સાથે આ ઘરમાં આવી છે, ને જ્યારની આવી ત્યારની એ સદ્દગુરૂની પાછળ ઉભી હતી; તે વખતે તેનાં બન્ને નેત્રોમાંથી અશ્રુની ધારાઓ વહેતી હતી, ને તે બધાં આંસુઓ સદ્દગુરૂના પગ પર પડતાં હતાં, તેથી તે તેના પગ સાફ કરવા લાગી. અરે, હાલ તો તેણે પોતાની વેણી ખુલ્લી કરીને કેશપાસથી તે ગુરૂના ચરણકમળ સાફ કરે છે. આહા! આ શું! આવું મૂલ્યવાન જટામાંસીનું સુંગધી અતર તે પ્રભુના ચરણ પર ચોળે છે! ને સ્નેહપૂર્વક અત્યંત ભાવે તે ચરણોનું આલિંગન કરી પ્રેમથી ચુંબન કરે! ખરેખર એવી ગુરૂસેવાને તથા એવી નમ્રતા ભરેલી લજ્જા રહિત પ્રીતિને ધન્ય છે! મિત્રો, જુઓ, સોનાને ઓપ હોય કે? શું સૂર્યને શાહેદીની જરૂર હોય કે? જે સારૂં છે જે શોભતું છે તે તો સર્વત્ર તેવુંજ છે. આ અભિમાની અને અણપસ્તાવિક અંતઃકરણવાળાએ ઇસુને ઓળખ્યો નથી તેથી શું થયું? જુઓ, આ પસ્તાવિક અંતઃકરણવાળી બાઈ તેનું ઉત્તમપણું સમજી પ્રેમપૂર્વક સેવાભક્તિ કરી રહી છે. શું તેથી પેલો અભિમાની ખુશી થાય છે? એ પ્રેમાળ મૂર્તિના પ્રેમભાવથી ખેંચાએલી અનાથ અબળાના આવા કાર્યથી આપણો સર્વ સમુદાય ખુશી થતો હોય તેમ દેખાય છે. પણ પેલો અદેખો ફરોશી પરિપૂર્ણ બળી રહ્યો છે. તેનાં નેત્રોમાં કાંઈક અજાયબી, કાંઇક તિરસ્કાર, ને કાંઈક ગુસ્સો દેખાય છે. તે વખતોવખત ઇસુ તરફ જોઇને ડોળા તતડાવે છે, હોઠ ફફડાવે છે, ને ડોકું ધુણાવે છે, એનું કારણ શું હશે તે તમે જાણ્યું? સાંભળો, તેની થોડી હકીકત મને યાદ છે તે તમને કહું છું. સુવાર્તિક લુક તરફથી તે હકીકત

મને મળી છે. તે બાઈ જે પ્રેમપૂર્વક ઇસુની સેવા કરી રહી છે તે પોતાની વિતી ગએલી જીંદગીમાં અનાચાર કરતી હતી. તેણે પોતાની સુંદરતા વ્યસનોમાં વેચી દીધી ને પોતાનું સ્વરૂપ તથા શિયળ વ્યભિચારમાં વેચી નાખ્યું હતું. ગામના લોકો તેને ગુણકાના નામથી ઓળખતા હતા, તેથી સીમોનના મનમાં તે છેક નિર્માલ્ય છે. એવી સ્ત્રી આ ભવિષ્યવાદી જેવા મોટા રાબીનો સ્પર્શ કરે છે તેમ છતાં તે તેનો ધિક્કાર કરી કાઢી મુકતો નથી એ શું? તેને હું અડકું નહિ ને અડકવા દઉં નહિ, પણ આ ઇસુ તો તેને કંઈ કહેતો નથી એ શું હશે? શું એ ભવિષ્યવાદી છે? ના, ના, જો તે અગમજ્ઞાની ભવિષ્યવેત્તા હોત તો તે આ સ્ત્રીને ઓળખી શકત ને તેને અડકવા દેત નહિ. એવા નબળા વિચારો એના મગજમાં ભરાયા છે, તેથી તે આ પારસમણીરૂપ સદ્‌ગુરૂના તરફ એ રીતે બાડી નજરે જુએ છે. અરેરે! પત્થર તે તો પત્થરજ રહ્યો, તેમાંથી ફળ કે ફૂલ મળ્યું નહિ! તે બિચારો કંગાળ મનવાળો પ્રભુનું પરાક્રમ જાણી શકયો નહિ, જાણે કે એક પારસમણીની પાસે લોઢાનો કટકો આવી પડયો, તે જોતાં પત્થરનો કટકો પારસમણીને લોઢા સાથે સરખાવવા લાગ્યો હોય તેમ સીમોન આજે આ સદ્‌ગુરૂના સંબંધમાં તર્કવિતર્ક કરવા લાગ્યો છે, પણ હવે આપણે આનું છેવટ શું આવશે તે જોઇએ. જુઓ, હાલ પ્રભુ ઇસુ સીમોન તરફ જુએ છે. મને લાગે છે કે તે સર્વજ્ઞ છે માટે તેણે સીમોનના વિચારો જાણી લીધા છે. સાંભળો, તે તેને કાંઇ પૂછે છે. તમે બરાબર સમજ્યા છો? જુઓ, ઇસુએ સીમોનને કહ્યું કે, "સીમોન, મારે તને કંઇ કહેવું છે." સીમોને જવાબ આપતાં કહ્યું કે, "ઉપદેશક, તમારે જે કહેવું હોય તે કહો." ઇસુ તેને કહે છે કે, "જો, એક શાહુકારને બે દેવાદાર હતા, એક કરજદાર એક હજાર રૂપીઆનો ને બીજો દશ રૂપીઆનો હતો. તેઓ પૈકી એકે કરજ પીટાવવા સમર્થ નહોતો, તેથી શેઠને દયા આવી ને બન્ને જણનું કરજ માફ કીધું; ત્યારે એ બેમાંથી શેઠના પર વધારે પ્રીતિ કરનાર કોણ નિકળશે?" સીમોને ઉત્તર આપતાં કહ્યું કે, "જેને વધારે માફ થયું તે વધારે પ્રીતિ કરશે." પ્રભુએ કહ્યું કે, "તેં ઠીક કહ્યું છે. જેને વધારે માફી મળે તે વધારે પ્રેમ કરે ને જેને થોડી માફી મળી તે થોડો પ્રેમ કરે." સીમોન આ દાખલો સાંભળીને થોડી વાર વિચારમાં પડી ગયો. એનાથી તેની મતલબ સમજાઈ નહિ માટે પ્રભુ ઇસુ તેને ખુલાસો કરવા સારૂ પેલી બાઈ તરફ જોવાનો ઇસારો કરી કહે છે, "તું આ બાઇને જુએ છે? હું તારે ઘેર આવ્યો ત્યારે તેં મારા પગ ધોવાને પાણી આપ્યું નહિ, પણ તેણે પોતાનાં આંસુએ મારા પગ ધોયા છે. તેં મારા માથા પર તેલ ચોળ્યું નહિ, પણ તેણે અતરથી મારા પગ ચોળ્યા છે. તેં મને પ્રેમી ચુંબન કીધું નથી પણ તેણે મારા ચરણોને પ્રેમી આલિંગન આપવાનું શરૂ કીધું ત્યારથી પાછું મુકયું નથી; માટે હું કહું છું કે તેને તેનાં ઘણાં પાપ માફ

થયાં છે.” એ પ્રમાણે પ્રભુ ઇસુએ સીમોનના વિચારો જાણી લીધા અને તેના મનમાં જે ગર્વ આવ્યો હતો તે નાબુદ કીધો.

ઉપરના વર્ત્તમાન પરથી પ્રભુના સર્વજ્ઞપણા વિષે પૂરૂં પ્રમાણ મળે છે, તેથી એમ જાણવું કે તેને કોઇ માણસ વિષે સાક્ષીની જરૂર નથી, કેમકે માણસના મનમાં શું છે તે તે જાણે છે. આ અભિમાની ફરોશી પોતાની મોટાઈ દેખાડવા સારૂ સદ્‌ગુરૂને પોતાને ઘેર બોલાવવાનું આમંત્રણ કરવા આવ્યો. તે વખતે તેના ભુંડા ને ગર્વિષ્ઠ હેતુની ભાવના એણે જાણી લીધી હતી. તેમ છતાં તેના આમંત્રણનો સ્વીકાર કીધો હતો, કેમકે ત્યાં તે એક મોટું અગત્યનું કામ કરવાનો હતો, જેથી ઘણાં અધમ કૃત્ય કરનારા માણસો પાપ છોડી તારણ પામવાને આશાવાન થાય. એ માટેજ તેણે સીમોનનો સ્વચ્છંદ ને અભિમાનયુક્ત અવિવેક સહન કરી આ પસ્તાવિક અંતઃકરણવાળી બાઈના આત્માનો ઉદ્ધાર કીધો. ત્યારથી આજ સુધી ને આજથી આવનાર છેવટના સમય સુધી પસ્તાવો કરનાર પાપીને માટે સદા સારી આશા ઉપજાવનાર દાખલો થાય એવું આ ઉત્તમ કાર્ય કર્યું છે.

એ બાઈ પોતાના બાળપણથી એકલી ને નિરાધાર હતી તેથી તે અતિશય નીચ કામોમાં ફસાઇ પડેલી હતી. તે જાહેરાંત વેશ્યાનો ધંધો કરી પોતાનું પાપી પેટ ભરતી હતી, એના અંગમાં હરેક દુર્વ્યસનો તથા દુર્ગુણો ઘર કરી બેઠા હતા. દરેક સદાચારી માણસ તેના પડછાયાથી અળગો રહેતો હતો, કારણ કે તેના તરૂણપણાનું તેજ વ્યસનોથી વટલી ગએલું હતું. તેની સુંદરતા ને ખુબસુરતી અનાચારે અળખામણી થઇ હતી, એ સર્વ વાત એના જાણવામાં આવી; અને એનો ઈલાજ કરી કૃતાર્થ કરનાર મહાન વૈદ મળ્યો માટે તેની પાસે આવવાના વિચારમાં તે હતી. તેને એ વાતની જાણ હતી કે જેણે પેલી વિધવાના પુત્રને મરણથી છોડાવ્યો, તે મને મારાં પાપરૂપી મરણથી બચાવશે. જો હું તેને શરણે જાઉં તો તે મને તારણ આપશે, પણ તેનો મિલાપ કયાં ને કેમ કરાય એ વિષે તે લાગ શોધતી હતી. આજે તેણે સાંભળ્યું હતું કે ઇસુ ગુરૂ સીમોનને ઘેર જનાર છે, પણ મારાથી તે ફરોશીના ઘરમાં કેમ જવાય? કદાચ તે મને ધિક્કાર સહિત કાઢી મુકે તો હું શું કરૂં? એવા એવા વિચારો તેને અટકાવ કરવા આવ્યા હશે, પણ તેનો નિશ્ચય કરેલો વિચાર કાયમ રાખી રહી. માન આવો કે અપમાન આવો તેની દરકાર નથી; નિંદો કે વંદો એનો દુઃખ ધોખો નથી. મારે મસીહ પાસે જવું ને પાપથી પાવન થવું, બસ એજ નક્કી ઠરાવ છે. એ ઠરાવને મક્કમપણે વળગી રહીને તે આજે અહીં આવીને તે કૃપાપાત્ર પ્રભુની કૃપા પામી. જુઓ, હમણાં પ્રભુ ઇસુ તેની તરફ જોઇને કહે છે કે, “તારાં પાપ તને માફ થયાં છે, તારા વિશ્વાસે તને બચાવી છે, શાંતિએ જા.” એ પ્રમાણે વચનામૃત

સંભળાવી પ્રભુએ તેને સન્માર્ગ બતાવી વિદાય કીધી. પ્રભુનાં આ આશીર્વાદિત વચનો વ્યર્થ ગયાં નહિ, કારણ કે જે શાંતિ જગત આપી શકતું નથી, ને જે શાંતિનું અનુમાન કરવાને આપણે અશક્ત છીએ એવી શાંતિ કે જેની દરેક પાપીને અગત્ય છે, તે શાંતિ આ પાપથી પીડાએલી બાઇને મળી ને તેમાં જરા પણ વિલંબ થયો નહિ. જે પળે ઉપર બતાવેલું વચન પ્રભુના મુખારવિંદથી નીકળ્યું કે તત્કાલ તેને શાંતિ પ્રાપ્ત થઇ.

ઉપર બતાવેલા વર્તમાનોથી આપણને એવો બોધ મળે છે કે જેમ અઘોર ને મલીન પાપો દેવને કંટાળારૂપ લાગે છે તેમ સ્વાર્થ ને ઢોંગ તે પણ તિરસ્કારરૂપ લાગે છે. વળી બીજી વાત એવી છે કે જેઓ લોકલજ્જા છોડી દુરાચાર કરે છે, તેનાં આચરણ મરણકારક ને ભયગ્રસ્ત હોય છે; તેજ પ્રમાણે અણપ્રસ્તાવિક પ્રતિષ્ઠા પામેલાનાં કામ આત્માનો નાશ કરનાર હોય છે.

અધ્યાય ૧૧ મો.

પ્રભુ ઇસુ ગાલીલ પ્રાંતમાં કેવી રહેણીથી રહ્યો હતો?

હવે આપણે આગળ આવનાર વૃત્તાંત તપાસવા પહેલાં આ અધ્યાયમાં ઇસુની વ્યાવહારિક રહેણીકરણીનો નમુનો જોવાના છીએ. આગળ આપણે વાંચી ગયા છીએ કે, પ્રભુ ઇસુએ કાપરનાહુમનો રહેવાસ પસંદ કીધો હતો ને તેજ કારણથી તેને "પ્રભુનું નગર" ગણતા હતા, તોપણ તેણે પોતાનો બધો વખત ત્યાંજ ગાળ્યો નથી. તે વખતોવખત ગાલીલ પ્રાંતમાં આમતેમ ફરીને મુસાફરી કરતો હતો. તે દરમિયાન તેની રહેણીકરણી કેવી હતી તે જાણવાની ખાસ અગત્ય છે, તેથી અત્રે તે વિષે કેટલીએક બીના આપેલી છે. આ બીના તે તેના હમેશના વ્યાવહારિક નમુના તરીકે સમજી રાખવી જોઇએ, કેમકે જ્યાં સુધી પ્રભુએ ગાલીલ પ્રાંતમાં રહેવાસ કીધો, ત્યાં સુધી તેની એજ રીત હતી. આપણે ઉપર વાંચી ગયા છીએ કે તે પોતે ગામેગામ ફરવા સારૂ મુસાફરીઓ કરતો હતો. તેમાં તેની સાથે બાર પ્રેરિતો રહેતા હતા, વળી તે શિવાય કેટલીએક સ્ત્રીઓ પણ ચાલતી હતી. તેઓ પૈકી કેટલીએક અંગત સગપણવાળી હતી, અને બીજી કેટલીએક કૃતજ્ઞતાથી પ્રભુની સેવામાં જોડાએલી હતી; કારણ કે પ્રભુ ઇસુએ તેઓ પર ઉપકાર કરેલા હતા. કોઇને ભયંકર રોગથી બચાવી હતી અને કોઇને મોટા વળગાડથી સારી કરી હતી, તેના બદલામાં તે બાઇઓ આભાર માની તેની સેવા કરતી હતી. જો કે પ્રભુ ઇસુને કોઇ ઘરબાર નહોતું, તોપણ તે ગરીબ કે ભિખારી નહોતો. તે કદી ભિક્ષા માગવા નિકળ્યો નહિ. લોકો તેને રાબી કે ભવિષ્યવાદી માનતા હતા,

ને તે અધિકારને લીધે તેને ઘણો આદરસત્કાર તથા આવકાર આપતા હતા. તેઓ મોટા માન સહિત એને પોતાને ઘેર નહોતરતા હતા. તે પોતે પણ પોતાને તથા પોતાના શિષ્યોને ગરીબ લોકોથી જુદા ગણતો હતો ને એવા ગરીબોને દાન આપતો હતો (માત્થી ૨૩; ૧૧. માર્ક ૧૩; ૨૯). તેના શિષ્યો કર્મક્રિયા કે દેહદંડણ કરતા નહોતા તેથી લોકો અચરત પામતા હતા. પ્રભુ ઇસુ તથા તેના શિષ્યો બીજાં લોકોની પેઠે સાધારણ પોશાક પહેરતા હતા. કેટલાએક નવા નવા પંથ કાઢનારાઓ જેમ રાતાં પીળાં સફેદ ભગવાં કે કથાઈ રંગનાં વસ્ત્રો કાઢે છે તેમ તેણે કીધું નથી, તેમજ લાંબા લસડતા ઝભા કે ખલકાનો વેશ રાખ્યો નહિ. વળી તેણે પોતાના અનુયાયીને કાંઇ વિશેષ કર્મકાંડ કે નિત્ય નિયમની ક્રિયાઓ ઠરાવી આપી નથી, ને આચાર વ્યવહારમાં કાંઇ નવું કીધું નહિ, તોપણ તેઓ સ્વચ્છ અને સાફસુફ રહેતા હતા. અઘોરી બાવા કે ઢુંઢિયાની પેઠે મલીન વસ્ત્રો પહિરતા નહિ, તેમજ રાખ ચોળી શરીરને ડાઘ લગાડતા નહિ, તેમજ માથા પર મેલ ઘાલી જટાજુટ્ટી થતા નહિ. જો કોઇ પ્રેમભાવ રાખી પ્રભુના માથા પર તેલનો અભ્યંગ કરે તો પ્રભુ તેનો સ્વીકાર કરતો હતો, કોઇ તેને પગ ધોવાને પાણી આપે તો તે લેતો ને ચરણપ્રક્ષાલન કરતો. ટુંકામાં કહીએ તો તેણે લોકોની વ્યાવહારિક સ્થિતિને માન્ય રાખેલી છે (માત્થી ૬; ૧૬: ૨૬; ૬. લુક ૭; ૪૪). તે સન્યાસીઓની પેઠે એક ભક્ત (એકજ વખત જમનારને એકજ વાસણમાં ખાનાર) નહોતો; તેમજ તપસ્વીઓની પેઠે કંદમૂળ કે ફળાહાર કરી રહેતો નહિ. સાધારણ લોકો જે પદાર્થો ખાય છે તેમાંથી કોઈ પદાર્થનો તેણે નિષેધ કીધો નથી. જ્યારે તેને કોઇ જમવાને બોલાવતા ત્યારે તેના વાસણમાં જે કાંઈ રોટલી માછલી ઈત્યાદી ખાવાનું પીરસતા તે તે ખાતો ને દ્રાક્ષરસ પણ પીતો હતો. ફરોશી લોકો મિષ્ટાન્ન-પાનના પ્રાયશ્ચિત્ત માટે સોમવારે તથા ગુરૂવારે કોરાકડાક ઉપવાસ કરતા હતા, તેમ તેણે કદી કીધું નહિ, તેથી એ લોક તેની નિંદા કરતા હતા (માત્થી ૧૧; ૧૯) પરંતુ તે તેઓની દરકાર કરતો નહિ. તેની રહેણીકરણી ઘણી સાદી ને તેનું ખાવું પીવું નિયમ પ્રમાણે હતું. તેણે જંગલમાં બે વખત ચમત્કાર કરી લોકોને જમાડ્યા હતા, તેમાં તેણે માત્ર માછલી ને રોટલીનું જમણ આપ્યું હતું. આપણા દેશમાં સાધારણ કણબી લોકો જાડો મોટો ખોરાક ખાય છે તેમ તે દેશમાં સાધારણ લોકોનો એ ખોરાક હતો. જેમ આપણા દેશમાં કોદરા કે બંટી બાવટાનો ખોરાક હલકો ગણાય છે તેમ તે દેશમાં એ ખોરાક તેવોજ ગણાતો હતો. પ્રભુ ઇસુ લોકોની પાસે દક્ષણા માગવા નિકળતો નહિ. કેટલાએક શિષ્યો પોતાના ગુરૂ પર છત્ર ધરાવી તેની પછવાડે તાલમૃદંગ કે ઢોલ પખાજ વગાડી માગતા ફરે છે ને દાણાની ઝોળી તથા નાણાની થેલીઓ ભરે છે, તેમ પ્રભુએ કીધું નથી. જેમ રામદાસે ભિક્ષાના અન્નને પવિત્ર ઠરાવ્યું તેમ ઇસુએ કહ્યું નથી, ને તેણે

પોતાના શિષ્યોને ભિક્ષાવૃત્તિનો ધંધો ખોલી આપ્યો નહિ. જે લોકોમાં તેણે ઉપદેશ કીધો તે લોકોની પાસેથી અધિકાર સહિત દક્ષણા કે શેલાં મંદિલ માગ્યાં નથી, તેમજ તે જ્યારે ચમત્કાર કરી રોગમોચન કરતો ત્યારે પણ તે પૈસાટકા માગતો નહિ. તે પોતે લેતો નહિ ને તેના શિષ્યોને પણ કાંઇ અપાવતો નહિ, તોપણ જેઓ તેનો ઉપકાર માની પોતાના દ્રવ્યથી તેની સેવા કરવા ચાહતા હતા તેવાઓને તેણે અટકાવ્યા નથી (લુક ૮; ૩).

જ્યારે તે મુસાફરીએ નિકળતો ત્યારે જે ગામમાં જવાનું હોય તે ગામમાં અગાઉથી પોતાના શિષ્યોને ખબર કહેવા માટે મોકલતો હતો, ને ઘણા માણસો આનંદથી તેની પરોણાચાકરી કરતા હતા, પણ જો કોઈ ઠેકાણે તેનો આવકાર ન થાય તો તેઓ આગળ આવનાર ગામમાં જતા હતા (માત્થી ૨૧; ૧. લુક ૯; ૫૨). જે વખતે તે લોકોના ઘરમાં જતો તે વખત "આ ઘરનાંને શાંતિ થાઓ," એવાં આશીર્વાદયુક્ત વચન કહેતો હતો. પરંતુ આ ઘર શુદ્ધ છે કે નહિ? ઘરની મેજ ને વાસણકુસણ શુદ્ધ છે કે નહિ? એવા ફરોશીઓની પેઠે તેણે સવાલ જવાબ પૂછેલા નહિ.

પ્રભુ ઇસુ હમેશાં પગે ચાલીને મુસાફરી કરતો હતો. કોઈ વખત તે શિષ્યોની આગળ ચાલતો જતો હતો, પણ ઘણે ભાગે તે તેઓની સાથે ચાલતો હતો. તેણે તેઓનો સંગ છોડયો નહોતો, તેવીજ રીતે તેના શિષ્યો પણ તેની આજ્ઞા પાળતા હતા. જ્યારે તે કહે કે આજે હોડીમાં બેસીને જવાનું છે ત્યારે તેઓ લાગલા તે પ્રમાણે તૈયારી કરતા હતા. જ્યારે તે કહેતો કે ફલાણે સ્થળે જાઓ ને ત્યાં ભોજન સિદ્ધ કરો ત્યારે તેઓ ખુશીથી જતા ને આજ્ઞા પ્રમાણે તૈયારી કરતા હતા.

જ્યારે તે સભાસ્થાનમાં શાસ્ત્ર વાંચતો ત્યારે ઉભો રહીને વાંચતો હતો; પણ ઉપદેશ કરતી વેળા તે બેસતો હતો.

પ્રભુ ઇસુની જીંદગીનો ઘણો ખરો ભાગ મહાભારી શ્રમ કરવામાં ગયો હતો. તેના તરૂણપણા પછી ત્રીસ વર્ષની ઉમરે આવતાં સુધી તે સુતારી કામ કરતો હતો; ને ત્યાર બાદ મરણ પર્યંત જનસમાજના તારણનું કામ કરતો રહ્યો. એ કામ કેવળ ત્રણ ચાર વર્ષનું હતું, પરંતુ આહારપાણી ને નિદ્રાનો સમય બાદ કરતાં તેની દરેક ક્ષણ ઉદ્યોગ કરવાની હતી. દુઃખિતોનાં મનનું સમાધાન કરવું, રોગાદિ વ્યાધિમાં સપડાએલાંને સાજાં કરવાં, મોટા લોકો ભોજનપાનને સારૂ આમંત્રણ આપે તો ત્યાં પણ જવું, ને તેઓને દેવના રાજ્ય વિષે સુવાર્તા પ્રગટ કરવી, લોકોને ઉપદેશ કરવો અને શિખવવું, શિષ્યોને સુશિક્ષિત કરવા ગામેગામ પ્રવાસ કરતા જવું, કઠણ મનવાળા તથા અજ્ઞાન લોકોનો વિરોધ શોધવો, તેઓની શંકાઓનું સમાધાન કરવું, એવાં એવાં

કામોનો તેના પર બોજ હતો. તે કોઇ કોઇ વખતે એટલો વધી પડતો કે તેને આહારપાણી લેવાની ફુરસદ મળતી નહિ. જ્યાં સુધી તેના સગાંવહાલાં તેની શક્તિ તથા તેનો હેતુ જાણ્યા વિના રહેલાં હતાં, ત્યાં સુધી તેઓ કોઇ કોઇ વખત તેને ભ્રમિત કે ઘેલછાવાળો જાણતાં હતાં.

પ્રભુ ઇસુનું શરીર હમેશાં નિરોગી રહેતું હતું. પવિત્ર આચરણને તથા આરોગ્યતાને નિકટનો સંબંધ છે. ઇસુનું મન પવિત્ર અને વર્તન નિર્દોષ હોવાથી તેનું શરીર પણ આરોગ્ય રહેતું હતું. જો કે તે કોઈ કોઇ વાર ઘણું કામ કરવાથી થાકયોપાકયો લોથપોથ થઈ જતો હતો, તોપણ તેના શરીરને રોગ કે વ્યાધિ લાગતો નહિ. રાત્રિને વિષે તે સ્વસ્થપણે નિદ્રા લેતો હતો. એક વાર સમુદ્ર મધ્યે વાવાદળ ને તોફાન થયું, તેથી મોટા મોટા મોજા આવી હોડીમાં પડવા લાગ્યા. તોપણ તેવા પ્રસંગે વહાણને પાછલે ભાગે સુકાન પાસે ગાદી પર તે સ્વસ્થ નિદ્રા લેતો હતો (માર્ક ૪; ૩૮); અને એજ પ્રમાણે અરણ્યમાં આખી રાત પ્રાર્થના કરતો હતો. તેમજ તેના મરણ અગાઉની રાત્રે આખી રાતનો ઉજાગરો ને પંદર કલાકની કઠણ પરીક્ષા સહી, તેમ છતાં તે શુદ્ધિમાં હતો, ને છેવટ પર્યંત આકુળવ્યાકુળ થયો નથી.

પ્રિય પ્રભુ વિષે એવું ભવિષ્ય હતું કે તે દુઃખિત અને શોકિત પુરૂષ થશે. તેજ પ્રમાણે તેણે માણસો તરફથી અનેક પ્રકારનાં દુઃખો શોષ્યાં હતાં. જેઓના ઉપર તેણે પ્યાર કીધો તેઓએ એને દુઃખ દીધું! હા, ખરેખરૂં અયોગ્ય ને અકારૂં થઈ પડે તેવું વિષમય દુઃખ દીધું! એથી તેને કેટલો શોક થયો હશે? વાંચનાર મિત્ર, શું તમને એનો અનુભવ થયો છે? જે લોકોને એણે સદ્દબોધ આપ્યો તેઓએજ એના પર દ્વેષ લાવીને મહાભારત દુઃખોનો સમય આગળ ધર્યો. તથાપિ તે દુઃખોથી તેના નિર્મળ પ્રેમાનંદમાં ખલેલ પહોંચે તેમ નથી, કેમકે એ પોતે ઈશ્વરી પ્રીતિ તથા ઈશ્વરી કૃપાનો અનુભવ પામેલો હતો. હા, સંપૂર્ણ અનુભવ પામેલો હતો. તેના હૃદયમાં ઈશ્વરી અખંડ આનંદ ભરેલો હતો. એણે પોતાનું સંપૂર્ણ જીવન ઇશ્વરી સેવામાં અર્પેલું હતું, એથી હમેશાં એ સંતોષવૃત્તિમાં રહેતો. એના કોઈ પણ કામમાં ચુક નહોતી. તેમજ અજ્ઞાન દોષથી થએલી ભુલચુક પણ હતી નહિ. તો પછી દોષ કે ઘાંટાળો કે ગોંધળ કે અવ્યવસ્થા કે ગુંચવાડો કે સ્વાર્થ કે લોભ વગેરે શાનાં હોય? તેથી તે પોતાના કાર્યમાં આનંદ પામતો હતો, તેનું દરેક કાર્ય તે એને આનંદના કારણરૂપ હતું.

પ્રભુ ખ્રીસ્ત પોતાના શિષ્યો સાથે ઘણા માયાળુપણાથી તથા નમ્રતાથી વર્તતો હતો, એમના તરફ કદી કઠોરતા વાપરતો નહિ, તેમજ તેણે કઠણ નિયમો કે તાપસના જેવાં વ્રત્તો ઠરાવી આપ્યાં નથી, કરડા બોજારૂપ દુઃખી કરનારા

સંસ્કારો કે વિધિઓ એણે સ્થાપ્યા નથી. એજ પ્રમાણે સામી બાજુ પર એના શાગરીદો પ્રીતિવાન ગુરૂ પર ગાઢ પ્રેમમમતા રાખતા હતા. તેઓ પુરી સુબીક રાખી તેનું સન્માન કરતા ને અત્યંત ભાવથી તેની સેવા બજાવતા હતા, તોપણ કદી તેણે પોતાની ચરણસેવા કરાવી નહિ. ચરણસેવા કે પાયપ્રક્ષાલન અથવા અંગમર્દન કરવાનું કામ પ્રભુએ એ શિષ્યોને બતાવ્યું હોય એવો લેખ કે ઈસારો નથી, પણ "તેણે શિષ્યોના પગ ધોયા" એવો લેખ મળે છે! તેણે તેઓને ઉચ્છિષ્ટ ખાવાનો મહિમા બતાવ્યો નથી, તેમ તે ખાવાને ફરમાવેલું નથી. તે પોતે પૂરો પવિત્ર હતો છતાં શિષ્યોને અપવિત્ર ઠરાવી દૂર રાખતો નહિ. જેમ બીજા દાંભિક ગુરૂઓ પોતાને પવિત્ર માની શિષ્યોને વેગળા રાખે છે, એટલે સુધી કે, તેવા ગુરૂઓનાં દર્શન કરવાનો અલ્પકાળિક સમય ને તે પણ ઠરાવેલા વખતમાં હોય છે. તેઓ જોડે વાતચિત કરવાનો પ્રસંગ કવચિત આવે છે ને તેઓનો સહવાસ તે તદન થોડોજ હોય છે; આ ગુરૂ તેવો નહોતો, પણ તે તો સર્વદા તેઓની સાથે રહેતો હતો. તેણે તેઓની સાથે ખાધું પીધું ને તેણે તેઓમાં રહેવાસ કીધો. તેણે પૂરી મમતાથી તેઓ સાથે સંભાષણ કીધું. તેણે પોતાની ઘણી સરળ ભાષામાં દાખલા દલીલો આપી મહા ગુઢાર્થ ભરેલ ધર્મસિદ્ધાંત તથા અગત્યના દેવજ્ઞાનનાં મૂળતત્વો સમજાવ્યાં. કોઇ વાર તે તેઓ સાથે ભોજનપાન કરતો હોય ત્યારે બીજાઓ પણ ત્યાં આવતા હતા. એવે પ્રસંગે તે પોતે ધર્મવાત પ્રગટ કરતો હતો. પ્રભુ કોઇ વાર શિષ્યવૃંદને લાડકવાયા બાપની પેઠે "મારાં છોકરાં" એ નામથી બોલાવે છે; તે તેઓના ખોરાક પાણી વિષે કાળજી રાખતો હતો. શિષ્યો ગુરૂસેવામાં તત્પર રહે ને ગુરૂ તેના ખોરાક પાણીનો ભાવ ન પૂછે એવો ગુરૂ તે નથી. એ પ્રમાણે ગુરૂશિષ્યની વચ્ચે ગાઢો પ્રેમ ને સ્નેહભાવ તથા સંબંધ હતો. આ ઉપરના ચિતાર પ્રમાણે પ્રેમ ભરેલું મિત્રપણું દાખવનાર સદ્ગુરૂ પોતાના શિષ્યોને અનાડીપણાથી કે તોછડાઇથી ચાલવા દેતો નથી. કેટલાએક શિષ્યો ગુરૂને નામે ગુજરાન ચલાવી ઉદરનિર્વાહ કરે છે તેમ તેણે કરવા શિખવ્યું નહિ. તે તેઓને પોતાના આજ્ઞાંકિતપણામાં રાખતો ને તેઓના દોષ તેઓને બતાવતો તથા તેનો નિષેધ કરતો હતો. ઘણીવાર તેઓમાં અભિમાન તથા મહત્વાકાંક્ષાનો દોષ જોવામાં આવતો હતો ત્યારે તે સખત રીતે તેનો નિષેધ કરતો હતો. જ્યારે તેઓની મંદ બુદ્ધિને લીધે દુઃખ લાગતું ને લોકો તરફનો અનાદર તથા તિરસ્કાર સહેતાં કાયરપણું દેખાતું ત્યારે તે સહનતા તથા નમ્રતા વિષે બોધ આપતો હતો, એ રીતે ખ્રીસ્ત તથા તેના શિષ્યોની વચ્ચે નિકટ સંબંધ હતો.

આ પ્રકરણમાં જે દાખલા આપ્યા તે બધાનાં શાસ્ત્રપ્રમાણ છે, પણ તે અત્રે આપ્યાં નથી. જો વાચકની મરજી હોય તો તેણે સુવાર્તામાં જોવું.

અધ્યાય ૧૨ મો.

ઇસુના ચમત્કાર અને ફરોશીઓનો વિરોધ.

ઉપરના અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે ગાલીલ પ્રાંતમાં પ્રભુ ઇસુ સારી રીતે પોતાનું કામ ચલાવતો હતો, ત્યારે ત્યાં તેના વિરોધીઓ નહોતા એમ આપણે જાણતું નહિ. ત્યાં પણ દાંભિક ફરોશીઓ રહેતા હતા. તેઓના ડોળા પ્રભુના કામ તરફ પૂરા ખેંચાએલા હતા. વળી તે ઉપરાંત યરૂશાલેમના શાસ્ત્રી-મંડળ તરફથી કેટલાએક બટ્ટો મુકવાવાળા ખાસ જાસુસો આવેલા હતા. તેઓ પ્રભુ ઇસુનાં કામને દોષયુક્ત ઠરાવવા તાકતા હતા (માર્ક ૩; ૨). આગળ આપણે વાંચી ગયા કે નાઇન ગામમાં તેણે અસાધારણ ચમત્કાર કરી પ્રભુત્વ બતાવી આપ્યું હતું, ને તેથી લોકોનાં મનમાં વિશ્વાસનાં બીજ રોપાયાં તથા આશાનાં કિરણો પ્રકાશમાન થયાં હતાં કે, પ્રભુએ પોતાના લોકો પર કૃપાદૃષ્ટિ કીધી છે ને આ મોટો ભવિષ્યવાદી મોકલ્યો છે, તે અમારો ઉદ્ધારનાર થશે. આવી આનંદદાયક બીનાથી લોકોમાં પ્રભુની કીર્તિ ફેલાઇ ગઇ હતી. તે પેલા અદેખા ફરોશીઓ દેખી શકે નહિ માટે તેઓએ ખાસ પાકા માણુસો મોકલ્યા કે જેઓ ઇસુને દોષિત ઠરાવવા તત્પર હતા. તે અરસામાં પ્રભુ ઇસુ એક બીજો ચમત્કાર કરે છે, એટલે એક ભૂતગ્રસ્તને સમો કીધો.

જેમ આપણા દેશમાં ભૂતોની વાતો ચાલે છે તેમ યહુદી લોકોમાં પણ એવી માન્યતા હતી. તેઓ માનતા હતા કે સૃષ્ટિના આરંભથી શુદ્ધ આત્મા તથા અશુદ્ધ આત્માઓ થએલા છે. એ અશુદ્ધ આત્માઓ કંઇક સંખ્યાબંધ છે ને તેઓ ટોળેટોળા સામટા ફરે છે. તેઓની દરેક ટોળીમાં એક આગેવાન ને ઉપરી હોય છે, ને તેના હાથ નીચે જુદા જુદા સરદારો હોય છે. એવા ઘણા આગેવાનો તથા સરદારો ઉપર મુખ્ય સત્તાવાન તે શેતાન છે, તેના તાબામાંથી બહાર જનારાને તે પોતાનાં ભૂતોની મારફતે પીડા દેવડાવે છે, ને આ ચમત્કારના સંબંધમાં એવી રીતે એક માણુસ ભૂતના વળગાડથી આંધળો ને મૂગો થઇ ગયો હતો, તેથી બીજા લોકો તેને પ્રભુની પાસે લાવ્યા. પ્રભુએ પોતાના શબ્દથી તેને સાજો કીધો, એથી લોકોમાં તેના વિષે એવી વાતો ચાલવા લાગી કે આજ મસીહ છે; શું તે દાઉદનો પુત્ર નથી? એવી લોકચરચા સાંભળીને તેના વિરોધીઓ બળી ઉઠયા હતા પણ શું કરે! પ્રભુના પ્રસિદ્ધ ચમત્કારો જોવાથી ખોટા ઠરાવી શકાય નહિ, ને લોકલાગણી ફેરવી શકાય નહિ. શું કરે! તેઓ નાઇલાજ જેવા કેટલીએક વાર સાંભળ્યા કરતા હશે! પણ તેઓ ઘણો વખત નિરૂપાય રહ્યા નહિ. તેઓને એક નવીન બટ્ટો સુઝ્યો. તેમાં પ્રભુના ચમત્કારની કબૂલાત આવે તેમ તે પૂરો દોષરૂપ ઠરે, એથી ઇસુ તે મસીહ નહિ પણ પાખંડી ને દેવદ્રોહી ઠરાવાય એવું હતું.

પ્રભુ ઈસુ દેશી કે વિદેશીનો ભેદ રાખ્યા સિવાય સર્વની સાથે મળતો હતો, ને બધાને ધર્મોપદેશ આપવા જતો હતો, તેથી વિદેશીઓના ઘરોમાં તથા મંદિરોમાં જતો ને ત્યાં પોતાના મહાન પિતાની ઈચ્છા પ્રગટ કરતો, માટે આ ધર્મઢોંગી જાસુસોને ઓઠું રચવાનો લાગ મળ્યો. યહુદી લોકોની પડોસમાં ફેનીકી લોકો રહેતા હતા. તેઓ બાલઝબુલ નામના દેવની સેવાભક્તિ કરતા હતા. આ દેવના સંબંધમાં તેઓનો મત એવો હતો કે તે સર્વ પ્રકારના રોગ પર સત્તા ચલાવનાર છે, તેથી તેની ભક્તિ કરનારને તે નિરોગીપણું આપે છે. યહુદી લોકો બાલઝબુલને શેતાન જેવો ગણતા, ને તેને "પાંચમો દેવ" કહી મશ્કરી ભરેલું નામ આપતા હતા, પણ તેના નામ પ્રમાણે તેનો અર્થ "રજવાડાનો દેવ" એવો સમજતા હતા.

પ્રભુ ઇસુ ફેનિકી લોકો સાથે મળતો ને તેઓને બોધ આપતો હતો, એ પ્રમાણે આપણે આગળ વાંચી ગયા છીએ. હવે તે મેળાપનો વિપરીત અર્થ કરી ઇસુના વિરોધીઓએ તેનાં ઉપર દોષ મુકવાની તદબીર રચી. તેઓ કહેવા લાગ્યા કે ઇસુ ચમત્કાર કરે છે એ ખરી વાત છે, પણ તેણે બાલઝબુલની સાધના કરી છે; તે તેની સાથે જોડાએલો છે, માટે ભૂતોના સરદારની મદદથી ભૂતોને કાઢે છે. આ આરોપ મેલવામાં તેઓની સંપૂર્ણ ઈર્ષા દેખાઇ આવે છે, કારણ કે મુસાના નિયમ પ્રમાણે અન્ય દેવની ભક્તિ કરનાર મરણદંડને પાત્ર ઠરાવેલો હતો, માટે આથી ઈસુના ચમત્કાર તે દોષરૂપ ને ઇસુ પોતે દેહાંતદંડ યોગ્ય પાપ કરનાર છે એવું તેના પર તરકટ રચ્યું.

આવો જુઠાઇ ભરેલો દોષારોપ મુકવામાં તેઓનો દ્વેષભાવ કેવો હતો તે સ્પષ્ટ જણાય છે. આટલા દિવસ તેઓએ તેના પર બે તહોમત મુકયાં હતાં, એટલે કે, ઇસુ સાબ્બાથવાર પાળતો નથી, તેમજ તે પોતાને દેવનો પુત્ર કહેવડાવી દેવની નિંદા કરે છે; પણ હવે તેથી આગળ વધી આ આરોપ મુકયો કે તે ભૂતો સાથે સંબંધ રાખી શેતાનની ઉપાસના કરે છે, ને તેની મદદ લઇ ચમત્કારો કરે છે. માત્ર ઉપર બતાવેલા ચમત્કાર બાબત આ દોષ મુકયો હતો એમ નહિ, પણ તેના બધા ચમત્કારો તથા તેનાં બધાં ભાષણો તથા આચરણો ઉપર આવો બટ્ટો મુકયો. ઈસુમાં જે દૈવી શક્તિ ને પરાક્રમ હતાં તેને તેઓ શેતાની માયા ઠરાવવા ઉભા થયા. તેનામાં જે ઇશ્વિરી આત્મા હતો તેને ભૂતોનો આત્મા ઠરાવી બેઠા! કેટલીએક વાર તેઓએ કહ્યું કે, એને ભૂત વળગેલું છે (યોહા. ૮; ૪૮).

પ્રભુ ઈસુએ આ દોષારોપ દૂર કરવા સારૂ ઘણું તીવ્ર ભાષણ આપી તેઓની વાતનું ખંડન કીધું હતું. તેના સંબંધમાં પ્રભુએ એવો ઉત્તર આપ્યો કે, "પ્રત્યેક રાજ્ય જેમાં ફૂટ પડે તે ટકી શકનાર નથી." મારૂં કામ શેતાની રાજ્યનો નાશ કરવાનું છે તો તેમાં મદદ કરવા શેતાન કેમ ભાગ લઈ શકે! શું

તે પોતાના કામનો નાશ કરનારને સહાયતા આપે? જ્યારે કોઈ બળવાન માણસનું ઘર લૂટવું હોય ત્યારે તેના કરતાં અધિક બળવાન માણસ આવે છે, ને તેના ઘરમાં પેસે છે. પછી તે ઘરધણીને બાંધી લે છે ને ત્યાર બાદ તે તેનો સામાન લૂટે છે. એ પ્રમાણે જો હું શેતાન કરતાં અધિક બળવાન ન હોત, તો મારાથી તેના ઘરમાં પેસાત નહિ ને તેને કાઢી શકાત નહિ. એ પ્રમાણે કહ્યા પછી પ્રભુએ તેઓને એક વિશેષ મહત્વની વાત કહી તેઓને દોષિત ઠરાવ્યા. તેમાં તેણે એવું જણાવ્યું કે, તમે મારાં કાર્યોના હેતુનો વિપરીત અર્થ કરો છો ને તેને શેતાની કૃતિ ઠરાવો છો, માટે યાદ રાખો કે તેમ કરવામાં દેવનું મહા મોટું અપમાન થાય છે, ને જે ઈશ્વરી આત્મા પોતાની અદ્ભુત શક્તિ વડે તે કાર્યો કરે છે તેની નિંદા થાય છે. તે અપરાધ માફ ન થાય એવું અઘોર કૃત્ય છે, કારણ કે માણસોના તારણનું જે કાર્ય છે તેને ભૂતોનું કૃત્ય કરાવનાર તારણ સંબંધી અજ્ઞાન છે; એટલે તારણ શું એ વાત તે જાણતો નથી ને તેનું મુલ્ય શું તેની તેને સમજણ નથી. એથી એવા માણસને પરમેશ્વર માફી આપતો નથી એમાં કાંઇ નવાઇ નથી, કેમકે તેવો માણસ પોતે ક્ષમાનું દ્વાર બંધ કરે છે. એ પ્રમાણે પ્રભુએ તેઓને ચોકખેચોકખી રીતે કહી દીધું કે, "સર્વ પાપ તથા દુર્ભાષણની માણસને ક્ષમા મળશે, પણ જે પવિત્ર આત્માને ઉલટું દુર્ભાષણ કરે છે તેની તેને ક્ષમા થનાર નથી."

હવે એ પ્રમાણે સંભાષણ ચાલે છે તે દરમિયાન તેની મા તથા તેના ભાઇઓ ત્યાં આવી પહોંચ્યાં હતાં; કારણ કે ઈસુએ ત્યાં જે ચમત્કાર કીધો હતો તેની બાતમી તેઓએ સાંભળી હતી, તેમજ ફરોશીઓની સાથે જે તકરાર ચાલતી હતી તે વાત પણ સાંભળી હતી. તેઓ જાણતાં હતાં કે, યરૂશાલેમથી આવેલા શાસ્ત્રીઓ સાધારણ માણસો નહિ પણ અધિકાર પામેલી સભાના કારભારીઓ છે. એવા મોટા માણસો સાથે બાથ ભીડવી એમાં જીવનું જોખમ વહોરવાનું કામ છે, તેથી આ વખતે તેઓ ત્યાં આવીને એને તેડી જવાનો વિચાર રાખતાં હતાં. આ વખત ઈસુ તે શાસ્ત્રીઓની સાથે જે વાર્તાચિત કરતો હતો તેમાં તે બેધડક ને નિડરપણાથી બોલતો હતો, તેથી તેનાં સગાંવહાલાં તથા ઓળખીતાંઓ ઘણાંજ ગભરાતાં હતાં. તેઓ ઈસુના અધિકારથી પુરાં અજાણ હતાં. તેઓનો એવો વિચાર હતો કે, આપણે ઈસુને ત્યાંથી તેડી જઇને તેને કોઈ અજાણ જગ્યામાં રાખવો; નહિ તો આવા મોટા ધર્માધિકારીઓ એને શું નહિ ને શુંએ કરી નાખશે, માટે તેઓએ તેને ખબર મોકલાવી. આ વખત ઈસુની આસપાસ એટલી ભીડ હતી કે તેનાં સંબંધીઓ અંદર જઈ શકયાં નહિ; તેથી કોઈ બીજા સાથે કહેવડાવી મોકલ્યું. તે વાત એક બીજાની મારફતે ત્યાં આવી ત્યારે કોઈ પાસે ઉભેલાએ તેને કહ્યું કે, "જો, તારી મા તથા તારા ભાઇઓ બહાર ઉભાં છે ને તેઓ તારી સાથે વાત કરવા ચાહે છે."

પ્રભુ ઇસુના સહોદર સ્નેહીઓએ આગળ આવી ગએલાં કાર્યોમાં એક વખત હાથ નાખ્યો હતો, ને આ બીજી વાર ફરી તેના કામમાં હાથ નાખવાનું ધારેલું છે; તેથી તેઓ ઉપર પ્રમાણે ખબર મોકલાવી તેની રાહ જોતાં ઉભાં રહ્યાં છે. આ સમયે પ્રભુ ઇસુ પોતાના કાર્યમાં પુરી રીતે મચી રહેલો હતો, તે દરમિયાન ઉપર બતાવેલો સંદેશો આવ્યો કે, "જો, તારી મા તથા તારા ભાઇઓ આવ્યા છે." એ સાંભળીને પ્રભુ ઇસુએ પોતાની આસપાસ, શિષ્યો તરફ જોયું, ને તેઓને સંબોધીને કહ્યું કે, "જુઓ, મારી મા, ને મારા ભાઇઓ. કેમકે મારા આકાશમાંના બાપની ઇચ્છા પ્રમાણે જે કોઈ કરે છે, તેજ મારો ભાઇ તથા બેન તથા મા છે" (માત્થી ૧૨ ; ૪૯, ૫૦).

અધ્યાય ૧૩ મો.

દૃષ્ટાંતરૂપ બોધવચન. વાવનાર નિંદણ તથા પીલુના બી વિષે દૃષ્ટાંતો. વળી ખમીર મોતી અને સંતાડેલા ધનના દાખલા. જુદી જુદી રીતિવાળા માણસો ઇસુના શિષ્ય થવા આવે છે. વાદળ ને તોફાન શાંત કર્યાં. ગાડરેનોના દેશમાં ભૂત વળગેલાને સાજો કીધો.

પૂર્વના અધ્યાયમાં બતાવેલી હકીકત બની ગઈ ત્યાર બાદ પ્રભુ ઇસુનાં કાર્ય સંબંધી સુવાર્તિક માત્થી એવી નોંધ લે છે કે, "તેજ દહાડે ઇસુ ઘરમાંથી નિકળીને સમુદ્રને કિનારે બેઠો અને અતિ ઘણા લોક તેની પાસે એકઠા થયા, માટે તે હોડી પર ચઢી બેઠો ને સઘળા લોક કિનારે ઉભા રહ્યા" (માત્થી ૧૩; ૧, ૨). આ પ્રસંગે તેણે જે ઉપદેશ કીધો તેની પદ્ધતિ પહેલાંના કરતાં છેક નિરાળી હતી. તેનું બોધભાષણ સાંભળવા સારૂ હમેશાં ઘણા લોકો મળતા હતા, તોપણ તેના પર લક્ષ આપી સાંભળે ને તે પર વિચાર કરે એવા થોડાજ હતા, તેથી એમ કહેવાય કે તેના ઉપદેશ પ્રમાણે ચાલનારાની સંખ્યા તે છેક થોડી હતી. એવા મિશ્રિત કે સેળભેળ થએલા સમુદાયને કાને જે જે વચનો પડે તેમાંનાં ઘણાં ખરાં નિષ્ફળ થાય છે. એ માટે હાલમાં પ્રભુએ એવી રીતની યોજના કીધી કે તેથી તેના શ્રોતાજનોના મનમાં વિચાર કરવાનું ઉત્પન્ન થાય. જ્યારે તેઓ તેના ભાષણનો અર્થ ન સમજે ત્યારે તેનો વિચાર કરે, અને જો એમ કરતાં તે સમજાય તો તે વિસરનારા થાય નહિ. એ માટે તેણે આ વખત તેઓને દૃષ્ટાંતરૂપ ઉપદેશ કીધો. માત્થી કહે છે કે, "તે દૃષ્ટાંત આપીને ઘણી વાતો કહેવા લાગ્યો."

આ દાખલાનો વિષય તે મસીહના રાજ્યને પ્રસંગોપાત અનુસરતો હતો, કારણ કે તે દિવસે તેના વિરોધીઓએ તેના પર એવો આરોપ મુકયો હતો કે, "આ ઇસુ શેતાનના સામર્થ્યે કરીને ચમત્કાર કરે છે," એટલે કે તેનું રાજ્ય તે શેતાની રાજ્ય છે, અને એ તેનો ભાગીદાર છે. આ અતિ નિંદાયુક્ત દોષારોપનું નિવારણ પ્રભુએ ત્યાંજ કીધું હતું. પરંતુ અહીં જે મોટો સમુદાય આવી મળેલો હતો તેઓને એ વિષે વધારે જ્ઞાન પમાડીને સમજાવવા તથા તેને વધારે પ્રકાશિત કરવાના હતા કે તેઓ મસીહના રાજ્ય બાબત ખરી સમજણ પામે એવી અગત્ય હતી, માટે તેણે જે જે દાખલા યોજ્યા તેમાં ખ્રીસ્તી રાજ્યનાં ગુણલક્ષણો સમાએલાં છે. આ દૃષ્ટાંતમાળામાં જે પ્રથમ દાખલો આપ્યો તે વાવનારનો છે. એમાં બતાવે છે કે ઇશ્વરીવચન તે આકાશી રાજ્યના પાયારૂપ છે, અને તે પાયો માણસોના અંતઃકરણમાં નાખવાનો છે. એ પ્રમાણે પ્રથમથી કહ્યું ને પછી તેની સારાનરતા પરિણામની વાત બતાવેલી છે. તેમાં તે એવું શિખવે છે કે વચનનું સારૂં કે નઠારૂં પરિણામ તે સાંભળનારના અંતઃકરણ પર આધાર રાખી રહે છે. સારા અંતઃકરણવાળાનો સ્વભાવ સારો હોય છે ને તેમાં પ્રભુનું વચન ફળવાન થાય છે, પણ નબળા અંતઃકરણવાળાનો સ્વભાવ નબળો હોય છે તેથી તેમાં પડેલું વચન નિષ્ફળ જાય છે; એટલે કે જો સાંભળનારાનું મન પાપે કરીને પત્થરના જેવું કઠણ થયું હોય તો તેમાં રોપાએલું વચનરૂપી બી ઉગીને લાગલું કરમાઇ જાય છે. જ્યારે મનની સ્થિતિ પરમાર્થિક વિષયો વિષે ઉદાસ જેવી હોય ત્યારે તેમાં પડેલું વચનરૂપી બીજ રસ્તા પરની જમીન પેઠે નિષ્ફળ કે નકામું જાય છે. જેના મનમાં જગિક પ્રપંચની ચિંતા ને વિષયવાસનાની ફિકર ભરેલી હોય તેના મનમાં પ્રભુનું વચન તેઓથી દબાઈ જાય છે ને તેથી તે ફળવાન થવા પામતું નથી. આ દાખલા ઉપરથી એવું સમજાય છે કે ખ્રીસ્તના રાજ્યમાં પ્રવેશ પામનારા માણસો સારાં અંતઃકરણવાળા હોય તોજ તે ફળવાન થશે. તે રાજ્ય આત્મિક છે, ને તે માણસોના હૃદયમાં આવે છે. તેની વૃદ્ધિ થવા સારૂ જગતનો અધિકાર કે માનવી રાજ્યવૈભવ કામમાં આવે તેમ નથી, પણ અંતઃકરણોમાં રોપાએલું ઇશ્વરી વચન તેજ તેની વૃદ્ધિનું કારણ થાય છે, કેમકે તે વચનથી માનવ-સ્વભાવ તથા વર્તનમાં વૈરાગદશા ઉપજાવાય છે ને તેણે કરી માણસનું મન ફળવાન થાય છે.

ત્યાર બાદ પ્રભુએ બીજો દાખલો આપ્યો તે આ દાખલાની સાથે નિકટનો સંબંધ રાખે છે (જુઓ માત્થી ૧૩; ૨૪–૩૦). તે એવો છે કે કોઇ જમીન-દારના ચાકરો નિદ્રાવશ થઈ ઉંઘતા હતા, એવામાં તેનો શત્રુ આવીને ઘઉંના ખેતરમાં કડવાં બીજ નાખી ગયો. તે પ્રમાણે જ્યારે દેવના સેવકો નિદ્રાવશ હોય છે ત્યારે શેતાન આવે છે ને મંડળીમાં દુષ્ટ માણસો દાખલ કરે છે. તેમજ

અંતઃકરણમાં જે ઈશ્વરી રાજ્યની સ્થાપના થએલી હોય તેના ઉપર દુષ્ટ સંસ્કાર પાડવા જેવું કરી જાય છે. વળી એ નિંદણ એવું છે કે તે તત્કાળ કાઢી શકાતું નથી, કારણ કે ખરા ઘઉં તથા નિંદણની ચોકસ પરીક્ષા કરવી તે માનવબુદ્ધિને મુશ્કેલ જેવું કામ છે, માટે એ સેળભેળ મિશ્રણ કાપણીના સમય સુધી એટલે ન્યાયના દિવસ સુધી સાથે ને સાથે રહેનાર છે; એવોજ અર્થ સમુદ્રમાં નાખેલી જાળના દૃષ્ટાંતમાં સમાએલો છે (માત્થી ૧૩; ૪૭–૫૨). મંડળીની જાળમાં આવેલા સદ્‌ભકતો તે ન્યાયકાળે સ્વર્ગમાં એટલે ઈશ્વરના વાસણમાં લેવાશે, અને જે દુષ્ટ તથા અભકતો તે નરકરૂપ સમુદ્રમાં ફેંકી દેવાશે. આ દૃષ્ટાંતમાળામાં પ્રભુએ પીલુના બીનો દાખલો આપેલો છે. તેનો સંબંધ ઉપરના દાખલાઓ સાથે જોડાએલો છે, તેમ છતાં તેનો અર્થ જુદો થાય છે, તે એવો કે, હાલ સાંપ્રતકાળમાં દેવની મંડળી નાની ને નબળી સરખી છે. તેમાં સારાનરસા ભેળસેળ છે, તોપણ દિવસોદિવસ તે બળવાન ને મોટી થતી જશે. તેનો આરંભ પીલુના બી પ્રમાણે નાનો છે, પણ આગળ જતાં તે મોટા ઝાડ પેઠે ફેલાવ પામશે. જ્યારે એ નાના સરખા બીજમાંથી મોટું ઝાડ થાય છે, ત્યારે તેની ડાળીઓ પર આકાશનાં પક્ષીઓ માળા બાંધી આરામસ્થાન બનાવે છે. એ પ્રમાણે મારૂં રાજ્ય વૃદ્ધિ પામી ફેલાવ પામશે ને મારા લોકોનું આરામસ્થાન થશે.

પ્રભુએ ત્યાર પછી જે દાખલો આપ્યો તે ખમીર વિષેનો હતો. તેમાં તેણે કહ્યું કે, કોઈ એક બાઈએ એક માપ (ઘઉંના) લોટની કણક બનાવીને તેમાં ખમીર નાખીને મસળી તેથી ફુલીને મોટો પીંડો થયો, ને બધામાં ખમીર પસરી ગયું. એમાં એવો અર્થ સમાએલો છે કે જો કોઈ એકાદ સારા અંતઃકરણવાળા માણસના મનમાં સદ્ધર્મને જગ્યા મળે તો તે તેમાં વ્યાપક થઈ પસરી જશે. તેની વ્યાપકશક્તિને કોઈ પણ પ્રતિરોધ કરી શકે તેમ નથી. જો એક વાર ખમીરને લોટમાં પેસવાનો પ્રસંગ મળે તો ત્યાર બાદ તેના પસરવા બાબત બહારના દેખીતા દબાણ કે જોરની કંઈ જરૂર રહેતી નથી, એજ પ્રમાણે જો એક વાર સત્યનો પ્રવેશ થયો તો તે આપોઆપ ચાલતો થશે ને તેનામાં જોરજુલમ કે સખ્તાઇ કરવાનું પ્રયોજન જણાશે નહિ. એટલે કે તે આપોઆપ બળવાન થઇ તેનું મન ભિંજાવી નાખી નરમ બનાવશે ને તેના ઉપર જય પામશે.

એ પ્રમાણે આ જે મૂલ્યવાન સત્ય છે તેને પ્રભુએ બે ઉપમાઓ આપી દાખલા કહ્યા, તેમાં એક ખેતરનો ધનભંડાર તથા બીજો મૂલ્યવાન મોતી વિષે છે. એ બન્નેમાં એક અર્થ છે. પણ સત્યપ્રાપ્તિના જુદા જુદા બે પ્રકાર બતાવેલા છે, જેમકે કેટલાએકને પ્રયત્ન કર્યાં વગર અનાયાસે ખેતરના ભંડારની પેઠે સત્યપ્રાપ્તિ થાય છે; ને તેમજ કેટલાએક સત્યાર્થી મનુષ્ય ઘણી શોધખોળ કરી તે લાભ મેળવે છે. તોપણ તે બન્ને પ્રકારના લોકો સત્યમાં આનંદ અને

ઉત્સાહ પામે છે. એ એવો ને એટલો કે તે પામવાને સારૂ ઐહિક જીવનની કોઇ પણ ચીજનો ત્યાગ કરવા તેઓ આગળ પાછળ જોતા નથી.

એ પ્રમાણે દૃષ્ટાંતરૂપ ઉપદેશ સમાપ્ત કીધો ને તેનો ખરો અર્થ ખોલી ખાળીને પોતાના શિષ્યોને સમજાવ્યા, ત્યાર પછી તે પોતાના શિષ્યવૃંદની સાથે હોડીમાં બેસી ગાડરેનાના દેશમાં ગયો.

મારા વહાલા મિત્રો, ઘણો વખત વાંચવાથી તમને થાક લાગ્યો હશે, માટે જરા આરામ લઈ વિચાર કરો. ઈસુ ગુરૂ જ્યાં ને ત્યાં પોતાના શિષ્યોને સાથે ફેરવે એનું કારણ શું હશે? એ સવાલનો જવાબ આપતાં કેટલાએક જ્ઞાની પુરૂષો પોતાનો અભિપ્રાય જણાવી ગયા છે. તેઓ કહે છે કે, તે એવો શિક્ષક હતો કે માત્ર મુખપાઠ આપી બેસી રહે નહિ. અવલોકન તથા નિરીક્ષણ કરાવી શિક્ષણ સાબિત કરાવતો હતો, વળી પ્રસંગોપાત કેમ વર્તવું તેનો નમુનો આપનાર ને એમ કહેણીરહેણી કરી બતાવનાર હતો. તે જાતે એકનિષ્ઠાથી ઈશ્વરી સેવા બજાવતો ને મુસાફરીનો શ્રમ વિસારી લોકહિતનાં કાર્ય કરતો હતો. તેની ઈચ્છા એવી હતી કે મારા શિષ્યો મારી પેઠે સ્વાર્પણ કરનારા થાય, માટે તેણે એવી પદ્ધતિ રાખી હતી; એમજ એના શિષ્યો સદ્ગુરૂના ઉત્તમ કિત્તા પ્રમાણે પ્રભુભક્તિ કરવામાં બળવાન થયા. સંપૂર્ણ ને સામર્થ્યવાન સદ્ગુરૂનું સદ્વર્તન જોવાથી તેઓ પોતાનું અબળપણું તથા અજ્ઞાન જાણતા હતા, માટે તેઓ પ્રભુની શક્તિ પર આધાર ને અવલંબન રાખી સ્વતંત્રપણે ધીરજથી કામ કરવાનું શિક્ષણ પામ્યા હતા.

આજ દિવસે પ્રભુએ જે જે કામો કીધાં તે શરીરને થકવી નાખે એવાં હતાં, માટે આપણે જાણવું કે આજે તે ઘણોજ શ્રમિત છે. તમે જોયું છે કે પ્રાતઃકાલે પેલા યાજકો તથા શાસ્ત્રીઓની સાથે શબ્દવાદની ખરેખરી ઝપાઝપી થઈ હતી. તેમાં તેની લાગણી દુઃખાય એવાં નિંદાયુક્ત વાકયબાણો લાગેલાં છે, અને કેવળ એટલેથીજ તેઓ સંતોષ પામ્યા નહિ, પણ તેઓએ કુભાંડ તરકટ રચી ગપગોળા છાંટયો કે, 'ઈસુ ઘેલો થઇ ગયો છે, ને તેને ભૂત વળગ્યું છે,' એવી રીતે કુચેષ્ટા કરી તેનાં કુટુંબીઓને ઉશ્કેરી મેલ્યાં. એથી તેઓ પેલા ધૂર્ત્ત લોકોનું કહેવું ખરૂં માની ઈસુ ઉપર જોરજુલમ ગુજારી તેને ઘેર લઇ જવામાં મહેનત કરવા લાગ્યાં હતાં. એ બધાં કારણોથી એવું બન્યું કે, આખા ગામમાં એ વાતની ચર્ચા ચાલી રહી હતી, માટે ત્યાં તેના કામને મોટો ધક્કો લાગ્યો ને અટકાવ થયો હતો, માટે હવે તેણે બીજે સ્થાને જવાનો નિશ્ચય કીધો.

પ્રિય વાંચનાર, મને લાગે છે કે હવે તમારો થાક ઉતરી ગયો હશે, માટે આગળ ચાલો. ઈસુ ગુરૂ આજ બીજે ગામ જનાર છે, માટે આપણે તેની

સાથે જઇએ કે ત્યાં તેનાં ઉત્તમ કાર્યો નિહાળી બોધ પામીએ. જુઓ એટલામાં તે ઘરમાંથી નિકળી મેજવામાં બેસવા આ તરફ આવે છે; પણ મને લાગે છે કે અહીં ભીડ કરી ઉભેલા લોકો તેને રોકશે. અરે! એ શંકા તો ખરી છે! જુઓ, આ બધા કેવી ઝડપથી તેની આસપાસ ફરી વળ્યા છે. શું તેઓ તેને અટકાવવાના છે? હા, જરૂર એમજ છે. પણ જુઓ, પેલો શાસ્ત્રી તેની પાસે જાય છે ને તેની સાથે વાત કરે છે. તે શું બોલે છે તે તમે સાંભળ્યું? જુઓ, તે કહે છે કે, "પ્રભુ, તું જ્યાં જ્યાં જશે ત્યાં હું તારી સાથે આવીશ." હા, એ તો ઈસુનો શિષ્ય થવા ચાહે છે. તેણે આગળ ગએલા દિવસોમાં ઈસુનો બોધ સાંભળેલો છે, તેથી તેના મન ઉપર સારી અસર થઈ હશે. હવે આપણે જોઇએ કે ઈસુ તેને શું કહે છે. આવો વિદ્વાન ને માનવંતો માણસ ચેલો થવાની માગણી કરે, ત્યારે કયો ગુરૂ ના પાડે? પણ આ ગુરૂનું કહેવું શું છે તે હવે આપણે જોઇએ. તે તો માણસોની વાત સાંભળે છે એટલુંજ નહિ, પણ માણસોની ઇચ્છા જાણે છે, ને તેના અંતરની ભાવના પ્રમાણે તે કબૂલ યા નાકબૂલ કરે છે. મોટા ને માનવંતા માણસોને ચેલા બનાવી તે પોતાના રાજ્યની વૃદ્ધિ કરવા માગતો નથી, પણ ખરા તથા નમ્ર મનવાળાઓને તે પોતાના કામમાં લે છે; માટે આપણે જોઇશું કે આનું શું થાય છે. મિત્રો, સાંભળો, ઈસુ તેને કાંઇ જવાબ આપે છે. તેણે તેને કહ્યું કે, "લોંકડાંને કોતર છે ને આકાશનાં પક્ષીઓને માળા હોય છે, પણ માણસના પુત્રને પૃથ્વી પર માથું મુકવાનું સ્થાન નથી." આ જવાબમાં પ્રભુ તેને પોતાની ઐહિક તથા બાહ્ય સ્થિતિ જણાવે છે. વળી તેમાં તેની કસોટી પણ કરે છે. જો તે સ્વસુખનો ત્યાગ કરી ખરો શિષ્ય થનાર હશે તો તેની પાછળ આવશે, પણ લાલચુ ને લોભી હશે તો પલાયન કરી જશે. અરે! તે તો જતો રહે છે. હા, તે જતો રહ્યો; તેથી એમ જાણવું કે તે જગિક સુખની લાલચથી ઈસુની પાસે આવતો હતો, પણ તે નહિ જોયાં માટે પાછો ગયો.

હવે જુઓ, આ એક બીજો માણસ છે તેને સ્વામીજી બોલાવે છે. તેણે કેટલાએક સમયથી શિષ્યપણું સ્વીકારેલું છે. વખતોવખત તે બોધભાષણ સાંભળે છે, ને ગુરૂજીની મુલાકાત લે છે. હવે જોઇએ કે હાલ તે શું કરે છે. ઈસુ ગુરૂએ તેને આજ્ઞા આપી છે કે તું મારી પાછળ આવ, પણ તે જવાબ આપતાં અચકાય છે. તેનો જવાબ સાંભળવાની ઘણી ઉત્કંઠા રાખી રહ્યા છતાં તે વાર કરે છે એ ઠીક નથી. મિત્રો, સાંભળો, તે શું કહે છે તે તમે સાંભળ્યું? જુઓ, તે કહે છે કે, "પ્રભુ, હું પહેલાં મારા બાપને દાટી આવું પછી તારી સાથે આવીશ." પ્રભુ તેને કહે છે કે, "મરેલાંને મરેલાં દાટશે, પણ તું મારી પાછળ આવ ને રાજ્યની સુવાર્તા પ્રગટ કર." શું મરેલાં તે મરેલાંને દાટે? એમાં મર્મની વાત છે. અપરાધોમાં તથા પાપોમાં મરેલા વિષે

તેનું બોલવું છે (એફે. ૨; ૧). એથી કોઈને એવો સવાલ કરવાનું મન થાય કે ઈસુ તેને પિતૃધર્મ પાળવાની મના કરે છે, તો તેના જવાબમાં એમ કહેવું કે, ના, કેમકે પ્રભુ ઈસુ પોતે પિતૃધર્મ પાળતો હતો. જ્યારે તેના પર મહાભારત સંકટ આવી પડયું ત્યારે તેણે એ વાતનો દાખલો કે પ્રમાણ આપ્યું છે (યોહા. ૧૯; ૨૬). પણ તેની શિખામણ એવી છે કે પિતૃભક્તિના ધર્મ કરતાં ઈશ્વરભક્તિનો હક મોટો છે, માટે પ્રથમ તેને માનવું એવું તેણે તેને શિખવ્યું હતું. કદાચ આ તરૂણ પુરૂષનો બાપ મરેલો નહિ હશે પણ એ તેના મરણની વાટ જોતો હશે. જેમ આ દેશમાં કેટલાએક એવા છે તેવો એ હશે. યહુદી રાબી લોકોએ પોતાના શિષ્યોને સારૂ એક નિયમ ઠરાવેલો છે તે એવો કે, જો કોઇ નિયમશાસ્ત્રનો પાઠક થવા ઈચ્છે તો તેણે માબાપની દફનક્રિયાનું કામ બીજાને સોંપવું ને તેણે પોતાના અભ્યાસમાં લાગુ રહેવું. કદાચ આ શિષ્ય એ વાત જાણતો હશે ને જો માત્ર માનવી ગુરૂ એવી સત્તાનો હુકમ કરવા શક્તિમાન હોય તો આ આકાશી ગુરૂ કેમ ન હોય? જે કોઇ આ નવા આકાશી રાજ્યનો શિષ્ય કે સેવક થવા ચાહે તેણે સંસારનાં બધાં બંધનોથી મુક્ત થવું ને પૂરા મનથી દેવની સેવા કરવી.

હવે જુઓ, વળી આ એક બીજો માણસ છે; તે પણ પ્રભુની પાસે આવી તેનો શિષ્ય થવા ચાહે છે, પણ તે કાંઇ બીજા કામને સારૂ વખતની માગણી કરે છે. "પ્રભુ, હું તારી સાથે આવીશ, પણ પહેલાં મને રજા આપ એટલે હું મારા ઘરનાં માણસોનો બંદોબસ્ત કરી આવું." એના જવાબમાં પ્રભુ તેને પણ લાયક શિખામણ આપી કહે છે કે, "જો કોઈ માણસ હળ ઉપર હાથ મેલી પછવાડે જુએ તો તે દેવના રાજ્યને માટે લાયક નથી." દેવની સેવા કરવામાં સંપૂર્ણ ભાવ રાખવો ઘટારથ છે તેમ કરતાં સંસારિક વાતોમાં ગુંથાવું નહિ, કારણ કે પરમાર્થિક કામ આરંભનારા પ્રપંચી વાંનાં શોધે તો તેઓ લાભ પામતા નથી પણ ઊલટા વિધ્નોમાં આવી પડે એવી બીક છે.

એ પ્રમાણે રસ્તામાં મળેલી ભીડમાં થઈ પ્રભુ ઈસુ આગળ ચાલ્યો ને સમુદ્રકિનારા પર આવી પહોંચ્યો ત્યાં જે મચ્છવો તૈયાર છે તેમાં બેહો ને શિષ્યોને આજ્ઞા આપી કે તીબેરિયસ સમુદ્રને સામે કાંઠે જવા સારૂ મચ્છવો ચાલતો કરો (લુક ૮; ૨૨).

મિત્રો, આ તીબેરિયસના સમુદ્રનું કેટલુંએક વર્ણન આપણે આગળ વાંચી ગયાં છીએ (જુઓ ખંડ ૧ લો, અ. ૮ મો). તેનું પાણી નિર્મળ કાચના જેવું સ્ફાટીકની પેઠે ચોકખું છે. પરંતુ તેની આસપાસ જે પહાડ ને ટેકરા આવેલા છે તેને લીધે અનિયમિત વખતે તેમાં પવનનું તોફાન થાય છે. તેના ઈશાન ખૂણાથી અણધારેલાં વાદળાં ચઢી આવે છે ને ઉત્તરપૂર્વ દિશાના વેગમાં આમ-

તેમ તણાય છે: જ્યારે તે દિશાના પહાડોની ટોચ પરનો પવન વેગમાં હોય છે ત્યારે ઉતરતે ઢાળે ઝપાટાબંધ વહન કરી તે પ્રચંડ વાદળોને ઘસડી લાવે છે તેમજ સમુદ્રનાં પાણી વલોવી નાખે છે, કારણ કે ભૂમધ્ય સમુદ્રની સપાટીથી લગભગ ૬૦૦ ફીટ નીચાણમાં આ સરોવર આવે છે, તેથી તેના ઉપરનો પવન એકાએક ગરમ થઇ ઉંચો ચઢે છે ત્યારે તેની ખાલી જગ્યામાં ઉપર બતાવેલા પહાડના મથાળા પરનો ઠંડો પવન ધસારાબંધ વેગથી ફુંકાવા લાગે છે, માટે ત્યાં અવારનવાર વાદળાં ચઢી આવે છે ને મોટા વિક્રાળ મોજાથી પાણી વલોવાય છે.

હવે આજે આપણે જોવાનું છે કે એવા તોફાની સમુદ્ર પર પ્રભુ ઇસુ હોડીમાં બેસી મુસાફરી કરવા નિકળેલ છે. આખો દિવસ તેણે શ્રમ વેઠી કામમાં ગાળ્યો હતો, તેથી ઠંડી વેળાએ તેણે આરામ લેવાનું શરૂ કીધું. વહાણના પાછલા ભાગે સુકાન આગળ કઠણ ગાદીનો તૂકીઓ બનાવી ઓસીકાની ગરજ પૂરી પાડી નિરાંતે નિદ્રા લેવાનું શરૂ કીધું અને થોડી વારમાં તે સડસડાટ ઉંઘી ગયો. તે ભરઉંઘમાં વિસામો લેતો હતો ત્યારે દરિયા પર એકાએક તોફાનરૂપે વાદળાં ચઢવા લાગ્યાં; તે જોતજોતામાં ચોતરફ છવાઈ ગયાં, વરસાદનાં ઝાપટાં પડવા મંડ્યાં, આમતેમ વેગથી ફુંકાતો પવન અનિયમિત રીતે મહાવિક્રાળ ને પ્રચંડ મોજાઓ ચઢાવવા લાગ્યો. આ સમયે પ્રભુ ઈસુ નિશ્ચિતપણે આરામમાં નિદ્રા લેતો હતો. તેની નિદ્રાને ઉપર બતાવેલું તોફાન ખલેલ પહોંચાડવા શક્તિમાન થયું નથી. તેના શિષ્યોમાં હોશીઆર અને અનુભવી નાવિકો પોતાથી બનતી મહેનતે મચ્છવો સ્થિર રાખવાને કોશિશ કરી રહ્યા હતા, પણ લાચાર! આગળ જતાં તેઓનું જોર ચાલ્યું નહિ. ઉપરાચાપરી મોજાઓના ઉચ્છાળાથી મચ્છવામાં પાણી ભરાઈ ગયાં. હવે તેઓ શું કરે! તેઓની પાસે કાંઈ ઉપાય નથી! આવા વખતમાં સ્વામીજી આરામ લે છે, તેને જગાડવા એવી હિમ્મત કોણ કરે? બધા ગભરાટમાં પડી ગયા, કોઇને કંઈ સૂઝે નહિ. આખર આવા પ્રાણાંત સંકટની વેળા તેઓ છાતી રાખી ગુરૂજી પાસે ગયા, અને પોકાર કીધો કે, "ઓ પ્રભુ, અમને બચાવ, કેમકે અમે નાશ પામીએ છીએ." એ પ્રમાણે શિષ્યોના પોકારથી પ્રભુની નિદ્રાનો ભંગ થયો, પણ તેથી તેની શાંતિનો ભંગ થયો નહિ. તે સ્વસ્થપણે જાગૃત થયો ને કંઈ ગભરાટ સિવાય બધો બનાવ જોવા લાગ્યો. પછી જેમ કોઇ સજીવ પ્રાણીને ધમકી આપી હુકમ કરતો હોય તેમ તેણે પવન તથા પ્રાણીને ધમકાવી હુકમ કીધો કે, "શાંત થાઓ." જ્યારે પ્રભુના મુખમાંથી એ શબ્દ બહાર પડયો ત્યારે સર્વ શાંત થયું. વરસાદનાં ઝાપટાં, પવનના ઝપાટા, મોજાઓની છોળો બંધ પડ્યાં ને વાદળાં ઘેરાઇ ગયાં. વાંચનાર મિત્ર, આ પ્રમાણે તમારી દૃષ્ટિ સમીપ કદી થયું, જો થાય તો તમને કેવું લાગે? ખરેખર તમારા અચંબાનો પાર રહેવાનો નથી, તેમજ આ કાર્યથી શિષ્યોની અચરતીનો પાર રહ્યો નહિ. તેઓએ સદ્‌ગુરૂના ઘણા ચમત્કારો જોયા

હતા. તેણે માંદાઓને સાજા કીધા, ભૂત વળગેલાઓને વળગાડથી મુક્ત કીધા ને મરેલાઓને સજીવન કીધા હતા. એ બધામાં તેનો પરાક્રમી ગુણ દેખાયો હતો, પણ આ બનાવથી તેનો મહા અદ્‌ભુત પરાક્રમી ગુણ પ્રગટ થયો, તેથી તેઓ વિસ્મિત થઇ કહેવા લાગ્યા કે, "એ શી તરેહનું માણસ છે કે, પવન તથા સમુદ્ર પણ એનું માને છે!" (માત્થી ૮; ૨૭).

ત્યાર પછી તે હોડી ઝપાટાબંધ પવનવેગે ગાડરેનોના પ્રાંતને કિનારે જઈ પહોંચી. અહીં આગળ આપણા મુસાફરો મછવો લંગરવાર કરી ઉતરી પડ્યા. આ ગાડરેનોનું ગામ તે સમુદ્રકિનારાની સપાટીથી ૧,૨૦૦ ફૂટ ઉંચાઈવાળી ટેકરી ઉપર વસેલું હતું. આપણી આ કથાકાળને સમયે ત્યાં ધમધોકાર વેપારધંધો ચાલતો હતો, તેથી વસ્તી પણ ઘણી હોય એમાં સંશય જેવું નથી. ગામની બાંધણી જોતાં ઘણોજ રળીઆમણો દેખાવ દેખાતો હતો. મોટી મોટી ઈમારતો, ચારેબંધ મહેલ, ધાબાં, જરૂખા ને અગાસીઓ જોનારની આંખને સુંદર દેખાવ આપતાં હતાં. તેના રસ્તા પર બન્ને બાજુએ સંગેમરમરની રાંગો બાંધેલી હતી.

શહેરની ભૂતળરચના તરફ જોતાં તે ચુનોખડીના પડવાળી ટેકરી પર વસેલું છે, તેથી ગામ બહાર આસપાસ ઘણી ગુફાઓ દેખાય છે. તેમાંની કેટલીએક ગરીબ લોકોના રહેવાસમાં વપરાય છે, ને બીજી કેટલીએક કબરસ્થાનના કામમાં આવે છે.

જ્યારે પ્રભુ ઇસુ ત્યાં ગયો ત્યારે દરિયાકાંઠેથી ગામમાં જવાના રસ્તા ઉપર એવી એક ગુફા હતી. તેમાં બે ગાંડા માણસો રહેતા હતા. આ માણસો સાધારણ દીવાના હતા એટલુંજ નહિ પણ તેઓને ભૂતોનો વળગાડ હતો, તેથી તેઓ મસ્તાના ને ઉન્મત્ત બનેલા હતા. તેઓના બીહામણા ધાકને લીધે તે રસ્તો ઉજડ પડી ગયો હતો એવી લોકોમાં તેઓની બીક હતી. જ્યારે એ લોકોએ પ્રભુ ઇસુને જોયો ત્યારે તે નરપીસાચો ઘણો ક્રુર બીહામણો ચ્હેરો કરી આકુલવ્યાકુળ થઇ કીકીઆરી તથા બરાડા પાડી તેની સામા દોડતા આવ્યા. તે બેમાંનો એક જણ ઘણોજ વિક્રાળ દેખાતો હતો. તેના અંગ ઉપર કાંઈ વસ્ત્ર કે આચ્છાદન ઓઢેલું નહોતું. તે માણસ ઘણા વખતથી ભૂતવ્યાધિમાં સપડાએલો હતો. ઘણા લોકોએ તેને કબજે રાખવાને બંધનોમાં બાંધેલો તથા બેડીઓમાં નાખેલો હતો પણ બધું વ્યર્થ ગયું હતું. જ્યારે તેને ભૂતનો જુસ્સો ચઢે ત્યારે બંધનો તોડી ગામ બહાર કબરોમાં પેસી જાય એવી તેને આદત પડેલી હતી. તેના સંબંધમાં સુવાર્તિક લુક એવું લખે છે કે, "તેમાં ઘણાં ભૂતો હતાં." તે ભૂતોના મનમાં એવું આવ્યું કે આ દેવપુત્ર ન્યાયકાળના દિવસ પહેલાં અમને દુઃખ દેવા આવ્યો છે, તેથી તેઓએ ઉપર બતાવ્યા પ્રમાણે બરાડા પાડ્યા હતા. પ્રભુ ઇસુએ તેઓને એવો હુકમ આપ્યો હતો કે તમારે તેનામાંથી નિકળી જવું,

એ પરથી ભૂતોએ માગણી કીધી કે અમને ભુંડના ટોળામાં જવા દે. તે પ્રમાણે પ્રભુએ તેમ કરવા દીધું. પછી ભૂતો તે ભુંડોમાં પેઠાં ને ભુંડનું ટોળું કરાડા ઉપરથી પડીને સમુદ્રમાં નાશ પામ્યું (માત્થી ૮; ૩૨).

વિદેહી આત્માઓના અસ્તિત્વ બાબત તથા તેના જુદા જુદા પ્રકાર બાબત, પરકીય શરીરમાં તેના પ્રવેશ બાબત તથા માણસના અંતઃકરણ ઉપર પાડેલા સંસ્કારો બાબત આપણે ચોકસ ખુલાસો પામી શકતા નથી, તેથી આ પ્રકરણમાંની કેટલીએક વાતો સમજણ બહાર રહે તેવી છે; માટે આપણે એમ ન ધારવું કે સુવાર્તામાં માત્ર ગૂઢ વાતોજ સમાએલી છે, કારણ કે આપણી આસપાસ સૃષ્ટિમાં એવી ઘણી વાતો બને છે કે તેનો ખુલાસો સમજાય તેમ નથી, તેમ આ વાતો પણ તેવીજ છે. વળી જો વિચાર કરીશું તો આ કથાના મુખ્ય નાયક પ્રભુ ઈસુનું જીવનચરિત્ર તે એવી અગમ્ય ને ગૂઢ વાતોથી ભરેલું છે કે તેનો ખુલાસો થાય તેમ નથી.

આ ચમત્કારની વાત એકાએક ગામમાં પહોંચી ને પ્રચાર પામી હતી. ભુંડનું ટોળું નાશ પામ્યું એટલે ચરાવનારા ગામમાં નાઠા, તેઓએ બધી બીના જાહેર કરી. જ્યારે ગામ લોકોએ આ ચમકાવનાર નવી વાત સાંભળી ત્યારે બધા તે જોવા સારૂ ગામ બહાર આવ્યા. તેઓની નજરે આ પરદેશી માણસની નિશાની તરીકે ભૂત વળગેલાને શુદ્ધિમાં આવેલો તથા વસ્ત્ર પહેરી ઈસુના પગ પાસે બેઠેલો દીઠો. સુવાર્તિક લુક લખે છે કે તેથી તેઓને "બીક લાગી" (લુક ૮; ૩૫). એ ઉપરથી એક ગ્રંથકર્તા એવું લખે છે કે, "પહેલાં વિકરાળ ભૂતગ્રસ્ત જોઈને તેઓ બીતા હતા, પણ હાલ તેઓ ઇસુની પવિત્રાઈ જોઈને બીવા લાગ્યા હતા." પરંતુ તેઓએ તે બીકનો યોગ્ય ઉપયોગ કીધો નહિ. તેઓ પોતાનો એક દેશબંધુ ભ્રમપાસથી ને ભૂતના વળગાડથી છુટયો તેને લીધે ઈસુનો ઉપકાર માનવો, તેની આગતાસ્વાગતા કરવી, આનંદભેર ગામમાં તેડી જવો ને તેની પરોણાચાકરી કરવી એ ઘટાર્થ હતું, પણ તેઓએ એમાંનું કંઈ કર્યું નહિ, તેથી ઉલટું તેઓની જે ક્ષુદ્રસંપત્તિ નાશ પામતી હતી તેના શોકમાં તેનો પ્રતિરોધ કર્યો. એક માણસના જીવ કરતાં તેમની નજરે બે હજાર ભુંડોના જીવ મૂલ્યવાન લાગ્યા. ઇસુના સમાગમે આ માણસમાંથી ભૂત નિકળ્યાં તેમ બીજા એકાદમાંથી નિકળશે તો અમારાં બાકી રહેલાં ભુંડોનો નાશ થશે એવી બીકથી તેઓએ આ જીવનના પ્રભુને—આત્માના વૈદને—પોતાના પ્રદેશમાંથી નિકળી જાય એવી વિનંતી કરી, તેથી ઇસુ ત્યાંથી નિકળી ગયો.

તેના નિકળવા પહેલાં જે માણસમાંથી ભૂત નિકળ્યાં તેણે એવી વિનંતી કરી કે મને તમારી સાથે આવવાની રજા આપો, પણ પ્રભુએ તેને ઉપદેશ આપ્યો કે તું પોતાને ઘેર જા ને તારા કુટુંબીઓને પ્રભુએ તારે સારૂ કેટલું કર્યું છે તે કહી બતાવ.

અધ્યાય ૧૪ મો.

લેવીની મિજબાની. ફરોશીઓની કચકચનો ખુલાસાવાર જવાબ. યાએરસની દીકરી ને બે આંધળા માણસને સાજા કરવાનો ચમત્કાર.

પ્રભુ ઇસુ જ્યારે ગાડરેનોના દેશમાંથી પાછો આવ્યો ત્યારે લોકોએ આનંદથી તેનો આવકાર કર્યો (લુક ૮; ૪૦). પછી તેના પ્રેરિતો પૈકી માત્થીઅસ નામના માણસે એક મોટી મિજબાની કરી. તે માણસ જકાતદાર હતો, તેથી લૌકિક સમુદાયમાં તે નીચ ગણાતો હતો, તોપણ તેને પોતાના સદ્ગુરૂ વિષે ખાતરી હતી કે જો હું તેને મારે ઘેર જમવા બોલાવીશ તો તે આવ્યા વિના રહેશે નહિ; ને થયું પણ તેજ પ્રમાણે. આ જમણવારમાં બીજા કેટલાએક તેના સાથી ધંધાદારો નહોતર્યા હતા, કે જેથી તેઓ પણ આ મહાન ગુરૂનો સમાગમ પામી તેનો લાભ લઇ શકે.

યહુદીઓના આચારવિચારના નિયમ પ્રમાણે જોતાં એ મંડળી ભોજન-વ્યવહારમાં સાથે બેસે તે ખરેખરૂં અનુચિત ગણવા જોગ કામ હતું, કારણ કે તેઓ બધા આચારહીન ક્રિયાથી પતિત અને જાતિભ્રષ્ટ લોકો હતા; તેથી એમ કહીએ કે જો કોઈ સાધારણ જ્ઞાતિ પ્રમાણે બ્રાહ્મણ હોય, અથવા એથી વધીને શુકલ કે બ્રહ્મચારી હોય તે ઢેડ ભંગીની પંક્તિમાં બેસીને જમે તે જેવું અનુચિત ગણાય તેવું આ કામ હતું, ને જેમ તેવું કામ કરનાર તરફ બીજાઓ કુદૃષ્ટિથી જુએ તેમ આના સંબંધમાં પણ થયું. ઇસુ તો એક રાબી (ગુરૂ) મનાએલો હતો. તે પોતાને આકાશી રાજ્યનો સ્થાપક કહેવડાવતો હતો. આવા શ્રેષ્ઠ લોકોએ નીચ લોકની પાસે જવું નહિ, જો બોધ કરવો હોય તો વેગળા રહીને કરવો; ત્યારે તેઓની સાથે બેસવું તે ઘણુંજ નીચ કામ ગણાય એમ ફરોશીઓ માનતા હતા, પણ પ્રભુ ઇસુ લોકાચાર પાળવા કે લોકોને રાજી રાખવા આવ્યો નહોતો. તે પાપીઓનો મદદગાર હતો, અને પાપીઓનો મિત્ર તથા તારનાર થવા આવ્યો હતો, માટે તેઓથી વેગળો રહોજ નહિ. જ્યારે ફરોશીઓએ ઇસુની એવી વર્તણુક જોઈ ત્યારે તેઓ તેને કાંઇ બોલ્યા નહિ પણ પાછળથી તેના શિષ્યોની સાથે કચકચ કરી મહેણાં મારવા લાગ્યા કે, "તમારો ગુરૂ દાણીઓની તથા પાપીઓની સાથે ખાય છે." તે પંક્તિમાં બેઠેલા લોકો આત્મિક રોગથી પીડાતા હતા એમાં સંશય નથી. તેઓ કૃપણ અને મલીન, ધર્મ ને નીતિ વિરૂદ્ધ ચાલનારા અથવા એ વિષે બેદરકાર હતા. તેઓથી બીજા લોકો માત્ર ત્રાસ પામતા હતા. તેઓની સ્થિતિ સુધારવા વિષે ફરોશીઓએ કાંઈ ઉપાય કર્યો નહોતો. જેમ આ દેશના બ્રાહ્મણ નીચ જ્ઞાતિના માણસોની આત્મિક હાલત કે ઉન્નતિ વિષે બેફીકર છે તેમ એ લોકના સંબંધમાં હતું. તેઓએ તેમને

આત્મિક રોગની અવસ્થામાં પડી રહેવા દીધા હતા. જ્યારે એવાઓને આ મહાન વૈદ મળ્યો ત્યારે તેની પાસે તેઓના ઘરોમાં ગયો, તેઓના ખાટલા પર બેઠો, તેમના શરીરનો સ્પર્શ કર્યો, અને પોતાના સામર્થ્યે કરી તેઓને સાજા કીધા. પરંતુ જેઓ સ્વપૂણ્યના અભિમાની હતા, કે જેઓ આત્મિક રોગી અવસ્થા બરાબર સમજ્યા નહોતા, તેઓને ઇસુનું પ્રયોજન જણાયું નહિ.

એ પ્રમાણે પ્રભુ ઇસુએ ઉઘાડીછોગ જ્ઞાતિબંધન તોડી વડીલોના સંપ્રદાયનું અપમાન કીધું તેથી એક બીજી પંક્તિના લોકો પણ નાખુશ થયા. તે યોહાન બાપ્તિસ્મા કરનારના શિષ્યો હતા. એ લોકો પોતાના વડીલોના સંપ્રદાયને સજડ રીતે વળગી રહેલા હતા. તે ઘણી સંભાળથી આચારવ્યવહાર પ્રમાણે વ્રતવ્રતાળ પાળી ઉપવાસો તથા એકટાણાં કરતા હતા, ને ફરોશીઓની પેઠે નિયમશાસ્ત્ર પ્રમાણે ચાલવાનું કરતા હતા. નાતવરા તથા જમણવારમાં જઇ મિષ્ટાન્નપાન કરવામાં તેઓ દુપણ ગણતા હતા, પણ નિયમસર પ્રાર્થનાઓ કરવામાં શ્રેય માનતા હતા. તેઓને આ નવા ગુરૂનો આચારવિચાર તથા લૌકિક વ્યવહાર ગમતો આવ્યો નહિ, તેથી તેઓ પણ કચકચ કરવા લાગ્યા. એવાં શંકાશીલ મનવાળાઓને ઉપદેશ આપવાની તથા શિખાડવાની ઘણી અગત્ય હતી, પણ પ્રભુ ઇસુએ તે શંકા નિવૃત્ત કરવા સરળ જવાબ આપ્યો નહિ. તે પોતા વિષે તથા શિષ્યો વિષે વરકન્યાનો દાખલો આપી આનંદદાયક સમયની યાદિ આપતાં ઈશારત કરે છે, "જ્યાં સુધી હું મારા શિષ્યોની સાથે છું ત્યાં સુધી તેઓને ઉપવાસ કરવાનું કહેનાર નથી." વળી બીજું કારણ એ છે કે હું જે નવીન ધર્મ-વ્યવસ્થા સ્થાપન કરવાને આવ્યો છું તેની બધી રચના તે નવીન છે, કારણ કે, "નવો દ્રાક્ષરસ જુની મસકોમાં કોઈ ભરતું નથી; જો ભરે તો નવો દ્રાક્ષરસ મસકોને ફાડી નાખે છે ને દ્રાક્ષરસ તથા મસકો એ બન્નેનો નાશ થાય છે." તે માટે આ નવીન ધર્મવ્યવસ્થાને સારૂ નવીન ચિત્તવૃત્તિ રાખવાની જરૂર છે, તેમજ જો જુની ધર્મવ્યવસ્થા બગડી ગઇ ને તેના સુધારા માટે નવી ધર્મવ્ય-વસ્થાનો ભેળ કરીએ તો જુના વસ્ત્રમાં નવું થિગડું મારવા જેવું થશે; તેથી ફાયદો નહિ પણ વધારે નુકસાન થવાની ભ્રાંતિ છે. નવું ને કોરૂં થિગડું જે બચાવને સારૂ આપ્યું તે જુનાને ખેંચશે, એથી ફાટમાં વધારો થવાનો સંભવ છે. જે બગડી ગએલી જુની ને જીર્ણ થએલી યહુદી ધર્મવ્યવસ્થા છે તેની મરામત કરવા સારૂ મારી નવીન ધર્મવ્યવસ્થા ઉપયોગી થાય તેમ નથી, પણ જે નવીન જીવનરૂપ ધર્મ આપવાને હું આવ્યો છું તેને સારૂ નવીન પદ્ધતિ ને નવીન ચિત્તવૃત્તિરૂપ દેહની જરૂર છે.

એ પ્રમાણે પ્રભુ ઇસુ લોકો સાથે સંભાષણ કરી જ્ઞાનપ્રકાશ પાડતો હતો, તે દરમિઆન એક સભાસ્થાનનો અધિકારી આવ્યો. તેનું નામ યાઐરસ હતું. તેની એકનીએક પુત્રી હતી, તે મંડવાડના સંજોગે મરણની અણી પર આવેલી

હતી, તેથી એના બાપે પ્રભુ પાસે આવી નમ્રતા સાથે વિજ્ઞપ્તિ કરી કે મારી સાથે મારે ઘેર આવો, ને મારી દીકરીનો બચાવ કરો. પ્રભુએ તેની પ્રાર્થના સાંભળી ને તેની સાથે જવાનું કબૂલ કીધું, તેથી ઘણો મોટો સમુદાય પ્રભુની સાથે યાઐરસને ઘેર જવા નિકળ્યો હતો. એવામાં રસ્તે જતાં એક મહા ચિત્તવેધક અને ચમત્કારિક વાત બની. તે એવી કે, એક બાઇ રસ્તામાં આવી. એને બાર વર્ષથી રક્તશ્રાવનો વ્યાધિ થયો હતો. તે મટાડવા સારૂ તેણીએ ઘણા ઘણા ઉપચારો કરેલા, ને હકીમો તથા વૈદોને ઘણા પૈસા આપેલા, પણ તેથી લાભને બદલે વધારે હેરાનગતી પામેલી હતી. યહુદી લોકોમાં જુના વખતથી વૈદકક્રિયા તથા મંત્રક્રિયા સાથે જોડાએલી ચાલે છે, ને તે પ્રમાણે આ બાઇને મંત્રવાદી હકીમો મળ્યા હતા તેથી તેના પૈસા ગયા ને રોગ જીર્ણ થયો. તેણીના મનમાં એવો વિશ્વાસ ઉત્પન્ન થયો કે જો હું ઈસુની પાસે જાઉં તો મને સાજાપણું મળે, પણ તે કામ કરવાની હિંમત તેનામાં ઉપજી નહોતી. તે પોતે નાજુક સ્ત્રીની જાત; વળી તેનો મંદવાડ તે પણ ઘણો નાજુક. લેવીના નિયમ પ્રમાણે રજસ્વલા સ્ત્રીએ પુરૂષને અડકાર્યં નહિ એવો નિયમશાસ્ત્રનો કાયદો હતો. હવે ઇસુ તે સાધારણ યહુદી પુરૂષ છે એટલું નહિ પણ તે તો પવિત્ર રાબ્બી છે, માટે તેની નજીક જવાની તથા બોલવાની છાતી ચાલી નહિ. આજે તેણીને સારો લાગ મળ્યો કે જેથી તેનો લાભ લેવા તૈયાર થઇ.

તેણીના મનમાં એવો વિશ્વાસ હતો કે જો હું તેના વસ્ત્રની કોરને અડકીશ તોપણ સાજી થઇશ, કેમકે જેવો ગુણ તેનામાં છે તેવો તેના વસ્ત્રમાં પણ હશે. વળી પ્રભુના સામર્થ્યને વસ્ત્રનું આચ્છાદન રોકી શકે તેમ નથી. જો લોઢું પારસમણીને અડકે તો પારસ લોઢારૂપ થતું નથી, પણ લોઢું કંચનરૂપ થાય છે, માંટે આજ એ સંધી સાધવાને પ્રસંગ છે. આજે આ ભીડમાં થઇને ઇસુ જાય છે. છાનાંમાના તેનો સ્પર્શ કરી આવું. એવા એવા વિચારોથી તે ભીડમાં પેઠી, અને ગુપચુપ તેના વસ્ત્રની કોરને અડકી. પાછી ખસી જવા ચાહતી હતી, એટલામાં તેનો શ્રાવ બંધ થયો. પ્રભુ ઈસુ અંતરયામી દેવ છે. તેના પર વિશ્વાસ કરનારને તે અંધારામાં રહેવા દેતો નથી. તેણીના વિશ્વાસ પર તથા લોકોનાં મન પર સત્યપ્રકાશ પાડવા સારૂ પાછું વળી જોતાં પ્રશ્ન કરે છે કે, "મને કોણ અડકયું?" આ વખત પેલી બાઇના હાંજા ગગડી ગયા. તેણી છાની રહેવા ચાહતી હતી, પણ હવે તો બધાની આગળ પકડાઈ ગઈ! શું કરે! ક્યાં જાય! તે કંઈ સૂજ્યું નહિ. ફરોશી લોકો સાધારણ સ્ત્રીને અડકવાનું અનુચિત ગણે છે, ને તે બાબત ઘણી કાળજી રાખે છે; ત્યારે મારૂં કામ કેવું અનુચિત ગણાશે એવી બીકથી તે થરથર કાંપવા લાગી. આ વખત તે લજ્જાશીળ બાઈની સ્થિતિ કઠણ થઈ પડી હતી, તેથી તે ધ્રુજતી ધ્રુજતી ભયભીત ચહેરે પ્રભુના ચર્ણાવિંદમાં નમી પડી ને સર્વની સમક્ષ પોતાનું વૃત્તાંત કહેવા લાગી. પ્રભુએ

તેની અથથી ઇતિ સુધી હકીકત સાંભળીને કરૂણા દૃષ્ટિથી તેની તરફ જોયું, ને તત્કાળ તેનો ગભરાટ દૂર કરવા શાંતિવચનો કહ્યાં, "દીકરી, હિમ્મત રાખ, તારા વિશ્વાસે તને સાજી કીધી છે; હવે શાંતિએ ઘેર જા."

આ બાઈનું નામ, ઠામ કે ગામ કયાં હતું તે સુવાર્તામાં બતાવેલું નથી; પણ પ્રાચીન વાર્તાઓમાં તે વેરોનીકા નામથી સુપ્રસિદ્ધ છે. તેનું વતન ગામ કાઇસારિયા ફિલિપી બતાવે છે, ને તેની સત્યતા પ્રાચીન ઇતિહાસકર્તાઓના લેખ પ્રમાણે મળી આવે છે. તેઓ લખે છે કે, ઉપર બતાવેલા ગામમાં એક પંચ ધાતુનું બાવલું હતું. તેનો દેખાવ જોતાં ઉપરનો ચમત્કાર આપણા હૃદયમાં ખડો થાય છે; તે એવો કે, એક સ્ત્રી આવે છે ને ઇસુના વસ્ત્રની કોરને અડકે છે. આ બાવલું ખ્રીસ્તી ધર્મના વિરોધી રૂમી બાદશાહ જુલિયન તથા માકઝીમસમાંના એક જણે ધર્મઝનુનથી તોડી નાખેલું હતું, એવું યુસેબીઅસ ઐતિહાસિક પોતાના ગ્રંથમાં લખે છે.

આ ચમત્કારથી માત્ર તે સ્ત્રીનેજ લાભ થયો કેવળ એટલુંજ નહિ, પણ પ્રભુ જે છોડીને સાજી કરવા જતો હતો તેના બાપના વિશ્વાસને દઢતા મળી, કારણ કે રસ્તે આવતાં તેને એવી ખબર મળી હતી કે, "તારી દીકરી મરી ગઇ છે, હવે ઉપદેશકને તસ્દી દેવી નહિ." આ સંદેશો સાંભળવાથી તે બિચારા દુ:ખી બાપનો વિશ્વાસ ડગી ગયો હતો, કારણ કે પ્રભુ ઈસુએ તેને હિંમત પમાડવા એવાં વચનો કહ્યાં કે, "તારી દીકરી જીવતી થશે, માત્ર વિશ્વાસ કર, ને તું દેવનું પરાક્રમ જોશે." પછી તેઓ બધા આગળ ચાલતાં ખુદ યાઐરસના ઘર પાસે આવ્યા. આ વખત ત્યાં ઘણી રડાપીટ ચાલી રહેલી હતી; એક બાજુ સ્ત્રીઓ છાતી કુટી છાજીયાં લેતી હતી, બીજી તરફ રૂદન કરનારા શોકકારક વાજીંત્રો વગાડતા હતા. આ બધાં ગડબડ કરનારાં માણસોને ઈસુએ બહાર કાઢી મેલ્યાં, ને તે છોડીનાં માબાપ તથા પોતાના શિષ્યો પૈકી ત્રણ સિવાય બીજા કોઇને અંદર આવવા દીધું નહિ. પ્રભુ એ શણગારેલા પ્રેત પાસે ગયો, ને તેનો હાથ પકડી કહ્યું કે, "છોકરી, ઉઠ, ને બેઠી થા." એટલામાં તે ઉઠીને ઉભી થઈ ને આમતેમ ફરવા લાગી, કેમકે તે બાર વર્ષની ઉમ્મરે આવેલી હતી, પછી પ્રભુએ તેનાં માબાપને આજ્ઞા આપી કે તમે તેને ખાવાનું આપો (માર્ક ૫; ૨૧–૪૩. લુક ૮; ૪૧–૫૬).

હવે એ પ્રમાણે એક મોટો ચમત્કાર કરી આગળ ચાલતાં ઘેર જતા હતા, એવામાં બે આંધળા તેની પાછળ આવી બૂમ પાડતા હતા. તેઓનો પોકાર એવો હતો કે, "ઓ દાઉદના પુત્ર, અમારા પર દયા કર." સુવાર્તાના લેખ પ્રમાણે પ્રભુ ઇસુને દાઉદના પુત્રને નામે બોલાવનારા પૈકી આ પહેલા જણાય છે. એ વચનો પરથી તેઓ એવું દેખાડે છે કે, દાઉદના વંશમાં પ્રગટ થનાર મસીહ તે આ નાઝારી ઇસુ છે, એમ અમો વિશ્વાસપૂર્વક માનીએ છીએ.

પ્રભુ ઈસુએ પહેલાં થોડા વખત સુધી તો આ યાચકોની માગણીનો કાંઈ જવાબ આપ્યો નહિ; તે એમ ને એમ છાનોમાનો ઘર સુધી ચાલતો આવ્યો, કારણ કે તે તેઓના વિશ્વાસની પરીક્ષા કરતો હતો. પેલા આંધળાઓ પણ તેની પાછળ પાછળ ઘેર આવ્યા, ને ઉપર પ્રમાણે માગણી કરવા લાગ્યા. આગળ જતાં પ્રભુ ઈસુ તેઓની પાસે આવી પુછવા લાગ્યો કે, "હું તમને દેખતા કરી શકું છું, એવો તમને વિશ્વાસ છે?" તેઓએ કહ્યું કે, "હા, પ્રભુ, અમારો એવો વિશ્વાસ છે." ત્યારે તે તેઓને કહે છે કે, "તમારા વિશ્વાસ પ્રમાણે થાઓ." ને તરત તેઓ દેખતા થયા (માત્થી ૯; ૨૭–૩૦).

પ્રભુ ઈસુના જીવનચરિત્રમાં આ દિવસ ઘણો મોટો ને કામમાં ભરપૂર દેખાય છે. આજનો બધો સમય આપણે તેને કામ તથા શ્રમમાં જોડાએલો જોઈએ છીએ. આજે તેની આગળ ચમત્કારોની રેંટમાળ ફરતી હોય તેમ દેખાય છે. હવે બધા લોકો ગયા પછી એક છોકરાને તેની પાસે લાવ્યા. એનામાં મુગા ભૂતનો વળગાડ હતો; તેને પણ પ્રભુએ સારો કીધો, ત્યારે તે બોલવા લાગ્યો. એ પરથી લોકોને ઘણી અજાયબી થવા લાગી. તેઓ અચરત પામીને કહેવા લાગ્યા કે, "અમે ઇસ્રાએલમાં આવું કદી જોયું નથી." પણ જેમ જેમ ઈસુ લોકોના ઉપર ઉપકાર કરતો ગયો તેમ તેમ આખા દેશમાં તેની કીર્ત્તિ ફેલાતી ગઇ, તેથી તેના શત્રુઓને ઘણી ચિંતા લાગી. તેઓ તેનાં ચમત્કારિક કાર્યોનો નકાર કરી શકતા નહોતા, તેને ખોટાં ઠરાવી શકતા નહોતા, પણ પહેલાંની પેઠે નિંદા કરી કહેવા લાગ્યા કે તે ભૂતોના સરદારની મદદ વડે ભૂતો કાઢે છે. આ વખત પ્રભુએ તેના દુર્ભાષણનો કંઈ જવાબ આપ્યો નથી.

પૂરવણી.

અંક ૧ લો.

યહુદી લોકોના ઉપવાસો તથા પ્રાર્થનાઓ.

જુના કરારમાં મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે વર્ષમાં એક દિવસ ઉપવાસ કરવાની આજ્ઞા ફરમાવે છે. તે પ્રતિષ્ઠાપર્વમાં પ્રાયશ્ચિત્તનો દિવસ ઠરાવેલો છે. એ આખો દિવસ બધા યહુદીઓ ઉપવાસમાં ગાળતા હતા, પણ આગળ ચાલતાં વડીલસંપ્રદાય પ્રમાણે ઉપવાસોનો રાફડો ફાટયો ને વધ્યા. જેમ જેમ યહુદી મંડળી પર દુ:ખો તથા સંકટો આવતાં ગયાં તેમ તેમ તેની યાદગીરીમાં ઉપવાસો વધતા ગયા. ખાલદી લોકોએ યરૂશાલેમ પર સ્વારી કરી શહેરનો નાશ કર્યો, તેની યાદગીરીમાં એક ઉપવાસ; તેમજ યહુદીઓ બાબેલની ગુલામગીરીથી પાછા આવ્યા ત્યારે યરૂશાલેમ પર આવેલાં અનેક સંકટોની યાદિમાં અનેક ઉપવાસો નિમવામાં આવ્યા. (ગ્રીક ભાષામાં જુના કરારનું ભાષાંતર થયું તો

તેના શોકમાં એક ઉપવાસ ઠરાવાયો). એ પ્રમાણે તેઓના શહેર પર કે તેના લોક પર કંઈ દુઃખ આવ્યું કે લાગલો ઉપવાસ આવ્યો. એ ઉપરાંત દરેક અઠવાડિયામાં સોમ તથા ગુરૂવારના ઉપવાસ ઠર્યા. તે ઉપવાસો મુસાની યાદગીરીના ગણાતા હતા. (સોમવારે મુસા સીનાઇ પહાડ પર ચઢી ગયો ને ગુરૂવારે નીચે આવ્યો, એમ તેઓ માને છે). ને નિયમશાસ્ત્ર પ્રમાણે ચોકસ રીતે ચાલનારા ફરોશીઓ એ બધા ઉપવાસો પાળતા હતા. ને તે ઉપરાંત સારાં સ્વપ્નો આવે ને તેના અર્થો સમજી શકાય, માટે ખાસ ઉપવાસો કરતા હતા. તેઓની માન્યતા પ્રમાણે દેહદમન કરવામાં પુણ્ય છે, એટલે જેઓ એ પ્રમાણે કરે તે લોકોમાં માનપાત્ર તથા કીર્ત્તિવંત ગણવા જોગ હતા.

હવે માત્ર ઉપવાસો વિષેજ એવા ભ્રમિત મતો હતા કેવળ એમ નથી, પણ "શખમા" (બ્રાહ્મણોની ગાયત્રી જેવાં પ્રાર્થનારૂપી વાકયો) બાબત પણ એવા ભ્રમિત મતો રાખતા હતા. તેઓની પ્રાર્થનાઓ લાંબી બડબડાટથી તથા કંટાળાદાયક વચનોથી ગોઠવેલી હતી, તેમજ તેને સારૂ ખાસ જુદા જુદા સમયો ઠેરાવેલા હતા. જે પ્રમાણે આપણા દેશમાં બ્રાહ્મણ લોકો પ્રાર્થનાઓના બળ તથા સામર્થ્ય વિષે ઘણી અસાધારણ વાતો કરે છે; એટલે કે અમુક અમુક પ્રાર્થનારૂપ કવચોનો પાઠ કરવાથી દૈહિક અને આત્મિક લાભો મળે છે. જેમ આપણ દેશી લોકોને તે કવચોનો પાઠ કરાવવાની સૂચના આપે છે, એટલે કે રામરક્ષા શિવકવચ વગેરેના પાઠ કરાવવાથી અમુક અમુક લાભ પામવાની આશા બતાવે છે તેમ શખમાના સંબંધમાં રાબી લોકો એવુંજ બતાવતા હતા. તેઓ કહેતા કે એ શખમા બેધારી પાણીદાર તલવારના જેવું વચન છે. બિછાનામાં બેસી એનો પાઠ કરીએ તો તમામ ભૂતો નાસી જશે. વળી તેથી દૈહિક અને આત્મિક લાભો મળશે તેમજ તેથી સ્વર્ગપ્રાપ્તિ થશે માટે હરેક વખત તેનો પાઠ ભણાવવો જરૂરનો છે.

પૂરવણી.

અંક ૨ જો.

ખ્રીસ્તના જમાનામાં યહુદીઓની વૈદક ક્રિયાઓ.

તાલમુદના ગ્રંથોમાં કેટલાએક વૈદક ક્રિયાના ઉપચારો બતાવેલા છે. તેમાંથી રક્તસ્રાવના કેટલાએક ઉપાયો પ્રસંગોપાત જાણવા માટે અત્રે લખવા ધારેલા છે, તે વાંચનારને હસવા જેવા લાગે એમ છે, પણ તે જમાનામાં લોકોને તે ખરા લાગતા હતા એમાં શક નથી.

એક ઝુઝીભાર ડીકામરી ઝુઝીભાર ત્રીફળાં ને તેજ પ્રમાણે કેસર લેવું, પછી તે બધાં દ્રાક્ષરસમાં નાખી સ્રાવવાળી સ્ત્રીને પાવાં ને કહેવું કે, "તારા

શ્રાવ પરથી ઉઠ," એટલે તેને સારૂં થશે. એમ કરતાં આરામ ન થાય તો ઈરાની કાંદા અચ્છેર લેવા ને તેને દ્રાક્ષરસમાં નાખી કઢો બનાવવો. તે ઉપર બતાવ્યા પ્રમાણે બોલ બોલીને પાવો એથી આરામ થશે, ને તેથી પણ આરામ ન થાય ત્યારે તેના હાથમાં એક દ્રાક્ષરસનો પ્યાલો આપી બે રસ્તા મળતા હોય ત્યાં બેસાડવી, ને પાછળથી કોઇએક આવી ભેટવું ને કહેવું કે તું તારા શ્રાવથી બેઠી થા, એ પ્રમાણે કરવાથી સારૂં થશે. વળી જો તેથી પણ ગુણ ન થાય તો જીરૂં, મેથી ને કેસર તે મુઠીભરના આસરાથી લેવું ને તેનો કઢો કરવો, અને તે પાવો, ને ઉપર બતાવેલો મંત્ર ભણવો, એથી જરૂર આરામ થશે, ને તેમ કરતાં ફાયદો ન થાય ત્યારે બીજા દશ ઉપાય બતાવેલા છે; તેમાંનો એક એવો: રોગીને હાથે સાત ખળીઓ ખોદાવવી અને તેમાં ચાર વરસના જુના દ્રાક્ષમાળાની ડાંખળીઓ લાવી બળાવવી. પછી રોગીના હાથમાં દ્રાક્ષરસનો પ્યાલો આપી દરેક ખળીમાં એક દિવસ લઇ જઇને ફેરવવી, બેસાડવી, ક્રિયા કરાવવી, ને ઉપરનો મંત્ર બોલી ઉઠાડવી, એથી જરૂર આરામ થશે.

તે વખતના સુધરેલા રૂમી લોકોમાં પણ એવાજ અનાડી રિવાજો ચાલતા હતા. જે જે ઔષધી પદાર્થમાં ખાર નાખવામાં આવે તેમાં જંગલી ભુંડનું પિત્ત નાખતા હતા, તેમજ બીજી કેટલીએક ઔષધીમાં સ્ત્રીનું દૂધ ને ઘોડાનો ફેસ નાખતા હતા. ઘા, કે જખમ પર સર્પની કાંચળી, ગૌમૂત્ર, વરૂની ચરબી, અને સાબરશિંગનો રસ લગાડતા હતા. સ્ત્રીપ્રસૂતિમાં થતું દુઃખ કમી કરવા વરૂનું માંસ ખાવાનું કહેતા. તે ઉપરાંત વડવાગોળના નાકે ચુંબન કરવાનું કહેતા હતા! દાંતનાં દરદો માટે પાતાલ દેડકાનું માંસ ખવડાવતા! પેટના દુઃખાવામાં ઘોડાના દાંતનું ચુરણ આપતા હતા! એવા એવા ઘણા ઉપાયો છે, તેનું વર્ણન કરતાં ગ્રંથ વધી પડે માટે અત્રે થોડાજ દાખલા તરીકે આપ્યા છે. એવા બધા ઉપાયો કરવાથી પેલી બાઇ પૈસેટકે તથા જાતે હેરાન થએલી હતી; તેથી માર્ક તેના વિષે જે કહે છે તે ખરૂં છે કે, "તેણે ઘણા વૈદોથી ઘણું સહેલું હતું; ને પોતાનું બધું ખરચી નાખ્યું હતું, પણ તેથી તેને કાંઇ લાભ થયો નહોતો."

અધ્યાય ૧૫ મો.

ઇસુ પોતાના બાર પ્રેરિતોને સુવાર્તા પ્રગટ કરવા સારૂ મોકલે છે, ને પોતે કાપરનાહુમમાં પાછો આવે છે; ત્યાં તેના પ્રેરિતોનો પુનર્મિલાપ થાય છે.

આપણે આગળનાં પ્રકરણોમાં વાંચી ગયા છીએ કે પ્રભુ ઇસુએ મુખ્ય બાર શિષ્યોને પસંદ કરી પ્રેરિત ઠરાવ્યા. તે વખતે તેનો એ ઠરાવ હતો કે આ

બાર જણને ખાસ વિશેષ કામ સારૂ કેળવીને તૈયાર કરવા. ને તે સંકેત મુજબ રહેણીકહેણીનો ઉત્તમ નમુનો આપી લાયક બનાવ્યા હતા, તેથી હવે તેઓ સ્વતંત્રપણે કામ કરવાનું ઘણું ખરૂં શિક્ષણ પામી ચુકયા હતા. આજ દિવસ સુધી તેઓ સદ્દગુરૂની પાસે રહેલા, ને તેની જોડે નાની મોટી મુસાફરીઓમાં સાથે ફરેલા હતા, પણ હવે પછી તેઓ જાતે એકલા જાય ને પ્રભુનું કામ કરે એવી વેળા આવી હતી. જ્યારે તેઓ સ્વામીજીની સાથે ફરતા હતા ત્યારે તેના કામની રીતભાત જોતા હતા. સદ્દગુરૂ દેવના રાજ્યનાં બી કેવી રીતે વાવતો હતો તેથી તેઓ જાણીતા થયા. પ્રભુનાં વાવેલાં બી કેવી કેવી જમીનમાં પડ્યાં ને તેનું શું શું પરિણામ થયું એ તેઓના ધ્યાનમાં આવી ગયું હતું. જે બીજના રોપા થયા તેઓની કેમ માવજત લીધી એની તેઓને ખબર હતી. જેઓ વિશ્વાસમાં નબળા જેવા હતા તેઓને બળવાન કરવા સારૂ ઈસુએ જે ઉપાયો કરેલા તેના પર તેઓએ લક્ષ આપેલું હતું. પાષાણતુલ્ય કઠણ મનવાળાઓ પસ્તાવિક થાય તે સારૂ ગુરૂજીએ જે શિખવેલું તથા સમજાવેલું તે પર તેઓએ પુરૂં ધ્યાન આપેલું હતું. એથી એમ બન્યું કે એટલા થોડા સમયમાં ઘણો અનુભવ પામી બધા દેશમાં ફરી આત્મિક વાતોથી તથા લૌકિક સ્થિતિથી વાકેફ થયા હતા. જ્યારે તેઓ ગાડરેનોના દેશમાં ગયા ત્યારે તે લોકનો અવિશ્વાસ તેમના જોવામાં આવ્યો હતો તેમજ પોતાના વિશ્વાસનું નબળાપણું તેઓની જાણબહાર હતું નહિ. દરિયામાં વાદળ વખતે પોતે કેવા અલ્પવિશ્વાસી દેખાયા હતા એ તેઓ ભુલી ગયા નહોતા. વિશ્વાસમાં બળવાન વેરોનીકા સાહસથી વસ્ત્રના છેડાનો સ્પર્શ કરી સાજાપણું પામી ને જોરાવર વિશ્વાસી આંધળા કેવી રીતે દૃષ્ટિ પામ્યા તેનો તાજો દાખલો મનથી ખસ્યો નહોતો, ને તેથી તેઓના વિશ્વાસની શ્રેષ્ઠતા વખાણતા હતા.

એવાં ઘણાં પ્રમાણો જોવાથી પોતાના વિશ્વાસની વૃદ્ધિ થતી ચાલી હતી, તોપણ હજી બીજી બે વાતોનો અનુભવ પામવાની જરૂર હતી. તેમાંની પ્રથમ વાત એ છે કે પોતે જાતે એકલા રહી સ્વતંત્રપણે પ્રભુનું કામ કરવામાં જીંદગીનો સમય વ્યતીત કરવો, ને બીજું કે, તેમ કરતાં શત્રુ તરફથી જે વિરોદ્ધ થાય તે સહન કરવાને આત્મદમનનો અનુભવ પામવો; આ બન્ને વાતોમાં પોતે આગળ થનારા ખ્રીસ્તીઓનો નમુનો થાય ને અંત પર્યંત એમાં ઉત્તેજનદાયક દાખલારૂપ બને એટલું બાકી હતું, કારણ કે અંતકાળના સમય સુધી પ્રભુના લોકોમાં તથા શૈતાની લોકોમાં ભિન્ન ભાવ રહેશે એવું પ્રભુ જાણતો હતો.

ઉપર બતાવેલી વાતોના અનુભવનો અભ્યાસ કરાવવા સારૂ પ્રભુએ તેઓને બહાર મોકલવા ધાર્યું હતું. તેઓએ તેમાં કેવાં કેવાં કામ કરવાં એ બાબત અગાઉથી કહેલું હતું. "દેવનું રાજ્ય પાસે આવ્યું છે" એ માંગળિક સમાચાર

પ્રગટ કરવા એ પહેલું ને મુખ્ય કામ હતું. આ કાર્ય તે દૈહિક નહિ પણ આત્મિક હતું. તેની સાથે અનુસંગી અને સહાયકારી બીજાં કાર્યો તે રોગમોચન કરવાનાં તથા ભૂતો કાઢવાનાં હતાં. આ કૃત્યોએ તેઓના પ્રેરિતપણાનો અધિકાર સાબીત થાય તેમ હતું. તેઓ આખા દેશમાં ફરે ને સદ્દગુરૂની સૂચના મુજબ કામ કરે, પણ માત્ર ઇસ્રાએલ લોક સિવાય બીજાની પાસે ન જાય એવું ખાસ ફરમાવેલું હતું.

આ ઉપદેશકોને જે આદેશ આપવામાં આવ્યો તે ઘણા મહત્વનો છે, તેમાં ઘણી ચતુરાઇ તથા ડહાપણ સમાએલું છે. "તમે મફત પામ્યા છો તે મફત આપો" તેમાં તે બંધનકારક ફરમાન આપે છે કે તમારી પાસે જે અદ્દભુત ચમત્કાર કરવાની શક્તિ છે તે પૈસા કમાવા માટે નહિ પણ દેવના રાજ્યને માટે વાપરવાની છે. તમારી મુસાફરીમાં હરકત થાય એવો કાંઇ બોજો રાખવાની સાફ મના કરૂં છું, એટલે સુધી કે, લાકડી, જોણું કે બે અંગરખા સાથે લેવા નહિ; એટલુંજ નહિ પણ રસ્તામાં ખાવા જોગ રોટલી પણ લેવી નહિ. રસ્તે જતા આવતા મુસાફરોની ખબરઅંતર પૂછવામાં તથા સલામ કરવામાં તમારો સમય ગાળવો નહિ, તેમ છતાં સભ્યતાને ધોરણે ચાલતાં સ્વચ્છંદીપણું રાખવું નહિ. જ્યારે કોઇ ગામમાં જાઓ ત્યારે લાયક માણસની પડપુછ કરો, ને જે કોઇ યોગ્ય માણસ હોય તેને ત્યાં ઉતારો કરો, તેના ઘરવાળાંને સલામ કરો ને આશીર્વાદ આપો. જેઓ તમારો આવકાર કરે તેને ત્યાં તમારે રહેવું, તે જે ખોરાક આપે તે ખાવો; ત્યાંથી બીજે ઘેર ભિક્ષા લેવા જવું નહિ. જે લોકો તમારો બોધ ન સાંભળે ને તમારો આવકાર ન કરે ત્યાંથી તમારે પોતાના પગોની ધુળ ખંખેરીને નિકળી જવું. તમારો સંદેશો તુચ્છકારનાર ગામના લોકો પર મહાભારી સજા આવશે, એમાં શક નથી.

વળી આ ઉપદેશકોએ કેવી રીતે ચતુરાઈથી ચાલવું ને સાલસપણાએ કામ કરવું તે વિષે કાળજીથી ચેતવણી આપેલી હતી. જે કાર્યપ્રસંગે તમે જાઓ છો તેમાં બધા લોકો તમારો અંગીકાર કરનારા થશે એમ નથી. તેમાંના કોઈ વિરોધી થશે, માટે યાદ રાખો કે જેમ વરૂઓમાં ઘેટાં જાય તેમ તમે જગતમાં જાઓ છો, તેઓ તમારી સામા થાય, તમને સતાવે, ને જો બની શકે તો જીવ પણ લે, તોપણ હિંમતવાન થઇને રહેજો, તમે તેનાથી બીશો મા. તેઓ તમને ગભરાવનારા તથા બંધન કરનાર સવાલો પૂછે ત્યારે ચિંતાતુર થશો નહિ, કેમકે તેજ વખતે તમને જવાબ આપવાની શક્તિ આપવામાં આવશે. જે સર્વસમર્થ દેવ તે તમને તારવાને શક્તિમાન છે. તેના હુકમ સિવાય તમારો વાળ વાંકો થવાનો નથી. તે તમારો રખેવાળ છે, ને તે તમારૂં રક્ષણ કરશે. માત્ર તેની બીકમાં તમારે રહેવું એટલે બસ છે; માણસોથી બીવું નહિ. જો તે

તમને ઠાર કરે તોપણ માત્ર તે તમારૂં શરીર છેદી શકશે, તેથી વિશેષ કરવાને તેઓ સત્તાવાન નથી. જો તેમ થાય તો તમારો આત્મા સ્વર્ગનું અક્ષય જીવન પામશે.

ઘણા ઘણા ધર્મસ્થાપકો થયા હતા, પણ તેઓમાંના કોઈએ આવો સંદેશો મોકલાવ્યો નહોતો. આ પ્રેરિતો લડાઈ કરવાને નિકળ્યા હતા, પણ માણસોની સાથે નહિ, ત્યારે તેઓ કોણની સામા લડ્યા હશે? કદાચ વાંચનારાના મનમાં એવો સવાલ થયો હશે. તો સાંભળો, જગતમાં જે અન્યાય, અસત્ય અને અંધકારની સત્તા ચાલતી હતી તેની સામે રણસંગ્રામ કરવો ને લડવું એજ એમનું કામ હતું. મતલબ કે આ લડાઈ દૈહિક નહિ પણ આત્મિક હતી, માટે તેનાં શસ્ત્રો પણ આત્મિક હતાં. નામદાર મહમદ સાહેબે પોતાની ટોળીને તલવાર આપી લડવાને મોકલ્યા ને કહ્યું કે જે કોઇ પાક ઇસલામને કબૂલ કરે નહિ તેને આ તલવારોથી કતલ કરજો, તેમ ઇસુ સાહેબે કર્યું નહિ. જેમ ગૌતમ બુદ્ધ તથા શંકરાચાર્યને રાજ્યનો આશ્રય મળ્યો તેમ આને વાસ્તે કાંઈ રાષ્ટ્રિય આશ્રય કે ટેકો નથી. તેઓના સૈન્યમાં માત્ર બાર યોદ્ધા હતા, તોપણ એ નાની ટુકડી મોટી ફતેહ પામી હતી. ધનબળ કે વિદ્યાબળ વિના તેઓએ આ જીત મેળવી હતી, કારણ કે તેઓનો રાજા મહા પરાક્રમી મસીહ હતો, તે તેઓને આત્માથી આશ્રય આપતો હતો. પ્રભુ પવિત્ર આત્મા તેઓનો મંત્રી કે ચલાવનાર બોધક હતો, ને દેવનાં સર્વ વચનો તે તેમની તલવાર જેવાં હતાં. એમ તેઓની લડાઈની સર્વ સામગ્રી આત્મિક હતી (૨ કરીં. ૧૦; ૪).

આ બોધકોના કામથી જે પરિણામરૂપી ફળો થવાનાં હતાં તે પ્રભુની જાણબહાર નહોતું, માટે તેણે આગમચથી સૂચવી રાખ્યું હતું કે, "મારી વાતને લીધે જગત તમારો દ્વેષ કરશે;" માત્ર એટલુંજ નહિ પણ તમારા ઉપદેશનું અનુકરણ કરનારા પર દ્વેષથી સતાવણી કરશે. તમારો ઉપદેશ શાંતિદાયક છે પણ તમારા વૈરીઓના મનમાં તે આગ સળગાવનારો છે. તેનાથી કુટુંબોમાં ફાટફૂટ પડશે, અંતરનો નિકટ સંબંધ તુટી જશે, તેથી ઇષ્ટ મિત્રોમાં જુદાઇ થશે ને તેમાં મારા ખરા શિષ્યની કસોટી થાય છે. જો કોઈ પોતાનો વધસ્તંભ ઉચકીને મારા નામને લીધે નાના પ્રકારનાં દુઃખો આવે તે વેઠીને મારી પાછળ આવતો નથી તો તે મારે યોગ્ય નથી. જે એવાં દુઃખોને ન ગણકારે ને પોતાના પ્રાણની પરવા ન કરે તેને અંતે અક્ષય જીવન મળશે. વળી જાણો કે બધા લોકો તમારા વિરોધી થશે એમ નથી, કેટલાએક તમારો અંગીકાર કરશે, ને જેઓ તમારો અંગીકાર કરી તમને શિતળ જળપાન કરાવશે તેને સારૂં ફળ મળ્યા વિના રહેશે નહિ, કેમકે જેણે તમારો સત્કાર કીધો તેણે મારો સત્કાર કીધો છે એમ હું માનીશ.

પ્રભુએ આ શિષ્યોને બબ્બેની જોડીબંધ મોકલ્યા હતા, ને એમ કરવામાં તેની જે યોજના તે ઘણી વખાણવા લાયક ને ચતુરાઇ ભરેલી હતી. પ્રવાસ-કાળના સુખદુ:ખ ભરેલા કઠણ પ્રસંગોમાં તેઓ એક બીજાને સહાયતા કરે, ખબરઅંતર પૂછે, ને અરસપરસ આસનાવાસના કરે. વળી કે ખ્રીસ્તી બંધુત્વ પ્રમાણે તેઓનાં મનમાં જે પ્રીતિનું બીજ રોપેલું હતું તે ઉગે, વૃદ્ધિ પામે, ને બળવાન થાય, એનેસારૂ આવા પ્રસંગની ખાસ જરૂર હતી. એ સઘળી વાતો અનુભવમાં આવે માટે પ્રભુએ આવો પ્રસંગ સાધ્યો હતો. એ સર્વ ઉપરાંત ભાવિક ખ્રીસ્તી મંડળને મિશનરી કામ કરવા સારૂ હંમેશનો નમુનો મળે એ પણ ખાસ કારણ હતું, કેમકે ત્યારથી અદ્યાપિ સુધી પ્રભુના સેવકો એ પ્રમાણે કામ કરતા આવ્યા છે.

આ મુસાફરીમાં પ્રેરિતોએ સદ્‌ગુરૂનો સંદેશો પ્રગટ કરી ઉપદેશ આપ્યો હતો, તેમ છતાં તે બોધનો પૂરો ભેદ કે સાર તેઓ જાણતા નહોતા. જો કે ઉપદેશનો મૂળ મુદ્દો કે હેતુ તે ઘણી સાધારણ ભાષામાં ને સરળ શબ્દોમાં દેખાડયો છે; એટલે કે, મસીહનો રાજ્યનો સમય આવ્યો છે, "માટે સર્વ તૈયારી કરો." બધાએ સાથે મળીને આ તૈયારી કરવાની હતી. તેઓની બાળબુદ્ધિ પ્રમાણે એટલું કામ લાયક ને યોગ્ય હતું. જો આપણે પુરાતન બનાવો તરફ દૃષ્ટિપાત કરીશું તો માલમ પડશે કે, માણસજાતને સદ્‌જ્ઞાન પમાડવામાં દેવ તરફથી એવોજ સોનેરી નિયમ સ્થાપન થએલો છે. આગળ જતાં જેમ જેમ તેઓને મસીહ સંબંધી વધારે સમજણ મળી ને તેનો ઉપયોગ દેખાતો ગયો, તેમ તેમ તેઓની જવાબદારી તથા મહા ગૌરવી અવસ્થાનું ભાન આવતું ગયું, ને તેથી તેમાં વધારો થતો ગયો છે.

આ વેળા શિષ્યોએ કેટલો કાળ મુસાફરીમાં ગાળ્યો તેની વિગત બતાવેલી નથી; પરંતુ એટલું ચોકસ છે કે તે વખત તેઓએ ખ્રીસ્તથી દૂર રહી ચમત્કારો કીધા હતા (માર્ક ૬; ૧૩. લુક ૯; ૬). વળી સુવાર્તા ઉપરથી એવું દેખાય છે કે તે વખતના લોકોએ સંતોષ સહિત પ્રેરિતોનો સ્વીકાર કર્યો હતો, માટે તેઓ આનંદ પામતા ઉછરંગભેર ગુરૂની પાસે આવ્યા, અને અથથી ઈતી સુધી તમામ હકીકત કહી બતાવી.

એ પ્રમાણે પ્રેરિતોને મોકલ્યા પછી ઈસુ પોતાનું કામ બંધ કરી વિશ્રામ લેવા બેઠો હોય એમ લાગતું નથી, પણ તેણે તેઓને આજ્ઞા આપી વિદાય કીધા પછી બીજા શિષ્યોની સાથે ગામોમાં ફરવાનું તથા શિખવવાનું જારી રાખ્યું હતું. સુવાર્તિક માત્થી તે વાત વિષે પૂરવાર લેખ આપે છે (માત્થી ૧૧; ૧). આ અરસામાં બાપ્તિસ્મા કરનાર યોહાનના મરણની ખબર મળી હતી. હેરોદ આંતિપાસે તેનો શિર:છેદ કરાવ્યો હતો, તે વાત આગળ આપી ગયા છીએ.

ખંડ ૪ થો.

યોહાન બાપ્તિસ્મા કરનારના મરણ પછી ઇસુએ છેવટ ગાલીલ પ્રાંત છોડયો ત્યાં સુધી.

સમય—રૂમી શક ૭૮૨ થી ઈ. સ. ૨૯ સુધી.

અધ્યાય ૧ લો.

ઉપોદ્‌ઘાત..

જે વખતે યોહાન બાપ્તિસ્મા કરનારનો વધ થયો તે વખતે લોકોમાં ઇસુની કીર્ત્તિ ફેલાઈ રહેલી હતી. બધા લોકોમાં તે પ્રિય થઇ ગયો હતો. તેના તરફ લોકપ્રીતિનો કળશ માનના શિખર પર ચઢી ગયો હતો, એટલે કે તે જમાનાના લોકો તેને વહાલો ગણી ચહાતા હતા; તેથી તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાં સેંકડો માણસો તેની પાછળ જતાં હતાં. તેમાંનાં કેટલાંએક બોધ સાંભળવા તથા બીજાં કેટલાંએક સાજાં થવા આવતાં હતા. એમ ઉભય રીતે ચોતરફથી લોકોનાં ટોળેટોળાં દોડી આવતાં હતાં. આ બધા આવનારા તેનાં નવીન પરાક્રમી કાર્યો જોવાની વકી રાખતા હતા. તેઓ પૈકી એના પર વિશ્વાસ રાખનારાની સંખ્યા નાનીસુની નહોતી, કેમકે તેના પ્રમાણમાં એક એવો લેખ છે કે જે જે નગરોમાં તથા ગામડાઓમાં તે ગયો ત્યાં ત્યાં લોકોએ રોગીઓને તથા માંદાઓને ચોટામાં લાવીને બેસાડ્યા હતા, કે તેઓ તેના વસ્ત્રોના છેડાને અડકે; "ને જેટલા તેને અડકયા તેટલા સાજા થયા" (માત્થી ૧૪; ૩૬).

એ પ્રમાણે સ્વામીજીનું કાર્ય ધમધોકાર ચાલતું હતું, એટલામાં યોહાન બાપ્તિસ્મા કરનારના મરણની વાત તેના કાને આવી. તે સાંભળીને તે પોતા વિષે વિચાર કરવા લાગ્યો. જેઓએ આ મહાત્માનું ખૂન કીધું તેઓ મારે માટે શું શું કરશે એનો વિચાર થયો. જો કે પોતે લોકપ્રિય હતો, પણ સર્વ માણસોને નહિ; કેમકે તમામ રાષ્ટ્રના લોકોએ "મસીહ" તરીકે તેને સ્વીકાર્યો નહોતો. તેમાંના ઘણાખરા તેને મોટો માનતા હતા; એટલે યોહાન જેવો, કે એલીયાહ જેવો તે મોટો ભવિષ્યવાદી છે એમ માની લેતા હતા, પણ તે ખ્રીસ્ત કે મસીહ ઇસ્રાએલનો રાજા છે એમ માનનારા થોડાજ હતા, અને એ વાત પ્રભુની જાણબહાર નહોતી. માટે હવે પછીના વખતમાં પ્રભુએ જે કામ આરંભેલું તેમાં પોતાના મરણ પર ધોરણ બાંધેલું હોય એમ દેખાય છે. હવે

પછી પોતાની જીંદગીનો વિશેષ સમય એકાંતમાં ગાળવા લાગ્યો. નવીન શિષ્યોની શોધ ન કરતાં જે શિષ્યો હતા તેને વધારે જ્ઞાન પમાડવા લાગ્યો. તેઓ કોણ છે, તેઓનું કર્તવ્ય શું છે, તે બાબતનું જ્ઞાન આપવાનું કામ વિશેષ જારી રાખ્યું. કેમકે હજી સુધી તેઓ ખ્રીસ્ત વિષેના જ્ઞાનમાં કાચા હતા; માટે તે પોતે કોણ? પોતાની ઈશ્વરી ઉત્પત્તિ કેવી? પોતાનું મરણ કેવું? તેમાંથી પુનરૂત્થાન કેવું? તેનું પોતાનું સ્વર્ગારોહણ કેવું? ને છેલ્લે પુનરાગમન કેવું થશે? એ બધી વાતો દાંખલા દલીલોથી શિખવવા લાગ્યો; ને તે બધી વાતો પોતાના મરણ પહેલાં ને પુનરૂત્થાન પછી પરિપૂર્ણ સમજાવી દીધી હતી.

હવે જ્યારે એ પ્રમાણે પોતાના કામની યોજના કરી તે પોતે લોકથી અલગ રહેવા લાગ્યો ત્યારે તેના તરફ લોકલાગણી ઓછી થવા લાગી. પહેલાં જે પ્રમાણે તેને પ્રેમથી ચહાતા હતા તેમાંના ઘણા તેના વિષે બેદરકાર રહેતા હતા. અત્યાર પહેલાં તેણે તેઓનાં પર્વોમાં કે મેળાવડામાં પોતાના મસીહપણા વિષે કાંઇ પ્રગટ કરેલું નહોતું, તેમજ કોઈ પ્રકારનું રાજ્યચિન્હ દેખાડયું નહોતું; પણ તેથી ઉલટું રાબીની રીત પ્રમાણે સાધારણ વર્તન રાખ્યું હતું. તેના શત્રુઓ તેના પર બેસુમાર દોષો મુકવા તત્પર હતા. તેમાંના ઘણા ચંચળ મનવાળા તેના સંબંધી વિપરીત કલ્પના કરવા લાગ્યા હતા. આગળ જતાં પ્રભુએ પણ પોતાના ઉપદેશનું સ્વરૂપ આસ્તે આસ્તે બદલવા માંડયું હતું; એટલે હવે પછી તેણે ઘણું ગૂઢ ને માર્મિક ભાષણ પસંદ કીધું હતું. વળી તેના ભાષણમાં અપ્રિય તથા અરૂચી ઉપજાવનારા દાખલા વાપરવા માંડ્યા. "હું જીવનની રોટલી છું," "મારૂં માંસ ખાવું જોઇએ ને મારૂં રક્ત પીવું જોઇએ," આવું દૃષ્ટાંતિક ભાષણ તેણે અગાઉ કદી આપ્યું નહોતું, તેથી આ વખત તેનું આવું વચન સાંભળીને કેટલાએક જતા રહ્યા. તેમજ આટલા દિવસ તેણે શાસ્ત્રીઓ તથા ફરોશીઓનું માન સાચવી રાખ્યું હતું, તેને ઠેકાણે હવે પછી તે તેઓને તેમના ઢોંગને લીધે ઠપકા દેવા લાગ્યો. જ્યાં સુધી તે પોતાને સારૂ નવા શિષ્યો મેળવવાનો હતો ત્યાં સુધી આ લોકોના કામ સંબંધી વિશેષ બોલતો નહોતો, કેમકે એમ કરવાથી શિષ્યોનાં મન દુઃખાય એમ હતું. તેઓ આ લોકોને ધર્માધિકારી કે બોધક માનતા હતા, તેથી પ્રભુએ તેના સંબંધમાં કંઈ કહેલું નહોતું, પણ હવે વધારે વખત તેઓનાં દુરાચરણ દબાવવામાં સાર નથી. વળી પોતે તથા શિષ્યો તેઓનાથી જુદા થએલા છે એમ સર્વને ખાતરી થાય માટે તેઓનાં કૃત્યો પ્રમાણે અતિ ઘણી તીવ્ર ભાષામાં વાક્યપ્રહાર શરૂ કીધા, તેથી શિષ્યોને ખાતરી થઈ કે ઇસુના શિષ્ય થવું એ તો ધર્મોપદેશકો તથા ધર્માધિકારીઓના દ્વેષપાત્ર ઠરવા જેવું કઠણ કામ છે. વળી તે પોતા વિષેનું જ્ઞાન વધારે ને વધારે આપવા લાગ્યો. આ જ્ઞાનનો મૂળ વિષય એવો હતો કે ઈસુ દેવનો પુત્ર, ઈસ્રાએલનો વચનદત્ત રાજા મસીહ છે. તે યરૂશાલેમમાં જશે ને ત્યાંના લોકોથી અનેક

પ્રકારનાં દુઃખો તથા સંકટો ભોગવશે. એવી એવી તૈયારી કીધા પછી તેણે ગાલીલ પ્રાંત છોડી જવાને નક્કી ઠરાવ કીધો. ત્યાર પહેલાં તેણે ત્યાંનું કામ આટોપી લીધું હતું (આગળ આવનાર વૃત્તાંત બરાબર સમજવા સારૂ આ વાતો ધ્યાનમાં રાખવાની જરૂર છે).

અધ્યાય ૨ જો.

ઇસુ ચમત્કારિક રીતે ચાર હજાર માણસને જમાડે છે.

જ્યારે સુવાર્તા પ્રગટ કરવા ગએલા બાર પ્રેરિતો પ્રભુની પાસે આવ્યા ત્યારે પ્રભુએ તેઓની સાથે એકાંત સ્થળે વિશ્રામ લેવાનો વિચાર કીધો હતો, કારણ કે તેમ કરવાની ખાસ અગત્ય હતી. 'મુસાફરીથી પાછા ફરેલા જુવાનો લાંબી મજલ ખેડીને આવેલા હતા, વળી તેમાં તેઓએ શ્રમ વેઠી કામ કરેલાં હતાં તેથી તેઓને આરામ લેવાની જરૂર હોય એમાં સંદેહ નથી. વળી બીજું એક કારણ હતું તે એવું કે યોહાન બાપ્તિસ્મીના મરણ વિષેના સમાચાર તેઓએ સાંભળ્યા હતા, તેથી તેઓ એકાંત સ્થળે જઇ પ્રાર્થનાદ્વારે દિલાસો મેળવવા ચહાતા હતા; ને જે જગ્યામાં તેનો મુકામ હતો ત્યાં એવી વિશ્રાંતિ મેળવી શકાય તેમ નહોતું કેમકે ત્યાં આખો દિવસ લોકોની ભીડ રહેતી હતી. તેમાં તેઓને એક ક્ષણ માત્ર અવકાશ મળે નહિ, કેમકે તે સમયનું વૃત્તાંત લખનાર સુવાર્તિક લખે છે કે, "તેણે તેઓને કહ્યું કે, તમે પોતે ઉજડ ઠેકાણામાં એકાંત આવો, ને થોડો વિસામો લો; કેમકે આવનારા ને જનારા ઘણા હતા; ને તેમને ખાવાનો પણ અવકાશ મળતો નહોતો" (માર્ક ૬; ૩૧).

કાપરનાહુમથી આસરે છએક મૈલ પર તીબેરિયસ સમુદ્રને ઇશાન ખૂણે બેથસાઇદા નામનું ગામ છે. તે ગામ પ્રાચીન કાળે નાના સરખા નેસડાના જેવું હતું પણ આ કથાકાળને સમયે તેની સ્થિતિ બદલાઈ હતી. કેમકે ઈતુરાઇના ચોથાઇદાર ફિલિપે તેમાં સુધારો વધારો કીધો ને તેને એક નવું નામ આપ્યું હતું, માટે બધા લોકો તેને બેથસાઈદા જુલિઆસના નામે જાણતા હતા. આ જુલિયા ઑગસ્તસ બાદશાહની અપમાન પામેલી પુત્રી હતી. તે દેખાવમાં ખુબસુરત હતી. તેના નામની યાદગીરીમાં ફિલિપે ઉપર બતાવેલું શહેર બંધાવ્યું ને તે નામ આપ્યું હતું. તે નગરની પડોસમાં દક્ષિણ દિશાએ એક સુંદર ને રમણીક અરણ્ય છે. તે પ્રાચીન કાળે વસ્તી વિના નિર્જન્ય હતું ને તેવું એકાંત સ્થળ આ પ્રવાસીઓના વિસામાને સારૂ પસંદ કરવામાં આવ્યું, તેથી આપણી આ કથાનો મુખ્ય નાયક પોતાના શિષ્યવૃંદ સહિત ત્યાં જવાની તૈયારીમાં છે.

હવે ઘણું કરીને પ્રભુની મરજી એવી હતી કે આ મુસાફરી વિષેની વાત લોકોમાં પ્રસિદ્ધ ન થાય તો સારૂં, તેથી તે માત્ર શિષ્યોજ જાણતા હતા, પણ આખરે એ તો બધા લોકો જાણે તેમ પ્રસિદ્ધ થઈ. અબીબ (ચૈત્ર) માસમાં યહુદી લોકો પાસ્ખા પર્વ પાળવા સારૂ યરૂશાલેમ શહેરમાં યાત્રા ભરતા હતા. હવે આ કથાને વર્ત્તમાન કાળે એ પર્વ નજદીક આવેલું હતું, તેથી તે ઉત્તર વિભાગના ઘણા ખરા માણસો પોતપોતાના કાર્યવહેવારથી પરવારીને તે યાત્રા તરફ નિકળી ચુકયા હતા. તેઓને સારૂ મોટો ધોરી રસ્તો તે આ શહેરમાં થઈને જતો હતો, તેથી તે શહેરમાં ઘણા માણસો આવેલા હતા. તેઓને કાને આ નવા ભવિષ્યવાદીની કીર્ત્તિના ડંકા સંભળાયા હતા, તેથી તેને મળવા સારૂ બધા ચહાતા હતા. પ્રભુ ઇસુ તેઓને મળવા તથા તારવા આવેલો હતો, પણ હાલ થોડો વખત આરામ લેવા ચાહે છે તેથી ઉપર પ્રમાણે ઠરાવ કરે એમાં નવાઇ નથી, તોપણ તેમ બન્યું નહિ; કારણ કે જ્યારે સદ્‌ગુરૂ પોતાના શિષ્યવૃંદ સાથે પ્રાતઃકાળે મછવામાં બેઠાં, ત્યારે તે કિનારા પરના લોકોએ તેને દીઠો હતો. વળી પવન અનુકૂળ નહિ માટે તેઓનું વહાણ આસ્તે આસ્તે ચાલતું હતું. એથી ઘણા માણસો તેને એ તરફ જતાં જોતા હતા. પછી એ વાત આખા ગામમાં ફેલાઈ. એકે બીજાને કહ્યું ને બીજાએ ત્રીજાને એમ બધા સંઘને ખબર મળી કે ઇસુ તથા તેના શિષ્યો બેલબતેખાના જંગલ તરફ સામે કિનારે ગયા છે.

આ સ્થળ યરદનના પૂર્વ કિનારા પર દરિયાના સંગમ પાસે આવેલું છે, ને જેમ આપણે ઉપર વાંચી ગયા તેમ કાપરનાહુમથી માત્ર છજ મૈલને અંતરે છે, માટે બીજા બધા પગરસ્તે ચાલીને તેઓની આગળ સામે કિનારે જઇ પહોંચ્યા હતા. પ્રભુ જે લોકોથી થોડો વખત નિવૃત્તિ પામવા મુસાફરી કરે છે તે લોકો તેની રાહ જોતાં સામા આવી ઉભા છે, એટલામાં પ્રભુની હોડી કિનારા પર આવી પહોંચી, તેથી બધા લોકો તેને લેવા સારૂ સામા દોડ્યા. સુવાર્તિક માર્ક તથા યોહાનનાં લેખમાં એવી વાત આવે છે કે પ્રભુએ તે બધાને એક પહાડની તળેટીમાં સ્હેવાનો હુકમ કીધો; ને પોતે શિષ્યો સહિત કેટલીએક વાર એકાંતવાસ લીધા પછી તે પાછો આવ્યો (માર્ક ૬; ૩૩. યોહા. ૬; ૨૪).

આ વખતે પ્રભુએ એ બધા લોકોને જોયા ત્યારે તેઓના પર તેને ઘણી દયા આવી, કેમકે "તેઓ રખેવાળ વગરનાં ઘેટાંના જેવા હતા," તેથી તેઓને દેવના રાજ્ય વિષેની ઘણી વાતો શિખવી તથા તેઓમાંનાં માંદાંઓને સાજાં કીધાં. એ પ્રમાણે કામ કરતાં ઘણો વખત વિતી ગયો ને દિવસ નમવા લાગ્યો. એમ આ જંગલમાં દિવસ પૂરો થવા આવ્યો ત્યાં સુધી સઘળો સમુદાય સુવાર્તા-શ્રવણ કરે છે. આખા દિવસની ભૂખ તરસ વિસારીને પ્રભુ તેઓને સદ્‌બોધ આપવામાં રોકાયો છે, એટલામાં એક શિષ્ય પ્રભુની વિનંતી કરવા આવ્યો,

તેણે કહ્યું કે, પ્રભુ, હવે આ લોકોને રજા આપો કે તેઓ શહેરમાં જાય ને ખાવાપીવાનો બંદોબસ્ત કરે. તેના મનમાં આ સમુદાય પર દયા આવી હશે, કેમકે તેમાં સ્ત્રી, પુરૂષો તથા છોકરાં પણ હતાં. પ્રભુ તેને જવાબ આપતાં કહે છે કે, "તમે તેઓને ખાવાનું આપો." એ વચન સાંભળી તે વિચારગ્રસ્ત થયો. તેણે વિચાર કીધો કે જો પચાસ રૂપીઆની રોટલી લાવીએ તોપણ શું થાય? દરેકને ભાગ નવાલો નવાલો પણ પહોંચે નહિ? માટે હવે શું કરવું? શું રોટલી ખરીદ કરવી કે કેમ? પ્રભુએ તેને કહ્યું કે, શું તમારી પાસે કાંઈ છે? તેણે કહ્યું કે, માત્ર થોડી રોટલી ને થોડી માછલી. પણ તે આટલામાં શું ગણાય? જેમ હાથી પાસે કોળી હોય તેમ છે. આ પ્રમાણે શિષ્યો નિરાશાની તથા લાચારીની હાલતમાં આવી પડ્યા. પ્રભુ તેઓના વિચાર જાણી ગયો કે મારા શિષ્યો લાચારીમાં તથા શકમાં આવી ગયા છે, માટે તેવી સ્થિતિમાં વધારે વખત રહેવા દેવા તે સારૂં નથી. તેણે કહ્યું 'કે જે તમારી પાસે હોય તે મારી આગળ લાવો ને લોકોને જમવા બેસવાનું કહો.'

આ વખત પ્રભુએ થોડા શબ્દોમાં નાની સરખી આજ્ઞા આપી કે, "લોકોને પચાસ પચાસની પંગત પાડીને બેસાડો," તેથી તેના શિષ્યોને શાંતિ વળી. સદ્દ્ગુરૂના ફરમાન પ્રમાણે તે આખો સમુદાય પચાસ પચાસની ગોળ ચક્રાકાર પંગતમાં બેસી ગયો. તેઓના ગલીચાની ગરજ સારનાર સુંદર કુમાશીદાર લીલુંછમ ઘાસ વસંત ઋતુની કુદરતે બિછાવ્યું હતું. તેના ઉપર આ બધી મેદની સુંદર બગીચાનાં ચક્રોની પેઠે ગોઠવાઈને બેઠી હતી. એક બાજુ પુરૂષો બેઠેલા હતા, ને બીજી બાજુ સ્ત્રીઓ તથા છોકરાં બેઠેલાં હતાં. જાણે કે આ નિર્જન્ય વનમાં મહા પ્રતાપી સદ્દ્ગુરૂના ચરણપ્રભાવે એક સુશોભિત બગીચો બન્યો, તેમાં વૃક્ષવેલી તથા ફૂલઝાડોને સ્થળે અમર આત્માવાળાં મનુષ્ય-પ્રાણી ઉગી નિકળ્યાં હોય તેમ થયું. તે દેખાવનું સુંદર ચિત્રામણ જોનારના અભ્યંતરમાં કલમ પેન વિના ચિત્રાઇ ગયું હતું. તેમાંનો એક પ્રભુના આકાશ-ગમન પછી ઘણે દહાડે એ વર્તમાનની નોંધ લેનાર થયો. તેણે અતિ સુંદર અને મનપસંદ શબ્દોમાં તેનો પ્રસારો કીધો છે, તે વાંચતાં ઉપરનો અનુપમ બગીચો યાદ આવ્યા વિના રહેતો નથી. નિયમ પ્રમાણે સર્વ લોક બેસી ગયા છે ને તેઓને મધ્ય ભાગે પ્રભુ પોતે પ્રસન્ન વદનથી ઉભો ઉભો સર્વને નિહાળે છે, ને હાલમાં પોતે જે દયા ભરેલું કાર્ય કરનાર છે તેના આનંદમાં અતિ ઘણો પ્રસન્ન થયો છે. ભોજનપંગતમાં બેઠેલાં સર્વની દૃષ્ટિ તેના તરફ લાગી રહેલી છે. એવામાં દરેક માણસની અગત્ય પ્રમાણે જરૂરનો ખોરાક ભરપટે મળવા લાગ્યો. અહા! આ કેવો ચમત્કાર! કદાચ કોઇ કહેશે કે શું તેણે આકાશમાંથી રોટલીનો વરસાદ વરસાવ્યો હશે? કે શું એકાએક લોકોનાં વાસણોમાં ઉગી નિકળી હશે? ના, ના, એવી કાંઈ વાત બની નથી, પણ પ્રભુની પાસે જે થોડી

રોટલી આવી હતી તેમાં આશીર્વાદથી બરકત થઈ ને વૃદ્ધિ પામી. તે વિષે સુવાર્તામાં લખ્યું છે કે, "તેણે પાંચ રોટલી તથા બે માછલી લઇને આકાશ તરફ જોયું ને આશીર્વાદ માગ્યો. પછી તે રોટલીઓ ભાંગીને પીરસવા સારૂ શિષ્યોને આપી અને એજ પ્રમાણે માછલી પણ સર્વને વહેંચી આપી." પ્રભુના આશીર્વાદથી તે વધીને પુષ્કળ થઇ.

આપણા દેશમાં રામચંદ્ર તથા કૃષ્ણજીના ચમત્કારોની ઘણી ઘણી વાર્તાઓ ચાલે છે, તેની સાથે આ વાતનો મુકાબલો કરીએ તો તેની સત્યતાનું પ્રમાણ વાંચનારના અંતઃકરણમાં પ્રગટ થયા વિના રહેશે નહિ, કેમકે આ વાતમાં અતિશયોક્તિ નથી પણ તે સરળ અને સાદી જેવી થઇ તેવી લખી છે. તેમાં બતાવે છે કે કાંઈ મિષ્ટાન્નપાન કે ખટરસ ભોજન બનાવી આપ્યું નહિ પણ જે આપ્યું તે સાદું ને નિર્મળ હતું તેથી તે જમનારને અમૃત ને મિષ્ટાન્નપાન બરાબર સ્વાદીષ્ટ લાગ્યું હતું.

હવે એ પ્રમાણે જંગલમાં પરોણાચાર કરવાના ચમત્કારો સંબંધી હિન્દુ પુરાણોમાં ઘણી વાર્તાઓ આવે છે, તેમાંથી અજમાયશ દાખલ એક ફકરો અત્રે ઉતારવા ધાર્યું છે, તેથી વાંચનારના મનમાં ખાતરી થશે કે ખરા ઇતિહાસમાં તથા કપોલ વાર્તાઓમાં આસમાન જમીન જેટલો ફેર છે. વાલ્મિકકૃત રામાયણના અયોધ્યા કાન્ડમાં એવી એક વાર્તા આવે છે કે, રામચંદ્રજીના વનવાસ પછી તેનો ભાઇ ભરત પોતાના સૈન્ય સહિત તેને મળવા જતો હતો, ત્યારે રસ્તે જતાં ભારદ્વજ ઋષિના આશ્રમ પાસે આવ્યો, ને ત્યાં છાવણી કરી. તે વખત તેની પરોણાચાકરી કરવામાં એ ઋષિએ અદ્દભુત ચમત્કાર કીધા ને પુષ્કળ મધ તથા માંસ, દૂધ તથા અનેક પ્રકારનાં મિષ્ટાન્નપાન પેદા કીધાં; એટલુંજ નહિ પણ સૈનિકોની સરભરા સારૂ ઘણી સ્ત્રીઓ પણ બનાવી. તેના સંબંધમાં વાલ્મિક ઋષિ એવું લખે છે કે, તે વનની તમામ વૃક્ષવેલી સ્ત્રીરૂપ ધરીને પરોણાઓની પાસે આવી અરજ કરવા લાગી કે, હે સુભટ્ટ સૈનિકો, તમારામાંના જેઓ સુરાપાન કરતા હોય તેઓ આવો ને સુરાપાન કરો. પયપાન કરનારા ક્ષુધાપીડિતો, તમે પયપાન કરો. આ ઉત્તમ અને પવિત્ર માંસનું પ્રાશન કરનારા, તમે તેનું પ્રાશન કરો. ભાતભાતનાં મિષ્ટાન્નપાન કરનારા, તમે મનવાંચ્છિત ભોજનપાન કરો. એ રીતે સર્વને સરભરા કરી સંતોષ પમાડવા સારૂ ત્યાં દૂધનું સરોવર બનાવ્યું; તેનો ઘેરાવો ૬૬ મૈલનો હતો!

હવે આપણે ઉપરના ચમત્કાર વિષે તથા ખ્રીસ્તના ચમત્કાર વિષે વિચાર કરીએ તો તેમાં ખરા ઇતિહાસની પરીક્ષા થશે. ખ્રીસ્તના ચમત્કારની વાત વાંચતાં કાંઈ શંકા રાખવાનું કારણ રહે તેમ નથી, કેમકે હજારો લોકોના દેખતાં તે બન્યો. તેના સ્પર્શથી તેઓની રસેંદ્રિઓ તૃપ્તિ પામી, ને તેથી તેઓનાં મન

સમાધાન પામ્યાં. એ ઉપરથી પ્રભુના ઉદારપણાની તથા વિપુલતાની ખાતરી થાય છે. તેમ છતાં શિષ્યોની દક્ષતા તથા દીર્ઘતા સારૂ ઉપદેશની અગત્ય હતી, માટે તેણે તેઓને એવો હુકમ આપ્યો કે છાંડેલા કડકા એકઠા કરો ને તેમ કરવાથી બાર ટોપલી ભરાય એટલા કડકા વધી પડ્યા હતા. કદાપિ આ જગ્યાએ વાંચનાર પ્રશ્ન કરે કે એવા જંગલમાં ટોપલા કોણ લાવ્યું હશે? તેના જવાબમાં એવો ખુલાસો છે કે યહુદી લોકો પરધર્મીઓને રાંધેલું અનાજ આપતા નહિ, કારણ કે તેમ કરવાથી અનાજને વટાળ લાગે છે એમ માનતા હતા; તેથી મુસાફરીને વખતે તેઓ પોતાની સાથે ભાતાના કંડીઆ રાખતા હતા ને આટલા બધા મુસાફરોમાં તેથી અધિક કંડીઆ હશે એમાં શક નથી.

આ ચમત્કારથી પ્રભુના પરોપકારીપણા વિષે આપણને ઉત્તમ બોધ મળે છે, કેમકે જ્યારે તે પોતે રાનમાં ક્ષુધાતુર હતો ત્યારે તેણે શેતાનની સૂચનાથી પત્થરની રોટલી બનાવી નહિ ને પોતાને પરાક્રમે પોતાને સંતોષ્યો નહિ, પણ આ જગ્યાએ બીજાઓની ભૂખ મટાડવા સારૂ ચમત્કારિક રીતે પુષ્કળ રોટલી બનાવી આપી હતી એમાં કેટલી મોટી પરોપકારવૃત્તિ છે તેનો વિચાર કરો. વળી બીજું કે પ્રભુએ એ પ્રમાણે ભૂખ્યા માણસોને અન્નદાન આપી પોતાની મંડળીને પરોપકારનો નમુનો દીધો, તેથી ખરા ખ્રીસ્તીઓ ભૂખ્યાઓને જમાડી તૃપ્ત કરે છે. બધા ખ્રીસ્તી દેશોમાં ગરીબ લોકોનું પોષણ કરવામાં ખ્રીસ્તી મંડળી જેટલું અન્નદાન આપે છે એટલું બીજે અપાતું નથી. વળી તેમાં પંક્તિભેદ સિવાય સર્વને પોષે છે.

આ ચમત્કાર જોવાથી લોકોનાં મન ધર્મભાવે ને આવેશે ભરાઈ ગયાં હતાં. તેઓએ આપસઆપસમાં વિચાર ચલાવી નિશ્ચય ઠરાવ કીધો કે જે મસીહની આપણે આશા રાખેલી છે તે મસીહ ઈસુ પોતે છે, તે દાઉદનો પુત્ર ને આપણો વચનદત્ત રાજા છે, માટે હવે આપણે બીજાની રાહ જોવાની નથી, તેથી તેને રાજ્યાભિષેક કરીએ ને પછી આ પર્વને વખતે યરૂશાલેમ જઇ મુખ્ય યાજકોને તથા બધા ઇસ્રાએલી ભાઇઓને કહી જાહેર રાજા કબૂલ કરાવીશું. આ ઠરાવ તેના શિષ્યોને પસંદ પડેલો હતો, પણ જ્યારે પ્રભુએ એ વાત જાણી ત્યારે તેણે શિષ્યોને સમુદ્રમાર્ગે પાછા ઘેર જવાની આજ્ઞા આપી ને પોતે લોકોને ઉપદેશ આપી પહાડ પર એકાંતમાં ચઢી ગયો, ને જ્યારે લોકોએ જાણ્યું કે શિષ્યો સામે પાર ગયા છે ત્યારે તેઓ પણ જે વાટે આવ્યા હતા તે વાટે પાછા ગયા.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે પ્રભુએ શિષ્યોને આજ્ઞા આપી, લોકોને વિદાય કીધા ને તે પોતે એકલો પહાડ ઉપર ચઢી ગયો હતો. એ પ્રમાણે એકાંત જવાનું શું કારણ હશે એવો સવાલ વાંચનારના મનમાં સહજ આવ્યો હશે. તેના જવાબમાં સુવાર્તાનો લેખક એવો ખુલાસો લખે છે કે, "પ્રાર્થના

કરવા સારૂ તે ઉપર ચઢી ગયો હતો.” એ પ્રમાણે પૂર્વે એક વાર તે આવા સ્થળે પ્રાર્થના કરવા ગયો હતો, પણ તે સમયે આ વખત કરતાં તેની પ્રાર્થનાનો વિષય નિરાળો હતો, કેમકે તે વખત તે મંડળી બાંધવાનો તથા પ્રેરિતોની નિમણુક કરવાનો હતો; પણ આ વખતે તે રણસંગ્રામનો આરંભ કરનાર હતો. આજે આ આપણો પ્રમુખ યાજક પહાડરૂપ વેદી પર ઇશ્વિરસમાગમ લેવા જાય છે ત્યારે રસ્તે જતાં તેના મનમાં કેવા કેવા વિચારો આવ્યા હશે તેનો ખ્યાલ કરો. તેનો અગ્રેસર દૂત જે યોહાન તે કતલ કરાયો હતો ને તે વર્તમાન સાંભળી પોતાના મરણ વિષે સૂચના પામી ચુકયો હતો. જ્યારે તે પહાડ ઉપર ચઢતો હતો ત્યારે સરોવર પર તોફાની વાદળ તથા વાવાઝોડાં જોઈ પોતા પર ધસી આવનાર તોફાન વિષે નિશાણીરૂપ ગણતો હતો, કેમકે થોડા વખત ઉપર પ્રેમઘેલા લોકોની ગાંડી પ્રીતિ તેણે જોએલી હતી. તેનું તાજું ચિત્રામણ હજી તેના હૃદય પરથી ખસ્યું નહોતું, તેથી તે દિવસનું તથા બીજા દિવસોનું દમન કરવા તેણે નક્કી ધાર્યું હશે. ઠીક, જે હોય તે હોય! થોરે કેળું ન નિપજે. કેળે કાંટો ન હોય. જે પ્રભુને ગમે તે ખરૂં. હવે તે પહાડના શિખર પર ચઢી ગયો છે, ત્યાંથી નીચે હવે પવનના સુસવાટા થતા હોય તે છો થયા કરે. વૃક્ષલતા એકેક સાથે અથડાઈ કડકડાટ કરતી હોય તે છો કરે. એ નીચેનું તોફાન ને વાવાઝોડાં તેની ઈશ્વરી શાંતિમાં ખલેલ પહોંચાડી શકે તેમ નથી. તેની આજુબાજુનાં વૃક્ષો નિર્બળ થઈ જડમૂળથી ઉથલી પડે તો ભલે ઉથલી પડો પણ તે પોતાનું બળ સંભાળી શકે છે, કારણ કે તે પોતાના બળદાતા ઇશ્વિરના સમાગમમાં છે, તેથી તેને અવાચ્ય સુખ તથા આનંદાનંદ પરમાનંદ છે કેમકે ઇશ્વર તેની પાસે છે.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે સમીસાંજથી વાદળાંનો ઘેરાવો તથા વાવાઝોડાં ને તોફાન શરૂ થએલ છે, ને પ્રભુ ઈસુ પહાડ પર પ્રાર્થના કરે છે. તેના શિષ્યો હોડીમાં રહી ગાલીલ સરોવર પર મુસાફરી કરે છે તે વખતનો ઇતિહાસ લખનાર લખે છે કે, “વા ભારે વાયાથી સમુદ્ર ઉછળતો હતો” (યોહા. ૬ ; ૧૮). એવા વખતમાં ઘડી પર ઘડી વ્યતીત થતાં છેક રાત્રિનો ચોથો પહોર થવા આવ્યો. એટલા સમયમાં તેઓ માત્ર દોઢેક ગાઉ પહોંચી શકયા હશે. તોફાન તો જેવું ને તેવું જામી રહેલું છે. હવે તે બિચારા લાચાર થઇ ગયા હતા. એક તો ઉજાગરો ને વળી આખી રાતની મહેનત, તેથી લોથપોથ થઇ ગયા. તેઓનાં સર્વ સંકટ હરનાર મદદગાર પહાડ પર છે, ને સર્વ સંકટ કરનાર મદદગાર હાડવૈરી થઈ કેડો છોડતો નથી. એવા ખરી ઓપટીના સમયમાં આવી પડેલા શિષ્યોની અડચણ પ્રભુની નજર બહાર નહોતી. જો કે તે પોતે જમીન પર હતો ને તેઓ સમુદ્ર પર હતા પણ પ્રભુનું મન તેઓની પાસે પહોંચી ગયું હતું. તેઓનાં સંકટ તે જાણી લેનાર હતો, માટે આવા દુઃખના પ્રસંગમાં તેઓ પર દયા લાવ્યો. આ વખત

જેમ કોઈ જમીન ઉપર ચાલે તેમ પાણી પર ચાલીને પ્રભુ પોતાના શિષ્યોને સહાય આપવાં આવ્યો. શિષ્યો ગભરાટમાં પડી મછવો સંભાળવાની તથા ચલાવવાની ગડમથલમાં પડ્યા છે, એવામાં મોજાઓ ઉપર કાંઈ સફેદ આભાસ દેખાયો. તે વધારે ને વધારે નજીક આવતો ગયો તેમ સ્પષ્ટ પુરૂષાકાર દેખાવા લાગ્યો, તેથી તેઓ વધારે ભય પામી પોકારવા લાગ્યા કે આ તો ચરિત્ર કે ચેટક જેવો આભાસ દેખાય છે. તેના વિષે માર્ક લખે છે કે, "તેઓએ બૂમ પાડી." ભય ભય ને ભય ચોતરફ ભય છે! માટે આ મદદગારને પણ ભયરૂપ જાણી બૂમ પાડી ઉઠયા હશે! પ્રભુ ઇસુ તેઓની ભયભીત હાલત જાણતો હતો ને તેમાંથી છોડાવવા સારૂ તે અસાધારણ રીતિએ આવ્યો હતો, તોપણ 'માર્યું માર ભાળે છે' એ કહેવત પ્રમાણે આપણા ગભરાયલા મુસાફરો સહાય કરવા સારૂ આવનાર સદ્‌ગુરૂને ઓળખ્યા વિના બૂમ પાડી ઉઠયા હશે એમાં શક નથી. પણ સંકટમાં પડેલા શિષ્યોની બૂમ સાંભળી પ્રભુએ હિંમત આપી નિર્ભય કરનારા શબ્દોમાં કહ્યું કે, "બીહો મા, ધીરજ રાખો, એ તો હું છું." વાંચનાર મિત્રો, શું તમે કદી એવી સ્થિતિમાં આવ્યો છો? શું ત્યારે તમારે કાને એવા શબ્દો આવ્યા? કદાપિ તે દરિયાના મુસાફરોની પેઠે સર્વને થયું ન હોય, તોપણ લાક્ષણિક રીતે આપણ સર્વ આ ભવસાગરમાં આપણી હોડીઓ ચલાવીએ છીએ તેમાં ઘણી ઘણી વેળા સંસારિક ત્રીવિધ, તાપનાં વાદળ, પરીક્ષણોના વંટોળીઆ, તથા વાવાઝોડાં, નબળાઇ ને ઠોકરરૂપ ખડકો ને ખરાબા આવી પડે. જ્યારે અસમાની સુલતાની દુઃખોનો અંધકાર ચોતરફ છવાઈ ગયો હોય ત્યારે આપણી હોડીની કેવી હાલત થાય છે! જો આપણે એવા સમયમાં આ મદદગારની સહાય માગવા બૂમ પાડી હોય અને ઉપર પ્રમાણે તે આપણી પાસે આવીને કહે કે, "બીહો મા, ધીરજ રાખો, એ તો હું છું;" તો આપણને તે વાણી કેવી લાગે? એવી મીઠી વાણી સાંભળીને શિષ્યોના મનમાં ધીરજ આવી. તેઓમાંનો એક આતુરતાથી બોલી ઉઠયો કે, પ્રભુ, તે તુંજ છે તો મને તારી પાસે આવવાનો હુકમ આપ, ને તેણે એને કહ્યું કે આવ, તે સાંભળીને પીતર વ્હાણ પરથી કુદી પડયો ને પાણી પર ચાલવા લાગ્યો. જ્યાં સુધી તેની દૃષ્ટિ તારનાર પર અચળ રહી ત્યાં સુધી તે અડગ રહીને ચાલતો રહ્યો. પવનના સુસવાટાથી તેના વાળ ફડફડતા હતા, પણ તે પોતે મક્કમપણે ચાલ્યો જતો હતો. અત્યાર સુધી મહા વિક્રાળ મોજાઓની છોળોથી તેનાં વસ્ત્રો ભીંજાયાં, પણ બીજી ઇજા થઈ નથી. પાણીનું જોર તેના પર કાંઇ અસર કરી શકયું નથી. પરંતુ જ્યારે તેણે વિશ્વાસની નજર ફેરવીને સામે ધસી આવતા પ્રચંડ મોજા તરફ જોયું ત્યારે તેની દૃષ્ટિએ પ્રથમનો ઘોર અંધકાર ખડો થયો. એથી તેના મનનો ગર્વ ગળી ગયો ને નિરાશાના વમળમાં ગળકાં ખાવા લાગ્યો. આ ડુબતા શિષ્યના મ્હોમાંથી સહાય માગનાર ધ્વનિ નિકળ્યો કે, "ઓ પ્રભુ, મને બચાવ;" પ્રભુએ

તે પોકાર સાંભળી પોતાનો બળવાન ભુજ લંબાવ્યો ને તેને પકડી લીધો, હા, તેણેજ બુડતા શિષ્યનો બચાવ કીધો. પ્રભુ ઇસુએ ડુબતા પીતરનો બચાવ કીધો ને કહ્યું કે, "અરે અલ્પ વિશ્વાસી, તું સંદેહ કેમ લાવ્યો?" આ વચનો ઉપરથી પીતરની પ્રીતિ પૂર્ણ તૃપ્ત થઇ, ત્યાર બાદ ગુરૂ ને શિષ્ય બન્ને જણુ સુખરૂપે વહાણ પર ચઢી ગયા. હવે પછી પવન બંધ થયો, વાદળ વિખેરાઈ ગયાં, ને ઝડપથી પવનવેગે મછવો ચાલવા લાગ્યો, પ્રકાશિત ચંદ્ર પોતાનાં શિતળ રૂપેરી કિરણોથી પ્રકાશમાન થયો, તેના પ્રકાશમાં વધારો કરવાનો ભાવ દેખાડનાર તારાઓ એક પછી એક દૃષ્યમાન થવા લાગ્યા, ને થોડા વખતમાં ચોતરફ પ્રકાશ ને અજવાળું ફેલાઇ ગયાં; એટલામાં આ મંડળી ગાડરેનોના પ્રાંતના કિનારા પર આવી પહોંચી હતી.

મારા વ્હાલા વાચકને યાદ હશે કે આ વખત પહેલાં આપણા આ મુસાફરો ગન્નેસરેત (ગાડરેનો) દેશના કિનારા પર આવી ગયા છે. સુવાર્તિક માત્થીના લેખ પ્રમાણે હાલ તે બીજી વાર આવ્યા છે, પણ આ વખત લોકોનો રંગ જુદો દેખાય છે. સદ્ગુરૂની આગતાસ્વાગતા કરી આનંદભેર આવકાર કીધો. તેની પરોણાચાકરી કીધી એટલુંજ નહિ પણ તે આનંદમાં પોતાના દેશબંધુને પણ યાદગિરીમાં લાવ્યા; એટલે આસપાસનાં ગામોમાં જે માંદાં કે દુ:ખી હતાં તેઓને ખેપિયા મારફતે બોલાવ્યાં, ને પ્રભુના ચરણમાં મુકયાં ને જેટલાં તેની પાસે આવ્યાં તે બધાં સાજાં થયાં. વળી તેના રસ્તાઓમાં ઘણાં માંદાંઓ તેના વસ્ત્રની કોરને અડકવાની વિનંતી કરતાં હતાં ને જેટલાં તેના વસ્ત્રની કોરને અડકયાં તેટલાં સાજાં થયાં. એમાં આપણે ઈસુના પ્રેમનું પરિણામ જોવાનું છે. ગયેલા વખતમાં આ લોકોએ ઇસુ પર પ્રેમ કીધો નહિ તો તેઓ લાભ વિના બીકથી પાછા ગયા. આ વખત પ્રેમથી ઇસુને સ્વીકાર્યો ને ચાહનાથી રાખ્યો ત્યારે શરીરના તથા આત્માના રોગથી નિરોગી થયા. એમ થોડાઓના પ્રેમને લીધે ઘણાઓને લાભ થયો (માત્થી ૧૪; ૩૬).

ઉપર બતાવેલા જમણના ચમત્કારમાં હાજર થએલા માણસોએ સાંજની વેળાએ આસપાસનાં ગામોમાં ઉતારો કીધો હતો. પ્રભુએ શિષ્યોને સામે કાંઠે મોકલી દીધા ને પોતે પહાડ ઉપર ગયો એ વાતની તેઓને ખબર હતી, માટે બીજા દિવસે પ્રાતઃકાળે તે અમને અહીં મળશે એવી આશા હતી; પણ સવારમાં તેનો મેળાપ થયો નહિ, માટે સામે કાંઠેથી આવેલી હોડીઓમાં બેસીને તે તેઓને શોધવા સારૂ કાપરનાહુમમાં આવ્યા, કારણ કે ઘણું કરીને તે તેનું નિવાસસ્થાન હતું. આ લોકોના આવ્યા બાદ પ્રભુ પણ ગાડરેનોના દેશમાંથી પાછો આવ્યો.

અધ્યાય ૩ જો.

માન્ના તથા આકાશી રોટલી વિષે સંવાદ.

ઉપર આવેલી બીનાઓ પરથી વાંચનારે જાણ્યું હશે કે પ્રભુ ઇસુ ગાડરેનોથી પાછો આવ્યો ને તેને શોધનારા લોકો પણ આવ્યા છે. તે લોકોએ રાનમાં તેનો ચમત્કાર જોયો ને તેથી તેને રાજા ઠરાવવાની મસલહત કીધી, પણ પ્રભુએ તેમાં પોતાની સંમતિ આપી નહિ; તેમ છતાં એ વિચારમાં મકમપણે વળગી રહેનારા લોકો તેની શોધ કરવા કાપરનાહુમમાં આવ્યા છે. આ લોકો મસીહના રાજ્યમાં દૈહિક સુખભોગ પામવાની આશા રાખે એનું સબળ કારણ તે રાબી લોકોના ઉપદેશ પરથી પ્રદર્શિત થયું હતું, કેમકે તેઓ પોતાના ઉપદેશમાં મસીહના સમય વિષે વર્ણન કરતા ત્યારે એવી એવી આશાજન્ય વાર્તાઓ લાવતા હતા કે જ્યારે મસીહ આવશે ત્યારે સર્વ ઇસ્રાએલપુત્રોને એદન બાગમાં સમેટી લેશે, એમના રહેવાને સારૂ સુંદરમાં સુંદર રાજ્યભુવનો કરતાં અધિક સુંદર સ્વર્ગી ભુવન મળશે, તે હીરા, માણેક ને ઉત્તમ જાતના કંકરથી બંધાવેલાં હશે, તેની અંદર મણી, રત્ન ને મુકતાજડિત સોનારૂપાના પલંગો હશે, તે પર રેશમી તળાઇઓ, મખમલના ગાદીતકીઆ, ને ગાલ મસુરીઆં હશે, વળી તેઓની શરીરશુદ્ધિને સારૂ ભાતભાતનાં સુગંધી તેલની તથા અત્તરની નદીઓ વહેતી હશે, તેમાં તેઓ સ્નાનશુદ્ધિ કરશે, તેમજ તેના ખાવાપીવા સારૂ સારા, સુંદર ને સ્વાદિષ્ટ મેવા મળશે, ઉત્તમ પ્રકારનું સ્વર્ગી માન્ના ને સ્વાદિષ્ટ મુરઘાંનું ગોસ મળશે, પીવાને સારૂ ઉત્તમમાં ઉત્તમ દ્રાક્ષરસની નદી વહે છે તેનું પાન કરવાનું મળશે. એ પ્રમાણે તે જમાનામાં મસીહના લોકો સુખભોગ ભોગવી ખાશે, પીશે તથા આરામ લેશે એવી એવી સર્વ આશાજનક વાતો સાંભળી આ ભોળા લોકો મસીહના રાજ્યનો સુખી જમાનો પામવા ચાહે તો તેમાં તેનો અપરાધ નથી, કારણ કે એ બધાં સુખો લોહચુંબકની પેઠે માણસની ભાવનાઓને પોતા ભણી ખેંચે એ સ્વાભાવિક છે, તેથી આ લોકો પર આપણે રીસે ભરાવાનું નથી. હોય! માણસજાત એવાં સુખની લાલસાથી ખેંચાય તેમાં નવાઇ નથી, ને વળી બીજું કે, તેઓના ઉપદેશકોએ એવુંજ શિખવ્યું તેમાં આ લોકોનો વાંક નથી. હમણાં તેઓ બધા મળી સદ્ગુરૂની પાસે આવે છે ને પ્રશ્ન કરે છે કે, "રાબી, તું કયારે અહીં આવ્યો"? એના જવાબમાં ઇસુએ જે કહ્યું તે બુદ્ધિપૂર્વક ચતુરાઈ ભરેલું છે. તે પોતાની સવિસ્તર હકીકત કહેતો નથી, તેમજ તે ગડબડગોટા વાળી કાંઈ છુપાવતો નથી, પણ પોતાના ચમત્કારનો પરોપકારી તથા પવિત્ર અર્થ સમજાવવા સારૂ બોધવચન સંભળાવે છે; એટલે તેણે તેઓને કહ્યું કે જે અન્ન નાશવંત છે તેને સારૂ નહિ, પણ જે અનંત જીવન સુધી ટકે છે, જે માણસનો દીકરો તમને આપશે, તેને

સારૂ મહેનત કરો. જ્યાં સુધી તમે તે અન્નથી અજ્ઞાન છો ત્યાં સુધી તમે મોટા લાભથી અળગા રહો છો. તમને એ સ્વર્ગી અન્ન આપવા સારૂ દેવબાપે મને મોકલ્યો છે. હું માણસનો પુત્ર છું—હું મસીહ છું—હું દેવપુત્ર છું ને તમને અનંતકાળ સુધી ટકનારૂં અન્નદાન આપવા આવ્યો છું. જો તમે મારા શિષ્ય થશો ને એવી ભૂખ બતાવશો તો હું તમને તે અન્ન આપીશ (યોહા. ૬; ૨૮).

પ્રભુ ઇસુનાં એવાં વચનો સાંભળી લોકોએ તેનો મનપસંદ અર્થ કીધો હતો, કેમકે તેઓના રાબી લોકોની તાલીમ એવીજ હતી. જેમ આપણા દેશમાં બ્રાહ્મણ લોકો નવાં નવાં દાનો તથા અનુષ્ઠાનો ને વ્રતવ્રતાળ શોધી કાઢે છે ને તેની નવીન ક્રિયાઓ તથા ફળો બતાવે છે તેમ તેના રાબી લોકો પણ કરતા હતા, તેથી આ લોકોના મનમાં સહજ એવો ખ્યાલ આવ્યો હશે કે ઇસુ ગુરૂ કાંઈ નવીન વ્રત કે નવીન ક્રિયા બતાવવાનો હશે તો અમે તે પ્રમાણે કરીશું, ત્યારે મસીહના રાજ્યસુખ વિષે અમારી મનકામના પૂર્ણ થશે માટે તેઓએ બીજો સવાલ પૂછ્યો કે, "અમે દેવનાં કામ કરીએ તે સારૂ અમારે શું કરવું જોઇએ?" તેના જવાબમાં સ્વામીજી તેઓને કહે છે કે, "જેને તેણે મોકલ્યો છે તેના પર તમે વિશ્વાસ કરો, એજ દેવનું કામ છે." તેમાં તે બતાવે છે કે વિશ્વાસ તે સર્વ સત્કર્મનું મૂળ ઝરણુ છે, માટે તેમાંથી ઉદ્‌ભવતાં સત્કાર્યો ફળદાતા થયા વિના રહેતાં નથી, કેમકે તે કૃત્યો દેવને માન્ય થાય છે ને પ્રતિફળ આપે છે. આ વચન તે મિશ્રિત સમુદાયને બરોબર ગમ્યું હોય એમ દેખાતું નથી. તેઓમાંના કેટલાએક તેના ચમત્કારો જોનારા હતા ને બીજા કેટલાએક તે વાત સાંભળનારા હતા. તેવાઓને હજી કાંઈ વિશેષ ચમત્કાર કે નિશાણી જોવાનું બાકી રહી ગયું હતું. તેમાંના કેટલાએક શાસ્ત્રીઓ તથા ફરોશીઓ હતા. કેમકે સુવાર્તિક માત્થીના લેખ પ્રમાણે જોતાં એવું દેખાય છે કે યરૂશાલેમથી કેટલાએક શાસ્ત્રીઓ તથા ફરોશીઓ તેની પરીક્ષા કરવા આવ્યા હતા (માત્થી ૧૫; ૧. માર્ક ૭; ૧). તેમાંનો એક માણસ પ્રભુની પાસે આવી કહેવા લાગ્યો કે, અમે તારા પર વિશ્વાસ કરીશું પણ તેના પ્રમાણરૂપી તું કાંઇ ચમત્કાર બતાવે તો એ વાત બને તેમ છે. જો, અમારા પિતૃઓની આગળ મુસાએ મોટા મોટા ચમત્કારો કરી પોતાનો અધિકાર સાબીત કીધો હતો, તેણે અમારા પૂર્વજોને સારૂ આકાશમાંથી માન્ના વરસાવ્યું હતું; પણ તમે તો માત્ર એક ટંક જવની રોટલી આપી તેમાં શું થયું? કાંઇક વિશેષ મોટા અસાધારણ ચમત્કાર બતાવો તો અમે તમારા પર વિશ્વાસ રાખીએ ને તમારી વાત કબૂલ કરવા તૈયાર થઇએ.

આ મુસા મોટો પેગંબર ને ઇસ્રાએલી લોકોને મીસરની ગુલામીમાંથી કાઢનાર હતો. તેણે ઘણા અદ્‌ભુત ચમત્કારો કરેલા, આકાશમાંથી માન્ના વરસાવેલું, એ બધી વાત શાસ્ત્રમાં સવિસ્તર લખેલી છે એમાં વાંધો નથી, પણ

રાબ્બી લોકોએ તેમાં મીઠું, મરચું ને મસાલારૂપ અતિશયોકિત મીલાવી અદ્દભુત રસથી સ્વાદિષ્ટ બનાવેલી છે ને તાલમુદ નામના પુરાણમાં દાખલ કરી છે. તે બધી વાતો આ આંધળી શ્રદ્ધાવાળા ભોળા લોકો ખરી માનતા હતા. તેમાં એક બે દાખલા વાનગીરૂપે વાંચનારને આપવા ધાર્યાં છે. મુસાનું મહત્વ વધારવા સારૂ તેઓએ એવું જોડી કાઢયું હતું કે મુસાનું શરીર તે સાધારણ માણસ કરતાં જુદું હતું, એટલે તેનો અર્ધો ભાગ માણસનો ને બીજો અર્ધો ભાગ તે દેવનો હતો! તે એકવાર સ્વર્ગમાં દેવની મુલાકાત લેવા ચઢી ગયો હતો. તે વખત દેવે તેને કેટલીએક અસાધારણ સત્તા આપી માન આપ્યું હતું. તેમાં બધા દૂતો તેની તહેનાતમાં મુકાયા ને તેના સેવક બન્યા હતા. વળી સૂર્ય, ચન્દ્ર ને તારાઓ તેની પરવાનગી સિવાય ઉદય થતા નહિ! એ સિવાય માન્ના વિષે પણ એવીજ વાત છે. તે જોવામાં બધાને સરખું લાગતું હતું પણ ખાવામાં દરેકને જુદા જુદા સ્વાદ આપતું હતું. નાનાં બાળકો ખાય તો તલ જેવો સ્વાદ! જુવાન ખાય ત્યારે તેલનો સ્વાદ! ને વૃદ્ધ ખાય તો મધ જેવો સ્વાદ આપે! એવી ને એના જેવી બીજી ઘણી વાતો તાલમુદના ગ્રંથોમાં મળે છે, પણ વિચાર કરતાં તે અસંભવિત જેવી લાગે છે તોપણ ભાવિક રાબ્બી લોકો તેને ખરી મનાવતા હતા. માન્ના સંબંધી ઇસ્રાએલ લોકોની ભાવના જેવી ને તેવી રૂચીકર બની રહેલી હતી. તેઓ માનતા હતા કે જે અમારા પિતૃઓનો છોડાવનાર મુસા તે આકાશી માન્ના આપતો હતો, ને અંતે અમારો છુટકો કરનાર મસીહ તે પણ આકાશી માન્ના આપશે. તે વાતને પુષ્ટિ આપનાર એક જુના કરારનું વચન પકડી રાખ્યું હતું, જેમાં લખ્યું છે કે, "દેશમાં ધાન્યની પુષ્કળતા થશે" (ગીત. ૭૨ ; ૧૬).

આવા દૈહિક બુદ્ધિવાળા લોકોને પ્રભુએ બીજો કોઈ ઉત્તર આપ્યો નહિ, તેમજ તેઓની ઇચ્છા પ્રમાણે પોતાનું મહત્વ વધારવા કાંઇ ચમત્કાર કર્યો નહિ, પરંતુ તે નાશવંત અન્ન તરફથી તેઓની ભાવના ઉઠી જાય અને અવિનાશી અન્ન તરફ ઇચ્છા બંધાય માટે તે બાબત જે સત્ય વાત હતી તે એકદમ પ્રકટ કરી કે, "હું તમને ખચિત ખચિત કહું છું કે, તે રોટલી મુસાએ આકાશમાંથી તમને આપી નથી, પણ આકાશમાંથી જે ખરી રોટલી છે, તે મારો બાપ તમને આપે છે. કેમકે આકાશમાંથી જે ઉતરે છે તે જગતને જીવન પમાડે છે, તે દેવની રોટલી છે. હું જીવનની રોટલી છું. જો કોઈ એ રોટલી ખાય, તો તે સદા જીવતો રહેશે. જે રોટલી હું આપીશ તે મારૂં માંસ છે, તે જગતના જીવનને સારૂ હું આપીશ." આ થોડાંક વાકયોમાં પ્રભુએ માણસોના તારણનો ઉપાય પ્રગટ કર્યો છે, ને તે માત્ર યહુદીઓને સારૂજ છે એમ નહિ પણ જગતના સર્વ લોકોને સારૂ તે તૈયાર કરેલો છે. આ સંવાદમાં (યોહા. ૬ ; ૭–૫૮) પ્રભુએ જે જે મહત્વની વાતો શિખવી તે એવી ભારે ને માર્મિક છે કે તેનું રહસ્ય

સાધારણ બુદ્ધિથી સમજાય તેવું નથી. તે વાતોનું તાત્પર્ય એવું છે કે, "જે કોઇ બાપ પાસેથી શિખેલો હશે તેજ ખ્રીસ્તની પાસે આવશે." મતલબ કે જે કોઈ દેવ તરફથી પસંદ કરાએલો તથા શિખેલો હોય તે ઇસુ પાસે આવશે, ને તેના પર વિશ્વાસ કરશે એવાઓને સારૂ ઇહિલોકિક તથા પરલૌકિક સદાનું જીવન છે, તેમજ અંતે તેજ સારા પુનરૂત્થાનમાં ભાગ પામનારો થશે.

ઇસુનું એ ભાષણ યહુદી લોકોને રૂચ્યું નહિ એમાં કાંઈ નવાઈ નથી. કોઈ પણ દૈહિક બુદ્ધિના સ્વપુણ્યાભિમાનીને એવી વાત ગમે નહિ એ સ્વાભાવિક છે. જો કે યહુદીઓ મસીહનું સામર્થ્ય તથા મહત્વ ઇચ્છનારા હતા ને તેનો વૈભવ જોવાની ચાહના રાખતા હતા, તોપણ ઇસુએ એવું કંઈ દેખાડયું નહિ. તે તો પોતાનું દુર્બળપણું ને નીચાપણું દેખાડતો હતો. તેઓ મસીહના રાજ્યમાં પેસવા અનેક ધર્મવિધિ તથા ક્રિયાકર્મ આચરતા હતા. પણ ઇસુએ તો તે સર્વ ધર્મવિધિને તીલાંજલી આપી માત્ર વિશ્વાસ રાખવાનું કહ્યું. તેઓ દેહદંડ-વ્રત કરીને પવિત્ર થવા માગતા હતા. પરંતુ ઇસુએ કહ્યું કે, "મારૂં માંસ ખાઓ, મતલબ કે મારા દુ:ખના ભાગીદાર થાઓ, અને હું તમારે સારૂ મરણ ભોગવ-નાર મસીહ આવ્યો છું એવો વિશ્વાસ રાખો. મારો વૈભવ તમને મળશે તે મારા ભંગાએલા શરીરના પડદામાંથી તમે જોઇ શકશો, માટે વિશ્વાસની દૃષ્ટિથી તે જોવો જોઇએ. એ પ્રમાણે ચર્મચક્ષુથી ન દેખાનાર તેજ અને મહત્વજ્ઞાનદૃષ્ટિથી જોવાં તે દૈહિક બુદ્ધિના માણસને કઠણ લાગ્યા વિના રહે નહિ. તેથી તેના સાધારણ શિષ્યોમાંના પણ કચકચ કરી કહેવા લાગ્યા કે એવી વાતો કોણ સાંભળી શકે? ને તે સમય પછી તેના કેટલાએક શોધક શિષ્યો હતા ને તેઓ તેને મુકીને ચાલ્યા ગયા, માત્ર તેના પસંદ કરેલા શિષ્યો તેની પાસે રહ્યા. તેઓની કસોટી કરવા સારૂ પ્રભુએ એવો સવાલ પૂછયો કે, "શું, તમે પણ જવાના છો?" તેના જવાબમાં બધાઓની વતી પીતર બોલ્યો કે, "પ્રભુ, અમે કોની પાસે જઇએ? કેમકે અનંત જીવનની વાતો તો તારી પાસેજ છે." આ કેવો ગંભીર ને પ્રેરક વિશ્વાસ! જે ખોટો વિશ્વાસ તે અણીના સમય પર નાશ પામે છે, પણ ખરો વિશ્વાસ તેજ સમયમાં વૃદ્ધિ પામે છે. તેની પૂરી દૃઢતા તે તો એવા કડાકડીના સમયમાંજ થાય છે.

હવે પછીના સમયમાં જે લોકપ્રીતિ તેના તરફ હતી તે કમતી થતી ગઇ, લોકોના મનમાંથી તે ઉતરતો ગયો, અને તેના યુદ્ધકાળનો સમય પાસે આવવા લાગ્યો. અહીં આગળ આપણી આ નવલકથાનો પૂર્વાર્ધ સમાપ્ત થાય છે.

અધ્યાય ૪ થો.

ફરોશીઓ સંપ કરી ગાલીલમાં આવ્યા ને શુદ્ધિકરણ વિષે વિવાદ કીધો.

આગળ આવી ગએલા વૃત્તાંતથી વાંચનાર મિત્ર જાણી ગયા છે કે ઈસુના ચમત્કારોની વાત આખા દેશમાં ફેલાઈ ગએલી હતી. એ હકીકત ધર્માધિકારીઓના મન પર ગભરાટ ઉપજાવવા લાગી, કારણ કે યરૂશાલેમમાં રહેનાર અધિકારીમંડળ પ્રભુ ઇસુને મસીહ તરીકે કબૂલ કરવા રાજી નહોતું, તેમ છતાં તેનાં પરાક્રમી કામો તેનું મસીહપણું સાબીત કરી લોકોનાં મન પર પ્રભુતાની છાપ પાડતાં હતાં. વળી તેના રાજ્યાભિષેક બાબત લોકોનાં મન તલપી રહેલાં હતાં. એ બધી વાતો યરૂશાલેમમાં આવી પહોંચી તેથી ધર્માધિકારીઓમાં મોટી ચળવળ ચાલવા લાગી હતી. જેમ જેમ તેઓ એનું પરાક્રમ દબાવતા ગયા તેમ તેમ તે વધારે પ્રબળ થતું ગયું. તેઓ દિનપ્રતિદિન તેનાં કાર્યમાં વિઘ્ન નાખતા ગયા, પણ તેથી દિન પર દિન તેનાં કાર્યો પ્રબળ થતાં ગયાં. આખર તેઓએ એવો ઠરાવ કીધો કે આપણામાંના કેટલાએક ગાલીલમાં જવું ને ઈસુના પર કાંઈ આરોપ મુકી લોકોનાં મન ભમાવવાં કે તેઓ તેના વિષે હલકા વિચાર લાવે ને તેના પૂજ્યભાવથી ફરે. આવા પ્રપંચી કામને માટે પક્કા યુક્તિબાજ ને પ્રપંચી જાસુસો તૈયાર કીધા. એઓ કાવાદાવામાં પ્રવીણ પંકાયલા ધૂર્ત જાસુસો ગાલીલમાં આવ્યા, અને પ્રભુના કાર્યાલયમાં વિઘ્ન નાખવાનું નિમિત્ત શોધવામાં પ્રવૃત્ત થયા (માર્ક ૭; ૧). તેઓ પૂરા કાવતરાખોર અને કસાએલા લુચ્ચા હતા, માટે સારી રીતે જાણતા હતા કે અનીતિ સંબંધી ઇસુમાં કાંઈ લાંચ્છન મળવાનું નથી, માટે કોઇ યુક્તિથી આપણે તેને પકડવો પડશે તેથી તેઓએ એક તદબીર રચી.

પ્રભુ ઈસુનો સ્વતંત્ર બોધ તેઓએ સાંભળેલો હશે, તેના આત્મિક ધર્માચારની તેને બાતમી મળેલી હશે, તેથી નિર્જીવ સંપ્રદાયનું ઓઠું ઉભું કરી તેને સપડાવવો એવો બેત કીધો, ને તે યુક્તિ પ્રમાણે એક ફરોશીને ત્યાં પ્રભુને નોતરવામાં આવ્યો. પ્રભુ ઇસુ તેઓની ઠગબાજી જાણતો હતો તેમ છતાં તે બેધડક શિષ્યવૃંદ સહિત જમવા માટે ગયો. એ વખત તેણે ફરોશીના આચાર પ્રમાણે હાથપગ ધોયા નહિ પણ સાધારણ રીતે સ્વચ્છ થઈ જમણ લીધું હોય એમ દેખાય છે. દૈહિક શુદ્ધિના આચારવ્યવહારમાં દાંભિક ફરોશીઓની ઘણીજ અસાધારણ શ્રદ્ધા બંધાએલી હતી, માટે તેઓ ન્યાયીકરણની સઘળી વાતો કરતાં તેને શ્રેષ્ઠ માનતા હતા. તેઓનું માનવું હતું કે નિયમ પ્રમાણે હાથ ધોવામાં દશ આજ્ઞાઓનું તત્વ સમાએલું છે, માટે હાથ ધોવાનો નિયમ પાળીએ તો દશ આજ્ઞા પાળવા બરોબર છે, ને તેનું ઉલ્લંઘન કરનાર બધી આજ્ઞા ઉલ્લંઘનાર ગણાય છે, તેથી નીતિના સર્વ કાનુન પાળનાર હાથશુદ્ધિનો કાયદો તોડે તો તેને

અપરાધી માનવો. વળી બીજી માન્યતા એવી હતી કે શુદ્ધિકરણની વિધિ પ્રમાણે હાથ શુદ્ધ ન કરે તો તેથી ખાધેલો ખોરાક ભુંડના માંસ બરોબર બાધિત માનવો.

આ શુદ્ધિકરણની કર્મકથા સોરાહ નામના ગ્રંથમાં ઘણા વિસ્તારથી લખી છે, તે વિષે પુરતું વિવેચન કરવા સારૂ અત્રે જગ્યા નથી, તેમજ એવું ટાહેલું કુટી વાંચનારના અમૂલ્ય વખતનો ભોગ લેવાની જરૂર જણાતી નથી, તોપણ તેની રીત જાણવા માટે થોડી હકીકત આપવી એ જરૂરનું છે. ન્હાવાધોવાના કામમાં પુષ્કળ પાણીનો ઉપયોગ કરવો, કારણ કે જેમ પાણીનો સતરો તેમ પુણ્યનો વધારો થાય છે, માટે દરેક ધાર્મિક માણસોએ આટલા આટલા ગ્યાલન પાણીનો સંચય કરી રાખવો જોઇએ. સવારમાં ઉઠયા પછી પ્રથમ ગૃહશુદ્ધિ તથા પાત્રશુદ્ધિ કરવી, પછી શરીરશુદ્ધિ કરીને કામ પર ચઢવું, કારણ કે જ્યારે માણુસ નિદ્રાવસ્થામાં અચેત હોય ત્યારે ભટકતા અશુદ્ધાત્મા તેનો સ્પર્શ કરી તેને અશુદ્ધ કરી જાય છે, માટે જરૂર છે કે જાગૃતિ પામતાં પ્રથમ શુદ્ધિકરણ કરવું જોઇએ. તેમજ ઘરથી બહાર ફરી આવ્યા એટલે રસ્તામાં પગની અશુદ્ધિ થાય છે તેથી તેને શુદ્ધ કીધા શિવાય ગૃહપ્રવેશ.કરવો નહિ. એ સર્વ ઉપરાંત ભોજન જમતી વેળા ઘણીજ સંભાળથી હાથ શુદ્ધ કરવા ને પછી ભોજન લેવું. તાલમુદના પુસ્તકમાં લખે છે કે, "જે પવિત્ર ઈસ્રાએલ દેશમાં રહેનારો તથા પવિત્ર હેબ્રી ભાષા બોલનારો નિયમ પ્રમાણે શુદ્ધ હાથે ભોજન લે તે સ્વર્ગી ભોજન લેનારો છે," માટે જમ્યા પહેલાં આચાર પ્રમાણે હાથ શુદ્ધ કરવા વિષે વડીલસંપ્રદાયભાવ રાખી રહેલી હતી. દરેક યહુદીએ હાથ ધોવા સારૂ જમણા હાથમાં પાણીનું વાસણ લેવું, ને તેથી હાથશુદ્ધિ કરવી. તે વખત પ્રથમ કપડાની બાંય ખભા સુધી ઉંચી ચઢાવવી, અને પછી કોણીથી આગળનો ભાગ ઉંચો કરવો. તે વેળા બધાં આંગળાં સીધાં રાખી એકઠાં કરવાં, ને તેના પર જળધારા કરવી. તે પાણી આંગળાં પરથી ઉતરી હથેળીમાં થઈ કોણી સુધી (બાવડું સાફ કરતું) ત્યાંથી નીચે જાય તેમ કરવું. પછી બીજા હાથની મુઠી વાળી હથેળીનો ભાગ ઘસવો, ને એમ કીધા પછી અનુક્રમે બન્ને હાથ શુદ્ધ કરવા. વાંચનાર મિત્રે જાણવું કે આ ઇશ્વરદત્ત નિયમશાસ્ત્રની વાત નથી, પણ વડીલોના નિયમશાસ્ત્રની વાત છે, તોપણ તેની બરાબરીમાં આ આજ્ઞા મુખ્ય ગણાતી હતી, કારણ કે તેઓના રાબી લોકો પોતાનાં વચનો વજનદાર મનાવતા હતા. કોઈ ઠેકાણે તેના સંબંધી એટલે સુધી વધારી દીધું છે કે, "જો કોઈ વાતમાં શાસ્ત્રવચન થતા સંપ્રદાયનાં વચનનો વિરોધ થતો હોય તો તે વખતે શાસ્ત્રવચનનો લોપ કરવો, પણ સંપ્રદાયના વચનનું પ્રતિપાલન કરવું;" માટે એવું કહેતા કે, "શાસ્ત્રની વાત તે પાણી, પણ વડીલોની વાત તે મસાલેદાર દ્રાક્ષરસ સમાન છે, માટે હે પુત્ર, વડીલસંપ્રદાયનાં વચનો માન્ય રાખજે."

હવે અત્યાર સુધીની વાર્તા પરથી આપણે જાણી ગયા છીએ કે પ્રભુ ઇસુ તમામ જાતના વહેમો તથા માનવકલ્પિત રિવાજોને તીલાંજલી આપવા આવેલો હતો. જો કે તે પોતે સ્વચ્છતા રાખનારો તથા રખાવનારો હતો તોપણ સ્વચ્છતાનાં બેડીરૂપ બંધનો તેને તોડી પાડવાં હતાં. તેના બતાવેલા ધર્માચારમાં શુદ્ધ આત્મિક તત્વો પ્રગટેલાં હતાં, માટે એમ કહેવાય કે જેમ તે આત્મિક રાજ્યનો રાજા હતો, તેમ તેના કાયદાકાનુનમાં એજ આત્મિકપણું દેખાય છે. તેનું બંધારણ આત્મિક હતું, માનવદેહ પ્રમાણે તેનો જન્મ તે પણ આત્મિક, તેની વૃત્તિ આત્મિક, તેની રહેણીકહેણી આત્મિક, તેનો વૈભવ આત્મિક, તેનું જીવન આત્મિક, તેનાં કાર્યો આત્મિક, તેની ક્ષુધા ને પિપાસા આત્મિક, તેમજ તેના આચારવ્યવહાર આત્મિક હતા. એવો આત્મારૂપ સદ્‌ગુરૂ દૈહિક નિયમને આધીન થાય એ તો કેવળ અસંભવિત જેવું છે, તેથી તેણે આ અને એના જેવા દૈહિક નિયમોને પાણેચું આપ્યું હતું. તેના ઉપદેશ પ્રમાણે ખરો ધર્માચાર ખાવાપીવામાં કે ન્હાવાધોવામાં નહિ, પણ શુદ્ધ ભાવે ઈશ્વર પ્રતિ પ્રેમ રાખવામાં, તેની સેવાભક્તિ કરવામાં, તથા આજ્ઞા પાળવામાં સમાએલો છે. જે જે કાર્યોમાં એ સદ્‌ગુણો હોય તે કાર્યો પરમોત્તમ ધર્મકૃત્યો ગણવાં તથા માનવાં એવું તેની આજ્ઞાઓનું તત્વ છે. એવી વાતો આ કર્માભિમાની ફરોશીઓને ગમતી નહિ, કારણ કે તે તેઓના મતથી વિરૂદ્ધ હતી. પ્રભુ ઈસુ એ વાત જાણતો હતો, પણ તે આવા ઢોંગીઓ તથા ડોળઘાલુઓની પરવા રાખતો નહિ, માટે તેણે આજનું આમંત્રણ સ્વીકાર્યું ને પોતાના શિષ્યો સહિત હાજરી આપી.

હવે જેમ આપણે ઉપર વાંચી ગયા તેમ આ મંડળી ફરોશીને ઘેર ભોજનપાન લેવા આવી, ને સાધારણ રીતે સ્વચ્છ થઇ જમણ પર બેઠી હતી, ત્યારે પેલા છિદ્ર શોધનાર ત્યાં આવી ચિકિત્સા જોવા ટાંપી રહેલા હતા. ખ્રીસ્ત તથા તેના શિષ્યો એ રીતે વડીલસંપ્રદાયનું ઉલ્લંઘન કરે છે; તે જોતાં વિરૂદ્ધ વાદીઓને અત્યંત ક્રોધ ચઢયો, તોપણ તેઓ છાનામાના બેસી રહ્યા. તેઓએ પોતાની રીસ દબાવી દીધી ખરી પણ માત્ર અલ્પકાળને સારૂ એ ગુસ્સો દબાવેલો હતો. જ્યાં સુધી જમણવ્યવહારનું કાર્ય ચાલતું હતું ત્યાં સુધી ઘેટાંના વેશમાં બેઠેલાં વરૂ મૌન ધારી બેસી રહ્યાં, પણ તે કામ આટોપી લેતાં ફાડી ખાનારનું અસલ રૂપ ધારણ કરી ઘુરકવા લાગ્યાં. આ વખત તેઓના ડોળા તડતડવા લાગ્યા, હોઠ ફડફડવા લાગ્યા, ને શાંત મોઢાં વિક્રાળ બની ઘુરકવા લાગ્યાં. તેઓએ લાગલો એક સવાલ પુછી આરોપ મુકયો કે, "તારા શિષ્યો વડીલોના સંપ્રદાયનું ઉલ્લંઘન કેમ કરે છે? કેમકે તેઓ હાથ ધોયા વગર રોટલી ખાય છે." આ પ્રશ્ન પુછવાથી પ્રભુને એક ઉત્તમ તક મળી, કારણ કે તેઓના ઢોંગ તથા કપટાચારથી તે જાણીતો થયો હતો માત્ર એટલુંજ નહિ પણ તેથી તે કંટાળી ગયો હતો.

તેના મનમાં અગાઉથી એવો વિચાર આવ્યો હતો કે મારા શિષ્યો ફરોશીઓનાં ઢોંગી ખમીરથી જુદા રહે તો સારૂં, તેથી તે તજવીજમાં હતો ને એટલામાં તેને આ પ્રસંગ મળ્યો, માટે તેનો લાભ લેવાને તત્પર થયો. તેણે તેઓના નિર્જીવ સંપ્રદાયને જરા પણ લેખવ્યો નહિ, પણ સામો પ્રશ્ન કરી પુછવા લાગ્યો કે, "મારા શિષ્યો સંપ્રદાયની આજ્ઞા રદ કરે તો તેમાં કાંઇ વિશેષ વાત નથી કેમકે તે માત્ર માણસની આજ્ઞા છે, પણ તમે તમારા સંપ્રદાયથી દેવની આજ્ઞાનું ઉલ્લંઘન કેમ કરો છો? કારણ કે દેવે કહ્યું છે કે તારા માબાપનું સન્માન કર, તેનું માન રાખ, ને વૃદ્ધાવસ્થામાં તેનું પાળણપોષણ કર, એવી ઇશ્વરની આજ્ઞા છે. તેને તોડવા સારૂ તમે માનવકલ્પના પ્રમાણે એવી આજ્ઞા રચી કે, જો કોઇ પોતાનાં માબાપની ચાકરી ન કરે તો તેણે તેના બદલામાં અમુક નાણું આપી માબાપથી વેગળા થવું; વળી તે નાણું માબાપને હાથ ન જાય એવી ઈચ્છા રાખનાર છોકરાએ તે પૈસા ધર્માદા કરવા, એથી તે પિતૃરૂણથી મુક્ત થાય છે, ને માબાપને તરછોડવાનું પાપ ભુસાઇ જાય છે. આ તમારા મનસ્વી કાયદાથી અનુપકારી છોકરા માબાપને તરછોડી સ્વછંદીપણે ચાલે છે ને દેવની આજ્ઞા તોડી ધાર્મિકપણાનો ડોળ ઘાલે છે; એનું કારણ તમારો માનવકલ્પિત સંપ્રદાય છે, માટે તેને લેશમાત્ર મારા રાજ્યમાં જગ્યા મળવાની નથી."

ઉપર પ્રમાણે ખાસ ઠપકારૂપે વાત કરી રહ્યા પછી મૂળ પ્રશ્નનો ખુલાસો કરવા સારૂ તેણે પોતાનું ભાષણ આગળ ચલાવ્યું. પ્રભુએ તેઓને સાફ રીતે કહ્યું કે, માણસની બહારથી તેમાં પેસીને તેને વટાળી શકે એવું કાંઈ નથી, પણ માણસની માંહેથી જે નિકળે છે તેજ માણસને વટાળે છે, માટે આ વાતનો તમે વિચાર કરો. તેઓના સંપ્રદાય તરફથી જન્મ પામેલો 'જાતિભેદ' જે ભયંકર કાળનો કાળ, દેવની વાતોનો વિરોધી ને તેની પવિત્ર ઇચ્છાને રોકનાર રાક્ષસ હતો તેનું મર્મસ્થાન છેદન કરવામાં આ મહા વાકયબાણ શક્તિમાન થયું. શુદ્ધતા એટલે શું તેની કસોટી આ વાકયમાં છે, વટાળ એટલે શું તે આ વાકય બતાવી આપે છે. વટલે છે શું તે પણ આ વચન પરથી સમજાશે.

પ્રભુએ આ માર્મિક પણ પ્રગટ સૂત્ર સંભળાવ્યું તેથી તેઓ આશ્ચર્ય પામ્યા; હા, તેના શિષ્યો પણ વિચારમાં પડી ગયા. જેટલું હજમ થાય તેટલું ખાવું એમાં વટાળ નથી. ઇસ્રાએલી સંપ્રદાય ખાવાપીવામાં ને ન્હાવાધોવામાં પવિત્રતા તથા અપવિત્રતા માને છે તેમાં આવો મત જાહેર કરવો એ જોખમ ભરેલી વાત છે એમ સમજી શિષ્યોને ગભરાટ થયો, માટે તેઓ જુદા વિચારમાં પડી ગયા હશે, શાસ્ત્રીઓ તથા ફરોશીઓ આ પ્રમાણે જુના ધારાઓનું ઉલ્લંઘન તથા અપમાન જોઇ ક્રોધાંધ બની સદ્‌ગુરૂને ઉપદ્રવ કરવાના વિચારોમાં રોકાયા હશે, સાંભળનારા કેટલાએક નિંદવા તથા વંદવા લાગ્યા હશે. એ પ્રમાણે કેટલોએક સમય ત્યાં હાજર થનારા ભિન્નભિન્ન વિચારમાં ગુંથાયા હશે, પણ

પાછાં થોડીવારમાં તેઓ બધા જાગૃતિ પામી સાવધાન થયા હતા. પ્રભુ તેઓને ફરી કહે છે કે, "શું તમે હજી નથી સમજતા કે જે કંઇ મ્હોમાં પેસે છે, તે પેટમાં જાય છે, ને સંડાસમાં નિકળી જાય છે. પણ જે મ્હોમાંથી નિકળે છે, તે હૃદયમાંથી આવે છે, ને તેજ માણુસને વટાળે છે. કેમકે ભુંડી કલ્પનાઓ, હત્યાઓ, વ્યભિચારો, જારકર્મો, ચોરીઓ, જુઠી સાક્ષીઓ, તથા નિંદાઓ હૃદયમાંથી નિકળે છે. માણુસને જે વટાળે છે તે એજ છે; પણ અણધોએલે હાથે ખાવું એ માણુસને વટાળતું નથી" (માત્થી ૧૫; ૧૭–૨૦).

અધ્યાય ૫ મો.

પ્રભુ ઇસુ સૂર તથા સીદાનમાં ગયો. એક ફૈનીકી બાઈની ભેટ, પીતરનો અંગીકાર કરેલો મત.

હવે પૂર્વના અધ્યાયમાં બતાવેલી હકીકત બન્યા પછી સદ્દગુરૂ ઇસુ ત્યાંથી નિકળી ગયો અને સૂર તથા સીદોનના પ્રાંતમાં ફર્યો. ઉપર બતાવેલાં બન્ને શહેર ભૂમધ્ય સમુદ્રના કિનારા પર આવે છે, એટલે ઘણા પ્રાચીન કાળથી તે બન્ને પૂર્વ કિનારાનાં બંદર ગણાતાં હતાં. જુના વખતમાં ત્યાં ઘણો બહોળો વ્યાપાર-રોજગાર ચાલતો હતો. વળી તે સમયમાં તે બન્ને બંદરમાં સ્વતંત્ર રાજ્યકારોબાર ચાલતો હતો, તેથી તે રાજ્યમહેલો તથા મોટા અમીર ઉમરાવોના સુશોભિત ખવાસોથી શોભાયમાન દેખાતાં હતાં. મોટા મોટા શેઠશાહુકારોની ભવ્ય હવેલીઓ ને મોટી મોટી દુકાનો તથા વખારો ઘણી હતી, કે જેમાં દરેક જાતના તેજાના, કરીઆણા, તેમજ જાતજાતની બનાવટી ચીજો ભરેલી હતી. વણાટકામ, ભરતકામ, કસબીકામ, ધાતુનું ઘડતરકામ, કે હાથીદાંતનું નકસીકામ વગેરે લકડકામ કે પત્થરકામ, એ બધું ત્યાં મળતું હતું, તેથી તેની ઘણી આબાદી ને ઉન્નતિ થએલી હતી. વળી તેની જમીન ફળદ્રુપ ને રસાળ હતી. મોટા મોટા તાડોનાં વન, ને તેની વચ્ચે સુંદર ને સ્વાદિષ્ટ મેવાના બગીચા હતા. એવી પ્રાચીન જાહોજલાલીવાળાં શહેરો કથાકાળને સમયે જીર્ણ થઈ ગએલાં હતાં તોપણ તેની ભૂતળરચના પ્રમાણે સીમ જેવી ને તેવી શોભાયમાન ને રળીઆમણી હતી. તેની રાજ્યસત્તાનું સ્વતંત્રપણું ગયું હતું, ને રૂમી રાજ્યકારોબાર ચાલતો હતો. એ શહેરમાં એક બાલઝબુલ નામના દેવનું મંદિર હતું; તે મૂર્તિપૂજાનો વટાળ આખા પરગણામાં ફેલાએલો હતો. તે આભડછેટ દૂર કરવાની હતી માટે પ્રભુ ત્યાં આવે એ જરૂરનું હતું. યહુદીઓને આ બંદરો સાથે ધાડો સંબંધ હતો, તેથી યહુદીઓનો સુધારક મસીહ ત્યાં જાય એ ખાસ અગત્યનું કામ હતું. એવાં અનુમાનિક કારણો ઉપરાંત એક બીજું ખાસ કારણ હતું કે જેથી તે આવા એકાંત સ્થળમાં આવ્યો હતો.

વાંચનાર મિત્રને યાદ હશે કે કેટલાએક સમયથી પ્રભુ પોતાના મિત્રો સાથે નિવૃત્તિમાં રહી વિશ્રામ લેવા ચાહે છે, પણ હજુ સુધી તેને એવું એકાંત સ્થળ મળ્યું નથી. તે પોતે એકાંત સારૂ જંગલમાં ગયો ત્યારે લોકો ત્યાં ગયા, ગાડરેનોના પ્રાંતમાં ગયો તો ત્યાંના લોકો તેની આસપાસ વિટળાયલા રહ્યા; પછી કાપરનાહુમમાં થઈને આ વિદેશીઓના પ્રાંતમાં આવ્યો કે તેને ત્યાં જરા અવકાશ મળે. તે સંબંધી સુવાર્તામાં એવી શાહેદી મળે છે કે, "તેને કોઈ ન જાણે એવું ચહાતો હતો; પણ તે ગુપ્ત રહી ન શકયો" (માર્ક ૭; ૨૪). આ લેખ પરથી એવું દેખાય છે કે તે જાહેરમાં ચમત્કાર કરી પ્રસિદ્ધિ પામવા સારૂ અહીં આવ્યો નથી તોપણ આખર તેમજ થયું, કેમકે અત્યાર પહેલાં ગાલીલ પ્રાંતમાં તેણે જે જે ચમત્કારી કૃત્યો કીધાં હતાં તેની ખ્યાતિ બધેબધ ફેલાએલી હતી તેથી તે અહીં ગુપ્ત રહી શકે તેમ નહોતું.

પ્રભુ ઇસુ સૂર તથા સીદોનમાં આવ્યો ને પોતાના શિષ્યો સહિત ઉતારાની જગ્યાએ વિશ્રામમાં બેઠો હતો ત્યાં એક બાઈ આવી ને વિનંતી કરવા લાગી. એ બાઇ "સુરફૈનીકી" કોમની હતી (જેની ભાષા ગ્રીક હોય ને જાત કનાની હોય તેમજ સુરના વતનદાર હોય તેને એ નામ આપતા હતા). તે મૂર્તિપૂજક હતી તેમ છતાં આસ્થાવાન તથા નમ્ર ભાવવાળી હતી. તેને એક દીકરી હતી, તે અસાધ્ય રોગનો ભોગ થઇ ખાટલે પડી હતી, તેથી આ પ્રેમી મા પોતાની દીકરીના મંદવાડમાં ઝુર્યાં કરતી હતી. તેને આરામ પમાડવા સારૂ ઘણા ઘણા ઉપાયો કર્યાં હશે તોપણ તે સાર્થક થયા નહોતા, માટે તે નિરાશ થઈને બેસી રહી નહિ. તેણે એવી ખબર સાંભળી કે ઇસુ ગુરૂ અહીં આવ્યા છે તેથી તે ત્યાં આવીને પ્રભુ ઈસુની પ્રાર્થના કરવા લાગી. તેની પ્રાર્થનામાં ખરૂં જ્ઞાન તથા વિશ્વાસ તરતાં આવે છે, કેમકે તેમ ન હોય તો એવા ઉદ્દગાર નિકળે નહિ. તે ઇસુના ચરણમાં નમન કરી કહે છે કે, "હે પ્રભુ, દાઉદના પુત્ર, મારા પર દયા કર." પ્રભુ ઇસુ દેવનો પુત્ર ને ઈસ્રાએલનો વચનદત્ત રાજા છે એવો તેનો વિશ્વાસ બતાવે છે. જેમ યહુદીઓ મસીહના આવવાની રાહ જોતા હતા તેમ તેના પડોશીઓ પણ એવી રાહ જોતા હતા એવું આ પ્રાર્થના ઉપરથી સ્પષ્ટ જણાય છે. વળી આ ઇસુ તેજ મસીહ છે એમ તેનો પાકો ભરોસો હતો માટે તે પોતાની પુત્રીનું દુ:ખ પોતાનું ગણી પ્રભુની દયા માગે છે; તેમાં તે પોતાના માતૃભાવનો પ્યાર દર્શાવે છે.

પ્રભુ ઇસુએ કેટલીએક વાર તેની પ્રાર્થના પર આંખઆડાકાન કીધા હોય તેમ લાગે છે, કેમકે તેણે તેની વાત લક્ષમાં લીધી ન હોય એવો દેખાવ આપ્યો. "તેણે તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ" પરંતુ તેથી તેનો વિશ્વાસ કમતી થયો નહિ, ને જ્યાં જ્યાં પ્રભુ ગયો ત્યાં ત્યાં તે તેની પાછળ ફરતી રહી. શિષ્યોને તેથી માઠું લાગ્યું, ને તેઓએ પ્રભુ ઈસુની વિનંતી કરી કે, "કૃપા કરીને તેને અહીંથી

વિદાય કર, કારણ કે તે આપણી પાછળ લાગીને બૂમ પાડે છે." પરંતુ તે બાઇનો દૃઢતાએ ભરેલો વિશ્વાસ જોઈને પ્રભુએ તેની કસોટી કરવા સારૂ જરા ઠંડો પણ ભેદભરેલો જવાબ આપ્યો, "હું ઇસ્રાએલનાં ખોવાએલાં ઘેટાંને સારૂ આવ્યો છું." આ જવાબ કાચા વિશ્વાસને નાબૂદ કરનારો હતો, તેમ છતાં તેથી તેની આશાનું લંગર ખસ્યું નહિ, ને તેથી તેના વિશ્વાસની નૌકા બચાવ પામી. તે લાગલી પ્રભુના ચરણકમળમાં નમી પડીને અન્યોન્ય ભાવે વિનંતી કરવા લાગી કે, "ઓ પ્રભુ, મારી સહાયતા કર." તેની આવી નમ્ર વિનંતી સાંભળી પ્રભુને ઘણી દયા આવી, છતાં હજી તેનો વિશ્વાસ વધારે કસોટી પર નાખવાનો હતો, તેથી આ વેળા તેણે દયાભાવ આડો પડદો નાખી તેને કડકપણે જવાબ આપ્યો, "છોકરાંને પહેલાં ધરાવા દે; કેમકે છોકરાંની રોટલી લઇને કુતરાંને ફેંકવી એ વાજબી નથી." આ શબ્દોમાં પ્રભુ ઇસુ યહુદી રાબીઓના સિદ્ધાંતનો ઉલેખ આપી તેનો વિશ્વાસ કસોટી પર નાખે છે, કારણ કે બધા રાબી લોકો વિદેશીઓને કુતરાં જેવા ગણતા હતા, તેથી જો તે બાઈ પ્રભુ ઇસુને સાધારણ રાબી માનતી હોત તો તેના આવા ભાષણથી રીસ કરી ચાલી નિકળી હોત, પણ તે તો ઇસુને મસીહ દેવપુત્ર માનતી હતી તેથી તેનો ભરોસો હતો કે તે ગમે તે કહે પણ આજે મારે તેની કૃપા મેળવવી છે. એવા નક્કી ઠરાવને વળગી રહી, માટે ગુસ્સો ન લાવી પણ વધારે નમ્રતા બતાવી તેણે પોતાની અરજી આગળ લંબાવી કે, "હા, પ્રભુ, કુતરાં પણ મેજ તળે છોકરાંના કકડામાંથી ખાય છે." તેમાં તે કબૂલ કરે છે કે જો કે હું કુતરાં બરાબર છું તોપણ તમારી કૃપાનો ભાગ માગું છું.

હવે જ્યારે આટલી મજલ પર તેનો સજડ વિશ્વાસ આવ્યો ત્યારે પ્રભુના મનમાં પરદેશીન રહેલી દયા ઉત્તમ કૃપાદાન સાથે બહાર આવી. તેણે આ દુઃખિયારી બાઈ તરફ પ્રેમી ને હર્ષિત વદને દૃષ્ટિપાત કીધો, તેથી તેના દુઃખનો અંત આવ્યો. પ્રભુ ઇસુને દયાસાગરની ઉપમા આપે છે તે છતાં તે આ બાઈના વિશ્વાસની પરીક્ષા માટે કડક ભાષણ કરતો હતો, પણ હવે તેની ભરેલી ભરતીનો ઠરાવેલો સમય આવી ગયો હતો, તેના હૃદયમાં દયાના તરંગો ઉછળતા હતા, તેથી તેણે આ મૂર્તિપૂજક સ્ત્રીની તરફ દયાદૃષ્ટિ કરી તેના વિશ્વાસની પ્રશંસા કીધી, "બાઈ, તારો વિશ્વાસ મોટો છે, માટે તારા માગવા પ્રમાણે તને મળશે;" મતલબ, તારી વિશ્વાસયુક્ત પ્રાર્થના સાંભળી છે ને તું ચાહે તેવી દયા તને મળી છે. ગરીબ અને દુઃખિત માતાને પ્રભુએ મહા મૂલ્યવાન બક્ષીસ આપી, તેથી તે આનંદ સહિત ઘેર આવી અને પોતાની વ્હાલી પુત્રીને સાજી થએલી તથા બિછાના પર બેઠેલી જોઇ અધિક આનંદ પામી.

ઉપર બતાવેલો ચમત્કાર કીધા પછી પ્રભુ ઇસુ તે પ્રાંતમાં કેટલા દિવસ રહ્યો તે વિષે ખાતરીપૂર્વક લેખ નથી, પણ એમ લખેલું છે કે તે ત્યાંથી નિકળીને

દકાપોલીસના પ્રાંતમાં ગયો. એ પ્રાંત યરદન નદીને પૂર્વે આવેલો હતો. ત્યાં ગ્રીક લોકોએ જુદાં જુદાં દસ શહેર વસાવેલાં હતાં; તે બધાં શહેરો વેપારને અર્થે તથા અન્યોન્ય રક્ષણને માટે સંપીલાં હતાં, તેથી તેમના સમુહને "દકાપોલીસ" (દસ શહેર) એ નામ આપેલું હતું. પ્લિની નામનો ગ્રીક લેખક તે દસ શહેરોનાં નામ નીચે પ્રમાણે આપે છે:—સ્કુથોપોલીસ, હિપ્પોસ, ગાડારા, પેલ્લા, ફિલાદેલ્ફીઆ, ગરાસા, દીઓન, કનાથા, દમસ્ક તથા રફાના. એમ જણાય છે કે આ દસ શહેરો જૂના કરારમાં પંકાએલા બાશાન તથા ગિલઆદ નામના પ્રાંતોમાં આવેલાં હતાં. આ પ્રાંતમાં ફરતાં પ્રભુએ ઘણાઓને આરામ આપ્યો હતો. ત્યાં એક બેહેરાને સાંભળતો કીધો, એક મૂગાને બોલતો કીધો તેમજ અગાઉની પેઠે એક મોટા સમુદાયને જમાડી તૃપ્ત કીધો.

પછી તે ત્યાંથી બેથસૈદા જુલીઆસની મુલાકાત લેવા ગયો. ત્યાં એક આંધળાને દેખતો કરી છેક યરદનના મૂળ પાસે કાઈસારીઆ ફિલિપ્પીમાં ગયો. આ શહેર હજી સુધી મોજુદ છે પણ વર્તમાન જમાનામાં તે બાનીઆસના નામે ઓળખાય છે. પ્રભુ ઇસુના જમાનામાં તે મોટું ગંજાવર હતું, પણ હાલ તે તેવું નથી. તેની અસલી ઈમારતો ખંડિયેરના રૂપમાં ફેરવાઈ ગએલી છે. આ શહેરમાં તેઓ કેટલોએક સમય સ્વસ્થ રહી વિસામો પામ્યા હતા, તોપણ શિષ્યોને શિક્ષણ આપવાનું કામ ચાલ્યા કરતું હતું. તે વખતોવખત સંવાદ કરી તેઓના વિશ્વાસની કસોટી કરતો હતો તેમજ તેની વૃદ્ધિના ઉપાય યોજતો હતો.

એક વખત પ્રભુએ એવો સવાલ પુછ્યો કે, મારા સંબંધી લોકોમાં કેવી વાત ચાલે છે? તેના જવાબમાં પીતરે એવું કહ્યું કે, તને કેટલાએક એલીયાહ કહે છે ને કેટલાએક પુરાતન ભવિષ્યવાદીઓમાંનો કોઇએક માને છે, ને કેટલાએક તને યોહાન કહે છે. પ્રભુએ બીજો સવાલ પુછ્યો કે, તમે મારા વિષે શું માનો છો? પીતર તેને કહે છે કે, "તું જીવતા દેવનો પુત્ર ખ્રીસ્ત છે એમ અમે માનીએ છીએ." ત્યારે પ્રભુ તેને કહે છે કે, "યોનાના પુત્ર સીમોન, તને ધન્ય છે, કેમકે માંસે તથા લોહીએ નહિ, પણ મારા આકાશમાંના બાપે તને એ જણાવ્યું છે." મતલબ કે, તારૂં જ્ઞાન માનવી જ્ઞાન નથી, પણ તને પ્રભુએ જ્ઞાન આપ્યું છે, તેથી તું એવો મત આપી શકે છે. આ મત ઉપર પ્રભુ ઇસુ પોતાની મંડળીનો પાયો રચનાર હતો (ને બધા શિષ્યોની સમ્મતિ પ્રમાણે પીતરે તેનો અંગીકાર કીધો), તેથી સર્વને ઉદ્દેશી તેને કહે છે કે, "તારૂં નામ પીતર (એટલે ખડક) છે, ને એ પત્થર પર હું મારી મંડળી બાંધીશ, ને તેને ઉલટું હાડેસની દરબારનું જોર નહિ ચાલશે. આકાશના રાજ્યની કુંચીઓ હું તને આપીશ, અને પૃથ્વી પર તું જે કંઇ બાંધશે, તે આકાશમાં બંધાશે, ને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડાશે" (માત્થી ૧૬; ૧૭-૧૯).

રોમન મંડળીવાળા આ વાકયનો વિપરીત અર્થ કરી ભુલથાપ ખાય છે, કે જેમ પ્રભુ ઇસુ પોતાના પ્રેરિતોમાં મુખ્ય ને આગેવાન હતો તેમ તેની ગેરહાજરીમાં પીતર તે મુખ્ય જગ્યામાં મંડળીનો પ્રતિનિધિ હતો. આ સામાન્ય વાકયનો એવો વિપરીત અર્થ કરીને સાર્વજનિક મંડળીનો અધિકાર એક માણુસના હાથમાં સોંપવો એ પ્રભુના શિક્ષણથી તદન વિરૂદ્ધ વાત છે, કેમકે સર્વજ્ઞ પ્રભુ ઇસુ કદી એવો ઉદ્દેશ રાખે નહિ. તે સર્વનો કર્તા છે, માટે તે માનવી સ્વભાવનો જ્ઞાતા છે, છતાં સ્વાભાવિક બુદ્ધિથી ઉલટી રીતિ એવો ઠરાવ કરે એ નહિ માનવાજોગ વાત છે. તે પોતે સારી પેઠે જાણતો હતો કે પીતર જે માત્ર માણુસ છે તે મંડળીનો પાયો નથી, પણ હુંજ એકલો મંડળીનો આધાર તથા પાયો છું, ને એ વાત પીતર પોતે કબૂલ કરે છે. તેણે પોતાના પત્રમાં લખ્યું છે કે, "તે જીવતો પત્થર, માણસથી નકારાએલો ખરો, પણ દેવથી પસંદ થએલો તથા મૂલ્યવાન; તેજ ખુણાનું મંથાળું છે." તેમજ પાઉલ પ્રેરિત પોતાના પત્રમાં લખે છે કે નંખાયલો પાયો જે ઇસુ ખ્રીસ્ત છે, તે વિના બીજાને કોઈ નાખી શકતું નથી (૧ કરીં. ૩; ૧૧). એ સંબંધી સર્વાનુમતે પીતરનો અંગીકારેલો મત (એટલે કે ઇસુ તેજ દેવનો પુત્ર છે) તેના ઉપર ખ્રીસ્તે મંડળીનો પાયો નાખ્યો ને ઇમારત બાંધવાનું વચન આપ્યું એમ સંભવે છે.

એ રીતે મૂળ વચન ઉપર વિચાર કરતાં એક બીજી બીના દેખાય છે તે એવી કે: પીતરે સર્વાનુમતે કબૂલાત આપી હતી તો તેને મળેલું વચન સર્વને સરખી રીતે લાગુ પડવાજોગ માનવું ઘટાર્થ છે, તેમજ સુવાર્તામાં જોતાં એ વાતને ટેકો મળે છે કે ખ્રીસ્ત ગુરૂના સર્વ શિષ્યો એ અધિકારમાં સરખા ભાગીદાર છે. "જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે" (માત્થી ૧૮; ૧૮) એમાં 'તમે' એ સર્વનામ બીજા પુરૂષના સંબંધાર્થે યોજેલું બહુવચન છે. તે ઉપરથી એવું દેખાય છે કે પ્રભુએ પોતાના બધા શિષ્યોને અનુલક્ષી આ સંવાદ કીધો હતો.

વળી બીજું તાત્પર્ય એવું હોય કે, આ સુવાર્તા વિષેના સત્યનું સામર્થ્ય પ્રથમ ખાસ નિવડિત માણસના મુખદ્વારે પ્રગટ કરવામાં આવે ને તેમ કરતાં બીજા શિષ્યોને આપેલો સત્યોપદેશ નકામો જાય નહિ. એમ ઇશ્વિરી યોજના પ્રમાણે પીતરના મુખથી તે સત્યોપદેશ પ્રગટ કરાયો હશે. મંડળીમાં ખ્રીસ્ત વિષે જે મત સ્વીકારવામાં આવ્યો તેની પહેલી કબૂલાત પીતરના મ્હોથી આપવામાં આવી, તે માનજોગ ગણાય, પણ તેથી આગળ વધીને પીતર મંડળીમાં સર્વોપરી ગણાય એમ કોઈ સુજ્ઞ માણુસ કબૂલ નહિ કરશે. જેમ તેણે બધાની વતી આ માનજોગ વાતની પ્રથમ કબૂલાત આપી તેમ તેને માનજોગ કામમાં પ્રથમ ભાગ આપવામાં આવ્યો છે, કેમકે ખ્રીસ્તી મંડળીમાં યહુદીઓ તથા વિદેશીઓને સારૂ પ્રથમ દ્વાર ખોલનાર તે થયો હતો, માટે તેને આન્ટિપેટરનું માન મળી

ચુકયું હતું. પ્રભુ ઇસુએ પોતાના મંદિરરૂપ મંડળીનો પાયો નાખ્યો તે પર પ્રથમ ચણતરકામ ચલાવનાર તે ગણાયો છે. પીતરને સારૂ એટલું માન ઘણું છે. પરમેશ્વર બાપના અનાદિ ઠરાવ પ્રમાણે એ કામ તેને વાસ્તે ઠરાવેલું હતું. તેમાં તેને આપેલી સત્તા તથા સામર્થ્યનું ભવિષ્ય પરિપૂર્ણ થાય છે. તેના પછી તેની ગાદી સ્થાપવામાં આવે, તે પર એક નહિ પણ અનેક પીતર અનુક્રમવાર અધિકાર ચલાવી વારસો ભોગવે એવી વાતને શાસ્ત્રનો આધાર નથી. જો પ્રે. કૃ. ૯; ૧૫, ૧૬ : ૧૧; ૧૯–૨૬ તપાસીએ તો એમ જણાશે કે બીજા પ્રેરિતો કરતાં પીતર કાંઈ વિશેષ નહોતો. તે પોતે કદી એવો દાવો કરવા કબૂલ થયો નથી, તેમ છતાં જો કોઇ માણસ મારી મચરડીને પીતરને સારૂ દાવો કરે તો તેની ખાતરી કરવા શાસ્ત્રમાં માત્થી ૧૮; ૧. એફે. ૨; ૨૦. પ્રક. ૨૧; ૧૪. ૨ કરીં. ૧૧; ૫. ગલા. ૨; ૯. લુક ૨૨; ૨૪–૨૬ તપાસી જોશે તો તેને પ્રકાશ થશે.

જ્યારે પ્રેરિતોએ ખરા મનથી પ્રભુ ઇસુને દેવપુત્ર મસીહ તરીકે કબૂલ કરવાની વાત કહી સંભળાવી ત્યારે પ્રભુ તેને પોતાનાં ભાવી દુ:ખ જણાવવા લાગ્યો. તેમાં તેણે કાંઇ ગુપ્ત રાખ્યું નહિ પણ બધું સ્પષ્ટ અને ખુલ્લું પ્રગટ કર્યું. આ વખત તે વાત પીતરને સારી લાગી નહિ તેથી તે તેને ઠપકો દેવા લાગ્યો, ને કહ્યું કે અરે પ્રભુ, એ તારાથી દૂર રહે, એવું તને કદી નહિ થશે. તેનાં એ વચનો સાંભળી પ્રભુ ઇસુ નારાજ થયો, તેથી તેણે તેને તરછોડીને કહ્યું કે, અરે શેતાન, તું મારી પછવાડે જા: તું મને ઠોકરરૂપ છે, કેમકે દેવની વાતો પર નહિ પણ માણસોની વાતો પર તું ચિત લગાડે છે, એ પ્રમાણે તેને ધમકાવીને ઠપકો આપ્યો હતો તે પરથી એમ દેખાય છે કે, જો પીતર કાંઈ વિશેષ અધિકાર પામેલો મુખ્ય શિષ્ય કે પ્રેરિત હોત તો તેને ઉઘાડી રીતે ઠપકો આપી તેના હોદ્દાનું અપમાન કરવામાં આવત નહિ. જો તેણે પોતે તેને અધિકારી નિમ્યો હોત તો તે તેની મર્યાદા રાખી રહ્યો હોત એમાં શક નથી. પ્રભુ ઇસુ માણસોનાં અંત:કરણ જાણનાર છે, તેથી જેમ તેના આત્મિક ને બળવાન અંગને સ્તુતિપાત્ર ગણી વખાણ્યું હતું, તેમ તેના દૈહિક અને નબળા અંગને તરછોડી પાડયું છે; તો એવો જ્ઞાની ઇસુ અજ્ઞાન માણસના અંગ ઉપર મંડળીનો પાયો નાખે એ માનવાજોગ વાત નથી. વળી જો એમજ બન્યું હોત કે તેણે પીતરના ઉપર પોતાની ભાવી મંડળીનો પાયો નાખ્યો હોત તો અત્યાર સુધીમાં તે નષ્ટતા પામી નાબૂદ થએલી હોત એમાં શક નથી.

પ્રભુની અકળિત કળાનો પાર પામે એવું કોઇ માણસ આ જગતમાં થયું નથી ને થવાનું પણ નથી. જુઓ, પ્રભુ ઇસુના શિષ્યો આટલા વખતથી તેની સાથે રહેતા હતા, તેઓ તેની વાણી સાંભળતા હતા, વખતોવખત તે તેઓને પોતાનાં સુખદુ:ખ વિષે કહેતો હતો, તેમ છતાં તેના ભાવી વૈભવથી તેઓ

અજ્ઞાન હતા. તેઓને વિશ્વાસ હતો કે અમારો સદ્ગુરૂ મહા ગૌરવ પામનારો છે, પણ તે ગૌરવ કયારે ને કેમ મળશે એ વાત તેઓની સમજણ બહાર હતી. તેજ કારણથી પ્રભુએ તેઓને યોગ્ય સમય સુધી રોકી રાખ્યા હતા. “જ્યાં સુધી મારૂં પુનરૂત્થાન થાય નહિ ને તમે પવિત્ર આત્માનું દાન પામો નહિ ત્યાં સુધી આ વાત કોઇને કહેવી નહિ.”

કદાપિ કોઇ એવો પ્રશ્ન કરે કે એ પ્રમાણે પોતાની વાતો ગુપ્ત રાખવામાં પ્રભુનો શું હેતુ હશે, તો તેણે જાણવું કે તે સમયના યહુદીઓમાં મસીહ સંબંધી જે જે ખોટા મત હતા તે નાબૂદ કરી પોતાનું મસીહપણું પ્રગટ દેખાડવું હતું, ને તેમ કરવાનો બીજો રસ્તો હતો નહિ; કેમકે હજી સુધી પ્રભુના પસંદ કરેલા શિષ્યો પણ તે વાત સમજ્યા નહોતા, કારણ કે હાલમાં તેઓ જે જાણતા હતા તેમાં તથા પવિત્ર આત્મા ઉતર્યાં પછી તેઓએ જે જાણ્યું તેમાં ઘણો અંતર હતો (તે વાતનું પ્રમાણ જોવું હોય તેણે પ્રેરિતોનાં કૃત્યનો બીજો અધ્યાય જોવો).

અધ્યાય ૬ ઠ્ઠો.

ખ્રીસ્તનું રૂપાંતર.

હવે આગળ જતાં છએક દિવસ પછી પ્રભુએ પીતર, યાકૂબ તથા યોહાનને સાથે લીધા ને પોતે એક પહાડ પર ગયો. આ વખત તે શિષ્યો સહિત પ્રાર્થના-દ્વારે ઈશ્વિરસમાગમ કરવા ગયો હતો, કારણ કે તેને હાલમાં ખાસ કર્તવ્ય કરવાની વેળા નજીક આવેલી હતી, તેથી તે ખાસ કૃપાદાન મેળવવા ચાહતો હતો; કેમકે હવે પછી થોડા દિવસોમાં તે યરૂશાલેમ જઈ મહા ભયંકર દુઃખ ભોગવી પોતાના દેહનો યજ્ઞ ચઢાવી પાપનો બદલો ભરી આપવાનો હતો ને તે બધું જગજાહેર પોતાના શિષ્યોની સન્મુખ થવાનું હતું, તેથી યોગ્ય તૈયારી કરવામાં આવે કે પોતાને બળ મળે ને શિષ્યોની આશા મજબૂત થાય એવો ઉદ્દેશ રાખતો હતો. તે જાણતો હતો કે આ શિષ્યો મારા મરણ સંબંધી શાહેદી આપવાને ખાસ ઠરાવેલા છે, તેમ છતાં જે ધિક્કારયુકત મરણ ને અપમાન મારા પર આવનાર છે તે જોવાથી આ લોકો નિરાશ થાય ને તેઓના વિશ્વાસને ધક્કો લાગે તો સારૂં નહિ, માટે તેઓની આગળ એક અક્ષય મહિમાનું સંદર્શન બતાવવાનુ હતું; તેથી તેઓ પોતાના વિશ્વાસમાં વૃદ્ધિ પામે ને દૃઢ થાય, માટે પ્રભુએ આ પ્રસંગે તેઓને સાથે લીધા ને પહાડ પર ગયો હતો. એ સ્થળે દિનાવસ્થામાં મરણ ભોગવનાર સદ્ગુરૂ ઈશ્વરી ગૌરવથી વેષ્ટિત દેખાયો, તેથી તેઓનો વિશ્વાસ બળવાન થયો હતો.

હવે જ્યારે પ્રભુ ઈસુ પહાડ ઉપર જઇ પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે તેના સ્વરૂપનું રૂપાંતર થયું હતું. આ વખતે તેનું મુખારવિંદ પ્રકાશિત સૂર્યની માફક તેજસ્વી દેખાતું હતું, તેમજ તેનાં વસ્ત્રો સફેદ બરફની પેઠે ચળકતાં હતાં. તેની આસપાસ મહાગૌરવી તેજની દૈવી પ્રભાનો પ્રતિબિંબ દેખાવા લાગ્યો હતો. તે તેજમાં બે મહાન પુરૂષો દેખાયા: તેમાંનો એક મુસા તથા બીજો એલીયાહ હતો. આ સદ્‌ભક્તો દેવપુત્રના સમાગમને સારૂ ત્યાં આવ્યા હતા, કારણ કે મનુષ્યરૂપમાં આવેલો દેવપુત્ર વધસ્તંભ પર સ્વાર્પણ કરી અવિચળ રાજ્યાસન પર બીરાજમાન થવાનો હતો, તેની તૈયારીમાં આ બે ખીદમતદારોની હાજરી જરૂરની હતી, માટે પ્રભુ બાપે તેઓને આ સમયે ખાસ કાર્ય સાધવા સારૂ મોકલી દીધા હતા. આ બન્ને ઈશ્વરભક્તો આકાશી રાજ્યની સંસ્થાપના કરનાર આગેવાન સૈનિકો હતા. તેઓએ મૃત્યુલોકોના સત્તાધિકારીઓ સામે મહાભારત યુદ્ધ કરી મસીહને વાસ્તે વિશ્વનગર સર કીધું હતું, તેથી હવે તે મસીહને તખ્તનશીન થવાના શુભ પ્રસંગે હાજર રહે એવી જરૂર હતી. મુસાએ વિશ્વાસી તથા આશીર્વાદિત તેડેલા ઈબ્રાહીમના સંતાનોને સારૂ મસીહના ઉદયકાળ વિષે સ્પષ્ટતાએ ખબર આપી ધર્મવિધિની સ્થાપના કરી આકાશી રાજ્યના કાયદા-કાનુન બાંધ્યા હતા ને એલીયાહે તેના રક્ષણને સારૂ મહા કઠણ યુદ્ધ કર્યું હતું ને હવે પછી દેવપુત્ર મસીહ તે કાર્યનો હક પોતાને હસ્તક લેવાનો છે માટે એ બન્ને અધિકારીઓ આવ્યા ને તમામ સત્તા તથા હક સુપરત કરી ગયા હતા.

એક ખ્રીસ્તી થએલો યહુદી વિદ્વાન એમ લખે છે કે, "ખોટો યહુદી ધર્મ ખ્રીસ્તી ધર્મનો અનાદર કરે છે, પણ ખરો યહુદી ધર્મ ખ્રીસ્તનાં આદરસત્કારને સારૂ પોતાના બે પ્રતિનિધિઓને મોકલીને તેને ભજે છે."

વાંચનાર મિત્ર, શું તમે આવો મહિમાવાન રાજ્યાભિષેક કદી જોયો છે શું? તમારે તે જોવાનું મન છે? મને લાગે છે કે તમે તે જોવા ચાહતા હશો એમાં શક નથી. જુઓ, ચોતરફના અંધકારની વચ્ચે પેલો તેજસ્વી પહાડ દેખાય છે. તેના ઉપર નવરંગિત વૃક્ષવેલીએ જાતજાતના રંગોથી રોશની સણગારેલી છે; જાણે કે, એક રમણિક બગીચામાં મહામનોહર સિંહાસન ગોઠવેલું હોય તેમ તે પહાડ શોભાયમાન દેખાય છે. તેના ઉપર પુરાતન તથા અર્વાચીન કરારનું સંમેલન થાય છે, ને મહારાજા મસીહના શિર પર મહિમાનો મુગટ પહેરાવી અન્યોન્ય હર્ષાનંદ પામે છે. ત્યાંથી પ્રભુની નજરે એક અતિ મહિમાવાન પહાડ આવે છે, તેના પર ન્યાયીપણા તથા શાંતિનો પરસ્પર મેળાપ થાય છે, તેઓ અન્યોન્ય ભેટી પડી એક બીજાની સાથે પ્રેમાલિંગન કરે છે.

આ મેળાપમાં તે મહારાજા પર યરૂશાલેમમાં જે દુ:ખ આવનાર હતું તેની વાતચિતનો ખાસ પ્રસંગ બતાવેલો હતો. તેમાં દેવપુત્રે શેતાનની સાથે યાહોમ કરી લડાઇમાં ઝંપલાવવાનું કામ હાથ લીધું હતું તેની તૈયારીમાં સલાહ-

કાર' થાય માટે જુના વખતના આ બન્ને ભવિષ્યવાદીઓ આવ્યા હતા. તેઓએ આગળથી એવી લડાઇઓમાં મહા કષ્ટોનો અનુભવ કીધો હતો, તેઓ સંસારિક સુખદુઃખ તથા કષ્ટો પર વિજય મેળવી ચુકયા હતા, ને છેવટ મરણ પર જય પામી સ્વર્ગી ગૌરવમાં પ્રવેશ પામેલા હતા. મુસા મરણ પામેલો હતો તેમ છતાં આ વખતે તે પાછો મૃત્યુલોકમાં આવેલો હતો, તેમજ એલીયાહ જે અગ્નિરથમાં બેસી સ્વર્ગારોહણ કરી ગયો હતો તેણે પણ આ અવસરે હાજરી આપી હતી. એ લોકોની હાજરીથી આ દેવકુંવર મરણ પર સ્વારી કરવાને ખરેખરો નિર્ભય ને ઉત્તેજિત થયો. તેણે સ્વર્ગના દ્વારરૂપ મરણને જોયું. મરણની સામી બાજુ કબરને નિહાળી ને તેને સામે કિનારે સ્વર્ગી ગૌરવ તે પણ જોયો. હવે તેને મરણની ભીતિ નથી. કારણ કે સ્વર્ગી ગૌરવમાં તેનું મન આનંદિત થયું છે. તે આ લોકમાં છતાં પોતાની દૃષ્ટિ પરલોકમાં પહોંચાડી શકયો છે ને ત્યાંનો આનંદ અનુભવતો હતો (હેબ્રી. ૧૨ ; ૨)

પ્રભુ ઇસુના મન પર હવે પછી આત્મિક અને સ્વર્ગી વાતોનો પરિપૂર્ણ પ્રકાશ ચમકવા લાગ્યો હતો. આવનાર મરણને સહન કીધા પછી કેવા કેવા લાભો પ્રગટ થવાના છે તે તેને દૃષ્યમાન થયું હતું. તે જોવાને આપણ માનવજાત અશકત છીએ, પણ તેણે તે જોયું તેથી તે પૂરો શાંત છે. તેનો આવો ચમત્કાર જોતાં શિષ્યો આશ્ચર્ય પામ્યા એટલુંજ નહિ પણ તેઓ બીવા લાગ્યા. ભયને લીધે તેઓને મુર્છા આવી; જેમ પ્રેરિત પાઉલને દર્શન થયું ત્યારે તે મુર્છાગત થયો તેમ તેઓને થયું, તોપણ તે મુર્છિત અવસ્થાની વેળાનું દર્શન યાદ રાખી રહ્યો. તેનું સ્મરણ અંતપર્યંત તેના મગજમાંથી ગયું નહિ (તે વખતથી કેટલાંએક વર્ષો બાદ તેણે પત્ર લખ્યો તેમાં તે લખે છે કે, તે શરીરમાં હતો કે શરીર બહાર હતો તેની મને ખબર નથી), તેમ આ વખતનું અલૌકિક દર્શન શિષ્યોના મન પર અસરકારક થયું. આવું દર્શન તેઓની યાદદસ્તમાં જાથુક નિવાસ કરી રહ્યું હતું, તેમજ તેઓનાં મન પોતા તરફ ખેંચી રહ્યું હતું. તેઓએ એવા અલૌકિક દર્શનની ઘણી અપેક્ષા રાખી હશે પણ ફરી તે જોવામાં આવ્યું નહિ. તેઓ સાયમકાળને સમયે ગુરૂની સાથે પહાડ પર આવેલા હતા, ને ત્યાં પ્રાર્થના કરી ઉંઘી ગયા પછી જ્યારે તેઓના મુખ સામે આ તેજોમય પ્રકાશ ચમકવા લાગ્યો ત્યારે પાછા જાગૃત થયા. તે વખત સદ્ગુરૂ મુસા તથા એલીયાહની સાથે સંભાપણ કરતાં દેખાયો હતો. પછી તે દર્શનની સમાપ્તિ વેળા સ્વર્ગી પરોણા જતા હોય એમ ભાસ થવા લાગ્યો, ત્યારે તેમાંનો એક એટલે પીતર બોલવા લાગ્યો (જો કે તેને બોલવાની ખબર નહોતી તોપણ તે બોલ્યો) કે, "પ્રભુ, આપણે અહીં રહેવું સારૂં છે, જો તારી મરજી હોય તો હું અહીં ત્રણ માંડવા બનાવું એક તારે કાજે, ને એક મુસાને કાજે ને એક એલીયાહને કાજે." એ પ્રમાણે બેભાન અવસ્થામાં તે બોલતો હતો એટલામાં

તેના ઉપર આચ્છાદન કરનાર વાદળી આવી ને તેમાંથી આકાશીવાણી થઈ કે, "એ મારો વ્હાલો દીકરો છે, એના પર હું પ્રસન્ન છું; તેનું સાંભળો." આ વાણી સાંભળતાં તેઓ ફરી ભયભીત થયા, કેમકે તે આકાશી ધ્વનિ સાંભળવાથી ગભરાઈને બેશુદ્ધ થઇ ઉંધા પડી ગયા હતા. થોડી વાર પછી શુદ્ધિમાં આવી જુએ છે તો મુસા તથા એલીયાહ અંતર્ધ્યાન થયા હતા, ને સદ્ગુરૂ ઇસુ એકલો તેઓની નજરે દેખાતો હતો. ઉપર જુએ તો આકાશમાં ગ્રહમંડળ, નક્ષત્રો ને તેજસ્વી તારા ચમકતા હતા. તેનાં પ્રતિબિંબ પહાડના ઢોળાવ ઉપર પડતાં ને સામી બાજુ પર એકલો ઈસુ ઉભો હતો. આ ભેદ ભરેલો અજાયબ દેખાવ જોવાથી તેઓ ભાન ભૂલી ગયા. તેઓને બોલવાની શુદ્ધિ રહી નહિ તેથી તેઓ જેમના તેમ પડ્યા હતા, ત્યારે પ્રભુ તેઓની પાસે આવ્યો ને બોલ્યો કે, "ઉઠો, ને બીહો મા" (માત્થી ૧૭; ૭).

ત્યાર પછી આ નાની ટોળી પહાડ ઉપરથી નીચે ઉતરી આવતી હતી તે વખતે રસ્તે ચાલતાં શિષ્યોએ એક સવાલ પૂછયો કે, શાસ્ત્રીઓ કેમ કહે છે કે એલીયાહે પહેલાં આવવું જોઇએ? તેથી તે શાસ્ત્રીઓએ યોહાન બાપ્તિસ્મા કરનારને પુછયું હતું, પણ તેણે કહ્યું કે, હું એલીયાહ નથી. આ પ્રશ્નનો સાર એવો હતો કે જો યોહાન તે એલીયાહ ન હોય તો ઇસુ તે મસીહ કેમ હોય! તેથી કેટલાએકના મનની સમજણમાં ભુલ થતી હતી. વળી પહાડ ઉપર તેઓએ એલીયાહને જોયો હતો, પણ તે તો માત્ર અલ્પકાળ રહી અદૃષ્ય થયો માટે આ શિષ્યોના સંદેહમાં વૃદ્ધિ થાય એ સંભવિત હતું, કેમકે એ સંબંધી એવો લેખ હતો કે, "એલીયાહ આવે છે ખરો, ને સઘળું યથાસ્થિત કરશે" ને જ્યારે તેઓએ તેને જોયો ત્યારે એ બાબતમાં એમની જીજ્ઞાસા વૃદ્ધિ પામી હશે. એ વાતનું પ્રભુએ યોગ્ય રીતે સમાધાન કીધું: કે યોહાન બાપ્તિસ્મા કરનાર તે પૂરેપૂરી રીતે એલીયાહના આત્મામાં તથા તેનાજ સામર્થ્યમાં આવેલો હતો. તેણે મસીહને સારૂ રસ્તો તૈયાર કીધો તે તેનું મુખ્ય કામ હતું, માટે તે પોતાનું ખરૂં કર્તવ્ય બજાવીને ગયો છે; એથી પૂરાતન લેખ પુરો થાય છે.

એ પ્રમાણે વાતો કરતાં વાટ ખુટી ને તેઓ પહાડની તળેટીમાં આવી પહોંચ્યા. હવે અહીં એક જુદો દેખાવ જોવાનો છે, તે શું હશે તે વિષે વાંચનારને સવાલ થયો હશે. આપણે ઉપર વાંચી ગયા છીએ કે આ પહાડ પર પ્રભુની સાથે માત્ર તેના ત્રણજ શિષ્યો ગયા હતા, ને બાકીના એક પાસે નજીક ગામ હતું ત્યાં રાત વાસો રહ્યા. તેમની પાસે એક માણસ પોતાના છોકરાને તેડી લાવ્યો ને તેના વિષે વિનંતી કરી કહેવા લાગ્યો કે, તમે મારા છોકરાને સાજો કરો, એ ભૂતના વળગાડથી તથા ફેફસાના રોગથી અત્યંત પીડા પામે છે. એ વિનંતી કબૂલ કરી પ્રભુના શિષ્યોએ તેને સાજો કરવાના પ્રયત્ન કીધા પણ તેથી તેને સાજાપણું મળ્યું નહિ. આ પ્રમાણે નાસીપાસ થએલા શિષ્યો ફરોશીઓની

ઠઠ્ઠા મશ્કરીનો ભોગ થઇ પડ્યા હતા. તેઓના વિરોધીઓ અનેક કુતુહલ કરી ઠેકડીબાજીમાં મેણાંટાણાં મારવાં લાગ્યાં ને ઘણા લોકોની વચમાં તેમની ફજેતી કરવાનો પ્રસંગ તેમને મળ્યો. આ સમે ગરીબ ને રાંકડા શિષ્યો બધાની વચ્ચે હાંસીપાત્ર બન્યા તેથી દીનતાપૂર્વક મૌન્ય ધારી સદ્ગુરૂની વાટ નિહાળતાં ગુપચુપ ઉભા હતા. તેઓની પાસે થોડીવાર નિરાશામાં પડેલો તે છોકરાનો બાપ પોતાના વ્હાલા પુત્રને લઇ ઉભેલો હતો ને બીજા લોકો ટોળે વળી તે તમાશો જોતા હતા. એવામાં પ્રભુ આ ત્રણ શિષ્યો સહિત ત્યાં આવી પહોંચ્યો.

પ્રભુ ઇસુએ જ્યારે પ્રેરિતોને સુવાર્તા પ્રગટ કરવા મોકલ્યા ત્યારે તેઓને તમામ જાતના રોગ ટાળવાનો તથા ભૂતો કાઢવાનો અધિકાર આપ્યો હતો, તેથી તેઓની સમજણ પ્રમાણે પોતાની શક્તિ પર ભરોસો રાખી આ કામ હાથ લેવા તત્પર થવા હશે. પણ વળી તેઓના મનમાં એવો સંદેહ આવ્યો હશે કે આ અધિકાર માત્ર અલ્પકાળને વાસ્તે ઠરાવેલા સમય સુધીનો હશે તો તેનું શું થશે. એવાં એવાં કારણોને લીધે તેઓનો શ્રમ નિષ્ફળ ગયો હતો તેથી તેઓ નાઉમેદ થયા. પ્રતિસ્પર્ધીઓ ઠઠ્ઠા મશ્કરીમાં હાંસી કરવા લાગ્યા. માંદા છોકરાનો બાપ પ્રભુનો આશીર્વાદ પામવાની આશામાં તેના તરફ અંતરદ્દષ્ટિ લગાડી રહેલો હતો. તેની નજર સમીપ પ્રભુ ઇસુ પહાડ પરથી આવ્યો ત્યારે તેણે નમ્રતા ભરેલે ઘાંટે બૂમ પાડી કે, ઓ પ્રભુ મારા પુત્ર પર દયા કર, તેને અશુદ્ધ આત્મા વળગેલો છે, તેથી તે ઘણો હેરાન થાય છે, હું તેને તારા શિષ્યોની પાસે લાવ્યો હતો, પણ તેઓ સાજો કરી શકયા નહિ; હવે તારાથી બની શકે તો અમારી સહાયતા કર. તેનાં એ વચનો સાંભળીને પ્રભુ ખેદિત થયો કારણ કે તેમાં અવિશ્વાસ રહેલો હતો, માટે તેને તે કહેવા લાગ્યો કે, "ઓ અવિશ્વાસી તથા આડી પેઢી, હું કયાં સુધી તમારી સાથે રહીશ ને કયાં સુધી તમારૂં સહીશ? તેને મારી પાસે લાવો." એ પ્રમાણે તેના અવિશ્વાસને લીધે તેને ઠપકો આપી તેના છોકરાને સાજો કીધો, તેથી તેને થોડી વારમાં આરામ થયો.

આ ચમત્કાર જોઇને શિષ્યોની અજાયબીનો પાર રહ્યો નહિ. તેઓ બધા પ્રભુની પાસે આવ્યા ને પુછવા લાગ્યા કે અમે તેને સાજો કરી ન શકયા તેનું કારણ શું હશે? પ્રભુએ તેઓને કહ્યું કે, અશુદ્ધ આત્માને જીતવા સારૂ શુદ્ધાત્માનું પરાક્રમ જોઇએ. ઠરાવેલા શબ્દો કે મંત્રોચાર કરવાથી ભૂતાત્મા આધીન થતા નથી. માનવ ભાષામાં અનેક પ્રકારના શબ્દધ્વની છે ને થશે, પણ તેના ઉચ્ચારણથી ચમત્કારિક કાર્ય બનતાં નથી, તેમજ શેતાની સત્તા પરાભવ પામતી નથી, તેથી મનરંજન થાય, આશ્ચર્ય લાગે, પણ ભૂતો જતાં નથી. જ્યારે પવિત્ર આત્માની વૃદ્ધિ થાય ને તેના પરાક્રમનો પ્રકાશ થાય ત્યારે અંધકારની સત્તા નષ્ટ થાય છે. માટે તે કાર્યસાધકે આત્મનિગ્રહ કરી વિશ્વાસ તથા આત્માનો વિજયીસંગ્રહ કરવો જોઇએ. વળી તેને સારૂ ખાસ પ્રાર્થનાઓ

કર્યાં સિવાય એવું પરાક્રમ મળતું નથી. ઉપવાસ તથા દેહદમન મનના દૈહિક વિકારો દબાવનાર છે, ને પ્રાર્થના આત્મિક ચૈતન્ય વધારનારૂં સાહિત્ય છે, એવાં સાધન અશુદ્ધાત્માનું જોર દબાવી તેના ઉપર જય પમાડે છે. જ્યારે કોઇ ખરી રીતે આત્મિક જ્યોતીથી પરાક્રમની ઉન્નતી પામે છે ત્યારે તે શેતાનની સર્વ સત્તા તોડવા બળવાન થાય છે. ખાસ ઈશ્વરી કૃપાથી જ્યારે એટલે દરજ્જે આત્માની ચઢતી દશા થાય ત્યારે અશુદ્ધાત્મા તેની સામો ટકી શકતો નથી.

તે છોકરા સંબંધી સુવાર્તામાં એવો લેખ મળે છે કે, જ્યારે તે છોકરાના બાપે પહાડ પરથી પ્રભુ ઈસુને ઉતરતો જોયો ત્યારે તેણે તેની પાસે દોડી જઇને બૂમ પાડી કે, ઓ પ્રભુ, બની શકે તો જલદી મારા દીકરાને સાજો કર. પ્રભુએ તેને કહ્યું કે, શું બની શકે તો!! વિશ્વાસ કરનારને તો સઘળાં શકય છે. માટે જો તું વિશ્વાસમાં ટકી રહીશ તો દેવનો મહિમા દેખશે. ત્યારે તેણે ફરી ઘાંટો પાડીને કહ્યું કે, હે પ્રભુ, હું વિશ્વાસ કરૂં છું; મારા વિશ્વાસની સહાયતા કર. એ પરથી એવો બોધ મળે છે કે અસાધ્ય રોગવાળા માંદાને સાજાપણું આપવા ઈસુ આવે છે ત્યારે તેના વિશ્વાસમાં ટકી રહેવું એ ઘણી અગત્યનું કામ છે. માટે પ્રભુએ કહ્યું કે, "વિશ્વાસ રાખનારને સર્વ શકય છે" (માર્ક ૯; ૨૩).

ઉપર બતાવેલી બધી વાતો પાલેસ્તાઇન દેશના ઉત્તર વિભાગમાં બની કારણ કે તે સમયે પ્રભુ ત્યાં ફરતો હતો. ત્યાર બાદ તે પોતાના સ્થાનિક શહેર તરફનો રસ્તો ખેડવા લાગ્યો. જેમ પહેલાં તેઓએ નદીનો પૂર્વ કિનારો પકડયો હતો, તેમ આ વખત પશ્ચિમ કિનારો પસંદ કીધો. એ રસ્તા પર ઘણા પહાડી ટેકરા તથા નાની મોટી ખીણો આવે છે. તેઓનો મનોહર અને સુંદર દેખાવ જોતાં જોતાં આપણા પરમાર્થિક મુસાફરો માર્ગક્રમણ કરતાં આવે છે. રસ્તામાં તેઓ (વિશ્વાસમાં માન્ય થએલા સેવકો)ની સાથે મેળાપ કરી તેઓના વિશ્વાસમાં દઢતા થાય એવી ઉત્તેજનદાયક વાતોનો જ્ઞાનપ્રકાશ આપતાં ચાલ્યા આવે છે; તેમાં તેના મરણરૂપી પ્રાયશ્ચિતનો શિષ્ય તે મુખ્ય ને પ્રધાનરૂપ હતો. વળી તે જણાવતા હતા કે હવે તે વખત છેક નજીક આવતો જાય છે માટે તેને ઘણીવાર લાગવાની નથી (માર્ક ૯; ૩૧).

એ પ્રમાણે તે શિષ્યો વારે વારે ચેતવણી પામ્યા હતા તેમ છતાં પ્રભુના મરણ સંબંધી તેઓની સમજણ ઘણી કાચી હતી. જ્યારે જ્યારે સદ્ગુરૂએ તેઓની આગળ પોતાના મરણની વાત કહી ત્યારે ત્યારે તેઓ કાંઈ જુદુંજ સમજતા હતા, તેથી તે વાત બરોબર તેમની સમજણમાં આવી નહિ. એ સંબંધી તેના પ્રેરિતોએ સાફ કબૂલાત આપી છે કે પ્રભુ ઈસુના પુનરૂત્થાન પહેલાં અમે તેના મરણની વાત સમજી શકયા નહોતા. પ્રભુ ઇસુના સંબંધમાં પ્રેરિતોએ જે ઐતિહાસીક લેખ આપ્યો છે તેમાં તથા કવિ લોકોના લખેલા ગ્રંથોમાં ઘણો તફાવત છે, કેમકે "જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ" એ

કહેવત પ્રમાણે રસ અલંકાર તે બંધ બેસે એવી વાર્તાઓ લખવી તે કવિનું કામ છે, પણ લેશ માત્ર જુઠ કે ભેળ વિના સદ્ગુરૂ ઇસુનું જીવનામૃત લખ્યું તે તે પવિત્ર આત્માનું કામ છે. એ ઉપરથી એમ કહેવાય કે આ સુવાર્તાઓની વાતોમાં તથા બીજી વાર્તાઓમાં જમીન આસ્માન જેટલો ફેર છે.

બધા પ્રેરિતો પ્રભુ પર પ્રેમભાવ રાખી તેની વાતો સાંભળતા હતા, તોપણ તેઓ આ વાતથી અજાણ રહ્યા તે બધા કબૂલ કરે છે, માટે તેઓ જૂઠા નહિ પણ સાચા છે. તેઓએ જે જાણ્યું તેમાં તે બેધડક શાહેદી આપી લખે છે કે અમે પ્રભુની વાતોમાંથી એક વાત ખાસ કરીને સમજ્યા હતા કે અમારે મસીહના રાજ્યમાં દાખલ થવા સારૂ તૈયાર થવું. મસીહનું રાજ્ય પાસે આવ્યું છે ને તેમાં દાખલ થવા સારૂ અમારે આત્મનિગ્રહ કરવો ને પોતાની દૈહિક વૃત્તિઓને દબાવી આત્મિકપણામાં વધતો જવું એ અમારૂં ખાસ કામ છે.

સદ્ગુરૂના બોધવચનથી એ વાતનું તેઓને જ્ઞાન થયું હતું, પણ હજી તેઓની શક્તિ કાચી હતી; હજી તેઓને વધારે બળવાન થવાની જરૂર હતી; કેમકે તેમ થયા વિના આત્માને પરાક્રમ મળતું નથી. અભિમાન, ગર્વ, મત્સર ને સ્વાર્થરૂપી દુર્ગુણો દબાય અને નમ્રતા, લીનતા ને પરમાર્થરૂપી સદ્ગુણોની વૃદ્ધિ થાય ત્યારે આત્મિક વિજય મળે એમ હતું, પણ હજી તેઓ નબળા હતા. એ નબળાઇનો તાજો દાખલો એવો છે કે આ વખત તેઓ મુખ્ય જગ્યા વિષે વાદવિવાદ કરી આપસ આપસમાં ખેંચતાણ કરતા હતા તે દરમિયાન તેઓ કાપરનાહુમ આવી પહોંચ્યા. હવે આપણે અહીં જાણવું જોઇએ કે પ્રભુને કાને શિષ્યોના વિવાદની વાત આવી હતી પણ તે વખત એ વાત પર કાંઈ વિશેષ ધ્યાન આપેલું નહોતું. તેથી હાલમાં પ્રભુએ તે વાત તરફ લક્ષ આપી ફેંસલો કરવાનું કામ હાથમાં લીધું. તેણે તેઓને પૂછ્યું કે, "તમે માર્ગે ચાલતા હતા ત્યારે શું વિવાદ કરતા હતા" (માર્ક ૯; ૩૩) તે હવે કહો. એ સવાલ સાંભળીને દરેક જણ શરમિંદા પડી ગયા, ને એક બીજાની સામે જોતાં છાનામાના ઉભા રહ્યા. આ પ્રમાણે મૌન્ય ધારણ કરવાથી તેઓ પોતાના અપરાધની કબૂલાત આપી પસ્તાતા હોય એમ દેખાયું, તેથી પ્રભુએ તેઓના વિચાર જાણી લીધા માટે વધારે પડપૂછ કીધી નહિ, પણ તેઓના વિવાદનો ફડચો લાવવા એક ક્રિયા કરી ફેંસલો આપ્યો. તેણે એક બાળકને લઇ તેઓની વચ્ચે મુકયું ને કહ્યું કે દેવના રાજ્યમાં દાખલ થવા તથા તેની શ્રેષ્ઠતા પામવા આ બાળકના જેવા દીન, નિષ્કપટી, નમ્ર તથા પ્રીતિવાન થવું જોઈએ. આગળ આવી ગએલા વખતમાં પ્રભુએ તેઓને બન્ધુ પ્રેમ વિષે તથા સમાનતા વિષે ઉપદેશ આપ્યો હતો, તેમજ તે વખત ચેતાવ્યા હતા, કે તમારે સર્વની સાથે શાંતિને ધોરણે ચાલવું ને એમ કરી આકાશી રાજ્યની આણ ફેલાવવી. જે કોઈ આપણાથી ઉલટો નથી તે આપણા પક્ષનો છે એમ સમજી તેના સ્નેહી થવું.

આ બોધવચનને આધારે એક ગ્રંથકર્તા એવી શિખામણ આપે છે કે ુ ઇસુ કોઇ નવિન પંથ કે સંપ્રદાય સ્થાપન કરવા આવેલો નથી, તોપણ તેના .દ કરેલા માંડળિકો મોટા ને ઉદાર મનવાળા, દયા તથા કરૂણાથી ભરપૂર ન્યો હોય છે. તેઓની વૃત્તિ વિશ્વના હિત તથા કલ્યાણને સારૂ હમેશાં ડાએલી રહે છે. તેઓ બધાં અન્યોન્ય ઐક્યતામાં ચાલી જન સમુહના ારનો રસ્તો તૈયાર કરનારા છે; માટે તેને સતાવનાર બધી દુનિયાનો દ્રોહી ા સતાવનાર ઠરે છે. કારણ કે એમાંનો એક સદ્‌ભકત દુભાય તો તેની ગણી બધા સંતસમાજને સરખી રીતે દુભાવનારી થાય છે. ખ્રીસ્તી ાુસના અંગમાં ખ્રીસ્તના આત્માના પ્રભાવે ઘણીજ નમ્રતા રહેલી છે, ને તે :તાને અંગે ક્ષમા ને શીયળનો વાસો હોય છે. તે નમ્રપણે પ્રેમભાવથી તાના ભાઇઓના અપરાધ ક્ષમા કરે છે; માફી આપવામાં તે અમુક મુદ્દત હદ ઠરાવતો નથી, તેથી આવો ભકત માણસને દુભાવનાર માત્ર પોતા પર મ વધારે છે.

આ નમ્રતા ભરેલી માફીના સંબંધમાં પ્રેરિત પીતરે સવાલ કર્યો હતો; .ા જવાબમાં પ્રભુએ એક અસરકારક દૃષ્ટાંત આપ્યું. તેમાં નિર્દય ચાકરના મલાથી બોધ આપે છે: તેનું તાત્પર્ય એવું છે કે આપણી વિરૂદ્ધ માણસોએ જે અપરાધો કીધા છે તેના કરતાં ઘણા અધિક અપરાધો માણસોએ દેવ ;દ્ધ કીધા છે. તેમ છતાં દેવ આપણને માફ કરવા તૈયાર છે તો આપણે પણ ી આપવા તૈયાર રહેવું. જો એમ હોય તો આપણને માફી છે ને જો એમ હોય તો આપણને માફી નથી. આ ઉત્તમ સિદ્ધાંતથી શિષ્યમંડળની મહત્વા- ા નાશ પામીને ખ્રીસ્તી રાજ્ય વિરૂદ્ધ જે મહા ભયંકર દુર્ગુણો ગર્વ ને વેર ગનારૂં અસહનશીલપણું તેનો નાશ થયો. એ પરથી શિષ્યોને આકાશી ાયના ખાસ લક્ષણ જાણવાને અગત્યનું શિક્ષણ મળ્યું હતું (માત્થી ૧૮; ૧-૩૫. ૯; ૪૬–૫૦).

અધ્યાય ૭ મો.

મંદિરનો કર ભરી આપવા વિષે.

વાંચનાર મિત્રો ઉપરની હકીકતથી જાણી ગયા છે કે હવે આપણી કથાનો ય નાયક પોતાના શહેરમાં (કાપરનાહુમ) આવી પહોંચ્યો છે. તે અરસામાં દરનો વેરો લેવાને ઉઘરાવનાર આવ્યો, ને પીતરને પુછવા લાગ્યો કે, તમારો દેશક આ ધર્મવેરો આપશે કે કેમ?

આગળ આપણે વાંચી ગયા છીએ કે યરૂશાલેમ શહેરમાં યહુદી લોકોનું મંદિર હતું. તેના ખરચખુટણ સારૂ દરેક પુરૂષ પર માથાવેરો નાખેલો

હતો. યહુદી જમાતમાં જન્મેલો કે થએલો પોતે વીશ વર્ષની ઉમરે આવે ત્યારે તે ઉપર બતાવેલો કર આપવા બંધાએલો હતો. તેથી આ "પવિત્ર વેરો" ઉઘરાવનાર પીતરની પાસે આવીને ઉપર પ્રમાણે પ્રશ્ન કરતો હતો. નિર્ગ. ૩૦; ૧૨–૧૬ માં બતાવેલા ફરમાન પ્રમાણે દરેક માણસ પાસેથી અર્ધો શેકેલ રૂપું લેવાનો ઠરાવ ચાલતો હતો. તેની શરૂઆત થતાં ફરોશીઓ તથા સાદુકીઓ વચ્ચે તકરાર ચાલી હતી, કારણ કે સાદુકીઓને આ વેરો બોજારૂપ લાગતો હતો; તેઓ કહેતા કે ગણ. ૨૮; ૪ના ફરમાન પ્રણાણે નિત્યના યજ્ઞોનું ખરચ ઐછિકાર્પણો (રાજીખુશીથી આપેલાં દાનો) માંથી પુરૂં પાડવું, કેમકે એવાં દાનો તથા અર્પણોના પૈસા ભંડારમાં રખાય છે; તેમાંથી અમુક ભાગ તે સેવામાં વપરાય તો લોકોના પર આ બોજો આવશે નહિ. એ પ્રમાણે બે વિરૂદ્ધ મતોને લીધે ઘણો વાદવિવાદ થયો પણ આખર ફરોશીઓનો પક્ષ વધ્યો ને ઉપર બતાવેલો કર દરેક યહુદી પર નક્કી ઠર્યો.

આવા ધર્મવેરાને નામે લાખો રૂપીઆ ભેળા થતા તે બધા મંદિરના ભંડારમાં ભરાતા હતા, તેથી ત્યાંની તીજોરી ચીકાર ભરેલી રહેતી. તેની લાલચમાં કેટલાએક લોભી રાજાઓ વખતોવખત શહેર પર હુમલા કરી મંદિરમાં લુટફાટ કરતા હતા. વેરો ઉઘરાવવાનું કામ તે લેવીઓ તથા યાજકના હાથમાં સોંપેલું હતું. તેઓ દર સાલ આદાર એટલે ફેબ્રુઆરી કે માર્ચ મહિનાની આખરમાં ઉઘરાણાં કરી લાવતાં હતાં. એ રીતે લેવીઓ તથા રાબીઓને બાદ કરી બાકીના બધા લોકોમાં આ ઉઘરાણું ચાલતું હતું. હવે નિયમ પ્રમાણે જોતાં પ્રભુ ઇસુ રાબી ગણાતો હતો તેમ છતાં તેના વિરોધીઓએ પરીક્ષણ કે અપમાન કરવાના ઇરાદાથી ઉઘરાવનારને ત્યાં મોકલ્યો હશે એમ સંભવે છે.

હવે જ્યારે કર વસુલ કરનાર ત્યાં આવ્યો ત્યારે તે બારોબાર સદ્‌ગુરૂની પાસે ગયો નહિ, પણ તેના શિષ્ય પીતરની પાસે આવ્યો ને સવાલ પુછ્યો કે, "તમારો ઉપદેશક કરનાં નાણાં આપશે કે નહિ?" તેના જવાબમાં પીતર પોતાના ઉતાવળા સ્વભાવ પ્રમાણે જવાબ આપી કહેવા લાગ્યો કે, હા, બેશક તે કર આપશે એમાં સંદેહ નથી. એ પ્રમાણે તેની સાથે વાતચિત કીધા પછી પોતે સ્વામીજી પાસે આવ્યો ને બધી હકીકત નિવેદન કીધી. તે સાંભળી પ્રભુએ તેને કહ્યું કે, સીમોન, મારે તને કાંઈ પુછવું છે; આ પૃથ્વીના રાજાઓ જે કર કે દાણ લે છે તેઓ કોણની પાસેથી લેશે? તેઓ પોતાના દીકરાઓ પાસેથી લેશે કે પારકા પાસેથી લેશે? સીમોન પીતરે જવાબ આપ્યો કે, તે તો પ્રજા પાસેથી કર લે છે, પણ પોતાના દીકરા પાસેથી કર લેતા નથી. પ્રભુએ કહ્યું કે, એ ખરી વાત છે, ત્યારે દીકરા તો છુટા છે. સીમોન કહે છે કે હા, પ્રભુ, દીકરાઓ તો છુટા છે.

એ રીતે પ્રશ્ન કરવામાં પ્રભુ એવી સુચના કરે છે કે હું રાજાઓના રાજાનો પુત્ર છું તેથી મારા પર વેરાનું બંધન લાગુ પડે તેમ નથી; કારણ કે ધર્મ વેરાને નામે એકઠાં કરેલાં નાણાં દેવસેવાને વાસ્તે છે. ને હું પોતે દેવપુત્ર છું તો તે દેવપુત્ર આવી જાતના ધર્મ વેરાથી મુક્ત છે. મારૂં તન, મન ને ધન તે તો દેવને અર્પાઈ ચુકયાં છે, માટે સ્વાધિન થએલાને સ્વાધિન કરવાની જરૂર નથી. એ પ્રમાણે પ્રશ્નોત્તર કરેવામાં પ્રભુ પોતાની સ્વતંત્રતાનો દાવો સાબીત કરી આપે છે; તેમ છતાં પ્રસંગને અનુસાર તેને કહે છે કે આપણે તેઓને ઠોકર ખવડાવવી નથી. જો આ વખત આપણી સ્વતંત્રતા પ્રમાણે કર ન આપીએ તો તેમાં દેવનું અપમાન છે, કેમકે દેવસેવાને નામે નિયમિત થએલો કર ન ભરે તો તે દેવના હુકમનું ઉલ્લંઘન કરનાર છે. તેથી આપણે આપણા બાપનો હુકમ પાળવો ને પ્રેમી આજ્ઞાંકિતપણાનો નમુનો આપવો, માટે તું સમુદ્ર કિનારે જા ને ગલ નાખ; ત્યાં તને જે પહેલી માછલી મળે તે લે, તેના મ્હોમાંથી તને એક રૂપીઓ મળશે, તે આપણ બન્નેની વતી આપજે. એ પ્રમાણે પીતર સમુદ્ર કિનારે ગયો ને તેને હાથે માછલીના મ્હોમાંથી એક "સ્ટેટર" (ગ્રીસ દેશનો રૂપીઓ) આવ્યો જે તેણે ઉઘરાવનારને આપ્યો. આ વાત ઉપરથી આપણને કેટલીએક બોધદાયક સુચનાઓ મળે છે; તેમાંની પ્રથમ એવી છે કે દરેક માણસે પોતાના કામનો તથા હકનો લાયક ઉપયોગ કરવો, પણ વિપરીત રીતે ગેરઉપયોગ કરવો નહિ. એટલે કે કેટલાએક પ્રસંગે તેમ કરતાં પોતાના ખાસ હક છોડી દેવાની જરૂર હોય તો સારા નમુના ખાતર તેને જતા કરવા. વળી બીજી વાત એ છે કે ખ્રીસ્તી માણસે દાન આપવામાં પાછું હઠવું નહિ. જો કે તેમ કરવાથી પુણ્યકર્મ કે તારણ ખરીદાય તેમ નથી, કારણ કે "આપણને ખ્રીસ્તમાં મફત તારણ છે" તોપણ પરમેશ્વરની સેવાભક્તિને સારૂ નાણાં આપવાને ખુશીથી આગળ પડતો ભાગ લેવો. વળી યાદ રાખવું કે દાનસેવાને સારૂ આપણી પાસે યોગ્ય રીતે નાણાંનો સંચય ન હોય પણ આપણી જીજ્ઞાસા હોય તો તેવા પ્રસંગ પર પીતરની પેઠે ગલ નાખવો એટલે પ્રભુના ફરમાન પ્રમાણે સત્ ઉદ્યોગ કરવો એથી તે ગરજ પુરી પડશે.

અધ્યાય ૮ મો.

યહુદીઓનું માંડવા પર્વ—ઇસુ યરૂશાલેમ જાય છે.

હવે અત્યાર સુધીમાં ચોમાસાની મોસમ પુરી થઇને શરદ ઋતુ બેસવાનો સમયકાળ પાસે આવી લાગ્યો હતો, એટલે યહુદી કાળગણના પ્રમાણે તીસરી માસ (અકટોબર કે આશો માસ) ની વેળા ચાલતી હતી. એ વખતે યહુદી પર્વો પૈકી માંડવાનું પર્વ આવે છે ત્યારે બધા યહુદીઓ યરૂશાલેમમાં એકઠા મળી એ પવિત્ર તહેવાર પાળતા હતા. પર્વનો સમય તારીખ ચૌદમીથી

એકવીસમી સુધી ચાલતો હતો, તેમાં તારીખ ઓગણીસમીનો દિવસ કાંઈક વિશેષ મનાતો હતો; તેને પ્રાયશ્ચિત્તનો દિવસ કહેતા હતા, આ દિવસે બધા ઉપવાસ રાખી આખો દિવસ દેવસેવામાં ગુજારતા હતા. તેમજ સીત્તેરે દેશજાતિઓના હકમાં સીત્તેર ગોધાઓનો યજ્ઞ ચઢાવતા હતા. ત્યાર બાદ પર્વનો છેલ્લો દિવસ તે પણ મોટો મનાતો હતો; તે દિવસે ઘણી ધામધુમથી મેળો ભરાતો હતો. બાકીના દિવસોમાં રોજ સાંજ સવાર બળીદાનો ચઢાવી નિયમ-શાસ્ત્રનું વાંચન કરાતું હતું. મંદિર ભરાવાની શરૂઆતમાં યાજકો રણશિંગડાં વગાડી વારાફરતી અનુક્રમવાર સેવાનું કાર્ય બજાવતા હતા. તે સિવાય એક જળયાત્રાની ક્રિયા કરતા હતા, તેમાં મોટા ઠાઠમાઠથી શિલોઆહના કુંડનું પાણી ભરી લાવતા હતા.

જેમ આપણે આગળ વાંચી ગયા છીએ કે યહુદી લોકોના છુટકારાની યાદગીરીમાં પાસ્ખાપર્વ પળાતુ હતું, તેમાંની ક્રિયાઓ ઉતાવળાપણાની તથા દુઃખની યાદી સુચક હતી, તેમ આ પર્વમાં તેઓની મુસાફરી તથા પ્રવાસ સુચક ક્રિયાઓ થતી હતી. સાત દિવસ સુધી ઘર તથા ગામથી બહાર લીલાં જૈતુન તથા દેવદારની લીલી ડાળીઓના માંડવા બાંધી તેના ઉપર લીલાં તાડ-પત્રોનું આચ્છાદન કરી તમામ લોકો ઉજાણીને વખતે તેમાં રહેતા હતા. આ વખતમાં યરૂશાલેમની શોભા કેવી થતી હશે તે જોવા સારૂ વાંચનારનું મન લલચાય એ અસંભવિત લાગશે નહિ. આપણે જાણીએ છીએ કે ચોમાસામાં ઝાડતરૂવર, વૃક્ષવેલી આદી અમૃત જળપાન સ્નાનને પ્રતાપે વૃદ્ધિ પામી ફાલફૂલ તથા શાખા પાત્રોની સ્વચ્છતાએ કરી એક ન્યારો ને સુશોભિત દેખાવ આપે છે એવી "એદન બાગ કે નંદનવન" જેવી યરૂશાલેમની વનવેલીવાળી ભૂમિમાં આ નવપલ્લવ મંડપો ઠેરેઠેર લીલા લહેરનો વધારો કરી સુંદર દેખાતા હતા.

હવે આ પર્વના સમય અગાઉ થોડાજ કાળમાં પ્રભુ ઈસુ પોતાના શહેરમાં નવમી વેળા આવેલો છે; તે દરમિયાન તેના ભાઇઓ ત્યાં આવ્યા, એ લોકો હજુ સુધી પ્રભુના કાર્યનું પુરૂં તાત્પર્ય સમજતા નહોતા, તેમ તેના શિષ્ય થઇ તે પર વિશ્વાસ કરતા નહોતા. તેઓના મનમાં એવો ભાવ હશે કે જો કોઈ ધર્માધિકારીઓ તેના પર વિશ્વાસ લાવે ને તેને મસીહ તરીકે કબૂલ કરે તો પછી અમે પણ તેના શિષ્ય થઇશું. એવા અબળ વિશ્વાસથી તેઓ તેને સલાહ આપવા લાગ્યા કે તમે આ વખત અમારી સાથે પર્વમાં આવો ને "તમારો પરાક્રમ પ્રગટ કરો." જો તમે તેમ કરશો તો અધિકારી લોકોમાં તમારી ખ્યાતી વધશે ને તેઓને તમારા ચમત્કારોની જાણ થશે. આ ગાલીલ પ્રાંત અવિદ્ય ને તુચ્છ મનાય છે, તેમાં તમે જે જે ચમત્કારો કીધા તેમાંના થોડા યરૂશાલેમમાં કરશો તો એકદમ લોકો તમારા પર વિશ્વાસ લાવશે ને તમારૂં ધારેલું કાર્ય સિદ્ધ થશે. જ્યાં સુધી ધર્માધિકારીઓ તમારા પર વિશ્વાસ ન લાવે ત્યાં સુધી ગાલીલી

લોકો તમારે સારૂ કંઈ કરી શકવાના નથી. માટે તમે આવો ને તમારાં ચમત્કારી કામો પ્રગટ કરો. જો પ્રભુ ઇસુ લોકોના ધારવા પ્રમાણે સંસારી વૈભવ ને માન પાનની તૃષ્ણામાં લુબ્ધ થએલો હોત તો આ લોકોની સલાહ પ્રમાણે ચાલવામાં આનાકાની કરત નહિ. પણ તે તો વૈભવ છોડી ખરૂં કર્તવ્ય બજાવવા આવેલો હતો માટે આ સલાહ તેને મન અરણ્યમાંના પરીક્ષણ સમાન હતી (માત્થી ૪; ૫). તે વેળા શેતાન તેની સામે આવી લલચામણી આપતો હતો ને આ વખત તેના મિત્રો લાલચમાં નાખે છે. શેતાને કહ્યું કે તમારા રક્ષણ, પોષણ ને મહિમા માટે દેવ ઉપર આધાર ન રાખો, પણ તમારી જાતશક્તિ પર જોર મેલી તેનો ઉપયોગ કરો. આ મિત્રો કહે છે કે તમારી સબુરી છોડી દો ને બનતે પ્રયત્ને એકદમ તમારો પરાક્રમ પ્રગટ કરો. પણ જેમ તેણે તે પરીક્ષણ પર જીત મેળવી તેમ આમાં પણ જીત મેળવી ને એવો જવાબ આપ્યો કે, "મારો સમય હજી આવ્યો નથી."

પ્રભુ ઈસુ જગતના અસ્થિરપણા પર તથા તેના ચંચલ ને પ્રપંચી વિશ્વાસ પર ભરોસો રાખતો નહોતો. તે જાણતો હતો કે આ લોકો ગમે તેટલી આગતાસ્વાગતા કરે, માનપાન આપે; પણ તેની અંદર દ્વેષરૂપી ઝેર છે, માટે તેનાથી સચેત રહીને ચાલતો હતો. તેણે સમય આવ્યા પહેલાં કોઇ પણ કાર્ય સાધ્યું નહિ તેથી આ વખત તેઓને કહે છે કે મારો સમય હજી આવ્યો નથી. "તે લોકો તમારા ઉપર પ્રેમ કરે છે તેથી તમારો સમય સદા સિદ્ધ છે, પણ મારો સમય સદા સિદ્ધ નથી. કેમકે તેઓનાં ભુડાં કામોની શાહેદી આપ્યાને લીધે તેઓ મારો દ્વેષ કરે છે." એ પ્રમાણે જવાબ આપી તેઓને વિદાય કીધા ને પોતે એકલો ગાલીલમાં રહ્યો. પછી પર્વના કેટલાએક દિવસ વિત્યા બાદ આસરે અકટોબર માસની બારમી કે તેરમી તારીખે આડે માર્ગે થઇ યરૂશાલેમમાં આવ્યો.

હવે અહીં યરૂશાલેમમાં તેના સંબંધી વાતચિત ચાલતી હતી, તેમાં જુદા જુદા મતો પ્રગટ થતા હતા, તેઓમાં બે ભાગ હતા; કેટલાએક તેની સદ્‌ગુણ ભરેલી દયાળુ ને ન્યાયીયુક્ત પ્રેમી ચાલચલગતના માહેતગાર હતા, તેઓ તેની સ્તુતિ કરી વખાણતા હતા; ને બીજા કેટલાએક તેનાં સત્ય ને ન્યાયીયુક્ત વચનોથી કંટાળનારા પ્રેરકબુદ્ધિ વિરૂદ્ધ સ્વાર્થ ભાવે અભાવ બતાવી કહેતા કે, "તે લોકોને ઠગે છે," એવા સંજોગોની વચ્ચે પ્રભુ ઇસુ યરૂશાલેમમાં આવ્યો ને દેવળમાં પ્રગટરૂપે ઉપદેશ કર્યો. તે બાબત સુવાર્તિક યોહાન લખે છે કે તેના સંભાષણથી લોકને "ઘણી અચરતી લાગી." આ આકાશી બોધકનાં વચનોથી તેઓ નવાઈ પામ્યા. આ માણુસ શિખેલો નથી તેમ છતાં તેને આવું જ્ઞાન છે!! તેનું અધિકારયુક્ત ભાષણ સાંભળી તમામ શ્રોતાજન દંગ બની ગયા હતા, તેના શબ્દો પવનમાં વહન કરી ગયા નહિ, પણ સાંભળનારાઓનાં હૃદય ભેદી અભ્યં-

તરમાં પ્રવેશ પામ્યા હતા. જેમ કોઈ એકાદ અકસીર ચુરણની ગોળી ભીન ભીન દર્દો ઉપર અસર કરી તેને દૂર કરે છે તેમજ આ શબ્દો સાંભળનારાના મન ઉપર જુદી જુદી અસર ઉપજાવવા લાગ્યા હતા. દરેક જણે એનો ઉપયોગ કરવા પોતપોતાને સારૂ જુદો જુદો અર્થ કીધો હતો. ને એમ આજના ભાષણથી તમામ લોકોની મનોવૃત્તિ જાગૃત થએલી હતી. તેનું મુળ સ્વરૂપ તે આશ્ચર્યવૃત્તિમાં પ્રગટ થાય છે જે માણસ રાબીઓની શાળામાં શિક્ષણ પામેલો નથી તેને આવું ઉત્તમ પ્રકારનું દીવ્યજ્ઞાન કયાંથી થયું હશે? તેના મર્મયુક્ત વચનોમાં કેવો ગુહ્યાર્થ છે! એવું ગૂઢ ભાષણ તે કયાંથી શિખ્યો હશે? એ પ્રમાણે તર્કવિતર્ક થવાથી તેઓ અજાયબી પામ્યા.

પ્રભુ ઇસુએ તેઓની આશ્ચર્યવૃત્તિ જાણી લીધી હતી માટે પોતાના બોધ વિષે ખુલાસો આપી કહેવા લાગ્યો કે મારૂં જ્ઞાન તે માનવયોજીત નથી, કારણ કે હું તેને સારૂ માણસો પાસે શિક્ષણ પામવા ગયો નથી, તેમજ કોઇ માણસે મને તે શિખવ્યું નથી. પણ જે જ્ઞાન મારી પાસે છે તે દેવ પાસેથી આવેલું છે. દેવે મને મોકલ્યો છે ને તેના શબ્દો હું તમને પ્રગટ કરૂં છું. તે માનવ બુદ્ધિનું જ્ઞાન નથી, પણ દિવ્ય જ્ઞાન છે, કારણ કે તેનો પ્રેરક તથા આપનાર દેવ છે. માનવ કલ્પનામાં તેનું મુળ ઝરણ નથી પણ તેનું મુળ ઝરણ દેવના આત્મામાં રહેલું છે. જ્યારે દેવનો આત્મા (પવિત્ર આત્મા) માણસના હૃદયમાં ઉતરી આવે છે ત્યારે તેનું ઉત્તમ જ્ઞાન તેમાં વાસો કરે છે; તેથી જે દેવના આત્માએ ખેંચાએલો તથા ભરપુર થએલો હોય તેજ આ ઉત્તમ જ્ઞાન સમજી તેની કદર કરે છે. જો કોઇ મારા ઉપદેશનો વિચાર કરશે તો તેને ખાતરી થશે કે મારૂં બોલવું સ્વાર્થી નહિ પણ નિષ્કામવૃત્તિનું છે. મારો પોતાનો મહિમા શોધવા કે વધારવા માટે હું બોધ કરતો નથી, માટે તમારે નક્કી જાણવું કે હું તમને દેવનો મહિમા શોધવાનું તથા દેવની પ્રીતિ કરવાનું શિક્ષણ આપવા ચાહું છું.

આ સંભાષણ ચાલતું હતું ત્યારે કેટલાકએક બેથસાઇદાથી આવેલા માણસો ત્યાં હાજર હતા. તેઓએ ઇસુના કેટલાએક ચમત્કારો જોયા હતા. તોપણ તેના પરાક્રમથી જાણી જોઇને અજાણ રહેવા ચાહતા હતા. તેથી "ચંદ્રના સસલાની" પેઠે તેઓએ તેના પર એક દોષ મુકયો કે "એ સાબ્બાથ-વાર પાળતો નથી." આ લોકોના હૃદય પટ ઉપર છવાએલો અંધકાર કેટલો ભારી છે. ખરેખર સ્વાર્થ ભાવ આંધળો છે કેમકે જ્યારે પ્રભુના ચમત્કારો તેની પ્રભુતા બતાવતા હતા ત્યારે તેના વિરોધીઓ સાબ્બાથવારનું બહાનું કાઢી તેને અપરાધી ઠરાવતા! પ્રભુ તેઓના જવાબમાં સમજુતી આપી કહેવા લાગ્યો કે જે સાબ્બાથવાર સંબંધી નિયમશાસ્ત્રમાં પવિત્ર ફરમાન છે તે સાબ્બાથવારે સુન્નત કરવાનું નિયમશાસ્ત્ર ફરમાવે છે તેમાં વિશ્રામને દિવસે ક્રિયા કરવાની જરૂર પડે છે માટે એમ જાણો કે નિયમ કરતાં ક્રિયાની ઉત્તમતા વધારે છે.

તેથી વધારે આગળ વધશો તો તમને વિશેષ ખાતરી થશે કે જે જે કાર્યો માનવના કલ્યાણને સારૂ કરવામાં આવે તે વધારે શ્રેષ્ઠતાભરેલાં જણાય છે. ત્યારે હવે જુઓ કે સુન્નત કરતાં સાજાપણું કેટલું ઉત્તમ છે સુન્નતની ક્રિયા કરવામાં પાપથી છુટવાની નિશાણી છે પણ સાજાપણું આપવામાં પાપથી છુટયાનું પ્રમાણ છે.

આ મહા ધીરજવાન સદ્‌ગુરૂનું દઢતા ભરેલું ભાષણ સાંભળીને તમામ શ્રોતાજન છક થઈ ગયા. પ્રભુ ઈસુ આ વચનો પરથી ઉત્પન્ન થનાર અસરરૂપ પરિણામ જાણતો હતો. લોકો તેનાં વચનો સાંભળીને એકમતે બોલવા લાગ્યા કે, "જે આવનાર મસીહ તે એજ છે." તેઓ એક બીજાને કહેવા લાગ્યા કે આ મસીહ વિષે અધિકારી મંડળ જાણે છે કે કેમ? ને જો તેઓની ખાતરી હોય તો શું કરવા એને માનતા નથી? એ પ્રમાણે લોકોના મનમાં ઉપરાચાપરી સવાલોની રેંટમાળ ચાલવા લાગી. તેઓ બિચારા જાણતા નહોતા કે સ્વાર્થ સાધુ અધિકારી મંડળ આ મહાન પરમાર્થપરાયણ ગુરૂનો જીવ લેવા તત્પર થઈ બેઠેલા છે. તેઓ તેનું ખૂન વહેવડાવવાના વિચારથી પાછા હઠયા નથી એટલામાં જે ફરોશીઓ ઈસુના વિરોધી હતા તેઓ પ્રભુ વિષે હલકા ને નિંદાયુક્ત વિચારો ફેલાવા લાગ્યા તેથી ત્યાં સારા નરસા વિચારોનાં વહન એક બીજાની સામે જોશબંધ વહેવા લાગ્યાં ને આખર નબળા વિચારોનાં પાણી ચારે બાજુ ફરી વળ્યાં.

પ્રભુ ઈસુ આકાશી વૈભવ છોડી જગતના તારણ સારૂ માણસ થયો હતો. તેમાં તેનું નમ્રપણું તથા દીનતા દેખાતી હતી. ને જેમ તે દીનતા તેના મનુષ્ય જન્મમાં હતી તેમ તેની વર્તણુકમાં પણ દેખાતી હતી. તેનું કુળ રાજ્યમાન તોપણ વ્યવહારિક રીતે જોતાં કારીગર હતું. તેની જન્મભૂમીનો પ્રાંત માતબર પણ તુચ્છ મનાએલો (ગાલીલ) હતો. ગામ ઘણું સુંદર તોપણ કુગ્રામ ગણાએલું નાઝરેથ હતું. એ બધા સંજોગો આ વખત નબળા વિચારોને ટેકારૂપ થઇ પડ્યા હતા. માટે તેઓ કહેવા લાગ્યા કે, "એ કોણ અને કયાંનો છે તે અમે જાણીએ છીએ." તેના જવાબમાં પ્રભુએ એવું કહ્યું કે, "હું કોણ અને કયાંનો છું તે તમે જાણતા નથી." એવા પસ્તાવિક શબ્દો બોલીને માત્ર દૈહિક વસ્તુ જોનારા તથા નાઝરેથના સુથારની દુકાનથી શરમ પામનારાને પોતાની સ્વર્ગી ઉત્પત્તિનું અસ્તિત્વ બતાવવા લાગ્યો. "હું દેવ પાસેથી આવ્યો છું ને દેવે મને મોકલ્યો છે" તેથી જે દેવનો છે તે મારી વાત સાંભળશે ને મારા પર વિશ્વાસ કરશો; જે દેવનો નથી તે મારા પર વિશ્વાસ કરવાનો નથી. આ વચનો સાંભળીને કેટલાએક તેના પર વિશ્વાસ કરવા લાગ્યા, પણ બીજા કેટલાએકના દ્રેષભાવમાં વધારો થયો. તેઓને વળી બીજું બહાનું મળ્યું કે ઇસુ માણસ છે છતાં દેવપણાનો દાવો કરે છે એ તેનું પાપ તથા દુર્ભાષણ છે.

આજના બોધભાષણ વિષે વિચાર કરવા સારૂ ફરોશીઓએ એક ખાસ સભા ભરવાનો ઠરાવ કીધો. કેમકે એક તરૂણ ગાલીલી ઉપદેશક એ પ્રમાણે બોલવામાં સ્વતંત્રતા વાપરે એમાં ધર્માધિકારીઓને સેહ આપી તેઓની સ્વતંત્રતા પર આક્ષેપ લગાડવાજોગ સાહસ કામ હતું, એટલુંજ નહિ પણ તેથી તેના અધિકારને તથા પ્રતિષ્ઠાને એબ લગાડવા જેવું સમજતા હતા, માટે તેઓ પ્રભુના બોલ સહન કરી શકયા નહિ. તેઓ એકઠા થયા ને એવો ઠરાવ કીધો કે આપણે આ વખતે તેનો પુરેપુરો ઘાટ ઘડી નાખવો તેજ સલામતી ભરેલો ઉપાય છે માટે તેની પાછળ હુશીઆર અને પાકા જાસુસો રાખવા કે સમય આવતાં તેઓ તેને બરોબર સપડાવી શકે.

હવે એ પ્રમાણે વિરોધી લોકોના જાસુસો પ્રભુને પકડવાની તજવીજમાં છે તે દરમિયાન પ્રભુ ઇસુ મંદિરમાં બેધડક રીતે બોધભાષણ આપતો હતો, તેના ભાષણનો મુખ્ય વિષય અજવાળા બાબત હતો, તેમાં તેણે જણાવ્યું કે, "પરમેશ્વરે તમને પ્રકાશ આપ્યો છે તેમ છતાં તમે અંધકારને પસંદ કરો છો તો તમારો પ્રકાશ છીનવી લેવામાં આવશે; તેણે તમને તારનાર આપ્યો છતાં તમે તેના પર વિશ્વાસ લાવતા નથી તો તેથી તે પણ લઇ લેવાશે ને અંધકારરૂપ દુ:ખો તમારા પર આવી પડનાર છે" (યોહા. ૭; ૩૩, ૩૪).

પ્રભુ ઇસુએ ઉપર બતાવેલા બોધભાષણને અંતે જે સૂચના કીધી તે તેઓએ માન્ય કીધી નહિ, તેથી તે સંબંધી તેઓ અજ્ઞાન રહ્યા. હવે જેમ આપણે વાંચી ગયા તેમ આજે જળયાત્રાની ક્રિયા કરવાનો દિવસ હતો માટે મંદિરમાં યજ્ઞવેદીની પૂર્વ પશ્ચિમ બાજુએ ચાંદીના બે હોજ મુકાયા, મુખ્ય યાજક ચાંદીનો કળસ લઇને સર્વની આગળ આવી ઉભો રહ્યો, તેની સાથે ભાવિક માણસો નાના પ્રકારનાં જળપાત્રો લઇ તૈયાર થયાં, રણશિંગના નાદ સાથે સર્વ મેળાવડો ગીત ગાતાં ધામધુમ સહિત ઠાઠમાઠથી દબદબા સાથે તળેટીએ શીલોહાના કુંડનું પાણી લાવવા સારૂ સરઘસને આકારે ચાલવા લાગ્યો. આજે પર્વનો મોટો તથા છેલ્લો દિવસ હતો તેથી ઉપર બતાવેલી ક્રિયા કરી દ્રાક્ષરસ તથા પાણીના બન્ને હોજ ભરવામાં આવતા હતા. આ વિધી સ્થાપવામાં મુખ્ય બે સંજ્ઞાઓ બતાવાય છે તેમાં પ્રથમ ને પહેલી એ છે કે, આ જળયાત્રાની પેઠે પ્રાચીનકાળે પીતૃલોકોએ ખડકોમાંથી પાણી આણેલાં હતાં. ને એમ પ્રવાસ-કાળે મંદિરની દેવસેવામાં બધા લોકોએ ભાગ લીધો હતો તેમજ કનાન દેશમાં જનારા તમામ પંથીકો એક જીવતી ખડકમાંથી પાણી પીતા હતા.

વળી બીજું કે આવનાર મસીહના સમયકાળે દેવના મંદિરમાંથી જીવનનું જળપાન તથા દ્રાક્ષરસરૂપી આત્માદાન સર્વને સારૂ નિરંતર વહેતું થશે તે સંબંધી ભવિષ્યવાદીઓએ અગમવાણીઓ લખેલી હતી. તેમાંની એક એવી છે

કે મસીહ આવશે ત્યારે "લુખી તથા સુકી જમીનમાંથી જીવતા પાણીનાં ઝરણો વહેતાં થશે" તેથી વેરાન જમીન ફળવાન થશે, તેના વખતમાં 'તમે આનંદ કરતા કરતા તારણના ઝરામાંથી પાણી કાઢશો.'

એ પ્રમાણે બોધક તથા આશાજનક વાતોની પ્રતિછાયામાં આ પર્વ તથા ઉપર બતાવેલા વિધિની સ્થાપના કરવામાં આવી હતી તેની આજે મસીહે પૂર્ણાહુતી કરી આપી હતી. તે પોતે ભવિષ્યવાદીઓના કહેવા પ્રમાણે મંદિરમાં હાજર થયો ને પોતાના જીવનદાયક જ્ઞાનનું જળપાન કરાવી દ્રાક્ષરસ સમાન આત્માનું ઉત્સાહી દાન આપતો હતો.

હવે ઉપર આવેલી બીનાઓથી આપણે જાણીએ છીએ કે આ પર્વનો છેલ્લો ને મોટો દિવસ છે તેથી જળયાત્રાનો મહોત્સવ ચાલી રહ્યો હતો તે દરમિયાન પ્રભુ ઇસુ મંદિરમાં મોટે ઘાંટેથી પોકારીને કહેવા લાગ્યો કે, "જે કોઈ તરસ્યો હોય તે મારી પાસે આવે ને જીવનનું પાણી પીએ;" શાસ્ત્રના વચન પ્રમાણે "જે મારા પર વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે" (યોહા. ૭; ૩૮). પ્રભુ ઇસુનાં આ વચનોમાં જે ખરો ને આત્મિક અર્થ રહેલો છે તેનો ભેદ જો સમજાય તો તેના પર વિશ્વાસ કરવામાં સંદેહ રાખે નહિ, પણ અફસોસની વાત છે કે, "તેઓ સાંભળતાં છતાં બહેરા હતા," તેઓના કાનમાં સ્વાર્થ તથા મતલબના કુચા માર્યા હતા. તેથી તેની વાણી સાંભળી નહિ. ઉપરના વચનોમાં સાફ રીતે પ્રભુ પોતાનો એલકાબ બતાવી મસીહપણું સાબિત કરે છે. આ પર્વની પૂર્ણાહુતી કરતાં તે ચોખ્ખેચોખ્ખું કહી બતાવે છે કે તમારા પીતૃઓની સાથે રાનમાં ચાલનાર જીવતી ખડક તે હું છું. તમારા બાપદાદાની તરસ છીપાવનાર હું અદૃષ્ય હતો પણ તમારી તરસ મટાડવા હું દૃષ્યમાન હાજર થયો છું. માટે તમારાં મન પત્થરરૂપ ખડકથી ફેરવો ને હું તેને જીવન આપી મારા તરફ ખેંચું. આવા અધિકાર-યુક્ત બોધવચનથી કેટલાએકનાં મન પિગળી ગયાં, તેઓ પ્રભુ ઉપર વિશ્વાસ લાવવા તત્પર થયા પણ બીજા કેટલાએક વચનોથી રીસે ભરાયા ને પ્રભુના શત્રુ થયા. આ શત્રુઓ હમેશની રીત પ્રમાણે કહેવા લાગ્યા કે, "તે તો ગાલીલી છે."

મારા વ્હાલા વાંચનારાઓ જાણે છે કે યહુદીઓની "સાન્હેદ્રીમ" સભા દેશવ્યવસ્થા તથા ધર્મવ્યવસ્થાનો કારોબાર પોતાના હાથમાં રાખતી હતી, તેથી તેના મેમ્બરોએ આ ગાલીલી ઉપદેશકના બોધ તરફ કાન ફફડાવ્યા હતા. તેઓ બધા એકમતે ઈસુના વિરોધી હતા એમ નહિ, પણ તેમાં થોડા ઇસુના મિત્રો હતા. જેમ "સો વરૂમાં એક ઘેટું તેમ ઘણા વિરોધીમાં એકાદ મિત્રથી શું થાય" તેમ એ મિત્રોથી કાંઇ થઇ શકે તેમ નહોતું. બધા વિરોધીઓના મત વધ્યા ને સિપાઇઓને હુકમ મળ્યો કે "તમે જાઓ ને તેને પકડી લાવો." એ હુકમાનુસાર સિપાઈઓ ગયા પણ તેઓ "યહુદાના સિંહ"ને છેડવાની છાતી

ચલાવી શકયા નહિ, તેથી તેઓ ગયા હતા તેવા પાછા આવ્યા. જ્યારે એ પ્રમાણે સિપાઇઓ પાછા આવ્યા ત્યારે અધિકારીઓનો ડોળો ઉંચો ચઢયો ને તેઓનાં ભેજાંમાં ભણભણાટ થયો. તેઓએ સિપાઇઓને કહ્યું કે, "તમે કેમ તેને લાવ્યા નહિ?" બિચારા ગરીબડા સિપાઇઓ ઘેટારૂપી વરૂ જેવા લાચાર બની કહેવા લાગ્યા કે, "એ માણસની પેઠે કદી કોઇ બોલ્યું નથી, તેથી અમે તેના પર બલાત્કારનો હાથ નાખી શકયા નહિ." એ સાંભળી આ સભ્યોની સગડી સળગી ને બળતામાં ઘી હોમાયું. તેઓ ગુસ્સે કરી કહેવા લાગ્યા કે, "શું તમે પણ ભુલાવો ખાધો; જુઓ, અધિકારીઓમાંથી કોઇએ તેના ઉપર વિશ્વાસ કર્યો છે? પેલા અભણ ગાલીલી જે તુચ્છકારપાત્ર છે તેઓ તેને માને ને તેનાથી ઠગાય છે પણ તમે તેનાથી ઠગાયા એ તો નવાઇ જેવી વાત છે." એ વચન સાંભળીને તેમાંનો એક સભાસદ ઉભો થયો ને બોલ્યો કે આપણા નિયમ-શાસ્ત્રના ફરમાન પ્રમાણે કોઇની મુખજુબાની સાંભળ્યા વિના તેના પર આરોપ મૂકાતો નથી તેમ છતાં તમે તેના પર ઠગારાપણાનો દોષ મુકો છો તો તે આપણાં નિયમના સુત્ર વિરૂદ્ધ છે. તેઓએ ઉત્તર આપતાં તેને કહ્યું કે, "તું પણ શું ગાલીલનો છે? શોધ કરીને જો, કેમકે કોઈ ભવિષ્યવાદી ગાલીલમાંથી ઉત્પન્ન થવાનો નથી," (યોહા. ૭; ૫૨). એ વાત સાંભળીને બધા તેના તરફ તતડી ઉઠયા. આ ક્રોધાંધ અધિકારીઓ રાતદિન શાસ્ત્રનો અભ્યાસ કરતા હતા, પણ તેઓની દૃષ્ટિ બંધ હતી; તેના સંબંધી પેલી કહેવત ખરી પડે છે કે, "ક્રોધ આંધળો છે." હા, ખરેખર ક્રોધને અક્કલ કે આંખ નથી! નહિ તો આ શાસ્ત્રી બાવાઓ આમ બોલત નહિ! કેમકે પુરાતનકાળે કેટલાએક ભવિષ્યવાદીઓ ગાલીલમાં પેદા થયા હતા. યૂના, હોશીઆ, નાહુમ, એલિયાહ, અને ઘણું કરીને એલીશા અને આમોસ ભવિષ્યવાદીઓની જન્મભૂમિ ગાલીલ હતી, અને મસીહ પણ ત્યાં થશે એવું યશાયાહનું ભવિષ્ય હતું તે હાલ પણ મોજુદ છે (યશા. ૯; ૧, ૨). એ બાબત સોરાહ નામના યહુદી ગ્રંથકર્તાની શાહેદી એવીજ હતી, પણ આંખ ને અક્કલ વિના સુઝયું નહિ.

હવે એ પ્રમાણે ન્યાયસભામાં ઇસુ ગુરૂ વિષે સત્ય શાહેદી આપનાર કોણ હતો તે બાબત વાંચનાર મિત્રો જાણતા હશે કે જે એકવાર રાત્રીને સમે સદ્‌ગુરૂની પાસે આવી ગયો હતો ને તેનો શિષ્ય થવાને કબૂલાત આપી ગએલો (ન્યાયસભાસદ નિકોદેમસ) હતો (ખંડ ૨ જો અધ્યાય ૧૦ મો). તેણે સદ્‌ગુરૂનું જ્ઞાન સાંભળ્યું હતું ને તેનાં સદાચરણ વિષે તે માહેતગાર હતો તેથી તેણે આ પ્રસંગે સાક્ષી આપી સભામાં પ્રકાશ આપવા ધાર્યું હતું, પણ "જ્યાં ઢોલ નગારાંના જોરાવર ગડગડાટ થાય ત્યાં તિતુડીનો અવાજ કોણ સાંભળે" એમ નિકોદેમસની શાહેદી પર તે વખતના અધિકારી મંડળે કાંઇ લક્ષ આપ્યું નહિ, ને સામા તેનો તિરસ્કાર કરી તાણા મારવા તત્પર થયા.

એ બધી વાતો જાણુવાથી આપણુને આશ્ચર્ય લાગે એવું છે, તોપણુ દિનપ્રતિદિન દુનિયાઇ ન્યાયમાં એવું અંધેર ચાલે છે માટે તે વાત દરગુજર કરી આપણે ફરીથી સદ્‌ગુરૂ ઇસુની મુલાકાત લઇએ કે તે હાલ કયાં છે ને શું કરે છે. ઘણો લાંબો વખત બોધભાષણ આપવાથી હમણાં તે થાકી ગયો હશે એટલુંજ નહિ પણુ જુદી જુદી લોક લાગણીથી તેની લાગણી દુઃખાઈ હશે. સાયંકાળના વખતે સૂર્યાસ્ત થતાં બધા પોતપોતાના મંડપોમાં ગયા પછી તે પોતે ગામ બહાર એકાંત વાસે પોતાના મહાન પિતાનો સમાગમ કરવા સારૂ ગયો. ગામમાં આખા દિવસની ગિરદી તથા લોકોના કલાહોલથી મગજ થાકી ગયું હતું. માટે હાલ તેને ગામ બહાર સ્વચ્છ હવા ખાવાની તથા એકાંત લેવાની જરૂર હતી, તેથી તેણે એક પહાડ પર જઇ એ ગરજ પૂરી પાડી. અહીં તેણે આખી રાત પ્રાર્થના કરી તનમનનો થાક દૂર કીધો.

અધ્યાય ૯ મો.

વ્યભિચારેણ બાયડીનો ન્યાય.

હવે આપણે ઉપર વાંચી ગયા છીએ કે પ્રભુ ઇસુ જૈતુન પહાડ પર એકાંત પ્રાર્થના કરવા ગયો છે. ત્યાં તેણે આખી રાત ઇશ્વિર સમાગમમાં ગાળી, ચોથે પહોરે મળસકાની વેળા તે પાછો મંદિરમાં આવ્યો ત્યારે ઘણા લોક તેની પાસે આવ્યા; તેઓની સાથે તેણે ધર્મ વાર્તા કરી ઉપદેશ આપ્યો (યોહા. ૮; ૨). તે દરમિયાન કેટલાએક વિરોધીઓ તેના પર આરોપ મુકવાની તદબીર રચીને તેની પાસે આવ્યા તેમાં તેઓએ એવો ફાંદો ગોઠવ્યો હતો કે તેમાંથી નિર્દોષ છુટે નહિ. જો નિયમશાસ્ત્ર પ્રમાણે ધર્મ માર્ગે જાય તો રાજ્યદ્રોહી ગણાય ને રાજ્યના કાયદાને ધોરણે ચાલે તો ધર્મદ્રોહી લેખાય એમ હતું. આ કુયુક્તિખોર ફરોશીઓએ રાતમાં એવું કોડું શોધી કાઢયું હતું. જ્યારથી સિપાઇઓ સદ્‌ગુરૂને પકડ્યા વિના પાછા આવ્યા ત્યારથી તેઓને ચટપટી લાગી હતી, તેથી તેઓએ આખી રાત જંપ લીધો નહિ, એવામાં તેઓને એક નવો શિકાર મળ્યો તે એવો કે કોઇએક બાયડી સાતમી આજ્ઞાનું ઉલ્લંઘન કરી વ્યભિચારના દોષમાં પડી હતી, તેના પર આ લોકોએ તરાપો મારી એ પ્રસંગનો લાભ લીધો. ને તેણીનો ઇન્સાફ કરવા સારૂ પ્રભુ ઇસુનું પરીક્ષણુ ખડું કર્યું. તેઓ તેને ન્યાયાધીશ માનતા કે ગણુતા નહોતા પણુ આ કામમાં તેને સપડાવવા ચાહતા હતા. જો પ્રભુ ઇસુ શાસ્ત્રવેત્તા રાબીની પેઠે તેણીને દેહાંત શિક્ષા ફરમાવે તો તેના પર રાજ્યદ્રોહનું તહોમત મુકાય, કારણુ કે રૂમી રાજ્યના કાયદા પ્રમાણે કોઈ માણુસ રાજ્યની સંમતિ શિવાય સ્વતંત્ર માણુસને દેહાંત શિક્ષા આપી શકતું નહિ. માટે ઈસુ જો તેણીને પત્થરે મારવાનો હુકમ આપે તો ગુન્હેગાર ગણી

કેદ કરાવાય, ને જો શિક્ષા કરવાની ના પાડે તો આસ્થાહીન તથા અધર્મી ગણાય એમ હતું. માટે તેઓ પેલી સ્ત્રીને લઈ જ્યાં સ્વામીજી બેઠા હતા ત્યાં આવ્યા ને તેણીનું પાપ જણાવવા લાગ્યા. જ્યારે પહેલી વાર એ વર્તમાન સાંભળ્યું ત્યારે તેણે કંઈ લક્ષ ન આપવા જેવો દેખાવ બતાવ્યો. તેના સંબંધી લખ્યું છે કે, "પણ ઇસુએ નીચે વળીને ભોંય પર આંગળીએ લખ્યું (યોહા. ૮; ૬). એથી તેના વિરોધીઓ કાંઈ સમજી શકયા નહિ. જો તેઓએ પ્રભુની મુખમુદ્રા તથા ક્રિયા તરફ લક્ષ આપી વિચાર કીધો હોત તો તેઓ જાણત કે પ્રભુ ઇસુ તેણીને માફ કરવા ચાહે છે, કેમકે તેના સંકેત પ્રમાણે તે જે ક્રિયા કરતો હતો તેની સૂચના એવીજ હતી. જાણે કે પ્રભુ તેઓને કહેતો હોયની કે આ ગુન્હેગાર સ્ત્રીને આટલી શિક્ષા થઇ તે ઘણી છે, હવે તેણીને જવા દો. તેની વાત જમીન પરના લેખની પેઠે ભુંસાઈ જશે.

આગળના વખતમાં ભવિષ્યવાદીઓ એવી ક્રિયાઓના ઇસારાથી લોકોને બોધ કે શિખામણની વાતો સમજાવતા હતા, તેના દાખલા જુના કરારમાં મળે છે (યિર્મે. ૧૭; ૧૩). તે પ્રમાણે પ્રભુએ આ ઈસારો કીધો હતો, પણ પેલા હઠવાદી તેથી કાંઇ ચેત્યા નહિ, ને પેલી ગુન્હેગાર તથા લાચાર અબળા પર ધિક્કારનો વરસાદ વરસાવતા ચેષ્ટા કરી તેણીના નિર્લજ પાપનો ફેંસલો માગતા હતા. તેઓએ આ સ્ત્રીને એટલી એટલી સતાવી બેજાર બનાવી, તોપણ સંતોષ રાખ્યો નહિ, પણ હજી કઠણ હૃદય રાખી વધારે સતાવવા તથા ફજેત કરવા ચાહતા હતા. તેઓનાં નિર્દય મનો વજ્ર જેવાં કઠણ હતાં કે તેમાં લેશમાત્ર દયાભાવ આવ્યો નહિ; માટે આ નિર્મળ ને પવિત્ર મનવાળા ઇસુની પાસે એવી નિર્લજ વાતનો ફેંસલો કરાવવા દુરાગ્રહ કરી ઉભા રહેલા હતા.

પ્રભુ ઇસુ તેઓની બેશરમાઈ તથા હઠીલાઇ જાણી ઉભો થયો અને કહ્યું કે, "તમારામાં જે પાપ વગરનો હોય તે તેણીના ઉપર પહેલો પત્થર નાખે, ને તેણીને શાસન આપે." એમ બોલ્યા પછી તે ફરી ભોંય પર લખવા લાગ્યો. ઇસુના શબ્દો તેઓનાં મુઢ હૃદયો પર પડ્યા ત્યારે રહેમના રસ વિના સુકા કાષ્ટવત હૃદયો પ્રજળવા લાગ્યાં. આવા ન્યાયીસુત્રથી તેઓની બધી ધારણા નિષ્ફળ થઇ, પરીક્ષણ કરનારા પરીક્ષણમાં પડ્યા ને દોષ મુકનારા દોષિત થયા. જેઓ એ બાઇનો ઇન્સાફ કરનારા હતા તેઓને પોતાનો ઇન્સાફ કરવાની વેળા આવી, તેથી તમામ એક પછી એક પલાયન થવા લાગ્યા ને આખર તેણી એકલીજ ઉભી રહી. જ્યારે પ્રભુ ઇસુએ ઉપર પ્રમાણે ફેંસલો આપ્યો ત્યારે તેણે નિયમની પૂર્ણતા જાળવી, અપરાધીનો બચાવ કીધો ને પાપની અધિકતા ઢાંકી હતી તેથી તેના શત્રુઓનું કાંઈ ચાલ્યું નહિ.

હવે પ્રભુએ માથું ઉંચું કરી જોયું તો પેલી બાઈ વિના બીજું કોઇ ત્યાં હાજર નથી. વિરૂદ્ધ વાદીઓ પોબારા ગણી ગયા છે ને માત્ર તેણી એકલી

પોતાના ન્યાયાધીશ સન્મુખ ધ્રુજતી ને કાંપતી દિન વદનથી ઉભી છે. પ્રભુએ આ વખત કરૂણાંદષ્ટિ કરી તેણીના તરફ જોયું તેથી તેણીને જરા ધીરજ આવી; તેણીએ આવી દયા ભરેલી, નિર્મળ ને નિષ્કામ દષ્ટિ આગળ કદી જોઈ નહિ હશે. તેથી તેણીનો ત્રાસ સંતાપ તથા ભય દૂર થયો; હવે તે ધીરજ રાખી નમ્રભાવે સદ્‌ગુરૂની સન્મુખ ઉભી છે.

તે સમયનું વર્ણન કરતાં સંત ઑગસ્તિન એવું લખે છે કે, "એક અતિ ઉદાર દિલનો ન્યાયાધીશ પોતાની અદાલતમાં ન્યાય તોળવા એકાગ્રહ ચિત્તે બેઠેલો છે ને તેની સામે એક અબળ પાત્ર ગુન્હેગાર પોતાનો ગુન્હો કબૂલ કરી પશ્ચાત્તાપ સાથે દયા માગવા આર્જવ કરતાં મુંગે મોઢે ઉભું રહેલું છે તે દરમિયાન ન્યાયાધીશ ઉંચે નજર કરે છે ને પેલા અબળ દયા પાત્રને નિહાળે છે ને અચંબો પામી કહે છે કે, અરે! તારા વાદીઓ બધા કયાં ગયા? "શું કોઇએ તારો ઇન્સાફ કીધો નહિ?" તેના જવાબમાં ગુન્હેગાર ના કરી કહે છે કે, "ના, પ્રભુ કોઇએ નહિ." થોડા વખત પહેલાં જે ન્યાયમંદિર લોકોથી ભરપુર હતું તે ન્યાયમંદિરમાં હાલ બે વસ્તુઓજ હતી. તેમાંનું એક દુઃખ ને બીજી દયા.

દયા કહે છે કે, "શું હજી સુધી કોઇએ તારો ન્યાય કીધો નહિ?"

દુઃખ કહે છે, "ના, પ્રભુ કોઇએ નહિ."

ત્યાર બાદ અસરકારક ને ચિત્તવેધક શબ્દોમાં દયા બોલી, "હું પણ તારો ન્યાય કરીશ નહિ. શાંતિએ જા ને હવેથી પાપ ન કર." (ઇ. સ. ૩૫૪થી ૪૬૦ સુધી ઑગસ્તિન હયાત હતો).

અધ્યાય ૧૦ મો.

જગતનું અજવાળું.

હવે જ્યારે ઉપર બતાવેલી હકીકત બની ત્યારે સદ્‌ગુરૂ ઈસુ ભંડાર પાસે બેઠો હતો (યરૂશાલેમના મંદિરમાં જુદા જુદા ખંડ હતા ને તે જુદા જુદા નામથી ઓળખાતા હતા). આ જગ્યાએ ધર્માદાના પૈસા નાખવાની પેટી રહેતી હતી તેને ભંડાર કહેતા હતા, પણ તે ઉપરાંત તેનું એક બીજું નામ હતું (એટલે સ્ત્રીઓનું આંગણું). એ જગ્યાએ એક પીતળની પેટી તથા બે દીપવૃક્ષો હતાં તે ચોકખા ગાળેલા પીતળનાં બનાવી તેના પર સોનાનો ઢોળ ચઢાવેલો હતો, તેથી તે ઘણાં સુંદર દેખાતાં હતાં. તે દરેકની ઉંચાઈ પંદર પંદર હાથની હતી ને તેમાં અનુક્રમવાર સાત સાત ડાળીઓ આવતી હતી. આ એક એક ડાળીમાં સાત સાત દીવા બળતા હતા, તેથી જ્યારે બન્ને દીપવૃક્ષો પરના દીવા સળગેલા હોય ત્યારે આખા ચોકમાં ઝગઝગાટ રોશનીનો પ્રકાશ થઈ રહેતો હતો.

આ પ્રકાશીત રોશનીમાં યાજકો, શાસ્ત્રીઓ વગેરે ઉપાધ્યાયો બેસીને સ્તોત્રો ગાતા હતા, વળી તેની સામેં ચઢતી ઉતરતી પગથીવાળી બીજી બેઠક હતી, તેના પર વાજીંત્ર વગાડનારા તથા ગવૈયા લેવીઓ ચઢણીના સ્તોત્રો લલકારી ઈશ્વર સ્તવન કરતા હતા. તેથી દરેક પર્વને સમે આ જગ્યા ઘણી સુંદર ને શોભાયમાન દેખાતી હતી. એવી મનહર ને સુશોભિત જગ્યામાં આજે કાંઈક ઓર વધારો થયો હતો, અને તે વૃદ્ધિનું કારણ બીજું કાંઇ નહિ પણ પ્રભૂ તારનારની હાજરી તે અનુપમ શોભાવંત દેખાવ આપતી હતી.

પ્રભુ ઇસુના બોધભાષણની શૈલી વિષે આપણે ઘણીવાર જોઇ ગયા છીએ કે તે પોતાનાં ભાષણોમાં દાખલા દલીલ વાપરી દૃષ્ય ઉપરથી અદૃષ્ય સિદ્ધાંતો બતાવતો હતો. તેણે આગળના વખતમાં જે ભાષણો આપ્યાં તેનો સંવાદ હજી પુરો થયો નહોતો તે દરમિયાન એ સ્ત્રીની પંચાત આવી હતી, માટે તે કામ પતાવ્યા પછી પોતે પોતાનું કામ શરૂ કીધું ને આ સુંદર રોશનીને અનુલક્ષી બોધ કીધો. તેમાં તેણે કહ્યું કે, 'જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ આવે છે, તે અંધારામાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળુ પામશે.' એ વચન ફરોશીઓને રૂચતું ન આવ્યું, માટે તેઓ કહે છે કે તું ફોકટની વડાઇ કરવાની વાતો બોલે છે. તેના જવાબમાં પ્રભુએ એવું કહ્યું કે, મારી વાતો નકામી કે ફોકટ મોટાઈ મારવાની નથી, કેમકે મારી દરેક વાત વિષે મારા મહાન પિતાની સાક્ષી છે એવું હું ખાતરીપૂર્વક જાણું છું. એવું સાંભળીને તે અવિશ્વાસીઓ બોલી ઉઠયા કે, તારો બાપ કયાં છે? સદ્ગુરૂ તેઓને કહે છે કે, "તમે મને તથા મારા બાપને ઓળખતા નથી."

એ પ્રમાણે વાત કર્યા પછી તે પોતાની ઓળખાણ આપી કહેવા લાગ્યો કે, "હું ઉપરનો છું, ને મારો બાપ પણ ઉપરનો છે, પણ તમે નીચેના છો માટે મને કે મારા બાપને જાણતા નથી. જેમ હું ઉપરનો છું તેમ પાછો ઉપર જઈશ, તમે નીચેના છો માટે નીચે જશો." ત્યારે તેઓ તેનો ધિક્કાર કરી કહેવા લાગ્યા કે, "શું તું આપઘાત કરી કબરમાં ઉતરી જવાનો છે?"

સદ્ગુરૂએ જવાબ આપ્યો કે, તમે તમારી હઠીલી બુદ્ધિથી મારૂં સનાતન અસ્તિત્વ નકારો છો, માટે તમે તમારા પાપમાં મરશો. એવું સાંભળી તેઓને ઘણો ક્રોધ ચઢયો ને બોલ્યા કે, "તું કોણ છે? તું પોતા વિષે શું કહે છે? તે બાબત અમને જણાવ, તારા વિષે શું માનવું એ અમે જાણતા નથી, માટે તેનો તું ખુલાસો કર." પ્રભુએ તેઓને કહ્યું કે, "હું પ્રથમથી તમને કહેતો આવ્યો તે હું તેજ છું." આ રીતે પડપુછ કરવામાં તે લોકોની મતલબ જુદી હતી. તેઓ મસીહની વાટ જોતા હતા તેમ છતાં આ મસીહને માનવા તૈયાર નહોતા, કેમકે તે એકલપેટા થઈ પોતાની કોમનુંજ તારણ ઈચ્છતા હતા. પણ આ મસીહ આખા જગતના તારણ માટે આવ્યો હતો, તેથી યહુદીઓ તેને પસંદ કરતા

નહિ. તેમ છતાં ઇસુએ પોતાનું કામ ખંતથી જારી રાખ્યું. તે યહુદીઓથી ડરે તેવો નહોતો પણ પોતાનો ઉદ્યોગ કરવામાં લાગુ રહેનાર હતો.

હવે આ ઉદ્યોગી તારનારની સામે થવાનું કાંઈ કાંઇ નિમીત્ત શોધનારા આડા આવીને કુયુક્તિઓ રચતા હતા પણ તેમાં અંતે નાસીપાસ થઈ શરમિંદા પડતા હતા; તેમ છતાં નવી નવી કુયુક્તિઓ શોધવામાં તેઓ મંદ પડ્યા નહિ, તેમ તેમાં તેઓ લજવાયા નહિ! આ વખત તેઓએ એવો પેત રચેલો હતો કે જો ઇસુ પોતાને મસીહ કહે તો આપણે તેના પર દુર્ભાષણ કરવાનો આરોપ મુકી શકીશું. પછી તેને ન્યાયમાં લાવી આપણી મરજી પ્રમાણે શિક્ષાએ પહોંચાડવા શક્તિવાન થઇશું. તેથી તેઓને ખાતરી છતાં વારે વારે એ સવાલ પુછેલો હતો. સદ્‌ગુરૂ ઈસુ એ વાત જાણતો હતો, તોપણ તેણે તે વિષે કંઇ દરકાર રાખી નહિ, પણ હિમ્મત રાખી બેધડક રીતે પોતાનું મસીહપણું જાહેર કરતાં કહેવા લાગ્યો કે, "હું જગતનું અજવાળું છું, ને મારી પાછળ આવનાર જીવનનું અજવાળું પામશે." "હું જગતનું જીવન છું, મારી પાસે આવનાર મોત પામશે નહિ," "હું જીવનનું પાણી છું, મારા પર વિશ્વાસ કરનારને તરસ લાગશે નહિ," "હું રસ્તો, સત્ય તથા જીવન છું, મારા આસરા વિના કોઇ બાપની પાસે આવી શકનાર નથી." "આ બધી વાતો સત્ય છે ને એ સત્યની શાહેદી આપવા સારૂ હું મારા બાપ પાસેથી ઉતરી આવ્યો છું. મારી વાતો હમણાં તમે માનતા નથી, પણ મને વધસ્તંભે જડ્યા પછી તમે તે જાણશો."

પ્રભુ ઇસુનું એવું ભાષણ સાંભળીને કેટલાએકના મનમાં વિશ્વાસ આવ્યો, પણ તે ચંચળ ને અર્ધદગ્ધ હતો. તેની સાથે બીજી ઘણી મનકલ્પનાઓ જોડાએલી હતી. એવા દૈહિક ને મૃત્ય વિશ્વાસ કરનારાઓ પર પ્રભુ ઈસુએ ભરોસો રાખ્યો નહિ, કેમકે તે જાણતો હતો કે તેઓ પ્રપંચિત કુબુદ્ધિને યોગે પોતાની ધારણાઓ પાર પાડવા માગે છે; માટે સદ્‌ગુરૂ ઈસુએ તેવા શિષ્યોનો સ્વિકાર કીધો નહિ. તેઓને પ્રભુએ સ્વતંત્રતા બાબત જે ઉપદેશ આપ્યો હતો તેનો તેઓએ માત્ર દૈહિક અર્થ કરેલો હતો, તેથી સ્વતંત્રતાનું ખરૂં મૂળ જે આજ્ઞાપાલનમાં રહેલું છે તે તેઓ સમજ્યા નહિ, પણ રાજ્યાધિકારનો ત્યાગ કરી ઉન્મતપણે ચાલવામાં તેઓ સ્વતંત્રતા માનતા હતા: પ્રભુએ તેઓને કસીને તપાસવા સારૂ સ્વછંદતા છોડવા તથા સ્વેચ્છાઓ દબાવવા બાબત ઉપદેશ આપી ચોકસી કીધી ત્યારે તેઓ છેક પછાત પડ્યા. તેઓના મનમાં એકજ ભાવના હતી કે, ઈસુ મસીહ થઈ અમારો આગેવાન થાય ને રૂમી સત્તાથી અમને મુક્ત કરે તો સારૂં, સ્વતંત્રતાના મૂળ સ્વરૂપ વિષે તેઓને એ વિના બીજી કંઈ ખબર હતી નહિ તેથી પ્રભુ ઈસુએ તેઓને સાફ રીતે કહ્યું કે, "જ્યાં સુધી તમે પાપમાં છો ત્યાં સુધી તમે પાપના દાસ છો."

'તમે ઈબ્રાહીમનાં સંતાનનો દાવો કરો છો એ વાત હું જાણું છું, પણ મને તમારા વિષે ખાતરી છે કે તમે માત્ર નામનાં સંતાન તથા વેશધારી છોકરાં છો. ઈસ્રાએલી લોકોમાં બે વાતનું ઘણું અભિમાન હતું, તેમાં પ્રથમ એવી વાત હતી કે અમે ઈબ્રાહીમનાં સંતાન છીએ માટે અમે ખાસ પસંદ કરેલી પ્રજા છીએ, ને બીજી વાત એવી કે બીજા વિદેશીઓ ભૂતોને માને છે પણ અમને ખરા દેવનું જ્ઞાન છે માટે અમે બીજા કરતાં વિશેષ છીએ, એ અભિમાનથી તેઓ આત્માહિન નિર્જીવ વૃક્ષના જેવા થઈ ગયા હતા. પ્રભુ ઈસુએ તેઓને સાફ કહ્યું કે, "તમે મનુષ્યઘાતક અને જુઠા છો, તમારૂં મ્હો કહે છે કે અમે ઈબ્રાહીમનાં છોકરાં છીએ, પણ તમારાં કાર્યો તેથી જુદું કહે છે, ને તમારા મ્હોની વાત કરતાં તમારાં કાર્યોની વાત વધારે સાચી ઠરશે. જુઓ, તમારૂં મ્હોડું ઇબ્રાહીમનું વડીલપણું સ્વિકારે તો તમારાં કામ ઈબ્રાહીમના જેવાં હોવાં જોઇએ, પણ તેમ નથી. તેથી ઉલટી રીતે તમારાં કામો શેતાનનું વડીલપણું સાબિત કરે છે કારણ કે તે આરંભથી જુઠો તથા મનુષ્યઘાતક છે, તેમ તમે પણ એવાજ જુઠા ને મનુષ્યઘાતક છો."

એ વાગ્બાણ તેઓના અભ્યંતરમાં આરપાર ઉતરી ગયું. તેથી તેમનાં હૃદયો વિંધાયાં, માટે તેઓને ઘણો ખેદ તથા બળાપો થયો. ત્યારે તેઓ તેને અપશબ્દો બોલી કહેવા લાગ્યા કે, "તું સમરૂની છે, ને તને ભૂત વળગેલું છે, એ અમારૂં કહેવું શું ઠીક નથી?" (યોહા. ૮ ; ૪૮). એ પ્રમાણે બોલી તેઓએ તેની સામા વાકય પ્રહાર કીધો, પણ પ્રભુએ સહેજ વાતમાં તેનું નિવારણ કરી કહ્યું કે, મને ભૂત વળગેલું નથી, પણ તમે મારૂં અપમાન કરો છો. એ પ્રમાણે બોલ્યા પછી ફરી તેઓના ઉપર દયા લાવ્યો ને તેઓને સુબુદ્ધિનો રસ્તો બતાવ્યો. તેણે તેઓને કહ્યું કે જો તમે મારા પર વિશ્વાસ રાખી મારૂં વચન માનો તો તેથી તમે છુટકો પામી મરણના બંધનથી છુટા થશો. એ સાંભળી તેઓ વધારે કઠણ થયા ને અવિદ્યામાં આવી કહેવા લાગ્યા કે, "હવે અમે ખાતરીથી જાણીએ છીએ કે તને ભૂત વળગેલું છે; કેમકે ઇબ્રાહીમ તથા ભવિષ્યવાદીઓ મરી ગયા છે ને તું કહે છે કે જે મારી વાત માનશે તે મરણ પામશે નહિ. શું તું અમારા પૂર્વજ ઈબ્રાહીમ કરતાં મોટો છે?"

પ્રભુ ઈસુએ તેઓને કહ્યું કે, તમને મારી વાતથી અજાયબી લાગે છે, પણ હું ખચિત કહું છું કે, ઈબ્રાહીમ પોતે મારા દિવસ જોવામાં આનંદ માનતો હતો. આ બોલો તમને દુર્ભાષણ કે મૂર્ખાઈ જેવા લાગે એમ છે પણ તેમાં તેવું કંઈ નથી, પણ તે ખરા ને સત્ય છે એમ તમે જાણજો. મારા બોલ તમારી સમજણમાં ઉતરે તો તમને તેની સત્યતા વિષે ખાતરી થશે. એ વાતનો ખરો અર્થ એ લોકો સમજી શકયા હોત તો તેઓને વિશ્વાસ પડત, પણ તેઓએ તેનો ખરો અર્થ લીધો નહિ, માટે એમ સમજ્યા કે તે તો અભિમાનયુક્ત વાતો

બોલે છે. તેઓએ પ્રભુને કહ્યું કે ઇબ્રાહીમને ગુજરી ગયાં આજ સતરસો વર્ષ થઈ ગયાં છે, ને તને તો હજી પચાસ વર્ષ પણ થયાં નથી, તેથી અમારે તારી વાત વિષે શું માનવું તે વિષે અમને પ્રગટ કર.

ત્યારે પ્રભુએ ઘણીજ ગંભિરતાથી ખાતરીપૂર્વક પોતાના અનાદી અસ્તિત્વ વિષે તથા પોતાના ઈશ્વરીપણા વિષે વર્તમાન પ્રગટ કીધું. તેમાં તે એવું જણાવે છે કે, "ઈબ્રાહીમ થયા અગાઉ અનાદી કાળથી હું છું; તે તમારે ખાતરીપૂર્વક માનવું તથા જાણવું જોઈએ છીએ." આ શબ્દો સાંભળી તેઓ બળાપો કરવા લાગ્યા, તેઓના રોમે રોમ ખડા થયા. આ નાઝારી ઉપદેશક ઈબ્રાહીમ કરતાં એટલો મોટો દરજ્જો ધરાવે એ તો અતિશય ભયંકર ન સહેવાય એવું અપમાન તથા મેણું છે. હવે આથી ખાતરી થઇ કે ઇસુ પોતે દેવપુત્ર મસીહનો દાવો સાબિત કરવા માટે આ વાતો બોલે છે; માત્ર એટલુંજ નહિ પણ તે આગળ વધી સનાતન દેવપણાનો દાવો કરે છે. જેમ પરમ પવિત્ર અને ભય યોગ્ય દેવ મુસાની આગળ પોતાનું સનાતનપણું જાહેર કરી કહે છે, તેમ આ મરણાધીન માણુસ આવી રીતે પોતાનું સનાતનપણું દેખાડે છે, માટે તે નિયમશાસ્ત્ર પ્રમાણે દેહાંત સજાને લાયક થઇ ચુકયો છે. હવે આપણે વધારે તજવીજની જરૂર નથી, એમ ધારી તેઓએ તેને પત્થરે મારવાનો ઠરાવ કીધો, ને એકાએક શોરબકોર કરી આમતેમ પત્થર શોધવા દોડ્યા, પણ તે દરમિયાન પ્રભુ ત્યાંથી નીકળી ગયો હતો (યોહા. ૮; ૫૯).

પ્રભુ ઈસુ જો માત્ર માણુસ હોય તો તેનાં વચનો દુર્ભાષણ તથા નિંદાયુક્ત ગણાય, કેમકે તેમાં તે દેવપણાનો દાવો બતાવે છે. માટે એવું બોલનાર ખરેખરો ઠગ કહેવાય એ વાતમાં સંદેહ નથી. પણ એ વિષે એક સવાલ રહેલો છે તે એવો કે સદ્દગુરૂનું આ વૃત્તાંત વાંચનાર તથા જાણનાર કદી એવું બોલી શકે! જેનાં બધાં કૃત્યો નિર્દોષ ને જેનો ઉપદેશ પૂરો શુદ્ધ, જેની રહેણી કહેણીમાં પુરી નમ્રતા છે તે દેવ ન હોય તો બીજો કોણ? ને વળી એવો પુરૂષ દેવ ન હોય તો દેવપણાનો દાવો કરનાર કેમ થયો હશે?

એ માટે ઉપરની વાતથી આપણુને ખાતરી પામવાનાં પ્રમાણો મળે છે કે પ્રભુ ઈસુ દેહમાં પ્રગટ થએલો દેવ છે તે તેનાં કામો તથા વચનોથી સાબિત થાય એવું છે તેમ છતાં જે યહુદીઓ તેને માનતા નથી તેઓ છતી આંખે આંધળા તથા છતે કાને બહેરા છે.

અધ્યાય ૧૧ મો.

ઈસુ એક જન્માંધ માણસને દેખતો કરે છે.

ઉપર આવી ગએલી હકીકતથી આપણે જાણી ગયા છીએ કે યહુદીઓ સદ્દગુરૂ પર ગુસ્સો કરી તેને પત્થર મારવા તૈયાર થએલા છે. તેમાં ઇસુનો કાંઇ દોષ નહોતો પણ તે તેઓના ક્રોધનું સ્વરૂપ હતું. કેમકે તે સમય વિતી ગયો તેની સાથે તેઓનો ક્રોધ પણ ગયો. ત્યાર પછી કેટલોએક વખત તેના ઘાતકી કામના પ્રયત્નો ઘણું કરીને બંધ રહ્યા હતા. તેથી પ્રભુને પોતાનાં કાર્યો સાધવાને કેટલોએક સમય મળ્યો હતો; પ્રભુનું એવું કામ શું હતું? એ વિષે પ્રશ્ન પુછનારનાં મનમાં ભિન્ન ભિન્ન વિચારો આવે એવું છે. જો કોઇ કઠણ મનવાળો ને વેર વાળનાર હોય તો તે કહેશે કે તે ક્રૂર શત્રુઓનું કાશળ કાઢી પોતે નિર્ભય થવું એ તેનું કામ હશે, પણ તેની બધી વાત સમજનાર તથા જાણનાર હશે તે કહેશે કે ના, એ નહિ, પણ દુઃખિત માણસોનો ઉદ્ધાર કરી તેનાં દુઃખનું નિવારણ કરવું એ ઈસુનું ખાસ કામ હતું, તે તેણે કીધું.

હવે પર્વના દિવસો સમાપ્ત થયા હતા તોપણ સદ્દગુરૂ ઈસુ કેટલાએક દિવસ યરૂશાલેમમાં રહ્યો. તે દિવસોમાં એક વેળા સાબ્બાથવારે તે દેવળમાંથી બહાર આવતો હતો તે વેળા તેને રસ્તામાં એક આંધળો માણસ મળ્યો. તે જન્મથી આંધળો હતો ને મંદિરના દરવાજા પાસે રસ્તા પર બેસીને ભીખ માગતો હતો, તેથી શહેરનાં ઘણાં ખરાં માણસો તેને ઓળખતાં હતાં. આ અંધ માણસને જોવાથી શિષ્યોના મનમાં એક સંદેહ થયો, માટે તેઓ સદ્દગુરૂની પાસે ખુલાસો પુછવા લાગ્યા. તેઓ એવું જાણતા તથા માનતા હતા કે દરેક દુઃખનું મૂળ કારણ પાપ છે, તેથી જેમ પાપનો વધારો તેમ દુઃખનો વધારો થતો હશે, ને એવી વાત બધા યહુદીઓ માનતા હતા, તેથી શિષ્યોએ આ આંધળા સંબંધી સવાલ પુછ્યો. "ગુરૂજી, આ માણસ કોનાં પાપથી આંધળો થયો?".

જેમ આપણા દેશમાં હિન્દુ લોકોની માન્યતા છે કે દરેક અપંગ તથા દુઃખિત મનુષ્ય પૂર્વ જન્મનાં પાપને લીધે દુઃખિત જન્મે છે તેમાં કોઈ વાર પોતાનું પાપ હોય ને કોઇ વાર માબાપનું પાપ હોય છે તેમ યહુદી લોકો પણ માનતા હોય એમ લાગે છે. કારણ કે આ માણસના સંબંધમાં જે સવાલ પુછાયો તે એવો હતો "તે પાપ તેણે કીધું કે તેનાં માબાપે?" જ્યારે પ્રભુના શિષ્યોએ એ આંધળાને જોયો ત્યારે તેઓ વિચારમાં પડી ગયા હતા, માટે તેઓએ ઉપર પ્રમાણે સવાલ પુછ્યો. તેઓ સદ્દગુરૂના ચરણપ્રતાપે ઘણી ઘણી વાતોનું જ્ઞાન પામ્યા હતા તોપણ આ બાબતમાં અજાણ હતા, તેથી તેઓના મનમાં એ વાત વિષે ખાતરીપૂર્વક જાણવાની જીજ્ઞાસા થઇ હશે.

એ પ્રમાણે કેટલાએક કાળથી આ અનેક જન્મનાં પાપનો ઘોટાળો યહુદી લોકોના મનમાં ચાલ્યો આવતો હતો ને શિષ્યોના મનમાં પણ હતો, તેથી તેઓ સદ્‌ગુરૂની પાસે ખુલાસો કરાવવા ચાહતા હતા. હવે પ્રભુએ તેઓની ભ્રાંતિ દૂર કરવાને કહ્યું કે, "એણે કે એનાં માબાપે પાપ કીધું તેથી નહિ, પણ દેવનાં કામ તેનામાં પ્રગટ થાય એ માટે એમ થયું" (યોહા. ૯; ૩). તેમાં પ્રભુએ એવી સૂચના કીધી કે મારે મસીહના અધિકારયુક્ત ઘણાં કામો કરવાનાં છે ને તેમાંનું એક આ કામ છે, કે એવા અપંગ તથા દુઃખિતોને આરામ આપી દુઃખથી મુક્ત કરવા. "જ્યાં સુધી દહાડો છે, ત્યાં સુધી જેણે મને મોકલ્યો છે તેનાં કામ આપણે કરવાં જોઇએ; રાત આવે છે, જેમાં કોઇથી કામ કરાતું નથી" (યોહા. ૯; ૪). જે માણસ સવારથી સાંજ સુધી માત્ર આરામ લે છે તેના જેવો હું નથી, પણ હું આખો દિવસ પોતાના હાથ કામમાં રોકનારો છું. હું જાણું છું કે મારે પણ રાત્રી આવનાર છે. તેમાં મારા પરથી કામનો બોજો દૂર થશે. "હું જગતમાં છું ત્યાં સુધી હું જગતનું અજવાળું છું" (યોહા. ૯; ૫).

હવે એ રીતના સદ્‌બોધની વાતચિત કીધા પછી તે જમીન પર થુંક્યો ને કાદવ કીધો. પછી એ કાદવ પેલા આંધળાની આંખો પર ચોપડયો ને હુકમ કીધો કે તું શીલોઆહના હોજમાં જઈ તારી આંખ ધોઇ નાખ. તેથી તે ગયો ને શીલોઆહના હોજમાં પોતાની આંખ ધોઇ ત્યારે તે દેખતો થયો. પ્રથમ તેનાં નેત્રદ્વાર બંધ હતાં તે હવે ખુલ્લાં થયાં. એમ જન્મનો આંધળો દેખતો થયો. આ વખતે જન્માંધ માણસને કેટલો આનંદ થયો હશે તે કોણ કહી શકે! અત્યાર પહેલાં તે આ સુંદર સૃષ્ટિમાં હતો પણ તેની સુંદરતા જોવા તેનાં ભાગ્યોદ્દય બંધ હતાં તેથી તે સુંદરતા તેણે જોઇ નહોતી પણ આજે મહાન પ્રકાશોનો પેદા કરનાર તેને મળ્યો. તેની કૃપાદૃષ્ટિથી દેખતો થયો ને મહાન કર્તાની કારીગરી જોઇ આનંદના ઉભરામાં અચરત પામવા લાગ્યો હશે. તે વખતનો આનંદ માત્ર પોતેજ અનુભવી શકે તેવો હતો. તેણે જાણ્યું હશે કે આજ મને મારો નવો જન્મ મળ્યો અથવા એમ લાગ્યું હશે કે આજે હું એક નવીન દૃશ્ય લોકમાં ઉતરી આવ્યો છું. આજ દિવસ સુધી જે અદૃશ્ય રહેલી વસ્તુઓ હતી તે આજે દૃશ્યમાન થઈ છે. વ્હાલું યરૂશાલેમ તથા પ્રભુનું મંદિર, પરમ પ્રિય મિત્રો તથા સંબંધીઓ, એ સિવાય તમામ પ્રાણી પદાર્થો જે વિશ્વ-કર્તાની ઉત્તમ કારીગરી છે તે સર્વ જોઈ શકયો ને તેથી તેને ઘણોજ આનંદ થયો હશે એમાં શક નથી.

આપણા દેશમાં એક એવી કહેવત છે કે, "ફુટેલી સાંખે પણ દેખતી સાંખે નહિ," અથવા એમ કહે છે કે, "આંખનું ઝેર છે." પેલો દેખતો થએલો માણસ એમ જાણતો હતો કે મારી આવી સ્થિતી જોવાથી લોકોને આનંદ થશે; ને મારા પર ઉપકાર કરનારનો ઉપકાર માની તેને અભિવંદન આપશે તે બધું

જોવાથી મારા આનંદની વૃદ્ધિ થશે. પણ ઉપરની કહેવત પ્રમાણે તેની આશા જુદાજ રૂપે બદલાઈ ગઇ હતી, કેમકે તેને આ કૃપાદાન મળ્યું તેથી તે અપરાધી ઠરાવાયો, ગુન્હેગાર ગણાયો ને શિક્ષાપાત્ર ઠર્યો!

જ્યારે તે શીલોઆહના હોજથી પોતાના ઘર તરફ આવતો હતો ત્યારે રસ્તામાં તેના વિષે ચર્ચા ચાલવા લાગી. તેના ઓળખીતા તથા જાણનારા-માંના કેટલાએક કહેવા લાગ્યા કે જુઓ, આ પેલો આંધળો જે મંદિરના બારણા પાસે બેસીને ભીખ માગતો હતો તે દેખતો થયો છે. બીજા કેટલાએકે કહ્યું કે, ના, તે તે નથી, પણ બીજો કોઈ તેના જેવો છે. એમ કેટલાએકે તેને ઓળખ્યો ને કેટલાએકે બરાબર ઓળખ્યો નહિ. તેનું કારણ સ્પષ્ટ છે, કેમકે જ્યારે આંધળો માણસ દેખતો થાય છે ત્યારે તેના ચહેરામાં સહેજ ફેરફાર થયા વિના રહેતો નથી. તેથી આ લોકો તેને ચોકસ ઓળખી શકયા નહિ. ત્યારે તેણે પોતા વિષે કહ્યું કે, "હું તેજ છું," પછી બધી વાત કહી બતાવી. જ્યારે તેઓએ એની બધી હકીકત સાંભળી ત્યારે તેઓએ તેને ઓળખ્યો કે હા, આજ આંધળો મંદિરના દરવાજા પાસે બેઠો હતો તે દેખતો થયો છે. પણ આજે સાબ્બાથનો દિવસ છે તેનો તેણે વિચાર કીધો નથી એ કેવું!

દરેક સારી નરસી વાતો લોકોમાં ફેલાયા વિના રહેતી નથી પણ તેમાં જે કોઇ અચરત પમાડનારી વાત હોય તો તે એકાએક ફેલાવો પામી બધે પસરી જાય છે, તેમ આ વાતનું બન્યું.

મારા વ્હાલા વાંચનારાઓ સારી પેઠે જાણે છે કે સાબ્બાથવાર સંબંધી ઘણા બારિક નિયમો ઠરાવી યહુદી સંપ્રદાયમાં તે પાળવા તથા પળાવવાનો રીવાજ ચાલતો હતો. તેનું ઉલ્લંઘન કરનાર મહા પાપી ને અપરાધી ગણતા હતા. હવે અહીં એ અપરાધ સદ્‌ગુરૂ પર તથા આ દેખતા થએલા પર લાગુ થાય તેમ હતું. સદ્‌ગુરૂએ સાબ્બાથનું ઉલ્લંઘન કરી કાદવ કીધો! આંધ-ળાએ સાબ્બાથને દિવસે આંખ ધોઇ! તેથી તેને મોટો ગુન્હેગાર ઠરાવવામાં આવશે!!

આજના સાબ્બાથવારે એક આંધળાને દેખતો કીધો એ વાત વડીલ-સભાના મેમ્બરોને કાને પહોંચી તેથી તેઓએ તજવીજ કરવા સારૂ એક સભા ભરી ને તેમાં તેની ચોકસી કરવામાં આવી. તેની વિગતવાર નોંધ લેતાં સુવાર્તિક યોહાન લેખ આપે છે તે યોહાનના ૯ મા અધ્યાયમાં મોજુદ છે. તે વાંચવાથી આપણને એવો ભાસ થાય છે કે આ બિચારો ગરીબ ને અશિક્ષીત આંધળો સાર અસાર જાણવાને અજ્ઞાન હતો; પણ તેના વિદ્વાન ન્યાયાધીશો કરતાં ઘણો આસ્તિક અને ધીરજવાન હતો. તેનો ન્યાય કરનારા પોતાના દુરાગ્રહને લીધે તથા કુબુદ્ધિને જોરે આત્મિક અંધાપો પામેલા હતા. તેથી તેઓ સારાને નરસું ને નરસાને સારૂં ઠરાવતા હતા.

તેઓએ આ કૃપાપાત્રને ગુન્હેગારની પેઠે ખડો કર્યો ને ઉલટપાલટ સવાલો પુછી જુબાની લીધી. તેને ધમકાવીને પૂછ્યું, પટાવીને પૂછ્યું, એટલુંજ નહિ પણ તેનાં માબાપને બોલાવ્યાં ને તેની પડપૂછ કીધી. તેનાં માબાપ આ અધિકારી મંડળના આમંત્રણથી ઘણા ગભરાટમાં આવી પડ્યાં હતાં. કારણ કે આ નાઝારી ઉપદેશકે તેના દીકરાને દેખતો કીધો તેથી તેઓ તેને કબૂલ કરતાં જમાત બહાર કાઢવામાં આવે એવી બીહીકમાં હતાં. તોપણ સભાની આગળ આવ્યાં ને હાજર થયાં. એ વખત તેઓની ચોકસી કરવા સારૂ સભાએ તેઓને કેટલાએક સવાલો પૂછ્યા. તેના જવાબમાં તેઓએ બીહીતાં બીહીતાં થોડું કહ્યું કે, "એ અમારો દીકરો છે, તે જન્મથી આંધળો હતો, પણ હાલ તે દેખતો થએલો છે. તેને કોણે દેખતો કીધો કે કેમ દેખતો થયો એ બાબત અમે કાંઈ જાણતાં નથી. તે પુખ્ત ઉમરનો છે માટે તેને પુછો, તો તે પોતા વિષે વાત કરશે." અહીં આપણે જાણવાનું છે કે યહુદી જમાતની બીહીક રાખી તેઓએ સદ્ગુરૂનો પૂરેપકાર છૂપાવ્યો હતો. સદ્ગુરૂ ઇસુએ તેના દીકરાને દેખતો કીધો એ વાત તેઓના જાણવામાં આવી હશે એમાં શક નથી. પણ યહુદી જમાતમાં એવો ઠરાવ થએલો હતો કે જો કોઈ માણસ ઇસુને મસીહ કે ભવિષ્યવાદી માને તો તેને બહીસ્કાર કરી જમાત બહાર ગણવો; તેથી આ લોકો કૃતઘ્નીપણાના પરીક્ષણમાં આવી પડ્યાં હતાં. પછી તેઓએ તે છોકરાને પોતાના સપાટામાં લીધો, પણ તે પોતાનાં માબાપ જેવો બીહીકણો નહોતો. તેનામાં સારૂં ને ઉત્તમ જાતનું પાણી હતું માટે આ અધિકારી મંડળનો હેતું પાર પડયો નહિ.

આ અધિકારી મંડળના અદેખા મેમ્બરો પ્રથમ એવી ચાહના રાખતા હતા કે બનતાં સુધી ઇસુના ચમત્કારો કબુલ ન કરવા; તેથી તેઓએ આ કામમાં તસ્દી લીધી ને બારીક તપાસ ચલાવી હતી. જો આ છોકરો તેનાં માબાપની પેઠે બીહીક રાખી ઇસુનું નામ દબાવે તો તેઓને ફાવતું આવે એમ હતું, પણ તેમાં તેઓની ધારણા પુરી પડી નહિ, તેથી તેઓએ તેને બીજી રીતે પરીક્ષણમાં અજમાવ્યો હતો. તેઓ તેને કહેવા લાગ્યા કે, તું દેવને માન આપ, કેમકે તેણે તારા પર દયા કરી છે તેથી તેમ કરવું ઉચિત છે, જે માણસ વિષે તું બોલે છે તેને અમે ઓળખીએ છીએ ને જાણીએ છીએ કે, તે તો પાપી છે. એ સાંભળી પેલા છોકરાએ જવાબ આપતાં કહ્યું કે, "તે પાપી છે કે નહિ એ વાત હું જાણતો નથી, પણ હું માત્ર એક વાત જાણું છું તે એ કે, આગળ હું આંધળો હતો તે હવે દેખતો થયો છું."

એ સવાલથી તેઓ સંતોષ પામ્યા નહિ, પણ કાંઈ વિરૂદ્ધ સાંભળવાનો ભાવ રાખી તેને પડપુછ કરવા લાગ્યા. તેમાં તેઓએ એવો સવાલ પુછયો કે, "તેણે તને શું કર્યું? તું કેમ દેખતો થયો?" એથી તે છોકરો કંટાળીને કહેવા લાગ્યો કે, "મેં તમને ઘણીવાર એ હકીકત કહી છે, તોપણ તમે વારે વારે

એજ પુછો છો તેમાં તમારો શો હેતુ છે તે કહો. શું તમે તેના શિષ્ય થવા ચાહો છો?" એ શબ્દો અધિકારી મંડળને આકરા બાણ સમાન આઘાત કરનારા લાગ્યા, તેથી તેઓનાં મગજ તપી ગયાં ને પગની ઝાળ શીખા સુધી ચઢી. તેઓ ક્રોધાવેશમાં આંખો તતડાવવા તથા હોઠો ફફડાવવા લાગ્યા. "અરે અધર્મી, તારી બોબડી બંધ કર. શું તું આ મહાન સત્ પુરૂષોની સામે બેઅદબી કરે છે? એમ બોલતાં તારી જીભ તુટી પડવી જોઇએ. જા, મૂર્ખ, અહીંથી જા! તારૂં મ્હો કાળું કર. તુંજ એ નાઝારીનો શિષ્ય થા, અમે તો મુસાના શિષ્ય છીએ. દેવ મુસાની સાથે બોલ્યો એ અમે જાણીએ છીએ પણ તે માણસ ક્યાંનો છે તે અમે જાણતા નથી." એ પ્રમાણે તેને હડધૂત કરી કાઢી મુકવાનો તિરસ્કારી હુકમ કીધો.

આ વજ્ર જેવાં હાડકાંવાળો તેઓનાથી ગાંજ્યો જાય તેવો નહોતો. તેથી તેઓના આડા અવળા સવાલોએ તે ભૂલમાં પડ્યો નહિ. તેમ તેઓના દબાણથી બીકીધો નહિ. તેણે તેઓને કહ્યું કે, "જેણે મારી આંખો ઉઘાડી તેની અદ્‌ભૂત શક્તિ હું ભૂલી શકતો નથી. મારા તરફ તેની દયા તથા પ્રીતિ તે મારાથી વિસારી શકાય તેમ નથી. મને ખાતરી છે કે એ પરોપકારી ને સુપ્રસિદ્ધ માણસ છે, તેમ છતાં તમે તેને ઓળખતા નથી, એ મોટી નવાઈની વાત છે. તેની આજ્ઞા પાળવાથી હું દેખતો થયો છું, તેથી મને ખાતરી થાય છે કે તે દેવભક્ત ને દેવની મરજી પ્રમાણે ચાલી સારાં કામ કરનાર છે. દેવ તેનું સાંભળે છે; પણ તે પાપીઓનું સાંભળતો નથી. આપણે આજ દિવસ સુધી એવું કંઈ સાંભળ્યું નથી કે કોઈ ભવિષ્યવાદીએ જન્માંધ માણસને દેખતો કીધો હોય. માટે જો તે દેવ પાસેથી આવેલો ન હોય તો તે આવાં કામ કરી શકત નહિ, તેમ છતાં તમે તેને ઓળખતા નથી!"

જેમ કોઈ અપાત્ર ઢેડ કે ભંગી મહાન આચાર્ય શ્રી ૧૦૮ પાસે જાય ને તેઓ શ્રીને બોધ કરી તેની ભૂલ બતાવે તો તે વેળા તેને મેવાનાં પાણી મોભે ચઢ્યાં બરોબર થાય છે તેમ આ માણસના સંબંધમાં બન્યું. મોટા મોટા યાજકો તથા વડીલોથી બનેલી ન્યાયસભાની રૂબરૂ આ માણસે જે બોધરૂપ શાહેદીનાં વચનો કહ્યાં તે તેઓથી સહેવાયાં નહિ. તેઓ ગુસ્સો કરી કહેવા લાગ્યા કે, "તું તો માત્ર પાપોમાં જન્મેલો છે તેમ છતાં અમને બોધ કરે છે? તારે એમ બોલવાનો શું અધિકાર છે? માટે એ તારી બેઅદબીને લીધે અમે તને જમાત બહાર કાઢીએ છીએ," એમ કહી તેને સભાસ્થાનથી બહાર હાંકી કાઢ્યો હતો.

હવે એ માણસ સત્યની શાહેદીને લીધે જમાત બહાર કરાયો હતો તે વાત સદ્‌ગુરૂના સાંભળવામાં આવી તેથી તેને તેના પર ઘણીજ દયા આવી. પ્રભુએ તેના પર દયા કરી દૃષ્ટિ આપી હતી તેમાંથી તેને ઘણો ગુણ મળ્યો હતો.

તેનાં ચર્મચક્ષુ ખૂલ્લાં થયા માત્ર એટલુંજ નહિ પણ તેનાં જ્ઞાનચક્ષુ ખૂલી ગયાં; તેથી તે આકાશી રાજ્ય વૈભવ જોવા પામ્યો ને તેનો વફાદાર સાક્ષી થયો. તેને માનવ પ્રેરિત યાજકે પોતાની હજુરથી ધકેલી કાઢયો ત્યારે ઈશ્વરી ઠરાવ પ્રમાણે ઠરાવેલા પ્રમુખ્ય યાજકે તેને પોતાના ચરણમાં સમેટી લીધો. આ વખત તે મહૃદ ભાગ્યોદય પામ્યો, તેના પ્રતાપથી તે તારણ પામ્યો, તારનારને જોયો ને અનંત તારણનો અનુભવ કર્યો. તે સદ્ગુરૂની પાસે આવ્યો ને પોતા પર વિતેલી બધી હકીકત જાહેર કરી કહેવા લાગ્યો કે, "તે લોકોએ મને જમાત બહાર મુકયો છે." પ્રભુએ તેને કહ્યું કે, એની ફીકર નહિ, પણ તું દેવના પુત્ર પર વિશ્વાસ કરે છે? પછી તેણે પ્રશ્ન કરી પુછ્યું કે, "પ્રભુ તે કોણ અને કયાં છે? હું તેના પર વિશ્વાસ કરવા તૈયાર છું." ત્યારે પ્રભુએ કહ્યું કે, "જે તારી સાથે બોલે છે તે હું તેજ છું." એવું સાંભળી તેણે નમન કીધું ને બોલ્યો કે, "હા, હું વિશ્વાસ કરૂં છું; તું મારો અંગીકાર કર."

ઉપર બતાવેલા પ્રસંગને અનુસરી પ્રભુએ એક બોધભાષણ આપ્યું; તેમાં અતિ ગૂઢ ને માર્મિક વચનોમાં તેણે કહ્યું કે, "જેઓ દેખતા-નથી તેઓ દેખતા થાય; ને જેઓ દેખતા છે તેઓ આંધળા થાય, માટે હું આ જગતમાં ન્યાયને સારૂ આવ્યો છું" (યોહા. ૯; ૩૯). તેની મતલબ એવી છે કે જે માણસ પોતાને જ્ઞાનવાળા સમજે છે તેઓ આંધળાપણાના અભિમાનમાં પડી મને જોઈ શકતા નથી; પણ જેઓ પોતાને અજ્ઞાન સમજી નમ્રભાવે મારી પાસે આવીને મને જુએ છે તેથી તેમને અધિક જ્ઞાન મળે છે.

આ સમયકાળ પછી ને યરૂશાલેમમાંથી નીકળ્યા પહેલાં સદ્ગુરૂએ એક બીજું બોધભાષણ આપ્યું હતું; તેમાં તેણે ઘેટાંપાળકના દાખલાથી ઉપદેશકોનાં ખરાં લક્ષણોનો ચિતાર આપી કીમતી બોધ કરેલો છે. તેણે દેવના લોકોને ઘેટાંની ઉપમા આપી આચાર્યોને ઘેટાંપાળક બનાવ્યા છે. ઘેટાં સંભાળનાર હમેશાં બે જાતના છે, તેમાં પ્રથમ દરજ્જે માલિક છે. તેને ઘેટાંની ફિકર, ચિંતા તથા લાગણી હોય છે તેથી તે ઘેટાંના રક્ષણપોષણને માટે સ્વાર્પણ કરવા તૈયાર રહે છે; ને બીજી જાતના છે તે વેતની મજુરો છે, તેમને પોતાનું પેટ ભરવાની તથા પોતાનો સ્વાર્થ સાધવાની ભાવના હોય છે, માટે તે પોતાનું સ્વાર્પણ કરતા નથી.

એ પ્રમાણે વાત કીધા પછી તેમાંથી એક બીજો બોધ આપે છે કે, "હું ઉત્તમ ઘેટાંપાળક છું. મારાં ઘેટાંને સમેટવા સારૂ હું આવ્યો છું. મારાં ઘેટાં મને વ્હાલાં છે તેઓ મારો ધાંટો સાંભળે છે, ને મારી પાછળ આવે છે, હું તેમના વતી પોતાનું સ્વાર્પણ કરી (રાજીખુશીથી) મારો જીવ આપી તેની ખંડણી કરી લઇશ. તેઓ આખી દુનિયામાંથી એકઠાં કરાશે ને મારા વાડામાં આવશે. હું તેઓને અનંતજીવન તથા અનંત સુખ આપીશ ને તેઓનો દ્વારરૂપ

થઇશ. તેઓ મારામાં થઇને અંદર આવશે તથા બહાર જશે ને લીલો ચારો તથા શાંતિની નદીનું પાણી પામશે; એ પ્રમાણે અંતે એકજ ટોળું તથા એકજ ઘેટાંપાળક થશે."

એ ભાષણમાં છેવટ ભાગે તે પોતાનું મસીહપણું બતાવી તેના અનાદી ઠરાવ વિષે ઇસારો કરે છે, પણ યહુદી લોકો એ વાત સમજી શકયા નહિ. જેમ જેમ તે પોતાના હક વિષે પ્રમાણ આપી ચોકખેચોકખું કહેવા લાગ્યો તેમ તેમ તેના વિષે ભિન્ન ભિન્ન મતો પડવા લાગ્યા, ને આખર વિરોધીઓએ તેને સપડાવવાની કોશેશ કરી; પણ પ્રભુ ત્યાંથી નિકળી ગયો (યોહા. ૧૦; ૩૮).

ખંડ ૫ મો.

પ્રભુ ઇસુ ગાલીલ છોડી બેથાનીઆમાં આવે છે.

રૂમી શક ૭૮૨ ના નવેમ્બરથી ૭૮૩ ના એપ્રીલ સુધી.

ઈ. સ. ૨૯–૩૦.

અધ્યાય ૧ લો.

ઉપોદ્ઘાત.

આગળ આવી ગએલી વાતોમાં અમે પ્રભુ ઇસુના કામ સંબંધી જે વિભાગો દર્શાવ્યા છે તે પ્રમાણે વાંચનારે જાણવું જોઇએ કે જ્યારથી તેણે ગાલીલ પ્રાંત છોડયો ત્યાર પછી તેના છેલ્લા દુઃખી અઠવાડીઆ સુધીમાં જે વખત ગયો તે આસરે પાંચ માસનો હતો. હવે આટલા વખતે ગાલીલમાં તેનું કામ સમાપ્ત થયું હતું. ત્યાં તેને ઘણા શિષ્યો મળ્યા હતા (૧ કરીં. ૧૫; ૬) કે જેઓ તેને ખરેખરો દેવપુત્ર મસીહ જાણતા હતા. બીજા ઘણા લોકો તેને ઇશ્વર પ્રેરિત ભવિષ્યવાદી જાણી માન આપતા હતા ને નમ્રપણે પૂજ્ય ભાવથી તેની વાત સાંભળતા હતા. તે ઉપરાંત બીજા ઘણા હતા કે જેઓએ તેના ચમત્કારો જોયા તથા તેનો ઉપદેશ સાંભળ્યો હતો પણ તે માન્ય કરેલો નહોતો, તેઓની મોટી સંખ્યા આ પ્રાંતમાં ઘણે ઠેકાણે હતી તેથી એમ કહેવાય કે અહીં પ્રભુનું કામ નિષ્ફળ ગયું નથી.

આ ગાલીલ પ્રાંતમાં જે કામ ચાલ્યું તે વિષે મુખ્ય બે વાત લક્ષ આપવા લાયક છે. તેમાંની મુખ્ય ને પહેલી એ છે કે અત્યાર સુધી તેના શિષ્યોના મનમાં સંપૂર્ણ ખાતરી થઈ ચૂકી હતી કે અમારો ગુરૂ સાધારણ માણસ નથી, પણ ખરો દેવપુત્ર મસીહ ને માણસના રૂપમાં પ્રગટ થએલો દેવ છે. વળી બીજી વાત એવી છે કે યરૂશાલેમના લોકો તેના વિષે જે જે કાવતરાં રચે છે તેમાંનાં કેટલાંએક અમલમાં આવ્યાં હતાં ને કેટલાંએક હજી બાકી છે.

એ માટે હવે ગાલીલ પ્રાંતમાં વધારે વખત રહી જે બીજું કામ કરવું હતું તે ઘણું કઠણ ને મુસીબત ભરેલું છે. એ બન્ને વાતો ધ્યાનમાં રાખી આગળની બીનાઓ વાંચીએ તો તેના ખરા સ્વરૂપની પરિપૂર્ણ માહિતી થશે.

મસીહ વિષે સાધારણ લોકોના મનમાં જે કલ્પના હતી તે બાબત શિષ્યોને અધિક જ્ઞાન થાય ત્યાર પહેલાં તે પોતાના ઇશ્વરી સંકેત પ્રગટ કરી શકયો નહિ. જગતનું પાપ નિવારણ કરવા સારૂ હું એકવાર મરવાનો છું ને ત્યાર પછી પાછો સજીવન થઇ આકાશમાં જઇશ એ વિષે ખાસ મુદ્દાની વાત

તે તેઓને કહેલી નહોતી. તેમ છતાં બીજી કેટલીએક વાતો તેણે જણાવી હતી. એટલે કે તે પોતે કોણ ને કેવો છે તથા પરમેશ્વર સાથે તેનો સંબંધ શું છે એ બધું સમજાવી રાખ્યું હતું. એમ તેઓની શક્તિ અનુસાર જ્ઞાનબોધ આપેલો હતો; તોપણ હજી સુધી તે શિષ્યોને પ્રભુના સમાગમની ઘણી જરૂર હતી.

જ્યારે પ્રેરિત પીતર બધી વાતો વિષે જાણીતો થયો ત્યારે તેણે બધાની વચ્ચે આગળ આવી કબૂલાત આપી કે, "તું મસીહ, જીવતા દેવનો દીકરો છે" (માત્થી ૧૬; ૧૬) એજ વખતે પ્રભુ ઇસુએ પોતા પર આવનાર મરણનો ઇસારો કીધો હતો પણ તે વાત પીતરની સમજણમાં આવી ન હોય એમ દેખાય છે. કદાપી તે એમ જાણતો હશે કે અમારો ગુરૂ દેવપુત્ર છે ત્યારે મરણની સાથે તેને શું સંબંધ હોય!, તથાપી બીજી વાતોમાં તેની સમજણ પરિપક્વ થએલી હતી. પ્રભુ ઇસુના ઇશ્વરીપણા વિષે તથા તેની દૈવી પ્રકૃતિ વિષે તે સારી પેઠે જાણતો હતો, પણ હજી તે તેના અંતરમાં બીજરૂપે રોપાએલું હતું. તોપણ તે તેનાથી સદ્ગુરૂના બોધનું તાત્પર્ય તથા આકાશી રાજ્યનું રહસ્ય જાણવાને શક્તિવાન થયો.

એ રીતે શિષ્યોના અંતઃકરણમાં સદ્જ્ઞાનરૂપી જે બી રોપાયાં હતાં તે ઉગી વૃદ્ધિ પામી પાલવે તેને સારૂ કેટલાએક વધારે સમયની જરૂર હતી. તેઓ જેમ જેમ પ્રભુનાં કાર્યો સંબંધી પ્રબોધિત થતા ગયા તેમ તેમ સદ્ગુરૂના પ્રેમમાં આગળ ને આગળ વધવા લાગ્યા હતા. ત્યાર પછી તેઓના વિરોધીઓ પર હવે વધારે ને વધારે અંધકારની પ્રબળતા વધવા લાગી તેથી તેઓનો દ્વેષભાવ અધિકાધીક થવા લાગ્યો હતો. સદ્ગુરૂ ઇસુએ તે બાબત અગાઉથી જણાવેલું હતું કે, "તેઓ મારા પર દ્વેષ કરવાના છે," તે વાત શિષ્યોની સમજણમાં આવી પહોંચી હતી. તેઓ એ વાતની ખાતરી પામી સદ્ગુરૂના પ્યારમાં વધારો પામ્યા તેથી પ્રભુનું વચન યથાર્થ થયું કે, "જેઓ અજવાળું ચાહતા હતા તેઓ અજવાળાની પાસે આવ્યા." હવે પછી તેઓ પ્રભુના સદ્બોધનો સાર વધારે સ્પષ્ટ રીતે સમજવા લાગ્યા ને તેના ખરા અર્થથી માહિતગાર થયા; ત્યાર બાદ તેઓ વધારે સ્પષ્ટતાથી શત્રુને તથા મિત્રને જાણવા લાગ્યા. આગળના વખતમાં જેઓ થોડો ભાવ રાખતા હતા તેઓ હવે પછી વધારે ભાવિક થયા, ને જેઓ અગાઉ સ્વાર્થ ભાવે પ્રભુના ઉપદેશને દુર્લક્ષ આપતા હતા તેઓ હવે પછી લક્ષપૂર્વક તેનો બોધ ગ્રહણ કરવા લાગ્યા. પણ જેઓ અજવાળાના વૈરી હતા તેઓ તેના ઉપદેશને દુર્લક્ષ આપી ધિક્કારતા હતા. જો કે મસીહનાં ચમત્કારિક કામો મહા પરાક્રમ ભરેલાં હતાં તોપણ તેથી વિરૂદ્ધ વાદીઓનું સમાધાન થયું નહિ; માટે તેઓએ એક ધતીંગ જોડી કાઢ્યું કે ઇસુ દેવ વિરોધી છે ને શેતાનની ઉપાસનાથી ચમત્કારો કરે છે, તેથી તેમાં કાંઇ અચરત પામવા જેવું કારણ નથી.

એ પ્રમાણે આખા પાલેસ્તાઇન દેશના પ્રાંતોમાં એટલે ગાલીલ, સમારીઆ તથા યહુદાહમાં ઈસુની સામે બે ટોળીઓ ઉભા થઇ હતી, તેમાંની એક તેના મિત્રોની ને બીજી તેના શત્રુઓની હતી. મિત્ર મંડળમાં તેનો અંગીકાર થતો પણ શત્રુઓની ટોળીમાં ધિક્કાર કરાતો હતો. જો પ્રભુ ઈસુ સાધારણ માણુસ હોત ને માણુસની પ્રકૃતિ પ્રમાણે "ચાહે તેનેજ ચાહનાર" હોત તો માત્ર મિત્રોનો બચાવ કરી શત્રુઓને પડતા કર્યાં વિના રહેત નહિ. પણ તેણે તેમ કીધું નહિ. તે સર્વ પર સમાન પ્રીતિ રાખતો હતો માટે તેણે દયા કરી હજી સુધી સમજાવવાનું કામ છોડયું નહિ. તોપણ હવે પછી તેણે કામનું રૂપ બદલી નાખ્યું હોય એમ દેખાય છે કેમકે તેણે પોતાના મ્હોથી તથા કામોથી પોતાનું મસીહપણું જાહેર કરેલું છે. વળી તેઓએ નહિ દીઠો હોય એવો પોતે "મસીહ છે" ને તેથી વિશેષ તે દેવ સમાન દેવપુત્ર છે તેમજ ઇશ્વિરબાપ સાથે તેનો નિકટ સંબંધ છે તે બધું જણાવવા લાગ્યો.

જ્યાં સુધી તેણે પોતાનું મસીહપણું પ્રગટ કીધું નહોતું ત્યાં સુધી લોકો તેને ભવિષ્યવાદી જેવો માનતા હતા, અને જ્યારે તેણે પોતાનું દેવત્વ પ્રગટ કર્યું ત્યારે તેને દેવનિંદક માનવા લાગ્યા. તોપણ આપણે એમ જાણતું નહિ કે આ દેવપુત્રને માનવો કે ન માનવો એવો સ્વતંત્રપણે એક્કો કરવાનો અધિકાર પ્રભુએ માણસોને આપ્યો હોય! માટે તેને બધા નાકબૂલ કરી શકતા નથી. આગળ આવી ગએલા સમયમાં યોહાન બાપ્તિસ્મા કરનારે તેની શાહેદી આપી ને તેના "મસીહ"પણાનો અધિકાર જણાવ્યો, ને આ વખત તે પોતે "મસીહ"ની અધિકારયુક્ત સ્વારી સાથે યરૂશાલેમ જનાર છે.

એ પ્રમાણે દેવના પસંદ કરેલા રાષ્ટ્રને તથા તેના મુખ્ય અધિકારીઓને પ્રગટ કરી બતાવવાનો વખત આવેલો જાણી પોતાના શિષ્યોની મારફતે બધાં ઠેકાણાંમાં જાહેર કરાવે છે ને લોકોમાં ઢંઢેરો પિટાવી ખબર અપાવે છે કે આકાશનું રાજ્ય રાજસત્તામાં પ્રગટરૂપે તમારી પાસે આવ્યું છે, માટે તેને માન્ય કરો ને તેમાં દાખલ થાઓ. એ રીતે પોતાના કામનો પ્રોગ્રામ ગોઠવી પ્રભુ પોતે યરૂશાલેમ તરફ જવા નીકળે છે ને રસ્તામાં ઉપર પ્રમાણે ખબર મોકલે છે, એમ છતાં ત્યાં તેનો ત્યાગ થાય તો તેઓ જાણશે કે અમે કોણનો ત્યાગ કીધો છે.

આ વખત પ્રભુ ઇસુના પ્રવાસકાળનો જે ગુપ્ત હેતુ હતો તે પ્રભુ તથા તેના શિષ્યો જાણતા હતા, કારણ કે યરૂશાલેમ જઈ ત્યાં મરણ ભોગવવું જોઇએ એ વાત પ્રભુએ પોતાના શિષ્યોને જણાવી હતી. જો યહુદી લોકો પસ્તાવો કરી ખ્રીસ્તનો ઘાત કરવાથી પાછા રહે ને દેવ તરફ ફરે તો તેમાં તેઓને કાંઈ અડચણ આવે એવું નહોતું. વળી સદ્ગુરૂનો સ્વીકાર કરે એવી જે તેની માગણી ને વિનવણી હતી તે પણ અબાધિત હતી.

એ કામ કરવા સારૂ પ્રભુએ સીત્તેર શિષ્યોને મોકલ્યા હતા. એવા ઉપદેશકોના મોટા જથ્થાની મારફતે પ્રભુ ઇસુની પધરામણી જાહેર કરવામાં આવી. તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં હજારો માણસો તેમને મળવા આવ્યાં. આ વખત ઘણું કરીને પ્રભુએ જે શિક્ષણ આપ્યું તે ઘણે ભાગે પોતાના (મસીહપણાના) કાર્ય સંબંધી હશે, તેને લગતો યરૂશાલેમ તરફ જવામાં પોતાનો જે હેતુ તે પ્રગટ કર્યો હશે. સુવાર્તિક લુક ઘણા વિસ્તારથી આ મુસાફરીનો લેખ આપે છે તેમાં જે મુખ્ય વાત દેખાય છે તે આ પ્રમાણે છે:—

"ઇસુનો બોધ સાંભળવા સારૂ ઘણા લોક આવતા હતા; તેમાં ફરોશીઓ વખતોવખત આડા આવી વિઘ્નો નાખતા હતા, ત્યારે તે તેઓના ઢોંગ સંબંધી અતિશય તિવ્ર ભાષણે નિષેધ કરતો હતો. તેઓને પોતાના શિષ્ય બનાવવા તથા સ્વદમન કરવા બાબત ઘણું ઘણું કહેતો હતો. તે સમયમાં તેણે જે જે દાખલા દલીલો આપી તેમાં કહેતો કે યહુદી લોકો મારો ત્યાગ કરનારા થશે ને તેની જગ્યામાં દેવ નવા કારભારીઓની નિમણુક કરનાર છે. તે પોતે બાપની પાસે જનાર છે ને મહા તેજસ્વી મહિમા સહિત પાછો આવનાર છે, એ વિષે તે ભાષણોમાં ઇસારો કરતો હતો, ને તેમ કહેવામાં તેની એવી ઇચ્છા હતી કે તેના બધા શિષ્યો એ વાતો પોતાના ધ્યાનમાં રાખે તો સારૂં."

આ સીત્તેર જણના હાથમાં પ્રભુએ જે કામ સોંપ્યું તે થોડું કે હલકું હતું એમ સમજવું નહિ. ઘણા ટીકાકારો તથા ગ્રંથકારોએ એ વાત લક્ષમાં લીધી ન હોય એમ દેખાય છે, તોપણ વાસ્તવિક રીતે જોતાં એવું દેખાય છે કે એ કામ બીજા કોઇના હાથમાં સોંપાય નહિ એવું મહત્વનું હતું. જેમ બાર પ્રેરિતોને અધિકાર સહિત મોકલ્યા હતા તેમ આ લોકો પણ અધિકારયુક્ત મોકલાયા હતા. તેથી તેઓને હાથે જે કાર્યો થયાં તે ઘણાં સંખ્યાબંધ ને વજનદાર હતાં (લુક ૯; ૫૧–૫૬: ૧૦; ૧–૨૪. માત્થી ૧૯; ૧, ૨).

અધ્યાય ૨ જો.

ઇસુના પ્રવાસકાળ સમયની કેટલીએક વાતો.

શીલોઆહનો બુરૂજ—હેરોદની બિહીક તથા ગાલીલ પ્રાંત છોડવાનો ઠરાવ.

આગળ આવી ગએલા ઉપોદ્ઘાતમાં બતાવ્યા પ્રમાણે હજી સુધી પ્રભુ ઇસુ ગાલીલ પ્રાંતમાંજ છે, હજી સુધી તેણે યરૂશાલેમનો રસ્તો લીધો નથી. કાપરનાહુમથી નીકળ્યા પછી અને યરૂશાલેમ પહોંચ્યા પહેલાં મધ્ય ભાગે તેણે કેવાં કામ કીધાં તેનું વિગતવાર ચોકખું વર્ણન થઈ શકે તેમ નથી, કારણ કે સુવાર્તાના

લખનારે તે સંબંધી સવિસ્તર લેખ આપ્યો નથી. તેઓએ જે કાંઈ ટૂંકી નોંધ આપી છે તેમાં કાળાનુક્રમની સંકલના સમજવી તે અઘરી વાત છે. તેની તુટક તુટક વાતોને આધારે ઘણા ટીકાકારો તેનું કાળાનુક્રમ બતાવે છે, પણ તે બધા એક મતના નથી, તેથી આ અધ્યાયમાં તેની કેટલીએક વાતો વિષે ઉપલક નોંધ લઈ વર્ણન આપેલું છે.

મારા વ્હાલા વાંચનારા જાણે છે કે હજી સદ્‌ગુરૂ પોતાના પસંદ કરેલા શહેરમાંજ રહીને બોધ સેવાનું કામ કરે છે તોપણ તેના મનમાં હવે નીકળવાના વિચારો નક્કીપણે કાયમ થયા હતા. તે દરમિયાન કોઇએક યરૂશાલેમથી આવેલો નવિન મુસાફર તેને મળ્યો; તેણે પ્રભુની કેટલીએક વાતો સાંભળ્યા પછી એક નવિન વાત જાહેર કીધી. જ્યારથી રૂમી ગવર્નર પીલાત યરૂશાલેમમાં આવ્યો ત્યારથી યહુદાહ પ્રાંતમાં ઘણા દંગા થયા હતા. તેમાંના એક દંગા વિષે આ પંથી વાત કરતો હતો. તેણે કહ્યું કે કેટલાએક સમય પર પીલાતે પર્વની વખતે કતલ ચલાવી મંદિરમાં આવેલા ગાલીલીઓનો વધ કરાવ્યો હતો, તેથી યજ્ઞપશુની પેઠે તેઓનું રક્ત વહેવડાવ્યું હતું, માટે એમ દેખાય છે કે બીજા ગાલીલીઓ કરતાં એ લોકો ખરાબ હશે નહિ તો તેમ થાત નહિ.

એ વાત સાંભળીને પ્રભુએ એક બીજી વાતની યાદી આપી તેમાં તે કહે છે કે જ્યારે સીલોઅમનો બુરૂજ તુટી પડયો ત્યારે અઢાર માણસો કચરાઈ મુઆં હતાં તેથી આપણે શું કહેવું? શું તેઓ યરૂશાલેમના બીજા રહેવાસીઓ કરતાં પાપી હતાં? ના, એમ કહેવાય નહિ. જ્યારે કોઈ માણસ પર અકસ્માત દુઃખ કે નાશ આવે છે ત્યારે બીજા માણસો તેઓનો ન્યાય તોળવા ખડા થાય છે, પણ એવો વિચાર કરતા નથી કે પ્રભુની કૃપા વડે અમે નાશથી બચ્યા માટે હવે સંભાળીને ચાલવું ને તેની મહેરબાની માનવી. જે કોઈ એમ કરે છે તે અંત સુધી બચાવ પામે છે, પ્રભુ આપણને બચવાનો જે વખત આપે છે તે બચવાને સારૂ પસ્તાવો કરી સંભાળવામાં વાપરીએ તો સારૂં, નહિ તો તેઓની પેઠે નાશ પામવાનો સમય આવે છે. એ વાતની ચેતવણી આપવા સારૂ પ્રભુએ એક અંજીરીનું દૃષ્ટાંત આપ્યું હતું (લુક ૧૩; ૧–૯).

એ પ્રમાણે વાતચિત થયા પછી કોઇએક બીજો ફરોશી આવ્યો. તેણે પ્રભુને કહ્યું કે, જો તમે પોતાની સલામતી ચાહો તો અહીંથી નીકળી પડો, કારણ કે, "હેરોદ રાજા તમને મારવા સારૂ શોધે છે." આ વાત ખરી કે જોડી કાઢેલી હતી તે વિષે બરોબર ખાતરી નથી, કારણ કે તે બાબત ચોકસ પ્રમાણ નથી, પણ એ નક્કી છે કે આ બાતમીદાર પ્રભુ ઈસુને ગભરાટમાં નાખવા માગતો હતો, તોપણ તેની ધારણા બર આવી નહિ; કારણ કે સદ્‌ગુરૂના મન પર સદાય શાંતિ હતી, માટે ગભરાટ કે ડામાડોળપણાનું જોર ચાલ્યું નહિ. તેણે ત્યાં રહી સ્થિર મને પોતાનું કામ કીધું ને હેરોદના ગુણ લક્ષણ પ્રમાણે લાક્ષણિક ઉપનામ આપી

એવું કહેણ મોકલ્યું કે, "તમે જાઓ ને એ લોંકડાને કહો કે, જુઓ, આજ તથા કાલ હું ભૂતોને કાઢું છું, તથા રોગ મોચન કરૂં છું, ને ત્રીજે દહાડે હું સંપૂર્ણ કરાઈશ. તોપણ આજ તથા કાલ તથા પરમ દહાડે મારે ચાલવું જોઇએ; કેમકે કોઇ ભવિષ્યવાદી યરૂશાલેમની બહાર નાશ પામે એવું થઇ શકતું નથી" (લુક ૧૩; ૩૨, ૩૩).

સદ્‌ગુરૂ ઈસુ મહા ધીરજવાન રણધીર તથા શૂરવીર તે હેરોદના ડરથી પોતાનું કર્તવ્ય છોડે તેમ નથી; તેણે પોતાના કામમાં મકમપણે ધીરજથી ઉદ્યોગ કર્યો હતો. તે હેરોદથી ડરતો નથી, મરણથી ડરતો નથી, કેમકે આ આખર સમયમાં તેણે મરણ તથા દુઃખની સામે કમર કસી યરૂશાલેમની મુસાફરી સ્વીકારી છે, તેથી તે બેધડક રીતે હેરોદને નિડરપણાથી જવાબ આપવાનું કહે છે. આ હેરોદ આન્તીપાસ ઘણો નીચ બુદ્ધિનો, હીચકારો તથા કંગાલ હતો. તે વખતના વર્તમાન લખનારા લેખકોએ તેના વિષે જે શાહેદી આપી તે એવીજ છે. તેમાંનો એક ઇતિહાસક લખે છે કે, "તેના જેવો નીચ બીજો કોઈ હશે નહિ." તેના હીચકારાપણા વિષે તથા તેનાં નીચ કામો વિષે વિચાર કરતાં પ્રભુએ તેને જે ઉપનામ આપ્યું તે યોગ્ય ને વાજબી હતું. લોંકડું બધા દુર્ગુણોને માટે પ્રખ્યાત છે તેમ આ માણસ તમામ દુર્ગુણો તથા ખોટી ટેવોના સંગ્રહસ્થાન જેવો હતો.

હવે જો કે હેરોદની બિહીકને લીધે પ્રભુએ એકદમ ગાલીલ પ્રાંત છોડ્યો નથી તોપણ તેના પ્રવાસકાળનો ઠરાવેલો સમય નજીક આવી પહોંચેલો હતો. આટલા દિવસો જે લોકોમાં તે રહેલો તથા ચોતરફ ફરી પ્રેમનાં તથા દયાનાં પરોપકારી કામો કરેલાં હતાં તેમ છતાં તેઓ છેવટમાં તેનો ત્યાગ કરનાર થયા. તોપણ એવા લોકોને છોડી જતાં તે સતોષ પામ્યો હોય એવું માનવાને સારૂ કાંઇ કારણ નથી. એ વિષે એક વિદ્વાન ગ્રંથકાર નીચે પ્રમાણે લેખ આપે છે. ગાલીલ સમુદ્રના એક કિનારાના લોકો તેની પાસે એવી વિનંતી કરે છે કે, તમે અમારી સીમમાંથી નિકળી જાઓ તો સારૂં (માત્થી ૮; ૩૪), ને બીજા કિનારાના લોકો, એટલે ત્યાંના શાસ્ત્રીઓ તથા ફરોશીઓ એકઠો કરી તેને કાઢવાનું દબાણ કરે છે (મા. ૯; ૩, ૧૧). વળી ખુદ નાઝારેથ ગામ કે જે તેની જન્મભૂમિ કહેવાય, પોતાની બાલ્યાવસ્થાનું તથા તરૂણાવસ્થાનું સ્થળ, જ્યાં તેણે પોતાની જીંદગીનો મોટો ભાગ ગુજાર્યો હતો, ત્યાંના લોકોએ તેના પર જુલમ ગુજારી દંડાબાજી કીધી હતી, માટે તે ફરી ત્યાં ગયો નહોતો. વળી ખોરાજીન, કાપરનાહુમ તથા બેથસાઇદા શહેર ને તેના તાબાના પ્રાંતોમાં પોતે પ્રેરિતો સહિત ઘણી વાર આવજા કરી, દયા તથા પરોપકાર બતાવ્યાં હતાં, તેઓએ ધોળેલી કબરો જેવા ફરોશીઓનો આચાર વહેવાર તથા લેવીઓનો કર્મકાંડ પસંદ કીધો, ને આ દેવપુત્રે તેઓને જે જીવન તથા પ્રકાશ આપવાનો

સદ્બોધ આપ્યો, તેનો ધિક્કાર કરી રાખ ફાકતા રહ્યા (યશા. ૪૪; ૨૦). જે દયા ને પરોપકાર ભરેલાં મહાભારત કૃત્યો તેઓએ જોયાં, તે જો સૂર તથા સીદોનના લોકોએ, કે નિનવેહ તથા બાબેલોનના લોકે જોયાં હોત તો તેઓ બચાવ પામત, એટલુંજ નહિ, પણ સદોમ તથા ગમોરાહના મહા વિષયાંધ લોકો તે કામો જોતાં પોતાનાં પાપોનો પસ્તાવો કર્યાં વિના રહેત નહિ. એ માટે એ શહેર પર પ્રભુ હાય હાયનો પોકાર કરી કહેવા લાગ્યો કે, "ઓ ખોરાજીન, તને હાય! હાય! ઓ બેથસાઈદા, તને હાય! હાય! અને ઓ, કાપરનાહુમ, તને પણ તેઓના કરતાં અધિક હાય હાય છે."

આ ભયંકર શ્રાપોચ્ચારણ પ્રમાણે તે શહેરોનું પરાવર્તન હાલ આપણી નજર સામે દેખાયા વિના રહેતું નથી; તેઓની પૂરાતન તથા અર્વાચિન સ્થિતિમાં આસમાન જમીનનો ફેર પડી ગયો છે. જે જગ્યાએ સદ્ગુરૂ આ દયા ભરેલા, ન્યાયયુક્ત શબ્દો સંભળાવતો હતો તે જગ્યા માણસોથી ભરપૂર ગીચ વસ્તીવાળી હતી. ત્યાં હાલ ભુંકતાં શિયાળ તથા લોંકડાં વસે છે. મોટી મોટી ઇમારતોને ઠેકાણે માટીના ઢગલા તથા પડતાં આખડતાં રહેલાં જુનાં ખંડિયેર છે. જ્યાં સુંદર વાડીઓ ને ખેતરો તથા મનોહર, રમણીક બાગ બગીચા હતા, ત્યાં પડતર, વેરાન તથા ભય ઉપજાવનાર જંગલો થયાં છે.

એમ થવાનું મૂળ કારણ વાંચનારના લક્ષમાં સહેજ સમજાય એવું છે, પણ તેનું નિમીત કારણ શું હશે, એ સવાલ રહે છે. તેનો જવાબ એવો છે, કે આ કથાકાળના સમય પછી આસરે ત્રીશ વર્ષે તેઓ પર રૂમી લોકોની ધાડ આવી. તેઓએ મારીકુટી, ને લૂટીલગડી, પાડી ટાળીને બધું ઉથલપાથલ કરી નાખ્યું ને એમ તેઓ ધૂળધાણી થયાં છે.

યોસેફસ નામનો ઇતિહાસક તેનું વર્ણન લખી ગયો છે; તે જોતાં વાંચનારનાં અંતઃકરણો વિંધાઈ જાય એવો ખૂનરેજી ભરેલો નાશકારક ચિતાર આપે છે. માટે એમ કહેવાય કે જુલમ વાવે તો જુલમ લણે, એ ખરેખરૂં ન્યાયીપણાનું કુદરતી પ્રમાણ દેખાય છે.

એ રીતિએ ઘણીજ દુઃખિત ને મનભંગિત સ્થિતીએ પ્રભુએ તે દેશ છોડવાનો ઠરાવ કીધો હતો, તેથી આપણને એમ લાગે કે તે ઘણો દુઃખી હશે, પણ પ્રભુના મનમાં તે દુઃખ વાસો કરી શકયું નહોતું. કેમકે કેટલાએક દિવસોથી તેણે દૃશ્ય ને ચંચળ વાનાંઓ પરથી પોતાનું મન ઉઠાવી લીધું હતું, ને અદૃશ્ય તથા સ્થિર ને અવિચળ વાનાં તરફ વાળેલું હતું. જ્યારે તેના મોકલેલા સિત્તેર શિષ્યો પાછા આવ્યા, ત્યારે તેઓએ પોતાની કાર્યસિદ્ધી વિષે જાહેર કીધું. એ વર્તમાન સાંભળીને પ્રભુ ઘણો ઉલ્લાસ પામ્યો. તેના વિષે લખે છે કે, "તે આત્મામાં હર્ખાયો," તે વખતે દેવની દયાથી તેનું મન ભરાઈ ગયું હતું, કેમકે

ઘણાં જ્ઞાની તથા તર્કવાનોથી ગુપ્ત રખાએલી વાતો દેવે પોતાનાં બાળકોને પ્રગટ કીધી હતી, માટે તેણે પોતાના શિષ્યોને કહ્યું કે, "મારા બાપે મને સઘળું સોંપ્યું છે; ને દીકરો કોણ છે, એ બાપ વિના બીજો કોઈ જાણતું નથી; ને બાપ કોણ છે, એ દીકરા વિના તથા જેને દીકરો પ્રગટ કરવા ચાહે તે વિના બીજો કોઈ જાણતો નથી......જે તમે જુઓ છો, તે જે આંખો જુએ તેઓને ધન્ય છે. કેમકે હું તમને કહું છું કે, જે તમે જુઓ છો, તે ઘણા ભવિષ્યવાદીઓ તથા રાજાઓ જોવા ચાહતા હતા, પણ તેઓએ જોયું નહિ" (લુક ૧૦; ૧૭–૨૪) એવું કહીને ઉપર બતાવેલા ભયંકર શ્રાપોચ્ચારણ કરતી વેળા, તે પોતાના મહાન પિતાની પ્રીતિ યાદ કરતો હતો. તે વખત પ્રભુએ દયા ભરેલા હૃદયે તથા કરૂણાળુ સ્વરે માણસજાતના કષ્ટિતોને આમંત્રણ આપી કહ્યું કે, "ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝુસરી પોતાં પર લો, ને મારી પાસે શિખો, કેમકે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે પોતાના જીવમાં વિસામો પામશો. કેમકે મારી ઝુસરી સહેલ ને મારો બોજો હલકો છે" (માત્થી ૧૧; ૨૮–૩૦).

અધ્યાય ૩ જો.

ઇસુ ગુરૂના પ્રવાસની કેટલીએક વાતો.
સમરૂની લોકોની અસભ્યતા તથા દશ કોઢીઆની વાત.

હવે પ્રભુ ઇસુ યરૂશાલેમ તરફ જાય છે તે વખતે, રસ્તે સમરૂની લોકોના એક ગામમાં આવ્યો. પહેલાં એક વાર તે આ ગામમાં આવ્યો હતો, તે વારે ત્યાંના લોકોએ ઘણો ભાવ બતાવી, તેનો આદરસત્કાર કીધો હતો, ને તેને મસીહ તરીકે કબૂલ કરી માનપાન આપ્યું હતું, પણ હાલ તેમ નથી, કારણ કે, તેઓ પણ યહુદીઓના જેવી ભૂલમાં પડ્યા હતા. પ્રથમ તેઓ જાણતા હતા કે, આ અમારો મસીહ અમારૂં તારણ કરી અમને પોતાના રાજ્યમાં લેશે, ને આ અમારા ગરીઝીમ પહાડ ઉપર અમારૂં મંદિર સ્થાપન કરશે. પ્રભુએ તેમાંનું કાંઇ કર્યું નથી, ને પોતે યરૂશાલેમ જાય છે, માટે તે લોકોને મન તે સાધારણ યહુદી જેવો દેખાયો હશે, તેથી તેની ખાતર બરદાસ્ત કરી નથી એટલુંજ નહિ, પણ તેને ઉતરવાની જગ્યા પણ આપી નથી.

તે લોકોનો અવિવેક જોવાથી પ્રભુના બે શિષ્યોને ઘણો ક્રોધ ચઢ્યો. તેઓએ સદ્ગુરૂને કહ્યું કે, "હે પ્રભુ, જો તારી ઇચ્છા હોય તો જેમ એલીયાહે આકાશથી આગ વરસાવી દુષ્ટ લોકોનો નાશ કીધો, એમ અમે આ લોકોને સારૂ કરીએ." તે સાંભળીને સદ્ગુરૂએ કહ્યું કે, "તમારે કેવા સ્વભાવના થવું જોઇએ એ હજી તમે જાણતા નથી; કેમકે માણસનો પુત્ર માણસોનો નાશ કરવા સારૂ

આવ્યો નથી, પણ તેઓનું તારણ કરવા સારૂ આવ્યો છે." પછી તેઓ તે ગામ છોડીને બીજે ગામ ગયા. આ બે શિષ્યોને પ્રભુએ જે ધમકી દીધી તે ઘણી ઉપયોગી હતી. જે સદ્‌ગુરૂની વાત સાંભળે નહિ તથા માને નહિ, તેની સતાવણી કરવી કે તેને શિક્ષા આપવી, એવો હુકમ તેણે આપ્યો નથી, પણ તેથી ઉલટું તેવાઓનું સહન કરી તેઓને સારો નમુનો આપવો, એવી તેની મરજી છે. ખરો ખ્રીસ્તી ધર્મ માનવ કલ્પિત ધર્મથી કેટલો નિરાળો છે, તેનું આ વાત પરથી સારૂં પ્રમાણ મળે છે.

આ પ્રમાણે પ્રભુનો અનાદર કરનાર ગામનું નામ જિનોઆ કે જેનીન હતું. એક પુરાતન ગ્રંથકાર લખે છે કે, "કાપરનાહુમથી યરૂશાલેમ જતાં ગાલીલ તથા સમારિયાની સરહદ પર એ નામનું ગામ હતું, ત્યાંથી યરદન ઓળંગીને પ્રભુ ઇસુ પેરિયા પ્રાંતમાં આવ્યો હતો. ત્યાં તેણે એક દુ:ખિત પોકાર સાંભળ્યો હતો, તે દુરથી આવતો હોય એમ લાગ્યું, તેથી તે ત્યાં થોડી વાર ઉભો રહ્યો. એવામાં તેની સામે કોઢિયા લોકોની એક ટોળી આવતી દીઠી. તેઓ દૂર ઉભા રહી દયામણા સ્વરે વિનંતી કરવા લાગ્યા કે, "ઓ ઇસુ સ્વામી, અમારા પર દયા કરો." આ દયાજનક શબ્દો તેમના મુખથી નીકળતા હતા, એટલામાં તેઓ દયાના શબ્દો પામ્યા હતા, કેમકે પ્રભુએ તેઓને કહ્યું કે, "તમે જાઓ, ને યાજકને (તમારી દેહ) દેખાડો."

હવે તેઓને એકદમ આરોગ્યતાનું દાન મળ્યું હતું, વિલંબ એટલોજ કે તેઓ યાજક પાસે જાય, ને ખાતરી આપે. પ્રભુએ તેઓનો રોગ મોચન કીધો હતો, તે સંબંધી સુવાર્તિક લુક એવું લખે છે કે, "તેઓ જતા હતા, એટલામાં શુદ્ધ કરાયા હતા" (લુક ૧૭; ૪). સદ્‌ગુરૂના પાંચ શબ્દો તે એ લોકોના પંચ પ્રાણરૂપ હતા, તેથી તેમના પંચ મહાભૂત દેહનો પુનરોદ્ધાર થયો હતો. હા, તેઓના નવિન જીવનના કારણરૂપ એ પાંચ શબ્દો સાધનરૂપ હતા.

જ્યારે આપણા દેશમાં કોઇ માણસ જ્ઞાતિના નિયમને ઉલ્લંઘી અસ્પર્શા-સ્પર્શ કરે અથવા અભક્ષાભક્ષ કરે, ત્યારે નાતથી બહિષ્કાર કરી તેને જાતિભ્રષ્ટ ઠરાવે છે, ને એવા પતિતોને પાવન કરવા સારૂ જે ક્રિયાઓ ઠરાવેલી છે, તેમાં એક પંચામૃત પાન કરાવે છે, તેથી તેની દેહશુદ્ધિ થાય છે, તેમ આ દૂર્ભાગી, અમંગળ પ્રાણીઓ કોઢના રોગથી જાતી બહાર કરાયા હતા એટલુંજ નહિ, પણ એ દુષ્ટ રોગના કારણથી તેઓ છાવણી બહાર હાંકી કઢાયા હતા.

મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે કોઢી લોકોને વાસ્તે ઘણા સખત નિયમો હતા. તે એવા કે, કોઢિયા માણસે પોતાનાં સગાંવહાલાંથી દૂર રહેવું, પોતાની નાતજમાતથી દૂર રહેવું. એટલુંજ નહિ, પણ ગામથી કે છાવણીથી કેટલાએક અંતરે દૂર જંગલમાં રહેવું. તેઓએ કોઇનો સ્પર્શ કરવો નહિ, પણ જો કોઇ

પાસે આવતું હોય તો, "અશુદ્ધ, અશુદ્ધ, અશુદ્ધ છીએ" એવો પોકાર કરી તેને ચેતવણી આપવી, માટે તેઓ જાતિભ્રષ્ટ કરતાં વધારે ભ્રષ્ટ ગણાતા હતા.

હવે જો પંચામૃતથી જાતિભ્રષ્ટનું શુદ્ધિકરણ થાય તો આ "પંચામૃત" શબ્દધ્વની કોઢિયાને શુદ્ધ કરનાર કહીએ, તેમાં અતિશયોક્તિ નથી. કારણ કે એ પંચામૃતે કરી તે મલિન ને કંગાલ પ્રાણીઓ, શરીર સંપતિ પામી પુનર્જીવનનો અનુભવ કરતા ચાલી નીકળ્યા હતા. તેઓનું દુઃખિત અને દુર્બળ રક્ત તે શુદ્ધ ને તેજસ્વી થઇ ગયું. તેઓનું અપ્રતિષ્ઠિતપણું તથા જાતિભ્રષ્ટપણું દૂર ગયું. વિશેષ શું કહીએ? તેઓ માણસોમાંથી હાંકી કાઢેલા હતા, તેઓ તેમાં મળી ગયા. તેઓના છીનાવી લીધેલા હકો તેમને પાછા મળ્યા. આવું મૂલ્યવાન કૃપાદાન પામે તેમની કૃતઘ્નતા સંબંધી શું કહેવાય?

આપણી પ્રેરકબુદ્ધિ પ્રમાણે એટલું કહી શકાય, કે તેઓ પોતાના ઉપકાર-કર્તાની પાસે પાછા આવે, ને તેનાં ચર્ણાવિંદમાં નમન કરી એવું કહે કે, "હે સ્વામી, અમે અમારા ચામડાની સગથળીઓ બનાવી તમારા પગતળે નાખીએ, તોપણ અમે તારા ઉપકારનો યોગ્ય બદલો વાળી શકીએ એમ નથી." જો એટલું નમ્રતાભરેલું વચન બોલી ઉપકાર માને, તો તે યોગ્ય ને લાયક છે.

માનવકલ્પિત કાદંબરીના ગ્રંથકારને કદાપી એવું લખવાનું ગમે નહિ, પણ સત્યશાસ્ત્રનો ઈતિહાસ લખનાર સત્ય લખવાને બંધાએલો છે. તે લખે છે કે એ દશ કોઢિયા પૈકી માત્ર એકજ દેહ તથા આત્માના કોઢથી મુક્ત થયો, બાકીના નવ દેહથી નિરોગી થયા પણ તેઓનો આત્મિક કોઢ ગયો નહિ, કારણ કે તેઓના અંતઃકરણોમાં કૃતજ્ઞતાનાં ઝરણુ વહેતાં થયાં નહિ. પણ તેઓમાંના એક જણે પાછા ફરી, મોટે ઘાંટે દેવની સ્તુતિ કરી પ્રભુનો ઉપકાર માન્યો, તેણે તેના ચરણમાં નમીને તેની સ્તુતિ કીધી.

આ પરદેશી માણસે જે કૃતજ્ઞતા બતાવી તે વ્યર્થ ગઇ નહિ. જેમ પ્રભુએ તેના નાશવંત શરીર પર દયા કીધી, તેમ તેના અવિનાશી આત્મા પર વિશેષ દયા કરી. તે પૂરી લીનતાથી આભાર માની પ્રભુના ચર્ણાવિંદમાં પડેલો હતો, તેને પ્રભુએ કહ્યું કે, "ઉઠ, ઉભો થા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે."

અધ્યાય ૪ થો.

ફારગતી વિષે. બાળકોને આશીર્વાદ, જુવાન અધિકારી, ફરોશીનું નોતરૂં. ઇસુએ એક જલંદરી માણસને સાજો કીધો ને નોતરેલાને બોધ દીધો.

ઉપર આવી ગએલી વાતોથી આપણે જાણીએ છીએ કે આપણા પ્રવાસી મિત્રો હાલ ગાલીલ છોડી પેરિયામાં પ્રવાસ કરે છે. યર્દનના પૂર્વ કિનારે હોર

પર્વતની તળેટીથી મૃત સમુદ્રના દક્ષિણ કાંઠા સુધી આ પ્રાંત વિસ્તાર પામેલો છે; તેમાં ઠેર ઠેર ખળખળતાં નાળાં તથા પાણીની નદીઓ વહેતી રહે છે, તેથી જમીન રસાળ, પાકવાળી તથા ફળદ્રુપ છે. ત્યાંની નિર્મળ અને સ્વચ્છ હવા માણસની તંદુરસ્તી તથા આરોગ્યતાને ઘણી અનુકુળ આવે એવી છે; તેની વસ્તી ઘણી ભિન્ન ભિન્ન જાતની હતી, તેમાં કેટલાએક યહુદીઓ ને બીજા વિદેશીઓ હતા. યરૂશાલેમના યહુદીઓની પેઠે આ લોકો દાંભિક કે ક્રિયાચુસ્ત નહોતા; તેથી સદ્‌ગુરૂ આવા સ્થળમાં થોડી મુદતનો વિસામો પામવાની આશા રાખતો હશે.

વાંચનાર મિત્રો જાણતા હશે કે 'નવરાને કામ નહિ ને ઉદ્યોગીને આરામ નહિ.' પ્રભુ ઇસુ જેવા ઉદ્યોગીને જ્યાં જાય ત્યાં કામ છે, તેના ઉદ્યોગીપણાની એ મોટી ખૂબી છે કે હમેશાં તે કામમાં રોકાએલો રહ્યો, ત્યારે અહીં તે નવરો રહે તેમ નહોતું. આ પ્રદેશમાં દંપતી વહેવાર સંબંધી ઘણા કાળથી બે મત ચાલતા હતા. તેમાં એક મત એવો હતો કે, વ્યભિચારના ભયંકર કારણ વિના લગ્ન બંધનની પવિત્ર ગાંઠ છોડવી નહિ. શામ્માઇના સંપ્રદાયવાળા બધા તે પ્રમાણે ચાલી પુન. ૨૨; ૧૯ પર આધાર રાખી તેમ કરવામાં પાપ માનતા હતા. જે શામ્માઈ રાબીએ આ મતને ટેકો આપી સ્થાપન કીધો, તે સારો, ધાર્મિક, વિદ્વાન ને પ્રમાણિક હતો. તેણે પોતાની પાઠશાળા સ્થાપી રાબી લોકોને શિક્ષણ આપવાનું કર્યું હતું. પછી તેના નામથી તે પાઠશાળાને શામ્માઇની પાઠશાળા કહેતા હતા; તેમાં શિક્ષણ પામેલા બધા રાબીઓ ઉપર બતાવેલા મતનો અભિપ્રાય ફેલાવતા હતા.

એનાથી વિરૂદ્ધ જે બીજો મત તે તો હિલ્લેલનો હતો. એ હિલ્લેલ પણ રાબી થઈ ગએલો હતો. તેણે પોતાના નામમાં પાઠશાળા ખોલી શિક્ષણ આપવાનું કામ ચલાવ્યું હતું, તેમાં શિખનારા રાબીઓનો મત ઉપર બતાવેલા મતથી જુદો હતો. તેઓ કહેતા કે, હરેક કારણને લીધે પુરૂષ પોતાની સ્ત્રીને ફારગતી આપવા મુખતિયાર છે, તેથી તેમાં તેને કાંઈ દોષ નથી. તેઓ પુન. ૨૪; ૧ ને આધારે તેમ માનતા હતા. એવાં કારણોને લીધે આ પ્રાંતમાં કોઈ નવિન રાબી આવે તેની પાસે આ સવાલ મુકવામાં આવતો હતો; તેજ પ્રમાણે સદ્‌ગુરૂની પાસે પણ એ સવાલ આવ્યો હશે. આ સવાલ પુછનારા બધા શુદ્ધ હેતુ ધરાવતા હતા એમ આપણે કહી શકતા નથી, કારણ કે કદાચ તે સદ્‌ગુરૂનું પરીક્ષણ કરવા માગતા હોય તો તે સંભવિત છે (માત્થી ૧૯; ૩–૧૨).

આ સવાલના જવાબમાં પ્રભુએ સૃષ્ટિના આરંભથી ચાલતા આવેલા નિયમનો ખુલાસો આપ્યો, ને વિશેષમાં કહ્યું કે. એજ નિયમ પ્રમાણે સ્ત્રી તથા પુરૂષ નિકટ બંધનથી બંધાએલાં છે, તે બંધન એવું જોરાવર છે કે ત્યાર પછી

તેઓમાં દ્વૈતભાવ રહેતો નથી, પણ તે એક દેહ થઈ અદ્વૈતભાવે મળી જાય છે. માટે એવું મજબૂત બંધન ને સજ્જડ જોડાણ તોડવાથી લગ્નનું પવિત્ર બંધારણ ખળભળી જાય, એ ઠીક નથી. તેથી ખરી ને વ્યાજબી રીતે જોતાં વ્યભિચારના ભયંકર અપરાધ વિના સ્ત્રીને ફારગતી અપાય તેમ નથી, પણ જો તેણીએ સાતમી આજ્ઞાનું ઉલ્લંઘન કરી પાપ કીધું હોય, તો તેણી લગ્નનો પવિત્ર નિયમ વટાળી ભ્રષ્ટ થએલી છે.

એ પ્રમાણે વાત કર્યાં પછી પ્રભુએ એક ઉપયોગી બોધ આપ્યો. તેમાં તેણે એવું કહ્યું કે, "આ સંસારમાં પ્રભુએ કેટલાએકને એવી સ્થિતિમાં મુકયા છે કે તેઓ સ્ત્રી તથા કુટુંબ પરિવાર સાથે રહી તેની સેવા કરી શકે, ને બીજા કેટલાએક એવી સ્થિતિમાં મુકાયા છે કે તેઓ એકલા રહી તેની સેવા કરે, પણ લગ્ન કર્યાં વિના એકલા રહેવામાં વધારે ઉત્તમતા છે કે તેથી પુણ્ય મળે છે, એવું કાંઈ નથી. લગ્ન કરનાર હોય કે કુંવારો હોય, તેમાં ફેર નથી. જે પરમાર્થિક જીવન ગાળે તે પ્રભુને માન્ય છે, પણ સ્વાર્થિ જીવન ગાળનાર માન્ય ગણાશે નહિ." એવો જવાબ સાંભળી તેના વિરોદ્ધીઓ શરમિંદા થઇ લજ્જામાં પડ્યા ને ચાલ્યા ગયા.

ત્યાર બાદ કેટલાએક વખત પછી એક બીજી વાત બની. તે એવી હતી કે, કેટલીએક માઓ પોતાનાં નાનાં બાળકોને પ્રભુ પાસે લાવતી હતી. કારણ કે જો કોઇ માણસને બાળક જીવતાં ન હોય, તો તે પોતાનાં બાળકોને સત્ પુરૂપ કે મહાત્મા જેવા ઇશ્વરભક્તના ચરણમાં મુકે છે કે તેઓની આશિશથી બાળકની આરોગ્યતા તથા આયુષ્ય વધે; માટે એવાં દુઃખી માબાપ પોતાનાં બાળકોને સદ્ગુરૂ પાસે લાવ્યાં. પણ પ્રભુના શિષ્યોને તે વાત ગમી નહિ, કારણ કે તે બચ્ચાંઓની ગડબડથી સદ્ગુરૂને અકળામણ થાય અથવા તેઓના મહત્વનું જરૂરિયાતનું કામ રોકાય તે સારૂં નહિ, એવું જાણીને શિષ્યોએ તેઓને ધમકી આપી અટકાવ્યાં, પણ તે કામ સદ્ગુરૂને ગમ્યું નહિ. તેથી તેણે તેઓને ધમકાવ્યા ને કહ્યું કે, "બાળકોને મારી પાસે આવવા દો ને તેઓને વારો મા, કાંજે આકાશનું રાજ્ય એવાંઓનુંજ છે" (માત્થી ૧૯; ૧૩–૧૫).

હવે બીજે દિવસે બેથાનિયા જવા સારૂ પ્રભુ ત્યાંથી નીકળ્યો તે વખતે રસ્તામાં એક બનાવ બન્યો, તે ઘણો ચિત્તવેધક છે. કોઈએક ફરોશી જુવાન તેની પછવાડે બૂમ પાડતો દોડયો આવતો હતો. એ માલદાર જુવાને સાંભળ્યું હતું કે આજે સદ્ગુરૂ જવાના છે તો તેઓ પાછા કયારે મળે, તેથી તેની પાછળ દોડતો આવ્યો. તેના મનમાં અનંતજીવનનો વારસો પામવાની ભાવના હતી ને તે બાબતનો ખુલાસો પૂછવાનું મન હતું, માટે જ્યારે તે પ્રભુની પાસે આવ્યો, ત્યારે દંડવત પ્રણામ કરી ઘુંટણીએ પડયો, ને નમન કરી વિનયપુર્વક પુછ્યું કે, "ગુરૂદેવ, અનંતજીવનનો વારસો પામવા સારૂ હું શું કરૂં?"

આ માણસ ઘણી સંભાળ રાખી ચોકસાઇથી નિયમશાસ્ત્ર પાળતો હતો, પરંતુ તેના મનની અભિલાષા હજી કાંઈ વધારે કાર્ય કરવા દોરતી હતી. તેના મનમાં એવો વિચાર હતો કે આ ઉપરાંત કાંઇક વધારે કઠણ વ્રત કે કૃત્ય હોય તો તે આચરવાથી વધારે પુણ્ય મળશે, એવા ભાવથી તે આવ્યો ને ઉપર પ્રમાણે વિનંતી કરી. પ્રભુએ તેને દશ આજ્ઞાઓ પાળવાનો હુકમ આપ્યો. તેનું વર્ણન કરતાં એક ગ્રંથકાર લખે છે કે, "પ્રભુ ઇસુ માણસની પરીક્ષા કરીને તેને માર્ગ બતાવે છે. જેટલા સ્વપુણ્યના અભિમાની છે તેઓને તે નિયમશાસ્ત્ર પાસે મોકલે છે, પણ જેઓ સ્વપુણ્યનો નકાર કરી સતકર્મો આચારતા દયા તથા કૃપાનું અવલંબન કરનારા છે, તેટલાને તે સુવાર્તા પાસે મોકલે છે."

જ્યારે પ્રભુએ તેને આજ્ઞાઓ પાળવાનું કહ્યું, ત્યારે તેણે કહ્યું છે કે, "મારા નાનપણથી તે સઘળી હું પાળતો આવ્યો છું." તે સંબંધી તેનો જવાબ ખરો હતો, કેમકે કેટલીએક ઉપર ઉપરની વાતોમાં તેણે આજ્ઞાપાલન કીધું હશે, પરંતુ સદ્‌ગુરૂના કહેવા પ્રમાણે તે આજ્ઞાપાલન કરનાર હતો, એમ દેખાતું નથી. કારણ કે હજી સુધી તે આજ્ઞાપાલનના ખરા રહસ્ય વિષે અજાણ હતો. તેનો સત્ય ને ખરો અર્થ તેની જાણમાં નહોતો, નહિ તો તે એમ બોલી શકત નહિ, કેમકે આવો ઉત્તમ ભાવાર્થ રાખનાર પોતા વિષે જૂઠી સાક્ષી આપે નહિ; તેથી પ્રભુને તેના પર ઘણી પ્રીતિ તથા દયા આવી. તે પોતે મોટું સુકૃત્ય કરવાની ચાહના રાખતો હતો, માટે પ્રભુએ તેને મોટો હુકમ કીધો કે, "જા, તારૂં જે હોય તે દરિદ્રીઓને આપી દે, ને મારી પાછળ આવ."

આ જુવાન જેમ પ્રશ્ન પુછતી વેળાએ આનંદમાં હતો, તેમ ઉત્તર સાંભળી દલગીર થયો, કારણ કે "તે ધનવાન હતો." અદૃશ્ય સંપત્તિ તેને ઘણી વહાલી હતી, અલ્પકાળિક ને ચંચળ પદાર્થો આપી તેના બદલામાં અક્ષય અને સદા ટકી રહે તેવા પદાર્થો તેને હલકા લાગ્યા હશે. સંસારી વૈભવ કરતાં સ્વર્ગી વૈભવ કેવો ઉત્તમ છે તેની તુલના કરવામાં ભૂલ ખાતો હતો, માટે તે નિરાશ થઈ ચાલ્યો ગયો.

આ જગ્યાએ પ્રભુનો બોધ સર્વને ત્યાગવૃતિ તરફ દોરતો હોય એવું કેટલાએકને લાગે તેમ છે, પણ વાસ્તવિક રીતે જોતાં તેમ નથી. પ્રભુના બોધનું તાત્પર્ય એવું છે કે, જો કોઈ માણસ પોતાને પસંદ પડતી આજ્ઞાઓ માને તો તે ખરૂં આજ્ઞાપાલન નથી, પણ ખરા અને પૂરા અંતઃકરણથી ઇશ્વરેચ્છાને આધીન થઇ ચાલવું ને તેમાં ખુશી રહેવું, એજ ખરૂં આજ્ઞાપાલન છે.

વળી યાદ રાખવું કે અવિવાહિત રહી બ્રહ્મચર્ય પાળવાથી પ્રભુ વિશેષ રાજી થતો નથી, તેમજ દરિદ્રતાનું વ્રત ધારણ કરી પૈસાનો પરિત્યાગ કરનાર તેને વધારે સંતુષ્ટ કરી શકે એમ પણ નથી; તેથી ઉલટું ગમે તે સ્થિતિમાં શુદ્ધ ભાવે તેનું ભજન કરીએ તો તે પ્રસન્ન થશે. તેના સંબંધમાં સદ્‌ગુરૂનો એવો

બોધ છે કે, દરેક માણસ પ્રભુની મરજી પ્રમાણે જે સ્થિતિમાં રખાયો હોય, તે સ્થિતિમાં સદાચારના નિયમ પ્રમાણે નીતિને ધોરણે ચાલી ઇશ્વરસેવા કરે. માટે તેણે કેટલાએકને ગૃહસ્થાશ્રમની સ્થિતિમાં રાખ્યા છે, તે કુટુંબ સાથે રહી પ્રભુ સેવા કરી શકે છે ને બીજા કેટલાએક (કુંવારા) બ્રહ્મચર્ય અવસ્થામાં રખાએલા છે, તેઓ ત્યાગવૃતિમાં તેની ભક્તિ કરનારા છે, પણ આ ઉભય ભક્તસમાજ તેની દૃષ્ટિમાં સરખા છે.

જાણી જોઇને નિર્ધન અવસ્થામાં રહેવું કે ભિક્ષાપાત્રનું અવલંબન કરવું, એવી પ્રભુની ઇચ્છા નથી. તેમજ બધા સારા ને સ્વાદિષ્ટ ખોરાકનો ત્યાગ કરી ભૂખે મરવું ને વિના કારણે દેહદડણ સહેવું, એવું તેનું ફરમાન નથી; વળી જનસમાજનો ત્યાગ કરી સન્યાસી કે મઠવાસી થવાનું તે કહેતો નથી. અહોનિશ પ્રાર્થનાજ કરવી કે બધો વખત શાસ્ત્રપાઠજ ભણવા એવી તેની આજ્ઞા નથી, પણ તેની આજ્ઞા એવી છે કે, ઉત્તમમાં ઉત્તમ ભાવ રાખી મારી સેવામાં લાગુ રહેવું.

ઉપરની બીનાઓ પછી સુવાર્તામાં એક બીજી વાત આવે છે. તે એવી છે કે, કોઇએક શ્રીમંત ફરોશીએ પ્રભુને પોતાને ત્યાં આમંત્રણ કરી જમવા બોલાવ્યો હતો. તેના મનમાં સદ્ગુરૂ પર પ્રેમભાવ હતો એ કાંઈ દેખાતું નથી, પણ તેનો કાંઈ દોષ મળે તો તેની ટીકા કરવાનું ફાવે, એવા કપટભાવથી તેણે આ ફાંદો રચ્યો હતો. પ્રભુ ઇસુ તેને ત્યાં ગયો ને ત્યાં પણ પોતાનું કામ ચલાવ્યું હતું. આ વખતે સાબ્બાથવાર હતો, તેથી તેણે એક માંદા માણસને સાજો કરી વિશ્રામ આપ્યો.

આ સભામાં એક જલંદરના રોગવાળો માણસ હતો જે ઘણા વખતથી પીડાતો હતો, તેના તરફ પ્રભુએ દયા દૃષ્ટિ કીધી. તેને સભાની વચ્ચે ઉભો રાખ્યો ને સભાસદોને પ્રશ્ન પૂછ્યો કે, "આજે સાબ્બાથવાર છે તેમાં સારૂં કરવું કે માઠું કરવું, તે વિષે તમારો શું અભિપ્રાય છે?" એનો ઉત્તર આપવાને કોઈ બોલ્યું નહિ. "તેઓ બધા છાના રહ્યા." કદાપિ તેઓનાં મનમાં ડર લાગ્યો હશે. કદાચ તેઓને એવો ભાસ થયો હશે કે, આ પ્રમાણે સવાલ પુછી અમારા જવાબનું ખંડન કરવાનો વિચાર હશે. ઠીક, તેઓ ગમે તે કારણથી છાના રહ્યા અને કંઈ બોલ્યા નહિ.

હવે પ્રભુએ એ માંદાને પોતાના પરાક્રમે સાજાપણું આપ્યું પછી વિશ્રામવારે ઘટતાં કાર્ય કરવાનું ઉત્તેજન આપી વ્યવહારિક દાખલાથી સિદ્ધ કર્યું કે, વિશ્રામવારે માંદાઓની સંભાળ રાખવી. પ્રભુએ કહ્યું કે, "જો વિશ્રામવારે તમારો બળદ કે ગધેડું ખાડામાં પડે તો તમે તેને કાઢશો કે નહિ? ત્યારે માણસ તે કરતાં કેટલું વધારે ઉત્તમ છે, તેથી તેને દુઃખના ખાડામાંથી કાઢવું."

ત્યાર બાદ આ મિજબાનીમાં નોતરેલાઓને તેણે બોધ આપ્યો. તે સમયાનુસાર ઘણો અગત્યનો હતો, કેમકે ત્યાં આવનાર પરોણાઓ જેમ જેમ આવ્યા તેમ તેમ સ્વતંત્રપણે પોતાને ગમતાં મુખ્ય આસનો પસંદ કરીને બેઠાં હતા, તેથી પ્રભુએ તેઓને એવી સલાહ આપી કે, "જ્યારે તમને કોઈ નોતરૂં આપી પોતાને ત્યાં બોલાવે, ત્યારે તમારે મુખ્ય આસન પર બેસવું નહિ, કારણ કે તે ઘરધણીએ બીજા માનવંત પરોણાને બોલાવેલો હોય, તો તમને તમારી પસંદ કરેલી જગ્યા પરથી ઉઠાડવા પડે તેથી તેને તથા તમને દુઃખ લાગશે, માટે જરૂર છે કે તમારે નીચે બેસવું. પછી ઘરધણીની મરજી હોય તો તે તમને ઉપરને આસને બેસાડશે, ત્યારે તેને તથા તમને આનંદ થશે." માટે મારો બોધ એવો છે કે, "જે કોઈ પોતાને ઉંચો કરે છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉંચો કરાશે" (લુક ૧૪; ૧૧).

એ પ્રમાણે પરોણાઓને લાભ આપ્યા પછી ઘરધણીને ઉપદેશ આપ્યો. ગુરૂદેવે તેને કહ્યું કે, "જ્યારે તમે પ્રભુને નામે મિજબાની કરો ત્યારે તમે છેક ગરીબ તથા દરિદ્રીઓને બોલાવો તો સારૂં, કેમકે ન્યાયીકરણમાં તેનો ઉત્તમ બદલો મળે છે. તમારા મિત્રોના જમણવાર કરતાં તે જમણવાર ઉત્તમ છે, મિત્રોને તમે જમાડો છો ને તેઓ તમને જમાડશે, એટલે તેનો બદલો વળી જાય છે."

આજની સભામાં પ્રભુએ જે કામ કીધું તે તાત્કાળિક સફળતા પામ્યું હોય, તેમ દેખાતું નથી, તોપણ તે નિષ્ફળ ગયું નથી; કારણ કેસ દ્ગુરૂનાં તે કાર્યોથી સારી અસર થઈ હતી. તે દિવસે એના વિરોધીઓ નારાજ થયા હશે એમાં શક નથી, પણ બીજા ઘણા તેના શિષ્ય થયા, ને તેનાં વચનો ગ્રહણ કરી અનુકરણ કરવા લાગ્યા હતા. પ્રભુના શત્રુઓ તેનું સાંભળીને દાંત પીસવા લાગ્યા, તેનાં તે કૃત્યો તથા વચનોથી તેઓ બળી ઉઠયા, પણ તેથી ગુણ પામેલાઓનાં અંતઃકરણો શાંતિથી ભરપુર થયાં હતાં.

તેઓમાંનો એક જણ આગળ આવી કહેવા લાગ્યો કે, જેઓ દેવના રાજ્યમાં રોટલી ખાય છે તેને ધન્ય છે, એ શબ્દો પરથી ગુરૂદેવે અતિ ઉત્તમ બોધ આપ્યો. મસીહના જમાનામાં દેવના લોકોને સારૂ ઘણા ઘણા પ્રકારનાં સુખ વર્ણવેલાં છે, તેમાં એક આ ઉત્તમ ખાણા વિષેનું છે. તે બાબત દેવની મિજબાનીનો દાખલો આપી અસરકારક રીતે લાગુકરણ કીધું હતું. તેણે કહ્યું કે, "સર્વ સમર્થ દેવ એક મોટું જમણ આપી બધા યહુદીઓને બોલાવે છે, પણ તેઓ તેનું આમંત્રણ સ્વીકારતા નથી, માટે તેઓ તે લાભથી વેગળા રહે છે. દેવ ઘણાંઓને તેડે છે, પણ તેમાંના થોડાનેજ પસંદ કરશે ને બાકીના પડતા મુકાશે."

આ બાકી રહેલાને દેવે તેડ્યા હતા પણ તેઓનાં મન પ્રપંચી ને કઠણ છે, માટે તેઓ યોગ્ય રીતે દેવના તેડાંનો અંગીકાર કરતા નથી. તેઓ મસીહના જમણનું નામ જાણે છે, પણ તેની ભૂખ તરસ જાણતા નથી, તેથી તેઓને બદલે લુલા લંગડા તથા આંધળા પાંગળા જેવા અભ્યાગતો પસંદ કરાયા છે કે તેઓ મસીહના રાજ્યમાં આવી આગળ પડતો ભાગ પામે. એ પ્રમાણે સાંપ્રત-કાળમાં યહુદી મંડળથી દૂર હતા, તેઓ માંહે આવ્યા છે અને અભિમાની યહુદીઓ પોતાના ગર્વથી વેગળા કરાયા છે.

આ ફરોશીના ઘરથી નીકળીને પ્રભુ ઇસુ યરૂશાલેમ તરફ ચાલ્યો ત્યારે ઘણા તેની પાછળ ચાલ્યા (લુક ૧૪; ૨૫-૩૫). તેઓને તેણે દૃષ્ટાંતોમાં શિષ્યપણાનાં લક્ષણો કહી બતાવ્યાં. તેનો સારાંશ એવો છે કે સદ્‌ગુરૂના ખરા શિષ્ય થવા સારૂ આત્માનું સમર્પણ કરવું જોઇએ; માટે તે બાબત પહેલાંથી પુરતો વિચાર કરવો. અનુભવ સિવાય ધર્મનો કે પંક્તિનો સ્વીકાર કરવો એ નકામું છે, તેવા નકામા તથા નિંદકર્મથી તેઓએ સાવધાન રહેવું ને દૂર થવું એ જરૂરનું છે.

અધ્યાય ૫ મો.

ઇસુ પાપીઓનો મિત્ર છે તે બાબત ફરોશીઓની કચકચ. ખોવાએલું ઘેટું, ગુમ થએલી અધેલી, ભટકેલો છોકરો, અન્યાયી કારભારી, ધનવાન તથા લાજરસના દાખલા.

ઉપર આવી ગએલા અધ્યાયના છેવટ ભાગમાં આપણે વાંચી ગયા છીએ કે જ્યારે સદ્‌ગુરૂ યરૂશાલેમ તરફ પ્રવાસ કરવા નીકળ્યા, ત્યારે ઘણા લોકો તેની સાથે સામેલ થયા હતા. એવા મોટા સમુદાયમાં કેટલાએક ગરીબ તથા કનિષ્ટ ગણાએલા સાથે ચાલતા હતા. જેમ આપણા દેશમાં બ્રાહ્મણ તથા શૂદ્રની વચ્ચે પ્રતિકુળ સંબંધ ચાલે છે, તેમ યહુદીઓનો આ લોકો સાથે વિષમ સંબંધ ચાલતો હતો. શાસ્ત્રીઓ તથા ફરોશીઓ તેઓને નીચ ને અધમ માનતા હતા. તેઓની સાથે સ્પર્શાસ્પર્શનો વહેવાર રાખતા નહિ, તો પછી તેઓની સાથે ભોજન વહેવાર ક્યાંથી હોય! જેઓને અડવાથી અભડાટ લાગે, તેઓને ત્યાં જમવું કે જમાડવું એ બનવા જોગ વાત નથી.

જ્યારે પ્રભુ ઇસુ એવા લોકોની સાથે મળવા કરવા લાગ્યો ને પ્રેમભાવથી તેઓ જોડે બોલવા લાગ્યો તથા તેઓના સુખ દુઃખમાં ભાગ લેવા મંડ્યો, ત્યારે તેઓના મનમાં મોટો આનંદ થવા લાગ્યો, કારણ કે ત્યાર પહેલાંના રાબી લોકોએ તેઓ પ્રત્યે કદી એવી વર્તણુક દેખાડી નહોતી; તેથી આખા સિરિયા દેશમાં એ વાત ફેલાવ પામી હતી. જ્યાં ને ત્યાં કહેતા કે, હાલ કોઈ એક

મોટા રાબી દાણીઓ તથા પાપીઓને ઘેર જાય છે અને તેઓની સાથે ભોજન વહેવાર રાખે છે. તે ચૌટે કે બજારમાં તેની સાથે બોલે છે ને તેઓની તરફથી મોટા લોકોની સાથે વાદવિવાદ કરે છે ને ઉઘાડું કહે છે કે, "તમે તે લોકો પર દ્વેષ રાખો તે સારૂં નથી."

પ્રભુ ઈસુનું એ કામ તથા આચરણ ફરોશી લોકોને બીલકુલ પસંદ પડયું નહિ. તેઓનો મત એવો હતો કે ગુરૂ લોકોએ એવા માણસોથી દૂર રહેવું. જો તેઓ નિયમશાસ્ત્ર સંભળાવવા ચાહે તો છેટેથી ઉપદેશ આપે તે ઘણું છે, કારણ કે જે ચોર તથા વ્યાજખોરની પાસે જાય છે તેની પાસે જ્ઞાન રહેતું નથી; જો તેવા માણસો પોતાના દુર્ગુણથી પાછા ફરે, તોપણ તેઓની પાસે જવું નહિ. જે રાબી સાધારણ લોકોથી અધિક દૂર રહે તે અધિક પવિત્ર માનવા લાયક છે. રાબી કે તેના શિષ્યોએ અશિક્ષીત (આમ હોરેત્સ) કન્યાની સાથે લગ્ન કરવાં નહિ. માર્ગે ચાલતાં સાધારણ માણસનો સાથ કરવો નહિ. તેઓને પોતાની ગુહ્ય વાત કહેવી નહિ, તેના હાથમાં અનાથ છોકરાં સોંપવાં નહિ, સભાસ્થાનમાં ભિક્ષાની પેટી હોય તે તેને સોંપવી નહિ; તેમજ જો કોઈ તેની ખોવાએલી વસ્તુ આપણને મળે તે તેને પાછી આપવી નહિ!!

હવે સદ્ગુરૂ ઈસુ આ ગરીબ તથા તુચ્છ મનાએલા લોકોનું હિત કરવા મદદગાર થયો, ને લોકાચાર તથા રૂઢીને તિલાંજલી આપી તેઓની સાથે ઉઠવા બેસવાનો તથા ખાવાપીવાનો વ્યવહાર રાખવા લાગ્યો, તેથી બધા રાબીઓ, શાસ્ત્રીઓ ને ફરોશીઓને અતિઘણું દુઃખ લાગ્યું, એ વાસ્તવિક રીતે સંભવિત હતું. તેઓ તેની નિંદા કરી તેના વિષે બબડવા લાગ્યા (લુક ૧૫; ૧).

આગળ આવી ગએલી વાતોમાં ઘણીવાર તેઓને પ્રભુએ જણાવ્યું હતું કે, એવા પતિત લોકોને પાવન કરવા એ મારૂં ખાસ કામ છે, તેમ છતાં તેણે આ વખત વધારે દાખલા આપી સૂચના કીધી. તેમાં તે જણાવે છે કે, "હું યહુદીઓનો વચનદત્ત પાળક મસીહ છું તેથી ઈસ્રાએલનાં ખોવાએલાં ઘેટાંનો શોધ કરવો એ મારૂં કામ છે." તેણે કહ્યું કે, "જુઓ, એક ભરવાડને સો ઘેટાં છે તેમાંથી એક ખોવાયું છે, તેથી તેણે નવાણુંને છોડી ખોવાએલાનો શોધ કીધો, ને તે મળ્યું ત્યારે તે આનંદભેર તેને ઉંચકી લાવ્યો ને મિત્રોને મળી ખુશી થયો તેમાં શું ખોટું? શું તેથી તેના મિત્રોએ નારાજ થવું? ના, એમ તો નહિ, પણ તેઓએ આનંદ કરવો જોઈએ."

તમે પોતાને પવિત્ર માનનારા શાસ્ત્રી, ફરોશી ને રાબીઓ જેમ પ્રભુનાં ઘેટાંરૂપ છો, તેમ એ લોકો પણ ઘેટાંરૂપ છે; તેથી તેઓ જ્યારે પસ્તાવો કરી ફરે છે ત્યારે મને આનંદ થાય છે, એટલુંજ નહિ, પણ આકાશના દૂતો હર્ખાય છે તો તમારે અધિક હર્ષ કરવો જોઇએ. તમે માનો છો કે અમે પવિત્ર છીએ,

અમારામાં પાપ નથી, અમારે પસ્તાવો કરવાની જરૂર નથી, અમારૂં નાનામાં નાનું પાપ થયું હોય તેને માટે અમે હાથનું ચર્મપાત્ર માથે બાંધીએ તો બસ છે. જેમ તમે દેવના વાડામાં છો તેમ તેઓ પણ દેવના વાડાના છે, માનવી કુટુંબ બધાં દેવથી ઉત્પન્ન થએલાં છે ને દેવનાં છોકરાં છે. સર્વનું મૂળ એક છે, સર્વ એકજ માબાપથી જન્મેલાં છે, માટે સર્વ દેવનાં ભૂલાં પડેલાં ઘેટાં છે; તેઓને શોધવા સારૂ હું આવ્યો છું, માટે તેઓ મળે ત્યારે હું આનંદ પામું છું.

અથવા એમ ધારો કે કોઈ એક સાધારણ બાઇની અંધારી કોટડીમાં એક અધેલી ગુમ થએલી છે, તેથી તે પોતાનું નાનું સરખું ઘર વાળે છે ને દીવો કરીને ખોળે છે. આખરે તેણીને તે જડે છે ત્યારે હર્ષ પામી પોતાની સહીઅરો તથા પડોસણોને ખબર આપી આનંદ માને છે; તેજ પ્રમાણે જ્યારે એક ખોવાએલો પાપી પસ્તાવો કરી મારી પાસે આવે છે, ત્યારે હું આનંદથી તેનો અંગીકાર કરૂં છું.

ત્યાર બાદ સદ્‌ગુરૂએ એક ભટકેલા છોકરાનો દાખલો આપ્યો (લુક ૧૫; ૧૧–૩૨). તેમાં દેવબાપ પસ્તાનાર મોટા પાપી પર કેટલી મમતા રાખી તેનાં પાપ માફ કરે છે, તથા તેને પોતાની બધી સંપત્તિ પર હકદાર ઠરાવી મોટી મહેરબાની બતાવે છે, એનો સર્વોત્તમ અસરકારક ચિતાર આપેલો છે.

આ વખતના ઉપદેશમાં પ્રભુ ઇસુએ જે જે દાખલાઓ આપ્યા, તે પૈકી કેટલાએક સુવાર્તાના લેખકોએ પોતાના લેખમાં સંભાળી રાખ્યા છે તેથી સુવાર્તામાં તે મોજુદ છે. તેમાં અન્યાયી કારભારી, આગ્રહી વિધવા, ફરોશી તથા દાણી ને ધનવાન તથા લાજરસ વગેરેના દાખલા આવે છે, તે બધા આ પ્રયાણના કાળમાં આપેલા હતા. તેઓ અત્રે સવિસ્તર કહેવાય તેમ નથી.

અન્યાયી કારભારીનો દાખલો લુક ૧૬; ૧–૧૩ સુધીમાં છે. તેમાં પ્રભુ એવું શિખવે છે કે તેણે પોતાના માલિકની સંપત્તિ પરથી મિત્રો મેળવ્યા. તે પ્રમાણે આપણને મળેલી સંપત્તિનો એવો વ્યય કરવો કે તેથી આકાશી ઘર, સંપત્તિ તથા મિત્રો મળે. તેનું તાત્પર્ય ને રહસ્ય એવું છે કે, સદ્‌ગુરૂની પ્રીતિને અર્થે તેની સેવામાં જનસમુહને માટે જે કાંઇ મદદરૂપ કાર્યો કરીએ, તે ન્યાયીઓના પુનરૂત્થાનમાં બદલારૂપ ગણાય છે.

અન્યાયી ન્યાયાધીશ તથા આગ્રહી વિધવાના દાખલામાં એવું તાત્પર્ય છે કે આપણે હઠથી તથા આગ્રહી મનથી પ્રાર્થના કરવી. કેમકે જો મંડળી એ પ્રમાણે આગ્રહથી દેવ પાસે વિનંતી કરશે તો દેવ તેની પ્રાર્થના સાંભળશે, તથા તેના શત્રુઓના દુઃખથી છોડાવશે. તે દાખલો લુક ૧૮; ૧–૮ સુધીમાં આવે છે.

ત્યાર પછી એક ફરોશી તથા દાણીનો દાખલો આવે છે. ઘણું કરીને છેક આ મુસાફરીની આખર મુદત પર આ દાખલો આપેલો હશે, તે લુક ૧૮;

૯-૧૪ માં આવે છે. આ દાખલામાં સ્વકર્માભિમાન વિષે ખાસ નિષેધ કરેલો છે, માટે કર્મકાંડનો ત્યાગ કરી નમ્રપણે પોતાનાં પાપ ખોળામાં ઘાલી કબૂલ કરવાં એજ ભક્તિમાર્ગનો મુખ્ય રસ્તો છે, તેજ દેવભક્તિનું લક્ષણ તથા તેજ તેનો જીવ છે. જેઓ પોતા વિષે અભિમાન ધરી બીજાઓને ધિક્કારતા હતા, તેઓની શિખામણને સારૂ પ્રભુએ આ દૃષ્ટાંત આપ્યું છે કે, બે માણસ પ્રાર્થના કરવા સારૂ મંદિરમાં ગયા; એક ફરોશી, ને બીજો દાણી હતો. ફરોશીએ ઉભા રહીને એવી પ્રાર્થના કરી કે, "ઓ દેવ, બીજા માણસોના જેવો જુલમી, અન્યાયી, વ્યભિચારી અથવા આ દાણીના જેવો હું નથી, માટે હું તારી ઉપકારસ્તુતિ કરૂં છું. અઠવાડીએ બે વાર હું ઉપવાસ કરૂં છું ને મારી બધી આવકનો દસમો ભાગ આપું છું." પણ દાણીએ વેગળા ઉભા રહીને પોતાની આંખો આકાશ તરફ ઉંચી કરવા ન ચહાતાં પોતાની છાતી કુટીને કહ્યું કે, "ઓ દેવ, મુજ પાપી પર દયા કર." હું તમને કહું છું કે, પેલા કરતાં એ માણસ ન્યાયી ઠરીને પોતાને ઘેર ગયો; કેમકે "જે કોઈ પોતાને ઉંચો કરે છે તે નીચો કરાશે, ને જે પોતાને નીચો કરે છે તે ઉંચો કરાશે."

લુક ૧૬; ૧૯–૩૧ સુધી ધનવાન તથા લાજરસનો દાખલો આવે છે. તેમાં એવું શિખવે છે કે દેવ પક્ષપાતી નથી, તેમજ માણસની બાહ્ય સ્થિતિથી તે કૃપાપાત્ર કે કૃપાપાત્ર નથી એમ કહેવાય નહિ. એ વિષે જગતના ઠરાવેલા ન્યાય પ્રમાણે થાય એમ તો નહિ, કારણ કે જગતનો ઈન્સાફ વખતે પરલોકે ઉલટપાલટ થાય એમ છે. આ સુંદર દૃષ્ટાંતના ઉપસંહારમાં એક બીજો બોધ સમાએલો છે તે એવો કે, માણસના ઉદ્ધાર તથા મુક્તિપદને સારૂ દેવે જે સત્ય શાસ્ત્ર આપ્યું તે સરળ અને સમજાય એવું છે. જો માણસો તેની વાત ન માને તો તેઓની બુદ્ધિનો ફેરફાર કરવા સારૂ કોઈ અસાધારણ ચમત્કાર થવાનો નથી. "જો મુસા તથા ભવિષ્યવાદીઓનું તેઓ નહિ સાંભળે, તો જો કે કોઇ મુએલામાંથી ઉઠે, તોપણ તેઓ માનશે નહિ" (લુક ૧૬; ૩૧) એ વાત પર બેંગેલ નામનો વિદ્વાન એવી ટીકા કરે છે કે, "આપણું તારણ શાસ્ત્રનાં વચનો પર વિશ્વાસ રાખ્યાથી થાય છે, પણ ભૂત ડાકણનાં વચનથી નહિ."

અધ્યાય ૬ ટ્ઠો.

બેથાનીઆમાં લાજરસનું મરણ તથા ઉત્થાન.

યરૂશાલેમના ઇશાન ખૂણા પર બેથાનીઆ નામનું સુંદર ગામ છે, ત્યાં એક નાનું ખ્રીસ્તી કુટુંબ રહેતું હતું; તેમાં બે બહેનો તથા લાજરસ નામે એક ભાઈ હતો. મોટી બહેન મારથા તથા મરિયમ અને લાજરસ તેઓ તારનારનો વિશ્વાસ રાખી તેનાં શિષ્ય થયાં હતાં. તેમાં મારથાબાઈ જે મુખ્ય,

તે વૈધવ્ય અવસ્થામાં આવેલી હતી ને પોતાનાં ભાઇબહેન સાથે રહી વડીલપણે ઘરકારોબાર ચલાવતી હતી.

એ કુટુંબની વ્યવહારિક સ્થિતિ સારી ને સુખી હતી, તેઓ પૈસે ટકે સુખી હતાં ને આબરૂદાર ગૃહસ્થાશ્રમ ભોગવતાં હતાં. વળી તેઓની આત્મિક સ્થિતિ તે પણ સારી ને શ્રેષ્ઠ હતી, તેઓ શ્રદ્ધાવાન ને ભક્તિભાવવાળાં હતાં. મારથા સારી, ભક્તિશીળ તથા સરભરા રાખવાના કાર્યમાં કુશળ હતી. તેની નાની બહેન મરિયમ, તે ધ્યાનસ્થ તથા જ્ઞાનગોષ્ટિમાં અધિક પ્યાર રાખનાર હતી; ને લાજરસ તે પ્રભુનો પ્રિય શિષ્ય ને તેની પ્રીતિપાત્ર હતો.

પ્રભુ ઈસુ જ્યારે જ્યારે યરૂશાલેમ આવતો ત્યારે ત્યારે આ ઠેકાણે વિશ્રામ લેવા જતો હતો. આ લોકો પ્રભુના પર જે પ્યાર રાખતાં હતાં તે શુદ્ધ પ્રીતિથી ઉપસ્થિત થએલો પ્યાર હતો, તેમાં કાંઇ સંસારિક સ્વાર્થભાવ કે અદ્‌ભૂત કાર્ય જોવાનો આડંબર હોય એમ દેખાતું નથી. જ્યારે પ્રભુ ઈસુ ત્યાં આવતો ત્યારે તેઓ અન્યોન્ય ભાવે તેની સેવા બજાવતાં હતાં. સત્યશાસ્ત્રમાં લખ્યું છે કે, શિષ્યને નામે જે કોઇ આ નાનામાંના એકને માત્ર ટાઢા પાણીનું પ્યાલું પીવાને આપશે, તેનું ફળ તે નહિજ ખોશે (મા. ૧૦; ૪૨). ત્યારે જેઓ જેઓ ખુદ સદ્‌ગુરૂની સેવા કરવામાં તન, મન ને ધનનું અર્પણ ચઢાવે છે, તેમને કેટલી ધન્યતા ભરેલો અધિક બદલો મળશે?

આ ઘરમાં ઘણીવાર પ્રભુનું વિશ્રામસ્થાન થયુ હતું. શહેરમાં આખો દિવસ લોકો સાથે વાદવિવાદ કરવાથી તથા ભાષણો આપી આમ તેમ ફરી માંદાં દુઃખિતોની ખબર અંતર જોવા આવવાથી થાકી, ભૂખ તરસ વેઠી, શ્રમિત થએલો સદ્‌ગુરૂ આ સુંદર ગામના સુખી કુટુંબને ઘેર વિસામો પામતો હતો. તે ગામ જૈતુન પહાડની પૂર્વ દિશાએ ઢોળાવ પરના ટેકરાઓ વચ્ચે મેદાનમાં વસેલું હતું, તેથી તે ખરેખરૂં નિરાંતસ્થાન બનેલું હતું.

પેરિયા પ્રાંતમાં એક એ નામનું બેથાનીઆ છે ત્યાં સદ્‌ગુરૂએ મુકામ કર્યો હતો, તે વખત આ સુખી કુટુંબ તરફથી એક ખેપીઆએ સંદેશો આપ્યો તે ઘણો દુઃખદાયક હતો, કારણ કે મરિયમ તથા મારથાએ એવી ખબર મોકલી હતી કે, "પ્રભુ, જો, જેના ઉપર તું પ્રેમ રાખે છે, તે માંદો છે" (યોહા. ૧૧; ૩). આ નાનો સરખો સંદેશો મોકલતી વેળા બન્ને બહેનો મોટા દુઃખમાં હતી, કારણ કે તેઓનો વ્હાલો ભાઈ મરણ પથારી પર રોગનો ભોગ થયો હતો. તેઓ જાણતી હશે કે આ વખત સદ્‌ગુરૂ આવશે ને લાજરસને સાજો કરશે, પણ તે પ્રમાણે બન્યું નહિ.

પ્રભુને આવતાં કેટલાએક દિવસની વાર લાગી; જો કે પ્રભુ તેઓ પર પ્રેમ રાખતો હતો, તોપણ તેને દેવની ઇચ્છાનુસાર કામ કરવાનું હતું, માટે તે

એકદમ ત્યાં ગયો નહિ. દેવનો ગૌરવ પ્રગટ કરવાના તથા પોતાનું મસીહપણું સાબિત કરવાના કામમાં હાલ તે રોકાએલો હતો, તેથી બે દિવસ એ ગામમાં રોકાયો; તે દરમિયાન લાજરસનું મરણ થયું. આ વખતે તેની બહેનો પર દુઃખનો ડુંગર પડયો હોય, એવો મહા કઠણ બોજ આવી પડેલો હતો.

લાજરસની ઉત્તરક્રિયા કરવા વિષે એક ગ્રંથકર્તા નીચે પ્રમાણે વર્ણન કરતાં લખે છે કે જ્યારે તેની પ્રાણોક્તિની ક્રિયા બંધ પડી ત્યારે તેના શબવત્ મૃત દેહની પાસે દીવા કરવામાં આવ્યા, તેમાં આત્માના અમરપણાની નિશાણી બતાવી હતી. વળી તેના પર એક ઈંડું લાવીને ફોડયું, તેમાં દેહના નાશવંત-પણાની સંજ્ઞા હતી. એ પ્રમાણે કર્યાં પછી તેના શબને સ્નાન કરાવી શુદ્ધ કીધું, ને તેના પર સુગંધી પદાર્થો છાંટયા, ત્યાર બાદ એક ઉત્તમ વસ્ત્રમાં લપેટી કબર-સ્તાન તરફ ચાલ્યા. આ વખત આગેવાનો મ્હો પર બુરખા ઓઢીને આગળ ચાલતા હતા, તેમની પછવાડે આડોસીપાડોસી તથા ઓળખીતા મિત્રો ચાલતા હતા, તેઓ કબરસ્તાન જતાં પહેલાં રસ્તામાં ત્રણવાર ઉભા રહ્યા હતા. એ વખત આગેવાનો પાછા ફરીને કહેતા હતા કે, પ્રિય મિત્રો,-સાંત્વન કરો, સાંત્વન કરો, ને પોતાના પડોસીઓના દુઃખનો બોજો વાંટા પાડી વહેવા લાગો.

ઉપર પ્રમાણે પ્રેતક્રિયા થઇ રહ્યા પછી આખી મંડળી દુઃખિત થએલાંઓ સાથે ઘેર આવી અને મૌન્ય ધારણ કરી છાનીમાની બેઠી હતી. તે વખતે કોઈ કાંઇ પણ બોલતા નહોતા, જ્યારે ઘરના માણસો કાંઇ બોલે ત્યારે તેની પાસે બેઠેલાંઓ દુઃખિત સ્વરનો ઉદ્દગાર કાઢી જવાબ વાળતાં હતા. એ પ્રમાણે સાત દિવસ સુધી ઓછામાં ઓછાં દશ માણસો બેસતાં હતાં. તેઓના ખોરાકમાં માત્ર એકાદ ઈંડું કે થોડી મસુરની દાળ વાપરવાનો રીવાજ હતો.

હવે અહીં મારથા તથા મરિયમ પોતાને ઘેર શોકમાં બેઠાં હતાં તે દરમિયાન પાંચમે દિવસે એકાએક એવી ખબર મળી કે ગુરૂદેવ આવ્યા છે. એ સાંભળી ચપળ ને ખટપટી સ્વભાવની મારથા એકાએક તેને મળવા સારૂ બહાર આઈ, કારણકે તેઓ ગામમાં આવેલા નહોતા, તેથી મરિયમ ઘરમાં બેસી રહી હતી. હજી સુધી તેણીને તે બાબત ખબર મળેલી નહોતી. જ્યારે મારથાએ સદ્દગુરૂને જોયા ત્યારે તે એકદમ બોલી ઉઠી કે, "હે પ્રભુ, જો તું અહીં હોત તો મારો ભાઈ ન મરત" (યોહા. ૧૧; ૨૧). પછી આગળ વાત કરતાં તેઓની વચ્ચે જે સંભાષણ થયું તે ઘણું મહત્વનું છે. તેનાથી મારથાનું સમાધાન થયું એટલુંજ નહિ, પણ તે પરથી ઘણા લોકો સમાધાન પામ્યા, પામે છે ને પામશે. એમ જગતના અંત સુધી તે વચનો દુઃખિતોના સાંત્વનને સારૂ ઉપયોગી છે.

મારથાને ઇસુએ કહ્યું કે, "તારો ભાઈ પાછો ઉઠશે" (યોહા. ૧૧; ૨૩). તે સાંભળીને હમણાંજ તે મરણમાંથી પાછો ઉઠશે એમ મારથાને લાગ્યું નહિ,

માટે તે કહે છે કે, "છેલ્લે દહાડે પુનરૂત્થાનમાં તે પાછો ઉઠશે એ હું જાણું છું" (યોહા. ૧૧; ૨૪). ઇસુ કહે છે કે, "પુનરૂત્થાન તથા જીવન હું છું; જે મારા પર વિશ્વાસ કરે છે, તે જોકે મરી જાય તોપણ જીવતો થશે. અને જે કોઈ જીવતાં મારા પર વિશ્વાસ કરે છે, તે કદી નહિ મરશે. શું તું એવો વિશ્વાસ રાખે છે?" (યોહા. ૧૧; ૨૫, ૨૬).

આ વાકયોમાં દૈહિક તથા આત્મિક મરણની વાત જે ઈસારારૂપ છે, તે માર્થા જેવી ચપળ મનવાળી એકદમ સમજી શકી નહિ, તોપણ તેણીએ ભક્તિભાવે એવો ઉત્તર આપ્યો કે, "હા, પ્રભુ, મેં વિશ્વાસ કર્યો છે કે તું દેવનો દીકરો ખ્રીસ્ત, જે જગતમાં આવનાર છે, તેજ છે" (યોહા. ૧૧; ૨૭). એ રીતે વાતચિત કીધા પછી તે લાગલી પોતાની બહેન પાસે ગઇ.

તેની સાથે વાતચિત કરવામાં પ્રભુએ મરિયમની ખબર પુછી હતી. તેણીએ પણ ગામ બહાર જઇને પ્રભુની મુલાકાત લીધી. જ્યારે મરિયમ ઘરમાંથી બહાર નિકળી, ત્યારે ત્યાં દિલાસો દેવાને બેઠેલા યહુદીઓ પણ તેણીની પછવાડે ચાલવા લાગ્યા, કારણ કે તેઓને એવું લાગ્યું કે તેણી પોતાના ભાઇની કબર પર વિલાપ કરવા સારૂ જાય છે.

પણ જ્યારે તેણી બહાર આવીને સદ્ગુરૂને ચર્ણાવિંદ નમસ્કાર કરી નમી, ત્યારે તેઓએ જાણ્યું કે તેણી પ્રભુ ઈસુને મળવા નીકળી હતી. મરિયમે પ્રભુની પાસે નમીને પોતાની બહેનના દુઃખ પ્રમાણે દુઃખ જણાવ્યું. તેણીને એટલું દુઃખ લાગ્યું હતું કે તેણીનાથી બીજું કાંઈ બોલી શકાયું નહિ, પણ માત્ર એટલાજ શબ્દો બોલી કે, "પ્રભુ, જો તું અહીં હોત, તો મારો ભાઈ ન મરત" (યોહા. ૧૧; ૩૨). એટલું બોલતાં તેનું હ્રદય ભરાઈ ગયું ને તેણીએ છાતીફાટ રૂદનપાત કીધો, તેથી સાથે આવેલા યહુદીઓ પણ રડવા લાગ્યા.

આ કરૂણાજનક દેખાવ જોવાથી પ્રભુ ઇસુ વ્યાકુળ થયો, કારણ કે પાપના પ્રવેશથી માણસોમાં કેવો ભયંકર નાશ થયો તેનો આબેહુબ દેખાવ આ વખતે પોતાની સમક્ષ જોતો હતો, માટે તે પણ રડ્યો. આ જગ્યાએ પ્રભુ ઈસુના માનવી સ્વભાવનું તથા તેના ઇશ્વરી સ્વભાવનું ખરેખરૂં સ્વરૂપ દેખાવ આપે છે. પોતે થોડાજ વખતમાં જે કાર્ય કરનાર છે તેમાં તેનું ઇશ્વરીપણું છે પણ આ રૂદન કરવામાં તેનું માનવીપણું જાહેર થાય છે. તેને પોતાના મનની વ્યાકુળતા રોકતાં ઘણોજ શ્રમ લાગ્યો હશે તેથી તેનો આત્મા કણવા લાગ્યો, તે વિષે યોહાન લખે છે કે, "તે આત્મામાં કષ્ટ પામ્યો."

તેનાથી હાલ વધારે બોલી શકાયું નહિ પણ એટલુંજ પૂછ્યું કે, "તમે તેને કયાં મુકયો છે." પછી એમ પૂછ્યા બાદ તે બધી મંડળી કબર પાસે આવી. આ કબર ગુફાના આકારમાં હતી, તેને પડખે એક ભોંયરા જેવો મોટો ગોંખલો

હતો તેમાં લાજરસને મુકયો હતો ને તેના દરવાજા પર એક સફેદ શીલા આડી મુકી હતી. પ્રભુ ઇસુએ તે પત્થર ખસેડવા હુકમ કીધો ત્યારે મારથા જરા આડે આવીને બોલી, "પ્રભુ, હવે તો તે ગંધાતો હશે; કેમકે આજ તેને ચાર દહાડા થયા" (યોહા. ૧૧; ૩૯). પણ સદ્‌ગુરૂએ તેણીને પોતે આપેલા વચનની યાદી આપી.

હવે પ્રભુના હુકમ પ્રમાણે તે શીલા દૂર કીધી ત્યાર બાદ શું થાય છે, તે જોવાને બધા એક ચિત્તે ઉભા રહ્યા. તેઓ બધા સ્તબ્ધ બધી ઇસુ તરફ જોવા લાગ્યા. પછી સદ્‌ગુરૂએ પરમેશ્વરનો ઉપકાર માન્યો, કારણકે તેની પ્રાર્થનાઓ સફળ કરતો હતો, માટે તેનો આભાર માનવો તેને યોગ્ય લાગ્યું હશે. તેથી તેમ કીધા બાદ તેણે મોટે સાદે હાંક મારી કે, "લાજરસ, બહાર આવ" (યોહા. ૧૧; ૪૩). સદ્‌ગુરૂની હાંક ઇહલોક તથા પરલોકની વચ્ચેનો અંધકાર ભેદીને આરપાર પહોંચી હતી. પ્રભુના તે શબ્દો આ ગુફાના પોલાણમાં રહ્યા નથી, પણ તે મૃત્ય દેહના આત્માની કર્ણેદ્રિઓમાં પહોંચ્યા તેથી તે ઉઠીને બહાર આવ્યો. તેના હાથ પગે કપડું વિંટાળી બાંધેલા હતા, ને તેના મ્હો પર રૂમાલ લપેટેલો હતો.

તેની પ્રેતીક કળજળી જતી રહી ને તેને બદલે જીવનની રોશની આવી હતી. તે મરણના બંધનોથી છૂટયો ને ફરી જીવતાઓની જગ્યા પર આવ્યો. હવે તેને જીવતાઓ સાથે હરવા ફરવાનો તથા બોલવા ચાલવાનો બીજીવાર પ્રસંગ મળ્યો. તેના સંબંધી એવી વાત ચાલે છે કે ત્યાર બાદ તે ત્રીસ વર્ષ જીવતો રહ્યો હતો.

ઘણા લોકોની રૂબરૂ આ મહા અદ્‌ભુત ચમત્કાર થયો, તેની હકીકત યરૂશાલેમના યહુદી અધિકારીઓને કાને પહોંચી હતી. તેઓ આ ચમત્કાર ખોટો ઠરાવવા શક્તિવાન નહોતા, તેમ છતાં તેના પર વિશ્વાસ રાખી કબૂલ કરવા ખુશી નહોતા. તેથી તેઓ એક જાતની બિહીકમાં આવી પડ્યા, એટલે કે આવા કામથી લોકોમાં તેનું (ઇસુનું) વજન વધી જશે, તો આપણે શું કરીશું, તે વાતની ચિંતા કરવા લાગ્યા. માટે તેઓએ એકઠા મળીને એવો ઠરાવ કીધો કે, "જો આપણે તેને એમનો એમજ રહેવા દઇશું, તો સઘળા તેના પર વિશ્વાસ કરશે, ને રૂમીઓ આવીને આપણું ઠામ ઠેકાણું તથા પ્રજાપણું લઈ જશે" (યોહા. ૧૧; ૪૮).

એ પ્રમાણે ભયભીત થએલા આધકારીઓએ એક સભા ભરી ને તેમાં ભાવિ વિષે ભવિ ને અભવિ વિચારો ચાલ્યા. ત્યારે કાયાફા પ્રમુખ્ય યાજકે એવી સલાહ આપી કે, "લોકની વતી એક માણસ મરે, ને આખી પ્રજા નાશ ન પામે, એ તમારે સારૂ લાભકારક છે" (યોહા. ૧૧; ૫૦). જો કે આ મતમાં કોઇ કોઈ વિરૂદ્ધ હતા (લુક ૨૩; ૫૧), તોપણ ઘણાખરાના મત

પ્રમાણે તે સલાહ માન્ય કરાઈ હતી, માટે એમ કહેવાય કે સર્વ યહુદી લોકોએ અત્યારથી મસીહનો ત્યાગ કર્યો હતો.

આજ સુધીની બીનાઓ પરથી વ્હાલા વાંચનાર જાણી ગયા છે કે યહુદી લોકોએ વખતોવખત ઇસુનો જીવ લેવા સારૂ વિચારો તથા ઉદ્યોગો કરેલા હતા. તેમાં અગાઉ એકવાર સાબ્બાથવાર ભંગ કરવાનો બટ્ટો મુકી તેને ઠાર કરવાની પેરવી રચી હતી (યોહા. ૫; ૧૬–૧૮). વળી જ્યારે તે ગાલીલમાં હતો ત્યારે ફરોશીઓ તથા હેરોદીઓએ તેનો નાશ કરવાની તદબીર રચી હતી (માર્ક ૬ ; ૩). સાન્હેદ્રીમ સભાએ ઠરાવ કીધો કે જો કોઈ તેને મસીહ કહી કબૂલ કરે તો તેને નાત બહાર મુકવો (યોહા. ૯; ૨૨), તેમજ એક વખત તેને પકડવા સારૂ સિપાઇઓ તથા સરદારોને મોકલ્યા (યોહા. ૭; ૩૨). હવે તેને માર્યાં શિવાય તેના શત્રુઓ સ્વસ્થ રહેશે નહિ એમ લોકો માનતા હતા (યોહા. ૭; ૨૫), તોપણ હાલ જે પ્રમાણે કાયદેસર સભા ભરી તેને મારવાનો ઠરાવ થયો, તેમ પહેલાં કોઈવાર થએલું નહોતું. હવે કોઈ પણ ઉપાય કરી આ ઠરાવ અમલમાં લાવવો એટલીજ ઢીલ હતી.

આ ઠરાવ અન્યાયે ભરેલો હતો માત્ર એટલુંજ નહિ, પણ તેમાં અવિચાર દેખાઈ આવતો હતો. જે ઇસુને આવા ચમત્કાર કરવાની શક્તિ આપેલી હતી, તે ઇસુ રૂમીઓને જીતવા શું અશક્ત હતો? એનો વિચાર આ ચતુર સભાસદોને સૂઝ્યો નહિ. તેઓને ઇસુના ચમત્કારો ખોટા લાગ્યા નહોતા, તેમજ આ તાજેતર થએલો ચમત્કાર મહા મોટો હતો ને તેના ખરાપણા વિષે બળવાન પુરાવા હતા કે તેના વિરૂદ્ધ તેઓ કાંઈ બોલી શકેજ નહિ, તેમ છતાં તેઓને બિહીક લાગી. તેનું કારણ શું હશે? એ સવાલના જવાબમાં એટલુંજ કહી શકાય કે મસીહ વિષે તેઓનાં મનોમાં વિપરિત કલ્પના હતી, તેઓએ ડરીને ભુલથાપ ખાધી હશે.

ઇસુનો ઉપદેશ તથા અદ્‌ભૂત ચમત્કાર તે સર્વ એવા પ્રકારનાં હતાં કે જેમ દાઉદ રાજાએ ચમત્કારિક રીતે પલિસ્તી યોદ્ધાઓને માર્યાં, તેમ પ્રભુ ઇસુએ એવા કાંઈ પરાક્રમી ચમત્કાર કરેલા નહિ, પણ તેના પવિત્ર ગુણ ને શુદ્ધ આચરણ માણસ માત્રનો બચાવ કરનાર હતાં. તેમજ તેના ચમત્કારોમાં દયા તથા પરોપકાર ભરેલાં હતાં, તેથી અધિકારી મંડળને તેનું પરાક્રમ સૂઝ્યું નહિ ને તેના પર વિશ્વાસ રાખ્યો નહિ. તેઓએ એવું અનુમાન કીધું કે જો તે વધારે પ્રીતિપાત્ર થશે, તો તેથી આપણો બચાવ નહિ પણ નાશ થશે.

કાયાફાની મસલત જો કે અવિચારી અને અન્યાયે ભરેલી હતી, તોપણ સુવાર્તિક યોહાનના મત પ્રમાણે તેમાં ભવિષ્યોક્તિનો પ્રકાશ દેખાય છે. કેટલીક વાર અધાર્મિક માણસના મુખથી દેવ પોતાના ગુપ્ત સંકેત પ્રગટ કરાવે છે (ગણ. ૨૨ અને ૨૩), તે પ્રમાણે કાયાફાએ ભવિષ્ય કહ્યું કે, "તેણે તો એ

પોતાથી કહ્યું ન હતું, પણ તે વર્ષમાં તે પ્રમુખ્ય યાજક હોવાથી તેણે ભવિષ્ય કહ્યું કે, લોકની વતી ઇસુ મરશે. અને એકલા આ લોકની વતી નહિ, પણ એ માટે કે દેવનાં વેરાઈ ગએલાં છોકરાંઓને પણ તે એકઠાં કરીને એકત્ર કરે" (યોહા. ૧૧ ; ૫૧, ૫૨).

અધ્યાય ૭ મો.

ઇસુ યરૂશાલેમ તરફ જાય છે. યરેખો તથા બેથાનીઆમાં બનેલી વાતો.

પ્રભુ ઇસુ જ્યારે એફ્રાઇમ ગામમાં એકાંત વાસે હતો, ત્યારે શી શી વાતો બની તે વિષે શાસ્ત્રમાં કાંઈ કહેલું નથી, પરંતુ જેમ જેમ પાસ્ખા પર્વ નજીક આવતું ગયું, તેમ તેમ યરદનની ખીણોમાંથી યરૂશાલેમ તરફ જતાં યહુદી મુસાફરોનાં ટોળેટોળાં તેની નજરે પડતાં હતાં ને હવે પોતાને પણ યરૂશાલેમ જવું છે, એમ જાણી શિષ્યો સહવર્તમાન તે ત્યાં જવાને નીકળ્યો (માત્થી ૨૦ ; ૧૭–૧૯. માર્ક ૧૦ ; ૩૨–૩૪. લુક ૧૮ ; ૩૧–૩૪).

જ્યારે પ્રભુ ઇસુ આ મહા યાત્રા તરફ નીકળ્યો, ત્યારે તેની વાતચિત તથા ચાલચલગત એવી ચમત્કારિક હતી કે તેનો અર્થ શિષ્યોથી સમજી શકાયો નહિ, તેથી તેની કૃતિઓ જોતાં તેઓને ભય તથા આશ્ચર્ય લાગતું હતું. આ વખત તેની મોટામાં મોટી મુસાફરી હતી, કારણ કે તે ત્યાં જઇને પોતાનો મહા યજ્ઞ ચઢાવનાર હતો (માર્ક ૧૦ ; ૩૨–૩૪). રસ્તે ચાલતાં તેની ચિતવૃત્તિ ધ્યાનસ્થ ગંભિર રહેતી હતી. તેની પછવાડે શિષ્યો ભયભિત ને દુઃખિત ચહેરે છેક દૂર દૂર ચાલ્યા જતા હતા.

તેઓ તેની સાથે કાંઈ પડપૂછ કરવાને પાસે જઈ શકતા નહિ, તેથી છેવટે માર્ગમાં પ્રભુ ઉભો રહ્યો ને ઇસારો કરી તેઓને બોલાવ્યા. તે વખતે તેણે પોતાના મરણ વિષેની બધી ભવિષ્ય વાતો કહી. તેણે કહ્યું કે, "જુઓ, આપણે યરૂશાલેમમાં જઇએ છીએ; ને માણસનો દીકરો મુખ્ય યાજકોને તથા શાસ્ત્રીઓને સોંપાશે; ને તેઓ તેના પર મરણદંડ ઠરાવશે; ને તેને વિદેશીઓને સોંપશે; ને તેની મશ્કરી કરશે ને તેના પર થુંકશે, ને તેને કોરડા મારશે, ને તેને મારી નાખશે; ને ત્રીજે દહાડે તે પાછો ઉઠશે" (માર્ક ૧૦ ; ૩૩, ૩૪).

પ્રભુ ઇસુએ આ ત્રીજીવાર પોતાના મરણની સૂચના આપી શિષ્યોને ચેતાવ્યા હતા, પણ આ જગ્યાએ તેણે પોતાના મરણની વિશેષ હકીક્ત ખુલ્લી રીતે જણાવી કે મારે આવી રીતનું મરણ ભોગવવું પડશે તેમાં તે જણાવે છે કે રૂમી લોકની દેહાંત શાસન રીત પ્રમાણે વધસ્તંભ પર મારે મરણ પામવું પડશે, પરંતુ તેના શિષ્યો એ વાત સમજ્યા નહિ. એ બાબત સુવાર્તિક લુકે ચોકખે-ચોકખો લેખ આપ્યો છે (લુક ૧૮ ; ૩૪).

શિષ્યોની આશા હતી કે અમારો ગુરૂ રાજા થવાનો છે માટે આ મરણની વાત તે તો લાક્ષણિક રીતિએ કાંઈ ઉપમારૂપ હશે, તેથી તે વાત વિસારી રાજ્ય કારોબારની આશામાં હતા કેવળ એટલુંજ નહિ, પણ તે રાજ્યના માનસિક ભાગ પાડવામાં વાદવિવાદ ને તકરારો કરતા (જેમકે, યોહાન ને યાકુબે પોતાને સારૂ સારા ભાગની માગણી કીધી) તેમ, તેમાં રાજ્યાસનની ડાબી તથા જમણી બાજુની મુખ્ય બેઠકો તે ચાહતા હતા. વળી જ્યારે તેઓએ એવી માનવંત જગ્યાની માગણી કરી ત્યારે બીજાઓને ખોટું લાગ્યું, તેથી તેઓ તેમના પર રીસાયા હતા.

પ્રભુ ઇસુએ ઘણીજ મમતાથી તેઓને એવો બોધ આપ્યો કે તમને મારા રાજ્યમાં ખરેખરૂં ને મહા મોટું માન મળનાર છે, પરંતુ જેમ જગતમાં માણસો એક બીજા પર અલ્પકાળ અધિકાર ચલાવી પોતાને માનવંત માને છે તેમ એવું માન મારા રાજ્યમાં મળનાર નથી. મારા રાજ્ય વિષે એવી વાત છે કે, "તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક **થશે; ને** જે કોઈ પ્રથમ થવા ચાહે તે સહુનો દાસ થશે. કેમકે માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, ને ઘણાની ખંડણીને સારૂ પોતાનો જીવ આપવાને આવ્યો છે (માર્ક ૧૦; ૪૩–૪૫).

એ પ્રમાણે માર્ગમાં વાતચિત કરતા કરતા તેઓ યરેખો શહેર નજીક આવી પહોંચ્યા હતા. યરેખો શહેર ઘણી સુંદર ને મનોહર જગ્યાએ વસેલું હતું. તેની આસપાસ મેવા તથા સ્વાદિષ્ટ ફળોની મોટી મોટી વાડીઓ તથા સુંદર ફૂલઝાડોના ઘણા બાગ બગીચા હતા. તેને લીધે તેને "સુગંધી નગરી," "પુષ્પ નગરી" કે "નાળીએરીનું શહેર" એવાં એવાં ઉપનામો આપેલાં હતાં. ત્યાંના લોકો ધન સંપત્તિમાં આબાદ ને પૈસા ટકામાં માતબર હતા. આવા ઠેકાણામાં ઉત્તરથી આવેલા લોકોના ઉતારાને માટે ઘણી સુખસોઈ હતી, તથાપિ આ જગતમાંની સુખસોઇને સ્થાને તેની પડોસમાં વિપત્તિના નાદ હોય છે ને તે નિયમ પ્રમાણે અહીં પણ હતું.

જ્યારે વસ્તીથી ઉભરાતા આવા શહેરમાં પ્રભુએ પ્રવેશ કર્યો, ત્યારે ઘણો મોટો સમુદાય તેની સાથે ચાલવા લાગ્યો. ત્યાં શહેરી રસ્તાની બાજુ પર એક આંધળો ભિક્ષુક યાચના કરવા સારૂ બેઠેલો હતો. બધા લોકો જાણતા હતા કે ઘણાં દિવસથી તે ત્યાંજ બેસીને ભીખ માગતો હતો, તેથી ઘણા લોકો તેનું નામ ઠામ સુદ્ધાં જાણતા હતા. તેના બાપનું નામ તીમાય હતું, માટે ભાષાના નિયમ પ્રમાણે તેનું નામ બારતીમાય (એટલે તીમાયનો દીકરો) કહેતા હતા.

તેણે સાંભળ્યું હતું કે આ રસ્તા પર થઇને ઇસુ ગુરૂ જાય છે માટે તેણે મોટી બૂમ પાડીને કહ્યું કે, "ઓ ઈસુ દાઉદના દીકરા, મારા પર દયા કર"

(માર્ક ૧૦; ૪૭). એ આંધળાનો વિચિત્ર ધાંટો સાંભળીને લોકો તેને ધમકાવવા લાગ્યા, પણ તેણે અધિકાધિક પોકાર કર્યો. આખર સદ્ગુરૂએ તેની બૂમ સાંભળી ત્યારે તે એકદમ ઉભો રહ્યો, ને તેને બોલાવવાનો હુકમ કીધો. દુઃખી તથા ગરીબના પોકાર તરફ પુરતું લક્ષ આપવું એ પ્રભુનો હમેશનો રિવાજ હતો, માટે તે ઉભો રહ્યો.

આ વખતની હકીકત માર્કની સુવાર્તામાં આવે છે તે ઘણી ટુંકી છે, તોપણ ઘણો અસરકારક ચિતાર આપી વાચક વર્ગનું ધ્યાન ખેંચે એવી છે. તે લખે છે કે જ્યારે લોકોએ બારતીમાયને કહ્યું કે, "હિમ્મત રાખ, ઉઠ, તે તને બોલાવે છે, ત્યારે તે ઉઠયો, અને પોતાનું લુગડું નાખી દઇને ઇસુની પાસે આવ્યો" (માર્ક ૧૦; ૪૯, ૫૦). તેણે પોતાની ભીખ માગવાની અસલી જગ્યા તે અજબ તરેહથી છોડી દીધી ને તેના પગ મોકળા થયા.

હવે અહીં એક સમર્થ તથા એક દુર્બળનો મેળાપ થયો; તેમાં શું વાતચિત થાય છે તે સાંભળો. સમર્થ કહે છે કે, "હું તારે સારૂ શું કરૂં એ વિષે તારી શી ઇચ્છા છે?"

દુર્બળ કહે છે કે, "ગુરૂજી, હું દેખતો થાઉં."

સમર્થ—"જા, તારા વિશ્વાસે તને બચાવ્યો છે."

ત્યારે તે દુર્બળ તરત દેખતો થયો. પછી દૃષ્ટિ પામેલો બારતીમાય ઇસુ ગુરૂની પાછળ ચાલવા લાગ્યો એ જોઇને લોકોએ દેવની સ્તુતિ કરી (માત્થી ૨૦; ૨૯–૩૪. માર્ક ૧૦; ૪૬–૫૨. લુક ૧૮; ૩૫–૪૩: ૧૯; ૧).

હવે જ્યારે ઇસુ ગામમાં થઇને જતો હતો ત્યારે બીજી એક વાત બની તે એવી કે, જાખી નામનો એક માણસ પૈસાદાર દાણી હતો, તે શ્રીમંત હતો તોપણ યહુદી લોકો તેને હલકો માની માન આપતા નહિ, કારણ કે તે દાણ લેવાનો ધંધો કરતો હતો. તે જાખી સદ્ગુરૂનાં દર્શન કરવા ચહાતો હતો, પણ આ વખત પ્રભુ ઇસુ ઘણા લોકોની ભીડમાં વચ્ચે ચાલતો હશે એમ જાણીને ગુલરના ઝાડ ઉપર ચઢી ગયો, કારણ કે તે પોતે ઠિંગણો હતો; તેથી ભીડની વચ્ચે જોઇ શકે નહિ ને પાસે જતાં લોકો અટકાવે એવું હતું.

વાંચનાર મિત્ર જાણે છે કે પોતાના લોકોનો ઉદ્ધાર કરનાર મસીહને જોવા સારૂ જાખી એક ઝાડ ઉપર ચઢી ગયો હતો, એટલે તેની નજરે પોતાનો પસંદ કરેલો તારનાર દૃષ્ટિગોચર થયો ને જેમ જેમ તે પાસે આવતો ગયો, તેમ તેમ તેના અંતઃકરણમાં આશ્ચર્યના તરંગો ઉછળવા લાગ્યા. આ વખતે પ્રભુ ઇસુએ તેને માત્ર દર્શનનો લાભ આપ્યો, એટલુંજ નહિ પણ તેથી વિશેષ તેને આત્માનું દાન આપ્યું હતું.

જે જગ્યાએ એ જકાતદાર હતો તે જગ્યાએ આવતાં સદ્‌ગુરૂ થોભી ગયા ને તેની તરફ પ્રેમ દૃષ્ટિ કરતાં બોલ્યા કે, "જાખી, તું જલદી ઉતરી આવ, કેમકે મારે આજ તારે ઘેર ઉતરવાનું છે" (લુક ૧૯; ૫). શું નાત બહાર, જાતિભ્રષ્ટ થએલો ને નીચ મનાએલો જાખી, તેને ઘેર આ મહાન સદ્‌ગુરૂ ઉતારો કરશે! જે પવિત્ર મનાએલો દેવપુત્ર, તે એવા અધમ માણસોની પંક્તિમાં બેસી ભોજન પાન કરશે! હા, જે ખરો પારસમણી છે તેને સર્વ કંચનરૂપ છે, માટે તે અશુદ્ધ થનાર નથી.

પ્રભુના શબ્દોથી આનંદ પામી એ પતિત માણસ એકદમ નીચે ઉતરી આવ્યો ને "ખુશીથી તેનો અંગીકાર કીધો." ઠીક, પણ પ્રભુ તેને ઘેર શું કરવા ગયો? શું તે ફરોશીઓને લજાવવા સારૂ ગયો? કે શું તે પૈસાદારનાં નાણાં હરણ કરવા સારૂ ગયો? કે શું પોતાના શત્રુઓથી રક્ષણ પામવા સારૂ ત્યાં ગયો હશે? ના, તેવું કાંઈ નહિ. પણ જે પોતાના દુશ્મનોની કચકચથી તથા લજ્જાથી નીડર, પસ્તાવિક અંતઃકરણવાળો શિષ્ય હતો, તેને સર્વોત્તમ તારણનું દાન આપવા સારૂ તે તેને ઘેર ગયો હતો.

એ પ્રમાણે સદ્‌ગુરૂએ જાખીને ઘેર જઇને તેને મૂલ્યવાન તારણ આપ્યું, તેનાં અમંગળ કાર્યોથી તેણે ઈસ્રાએલના પ્રજાપણાનો હક ગુમાવ્યો હતો તે આજ તેને પાછો આપ્યો. "આજ આ ઘેર તારણ આવ્યું છે, કારણ કે તે પણ ઇબ્રાહીમનો દીકરો છે" (લુક ૧૯; ૯). અહીં પ્રભુએ જે દયા કરી તે વ્યર્થ ગઈ નથી, કારણ કે તેથી જાખીને ખરો પશ્ચાત્તાપ તથા ફળદાયક વિશ્વાસ થયો હતો. તેણે અન્યાયીપણાથી જે દ્રવ્ય મેળવ્યું હતું, તેથી ચોગણું પાછું વાળી આપ્યું, તથા જે પોતાના હકનું હતું, તેમાંથી અર્ધો ભાગ ગરીબ લોકોને આપવા અર્પણ કર્યો.

જ્યારે દેવે તેને ન્યાયીપણું આપ્યું ત્યારે અન્યાયીપણાથી મેળવેલા દ્રવ્યની અભિલાષા રહી નહિ. હવે તેને દિવ્ય સંપત્તિ મળી, માટે પોતાની નાશવંત સંપત્તિ પરોપકારને અર્થે વાપરવામાં તે પોતાનું કર્ત્તવ્ય સમજ્યો હતો. જેઓ ઇસુ ઉપર ખરો વિશ્વાસ રાખે છે તેઓમાં એવોજ ફેરફાર થાય છે કે, તે બધાં પાપકર્મનો ત્યાગ કરી ખરાં સત્કર્મરૂપ ફળો દેવને અર્પણ કરે છે.

જાખીના ઘરથી નીકળતાં કિંવા રસ્તે પડ્યા પછી પ્રભુએ એક દાખલો આપ્યો તેમાં દશ મહોરની વાત આવે છે. આ દાખલો ખરેખરો પ્રસંગોપાત અને સમયાનુસાર હતો. હવે યરૂશાલેમ નજદીક સાત આઠ ગાઉને અંતરે તેઓ આવી પહોંચેલા હતા, તે પ્રસંગે શિષ્યોના મનમાં ભિન્ન ભિન્ન વિચારો તથા ઈરાદા થતા હતા. તેઓ એમ ધારતા હતા કે, આ વખત અમારો સદ્‌ગુરૂ પોતાના મહા પરાક્રમી ચમત્કારો કરીને આકાશી રાજ્યની સ્થાપના કરશે ને પોતે મહિમા સહિત રાજ્ય કારોબાર ચલાવશે.

શિષ્યોના મનમાં તેમજ લોકોના મનમાં એવો ભ્રમ હતો તે દૂર કરવા સારૂ પ્રભુએ એક સુંદર દૃષ્ટાંત આપ્યું. તેમાં તે કહે છે કે, કોઇએક મોટો સદ્‌ગૃહસ્થ રાજ્યપ્રાપ્તિ કરવા સારૂ દૂર દેશાવર ગયો, ત્યારે પોતાના સેવકોને વેપાર સારૂ જુદી જુદી રીતે નાણાં આપતો ગયો. તેની ગેરહાજરીના વખતમાં ગામલોકોએ બાદશાહ પર અરજી મોકલી કે તેને અમારા પર રાજા નિમવો નહિ. પણ તે અરજી નામંજુર થઈ ને આખર તે ભલા ગૃહસ્થને રાજ્યાધિકાર મળ્યો.

હવે જ્યારે તે રાજ્યપદ પામીને પાછો આવ્યો ત્યારે તેણે પોતાના દુશ્મનોને શાસન આપ્યા બાદ સેવકોને બોલાવી હિસાબ લીધો, ને જે ભરોસાપાત્ર તથા ઇમાનદાર સેવકો હતા તેઓને ખરી શાબાશી તથા મોટી બક્ષિસ આપી ન્યાલ કીધા. પણ જેઓ નકામા તથા આળસુ હતા તેઓને તિરસ્કાર આપી તેમને આપેલી મિલકત પાછી લીધી ને બીજાને આપી.

આ દાખલાના અનેક અર્થ થાય એમ છે. તેમાં પ્રથમ એ છે કે પ્રભુ ઈસુ હવે આ જગત છોડીને જનાર છે તે વખત તેનો ત્યાગ કરનારા મોટી શિક્ષાને પાત્ર થશે. તેના સેવકોને જે સંપત્તિ આપી જાય છે તેનો લાયક ઉપયોગ કરનારા સારો બદલો પામશે ને બીજા સજા પામશે. વળી તે કયારે આવશે તેની ચોકસ વેળા ઠરાવેલી નથી, તોપણ તે નક્કી આવશે ને તેના સેવકોનો હિસાબ લેશે. તે વખતે આળસુ તથા નિરૂદ્યમીઓનો દંડ થશે પણ ઉદ્યોગીને ઈનામ આપશે; તેમજ જેઓ તેનો અધિકાર તુચ્છ માનનારા હશે, તેઓને શિક્ષા આપ્યા વિના તે રહેશે નહિ.

જ્યારે આ દૃષ્ટાંત આપ્યું ત્યારે પ્રભુ ઉભો હતો ને સાંભળનાર તેની સામે એકાગ્ર ચિત રાખી સાંભળતા હતા એમાં સંદેહ નથી. એ પ્રમાણે બોધ આપી "તે યરૂશાલેમ તરફ ચાલતો થયો" (લુક ૧૯; ૨૮).

ખંડ ૬ ટ્ઠો.

પ્રભુ ઇસુ બેથાનીઆમાં આવ્યો ત્યાર બાદથી તેના પુનરૂત્થાન સુધીની વાતો.

માર્ચની ૩૧ મીથી એપ્રિલ માસની ૯ મી સુધી. યહુદી માસ નીસાનની ૯ મીથી ૧૭ મી સુધી.

અધ્યાય ૧ લો.

બેથાનીઆમાં પ્રેમભોજન.

આ પુસ્તકમાં પ્રભુના જીવનચરિત્ર સંબંધી અમે જે જે ખંડો બતાવ્યા છે તેના છટ્ઠા ખંડની હકીકત અત્રે આપવાના છીએ. આગળ આવી ગયા તે ખંડોની કાળગણુના પ્રમાણે સરખાવતાં આ ખંડનો સમય ઘણો થોડો છે, તેમ છતાં તેની અંદર ઘણાં કાર્યો બન્યાં તે મોટા મહત્વનાં છે.

યરેખોથી યરૂશાલેમ શહેર ઘણું દૂર નથી, એટલે આસરે સાડા પાંચ કલાકની મજલ કરીએ તો ત્યાં પહોંચી શકાય તેમ છે, તોપણ સદ્દગુરૂ એકદમ ત્યાં ગયા નહિ. તેઓએ પોતાના સાથી મુસાફરો સહિત બેથાનીઆમાં આવી મુકામ કીધો. હજી પાસ્ખા પર્વની આડા ૭ દિવસ બાકી રહેલા હતા, તેથી એમ કહેવાય કે યહુદીઓના નીસાન માસની આઠમી તારીખે સંધ્યા સમયે તેઓ ત્યાં આવ્યા, ને એ પ્રમાણે માર્ચની એકત્રીસમી શુક્રવારે બેથાનીઆમાં મુકામ થયો.

આ ગામમાં પ્રભુ ઇસુના વ્હાલા શિષ્યો તથા મિત્રોનું ઘર હતું, તેમાં મારથા તથા મરિયમ એ બે બહેનો અને તેમનો સજીવન થએલો ભાઈ લાજરસ રહેતાં હતાં. માટે સદ્દગુરૂએ પોતાના સાથી મુસાફરોથી છૂટા પડી તેઓને ત્યાં ઉતારો કીધો. આ વખતે સદ્દગુરૂના આગમનથી તેઓ ઘણો આનંદ પામ્યાં, ને તેથી બીજા દિવસની સાંજે પ્રેમભોજનની મિજબાની કીધી હતી.

આપણે ઉપર વાંચી ગયા છીએ કે આ કુટુંબ પ્રભુ પર ઘણો પ્રેમભાવ રાખતું હતું. માટે તેનો આદરસત્કાર કરવામાં કાંઈ પાછું રાખ્યું નહિ, પણ પોતાથી બનતે પ્રયત્ને તેની સેવાચાકરી બજાવી હતી, ને તેથી આજે તેઓએ સદ્દગુરૂના માનમાં ઘણા પરોણાને આમંત્રણ આપી પોતાને ઘેર બોલાવ્યા હતા.

એ વેળા મરિયમ તથા લાજરસ સંતસમાજ સાથે પ્રભુના ચર્ણાંવિંદ પાસે બેઠાં બેઠાં તેનાં વચનામૃતની જ્ઞાનગોષ્ટિ સાંભળતાં હતાં, પરંતુ માર્થા તેના તરખડીઆ સ્વભાવ પ્રમાણે ભોજન સામગ્રિ સિદ્ધ કરવાના કામમાં રોકાએલી હતી; ને બાકીના બધા પરોણાઓ આવી પ્રભુની સાથે મંડળમાં બેસી વાર્તા વિનોદ સાંભળતા હતા.

પ્રભુ ઇસુએ જ્યારથી લાજરસને સજીવન કીધો ત્યારથી મરિયમના મનમાં પ્રભુ પર અધિક પ્રેમ થયો હતો એમ માનવામાં કાંઈ ખોટું નથી, કારણકે પ્રથમથી શિષ્યભાવનો ખરો પ્રેમ રાખી તેણી તેને ચાહતી હતી, ત્યાર બાદ તેમાં આભારભાવની વૃષ્ટિ થઈ એટલે પ્રભુએ લાજરસને સજીવન કીધો, તેથી આ પ્રેમાળ બહેનના શુદ્ધ પ્રેમમાં અતિ ઘણો વધારો થયો હતો. માટે એમ કહેવાય કે આજે તેનો પ્રેમી ભાવ ઉભરાતો હતો. તેણીના અંતઃકરણમાં પ્રેમ સાથે કૃતજ્ઞતા ભળેલી હતી તેથી તેણીનું મન ઘણું પ્રફુલ્લિત થયું, ને પ્રેમના તરંગો ઉપરાછાપરી ઉછળવા લાગ્યા હશે. એથી એમ કહેવાય કે અત્યાર પહેલાં રસરૂપ રહેલો પ્રેમ વારે વારે વચનદ્વારે દેખાવ આપતો હતો, પણ આજે તેથી આગળ વધી કાર્યરૂપે બહાર પડેલો દેખાય છે.

પ્રભુના પ્રેમથી ભરપૂર થએલી મરિયમ પોતાનો ઉછળતો પ્રેમ બતાવવા મૂલ્યવાન અત્તર લાવીને, પ્રભુના શીર પર ચોળ્યું. તેમજ તેના ચર્ણકમળ પર અત્તર ચોળી ચુંબન દઈ નમન કરી માથાના કેશથી લુછવા લાગી. એ વખત તમામ ઘરમાં ઉમદા ખુશબો ને પરિમળ પ્રસરી રહેલી હતી. તેથી બધા પરોણા પ્રેમી સેવાની ખુશબોથી ખુશ બની ગયા હશે. કદાપિ વાંચનાર મિત્ર આ વખતે ત્યાં હાજર હોત, તો તેના પ્રેમી કાર્યથી ઘણો આનંદ પામત એમાં શક નથી.

પણ અફસોસની વાત કે ત્યાં એક વિઘ્ન સંતોષી ધનલોભી ચોર બેઠો હતો, ને તે પ્રભુના મંડળનો ખજાનચી હતો. ધનલોભનું પાપ ઘણુંજ અધમ છે, તે માણસની સદ્વૃત્તિને મુંઝાવી ગુંગળાવી નાશ કરે છે. તેથી ભ્રષ્ટ થએલ માણસ સર્વ અન્યાય કરવામાં પ્રવૃત્તિ પામે છે, અને એના જેવું બીજું અધમ પાપ જગતમાં કોઈ નથી. લોકવાયકા એવી છે કે, "લોભ પાપનો બાપ છે" માટે તે લોભીને આ કામ સારૂં લાગ્યું નહિ.

મરિયમે વાપરેલું મૂલ્યવાન અત્તર કીંમતી હતું, તેથી ધનલોભી યહુદાની લાગણી તપી ઉઠી, ને તેના ભુંડા ડોળાથી તે ખમી શકાયું નહિ, કારણકે લોભવૃત્તિથી તેનું મન આંધળું થયું હતું. જોકે તે પોતાના સદ્ગુરૂ સાથે રહી પ્રકાશમાં ચાલતો હતો, તોપણ તેના અંધકારની છાયા તેના પગ તળે ગુપ્ત રહેલી હતી, ને તે અંધકાર તે પોતે સારીપેઠે જોતો હતો, તેમજ સદ્ગુરૂ ઇસુ પણ તે વાત જાણતો હતો.

સદ્ગુરૂ ઇસુ ઉપરથી તેની પ્રીતિ ઉતરી ગઈ હતી એટલુંજ નહિ, પણ તેને સ્થળે તે ગુરૂદ્રોહી થયો હતો; તેથી એવા દુર્જનના મનમાં આવ્યું કે જે કીંમતી પદાર્થ સદ્ગુરૂની સેવામાં વપરાયો, તે જો વેચી નાખવામાં આવ્યો હોત તો તેના પૈસા મારી થેલીમાં પડત. ગરીબ લોકોને દાન આપવા તથા અગત્યના ખરચને સારૂ જોઇતી સામગ્રિ ખરીદ કરવા જે પૈસાનો વહીવટ ચાલતો હતો તેનો કારભાર આ માણસના હાથે કરાતો હતો, માટે ઉપર મુજબ કહેવાય કે તે પ્રભુનો તીજોરીદાર હતો, તેથી તેના ધારવા પ્રમાણે તેને પોણોસો રૂપીઆનું નુકસાન થયું હોય એમ લાગી આવ્યું હશે.

હવે એટલી બધી મોટી રકમ માત્ર સદ્ગુરૂની શરીર સેવામાં વપરાઈ તેથી તેને આગ લાગી, ને એવો ભાસ થયો કે આ રકમ મારા હાથથી જતી રહી ને મને તેની ખોટ લાગી છે. તેથી તે બોલી ઉઠયો કે, "એ નુકસાન શા માટે? કેમકે એ અત્તર ઘણે મૂલ્યે વેચાત, ને દરિદ્રીઓને અપાત" (માત્થી ૨૬; ૮, ૯).

તેની એવી કંગાળ ને કૃપણ સલાહે કેટલીકવાર બીજા શિષ્યોનાં મન પર અસર કીધી હશે. પરંતુ આગળ જતાં તેઓ તેના મનનો ભેદ સમજી ગયા હતા, કારણકે તેઓમાંનો એક લેખક એમ લખે છે કે, "તેને દરિદ્રીઓને માટે દાઝ હતી માટે એમ બોલ્યો એમ નહિ, પણ તે ચોર હતો, ને થેલી રાખતો હતો, ને તેમાં જે નંખાતું તે લઈ જતો હતો, તે માટે કહ્યું" (યોહા. ૧૨; ૬). આ જગ્યાએ ખરા શિષ્યનાં તથા ઢોંગી શિષ્યનાં નિરનિરાળાં સ્વરૂપ દેખાઈ આવે છે. સદ્ગુરૂની ચર્ણસેવામાં મરિયમને મન પોણોસો રૂપીઆનું તેલ કંઈ હિસાબમાં નથી, પણ યહુદા જેવા દુરાત્માને ઇસુના જીવની કિંમત માત્ર ત્રીસ રૂપીઆ બરાબર છે.

હવે એ પ્રમાણે યહુદાએ મરિયમના પ્રેમનો અનાદર કરી તેણીને ઠપકો આપ્યો, પણ પ્રભુએ તેના પ્રેમનો અનાદર થવા દીધો નહિ. કારણકે પ્રભુએ કહ્યું કે, "એ બાયડીને કેમ સતાવો છો? કેમકે એણે તો મારા પ્રત્યે ઉત્તમ કામ કીધું છે. કેમકે દરિદ્રીઓ સદા તમારી સાથે છે, પણ હું સદા તમારી સાથે નથી" (માત્થી ૨૬; ૧૦, ૧૧). ત્યાર બાદ તેણે એક ભવિષ્ય કહ્યું તેની પૂર્ણતા આજ દિવસ સુધી થતી આવે છે ને થતી રહેશે. તે ભવિષ્ય એવું છે કે, "આ સુવાર્તા આખા જગતમાં જ્યાં કહીં પ્રસિદ્ધ કરાશે, ત્યાં એણે જે કીધું છે તે પણ એના સંભારણને સારૂ કહેવાશે" (માત્થી ૨૬; ૧૩).

યહુદાએ પ્રભુનું એ ભાષણ સાંભળીને તેજ રાત્રે યરૂશાલેમ જઈ મુખ્ય યાજકની મુલાકાત લીધી હતી, ને એવો બંદોબસ્ત કીધો કે હું વિશ્વાસઘાત કરી ઇસુને પકડાવી આપીશ. તે યાજકો યહુદાની પાસે ગયા નહોતા પણ યહુદા તે યાજકોની પાસે ગયો, "કેમકે તેઓએ ઇસુને કપટથી પકડીને મારી નાખવા

માટે મનસુબો કીધો હતો" (માત્થી ૨૬ ; ૪). એ ઉપરથી એવું અનુંમાન થાય છે કે ઘણા દિવસથી યહુદાના મનમાં ધુંધવી રહેલી અગ્નિ આજે સળગી ઉઠી, ને તે રાત્રે પ્રભુનાં વચનો સાંભળી ભડકારૂપે બળવા લાગી, કારણકે તેને ઠપકારૂપ નિમિત્તની આંચે પર્જળિત કીધી હતી.

પોતાના સદ્‌ગુરૂનું મૂલ્ય ઠરાવતાં યહુદાએ કેટલી ખેંચતાણ કીધી તે વિષે શાસ્ત્રમાં કંઈ વાત આવતી નથી, પરંતુ ત્રીશ રૂપીઆનો ઠરાવ થયો એવું ચોકખે-ચોકખું લખાણ છે. એ ઠરાવ કરતી વખતે તેને પકડાવવાનો દિવસ કે રાત નક્કી કરવામાં આવી નહિ, કારણકે જો પર્વના દિવસોમાં તેમ કરાય તો દંગો કે ફિસાદ થાય એવી તે ધુર્તના મનમાં ભીતિ હતી, માટે યોગ્ય વખતે તે ઘાટ ઘડી લેવો એ સંધિનો લાગ તાકતો રહ્યો.

હવે અહીં જમણની ધામધુમ ચાલે છે એટલામાં યહુદી લોકોનાં પુષ્કળ ટોળાં બેથાનીઆમાં આવ્યાં, કેમકે યરૂશાલેમમાં આવેલા મુસાફરોએ લાજરસના પુર્નજીવનની વાત સાંભળી હતી, તેથી તેઓ બધા તેને મળવાની તથા જોવાની ઇચ્છા રાખતા હતા. જોકે આ બધા યરૂશાલેમથી આવેલા હતા, તોપણ ત્યાંના મુખ્ય યાજકોની નાશકારક સલાહમાં તેઓનો લાગભાગ નહોતો. તેઓ બધા ભોળા અને નિષ્કપટી હતા, જે યરૂશાલેમીઓ આરંભમાં પ્રભુનો સ્વીકાર કરી સન્માન આપવા તત્પર થયા, તેમાંનો ઘણો મોટો ભાગ આ લોકોનો હતો તેથી તેઓએ તેના પર વિશ્વાસ કીધો હશે.

સુવાર્તાના લેખકોએ એવી નોંધ લીધી છે કે, "જ્યારે યહુદીઓમાંના ઘણા લોકોએ જાણ્યું કે તે ત્યાં છે, ત્યારે તેઓ એકલા ઇસુને લીધે નહિ, પણ લાજરસ જેને તેણે મરી ગએલાઓમાંથી ઉઠાડયો હતો, તેને પણ જોવા સારૂ આવ્યા. પણ મુખ્ય યાજકોએ લાજરસને પણ મારી નાખવાની મસલત કીધી હતી; કેમકે તેના કારણથી ઘણા યહુદીઓ ચાલ્યા ગયા ને ઇસુ પર વિશ્વાસ કીધો" (યોહા. ૧૨ ; ૯–૧૨).

અધ્યાય ૨ જો.

મહા મોટા સમારંભ સહિત પ્રગટરૂપે યરૂશાલેમમાં સદ્‌ગુરૂનો પ્રવેશ.

મારા સુજ્ઞ વાંચકવૃંદને સારીપેઠે યાદ હશે કે આ અરસામાં ઇસુ ગુરૂના નામની ખ્યાતિ આખા યહુદી મંડળમાં ફેલાઈ ગઈ હતી. તેથી ખુદ યરૂશાલેમમાં તથા પર્વ પર આવેલા યાત્રાળુઓમાં તેના વિષે ચરચા ચાલી, ને ઘણા લોકો તેના આગમનની રાહ જોતા હતા. હવે જ્યારે રવિવારની સવાર થઈ ત્યારે એ લોકોએ સાંભળ્યું કે આજે તે આવનાર છે તેથી લોકોમાં ઘણી ચરચા ચાલવા

લાગી. આપણે ઉપર વાંચી ગયા છીએ કે બેથાનીઆમાં ઘણા યહુદીઓ તેને મળવા આવ્યા હતા. તેઓએ ઘેર આવી સદ્‌ગુરૂના આગમન વિષે બાતમી પ્રગટ કરી, માટે ઘણાં માણસો તેનો આદરસત્કાર કરવા તૈયાર થયાં હતાં.

આપણે જાણીએ છીએ કે બેથાનીઆ યરૂશાલેમથી છેક નજીક છે, તેથી સદ્‌ગુરૂએ પગે ચાલતા જવાની તૈયારી કીધી હતી. તેઓ જૈતુન પહાડ ઓળંગીને જવા તૈયાર થાય છે, પણ આપણે જાણવું જોઇએ કે ત્યાં જવાના મુખ્ય ત્રણ રસ્તા છે ને તે જૈતુનના પહાડ પર થઇને ચાલે છે. તેમાંનો એક તેના ઉત્તર તરફના તથા મધ્ય શિખરની વચ્ચે થઇને ચાલે છે, બીજો સર્વથી મોટા શિખર પર થઈ અર્વાચીન એટતુર નામના ગામ પાસે થઇને જાય છે ને ત્રીજો સર્વથી મોટા મધ્ય શિખરને ઓળંગી ફરતાં ફરતાં દક્ષિણમાં થઇને આવે છે. અને એ રસ્તો સીધો તથા સહેલો ને ધોરી રસ્તો છે, પણ બીજા વાંકાચુંકા તથા અડચણ ભરેલા છે.

હવે આપણે જાણવું જોઇએ કે પ્રભુ ઇસુની સાથે ઘણા માણસો છે, માટે તેઓએ આ રાજમાર્ગ કે ધોરી રસ્તો પસંદ કીધો હશે એમાં સંદેહ જેવું નથી. બેથાનીઆથી નીકળી તાડોનું વન વટાવ્યું, ત્યાર બાદ બેથફાગે, (બેથફાગે એટલે અંજીરનું ઘર, કારણકે ત્યાં ઘણાં ને સરસ અંજીરો થાય છે) નામના એક ગામડા પાસે આવ્યા. ત્યાં પહોંચ્યા પછી પ્રભુએ થોડીવાર વિશ્રામ લીધો, તે દરમિયાન પોતાના બે શિષ્યોને મોકલી એક વછેરા વાળી ગધેડી મંગાવી. તે પર લોકોએ પોતાનાં વસ્ત્ર નાંખ્યાં અને પ્રભુએ સ્વારી કીધી. આજકાલ આપણા દેશમાં ગધેડા પર સ્વારી કરવી તે અતિ નિંદ્ય ગણાય છે, પણ તે દેશમાં એમ ગણાતું નથી.

પૂર્વકાળથી મોટા મોટા રાજાઓ તથા માનવંત લોકો ગધેડા ઉપર સ્વારી કરતા આવ્યા હતા તેનાં પ્રમાણ શાસ્ત્રમાં તથા જુના ઇતિહાસોમાં મોજુદ છે (ઉત્પ. ૪૯; ૧૪: ૨૨; ૩. ૨ શમૂ. ૧૩; ૨૯. ન્યાયા. ૫; ૧૦ ઇત્યાદિ). એજ પ્રમાણે પ્રભુ પોતાના શહેરમાં તથા મંદિરમાં આવશે એવી અગમવાણી લખેલી છે કે, "હે સિયોનની પુત્રી, બહુ હર્ષ કર; હે યરૂશાલેમની પુત્રી, પોકાર કર; જો, તારો રાજા તારી પાસે આવે છે; તે ન્યાયી તથા તારણનો માલિક છે; તે નમ્ર છે, અને ગધેડા પર હા, ખોલા એટલે ગધેડીના વછેરા પર સ્વાર થઇને આવે છે" (ઝખા. ૯; ૯).

હવે જ્યારે આ નમ્ર રાજા નમ્રતાના વાહન પર સ્વાર થયો ત્યારે લોકોએ પોતાની પાઘડીઓ ઉતારીને નીચે રસ્તામાં પાથરી, અને બીજા કેટલાએક ખજુરી, અંજીર કે જૈતુનની લીલી ડાળીઓ લાવીને રસ્તાની કોર પર ગોઠવી, અને આગળ પાછળ ચાલનારા ખુશીના પોકારથી સ્તુતિ ગાવા લાગ્યા કે,

"દાઉદના દીકરાને હોસાન્ના, પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે; પરમ ઉંચામાં હોસાન્ના" (માત્થી ૨૧; ૯). એમ *હર્ષનાદના પોકાર કરી રહ્યા હતા.

એ પ્રમાણે જયઘોષના આનંદી પોકારની સાથે લીલાંછમ જેવાં ખેતરોની વચ્ચે થઈ, વૃક્ષોની નીલવર્ણ ઘટામાં એકલ છાયાવાળા ભાગે પ્રભુ ઇસુની સ્વારી પર્વતનો ઉત્તર ભાગ વટાવી ઢોળાવ પર ચાલતી હતી. આ જગ્યાએથી શહેરનો તમામ ભાગ આબેહુબ દેખાતો હતો. આજકાલ યરૂશાલેમની યાત્રા કરનારા મુસાફરો આ સ્થળે આવી પોતાના ઘોડાઓની લગામ ઉતારી તંગ ઢીલા કરે છે, ને ઘડીભર વિસામો લઈ શહેરની રચના નિહાળે છે, કારણકે તે જગ્યા શહેરની રચના જોવાને બીજી બધી જગ્યા કરતા સર્વોત્તમ સ્થળ છે."

જેઓ આ શહેરની પ્રાચીન શ્રેષ્ઠતા તથા આબાદી ભરેલા ગૌરવી ઇતિહાસના જાણનાર છે, તેઓ તેની અર્વાચીન પતિત તથા કંગાળ હાલત જોઇને ખેદિત થયા વિના રહેતા નથી. અને એમ થાય તે સ્વાભાવિક છે કારણકે તેજ સ્થળે વ્હાલા તારનારે યરૂશાલેમને સારૂ અશ્રુપાત કીધો હતો. જોકે તે સમયમાં તે આબાદ તથા ગૌરવી હતું, તોપણ નિર્દોષ રક્તપાતને લીધે તથા તારનારનો ત્યાગ કરવાને લીધે તેના પર ભયંકર આફત તથા નાશ આવનાર હતો, તે ભાવી સંકટો જોતાં પ્રેમી પ્રભુનું હ્રદય પીડાયું, તેથી તેણે શોકિત થઈ વિલાપ કીધો.

ઉપર આપણે વાંચી ગયા કે સદ્ગુરૂએ લાજરસની કબર પાસે અશ્રુપાત કીધો, પણ આ સ્થળે તેણે પોક મુકીને રૂદન કીધું હતું! જ્યારે આગળ આવતા પાંચમા દિવસ પર ભારે અપમાન તથા લજ્જા, શારીરિક કષ્ટ તથા મનસ્વી સંતાપ વેઠયાં ત્યારે તેની આંખમાંથી એક આંસુ ખર્યું નહિ, પણ આ જગ્યાએ તે શોક કરતાં રડયો હતો! એમ થવાનું કારણ શું એવો પ્રશ્ન ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. અને તેનો જવાબ એક છે અને તે એવો કે, આ રૂદન તે તો મસીહના મોટા વિલક્ષણ જયાનંદ તથા જયસમારંભનો અશ્રુપાત હતો!

જે નગરનું તારણ કરવા સારૂ હવે વખત રહ્યો નથી તે નગરને સારૂ તારનાર શોક કરે છે, જે દેશ તથા દેશજાતિ ઉપર રાજ્ય કરવાની અભિલાષા રાખનાર રાજા તેજ તે રાષ્ટ્રના નાશ બાબત ભવિષ્ય કહે છે કે, "જો તેં, હા તેં, શાંતિને લગતાં જે વાનાં તે આજે જાણ્યાં હોત તો કેવું સારૂ! પણ હમણાં તેઓ તારી આંખોથી સંતાએલાં છે. કેમકે તારા ઉપર એવા દિવસો આવી પડશે કે જ્યારે તારા વૈરીઓ તારી સામા પાળ બાંધશે, ને તને ઘેરો ઘાલશે, ને ચારોતરફ તને સંકડાવશે. અને તેઓ તને તથા તારી મધ્યે તારાં છોકરાંને જમીન પર પછાડી નાખશે, ને તેઓ તારામાં એક પત્થર પર બીજો પત્થર રહેવા દેશે નહિ, કેમકે તારી કૃપાદ્દષ્ટિનો સમય તેં જાણ્યો નહિ" (લુક ૧૯; ૪૨-૪૪).

ઉપર બતાવેલું ભવિષ્યવચન માત્ર પચાસ વર્ષની અંદર બહુ ભયંકર રીતિએ પરિપૂર્ણ થયું, તેની હકીકત યોસેફસના ગ્રંથોમાં વિસ્તારથી લખેલી છે. તે લખે છે કે રૂમી સેનાપતિ તીતસ યરૂશાલેમ પર સ્વારી લાવ્યો ને શહેરની આસપાસ ઘેરો ઘાલ્યો, તેથી થોડાજ વખતમાં તે શહેર તથા આજુબાજુના પ્રાંતો નષ્ટ ને પાયમાલ કીધા, ને મોટું ગંજાવર ને આબાદ શહેર ખેદાનમેદાન બનાવી નાખ્યું. તેની મોટી મોટી ભવ્ય ઇમારતો તથા સુંદર રંગભુવનો જમીનદોસ્ત કીધાં, અને તેનો મજબૂત કિલ્લો તથા ઉંચા બુરૂજો તોડી પાડીને પાધર બનાવી મૂકયું હતું, માટે એમ કહેવાય કે એ સુંદર ને સુશોભિત નગરી ઉજડ, વેરાન ને પાધર બની ગઈ. એવી સ્થિતિમાં જો કોઈ જુના જમાનાનો યહુદી ત્યાં આવે, તો તેને અમુક જગ્યાની નિશાણી શોધવી મુશ્કેલ થઈ પડે એવું થયું.

ચાલુ જમાનામાં કેટલાએક શોધખોળ કરનારા મુસાફરો ત્યાં જાય છે, ને તેઓ અસલી શહેરને ઠેકાણે ઓછામાં ઓછું વીશેક ફુટ ખોદે, ત્યારે કાંઈ જુના નેખમ કે પાયાનો પતો મેળવવા શક્તિવાન થાય છે. આજકાલ માત્ર એકજ ઠેકાણે જુના વખતની ભાગીતુટી ઈમારતોનાં ખંડિયેરના ઢગલા રહેલા છે, ત્યાં દર શુક્રવારે થોડા યહુદીઓ એકઠા મળી પોતાના વ્હાલા શહેરને માટે રૂદન કરે છે; એ પ્રમાણે તે યરૂશાલેમ પતિત સ્થિતિએ આવી ગયું.

હવે આપણે એની કર્મકથા એટલે રાખી પાછા પ્રભુ ઇસુની મુલાકાત લઇએ તો ઠીક. તેઓ પોતાની સુંદર સ્વારી સાથે જૈતુન પહાડના ઉતરતા ઢોળાવ ઉપર ઉભા રહેલા છે, તેઓની તથા શહેરની વચ્ચે માત્ર કિદ્રોન નાળું ઓળંગવું બાકી છે, તેથી સ્વારીની વિજયગર્જના શહેરમાં સંભળાવા માંડી, ને શહેરના લોકોમાં તેની પૂછપરછ થવા લાગી. એ પરથી તે લોકોને ખબર પડી કે સદ્‌ગુરૂ ઇસુ આવે છે માટે તેઓ તેને માન આપવાને સામૈયું કાઢવા તૈયાર થયા, ને જેમ આવનાર લોકો હાથમાં ડાળી પકડી હોસાના ગાતા હતા, તેમ તેઓ પણ હાથમાં ડાળીઓ લઈ ગાતા ગાતા સામા ગયા. જે વખતે આ બન્ને સમુદાયનો સમાગમ એકઠો થયો, તે વખતે ઘણી ખુશીના પોકાર સહિત હોસાન્નાની ગગનભેદક સ્તુતિની ગર્જના થવા લાગી, ને બન્ને પક્ષના લોકોએ આ ઇસ્રાએલના રાજાને મોટો ધન્યવાદ આપ્યો. આ સમુદાયમાં કેટલાએક ફરોશીઓ હતા, તેઓ આ વિજયગર્જના સાંભળી બળવા લાગ્યા હશે, પણ તેઓને મુંગે મ્હોડે સાંભળવું પડયું હતું, કેમકે ત્યાં તેમના હુકમને ગણકારનાર કોઈ હતું નહિ.

હવે જ્યારે આ મોટા જયઘોષ સાથે સદ્‌ગુરૂની સ્વારી શહેરમાં પેઠી, ત્યારે લોકોમાં ઘણો ખળભળાટ થયો. તેઓ એક બીજાને પુછવા લાગ્યા કે, "આ કોણ છે?" લોકો તેના જવાબમાં કહેવા લાગ્યા કે, "એ તો ઇસુ નાઝારી ગાલીલનો ભવિષ્યવાદી છે." યરૂશાલેમના માણસોને એ ઉત્તર કંઈ

ગોઠતો આવ્યો હોય એમ લાગતું નથી, કારણકે તેમાં ગાલીલીઓનો કાંઇક દેશાભિમાન હોય એમ જણાય છે. વળી એ પ્રમાણે ગાલીલીઓ ઇસુને માત્ર ભવિષ્યવાદીજ કહે છે; પણ યરૂશાલેમીઓ મસીહના રાજ્યની અપેક્ષા કરતાં વાટ જોતા હતા.

હવે જ્યારે આ સરઘસ છેક મંદિર સુધી આવ્યું, ત્યારે ત્યાંથી લોકોની ગીરદી વિખેરાઈ ગઈ. પછી ઇસુ એકલો પોતાના શિષ્યો સહિત મંદિરમાં ગયો ને ચોતરફ નિહાળીને જોવા લાગ્યો, એટલામાં સાયંકાળ થયો હતો; માટે તે રાત્રી નિર્ગમન કરવા સારૂ પાછો બેથાનીઆ ગયો (માર્ક ૧૧; ૧૧).

આ પ્રમાણે મોટા સમારંભથી યરૂશાલેમમાં પ્રવેશ કરવો, તેમાં પ્રભુનો શું હેતુ હશે? અગાડી કોઈ વખત તેણે લોકો પાસેથી એવું માન લીધું નહોતું. પોતાની કીર્તિ વધારવી, કે લોકોમાં પોતાની વાહવાહ કહેવડાવવી, એવી તેની ઇચ્છા નહોતી. જ્યારે આગળ આવેલા વખતમાં લોકોએ રાજીખુશીથી, આવેશ સહિત, તેને રાજા કરવાની કોશેશ કીધી, ત્યારે તેણે તેઓને એમ કરવા દીધું નહિ, તો પછી હાલ તેણે આવડું મોટું માન શું કરવા લીધું હશે? વળી મુખ્ય અધિકારીઓ જે તેનો ઘાત કરવા તૈયાર થએલા હતા, તેઓએ શું કરવા આમ થવા દીધું હશે? એ બધા સવાલોનો ટુંકો જવાબ આપીએ તો એમ કહેવાય કે યહુદી લોકો તેને મસીહ અને રાજા તરીકે ઓળખે ને તેવોજ તેનો સ્વીકાર કરે, માટે ઇસુએ તેઓને આ છેવટનો પ્રસંગ આપ્યો હતો. આ પ્રસંગે લોકોએ જે જે ભાષણો કરી તેની આગતાસ્વાગતા તથા સ્તુતિ કરી તે બધું શાસ્ત્રનાં વચનો પ્રમાણે હતું. "દાઉદના પુત્રને હોસાન્ના, પ્રભુને નામે આવનારને ધન્યવાદ થાઓ; ઇસ્રાએલનો રાજા જે પ્રભુને નામે આવે છે તેને ધન્ય છે." આ બધાં અભિવંદન આપવાનાં વચનો તે તો ખરેખરાં સાધારણ નહિ પણ અસાધારણ હતાં, માટે એમ કહેવાય કે એ બધું કાર્ય ઇશ્વરી પ્રેરણા પ્રમાણે થયું.

આ રીતે પ્રભુએ આગમન કીધું તેમાં બીજો એવો અર્થ દેખાય છે કે, નીસાન માસની દશમી તારીખે પાસખાનું હલવાન પસંદ કરવાનો રીવાજ હતો. એ દેવાજ્ઞા પ્રમાણે મુકરર થએલી તારીખ હતી. તેથી આ દેવનું હલવાન જે ઇસુ, તે સંપૂર્ણ પાસ્ખાયજ્ઞ થવા સારૂ, સર્વ સમક્ષ સુપ્રસિદ્ધ રીતે દર્શન આપી પોતાના પવિત્ર અર્પણની સૂચના પરિપૂર્ણ કરવાનો હતો.

હવે આ તારીખે જે વાર આવ્યો તે રવિવાર હતો, તે આગળ જતાં ખ્રીસ્તીઓનો સાબ્બાથવાર થયો, અને કેટલીએક પ્રાચીન મંડળીઓમાં તેને "પામ સન્ડે" (એટલે ખજુરીની ડાળીઓનો સાબ્બાથ) માની પાળતા આવે છે.

અધ્યાય ૩ જો.

બીજે દિવસે સોમવારે ઇસુ યરૂશાલેમ જાય છે.—નિષ્ફળ અંજીરીનું ઝાડ.—બીજીવાર મંદિરનું શુદ્ધિકરણ.—મંદિરમાં બાળકોથી ઇસુની સ્તુતિ થાય છે.—મંગળવાર–ધર્મ અધિકારીઓ ઇસુના અધિકાર સંબંધી પુછે છે.—દ્રાક્ષવાડીનો દાખલો.—રાજાના પુત્રનો દાખલો.—યહુદીઓની શબ્દજાળ.—સાદુકીઓનો સવાલ.—કોઇએક જુવાન શાસ્ત્રી.—દાઉદનો પુત્ર.—ફરોશીઓ પર શ્રાપોચ્ચારણ કરવામાં આવે છે.

હવે બીજા દિવસની સુપ્રભાતે મોટા પરોઢીઆમાં ઇસુ ઉઠયો ને સોમવારે શહેરમાં ગયો. એ વખત રસ્તે ચાલતાં ચાલતાં તેને ભૂખ લાગી હતી. તે એવી રીતની હતી કે તેને કાંઈ ખાવાનું મન થયું. તેથી તેણે આજુબાજુ જોયું, તો એક નવપલ્લવ લીલાંછમ જેવાં પાત્રાંના ભરાવવાળી અંજીરી નજરે પડી, માટે કંઈ ફળ પામવાની આશાથી ત્યાં ગયો (માર્ક ૧૧; ૧૩) પણ ત્યાં પાત્રાં સિવાય બીજું કંઈ મળ્યું નહિ. તેના સંબંધમાં સુવાર્તિક માર્ક એવું લખે છે કે, "હજી અંજીરીની મોસમ આવી નહોતી," તોપણ તે ઝાડ ઉપર ફળ હોવું જોઇતું હતું, કારણકે અંજીરના નિયમ પ્રમાણે પહેલાં ફળ ને પછી પાત્રાં આવે છે, પણ એ ઝાડ વાંઝયું હતું. જો આગળના ગયા વર્ષમાં તેના પર કાંઈ ફળો આવ્યાં હોત, તો તેનો કાંઈ શેષ ભાગ બાકી રહેવો જોઇતો હતો. અને જ્યારે આ વર્ષનો ફાલ આવ્યો, ત્યારે પાત્રાં ફુટયા પહેલાં તેના પર ફળો હોવાં જોઇતાં હતાં.

યહુદાહ દેશમાં આગતર અંજીરીને "બાકુરોથ" અને પાછતરને "કરમોસસે" કહેતા હતા, પરંતુ આ ઝાડ આગતર કે પાછતર નહોતું, પણ કેવળ પૃથ્વી પર ભારરૂપ હતું. તે ઉપરથી દાંભિક માણસોને બોધ મળે માટે પ્રભુએ તેને ભયંકર શ્રાપ આપ્યો હતો, તે એવો કે "હવે પછી તારા પરથી કોઈ ફળ ન ખાઓ." એવા શબ્દોનો ઉચ્ચાર થતાં વાર તે ઝાડ સૂકાંઈ ગયું, ને તેનાંમાં નિષ્ફળ રહેવા તથા ઉપરથી ભપકો બતાવવાનો જે જીવ હતો તે નાશ પામ્યો.

ત્યાર બાદ પ્રભુ પોતાના શિષ્યો સહિત મંદિરમાં ગયો, આ વખત પહેલાં ત્રણ વર્ષ અગાઉ તે મંદિરમાં પોતે ગયો હતો. ત્યારે તેના આંગણામાં જે વેપાર ચાલતો તે તેણે બંધ કરાવ્યો હતો, પણ પાછળથી તે ધીમે ધીમે શરૂ થયો. માટે આ બીજીવાર આવીને જોયું તો ત્યાં પ્રથમની પેઠે દુકાનો હતી, તેથી આ વેળા તેણે તે ફરીથી કાઢી ને બીજી વાર શુદ્ધિકરણ કીધું. ત્યાર બાદ તે મંદિરના દરવાજા પાસે આવ્યો, ને ત્યાં જે આંધળાં તથા લંગડાં બેઠાં હતાં તેઓને સાજાં કીધાં, એ બધાં ત્યાં બેસીને માત્ર જુજ ભીખ માગતાં હતાં, પણ

આજે તેઓ તારનારથી મોટું કૃપાદાન પામી સાજાં થયાં. માટે તેઓ સદ્‌ગુરૂને ધન્યવાદ આપી "હોસાન્ના" ગાવા લાગ્યાં, તેમની સાથે કેટલાંએક બાળકો જે ત્યાં હાજર હતાં તેઓ પણ "હોસાન્ના" ગાવા લાગ્યાં.

એ રીતે મંદિરમાં સદ્‌ગુરૂને જયનાદની સ્તુતિ મળી, તે કેટલાએક શાસ્ત્રીઓ તથા ફરેશીઓને સારી લાગી નહિ. ઇસુ ગુરૂનો એવો ધન્યવાદ સાંભળીને તેઓનો પીત્તો ખસી ગયો, તેથી તેઓ ક્રોધાવેશમાં સદ્‌ગુરૂ પાસે આવ્યા ને કહેવા લાગ્યા કે, "આ લોકો શું બોલે છે તે તું સાંભળે છે?" પ્રભુએ તેના જવાબમાં ઉત્તર આપ્યો કે, "બાળકોના મ્હોથી તેં સ્તુતિ પ્રગટ કરાવી છે, એ લેખ તમે વાંચ્યો છે?" એ જવાબ સાંભળીને તેઓ પર્જળિત થયા તોપણ તે વખતે છાના રહ્યા. જોકે તેઓએ તેનો ઘાત કરવાની કોશેશ કીધી હતી ખરી, તોપણ લોકોના ભયથી તેના પર હાથ નાખી શકયા નહિ. કારણકે લોકોના મનમાં પ્રભુ વિષે ઘણો આવેશ હતો, તેથી જો તેના પર હાથ નાખે તો તોફાન થયા વિના રહે તેમ નહોતું. એ વાતને અનુલક્ષ આપતાં, સુવાર્તિક માર્ક એવો ઇસારો કરે છે કે, "તેઓએ તેને પકડવાની કોશેશ કરી પણ તેઓ લોકોથી બીધા."

તે દિવસના સંધ્યાકાળે સદ્‌ગુરૂ પાછા બેથાનીઆમાં ગયા ને મંગળવારે પાછા યરૂશાલેમમાં આવ્યા. એ વખતે પેલી શ્રાપિત અંજીરી બળી ગએલી હતી, તે જોતાં શિષ્યોના મનમાં ઘણો અચંબો થયો, ને જ્યારે તે વિષે વાતચિત થઈ, ત્યારે પ્રભુએ એ લાક્ષણિક ક્રિયામાં જે બીજો ઉપદેશ રહેલો હતો તે બતાવ્યો, અને તે ઉપરથી બોધ આપ્યો. તેણે તેઓને કહ્યું કે, "જો તમને વિશ્વાસ હોય ને સંદેહ ન લાવો તો આ અંજીરીને જે થયું તે તમે કરશો, એટલુંજ નહિં પણ જો તમે આ પહાડને કહેશો કે, તું ઉંચકાઈ જા ને સમુદ્રમાં નંખા, તો તેમજ થશે" (માત્થી ૨૧; ૨૧).

હવે ઇસુએ મંદિરમાં આવી પોતાના નિત્યક્રમ પ્રમાણે લોકોને સુવાર્તા સંભળાવી ઉપદેશ આપ્યો, તે દરમિયાન મુખ્ય યાજકો શાસ્ત્રીઓ તથા વડીલોને લઇને ત્યાં આવ્યા અને સદ્‌ગુરૂ પ્રત્યે એવો પ્રશ્ન કીધો કે, તમને આવાં કામ કરવાનો અધિકાર આપનાર કોણ છે? તેના જવાબમાં પ્રભુએ તેઓને એક પ્રશ્ન કીધો, પણ સરળ જવાબ આપ્યો નહિ. તેણે તેઓને કહ્યું કે, હું તમને એક વાત પુછીશ, જો તમે મને તેનો જવાબ આપશો, તો હું તમને તમારા સવાલનો જવાબ આપીશ. પછી તેણે તેઓને કહ્યું કે, "યોહાનનું બાપ્તિસ્મા [કયાંથી] હતું, આકાશથી કે માણસોથી હતું" તેનો જવાબ આપો. તે સાંભળીને તેઓ છાના રહ્યા, પણ તેને કંઈ ઉત્તર આપ્યો નહિ. જો તેઓએ કહ્યું હોત કે, યોહાન પ્રભુ તરફથી મોકલાએલો ભવિષ્યવાદી હતો, તો તેઓને સદ્‌ગુરૂનો અધિકાર માન્ય કરવો પડે એમ હતું, કારણકે યોહાને પ્રભુ ઇસુ વિષે

સાહેદી આપી. વળી જો તેઓ કહે કે યોહાનનું કામ મનુષ્યયોક્ત હતું, તો લોકો તેઓને પત્થરે મારે તેમ હતું, કેમકે સર્વ લોકો યોહાનને ભવિષ્યવાદી માનતા હતા.

એમ હતું માટે તેઓએ તાત્કાળિક કંઈ જવાબ આપ્યો નહિ; પણ પાછળથી ધૂર્તપણાએ જવાબ આપ્યો કે, યોહાન કોણ અને કયાંથી છે, એ અમે જાણતા નથી. એ સાંભળીને પ્રભુએ પણ એવોજ જવાબ આપ્યો કે, "હું કયા અધિકારથી એ કામો કરૂં છું તે તમને કહેતો નથી." પછી તેણે દ્રાક્ષવાડીનો તથા તેના ધણીનો ને દુષ્ટ ચાકરનો દાખલો કહ્યો (માત્થી ૨૬; ૩૬-૪૬. માર્ક ૧૨; ૧-૧૩. લુક ૨૦; ૯-૧૯). આ દાખલામાં તેણે પોતાના પુત્રપણાનો અધિકાર ચોકખેચોકખી રીતે દેખાડયો છે. તમે મને મારી નાખશો ને ત્યાર પછી તમારી પાસેથી રાજ્ય છીનવી લેવામાં આવશે, આ વાત તેણે પહેલી વહેલી દૃષ્ટાંતરૂપે કહી હતી, ને તેથી તેઓને ચેતવણી આપી તેનો ખરો અર્થ કીધો. એ પરથી તેઓ બરાબર સમજ્યા કે "આ અમારા વિષે બોલે છે" પણ તે વખત તેઓ તેને પકડી શકયા નહિ, કારણકે તેઓ લોકોથી ડરતા હતા (માર્ક ૧૧; ૧૮).

હવે એ પ્રમાણે ફરોશીઓ નાસીપાસ થયા તોપણ તેઓ મંદિરમાંથી જતા રહ્યા નહોતા, માટે સદ્ગુરૂએ તેઓને એક બીજો દાખલો આપ્યો, તેમાં રાજાના પુત્રના લગ્નજમણની વાત આવે છે (માત્થી ૨૨; ૧-૧૪). આ જમણમાં આમંત્રણ પામનારાઓ રાજ્ય વારસની કેવી મશ્કરી કરે છે, ને અપમાનભરી રીતે તેઓ તિરસ્કાર બતાવે છે, એ આબેહુબ બતાવેલું છે. વળી તે બતાવે છે કે એ પ્રમાણે યહુદીઓ મસીહનો તિરસ્કાર કરશે, ને તે કારણથી તેમના પર મહા મોટો પીડાપાત આવશે. પ્રભુ યહુદી મંડળીનો પરિત્યાગ કરશે ને તેની જગ્યાએ બીજા વિદેશીઓને ઠરાવશે અને મહિમાવાન કરશે, એવો બોધ તથા ઇસારો બતાવેલો છે.

ઉપર આપેલા દાખલાઓમાં અતિ ઘણાં તિક્ષ્ણ વાકય બાણો કહેલાં છે, તે સર્વ ફરોશીઓના હૃદયોમાં પેસી ગયાં. માટે તેઓએ મસલત ચલાવી કે હવે આપણે પગે કમાડ વાળી તેને રાજ્યદ્રોહી ઠરાવવો, પછી રાજ્યકારભારી તેનો નાશ કરશે, એથી લોકોમાં આપણે કડવા થવાનો પ્રસંગ આવશે નહિ. આ કઠણ ને કૃપણ તથા કંગાળ કપટકળા કરનાર કુટીલ લોકોનું કાવતરૂં, અતિશય નીચ ને નિંદાયુક્ત હતુ. કેમકે એક ખરો દેશભક્ત ને રાજ્યનો વફાદાર પુરૂષ, તેને કાવતરાંખોર તથા રાજ્યદ્રોહી ઠરાવવો, એ અતિ અધમ કૃત્ય હતું, તેમ છતાં સ્વાર્થ સાધુ અને દેશદ્રોહી ફરોશીઓ બેવફાદાર થઈ રાજ્યકારભારીને અવળે રસ્તે દોરવા તત્પર થયા. મરાઠી ભાષામાં એક કહેવત ચાલે છે કે, "જેને શબ્દજાળમાં સપડાવા ચાહો, તેને બહુ બોલવાનો પ્રસંગ આપો."

હવે મનુષ્યઘાતક ને હાડવૈરી ફરોશીઓએ ઉપર બતાવેલી કહેવત પ્રમાણે સદ્‌ગુરૂને સારૂ ફાંદો રચ્યો. તેઓએ પોતાના કેટલાએક સાગ્રીતોને તેની પાસે મોકલ્યા, ને એવી રીતે શિખવ્યું કે તેઓ સ્વામીજીની પાસે જાય ને એ પ્રપંચી પ્રશ્ન પુછે. એ પ્રમાણે ફરોશીઓના શિષ્યો સદ્‌ગુરૂની પાસે આવ્યા અને પુછવા લાગ્યા કે, "ગુરૂજી, કાઇસારને કર આપવો ઉચિત છે કે નહિ તે અમને કહો." આ સંવાલ કાંઈ સાધારણ નહિ પણ મોટા મહત્વનો હતો, વળી તેના ઉત્તરમાં સાધારણ બુદ્ધિના માણસને પકડવાની સારી યુક્તિ હતી. કારણ કે રૂમી સરકારને કર આપવો એ ફરોશીઓને પાપરૂપ ભાસતું હતું, તેથી તેઓ પોતાના લોકોને રાજ્ય વિરૂદ્ધ ઉશ્કેરી જાતે અલગ રહેતા હતા, માટે આ સવાલમાં મસીહને વાસ્તે ખરી કસોટી તથા ફાંદો હતો. કારણકે ખુદ ઇસ્રાએલનો રાજા તે રૂમી સરકારને કર આપવાનું પોતાની પ્રજાને ફરમાવે, એ તેના મહિમા તથા મહત્વને લાંછનરૂપ ગણાય એમ હતું.

જો બધા યહુદીઓ તથા ફરોશીઓ વિદેશી રાજાને કર આપવા નાખુશ હોય, તો ફરોશીઓ તથા યહુદીઓનો તારનાર મસીહ, તે રૂમી રાજાને કર આપવાનું કબૂલ કરે એ નહિ બનવાજોગ વાત હતી, એમ જાણીને તે લોકોએ આ પ્રપંચી જાળ રચી હતી. તેમાં પ્રથમ તેઓ સદ્‌ગુરૂની આગળ આવીને તેની પ્રશંસા કરી કહેવા લાગ્યો કે, "ઓ ઉપદેશક, અમે જાણીએ છીએ કે તું સાચો છે, અને સાચાઇથી દેવનો માર્ગ શિખવે છે, ને તું કોઇની દરકાર નથી કરતો, કેમકે માણસોનું મ્હો તું નથી રાખતો; માટે એક વાતનો ખુલાસો આપો; કાઇસારને કર આપવો ઉચિત છે કે નહિ, તે અમને કહે" (માત્થી ૨૨; ૧૬). એમ મીઠાઇમાં ઝેર ભરી સદ્‌ગુરૂનો ઘાટ ઘડવા આવ્યા. પ્રભુ ઈસુએ તેઓની ખુશામતના બદલામાં તેમનું ખરૂં સ્વરૂપ જણાવીને કહ્યું કે, "ઓ ઢોંગીઓ, તમે મારૂં પરીક્ષણ કેમ કરો છો? તમારા કરનું નાણું મને બતાવો." એ સાંભળીને તેઓ બહાર ગયા, અને એક દીનાર લાવી પ્રભુને આપ્યું. તેના પર તીબેરિયસ કાઇસારની મુખમુદ્રા તથા લેખ હતો. તે જોઈને પ્રભુએ તેઓને સવાલ પુછયો કે, "આ લેખ તથા સિક્કો કોનો છે?" તેના જવાબમાં તેઓએ કહ્યું કે, "એ તો કાઈસારનો છે." તે સાંભળીને પ્રભુએ ઉત્તર આપ્યો કે, "જે કાઇસારનાં તે કાઇસારને ભરી આપો; તથા દેવનાં તે દેવને ભરી આપો." કેમકે દેવે તમને પસંદ કરી નિવેડી કાઢ્યા છે, એ સારૂ કે તમે તેના ખાસ લોક થાઓ. તમે વિધર્મી રાજાના તાબામાં રહો, એ તમને અયોગ્ય લાગે એમ છે, તોપણ તમે નક્કી જાણો કે તમારાં પાપોને લીધે તમે તમારા શત્રુના તાબેદાર થયા છો. દેવે તમને પરસ્વાધીન કીધા નથી પણ તમારાં પાપોએ તમને પરસ્વાધીન કીધા છે. તેથી એ વાતનો વિચાર કરી તમે તમારૂં કામ કરો, ને જે કંઈ બાદશાહને લગતું તે બાદશાહને આપો, તથા

દેવને લગતું તે દેવને આપો. એ પ્રમાણે પ્રભુએ ચતુરાઇથી જવાબ આપી, તેઓનો ફાંદો તોડી પાડ્યો હતો.

ત્યાર બાદ કેટલાએક સાદુકીઓ આવ્યા, તેઓ મરેલાંનું પુનરૂત્થાન માનતા નહિ. જાણે કે તેઓ તો નાસ્તિક જેવો મત રાખતા હતા. આ જગત પર બધું છે, મરણ પછી કાંઈ ન્યાય કે ઇન્સાફ નથી, એવો વિપરીત મત રાખી, તેઓ સત્ય મતનો નિષેધ કરતા હતા. તેમાંના કેટલીએક સદ્ગુરૂની પાસે આવ્યા, અને તેનું પરીક્ષણ કરી ફાંદામાં નાખવા લાગ્યા. તેઓનો વિચાર એવો હતો કે જો ઇસુને સવાલ પુછી બાંધી લઇએ, તો પછી તેની ઠઠ્ઠાબાજી કરીશું, ને એમ તેનું અપમાન કરી શરમીંદો પાડીશું. તેમજ તેઓના વિરૂદ્ધવાદી જે ફરોશીઓ ત્યાં હાજર હતા, તેઓને ઠંડા પાડવાનું બનશે એવી ભાવના પણ હશે. વળી તેઓનો એવો હેતુ પણ હશે કે, ઇસુ પોતે પુનરૂત્થાન સંબંધી શું માને છે તે ફરોશીઓ સાંભળશે, તેથી અમારા મતને પુષ્ટિ મળશે. તેઓએ ફરોશીઓને પકડવા સારૂ જે વાર્તા કલ્પિ કાઢી હતી, તે વખતોવખત આગળ ધરીને ઇસુના પરલૌકિક શિક્ષણનું તાત્પર્ય જાણવા ચાહતા હતા.

શરૂઆત કરતાં તેઓ મુસાના નિયમશાસ્ત્રની પવિત્ર લગ્નક્રિયાને માન આપે છે, ને એ કબૂલાત આપ્યા પછી પોતાની બનાવટી વાર્તા આગળ ચલાવે છે. તેમાં તેઓ કહે છે કે, એક માબાપના પેટથી સાત ભાઈ જન્મેલા હતા, તેમાંથી જે જ્યેષ્ટ હતો, તેણે લગ્ન કરી બાયડી આણી, પણ કાંઈ સંતાન થયા પહેલાં તે મરી ગયો. ત્યાર બાદ તેનો નાનો ભાઈ નિયમ પ્રમાણે તે સ્ત્રીનો ધણી થયો, ને તે પણ નિઃસંતાન મરણ પામ્યો. પછી બીજા ભાઇઓએ તે સ્ત્રીને લીધી, ને એ પ્રમાણે અનુક્રમે તે બાયડી સાતે ભાઈ સાથે પરણીને આખર તે પણ મરણ પામી. હવે જ્યારે પુનરૂત્થાન થશે, ત્યારે તે કોની બાયડી થશે? કારણકે તેણી સાતે જણની બાયડી થઈ હતી. તાલમુદના ગ્રંથમાં તેનો એવો ખુલાસો આપે છે કે તેણી તેના પહેલા ધણીની બાયડી થશે. હવે પ્રભુ ઇસુએ એવો જવાબ આપ્યો હોત તો તે ચાલત ને તેના વિરૂદ્ધવાદીઓનાં મોઢાં બંધ થાત, પણ તેણે તે જવાબ આપ્યો નહિ. કારણકે સ્વર્ગી માણસની આત્મિક સ્થિતી વિષે તે સારીપેઠે જાણતો હતો, માટે તેણે માનવી જ્ઞાનની દૈહિક વાર્તાનો આધાર રાખ્યો નહિ.

તેણે તેઓને કહ્યું કે, "સત્યશાસ્ત્ર તથા દેવનું પરાક્રમ જાણ્યા વિના તમે ભૂલ કરો છો." કારણકે પુનરૂત્થાનને સમયે જેઓ પાછા ઉઠશે, તેઓ દેવના સામર્થ્યથી એવી નિર્મળ સ્થિતી પામશે કે તેઓને પરણવાની તથા પરણાવવાની અગત્ય રહેશે નહિ, પણ દેવના દૂત પ્રમાણે તેઓ પોતાનાં પાત્રો શુદ્ધ રાખનારા થશે. મતલબ કે ત્યાર બાદ તેઓની સાંપ્રત દૈહિક વૃત્તિ બદલી જવાની છે. તેઓમાં પ્રીતિનો ગુણ વાસો કરશે, પણ દૈહિક વાસના તેઓમાં રહેવાની નથી,

કેમકે પુનરૂત્થાન પામવાથી તેઓ મુક્ત થાય છે; ને એમ કરવાને દેવ સામર્થ્ય-વાન છે, એ વાત તમારા લક્ષમાં તમે લેતા નથી.

વળી માણસ મરણ પામ્યા પછી પાછા ઉઠશે એ વાત તમને ખરી લાગતી નથી, કારણકે તમે શાસ્ત્ર જાણતા નથી. દેવે પોતાના શાસ્ત્રમાં પુનરૂત્થાન વિષે શું કહ્યું છે? શું તમે તે વાંચ્યું નથી? ત્યાં દેવ કહે છે કે, "હું ઇબ્રાહીમનો દેવ, તથા ઇસ્હાકનો દેવ, તથા યાકૂબનો દેવ છું." હવે તે પરથી જાણો કે દેવ તે મરેલાનો દેવ નથી, પણ જીવતાઓનો દેવ છે. જુઓ ઇબ્રાહીમ, તથા ઈસ્હાક, તથા યાકૂબના મરણ પછી ઘણે કાળે દેવે મુસાને દર્શન આપી, એ વાતનું પ્રકટીકરણ કીધું કે હું તેઓનો દેવ છું. તે ઉપરથી એવું દેખાય છે કે દેવનો સંબંધ અને તેનાથી ઉત્પન્ન થતો લાભ લેવાને વિશ્વાસમાં સામર્થ્યવાન થવું જોઇએ. પણ મરેલાં તે વચનનો લાભ લઈ શકતા નથી, માટે સિદ્ધ થાય છે કે તેઓ પુનરૂત્થાનમાં અનંતકાળનું જીવન પામે છે.

ત્યાર બાદ કોઇએક શાસ્ત્રી આવ્યો, ને તેણે એવો સવાલ પુછયો કે, "નિયમશાસ્ત્રની બધી આજ્ઞાઓમાં સર્વથી મોટી આજ્ઞા કઈ છે?" આ પ્રશ્ન પુછવામાં તેનો કુભાવ નહોતો, પણ ઇસુને ફરોશીઓના નિયમશાસ્ત્ર સંબંધી કેટલું જ્ઞાન છે એ જાણવાનું મન હતું; માટે તેણે ઉપર બતાવેલો સવાલ પુછયો.

રાબી લોકોએ પોતાની તર્કકોટી જાળથી નિયમશાસ્ત્રને ભરી કાઢયું હતું. તેઓએ તેની આજ્ઞાઓને સ્થુળ ને સુક્ષ્મ રૂપો આપ્યાં હતાં, તેમાંનાં કેટલાંએક લઘુ ને કેટલાંએક ગુરૂ એવા નિયમવિધિ બનાવ્યા હતા. તેના સંબંધી તેઓ એવું કહેતા કે જેમ માણસના શરીરમાં ઘણા અવયવો છે, તેમ નિયમશાસ્ત્રમાં ૨૪૮ જુદી જુદી આજ્ઞાના વિધિઓ છે, ને જેમ શરીરમાં ઘણા સ્નાયુઓ રક્તવાહના તથા પ્રાણવાહના છે તેમ નિયમશાસ્ત્રની આજ્ઞાઓ છે. તેમાં વળી કેટલીએક આજ્ઞાર્થ. ને કેટલીએક નિષેધક છે. એ બધી એકઠી કરીએ તો તે ૬૧૩ થાય ને તેજ પ્રમાણે દશ આજ્ઞાઓમાં પણ તેટલાજ અક્ષરો છે. હવે એવી તર્કવિતર્કરૂપ અનેક આજ્ઞાઓ હતી, માટે તેના નાના મોટા ભાગ પાડવા એ સહેલું હતું તેથી તેઓએ તેના વિભાગો પાડ્યા. તેમાં હલકી આજ્ઞાઓને "કાલ" અને મોટી તથા ભારે આજ્ઞાઓને "કોભેડ" કહેતા હતા; ને તે બધીમાંથી મોટી કઈ હશે એ પ્રશ્ન સહજ ઉપજે એવો હતો. રાબી લોકોની ધારણા પ્રમાણે વસ્ત્રની ઝાલર તથા કપાળ ઉપર સ્મરણપત્રો બાંધવાની આજ્ઞા તે બધીમાં મોટી હશે; માટે જેઓ તે આજ્ઞાઓનું સંભાળથી પાલન કરે, તેઓ આખા નિયમશાસ્ત્રનું પાલન કરનારા કહેવાય.

રાબી યુસફે એક વખત રાબી યુસફ બિન બેન-રાબાને એવું પુછયું કે તમને તમારા બાપાએ બધી આજ્ઞાઓમાંથી કઈ આજ્ઞા વિશેષ પાળવાને

શિખવ્યું હતું? તેના જવાબમાં તેણે કહ્યું કે, "ઝાલરના ફુમતાં વિષેની આજ્ઞા પાળવામાં તેઓ ઘણી કાળજી રાખતા હતા, કારણકે એકવાર તે સીડી ઉપર ચઢતા હતા, તે દરમિયાન તેના વસ્ત્રના ફુમતાનો એક દોરો તુટી ગયો, તેથી તેઓ જરા પણ આગળ પાછળ ખસ્યા નહિ. જ્યારે તેઓએ સદરહુ તુટેલો દોરો યથાસ્થિત કીધો ત્યારે તેઓ ઉપર ગયા. તે ઉપરથી મને એવો ધડો મળે છે કે, ઝાલરની આજ્ઞા તે ભારી વજનદાર માનતા હતા."

રાબી લોકો પોતાની ઝાલરમાં ચાર દોરા રાખતા. તેમાં એક દોરો જુદા રંગનો હતો. એ ચાર દોરાને બેવડા કરતાં આઠ દોરાનું એક ફુમતું થતું હતું. તેમાંથી સાત દોરાની લંબાઈ સરખી રાખતા હતા ને આઠમા દોરાને પાંચ ગાંઠો વાળી શકાય તેટલી વધારે લંબાઈ હતી. એ પાંચ ગાંઠોમાં નિયમશાસ્ત્રનાં પાંચ પુસ્તકો દર્શાવતા હતા.

એ પ્રમાણે રાબી લોકો આજ્ઞાઓના જુદા જુદા વિભાગો પાડી, તેને ન્યુનાધિક સમજતા હતા, તેથી આ જુવાને તેનો ખુલાસો પુછ્યો હશે. પ્રિય વાંચનાર, હવે જો તે જુવાન એ પ્રમાણે પ્રશ્ન કીધા પછી જવાબ મળવાની આશાએ એકાગ્રચિત્તે શ્રવણ કરવા ઉભો છે. એટલામાં પ્રભુએ તેને કહ્યું કે, "પ્રભુ જે તારો દેવ, તે પર તું તારા આખા હૃદયથી, ને તારા આખા જીવથી, ને તારા આખા મનથી પ્રીતિ કર, પહેલી ને મોટી આજ્ઞા એ છે, અને બીજી એના જેવી એ છે કે, જેવી પોતા પર તેવી પોતાના પડોસી પર તું પ્રીતિ કર." મતલબ કે દેવ પર પ્રીતિ કરવી, એજ નિયમશાસ્ત્રનું રહસ્ય તથા મહા તત્વ છે. એવો જવાબ સાંભળીને તે શાસ્ત્રીના મનનું સમાધાન થયું. તેણે કહ્યું કે, "ગુરૂજી, તેં બરાબર કહ્યું છે."

પછી તેણે તેજ અર્થનાં કેટલાંએક શાસ્ત્રવચનો કહી બતાવ્યાં. તે સાંભળીને તથા તેનો ભાવાર્થ સમજીને ઇસુએ તેને કહ્યું કે, "તું દેવના રાજ્યથી વેગળો નથી." આ ભાષણમાં તેને ઉત્સાહી તથા સાવધાન રહેવાની સૂચના બતાવે છે. દેવના રાજ્યમાં તું આટલે સુધી આવી પહોંચેલો છે તે સારૂં કીધું છે. હવે તારે અંદર પ્રવેશ કરવો જોઇએ. આટલેથી પાછા ફરવું એ તારે માટે ભયંકર વાત છે.

ત્યાર પછી પ્રભુની સાથે દાવપેચની વાત કરવા કોઇએ છેડતી કીધી નહિ. પણ ત્યાર બાદ ખુદ પ્રભુએ ફરોશીઓને એક પ્રશ્ન પુછ્યો હતો તે એવો કે, શાસ્ત્રમાં ખ્રીસ્તને દાઉદનો પુત્ર કહે છે તેનું કારણ શું હશે? કારણકે, "દાઉદ પોતે તેને પ્રભુ કહે છે." ગીતશાસ્ત્રના ૧૧૦ મા ગીતમાં એવી તરેહની વાત આવે છે કે, "યહોવાહે મારા પ્રભુને કહ્યું કે હું તારા શત્રુઓને તારૂં પાયાસન કરૂં, ત્યાં સુધી તું મારે જમણે હાથે બેસ."

હવે તે ગીત મસીહ વિષે છે એવું દરેક યહુદી માને છે તથા કબૂલ કરે છે. વળી જાણે છે કે ઇબ્રાહીમ કે ઇસ્હાક કે યાકૂબ, ઇત્યાદિ કોઈ પોતાના પુત્રને પ્રભુ કહેતો નથી. તો પછી દાઉદે તેને પ્રભુ કહ્યો, તેનું કારણ શું હશે? આ સવાલનો એકજ સરળ જવાબ છે, ને તે સત્યશાસ્ત્ર પ્રમાણે છે. એટલે કે મસીહ તે કેવળ મનુષ્ય અવતાર છે એમજ નહિ; પણ તે ખરો દેવ અવતાર છે. તેણે માનવી અવતાર ધારણ કીધો, માટે તે દાઉદનો પુત્ર કહેવાય, પણ તે ઇશ્વરી અવતાર છે, માટે તે તેનો પ્રભુ કહેવાય છે. પ્રભુ ઇસુના અવતાર વિષેનો જે સત્ય સિદ્ધાંત એટલે કે તે સંપૂર્ણ દેવ તથા સંપૂર્ણ માણસ છે, તે વાત આ દૂર્બુદ્ધિના અવિશ્વાસી યહુદીઓએ જાણી નહિ, માટે તેઓ તેને સ્વીકારી શકયા નહિ.

ત્યાર પછી પ્રભુ ઇસુએ એક ઘણું તિવ્ર ભાષણ આપી, ફરોશીઓના ઢોંગીપણાનો તથા દાંભિક આચારનો, ને અંધાપાનો તેમજ પરદ્રવ્યની આકાંક્ષાનો પ્રગટ રીતે નિષેધ કીધો. તેમાં તેણે તેઓના બધા દુર્ગુણોને વખોડી ઝાટકી કાઢયા હતા. તેજ વખત તેણે પોતાના શિષ્યોને કહ્યું કે જેમ તેઓ પોતાના જ્ઞાનનો તોર દેખાડે છે ને અધિકારની બડાઈ કરે છે તેમ તમારે કરવું નહિ. તેઓ સત્યનો વિપરીત અર્થ કરે છે ને લોકોને એવું કરતાં શિખવે છે. વળી માણસના આત્માના તારણની ચિંતા છોડીને તેઓ પોતાના સંપ્રદાયના શિષ્યો મેળવવા સારૂ આવેશ રાખી ઘણો શ્રમ વેઠે છે. તેઓ કપટ કરીને સોગન ખાય છે, ને બહાર મોટો પવિત્ર દાવો બતાવી અંતરમાં દુષ્ટ બુદ્ધિ રાખે છે. તેઓ પ્રાચીનકાળના ભવિષ્યવાદીઓને માન આપવાને બહાને દેવના લોકોની સંતાવણી કરે છે.

તેઓનાં આવાં મોટાં પાપોને લીધે પ્રભુએ તેમના ઉપર ભયંકર શ્રાપોચ્ચારણ કીધું, અને ત્યાર પછી યરૂશાલેમના મોટા દુષ્ટપણાને લીધે, તેના પર જે નાશ આવનાર હતો, તે અંતરદ્દષ્ટિએ નિહાળી, દયા ભરેલા અંતઃકરણે, તથા ચિત્તવેધક શબ્દે શોક કરી રૂદનપાત જેવો વિલાપ કીધો. તેમાં તે કહે છે કે, "ઓ યરૂશાલેમ, યરૂશાલેમ, ભવિષ્યવાદીઓને મારી નાખનાર, ને તારી પાસે મોકલેલાઓને પત્થરે મારનાર, જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો તળે એકઠાં કરે છે, તેમ તારાં છોકરાંને એકઠાં કરવાનું મેં કેટલી વાર ચાહ્યું પણ તમે ચાહ્યું નહિ? જુઓ, તમારે સારૂ તમારૂં ઘર ઉજડ મુકાયું છે" (જુઓ માત્થી ૨૩મો અધ્યાય).

એ પ્રમાણે પ્રભુએ યરૂશાલેમને તથા યહુદી લોકને મસીહનો ત્યાગ કરવાના કારણથી ભયંકર શ્રાપોચ્ચારણ કીધું, તોપણ છેવટમાં તેણે આગળ જતાં દયાનાં વચનો સંભળાવી શુભ આશા આપી. તેમાં તેણે કહ્યું કે, "હું તમને કહું છું કે,

પ્રભુને નામે જે આવે છે તે આશીર્વાદિત છે, એવું કહેશો ત્યાં સુધી હવેથી તમે મને નહિજ દેખશો" (માત્થી ૨૩; ૩૯).

એ ઉપર એક વિદ્વાન ગ્રંથકર્તા એવી ટીકા કરે છે કે, "આ વખત પ્રભુ ઇસુએ યહુદીઓની સાથે જે સંવાદ કીધો તેની સમાપ્તિ આ શબ્દોમાં પૂરી થાય છે, અને યહુદીઓના શ્રાપનો આરંભ તે પણ આ શબ્દોએ કરીનેજ શરૂ થશે."

અધ્યાય ૪ થો.

વિધવાની દમડી. કેટલાએક ગ્રીક માણસો ઇસુને જોવા ચાહે છે. જૈતુન પહાડ ઉપરનો મહા સંવાદ. પ્રભુ ઇસુ બેથાનિયામાં જાય છે.

પૂર્વે આવી ગએલા અધ્યાયમાં બતાવેલું વૃત્તાંત બની ગયું ત્યાર બાદ પ્રભુ ઇસુ ભંડારના ઓરડામાં આવીને બેઠા હતા. વાંચનાર મિત્ર, જો તારૂં દિલ ચાહે તો ચાલ, આ જગ્યાએ ભક્ત અભક્તની કસોટી છે; ભંડારના ઓરડામાં ઘણી સારી સગવડ છે, ત્યાંથી તમામ તારા જોવામાં આવશે.

આ સ્થળે જરા વિશ્રામસ્થાન જેવું છે, કારણકે મંદિરમાંથી ભક્તિ કરી બહાર જનારા લોકો આ ઠેકાણે થઇને નીકળે છે. તેઓમાંના જે લોકો દાન અર્પણ ચઢાવનારા હોય તેઓજ આ ઠેકાણે આવે છે, માટે અહીં આપણને છૂટથી બેસવાની જગ્યા મળશે. હવે જરા ઉતાવળા ચાલો તો આપણે પણ સદ્ગુરૂની પાસે બેસીએ. મિત્રો, જુઓ, આ જગ્યાએ ધર્માદાનાં નાણાં નાખવા સારૂ પેલી તેર પેટીઓ પડી છે, તેમાં ઇશ્વરસેવાને અર્થે પૈસા નાખવામાં આવે છે. તે પૈસા આ મંદિરની મરામતમાં તથા બીજાં દેવસેવાનાં કામમાં વપરાય છે.

હવે એ તો ઠીક, પણ આ શું! સદ્ગુરૂની મુખમુદ્રા જરા ઉદાસ ને દિલગીરીભરી લાગે છે. તેમ થવાનું કારણ શું હશે તે તમે જાણો છો? પ્રિય વાંચનાર, સાંભળ, હું તેનું કારણ તને કહીશ. અત્યાર સુધી તેણે પેલા દુર્જનો સાથે વાદવિવાદ કીધો માત્ર એટલુંજ નહિ, પણ તેઓની કઠણતા તથા ભક્તિ-ભાવમાં અનાસ્થા ને શિથળતા સ્વામીજીએ જોઈ તથા જાણી છે, તેથી તે મનમાં દિલગીર થયા છે. કહે છે કે અભક્તિવાનનાં કામો ભકતોને દુભાવનારાં છે; માટે આ વખતે પ્રભુનું મન દુઃખી થએલું છે.

હવે જુઓ, સદ્ગુરૂ અહીં બેઠા છે, ને સામી બાજુએથી લોકો દાન અર્પણ કરવા આવે છે. તેમાંના કેટલાએક ગરીબ ને કેટલાએક ધનવાન છે. ધનવાન લોકો પોતાની થેલીઓમાંથી પુષ્કળ પૈસા નાખી આનંદ પામતા પાછા ફરે છે, તે જોવાથી સદ્ગુરૂને પણ સારૂં લાગ્યું હોય એમ દેખાય છે. આ ધર્મ

કરનારાઓનો હેતુ પ્રભુની જાણ બહાર નહોતો, તોપણ તે કાંઈ બોલતો નથી. તે ઉપરથી આપણને એવું શિખવે છે કે તમારે બીજાઓનાં ધર્મકાર્ય વિષે શંષય કે સંદેહ લાવવો નહિ. તે સંબંધી જ્યાં સુધી બરોબર ચોકસ ખબર ન પડે ત્યાં સુધી આપણે તે વિષે બોલવું નહિ, પણ તેને શુદ્ધ ગણવાં કે માનવાં એ ઘટારથ છે.

એ ધનવાંન લોકો જરીબુટ્ટેદાર રેશમી વસ્ત્રો પહેરીને, ઠાઠમાઠ તથા દબદબા સાથે, મલપતા મલપતા ચાલ્યા આવે છે. તેઓની સાથે એક ગરીબ વિધવા પણ આવતી દેખાય છે. પેલા ધનવાન લોકોની પેઠે તેના અંગ પર કાંઈ કીંમતી કે મૂલ્યવાન વસ્ત્રો દેખાતાં નથી, તેમ તેઓની પેઠે કંઈ રૂઆબ કે જુસ્સો દેખાતો નથી. તેણી તો ઘણીજ મંદગતીએ ચાલે છે, તેના મુખ પર ગ્લાની છવાઈ ગએલી છે; તેનામાં હાસ્ય, આનંદ કે ઉલ્લાસનો લેશમાત્ર ભાગ નથી. તે દેવની પાસે દાન લેવા આવી છે, તોપણ દેવ મંદિરને માટે અર્પણ કરવા સારૂ તે કાંઇક દ્રવ્ય લાવી છે.

વ્હાલા વાંચનારના મનમાં કદાપિ એવો સવાલ થયો હશે કે તે શું લાવી હશે? આવા મોટા દેવમંદિરનો આર્થિક વહેવાર પૂરો પાડવાને તેની પાસે કેટલા પૈસા હશે? મિત્ર, જરા ધીરજ રાખ, ઉતાવળ ના કર, જે હશે તે હમણાં દેખાશે. કારણકે ગરીબોનું ધન દેખાતાં કાંઈ વિશેષ વાર લાગતી નથી, તેમજ તેમાંથી દેવાર્પણ કરતાં તેમને ઘણો વિચાર કરવો પડતો નથી, તેથી જરા સબૂર કરશે તો બધું જોવાશે. જો, હાલ તે દાનાર્પણની પેટી પાસે આવી છે, ને સંભાળથી પોતાનું દ્રવ્ય બહાર કાઢે છે. જો, હવે જોયું? તેની પાસે માત્ર બેજ નાસરી (એટલે એક પૈસાનો ચોથો ભાગ) છે. શું, એટલુંજ તેનું ધન, ને વળી તે આપતાં તેણે કાંઈ આગળ પાછળ જોયું નહિ?

ધનવાન લોકો દેવના ભંડારમાં "શેકેલ" નાખે છે, ત્યારે હું એક દમડી કેમ નાખું એવો વિચાર તેણે કીધો નહિ. પણ દેવ ગરીબની દમડી સ્વીકારશે, કારણકે તે માણસના મનોભાવ તરફ જુએ છે માટે તે મારી જુજ ભેટનો અનાદર કરશે નહિ, એવું જાણીને તેણીએ તે ભંડારમાં નાખી. પ્રભુએ તેનું એ કાર્ય જોઇને તેને કાંઈ કહ્યું નહિ. પરંતુ પોતાના શિષ્યોને પાસે બોલાવીને તેના વિષે કહ્યું કે, "હું તમને ખાતરીપૂર્વક કહું છું કે આ દરિદ્રી વિધવાએ એ સઘળાઓ કરતાં વધારે નાખ્યું છે. કેમકે એ સહુએ પોતાના વધારાનાં દાનોમાંથી કંઈ નાખ્યું, પણ એણીએ પોતાની તંગીમાંથી પોતાની જે ઉપજીવિકા હતી તે બધી નાખી દીધી છે" (લુક ૨૧; ૩, ૪).

સુવાર્તાના લેખકોએ જ્યારથી એ વાત લખી રાખી છે, ત્યારથી આજ દિવસ સુધી મંડળીનો ખજાનો કે ધર્માદાની પેટીઓ બબ્બે નાસરીથી ભરાઈ

રહેલી છે. ધનવાન લોકોનાં મોટાં મોટાં દાનોથી ખ્રીસ્તી ધર્મનાં પરોપકારી કે સુવાર્તાપ્રસારનાં કે ધર્મસંરક્ષણનાં કામો ચાલે છે એમ નહિ, પણ વિધવાઓની બબ્બે નાસરીથી ખ્રીસ્તી ભંડારો ભરેલા રહે છે ને અંતપર્યંત તેથીજ ભરેલા રહેશે.

આ આનંદદાયક વાત બન્યા પછી પ્રભુ ત્યાંજ બેઠો હતો તે દરમિયાન એક બીજી આનંદદાયક વાત બની. તે એવી કે પ્રભુનો એક શિષ્ય જે ફિલિપ નામનો પ્રેરિત હતો તે ત્યાં આવ્યો. તેની સાથે ગ્રીસ દેશમાંથી આવેલા કેટલાએક યહુદીઓ પ્રભુને મળવા ચાહતા હતા, માટે તેઓએ ફિલિપની મારફતે પોતાની માગણી સદ્‌ગુરૂને જાહેર કરી (યોહા. ૧૨; ૨૦). એ વાત સાંભળતાં પ્રભુની નજરે ગૌરવનું ચિન્હ દષ્ટિગોચર થયું. પરંતુ તે ગૌરવ પ્રાપ્ત થયા પહેલાં જે દીનતા તથા અનુપમ દુઃખ ને અપમાન તેને ભોગવવાનાં હતાં તેની પણ યાદ આવી. તે પરથી તે બોલ્યો કે, "માણસના દીકરાને મહિમાવાન થવાની વેળા પાસે આવી છે." આ મહિમા પુત્રપણાના સંબંધમાં તેને મળવાનો નહોતો, પણ જે ઇશ્વરી મહિમા જગતનો આરંભ થયા પહેલાં તે બાપની સાથે ભોગવતો હતો તે મહિમા હતો (યોહા. ૧૭; ૫).

વળી બીજી રીતે એમ કહેવાય કે બાપની આજ્ઞા પાળી મનુષ્યપણામાં પોતે હાલ પરોપકારી કાર્ય સાધવાનો હતો, માટે તેમ કરવામાં તેના માનવી અવતારનો મહિમા તે આ મહિમા હતો. કારણકે તે પોતાને માણસનો પુત્ર કહે છે ને છેલ્લે જે અંત લાવે છે તેમાં તે કહે છે કે, "જ્યાં સુધી ઘઉંનો દાણો મરતો નથી ત્યાં સુધી તે એકલોજ રહે છે, પણ જ્યારે તે મરે છે ત્યારે તે ઘણાં ફળો લાવે છે." મતલબ કે અનાજનો પાક થયા પહેલાં તેણે મરણતુલ્ય થવું જોઇએ, તે પ્રમાણે આ મહત્‌કાર્યની સિદ્ધિ સારૂ મારે મરવું જોઇએ; માટે તેમ કરીને હું મહિમા લઇશ.

વળી જાણો કે તે મહિમા હું મારે પોતાનેજ વાસ્તે લઇશ એમ નહિ પણ મારા બધા શિષ્યોને તે મળનાર છે, માટે તેઓએ પણ દુઃખ ભોગવવામાં મારા અનુસારી થવું જોઇએ. "જો કોઈ મારી સેવા કરતો હોય તો તેણે મારી પાછળ ચાલવું; ને જ્યાં હું છું ત્યાં મારો સેવક પણ રહેશે. જો કોઈ મારી સેવા કરતો હોય તો બાપ તેને માન આપશે." એવું બોલ્યા પછી પ્રિય પ્રભુ ઇસુ પોતાની સન્મુખ આવેલા મહા ભયંકર દુઃખનું તથા મરણનું ચિંતવન કરી મનમાં અકળાયો. (અહીં તે પોતાનું પુરેપુરૂં માનવી લક્ષણ બતાવે છે). તેણે કહ્યું કે, "હવે મારો જીવ વ્યાકુળ થયો છે" (યોહા. ૧૨; ૨૭). પછી દેવની પ્રાર્થના કરતાં તેણે કહ્યું કે, "ઓ બાપ, તારા નામનો મહિમા પ્રગટ કર" એટલે કે તારા ગૌરવને વાસ્તે જે કરવું જોઇએ તે મારા ઉપર અને મારામાં થાઓ. પ્રભુના મુખમાંથી એ શબ્દો નીકળતા હતા, એટલામાં આકાશવાણી

થઈ કે, "મેં તેનો મહિમા પ્રગટ કીધો છે ને ફરી કરીશ." પ્રભુ ઇસુની માનવી જીંદગીમાં આ ત્રીજી આકાશવાણી થઈ. તેનો અર્થ ત્યાં ઉભા રહેલા માણસોએ સરખી રીતે કીધો નહિ. કેટલાએકે કહ્યું કે, "ગર્જના થઈ," વળી બીજાઓએ કહ્યું કે, "દૂતે તેની જોડે વાત કીધી." પરંતુ પ્રભુએ તેઓને સ્પષ્ટ કહ્યું કે, "એ વાણી માત્ર મારે સારૂ નહિ, પણ તમારે સારૂ થઈ." ત્યાર પછી પ્રભુએ હર્ષિત થઇને કહ્યું કે, "હવે આ જગતનો ન્યાય કરવામાં આવે છે. હવે આ જગતનો અધિકારી બહાર કાઢી નંખાશે, અને જો હું પૃથ્વી પરથી ઉંચો કરાઈશ તો સહુને હું પોતાની તરફ ખેંચીશ."

એ ઉપર ગ્રંથકર્તા યોહાન એવી ટીકા કરે છે કે, "તે પોતે શી તરેહના મોતથી મરવાનો છે, એની સૂચના આપવા સારૂ તેણે એમ કહ્યું." પરંતુ તેના શ્રોતાજનો તે વાત સમજ્યા નહિ. તેઓએ માત્ર એટલુંજ જાણ્યું કે તે જગતમાંથી જવા સંબંધી બોલે છે. તેથી તેઓએ તેને ઉત્તર આપ્યો કે, ખ્રીસ્ત સદાકાળ જીવતો રહેશે, એવું અમે નિયમશાસ્ત્રમાં સાંભળ્યું છે, તો પછી માણસના પુત્રને ઉંચો કરવો જોઇએ એમ તું શા માટે બોલે છે. અને ત્યાર પછી તેઓએ તેને ધિક્કારીને એવો સવાલ પુછ્યો કે, "એ માણસનો દીકરો કોણ છે?" એના જવાબમાં પ્રભુએ કંઈ કહ્યું નહિ. પરંતુ તેણે તેઓને બીજી અગત્યની સૂચના આપવા સારૂ એવું કહ્યું કે, "હું જગતનું અજવાળું છું માટે જ્યાં સુધી એ પ્રકાશ તમારી પાસે છે ત્યાં સુધી તેના પર વિશ્વાસ રાખી તમારે તેનો સ્વીકાર કરવો ને અજવાળાના પુત્ર થવું." એમ બોલી તેણે પોતાના શિષ્યોને સાવધાન કીધા. ત્યાર પછી પ્રભુએ તે મંદિરમાં પોતાનું ભાષણ સમાપ્ત કીધું, ત્યાર બાદ કોઈ વેળા ત્યાં તેની વાણી સાંભળવામાં આવી નહિ. તે ભાષણમાં તેણે પોતાના લૌકિક કાર્યની મુખ્ય વાતોનો ઉપસંહાર કીધેલો છે. તેમાં મુખ્ય ૭ વાત છે. (૧) તે પોતાનું તથા બાપનું એકપણું દર્શાવે છે (યોહા. ૧૨; ૪૪, ૪૫). "જે મારા પર વિશ્વાસ કરે છે તે એકલા મારા પર નહિ, પણ જેણે મને મોકલ્યો છે તેના પર વિશ્વાસ કરે છે, ને જે મને દેખે છે તે...તેને દેખે છે." (૨) તેના આવવાનો હેતુ દર્શાવે છે. "હું જગતનો ઉદ્ધાર કરવાને માટે આવ્યો છું. જે કોઈ મારા પર વિશ્વાસ કરે છે તે અંધારામાં નહિ રહેશે." (૩) તારણનો માર્ગ દર્શાવવા સારૂ હું આવ્યો છું અને તે માર્ગ એજ કે તેઓએ મારા પર વિશ્વાસ કરવો. (૪) અવિશ્વાસીઓની બિહીક તથા તેનો દોષ. (૫) ન્યાય કરવામાં આવશે તે વિષે. (૬) વિશ્વાસ કરનારાઓનું સુખકારક પરિણામ ને સર્વકાળિક જીવન.

એ પ્રમાણે ઉપદેશનું કામ સમાપ્ત કીધા પછી પ્રભુ તે મંદિરમાંથી નીકળી ગયો, ત્યાર પછી તે ફરી તેમાં પેઠો નહિ; ત્યાર બાદ તે મંદિર ઉપરથી "ઇખાબોદ" એટલે ગૌરવ જતો રહ્યો એમ લખેલું છે. જ્યારે પ્રભુ મંદિરમાંથી

નીકળીને જતો હતો, ત્યારે તેના એક શિષ્યે તેને કહ્યું કે, ગુરૂજી, જુઓ, આ કેવા સુંદર પત્થરોથી શણગારેલી ઇમારત છે? એના જવાબમાં પ્રભુએ કહ્યું કે, "શું તમે એ બધાં નથી દેખતા? હું તમને ખચિત કહું છું કે પાડી નહિ નંખાય એવો એક પણ પત્થર બીજા ઉપર અહીં રહેવા દેવાશે નહિ" (માત્થી ૨૪; ૧, ૨). એ ભવિષ્ય પૂર્ણ થએલું જોવા સારૂ તે શિષ્યો પૈકી માત્ર એકજ જણ જીવતો હતો. હાલ તે મંદિરની ઇમારત પૈકી કાંઈ બાકી રહ્યું નથી.

હવે પ્રભુ ઇસુ એ પ્રમાણે ભાષણ કરતા કરતા ત્યાંથી નીકળ્યા, ને તેની સામે જૈતુન પહાડના ઢોળાવ ઉપર ચઢી મંદિર તરફ જોતા બેઠા હતા. ત્યારે ત્યાં પીતર, યાકૂબ, યોહાન ને આંદ્રિયાએ એકાંતમાં આવીને તેને પુછ્યું કે, "એ બધું કયારે થશે ને તારા આવવાની તથા જગતના અંતની શી નિશાણી થશે તે અમને કહે" (માત્થી ૨૪; ૩). તેના જવાબમાં પ્રભુએ ભવિષ્યરૂપ સંવાદ કીધા (માત્થી ૨૪ અને ૨૫ અધ્યાય જુઓ). તેમાં તેણે જગતના અંત સુધી પોતાની મંડળીને કેવાં કેવાં દુઃખો તથા સંકટો પડનાર છે તે વિષે, વળી તેમાંથી તે કેવી રીતે પાર પડશે ને જગતને અંતે પોતાના આવવાની વેળા શું નિશાણી થશે તે વિષે કહી સંભળાવેલું છે. ત્યાર બાદ પોતાના પુનઃઆગમનની વેળાએ શિષ્યોને ચેતાવવા તથા સાવધ રાખવા સારૂ દશ કુમારીકાનો તથા તાલંતનો એવા બે સુંદર દાખલા આપ્યા (માત્થી ૨૫; ૧-૩૦). અને છેવટ જે દિવસે સર્વ જગતનો મોટો ઇન્સાફ કરવામાં આવનાર છે તે દિવસનું આબેહુબ ચિત્રવત્ વર્ણન કીધેલું છે. તે દિવસે આ મહાન રાજા જગતનો ઉદ્ધારનાર મસીહ તે મહિમાના રાજ્યાસન પર બીરાજમાન થશે, ને જેમ ઘેટાંપાળક ઘેટાં તથા બકરાંના જુદા જુદા ભાગ કરે છે તેમ લોકોના જુદા જુદા ભાગ પાડશે. તે દિવસે પ્રભુના નાનામાં નાના બંધુ પર તેના લોકોએ જે કંઈ સહેજ પણ દયા કીધી હશે, તેનું ઉત્તમ ફળ પ્રભુ તેમને આપશે.

આપણે આગળ વાંચી ગયા છીએ કે મસીહના રાજ્યવૈભવ વિષે લોકોના મનમાં ભલતી ભલતી કલ્પનાઓ હતી, ને તેની દૈહિક અસર શિષ્યોનાં મન પર પ્રસંગોપાત ઉદ્ભવ પામતી, માટે આ વખત પણ તેની અસર દેખાવા લાગી, તેથી પ્રભુએ ફરી પોતા પર આવનાર દુઃખો વિષે યાદી આપી. તેણે તેઓને કહ્યું કે, "તમે જાણો છો કે બે દહાડા પછી પાસ્ખા પર્વ છે; અને માણસનો દીકરો વધસ્તંભે જડાવા સારૂ પરસ્વાધીન કરાય છે" (માત્થી ૨૬; ૨). એ પ્રમાણે કહેવામાં પ્રભુએ પોતાના મરણનો દિવસ, પ્રસંગ ને રીત પ્રગટરૂપે જણાવી અને શિષ્યોનાં મન જાગૃત કીધાં.

એ પ્રમાણે આ મહા સંવાદ સમાપ્ત કરી સૂર્યાસ્ત થતાં પ્રભુ પોતાના શિષ્યો સહિત આડે માર્ગે ચાલી બેથાનીઆ જઈ પહોંચ્યા. ત્યાં તેને પોતાના મિત્રને

ઘેર રાત્રિનો વિસામો કેટલો મીઠો લાગ્યો હશે! શહેરની ગંધાતી ને ગોજી હવામાંથી નીકળીને હાલ તે સ્વચ્છ ને તાજી હવામાં આવેલો હતો કેવળ એટલુંજ નહિ, પણ લોકોના મોટા કોલાહલમાંથી તથા ઘોંઘાટમાંથી નીકળી વિશ્રાંતીની જગ્યામાં તે પહોંચ્યો હતો. અહીં શત્રુઓની નિંદા, ક્રોધ, કંકાસ કે કાવતરાંની બિહીક નહોતી. વળી આખો દિવસ કામ કરીને થાકેલો હતો તેથી હવે મિત્રના ઘરમાં આવીને રાત્રિનો આરામ પામ્યો.

એક વિદ્વાન ગ્રંથકર્તા આ સ્થળ તથા પ્રસંગને અનુસરી તે દિવસની સાંજનું સુંદર ને અસરકારક વર્ણન કરી કહે છે કે સિરિયા દેશની તે સાયંકાળ ઘણીજ સુંદર ને મનોહર દેખાવ આપતી હતી. વસંતઋતુને લીધે તમામ વનસ્પતિ ફળ, ફૂલ ને પાંદડાંથી લચી રહેલી હતી, તેથી આસપાસનાં વૃક્ષો લીલા, પીળા, લાલ, આસમાની તથા ગુલાબી એવા નવનવીન રંગોથી સુશોભિત રંગનો ભભકાર ઉડાડી રહ્યાં હતાં. તે વેળા આસપાસ દૃષ્ટિ-ગોચર થતાં ડુંગરાઓ આથમતા સૂર્યના પ્રકાશીત અજવાળામાં સ્નાન કરી ઝીલી રહેલા હતા, ને મંદમંદ સુવાસિક વાયુના લહરી તરંગો પોતાની મનહર ખુશબોની સુગંધી ઉડાવતા હતા. તે વખતે દેદિપ્યમાન, વિશાળ કપાળવાળો અને ભરજુવાનીમાં આવેલો એક સુંદર પુરૂષ ઉભેલો હતો. તે આ અખિલ વિશ્વમંડળ નિહાળી, આ જગ્યાએ પ્રફુલ્લિત થએલી સૃષ્ટિસુંદરતાનાં તમામ પૃષ્ટ તપાસી, તેના પર પોતાના મહાન પિતાનું નામ વાંચતો હતો.

અધ્યાય ૫ મો.

પ્રભુ ઇસુનો છેલ્લો મુકામ બેથાનીઆ. યહુદા ઇસકારીઓતનો વિશ્વાસઘાત.

છેલ્લામાં છેલ્લું મંગળવારે બપોર પછી પ્રભુ ઇસુએ યરૂશાલેમનું મંદિર છોડયું, ત્યાર પછી તેણે લોકોને ઉપદેશ આપવાનું કામ આટોપી લીધું હતું. બીજે દિવસે એટલે કે બુધવારે તે યરૂશાલેમમાં આવ્યો નહિ. તે આખો દિવસ તેણે એકાંતવાસમાં ગાળ્યો હતો; તોપણ તે સ્વસ્થ બેઠો હશે એમ આપણે કહી શકતા નથી. તે પોતે જે ગંભીર કાર્ય કરનાર હતો ને તેમાં જે જે ગંભીર વાતો તાત્કાળિક બનવાની હતી, તે બાબત પોતાના શિષ્યો સાથે વાત કરવામાં કેટલોએક વખત ગાળ્યો હશે, એમ માનવામાં કાંઈ સંશય નથી.

હવે જ્યારે આપણે પ્રિય પ્રભુને એવા ઉદ્યોગમાં રોકાએલો જોઇએ છીએ, ત્યારે સામી બાજુ યરૂશાલેમ તરફ પણ જોવું જોઇએ કે ત્યાં શું થાય છે. વાંચનાર મિત્ર, તું ત્યાં તારી દૃષ્ટિ ફેંકીશ તો તને માલમ પડશે, કે તે જગ્યાએ

પ્રભુના શત્રુઓ પણ નિવૃત્તિમાં બેઠા નથી, કારણકે આ પ્રસંગ તે કાંઈ નિશ્ચિત બેસવાનો નથી. 'આ એક જુવાન ગાલીલીએ અમારો ધર્મસંપ્રદાય અને આચાર એકાએક નહિ સરખા ઠરાવી દીધા કેવળ એટલુંજ નહિ, પણ બધા લોકોના દેખતાં અમારા ધર્માધિકારને તથા પુણ્યશાળી કાર્યોને ધિક્કારી કાઢયાં, અને અમારા પર આપોઆચ્ચારણ કીધું; એવા માણસને જીવતો રહેવા દેવો તે ઉચિત નથી,' એવા એવા વિચારમાં ફરોશીઓ, સાદુકીઓ, યાજકો, જડીલો, શાસ્ત્રીઓ અને જુલમી આન્નાસ તથા મુખપૂજા કરનાર ખુશામતિયો કાયાફાસ એ બધા તત્પર થઈને એકઠા મળ્યા હતા. તેઓને આપસ આપસમાં જે દ્વેષભાવ હતો, તે આ વખત થોડી વારને માટે વિટાળીને તેઓએ બાજુ ઉપર મેલ્યો, અને તેઓ બધાએ જેને પોતાનો શત્રુ માની લીધો હતો તેનો ઘાટ ઘડવા સારૂ તૈયારી કરી. તેઓએ મંગળવારની સાંજે મોટી સભા ભરી (માત્થી ૨૬; ૪) તેમાં એવો ઠરાવ થયો કે, "તેને દગાથી પકડી લેવો...પણ પર્વમાં નહિ રખે લોકોમાં ગડબડ થાય;" પરંતુ આ ઠરાવ થયા પછી સભાના ઉઠવા પહેલાં એક વાત બની, તેથી એ લોકોને મોટો આનંદ થયો ને તેઓએ પોતાનો પહેલો ઠરાવ ફેરવી નાખ્યો.

પ્રભુ ઇસુના શિષ્યો પૈકી એક યહુદા નામનો શિષ્ય પોતાના ગુરૂને તથા ગુરૂ ભાઇઓને ઉંઘાડીને મોડી રાતે મુખ્ય યાજકને ત્યાં આવ્યો. આ માણસને તેઓએ તુરત ઓળખી લીધો, કારણકે તે અગાઉ તેઓની પાસે આવેલો હતો. વળી એ સિવાય વખતોવખત તે ઇસુના સમાગમમાં દેખાતો હતો. તે આટલી રાત્રિને વખતે માત્ર એકલો કેમ આવ્યો હશે એની પણ તેઓએ અટકળ કરી હશે. આ ફિતુરી શિષ્યની સાથે તેઓએ શું વાતચિત કીધી તે વિષે શાસ્ત્રમાં કાંઈ કહ્યું નથી. પરંતુ જેમ આપણે આગળ વાંચી ગયા છીએ તેમ તેને ત્રીશ રૂપીઆ આપવાનું કહ્યું, ને તેટલામાં તે પોતાના ગુરૂનું પવિત્ર રક્ત વેચવા રાજીખુશીથી તૈયાર થયો હોય એમ દેખાય છે. તે દ્રવ્ય આ ઘાતકી લોકોએ એજ વેળા તેના છેડામાં નાખ્યું હશે, એમ સંભવે છે.

યહુદાના આ અપરાધનું વર્ણન કરવામાં સુવાર્તાના લેખકોને શબ્દોની અછત પડી હોય એમ દેખાય છે, કારણકે ત્યાં એવું લખ્યું છે કે, "તેનામાં શેતાન ભરાયો" (લુક ૨૨; ૩), ને એ વાત ખરી છે, કેમકે એવું અઘોર પાપ કરવાની સૂચના તે દૂરાત્માના મનમાં તેણે મુકી, એમાં જરા પણ સંદેહ નથી. તેના મનમાં લોભરૂપી કાષ્ટો ભરાઈ રહ્યાં હતાં, તેને શેતાને પોતાની સૂચનારૂપ અગ્નિએ કરી પ્રદિપ્ત કીધાં. એ પરથી જોવાનું છે કે જ્યારે કોઈ નાની સરખી વસ્તુનો લોભ રાખે છે, ત્યારે તે અન્યાયીપણાને માર્ગે દોરવાઈ અઘોર પાપકર્મનો કરનાર થયા વિના રહેતો નથી.

યહુદા સરખા માણસનું જુના કરારમાં પણ વર્ણન આવે છે. "તેઓ એક મુઠીભર જવને સારૂ કે એક ટુકડો રોટલીને સારૂ દેવની વાતનો અનાદર કરે છે" (હઝ. ૧૩; ૧૯). વળી "રૂપાને માટે નેકીવાનોને વેચ્યા છે, ને ખાસડાની જોડ માટે દરિદ્રીઓને વેચ્યા છે" (આમો. ૨; ૬). કદાપિ આવું દુષ્ટ કામ કરવામાં યહુદાનો બીજો વિચાર પણ હશે કે જો હું એ રીતે ઇસુને પકડાવીશ તો તેના ઉપર દુઃખ પડશે ત્યારે તે ચમત્કારિક રીતે પરાક્રમ કરશે ને પોતાને બચાવી લેશે. વળી તેણે પોતે પણ ભવિષ્ય કહ્યું છે કે મારે મુખ્ય યાજકોના હાથથી માર્યાં જવું પડશે. હવે જો તેનું પોતાનું ભવિષ્ય મારા હાથથી પુરૂં થાય તો તેમાં મારો શું દોષ હોય? એવી એવી શેતાની કલ્પનાઓ તેના મનમાં ભરાએલી હતી તેથી તેના અંતર આત્માની જ્યોત ઝાંખી પડી ને તેના મનમાં અંધકાર છવાઈ ગયો. વળી તેના મન પર એવી લાગણી પણ થઈ હશે કે અમે અમારૂં બધું છોડીને ઇસુની પાસે આવ્યા પણ તેથી કાંઈ લાભ થયો નહિ, જગતનું માન કે અધિકાર અમને મળ્યાં નહિ, તેમજ કાંઈ ધન કે સંપત્તિ અમારે હાથ આવી નથી; પણ માત્ર અપમાન, નિંદા, દુઃખ ને દરિદ્રતા અમને મળ્યાં છે ને આગળ જતાં પણ એજ રહેવાનાં છે, તો આ ત્રીશ રૂપીઆનો લાભ જે તાત્કાળિક વખતે મળે છે તે શું કરવા ગુમાવવો? એવા એવા વિચારથી યહુદા ગુંથાઈ ગયો હશે. જે પ્રમાણે પાણીમાં પ્રસરી જવાનો ગુણ છે, તે પ્રમાણે પાપમાં પણ પ્રસરી જવાનો સ્વભાવ છે. જેમ વિષ એક વખત કલેજામાં ભરાયું તો પછી સર્વ અંગમાં વ્યાપી જાય છે, તે પ્રમાણે પાપ પણ છે. જો આપણે તેને જીતીએ નહિ, તો તે આપણને જીતી જાય છે.

આ વખતે યહુદાની સ્થિતિ પણ એવીજ હતી. મંગળવારની રાતથી તેના મનમાં આ કુકર્મ કરવાની પ્રેરણા થઈ, ત્યાર બાદ આખી રાત તેણે તે ઘોંટાળામાંજ ગાળી. તે વખત બહાર અજવાળીઆની ચંદની જરા જરા પ્રકાશ આપતી હતી, પણ યહુદાના મનમાં અમાસનો ઘોર અંધકાર વ્યાપી ગએલો હતો. તેણે બુધવારને દિવસે પ્રભુ ઇસુને બેથાનીઆમાં રહેતાં જોયા હતા. આજે યરૂશાલેમ ગયા નહિ તે વાતનો તેને મોટો વિચાર થવા લાગ્યો. 'શું આજે લોકો મંદિરમાં તેની વાટ જોતા નહિ હોય ને ત્યાં ગયા વિના મારાથી તેને પકડાવી દેવાનો લાગ મળશે નહિ, એવા વિચારમાં તે ગોથાં ખાયા કરતો હતો. તે વખત પ્રભુ ઇસુ પોતાના મિત્રને ત્યાં શાંતિમાં વિસામો લેતો હતો. તેણે સવારથી સાંજ સુધી પ્રાર્થનાદ્વારે ઇશ્વરધ્યાન તથા સંભાષણદ્વારે મિત્ર-મીલાપ ને શિક્ષણદ્વારે શિષ્યસંગતી અને સૃષ્ટિસૌંદર્યનું અવલોકન કરવામાં આખો દિવસ પસાર કીધો હતો. તે રાત્રીએ તેણે જે નિદ્રા લીધી તે આ પૃથ્વી પરની છેલ્લી નિદ્રા હતી, અને ગુરૂવારની સવારે તે જાગ્યો ત્યાર પછી તે ફરી સુતો નહિ.

અધ્યાય ૬ ટ્ઠો.

ાસ્ખા પર્વની તૈયારી. છેલ્લું ભોજન. પ્રભુ ભોજનની સ્થાપના.

હવે બુધવાર ગયો ને બૃહસ્પતવાર આવ્યો ત્યારે ઇસુએ પોતાના શિષ્યોને માજ્ઞા આપી કે તેઓ પાસ્ખા પર્વના ભોજનની તૈયારી કરે. તે આજ્ઞાનુસાર ોષ્યો ગયા ને યરૂશાલેમમાંની એક મેડીના ઓરડામાં તે તૈયાર કીધું. યહુદી કોની રીત પ્રમાણે આ દિવસ પશુ મારવાનો કે પાસ્ખા પર્વનું ભોજન સિદ્ધ રવાનો નહોતો, પણ પ્રભુએ આ એક દિવસ અગાઉથી ઠરાવ્યો હતો; કારણકે પાસ્ખાનું ખરૂં હલવાન હતો ને બીજે દિવસે તે કપાવાનો હતો, માટે તેણે ાગાઉથી ઉપર પ્રમાણે તૈયારી કીધી.

એ મેડી પરના ઓરડામાં તે નાની સરખી મંડળી એકઠી મળી. તેમાં વનો પુત્ર તે તેઓનો મહેમાન રાખનાર હતો. જેમ બેથાનીઆમાં તેનો ાાદરસત્કાર થયો હતો, તેમ તેણે અહીં પોતાના મિત્રોનો આદરસત્કાર કીધો. ા વેળા સદ્ગુરૂનું અંતઃકરણ પ્રીતિથી સંપૂર્ણ ભરેલું છે, તેથી તેણે પોતાના ાષ્યોને સારૂ મહા મૂલ્યવાન અત્તરની કુપ્પી ઉઘાડેલી છે. જેમ અસ્ત પામતો ર્ય પોતાનાં પ્રકાશિત કીરણો પૃથ્વી પર ફેંકતો જાય છે, તેમ આ ન્યાયીપણાનો ર્ય અસ્તકાળે પોતાના લોકો પર પ્રીતિનાં કીરણો પ્રકાશિત કરે છે. સુવાર્તિક હાનના મન પર આ પ્રસંગની ઘણી સરસ યાદી ચોંટી ગઈ હતી, કેમકે તે ના છેલ્લા અવસર સુધી ભૂલ્યો નહિ. જ્યારે તેણે પોતાની વૃદ્ધાવસ્થાએ રનારનું જીવનવૃત્તાંત લખ્યું, ત્યારે તેણે તે વૃત્તાંતની એવી નોંધ લીધી કે, હવે પાસ્ખા પર્વ અગાઉ પોતાનો આ જગતમાંથી બાપની પાસે જવાનો મય આવ્યો છે, એ જાણીને ઇસુએ જગતમાંના પોતાના લોક જેઓના ઉપર પ્રેમ રાખતો હતો તેઓ પર અંત સુધી પ્રેમ રાખ્યો" (યોહા. ૧૩; ૧).

હવે આ પાસ્ખા પર્વ પાળવાનું કારણ બધા યહુદીઓને માલમ છે. ની મુખ્ય રીત તે પહેલાંથી એક સરખીજ છે, તોપણ કેટલીએક બાબતમાં ળાંતરે ફેરફાર થયો હતો. બેખમીરી રોટલીનો દિવસ તે નીસાન (એપ્રિલ) હેનાની ૧૫મી તારીખથીજ શરૂ થતો હતો, પરંતુ ૧૪મી તારીખ તે તૈયારીનો કેલો દિવસ હોવાથી તેને પર્વનો પહેલો દિવસ ગણતા હતા. આ દિવસે પોર પહેલાં સંસારી કામ આટોપી લઈ ઘરમાંથી તમામ ખમીર કાઢી ખતા હતા, અને ત્યાર પછી સંધ્યાકાળે પાસ્ખા પર્વનો પશુવધ કરાતો હતો. સરમાંથી ઇસ્રાએલપુત્રોનો છુટકારો થયો તેની યાદગીરીમાં આ પર્વની ાપના થએલી હતી. એમાં કડવી ભાજી સાથે બેખમીરી રોટલી ખાવામાં ાવતી હતી, તેની અંદર મીસરમાંથી નાસી છુટવાનું તથા જંગલમાં દુઃખ ગવવાનું સૂચવેલું હતું. પર્વના આરંભમાં દરેક કુટુંબનો વડીલ પ્રાર્થના કરી

પોતાના હાથમાં પાણી ભેળેલા દ્રાક્ષરસનો પ્યાલો લેતો, ને તે પોતાના ઘરના એક માણસના હાથમાં આપતો; પછી તેમાંથી તે પીતો ને વળી તે બીજાના હાથમાં આપતો હતો. એ પ્રમાણે પ્યાલો હાથોહાથ ફરતો હતો, તે દરમિયાન તેઓ ઇશ્વરસ્તુતિનાં ગીત ગાતા હતા. આ પ્રમાણે પર્વ પાળવાનું કારણ ઘરનાં છોકરાં પૂછતાં, ત્યારે તેમને મીસરમાંથી નીકળવાની વાત કહેવામાં આવતી હતી; અને ત્યાર પછી પાસ્ખાના યજ્ઞનું માંસ બેખમીરી રોટલી સાથે ખાવામાં આવતું હતું.

આ પર્વ પાળવામાં પ્રભુ ઇસુનો જે અર્થ હતો, તે અર્થ બીજા કોઇની જાણમાં હતો નહિ. ઘણાખરા લોકો પૂર્વકાળે બનેલી વાતની યાદગીરીને સારૂ પાસ્ખા પર્વ પાળતા હતા, પરંતુ પ્રભુ તે વખતે પૂર્વકાળ તો નહિ પણ ભવિષ્ય-કાળનો વિચાર મનમાં રાખી પાળતો હતો એમાં શક નથી. તે પોતે પાળવાનો હતો ને વળી તેમાં રહેલી એંધાણી પૂર્ણ થવાની હતી, તેથી આગળ જતાં તેને પાળવાની જરૂર રહી નહિ; કારણકે બધાં પાસ્ખા પર્વોમાં આ છેલ્લું પાસ્ખા હતું.

આવા વખતે શિષ્યોમાં પોતાના ગુરૂની જોડે કોણ બેસે તે વિષે શિષ્ય મંડળમાં વિવાદ ને ચરચા ચાલી, એ કેટલી દુઃખદાયક વાત છે! એ વિષે પહેલાં વખતોવખત પ્રભુએ તેઓને બોધ આપ્યો હતો, તેની આ વેળા તેણે ફરીને યાદ આપી કે મારા રાજ્યમાં જેને મોટાપણું જોઇતું હોય તેણે નાનાપણું સ્વીકારી બીજાઓની સેવા કરવી. એ વાતનો ઉત્તમ ને અસરકારક બોધ આપવા સારૂ પ્રભુએ શિષ્યોના પગ ધોયા ને પોતાના રૂમાલથી લુછ્યા. આ કાર્યમાં પીતરે જે વર્તણુક બતાવી, તે ઉપરથી ઇસુએ એક બીજા અર્થનો શિષ્યોને બોધ આપવાનો પ્રસંગ લીધો. જ્યારે તે પગ ધોતો ધોતો પીતરની પાસે આવ્યો, ત્યારે તેણે કહ્યું કે, "હું તને કદી મારા પગ ધોવા નહિ દઇશ," અને પછી આખું શરીર ધોવાની વિનંતી કરવા લાગ્યો. એ બધાં કૃત્યો ઉપરથી પ્રભુએ શિષ્યોને એવો બોધ કીધો કે, હમણાં હું જે કરૂં છું તેનો બરાબર અર્થ તમે સમજતા નથી; માટે તમારે એકાગ્રચિતથી મારૂં કહેલું શ્રવણ કરવું જોઇએ. વળી બીજી શિખામણ એ આપી કે પાપની ક્ષમા મળવાથી જેમના આત્માનું શુદ્ધિ-કરણ થાય છે, તેમને નિત્ય શુદ્ધ થવાની પણ અગત્ય છે; કારણકે સ્વર્ગી રસ્તામાં મુસાફરી કરનાર યાત્રાળુઓને પગે ધુળ ચોંટે છે, માટે તેને ધોઈ નાખવાની જરૂર છે. "જે નાહેલો છે તેના પગ સિવાય બીજું કંઈ ધોવાની અગત્ય નથી." પરંતુ આ ગંભીર પ્રસંગે પ્રભુએ પોતે શિષ્યોને જે નમુનો આપ્યો તે આજ હતો, કે જે પોતે દેવ તે આવો દીન અને નમ્ર થઈ આ જગતમાં આવ્યો, માટે જેઓ તેના શિષ્યો છે તેઓએ નમ્રતા તથા પ્રીતિના માર્ગમાં રહીને મોટાપણું

મેળવવું જોઇએ; અને ઉદાર બુદ્ધિથી માણસના આત્માનું કલ્યાણ કરવું, એજ તેના મોટાપણાનું લક્ષણ છે.

શિષ્યોના પગ ધોતી વેળા પ્રભુએ એવું કહ્યું હતું કે, "તમે શુદ્ધ છો ખરા, પણ સઘળા નહિ." એમાં તેણે પોતાને પરસ્વાધીન કરાવનાર વિશ્વાસઘાતી યહુદા વિષે સૂચના કીધી, પણ એ સૂચના પ્રથમ તેના લક્ષમાં આવી નહિ. આગળ જતાં એ ક્રિયા સમાપ્ત થઈ ને પ્રભુ પોતાના શિષ્યો સાથે મેજ ઉપર જમવા બેઠો, ત્યારે તેણે ફરી ઉપર બતાવ્યા પ્રમાણે અર્થ અને હેતુ પ્રગટ કીધો (યોહા. ૧૩; ૧૪). પછી પોતાના શિષ્યોમાંથી કોણ વિશ્વાસઘાતી છે એ વિષે તેઓને સ્પષ્ટ કહી બતાવ્યું; તે વેળા તેનું અંતઃકરણ વ્યાકુળ થયું અને તેઓને કહ્યું કે, "તમારામાંનો એક મને પરસ્વાધીન કરાવનાર છે." એ સાંભળીને બધા શિષ્યો સખેદાશ્ચર્યથી ગભરાઈ ગયા ને એક બીજાને કહેવા લાગ્યા કે, "પ્રભુ, શું તે હું છું?" તેઓની સાથે યહુદાએ પણ એમજ પુછયું, પણ આ તેનું પુછવું કેવળ ઉપર ઉપરનું હતું. પરંતુ તેના અંતઃકરણમાં ધગધગાટ, શરમ, લોભ તથા કપટ ભરેલાં હતાં, એ પ્રમાણે તે ભોજનનો આનંદ રસહીન થયો, ને બધા શિષ્યોને પરાકાષ્ટાનું દુઃખ થયું. જેને સારૂ તેઓએ સર્વનો ત્યાગ કીધો હતો ને જેના ઉપર તેઓની સંપૂર્ણ આશા હતી, તે શું પરસ્વાધીન કરાશે અને વળી તે વિશ્વાસઘાતકનું કામ અમારામાંના એકને હાથે થશે?

એ પ્રમાણે તેઓ શોકાતુર થયા, પણ તે વિષે વધારે પુછપરછ કરવાને તેઓની છાતી ચાલી નહિ. પ્રભુના મુખથી ઉપર પ્રમાણેની વાત સાંભળીને કેટલીકવાર સુધી તેઓ સ્તબ્ધ બની ગયા. પછીથી આખરે કાંઈ હિમ્મત રાખીને પીતરના મનમાં પુછવાને વિચાર થયો, તેથી તેણે યોહાનને ઇસારત કરી કે આવો વિશ્વાસઘાત કરનાર કોણ થશે એ વિષે તમે સદ્ગુરૂને પુછો તો સારૂં. પીતરના બતાવેલા ઈસારા પ્રમાણે યોહાને પુછપરછ કીધી તેથી તેને પક્કી ખાતરી થઈ કે, યહુદા સિવાય બીજો કોઈ એવું અધમ કૃત્ય કરનાર નથી.

યહુદી લોકો જમતી વેળા એક મોટો થાળ વાપરતા હતા, તેમજ સાથે જમનારા એક બીજાને કોળીઆ કે ગ્રાસ આપતા હતા; ને આ વખતે પ્રભુ ઇસુ તથા તેના શિષ્યો પણ એ પ્રમાણેજ જમતા હતા. તેથી જ્યારે યોહાને પ્રભુને પુછયું કે તમને પરસ્વાધીન કરનાર કોણ છે, ત્યારે તેણે એવી નિશાણી આપી કે હું કોળીઓ બોળીને જેને આપીશ તેજ તે છે. "પછી તેણે કોળીઓ બોળીને સીમોનના દીકરા યહુદા ઇસકારીઓતને દીધો." તેના વિષે યોહાન લખે છે કે ત્યાર પછી તેનામાં શેતાન પેઠો. અરેરે! એ કેવી ભયંકર સ્થિતિ! તેનું તથા શેતાનનું જોડાણ થયું! હા, તેઓ એક મતના થયા! અંધકારના સત્તાધિકારીની સાથે તે સંપૂર્ણ રીતે જોડાઈ ગયો! હાલ તે ત્યાં ઢોંગ કરી બેસી શકતો નથી.

પ્રભુ ઇસુ સર્વજ્ઞ છે માટે તે તેના મનનું કપટ જાણી ગયો, તેથી તેણે એને કહ્યું કે, "તું જે કરવાનો છે તે હવે જલદીથી કર;" મતલબ કે હવે તારે ઢોંગસોંગ કરીને અહીં રહેવું નહિ. એ શબ્દો કાને પડતાં તે એકદમ ત્યાંથી નીકળી ગયો, પણ બીજા શિષ્યોએ ત્યાંથી તેના નીકળી જવાની મતલબ જાણી નહિ. તેઓ નહોતા જાણતા કે એ વાત એટલી ત્વરાથી બની આવશે, તેમ કોઇના ધારવામાં કે માનવામાં પણ નહોતું, માટે તેઓનાં મન દુઃખ તથા શોકથી ભરાઈ ગયાં. તેઓએ એવું જાણ્યું કે પર્વને સારૂ કાંઈ લેવાનું હશે અથવા દરિદ્રીઓને કાંઈ આપવાનું હશે માટે તેણે એમ કીધું હશે, કારણકે તે તેઓને વહીવટદાર હતો ને "તેની પાસે થેલી રહેતી હતી."

એ પ્રમાણે યહુદાના બહાર ગયા પછી પ્રિય પ્રભુના મન ઉપરનો એક ભાર દૂર થયો; હવે તે આનંદથી પોતાના શિષ્યોની સાથે બોલવા લાગ્યો. તેણે તેઓને કહ્યું કે, "હવે માણસનો દીકરો મહિમાવાન થયો છે;" દુઃખ, સંકટ ને નમ્રતાદ્વારે જે મહિમા મળવાનો હતો, તેની ઘડી હાલ પાસે આવી છે. પોતાના મરણકાળની ઘડી પાસે આવેલી જાણીને તે બોલ્યો કે, "ઓ નાનાં છોકરાંઓ, હવે પછી તમારી જોડે હું થોડી વાર છું;...જ્યાં હું જાઉં છું ત્યાં તમે આવી શકતા નથી, તથાપિ તમે એકમેક ઉપર પ્રીતિ કરશો ને એમ તમે મારા શિષ્યો થશો. જ્યારે એ પ્રમાણે થશે ત્યારે જગત જાણશે કે તમે મારા શિષ્યો છો, એ માટે હું તમને નવી આજ્ઞા આપું છું કે તમે એક બીજા ઉપર પ્રેમ કરો."

પ્રભુ ઇસુ એ પ્રમાણે બોલતો હતો તે દરમિયાન પીતરે વચ્ચે પડીને એવો પ્રશ્ન પુછ્યો કે, "પ્રભુ, તું કયાં જાય છે"? તેના જવાબમાં સદ્‌ગુરૂએ કહ્યું કે, "જ્યાં હું જાઉં છું, ત્યાં તું હમણાં મારી પાછળ આવી શકતો નથી, પણ પછી મારી પાછળ આવીશ." એ ઉપરથી પીતર સમજી ગયો કે તે પોતાના મરણ વિષે બોલે છે, તેથી તેણે કહ્યું કે, "પ્રભુ, હું હમણાંજ તારી પાછળ કેમ નથી આવી શકતો? તારે સારૂ હું મારો જીવ આપીશ." પ્રભુએ આવા અભિમાન-યુક્ત ભાષણનો જવાબ આપ્યો ને પીતર પોતાની પાછળ કેમ નથી આવી શકતો તેનું કારણ બતાવ્યું, ને તે કારણથી હુંપદ ગયું. સદ્‌ગુરૂ ઇસુએ તેને કહ્યું કે, "શું મારે સારૂ તું તારો જીવ આપશે? હું તને ખચિત ખચિત કહું છું કે, આજ રાતે મરઘો બોલ્યા અગાઉ તું ત્રણવાર મારો નકાર કરશે."

એ પ્રમાણે પીતરના પડી જવા વિષેની સૂચના કીધા પછી તેને નિભાવ-વાની પણ આશા આપી. આ દુઃખદાયક રીતે પતિત થવાથી તેનો સદંતર નાશ થવાનો નહોતો. તે યહુદાની પેઠે વિશ્વાસભ્રષ્ટ, ગુરૂત્યાગી કે પોતાની પાયરીને વળગી રહે એવો નહોતો. સદ્‌ગુરૂએ તેને સારૂ પ્રાર્થના કીધી હતી માટે તે કહે છે કે, "સીમોન, સીમોન, જો શેતાને તને ઘઉંની પેઠે ચાળવા સારૂ

કબજે લેવા માગ્યો, પણ મેં વિનંતી કીધી કે તારો વિશ્વાસ ખુટે નહિ; ને તું તારા ફર્યાં પછી તારા ભાઇઓને સ્થિર કરજે" એવું અભયવચન આપી ધીરજ દીધી. તેમજ તે રાત્રિએ બીજા શિષ્યો શું કરશે તે વિષે સૂચવ્યું કે, "આજ રાત્રે તમે સઘળા મારા વિષે ઠોકર ખાશો."

પોતાના ગુરૂ પર તથા પોતા પર જે પ્રસંગ આવવાનો હતો, તે કેટલો ભયંકર છે તે વાત શિષ્યોની સમજણમાં બરોબર આવે, માટે આ વખતે તેઓને ચોકખેચોકખું ખુલ્લી રીતે જણાવી દીધું હતું. તેણે તેઓને કહ્યું કે જ્યારે તમે મારી સાથે ગાલીલમાં હતા ત્યારે તમે નિર્ભય હતા, ને તમને સર્વ વસ્તુ ભરપુર હતી, પણ હવે પછી આગળ જતાં એ પ્રમાણે થવાનું નથી. જ્યારે મેં તમને ઉપદેશ કરવા મોકલ્યા ત્યારે તમે પૈસા કે થેલી કે જોડા વગર ગયા, પણ તમને ખોટ પડી નહિ. પણ હવે પછી તે વસ્તુઓ તો શું, પણ તલવાર સુદ્ધાંની તમને જરૂર પડશે, કારણકે હવે પછી બધી રીતે તમારા પર સતાવણી ને પરીક્ષણ આવશે; તેથી તમારા પોતાના સંરક્ષણને સારૂ તમારે તલવાર પકડવાની જરૂર પડશે.

જોકે પ્રભુએ આ વખતે એ પ્રમાણે તલવારની અગત્ય જણાવી હતી, તોપણ તેના કહેવાનો આશય એવો નહોતો કે તેના શિષ્યો પોતાના બચાવને સારૂ લોખંડની તલવાર વાપરે, છતાં તેઓના સમજવામાં એમજ આવ્યું હતું; કેમકે તેઓએ કહ્યું કે, "પ્રભુ, જો આ બે તલવાર રહી," જાણે કે એ તલવારથી યુદ્ધ કરીને બળવાન શત્રુઓને હરાવીશું અને અમારૂં તથા અમારા ગુરૂનું રક્ષણ કરીશું! તે સાંભળીને સદ્ગુરૂએ લાગલો જવાબ દીધો કે, "તે બસ છે" પછીથી એ વિષય પડતો મુકયો.

ભોજન થયા પછી પ્રભુએ પોતાના ધર્મના સંબંધમાં એક મોટો ને બહોળો અર્થ ભરેલો ને જગતના અંત પર્યંત ચાલે જે સંસ્કાર સ્થાપન કીધો તેને પ્રભુભોજન કહે છે (૧ કરીં. ૧૧; ૨૦). એની સ્થાપના અગીઆર પ્રેરિતોની સમક્ષ થએલી હતી, પરંતુ એક પ્રેરિત કે જે તે વખતે શિષ્ય પણ થયો નહોતો તેને પ્રભુએ પોતાના પુનરૂત્થાન પછી કેટલેક વર્ષે સંસ્કારની રીતિ પ્રગટ કરી હતી. તેનું વર્ણન તેનાજ લેખોમાંથી અમે અત્રે ઉતારેલું છે. તે (પાઉલ) પ્રેરિતે કરીંથના ખ્રીસ્તીઓ પર જે પત્રો લખ્યા તેના પહેલા પત્રના ૧૧ મા અધ્યાયમાં એમ લખેલું છે કે, "જે રાતમાં પ્રભુ ઇસુ પરસ્વાધીન કરાયો, તેમાં તેણે રોટલી લીધી, ને સ્તુતિ કરીને ભાંગી, ને કહ્યું કે, લો, ખાઓ, એ મારૂં શરીર છે, જે તમારે સારૂ ભંગાએલું છે, મારી યાદગીરીને સારૂ એ કરો. અને એમજ ભોજન કર્યાં પછી, વાટકો પણ લઇને કહ્યું કે, આ વાટકો મારા રક્તમાં નવો કરાર છે; તમે જેટલી વાર એ પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો. કેમકે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, ને આ વાટકો

પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવ્યા સુધી તેનું મરણ દેખાડો છો" (૧ કરીં. ૧૧; ૨૩—૨૬).

એના સંબંધમાં રોમન કૅથોલીક વિગેરે કેટલીએક મંડળીઓમાં ઘણો મોટો વિવાદ ને તડ ઉભાં થયાંછે, ને જે સંસ્કાર પ્રીતિના વધારા માટે છે તેને નામે ઝેરનાં બીજ રોપે છે, પરંતુ જેઓ આ વિધિનો ખ્રીસ્તની ધારણા પ્રમાણે ખરે અર્થ સમજે છે, તેઓ તેને પોતાના ગુરૂના મરણની યાદગીરી માને છે. કેવળ એટલુંજ નહિ, પણ વિશ્વાસદ્વારે ખ્રીસ્તના શરીરનું તથા રક્તનું સેવન કરી પોતાનું આત્મિક તાજાપણું તથા બળ વધારે છે.

અધ્યાય ૭ મો.

ઇસુ પોતાના શિષ્યો સાથે છેવટનો સંવાદ કરે છે તથા તેઓને સારૂ મધ્યસ્થની પ્રાર્થના કરે છે.

આગળ આવેલા અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે યહુદા ઇસકારીઓત એ પવિત્ર મંડળીમાંથી નીકળી ગયો ત્યાર બાદ પ્રભુ ઇસુએ પોતાના શિષ્યોની સાથે જે સંભાષણ કીધું, તેમાં પોતાની સમક્ષ આવેલા મરણ વિષે તથા તેઓ પર આવનાર સંકટો વિષે તેમજ પોતાના અવસાન સમયે તેઓના નાસી જવા બાબતની વાતો હતી. તે વાતો સાંભળવાથી તેઓનાં હૃદય શોકે ભરાઇ ગયાં ને ખીન્ન થયાં, તેથી તેઓનું શાંત્વન કરવા તથા તેઓને દિલાસો આપવા જે સમાધાનકારક સંવાદ કીધો તે સુવાર્તિક યોહાને પોતાના લેખમાં નોંધી રાખ્યો છે (યોહા. અધ્યાય ૧૪—૧૬). તેનું મુખ્ય ને સોનેરી વચન એવું છે કે, "તમારા મનને ગભરાવા ન દો, તમે દેવ પર વિશ્વાસ રાખો ને મારા પર પણ વિશ્વાસ રાખો."

એ ઉપર બતાવેલા શબ્દો તે આ સુસંવાદના પાયારૂપ ગણાય તેમ છે. તેમાં પ્રથમ પ્રભુ તેઓને સ્વર્ગી સ્થિતિનું દર્શન કરાવે છે ને કહે છે કે આગળ જતાં તમને તે સ્થિતિ પ્રાપ્ત થશે. વળી તે પોતાના મહિમાવંત પિતાના ઘરનો મહિમા દેખાડે છે, ને કહે છે કે, "હું તમારે કાજે જગ્યા તૈયાર કરવાને જાઉં છું." અહીં તેઓએ તેને લીધે જે દુઃખો તથા હાલહવાલી ભોગવી ને જે આશાનું અવલંબન ધરી રાખેલું છે તેનું ફળ તેઓને મળવાનું હતું. તે બતાવતાં કહે છે કે, "હું ફરીને આવીશ ને તમને મારી પાસે લઈ જઇશ." ખ્રીસ્ત પાછો આવશે માત્ર એજ વાત તેઓને સમાધાન પમાડનારી હતી, ને વળી જ્યાં તે રહે છે ત્યાં તેઓ પણ જવાના છે. ખ્રીસ્તની સાથે રહેવું તે સર્વદા ખ્રીસ્તી માણસની સ્વર્ગભૂમી સમજી શકાય છે. આ આયુષ્ય યાત્રા સંપૂર્ણ

થતાં ખ્રીસ્ત મળશે એટલુંજ નહિ, પણ દેવની પાસે જવાનો રસ્તો તે ખ્રીસ્ત છે; વળી જેણે ખ્રીસ્તને જોયો તેણે દેવને જોયો છે. પછી તેણે કહ્યું કે, તેઓ ખ્રીસ્તને નામે જે કંઈ માગે તે તેઓને દેવ તરફથી મળશે એવું વચન આપ્યું, ને પછી તરત સમાધાન થાય એવું એક બીજું વચમ આપ્યું, ને તે પવિત્ર આત્મા વિષે છે. તે બાપની પાસેથી નીકળી આવશે ને સર્વકાળ તેઓની સાથે વાસો કરશે. વળી તે મંડળીને સદ્ગુરૂ વિષેનું ખરૂં જ્ઞાન આપશે એમ કહી દિલાસો આપ્યો.

ત્યાર બાદ દ્રાક્ષવેલાની સુંદર ઉપમા આપીને પોતાનું તથા પોતાના શિષ્યોનું મળતાપણું બતાવી સંબંધ દર્શાવે છે અને એવી ઐકયતા રાખવાથી તે વધારે ફળો આપી શકે છે ને તેના ફળોએ કરી દેવનો મહિમા થાય છે. પછી તેણે તેઓને પોતાની પ્રીતિ વિષે કહ્યું કે, મારી પ્રીતિ મારા બાપની પ્રીતિ જેવી છે ને તમારે મારા બાપની પ્રીતિનો અનુભવ પામવો જોઇએ, માટે તમે મારી પ્રીતિનો અનુભવ કરી એક બીજા ઉપર પ્રીતિ કરો.

એ પ્રમાણે સમાધાનકારક અને ઉત્તેજનદાયક ભાષણ આપ્યા બાદ પ્રભુએ પોતાના શિષ્યોને સારૂ પ્રમુખ યાજકના સંબંધ પ્રમાણે મધ્યસ્થિની પ્રાર્થના કરી (યોહા. ૧૭;) તેમાં મુખ્ય ત્રણ વાત આવે છે. તેની પ્રથમ માગણીમાં તે પોતા વિષે યાચના કરતાં કહે છે કે તેણે માનવી અવતાર ધારણ કર્યો, ત્યાર પહેલાં સ્વર્ગમાં જે તેનો મહિમા હતો કે જેનો ત્યાગ કરી પોતે આ દુનિયામાં માણસરૂપે આવ્યો હતો તે તેને પાછો મળે. બીજી એવી કે જે તેના વ્હાલા શિષ્યો આ જગતમાં તેની સાથે રહેતા હતા તેઓને દેવે પોતાના નામમાં બચાવી રાખવા ને ત્રીજી એવી કે તે તેઓને પવિત્ર અને પૂર્ણ કરે. કેવળ એટલુંજ નહિ, પણ તેઓની વાતથી જે કોઈ સદ્બોધ પામી શિષ્યો થાય (હાલ કે જગતના અંત સુધી) તે બધા પવિત્ર ને પૂર્ણ થાય એવું માગે છે.

શિષ્યોની વાસ્તે આ પ્રાર્થના યુદ્ધ સમયના કવચ (બખતર) રૂપ છે. એમાં ખ્રીસ્તનું તારકનું કામ આરંભથી તે અંત સુધી દેખાય છે. પાપોમાં તથા અપરાધોમાં મરેલા અને અંધારામાં ભટકી ગએલા જે મનુષ્યાત્મા તેઓને જીવવંત ને પવિત્ર બનાવી ઇશ્વર સન્નિધ સ્વર્ગી અજવાળામાં લાવવા એજ તારણનું કામ છે, ને પ્રભુએ તે પૂરૂં કીધું.

એ પ્રાર્થના સમાપ્ત થયા પછી પ્રભુ ઇસુ પોતાના શિષ્ય મંડળ સહિત પ્રકાશિત ચંદ્રની રાતમાં કિદ્રોન નાળું ઓળંગી ગેથસેમાને નામની વાડી તરફ ચાલતા થયા.

અધ્યાય ૮ મો.

ગેથસેમાને વાડીમાં મહા ભારી દુઃખ. યહુદાનું કપટી ચુંબન. ઇસુ પરસ્વાધીન કરાયો.

યરૂશાલેમ તથા જૈતુનના પહાડની વચ્ચે કિદ્રોન નામનું એક નાળું છે, તેને કેટલાએક કિદ્રોન વહેળો કહે છે, કારણકે જ્યારે મોટો ભારી વરસાદ પડે છે ત્યારે તેમાં પાણી વહેવા લાગે છે, પણ બીજા દિવસોમાં તે કોરૂં કડાક હોય છે. એ નાળાની સામી બાજુએ જૈતુન પહાડની તળેટીમાં ગેથસેમાને નામની વાડી છે. (ગેથસેમાને એટલે તેલની ઘાણી, કારણકે તેમાં તેલ ઉપજાનાર જૈતુનનાં ઘણાં ઝાડ છે). એ સ્થળ જોકે યરૂશાલેમથી ઘણું દૂર નહોતું, તોપણ ત્યાં ઝાડોની ઘટાની એકલ છાંયા હતી. આપણો પ્રભુ જ્યારે જ્યારે યરૂશાલેમ આવતો, ત્યારે ત્યારે ઘણીવાર ત્યાં જતો હતો. પાછલા અધ્યાયમાં બતાવ્યા પ્રમાણે આજે તે પોતાના શિષ્યો સાથે વાડીમાં આવ્યો ને કેટલાએક શિષ્યોને વાડીના દરવાજા આગળ બેસાડ્યા. પછી પીતર, યાકૂબ ને યોહાનને લઇને તે પોતે વાડીની અંદર ગયો. હાલ તેને જે છેવટની દીનતા તથા દુઃખ ભોગવવાનું બાકી રહેલું હતું, તેની આડે માત્ર થોડા કલાકજ બાકી હતા.

વાંચનાર મિત્ર, અહીં જરા થોભી જા, ને વિચાર કરી જો, તો તારી સામે બે પ્રતિમાઓ દેખાશે; તેમાં એક જીવનનો રાજા તથા બીજું મરણ, એ બન્ને સામસામે ઉભેલાં છે. આ છબી જોતાં તારા મનમાં એવો પ્રશ્ન ઉદ્ભવશે કે, આ જે જીવનનો દાતા કે જીવનનો રાજા તેનો ઘાત કરનાર કોણ હશે? તો સાંભળ, જે યરૂશાલેમ ઉપર તેણે એટલી પ્રીતિ કીધી હતી, જેને તેનાથી ઘણો મોટો લાભ મળ્યો હતો ત્યાંનાજ લોકો આ જીવનના રાજાનો ઘાત કરવા તાકે છે. જે કેવળ નિર્દોષ અને નિરૂપદ્રવી માણસ હતો તેનો નાશ કરવામાં તેની સામે યરૂશાલેમના લોકો ઉભા થયા છે. સદ્ગુરૂ ઇસુએ માણસોનાં પાપનો ભાર ઉંચકેલો હતો, ને હાલ તે સંબંધી સર્વ દુઃખ, કલેશ ને દંડ તે પોતાને માથે લેવાનો હતો, તેથી પાપનું પૂરૂં સ્વરૂપ અને તેનો પૂરો દંડ એ બન્ને પ્રગટ થયાં. તેણે પોતાના આયુષ્યની બધી વર્તણુક બાપની ઇચ્છા પ્રમાણે પવિત્ર અને પરિપૂર્ણ ગુજારેલી હતી, અને તે કારણથી તેને જગત તરફનાં દુઃખો તથા નિંદા સોસવાં પડ્યાં હતાં. જોકે તે રોજરોજ દેવની આજ્ઞા પ્રમાણે ચાલતો હતો, પણ તે સિવાય આ બાગમાં તેને એક બીજું આજ્ઞાંકિતપણું શિખવાનું હતું (હેબ્રી. ૫; ૮).

અહીં તેનો ઘણે ભાગે માનવી સ્વભાવ દેખાઈ આવે છે, અને એ પ્રમાણે તેણે માણસ થઇને માણસોના તારણનું કામ પુરેપુરૂં ચલાવ્યું છે. પરંતુ હાલ અત્યંત વેદના, લજ્જા, નિંદા અને અપમાન વેઠવાની ઘડી પાસે આવી

હતી. પહેલાંથી તે જાણતો હતો ને પહેલાંથી તેણે તે માન્ય કરેલું હતું, પરંતુ સ્વાર્પણ કરવાની ઇચ્છા કરવી તેમાં અને ખરેખરૂં સ્વાર્પણ કરવું તેમાં ઘણો ફેર છે; તો હવે જ્યારે એવો પ્રસંગ આવી પહોંચ્યો ત્યારે જે દેવની ઇચ્છા પ્રમાણે ચાલવામાંજ પોતાનું અન્નપાણી સમજતો હતો, તેણે પણ "મોટે ઘાંટે તથા આસુંએ પ્રાર્થના તથા કાલાવાલા કીધા" (હેબ્રી. ૫; ૭).

ગેથસેમાને વાડીમાં પ્રભુએ જે આપદા ભોગવી તે જેવી તેવી ન્હોતી, કેમકે ત્યાં તેના કપાળ પર લોહીના જેવો પરસેવો થયો. તેણે ભૂમી પર ઢીચણભર ઉંધા પડીને દેવની પાસે એવી પ્રાર્થના કીધી કે, "હે બાપ, જો તારી ઇચ્છા હોય તો આ વાટકો મારાથી દૂર કર, તોપણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ" એવી પ્રાર્થના તેણે ત્રણ વાર કીધી ને ત્રણે વાર બાપની ઇચ્છાને હવાલે પોતાને સોંપ્યો.' "મારી ઇચ્છા પ્રમાણે એમ તો નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ" એ પ્રમાણે પ્રાર્થનામાં જયવંત થયો. ત્યાર પછી એક આકાશી દૂતે આવીને તેને બળ આપ્યું (લુક ૨૨; ૪૩).

અહીં જે ત્રણ શિષ્યો હતા તેઓ દુઃખથી શ્રમિત થઇને ઉંઘી ગયા હતા. પ્રભુએ આવીને તેઓને જગાડ્યા ને કહ્યું કે, "કેમ ઉંઘો છો, જાગતા રહો ને પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન પડો."

હવે વાંચનાર મિત્રો, આપણે પેલા વિશ્વાસઘાતક યહુદા તરફ જોઇએ કે હાલ તે શું કરે છે. કદાપિ તમારા મનમાં તેના પર કંટાળો આવતો હશે કે એવા ગુરૂદ્રોહીનું મ્હો જોવું એ લાજમ નથી, માટે આપણે તેની શી પંચાત. હા, તમારી એ વાત ખરી છે, પણ મારૂં કહેવું એવું છે કે તમે તેના કામમાં ભાગ લેશો મા, તોપણ જાણવા ખાતર જુઓ કે તે શું કરે છે. જુઓ, તે જ્યારથી યરૂશાલેમમાં ગયો ત્યારથી તેણે વિસામો લીધો નથી. ત્યાર પહેલાં તે પેલા ધર્મઢોંગીઓની મુલાકાત લેવામાં તથા સદ્‌ગુરૂનો પીછો પકડવામાં રોકાએલો હતો. તેણે યહુદીઓની આગળ જઇને કહ્યું કે, આજે ઇસુને પકડવાની સારી તક છે, માટે તમે આ તકનો લાભ લો તો આજે તે પકડાઈ જશે, ને એ વાત યહુદીઓને સારી લાગી તેથી તેની સલાહ તેઓએ માન્ય રાખી. તેઓએ એવી તજવીજ કીધી કે કંઈ ગડબડ કે દગોફીસાદ કે એવું કાંઈ ન થાય, માટે તેઓએ જોઇતાં માણસો સાથે રાખ્યાં. તેમાંના કેટલાએક પ્રમુખ યાજકના નોકરો હતા, ને બીજા કેટલાએક મંદિરના ચોકીદારો હતા; તે ઉપરાંત રૂમી સિપાઇઓ પણ સાથે લીધા. એ પ્રમાણે બંદોબસ્ત રાખી કેટલાએક યાજકો, વડીલો, શાસ્ત્રીઓ તથા મંદિરના ચોકીદારો તૈયાર થયા. તેઓના હાથમાં ઝળહળતા, ચમકદાર ભાલા તથા તિક્ષ્ણ તરવારો ને મોટી મોટી ડાંગો તથા ડંગોરા હતાં. એ પ્રમાણે છતી મસાલે અંધારાનું સૈન્ય ચઢયું. વહાલા વાંચક, જો! માત્ર બારજ માણસ! ને વળી તેઓ પુરા સહનશીળ, જેઓ માણસોને મારનાર

નહિ પણ પાળનાર, જેઓની પાસે પોતાના બચાવનું કાંઈ સાધન નહિ, તેઓને સારૂ આ કેવી મોટી તૈયારી ને કેવો બંદોબસ્ત!

જોકે તે રાત્રે ચાંદની ખીલેલી હતી, ચોતરફ અજવાળાની પ્રકાશમય રૂપેરી ચાદર પથરાએલી હતી, તોપણ સાથે મસાલો લેવી પડે છે! રખેને ઇસુ નાસી જાય, ને કેથે ભરાઈ રહે, તો તે બીચારા અંધરાએલા શું કરે! વળી કદાપિ, કોઈ દર કે કોતરમાં પેસી જાય તો તેમને કેમ મળે! વાડી મોટી છે માટે કોઈ વનવેલાની કુંજમાં કે કોઈ એકલ છાયાવાળા ઝાડ પર ચઢીને છુપાઈ રહે તો શું કરે? માટે પ્રકાશરૂપ ઇસુને મસાલો લઈ પકડવા ચાલ્યા!

એ લોકો હજી તો વાડીના ઝાંપા પાસે હતા, એટલામાં ઇસુએ તેઓને ઓળખી લીધા, માટે તેણે પોતાના શિષ્યોને જગાડતાં કહ્યું કે, "હવે ઉંઘ્યા કરો ને આરામ લો; જુઓ, ઘડી પાસે આવી છે, ને માણસનો દીકરો પાપીઓના હાથમાં પરસ્વાધીન કરાય છે. ઉઠો, આપણે જઇએ; જુઓ, મને જે પરસ્વાધીન કરે છે તે પાસે આવ્યો છે." એટલામાં સર્વથી આગળ વાડીના દરવાજા સુધી યહુદા આવી પહોંચ્યો હતો. તેણે પોતાની સાથેના લોકોને અગાઉથી સૂચવી રાખ્યું હતું કે, "હું જેને ચુમીશ તેજ તે છે, તેને પકડજો ને ચોકસાઇથી લઈ જજો." એ સંકેત પ્રમાણે તે સદ્ગુરૂની પાસે આવ્યો, ને ઠરાવેલી નિશાણી પ્રમાણે તેને સલામ કરી બોલ્યો કે, "રાબી, સલામ; ને તેને ચુમ્યો;" ત્યારે ઇસુએ તેને કહ્યું કે, "યહુદા, શું તું માણસના દીકરાને ચુંબન કરીને પરસ્વાધીન કરે છે?" એ શબ્દો તેના કપટી અંતઃકરણમાં વજ્ર બાણની પેઠે ભોંકાયા હશે, કારણકે એ શબ્દનો ધ્વનિ કાને પડતાં તે પાછો હઠયો. પછી તેની સાથે આવનાર જે ડંડેબાજ લોકો હતા, તેમને પ્રભુએ કહ્યું કે, "તમે કોણને શોધો છો?" તેઓએ જવાબ દીધો કે, "ઇસુ નાઝારીને." પછી ઇસુએ તેઓને કહ્યું કે, "હું તે છું" એ શબ્દો સાંભળતાં તેઓ ગભરાઇને ભૂમી ઉપર પડી ગયા. પછી સદ્ગુરૂ તેઓને કહેવા લાગ્યા કે, "જેમ લૂટારાની સામે આવતા હો તેમ તરવારો તથા સોટા લઇને આવ્યા છો શું? હું રોજ તમારી સાથે મંદિરમાં હતો, ત્યારે તમે મારા પર હાથ નહોતા નાખ્યા; પણ આ તમારી ઘડી તથા અંધકારનું સામર્થ્ય છે" (લુક ૨૨; ૫૨, ૫૩).

એ પ્રમાણે તે બોલતો હતો એટલામાં તેઓએ સાવધ થઈ તેના પર હાથ નાખ્યા. ત્યારે તેનો શિષ્ય પૈકી જે વધારે તીક્ષ્ણ સ્વભાવવાળો પીતર હતો તેણે પોતાની તરવાર પકડીને ઘા કીધો, તેથી મુખ્ય યાજકનો ચાકર જખમી થયો. પણ ઇસુએ લાગલો પોતાનો હાથ લંબાવ્યો, ને તેના જખમ ઉપર મુકયો, તેથી તે સાજો થયો. એ રીતે તે ઘાયલને સાજો કીધા પછી પીતરને હુકમ આપ્યો કે, "તારી તરવાર તેના મ્યાનમાં પાછી ઘાલ; કેમકે જે સઘળા તરવાર પકડે છે તેઓ તરવારથી નાશ પામશે."

આ વાકયમાં સદ્ગુરૂ સ્પષ્ટ બતાવે છે કે સત્યનો જય મેળવવા માટે તરવારની જરૂર નથી. આપણમાંના પીતરના ઉત્તરાધિકારી તથા મંડળીમાં પ્રમુખ કહેવડાવનારા જે પોપ સાહેબ તેઓએ પ્રભુનો આ બોધ લક્ષમાં લીધો હોત તો કેવું સારૂં!

હવે જ્યારે ઇસુને તેઓએ બરોબર પકડી લીધો, ત્યારે તેના બધા શિષ્યો તેને છોડીને નાસી ગયા (માત્થી ૨૬; ૫૬). પરંતુ ત્યારે પહેલાં પ્રભુએ પોતાના પકડનારાઓને કહ્યું હતું કે તમે તેઓને જવા દો (યોહા. ૧૮; ૮).

જ્યારે દુષ્ટ લોકોએ પ્રિય પ્રભુને પકડી લીધો, ત્યારે તેણે પોતાના છુટકારા સારૂ કાંઈ ચમત્કાર કીધો? અથવા શું સ્વર્ગી દૂતોએ આવીને તેના શત્રુઓનો વિનાશ કીધો? કલ્પિત પુરાણ લખનારાઓ કદાપિ એવું લખે, પણ ખરા ઇતિહાસ લખનારનાં લક્ષણ જુદાં છે.

જે લોકો હથીઆરબંધ થઈ મોટા બંદોબસ્તથી આવ્યા હતા, તેઓએ કોણને પકડ્યો? એક ખરેખરો નમ્ર ને નિરૂપદ્રવી, ગરીબ, હથીઆર વગરના માણસને! તેને તેઓએ જબરજસ્ત મજબૂત બંધનથી પાંચવડીઆ મુસકેટાટ બાંધી લીધો, ને ગળામાં દોરડું વીંટાળી રાત્રે પ્રમુખ યાજકની વાડીમાં આણ્યો.

આવા પ્રસંગમાં ઇસુના શિષ્યોની કેવી ને કેટલી હાલહવાલી થઈ હશે? તેઓએ પહેલાં કાંઈ જોર બતાવ્યું ખરૂં, પરંતુ સામી બાજુએ એવડો મોટો સમુદાય છે તેની સામે તેઓ શું કરે? વળી સદ્ગુરૂ પોતે પણ તેઓની સામે કાંઈ કહેતો અથવા કરતો નથી, માટે તેઓએ તેના છુટકાની આશા છોડી.

અધ્યાય ૯ મો.

ઇસુની તપાસ.

ચારે સુવાર્તા સંભાળીને એકી સાથે વાંચીએ તો એવું દેખાશે કે ઇસુની તપાસ ત્રણ ઠેકાણે કરવામાં આવી, તેમાં પ્રથમ અને પહેલી આન્નાસ પાસે થઈ; તેની હકીકત યોહાને લખેલી છે. બીજી કાયાફાસ પાસે થઈ તે વિષે માત્થી તથા માર્કમાં લેખ છે, અને ત્રીજીવાર સાન્હેદ્રીમ સભા આગળ થઈ તેની હકીકત માત્ર લુક લખે છે.

પહેલી તપાસ તે માત્ર કાચી ને આરંભની હતી. બીજીમાં ઇસુના અપરાધનો દંડ ઠરાવાયો, અને ત્રીજીમાં સદરહુ દંડની મંજુરી આપી. આ છેવટની તપાસ તેજ માત્ર કાયદેસર હતી.

સિપાઇઓએ ઇસુને બાગમાંથી પકડ્યો ને શહેરમાં આણ્યો, જ્યાં આન્નાસ તથા તેનો જમાઈ કાયાફાસ એ બન્ને રહેતા હોય એવું દેખાય છે. હવે જ્યારે

ઇસુને ત્યાં લાવ્યા ત્યારે મધ્યરાત્રી વિતી ગએલી હતી. રસ્તામાં કોઈ પણ માણુસનો પગરવ સરખો પણ નહોતો. વળી ઇસુના બધા શિષ્યો તેની સાથે નહોતા, પણ માત્ર બે જણુ તેની પાછળ પાછળ ચાલતા હતા. તે સિવાય એક જુવાન છેટે છેટે તેની પછવાડે ચાલ્યો આવતો હતો. તે રસ્તાની ગડબડ સાંભળી ઉંઘમાંથી જાગ્યો એવોજ ચાલી નીકળ્યો હતો. તેણે રાતની વેળા જે સફેત વસ્ત્ર ઓઢેલું હતું તેજ માત્ર અંગ પર હતું. તેના તરફ સિપાઇઓનું ધ્યાન ગયું તેથી તેઓ તેને પકડવા દોડ્યા, પરંતુ તે પોતાનું વસ્ત્ર ફેંકીને એમનો એમ પલાયન કરી ગયો. આ જુવાન કોણુ હતો એ વિષે કંઈ કહ્યું નથી, પણ કેટલાએકની એવી ધારણા છે કે તે માર્ક હતો, કારણકે એ વાત માત્ર તેનાજ ગ્રંથમાં આવે છે.

આપણે આગળ વાંચી ગયા છીએ કે સિપાઇઓ પ્રથમ ઇસુને આન્નાસ પાસે લાવ્યા. આ માણુસ ઈ. સ. ૭–૧૪ સુધી પ્રમુખ યાજક હતો. પરંતુ આ વખત રૂમી સરકારે તેને પદભ્રષ્ટ કરેલો, તેથી તેની જગ્યાએ તેનો જમાઈ કામ કરતો હતો. પણ સાન્હેદ્રીમ સભામાં તેનો લાગવગ વધારે હતો માટે તે વજનદાર કે માનવંત ગણાતો હતો, તેથી એમ સંભવે છે કે સિપાઇઓ પ્રથમ પ્રભુને તેની પાસે લાવ્યા. આખા યાજકકુળમાં આ મોટો યુક્તિબાજ તથા ધૂર્ત હતો. તે પોતે સાદુકીપંથનો ને સાન્હેદ્રીમ સભાનો સભાસદ ઠરેલો માટે તે ઇસુ તરફ પુરો અણગમો તથા હાડવેર રાખતો હતો.

આ યાજકકુળના કપટી ને લોભી સ્વભાવને લીધે તાલમુદના ગ્રંથમાં તેના વંશ પર શ્રાપોચ્ચારણ કરેલ છે. ત્યાં લખેલું છે કે, "આન્નાસનાં ઘરવાળાંને હાય હાય! તેના સાપ જેવા ફુફાડાને હાય હાય!" (તેણે ઇસુ વિષે જે તપાસ કરી તે કાચી પોલીસ તપાસ જેવી હતી).

આ ઘરનાં માણુસો ઇસુ ગુરૂ ઉપર એટલો બધો દ્વેષભાવ રાખતાં હતાં તેનું કારણ શું હશે? તેના જવાબમાં એમ કહેવાય કે તેઓ લોભી હતાં, તેથી આ નિર્લોભી પુરૂષનો તિરસ્કાર કરતાં હતાં. તેઓના ન છાજતા લોભનો અત્રે એક દાખલો આપેલો છે. તે એવો કે તેઓએ દ્રવ્યની અભિલાષાથી મંદિરમાં પવિત્ર કરાએલી વસ્તુઓનો વેપાર કરવા સારૂ ચાર દુકાન માંડી હતી; તેમાં તેઓ કબૂતરની જોડો વેચીને સોનામહોર કઢાવતા હતા, ને ઇસુના ઉપદેશથી તેઓના વેપારને જબરો ધક્કો લાગવાની બિહીક હતી માટે તે તેઓને આંખના કણા પ્રમાણે ખુંચતો હતો, તેથી તેને કાઢી નાખવાની વાટ જોતા હશે!

તેઓ હજી સુધી ઇસુ પર નિયમ પ્રમાણે કાંઈ દોષ ઠરાવી શકયા નથી, એટલે કે આન્નાસે પ્રભુને તેના ઉપદેશ વિષે તથા તેના શિષ્યો વિષે સવાલ પુછ્યા. તેના જવાબમાં પ્રભુએ ઘણી સાવચેતીથી તથા ધીરજથી ઉત્તર

આપ્યા. તેણે તેઓને કહ્યું કે, "જગતની આગળ પ્રગટ રીતે હું બોલતો આવ્યો છું. સભાસ્થાનોમાં તથા મંદિરમાં જયાં સઘળા યહુદીઓ એકઠા થાય છે ત્યાં હું નિત્ય બોધ કરતો હતો ને હું ગુપ્તમાં કાંઈ બોલ્યો નથી...તેઓને મેં શું શિખવ્યું તે મારા સાંભળનારાઓને પુછ." એવા શાંત ને માર્મિક ઉત્તરમાંથી એવો અર્થ નીકળે છે કે, 'આવા એકાંત સ્થળે ને રાત્રી સમયે ન્યાયીના ઠઠ્ઠા કરવા એ તારૂં કામ છે પણ મારૂં કામ નથી. મારા શિષ્યોએ કદી એવો સંપ કીધો નથી. તમે સાદુકીઓની પેઠે મેં કાંઈ અંધારામાં ધતીંગ રચ્યું નથી;' આ જવાબ તે ઉતાવળા તથા ગર્વિષ્ટ યાજકથી તથા તેના નોકરોથી સહન કરી શકાયો નહિ. તેથી ત્યાં ઉભા રહેનાર એક સિપાઈએ ઇસુને લપડાક મારીને કહ્યું કે, શું તું પ્રમુખ યાજકને એવો ઉત્તર આપે છે?

જે સુંદર મુખારવિંદ નિહાળી પવિત્ર દૂતો હર્ષ પામે છે તેના ઉપર આ દુષ્ટ હાથ થબડાક મારે છે? રે વાંચનાર મિત્ર, જો, જગતનો ન્યાય કેવો વિચીત્ર કે દોષિત નિર્દોષને મારે. એવો બનાવ જોતાં શું તને રીસ ચઢે છે? ત્યારે વિચાર કે તેથી પ્રભુને કેટલી રીસ ચઢી હશે? શું તેણે ગુસ્સે થઇને શ્રાપ દીધા? ના, ના, તેમ નહિ, પણ તેણે શાંતપણે મારનારને ઉત્તર આપ્યો કે, "જો મેં કાંઈ ભુંડું કીધું હોય તો તે ભુંડાઈ વિષે શાહેદી આપ, પણ જો સારૂં કહું છું તો તું મને કેમ મારે છે?"

એ પ્રમાણે વાતચિત થવાથી આન્નાસને એકદમ ખાતરી થઈ કે આને દોષિત ઠરાવવાની કોઈ બારી નથી, માટે તેણે તેને પોતાના જમાઈ કાયાફાસની આગળ મોકલી દીધો. એ કાયાફાસ પણ પોતાના સસરાની પેઠે સાદુકીપંથનો, નિડર અને ધૂર્ત હતો, પરંતુ આન્નાસની પેઠે દઢ નિશ્ચયવાળો ને પ્રયત્નશીળ નહોતો. તેના ઘરમાં બીજીવાર ઇસુની ગેરકાયદેસર તપાસ થઈ (માત્થી ૨૬; ૫૯–૬૮. માર્ક ૧૪; ૫૫, ૫૬). આ તપાસને ગેરકાયદેસર કહેવાનું કારણ એ છે કે જેટલા દેહાંત શિક્ષાના બનાવો હોય, તેટલાનો ફેંસલો માત્ર દિવસેજ તપાસાય એવી યહુદી સભાની રીત હતી, પણ ઇસુની તપાસ રાત્રે ચલાવી માટે તે ગેરકાયદેસર કહેવાય છે. ઇસુની તપાસ કરીને તેને ગુન્હેગાર ઠરાવવો એ સહેલું કામ નહોતું. સાન્હેદ્રીમ સભામાં જુદા જુદા સ્વભાવના તથા મતના માણસો હતા. તેમાં ફરોશી, સાદુકી, શાસ્ત્રી તથા યાજકો હતા. આ બધા ધર્મ સંબંધી ભિન્ન ભિન્ન મતના હતા એટલુંજ નહિ, પણ તે બાબતમાં તેઓને મોટો વિવાદ ચાલતો હતો.

ઉપર આપણે વાંચી ગયા છીએ કે આ સભામાં જુદી જુદી પ્રકૃતિવાળા સભાસદો બિરાજેલા છે, તેથી જો સદ્‌ગુરૂ આ વખત મધ્યસ્થપણાનો ત્યાગ કરી કોઇએક પક્ષમાં ભળી જાય, તો સહેજ વારમાં છુટકારો થાય એમ હતું.

કારણકે જો તેના પર કાંઈ સરકારી કાયદા વિરૂદ્ધ બોલવાનો આરોપ મુકે, તો તે વાતમાં ફરોશીઓ તેને દોષિત ગણવાના નથી, ને જો ધર્મ સંબધી સાબ્બાથવાર બાબત કે વડીલોના સંપ્રદાય બાબત તહોમત મુકે તો સાદુકીઓ તેને ટેકો આપે નહિ. કેમકે જ્યારે તેણે દેવનું શુદ્ધિકરણ કીધું ત્યારે સાદુકીઓ કોઈ બોલ્યા નહિ, પણ ઇસુએ તેનો લાભ લઈ પોતાનો છુટકારો સાધ્યો નહોતો.

• તે પોતે પોતાને બચાવવા શક્તિવાન હતો તોપણ તેણે બાપની ઇચ્છા પ્રમાણે ચાલવાની કાળજી રાખી, માટે તે રાજીખુશીથી મરવાને તૈયાર થયો. પણ એ નિરપરાધીને શી રીતે ગુન્હેગાર ઠરાવવો, એ વિષે તેના શત્રુઓને કાળાં કાવત્રાં કરવાની જરૂર પડી. તે લોકોએ તેને વિરૂદ્ધ જુઠા શાહેદીઓ શોધવાની કોશેશ કીધી પણ મળ્યા નહિ. આખરે બે જુઠા શાહેદીઓ આવ્યા ને તેમાંના એક એવી શાહેદી આપી કે આ ઇસુ એકવાર એમ બોલ્યો કે, "હું આ મંદિરને પાડી નાખવા તથા તેને ત્રણ દહાડામાં પાછું બાંધવા સમર્થ છું," ને બીજાએ કહ્યું કે, "આ હાથે બાંધેલા મંદિરને હું પાડી નાખીશ ને ત્રણ દહાડામાં હાથે નહિ બાંધેલું એવું બીજું મંદિર ઉભું કરીશ" એમ તે બોલ્યો હતો.

આ બન્ને સાક્ષીનું બોલવું અર્થહિન તથા મેળ વિનાનું છે, કેમકે એક કહ્યું કે, "આ મંદિર પાડી નાખવાને હું સમર્થ છું" ને બીજો કહે છે કે, "હું તે પાડી નાખીશ" (એમ તે બોલ્યો હતો). એ પ્રમાણે જુઠા સાહેદીઓએ તહોમત મુકયાં, પણ પ્રભુએ તેનો જવાબ આપ્યો નહિ. "તેણે કાંઈ ઉત્તર આપ્યોજ નહિ," તેથી એમ કહેવાય કે તેણે એ જુઠાની લબાડીમાં ન્યાયાધીશને ગુંગળાવા દીધો, ને પોતે પોતાના વજનમાં સ્તબ્ધ રહ્યો. એ રીતે પ્રભુના મૌન્યથી ન્યાયાધીશના મન ઉપર એવી અસર થઈ હશે કે તે અમારો ન્યાયકર્તા અને અમે તેના ગુન્હેગાર છીએ.

• હવે આ બનાવટી અને પ્રપંચી મુકરદમાથી ન્યાયાધીશ ભયભિત થયો. તેને એટલો ગુસ્સો ચઢ્યો કે તે સિંહાસન ઉપરથી ઉતરીને સભાની વચમાં ઉભો રહ્યો, પછી મોટે ધાંટે બૂમ પાડી સદ્ગુરૂને કહેવા લાગ્યો કે, "શું તું કાંઈ ઉત્તર આપતો નથી? તેઓ તારી વિરૂદ્ધ આ શી સાક્ષી પુરે છે?" પણ તે છાનો રહ્યો ને કંઇજ ઉત્તર આપતો નથી એવું જોઇને તેણે તેને દેવના સોગન આપીને કહ્યું કે, "શું તું સ્તુતિવાનનો દીકરો ખ્રીસ્ત છે કે નહિ તે અમને કહે."

જે કેદીને મુસકેટાટ બાંધેલો છે, જેનો બચાવ કરવાને કોઈ હાજર નથી તેને આવો વિલક્ષણ સવાલ પુછવો, એ મોટી તાજુબીની વાત છે! તેમજ જે ન્યાયાધીશ બનાવટી સાહેદીઓ મેળવવાને ચારે બાજુ પથરા ફેંકતો હતો, તેજ આવો પ્રશ્ન પુછે છે એ ઘણી નવાઇની વાત છે! અને વળી તે અસાધારણ માણુસ હોય તો તે ખરેખરી અપૂર્વ વાત ગણાય!

પ્રભુએ તત્કાળ એ સવાલનો જવાબ આપી તેનો તથા સર્વ સભાસદોના મનનો સંશય દૂર કીધો. જે વખતે લોકો તેને રાજા કરવા સારૂ તલપાપડ થઈ રહ્યા હતા, તે વખતે તેણે બીલકુલ ના પાડી. જો તેણે લોકોની મરજી પ્રમાણે ત્યારે રાજ્યપદ ધારણ કર્યું હોત તો તેને આ જગતનો મોટો વૈભવ પ્રાપ્ત થયો હોત એમાં શક નથી, પણ તે વખતે તેણે પોતાના મસીહપણાનો હક પાછળ હડસેલી મુકયો, ને હવે જ્યારે મરણ નજીક આવ્યું ને પોતાને દેવપુત્રપણે પ્રગટ કરતાં કાંઈ સંસારી લાભની આશા નથી ત્યારે તે પોતાના દેશી અધિકારીની આગળ કબૂલાત આપે છે કે, "હું દેવનો પુત્ર છું."

તેઓએ તેને કહ્યું કે, શું તું ખ્રીસ્ત છે? અને તેણે જવાબ આપ્યો કે, "હું તેજ છું;" પ્રભુનો આ ઉત્તર તે શાંત અને ગંભીર હતો કેવળ એમજ નહિ, પણ તે પરાત્પર દેવની પ્રતિજ્ઞાના જવાબમાં હતો; પ્રભુ ઇસુ જે સત્યવાદી હતો તે એવું કહે છે, તો પછી જેઓ તેના દેવપણાને કબૂલ કરનારા હતા તેઓએ ઉપરની પ્રતિજ્ઞાનો સારો વિચાર કરવો જોઇતો હતો, કેમકે તેણે માણસોને માટે જે પ્રાયશ્ચિત્તરૂપી કાર્યસાધક કામ કીધું તેનું સત્વ આ ઉત્તરમાં સમાએલું છે.

એ પ્રમાણે પોતાની પ્રકૃતિનું તથા ગુણ સ્વભાવનું ઇશ્વરી લક્ષણ તેણે કહી બતાવ્યું, તે પછીથી પોતાનો અધિકાર અને પોતાનું કામ આગળ ધર્યું. તે તેઓને કહે છે કે, "હવે પછી તમે માણસના પુત્રને દેવને જમણે હાથે બેઠેલો ને આકાશનાં વાદળાં પર આવતો દેખશો. જે હાલ તમારી આગળ કેદી જેવો ઉભો રહેલો છે તે ન્યાયાસન પર બેસશે, ને તમે તેની આગળ ન્યાય માગવા આવશો એવી વેળા આવનાર છે."

એ શબ્દો કાને પડતાં પ્રમુખ્ય યાજકે પોતાનાં વસ્ત્રો ફાડ્યાં ને કહ્યું કે, જુઓ, એણે દુર્ભાષણ કીધું છે; હવે આપણને બીજા સાહેદીઓની શી જરૂર છે? યહુદી લોકોમાં મહા મોટા દુ:ખની વેળાએ વસ્ત્રો ફાડવાની રીત હતી, પરંતુ પ્રમુખ્ય યાજકને એવું કરવાની મના હતી; તોપણ જ્યારે તેને કાને દેવનિંદાનો શબ્દ પડે ત્યારે તેને એમ કરવાની છુટ છે, એવું તાલમુદનું ફરમાન હતું.

હવે આ અધ્યક્ષ આખી સભાની અનુમતિ લેવા સારૂ પ્રશ્ન પૂછ્યો કે, "તમને શું લાગે છે?" અને બધાએ એકે અવાજે ઉત્તર આપ્યો કે, "તે માણસ મરણદંડ યોગ્ય છે. પછી તે અન્યાયી ન્યાયસભા ઉઠી ગઈ, ને અહીં ઇસુની બીજી તપાસ પુરી થઈ. (એ વેળા શુક્રવારનું મોટું પરોઢીયું થયું હતું).

અધ્યાય ૧૦ મો.

વચમાં બનેલી વાતોનું વર્ણન. સિપાઈઓ ઇસુના ઠઠ્ઠા કરે છે. પીતર નકાર કરે છે. યહુદા આત્મઘાત કરે છે.

એ પ્રમાણે યહુદી લોકો જે મસીહની બે હજાર વર્ષથી મોટી ઉત્કંઠાએ રાહ જોતા હતા ને જેના આગમન વિષે અધીરા થઈ શોક કરતા હતા, તેનીજ તેઓએ અવગણના કીધી. "હું દેવનો પુત્ર છું," એવું ઇસુના મુખનું વાકય સાંભળતાં તે યહુદી ધર્મસભાની આગળ પાખંડી ઠરાવાયો, ને મરણદંડને યોગ્ય ગણાયો. હાલમાં આ સભાનો નિર્ણય સર્વાનુમતે બહાલ રાખવાનો હતો; અને નિયમ પ્રમાણે તેને માટે દિવસનું અજવાળું પ્રગટ થવાની જરૂર હતી; તેથી સુર્યોદય થતાં સુધી ઇસુને સિપાઇઓનાં પહેરામાં રાખ્યો.

સિપાઇઓએ તેને ચોકીમાં આણ્યો ને ધક્કા મુકી તથા લપડાકો મારી તેના મ્હો પર થુંકયા. આ વૃત્તાંત લખનારામાંનો પૈકી એક જણ એટલે કે લુક એવું કહે છે કે, "તેની આંખે પાટો બાંધીને તેના મ્હો પર માર્યું, ને તેને પુછતાં કહ્યું કે, ઓ ખ્રીસ્ત, તને કોણે માર્યો, તે અમને કહે;" ને એ સિવાય તેઓએ તેની નિંદા કીધી ને બીજું ઘણું તેની વિરૂદ્ધ કીધું.

એ બધું થતું હતું ત્યારે બૃહસ્પતવાર વીતીને શુક્રવારની સવાર થવા આવી હતી, એ પ્રમાણે આપણે આગળના અધ્યાયમાં છેવટ ભાગે વાંચી ગયા છીએ. આ વખત પ્રિય પ્રભુ એ પહોરથી પોતાના ન્યાયાધીશની સામે ઉભો રહેલો હતો, તે દરમિયાન વાડીની અંદર ને વાડીની બહાર જે વાતો બની તે આ પ્રમાણે હતી.

આપણે આગળ વાંચી ગયા કે આસરે મધ્યરાત્રીને સમયે આ લોકો આપણા માનવંત, વહાલા, પ્રિય સદ્ગુરૂને પકડી લાવ્યા, ને ત્યાર પછી જેમ જેમ રાત્રી વીતવા લાગી તેમ તેમ હેંડોગાર પવન છુટવા લાગ્યો ને ટાઢ પડવા લાગી. તેથી પ્રમુખ્ય યાજકની વાડીમાં જે સિપાઈઓ હતા તે દેવતા સળગાવીને તાપવા બેઠા ને તે તાપણાથી ચોકમાં જમણા હાથ પર જે ઓટલો હતો તે પર પ્રભુની તપાસ ચાલતી હતી. જ્યારે છેલ્લીવાર પ્રભુને પકડી આણ્યો ત્યારે તેના શિષ્યોમાંના પૈકી માત્ર બેજ તેઓની પાછળ પાછળ આવીને આ જગ્યાએ છાનામાના હાજર રહેલા હતા. તેમાંનો એક યોહાન હતો, તેને પ્રમુખ્ય યાજકની સાથે ઓળખાણ હતી (યોહા. ૧૮ : ૧૫), ને બીજો પીતર હતો. તે બહાર સિપાઇઓની સાથે બેસીને ચોકમાં તાપતો હતો. આ જગ્યાએથી ઇસુની જે જે તપાસ ચાલતી હતી તે દેખાતી હતી કેવળ એટલુંજ નહિ, પણ જે વાતચિત થતી હતી તે બધી સંભળાતી હતી.

હવે આપણે જાણવું જોઇએ કે આ વાડીના પહેરાવાળા માત્ર સિપાઇઓજ હતા એમ નહિ, પણ ત્યાંની દરવાન બાયડીઓ પણ હતી. પીતર તથા યોહાનને અંદર લાવનાર દરવાન બદલાઈ ને તેની જગ્યાએ બીજી પહેરેગીર ચઢી, ત્યારે પીતર તાપણી પાસે બેસી સિપાઇઓ સાથે બેઠો બેઠો તાપતો હતો. તે દરમિયાન આ નવી પહેરાવાળી ટેલતી ટેલતી તાપણા પાસે આવી, ત્યારે એક અજાણ્યો તથા ગાલીલી ભાષા બોલનારો માણસ તેની નજરે પડ્યો, તેથી તે કહેવા લાગી કે, "તું પણ તેના શિષ્યોમાંનો છે?" તેણીનો એવો પ્રશ્ન સાંભળીને પીતર ગભરાઈ ગયો, ને કહેવા લાગ્યો કે, "તું શું કહે છે તે હું જાણતો નથી તથા સમજતો નથી." એ રીતે ભાગ્યા તુટયા શબ્દોમાં, બોબડી વાત કહેતાં કહેતાં ત્યાંથી તે ઉઠયો, ને દેવડીના ઓટલા નીચે જ્યાં અંધારાવાળી જગ્યા હતી, ત્યાં જઇને બેસી ગયો. તેજ વખત પહેલો મરઘો બોલ્યો, ઘણું કરીને રાત્રીના ત્રણ વાગતાં જે મરઘો બોલે છે તે આ હતો. તેના સંબંધી લોકો એમ કહે છે કે આ "પહેલો મરઘો" અથવા મરઘાએ "પહેલી બાંગ પોકારી," (એ સિવાય જે રાતના મરઘા બોલે છે તે અનિયમિત ગણાય છે).

આપણામાં એક એવી કહેવત ચાલે છે કે, "જેની બિહીક હોય, તે સામું આવે," ને આપણા મિત્ર પીતરના સંબંધમાં તેવુંજ થયું. આપણે ઉપર વાંચી ગયા છીએ કે તેને પેલી દરવાન દાસીએ અનાયાસે ઓળખી લીધો, ત્યારે તે તાપણી પાસેથી ઉઠીને આ અંધારી જગ્યામાં બેઠો છે; તેમ છતાં અહીં પણ એક બીજી દાસી આવી, ને કહેવા લાગી કે, "આ માણસ ઇસુ નાઝારીની સાથેનો છે." પણ તે સાંભળીને પીતર નાકબૂલ થયો, અને ફરી કોઈ તેને સતાવે કે ત્રાસ પમાડે નહિ, માટે તે લબાડી તથા જુદા સોગન ખાવા લાગ્યો (માત્થી ૨૬ ; ૭૨).

એ પ્રમાણે તે ભયમાં તથા સંકોચમાં આવી પડ્યો! તેને બહાર નીકળી જવાનો માર્ગ મળતો નથી, કારણકે જો તે બહાર નીકળી જાય તો વધારે બિહીકમાં કે સંશયમાં આવી પડે એવું હતું; માટે જે લોકો આંગણામાં બેઠા હતા, તેની પાસે બીજીવાર જઇને બેઠો. હવે લગભગ એક કલાક વિતી ગયા બાદ તેના પર તેજ પરીક્ષા પાછી આવી; તે મંડળમાં પ્રમુખ ઉપાધ્યાયનો એક ચાકર હતો, તે ઇસુને પકડવા વાડીમાં ગયો હતો તે વખત પીતરે જે માણસના ઉપર તરવારનો ઘા કીધો, તે માણસ આનો સોબતી હતો. માટે તે પીતરને હિમ્મતથી કહેવા લાગ્યો કે, ખરેખર, તું ઇસુની સાથે રહેનાર, ને તેનો સોબતી છે. મેં તને ચોક્કસ રીતે વાડીમાં તેની સાથે જોએલો, શું એ વાત ખોટી છે? એ પ્રમાણે જ્યારે ખરી પકડ ને ખરી કસોટીનો વખત આવ્યો, ત્યારે પીતર નકાર કરી શ્રાપ દેવા તથા સોગન ખાવા લાગ્યો, ને તુરત બીજીવાર મરઘો બોલ્યો.

આ બીજીવારનો મરઘો બોલ્યો તે વખત પીતરના શબ્દો પ્રભુને કાને પડ્યા, ત્યારે તે ઉપરના ચોતરા પરની ઓરડીમાં હતો, અથવા કેટલાએકના મત પ્રમાણે તે વખત તેને ત્યાં થઇને ચોકીમાં લઈ જતા હતા. એવા પ્રસંગમાં તેણે પોતાના પતિત થએલા શિષ્યને યાદ કીધો, ને પોતાના દુઃખ તથા અપમાનને વિસારી "પીતર તરફ જોયું" (લુક ૨૨; ૬૧). એ પ્રમાણે દુઃખની વેળા પ્રભુ જેની તરફ પ્રીતિથી જુએ છે તેને ધન્ય છે! આ વખતે માત્ર તેના તરફ જોવું એ બસ છે! પ્રભુએ પીતર તરફ જે નજર ફેંકી, તે તેના અંતઃકરણમાં તીરની પેઠે પેસી ગઈ હતી!

જેમ જેમ ખડક પરથી ગળી પડેલો બરફનો ટુકડો અથડાતો નીચે આવે છે, તેમ તેમ તે વખતોવખત પીગળતો જાય છે, અને આખર જમીન સુધી આવતાં સૂર્યના તાપથી છેક પીગળીને ગળી જાય છે; એમજ આ વખતના દૃષ્ટિપાતથી પીતરના મનનો બધા સ્વાભિમાન ગળીને પાણી થઈ ગયું, તેથી તેની આંખ ખુલ્લી ગઈ! મરણની બિહીક નાશ પામી, માટે તે બહાર ગયો ને ઘણો દિલગીર થઈ મોટો વિલાપ કરી રડવા લાગ્યો, કારણકે જે દોષિત હતો તે પશ્ચાત્તાપી થયો અને જેમ પ્રભુએ તેને માટે પ્રાર્થના કરી હતી (લુક ૨૨ ; ૩૨), તેમ તે તેની તરફ ફર્યો, અને પછી તે પોતાના ભાઇઓને સ્થિર કરવાનો અનુગ્રહ પામ્યો.

પરંતુ જે યહુદા ઇસકારીઓત હતો તેનું પરિણામ જુદી રીતનું થયું. પોતાના ગુરૂને મરણની શિક્ષા થએલી જાણી તેનું મન તેને મારવા લાગ્યું, તેને પોતાના કાળાં કાવતરાંનો ખેદ થવા લાગ્યો, પણ તે જગતનો ખેદ કે જેનાથી તારણ નહિ પણ મરણ થાય છે તેવો તે હતો. માત્ર પસ્તાવોજ, તેનાથી જીવન નથી, તેથી કોઈ તરતો નથી. સદ્‌ગુરૂને શરણે ગયા વિના પાપની માફી મળતી નથી. જો યહુદાને દેવ તરફનો જીવનદાયક અનુતાપ થયો હોત, જો તે સદ્‌ગુરૂને શરણે ગયો હોત, તો ખચીત તેને જીવનજ મળ્યું હોત ને તેનાં પાપની ક્ષમા થઈ હોત; પણ અફસોસ છે કે તેમ થયું નથી, તેના મનમાં નિરાશા ને લજ્જાનો બોજો વધી ગયો હતો; તેથીજ તેનું મન ભરાએલું હતું, માટે તેણે આત્મઘાત કીધો.

તેણે પ્રાણાંત આણ્યા પહેલાં પોતાને ઉત્તેજન આપનારાઓની પાસે જઇને કહ્યું કે, "નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાંથી મેં પાપ કીધું છે," માટે આ તેના મૂલ્યના પૈસા મારે રાખવા નથી. યહુદાના આ કામના જવાબમાં તેઓએ તેને તરછોડી નાખ્યો ને કહ્યું કે, "એમાં અમારે શું, તું જાણે ને તારાં કામ જાણે." પોતે પાપ કરનારા, તેઓ બીજાને પાપ કરાવનાર હોય! તેમના મનમાં અરસપરસ દીલસોજી ભરેલી માયાળુ લાગણી હોતી નથી, પણ તેઓ સામા એક બીજાનો દ્વેષ કરે છે.

જેઓને તેણે એટલી બધી સહાયતા આપી હતી, તેઓએ એ પ્રમાણે તેની નાલાસી કીધી, એ જોવાથી યહુદાને ઘણીજ દાઝ લાગી. તેને જે પૈસા મળ્યા હતા તે મંદિરમાં મુખ્ય યાજકોની આગળ ફેંકી દીધા, ને પોતે બહાર જઇને ગળેફાંસો ખાધો. તે દ્રવ્ય એ દાંભિક લોકોએ દાનકોશમાં નાખ્યું નહિ, પણ તેથી પરદેશીઓને દાટવા સારૂ એક ખેતર ખરીદ કીધું. તે ખેતરને "લોહીનું ખેતર" એવું નામ આપવામાં આવ્યું હતું (માત્થી ૨૭; ૮).

અધ્યાય ૧૧ મો.

મુખ્ય યાજક તથા અધિકારીઓ ઇસુને પીલાત પાસે લઈ જાય છે.

શુક્રવારની મોટી સવારે ઇસુની તપાસ કરી લીધા પછી યહુદી લોકોના અધિકારીઓએ પોતાની ન્યાયસભા ભરી, ને તેઓએ તેનાજ મુખથી પોતે ખ્રીસ્ત છે એવી કબૂલાત કરાવી ને તેને મરણદંડની સજા ઠરાવી. આ ગેરકાયદેસરના ઠરાવમાં બધા સભાસદોની સમ્મતી મળી નહોતી, કારણકે આરીમથાઇનો યુસફ તથા નીકોદેમસ સદરહુ ઠરાવને વિરૂદ્ધ થયા હતા.

એ પ્રમાણે યહુદીઓની મહાસભા રૂબરૂ સદ્ગુરૂની ત્રીજીવાર તપાસ થઈ, તેમાં તેના પર મરણદંડનો ઠરાવ થયો, તોપણ રૂમી સરકારની મંજુરી સિવાય મજકુર ઠરાવ અમલમાં લાવી શકાય તેમ નહોતું. કારણકે આ વખત યહુદીઓના હાથમાં દેહાંત શિક્ષા આપવાનો અધિકાર હતો નહિ, તેથી ઇસુને લઇને સર્વ સભાસદો રૂમી અધિકારીની મંજુરી માટે સરકારી ન્યાયમંદિર તરફ ચાલ્યા (માર્ક ૧૫; ૧). આ વખતે પર્વના બંદોબસ્તને સારૂ રૂમી સુબેદાર પીલાત ત્યાં આવેલો હતો.

કેટલાએક વડીલો, કેટલાએક શાસ્ત્રીઓ ને બીજા ઘણાખરા સાન્હેદ્રીમ સભાના સભાસદો તથા બીજા કેટલાક રસ્તે જતા આવતા લોકો મોટા ઠાઠથી ઇસુને લઇને રાજ્ય કચેરીમાં જવાને નીકળ્યા. આ વખતે લગભગ સવારના સાત વાગ્યાનો સુમાર થયો હતો.

આ તપાસના સંબંધમાં સુવાર્તાના લેખકોએ પીલાતના ગુણ સ્વભાવનું જે વર્ણન આપેલું છે, તે બીજા ઇતિહાસીક પુસ્તકો પ્રમાણે બરોબર મળતું આવે છે. સારા શીખેલા રૂમી ગૃહસ્થની જે સ્થિતિ હતી તેવીજ આ હાકેમની સ્થિતિ હતી. જોકે તે રૂમી લોકોના દેવોને માનતો નહોતો, તોપણ સ્વપ્ન તથા શુકન જોવા પર તે આધાર રાખતો ને તેથી બિહીતો હતો. ધર્મ સંબંધીના વિષય પર વિચાર ચલાવવા તથા તે વિષે તુલના કરવામાં તે કાળજી વગરનો હતો, તેથી સત્ય જાણવાની તેને ઇચ્છા નહોતી. રાજ્યકારભાર ચલાવવામાં

તેની વર્તણુક આપખુદી ભરેલી હતી. તેની કારકીર્દી દરમિયાન યહુદાહ દેશમાં ઘણીવાર બંડો તથા દંગા થતા હતા.

યરૂશાલેમથી આસુરે ૫૫ માઇલને અંતરે ભૂમધ્ય સમુદ્રને કિનારે કાઇસારીઆ નામનું શહેર હતું. ત્યાં રૂમી સરકારની કચેરી તથા થાણું હતું, માટે આ સુબેદાર પણ ત્યાંજ રહેતો હતો; તેમ છતાં પર્વ કે મેળાવડાને વખતે બંદોબસ્ત સારૂ તે અહીં આવતો ને હેરોદના મહેલમાં ઉતારો રાખતો હતો.

આ રાજ્યમહેલ શહેરની ઉંચામાં ઉંચી જગ્યાએ મંદિરની ટેકરી જોડે દક્ષિણ ભાગે બાંધેલો હતો. તેને બહારની બાજુથી જોઇએ તો તે એક સીધી દીવાલ જેવો દેખાતો, પણ અંદર પ્રવેશ કરતાં તે મોટો ગંજાવર ને સુંદર મહેલ હતો. તેમાં મોટા ઓરડા તથા દીવાનખાનાં બાંધેલાં હતાં. તે દરેકમાં સેંકડો માણસોનો સમાવેશ થતો હતો. તે બધાં ઉત્તમ કારીગરીવાળા સરસામાનથી તથા સોના રૂપાનાં વાસણોથી શણગારેલાં હતાં, માટે તેની શોભામાં કાંઈ ખામી હતી નહિ.

હવે આપણે જોઇશું કે આપણી કથાનો મુખ્ય નાયક આજેજ આ મહેલમાં જાય છે. આગળ કોઈ દહાડા તેણે આ રાજ્યભૂવનની મુલાકાત લીધી નથી. તેના દુશ્મનોએ તેને મજબૂત રીતે બાંધેલો છે ને ધકામુકી કરતાં અહીં લાવે છે.

અત્યારે શુક્રવારની સવારના સાત વાગેલા છે તેવે વખતે પ્રભુના વૈરીઓ ટોળે મળી કાયાફાસની વાડીમાંથી ઇસુને બંધવો કરી પીલાતની પાસે લાવે છે, તેથી ઘણા શાસ્ત્રીઓ, ફરોશીઓ તથા યાજકો વડીલો સહિત ચાલી નીકળ્યા છે. તેઓને મોખરે આપણો વ્હાલો પ્રભુ સિપાઇઓની વચ્ચે ચાલતો આવે છે, ને તેની સાથે શહેરના ઘણા બીજા માણસો જેઓ આ બનાવથી માહેતગાર નથી તેઓ જોવા નીકળી પડેલા છે.

હવે સવારના પહોરમાં આટલા બધા માણસો અણધારેલે પ્રસંગે પોતાના ઉતારામાં દાખલ થતા જોઇને પીલાતને ઘણો અચંબો થયો હશે. તેના મનમાં એવી બિહીક લાગી હશે કે આ વખત પર્વમાં કાંઈ દંગો ફીસાદ થયો હશે માટે આ લોકો તેની ફરિયાદ કરવા આવેલા છે, તેથી તે પોતાના ખાનગી ઓરડામાંથી ઉઠીને કચેરીમાં આવ્યો.

રૂમી લોકોના રિવાજ પ્રમાણે દરવાજા બહાર એક સુંદર નકશીદાર ઓટલો બનાવી તેના ઉપર ન્યાયાધીશની બેઠક રાખવામાં આવી હતી, તેથી પીલાત એ મજકુર જગ્યાએ આવીને બિરાજમાન થયો. તેને આ યહુદી લોકો ઉપર પૂરો કંટાળો હતો, માટે તેઓ તેની પાસે આવીને ઉભા રહે એવું તે ચાહતો નહોતો.

જ્યારે પીલાતના મનમાં યહુદીઓ કંટાળાપાત્ર તથા તુચ્છ મનાએલા હતા, ત્યારે યહુદીઓને મન પીલાત મૂર્તિપૂજક, વિદેશી તથા અશુદ્ધ મનાએલો હતો; તેથી તેઓ તેનો સ્પર્શ કરવામાં આભડછેટ માનતા હતા. વળી આજનો દહાડો તે પાસ્ખાનો મુખ્ય ને પવિત્ર દહાડો છે, માટે આજે પાસ્ખાનું પવિત્ર ભોજન લેવા સારૂ બધા લોકોથી તેઓ અલગ રહે છે. તેઓએ સદ્‌ગુરૂને આગળ કરી કચેરી પર ચઢાવ્યો ને પોતે બધા નીચેના ચોકમાં ઉભા રહ્યા. વાંચનાર મિત્ર, આ જગ્યાએ જરા થોભી જા, ને વિચાર કર કે મચ્છરને ગાળી કાઢી ઉંટને ગળી જવું તે આના જેવું કામ છે. આ ધર્મઢોંગી ને કર્મવાદી લોકો રૂમી ન્યાયાધીશને અડકવાથી અભડાય છે ને પવિત્ર તથા ન્યાયી સદ્‌ગુરૂનો નાશ કરાવી પવિત્ર ગણાય છે!!

ખેર, હશે, કરશે તે ભરશે; એમાં આપણે કાંઈ લેવા દેવા નથી. આપણે અહીં આપણી કથાના પ્રસંગ પર જોવાના છીએ માટે તેના તરફ ધ્યાન રાખવાનું છે. જુઓ, પેલો ન્યાયાધીશ તે સદ્‌ગુરૂ તરફ હાથ કરી લોકોને કાંઇ પુછે છે તે તમે સાંભળો. તે કહે છે કે, "આ માણસ ઉપર તમે શું દોષ મુકો છો?" એ પ્રમાણે સવાલ પુછતાં તેણે પોતાની તીક્ષ્ણ દૃષ્ટિ પેલી "ધોળેલી કબરો" પર ફેંકી. એથી આ સમુદાયનાં મન વિચારવમળમાં ચકરમ થયાં, કારણકે ન્યાયમંદિરમાંથી નીકળેલો શબ્દધ્વનિ તેઓની ધારણાને નાબૂદ કરે એવો હતો.

તેઓના મનમાં ઘણીજ ધાસ્તી લાગી કે રખેને આ મૂર્તિપૂજક આપણી ધારણા રદ કરે, કેમકે તેના પ્રશ્નનો રંગ જુદો દેખાય છે. તેઓને એવો ભાસ થયો કે અહીં ઇસુની પુન: તપાસ થશે ને તેમાં તે નિર્દોષ દેખાશે તો અમારા બધા વિચારો ધૂળમાં મળી જશે. માટે તેઓએ લાગલો જવાબ આપ્યો કે, "જો એ અપરાધી ન હોત તો અમે તેને તારી પાસે લાવત નહિ. અમે તેની તપાસ કરીને તેને અપરાધી ઠરાવ્યો છે અને ત્યાર પછી અમે તેને તારી પાસે લાવ્યા છીએ."

એ જવાબ ઘણોજ મોઘમ હતો, માટે તેની પુછપરછ કીધા વિના પીલાતે એવું કહ્યું કે, "તમે તમારા શાસ્ત્ર પ્રમાણે તેનો ન્યાય કરો," કારણકે જો તમે તેની તપાસ કીધી છે તો તેને શિક્ષા પણ કરો. ત્યારે તેઓએ નમ્રપણે વિનંતી કરી કહ્યું કે, "મહારાજા સાહેબ, જ્યારે એવી શિક્ષા કરવાનો હક સરકારે અમારી પાસેથી છીનવી લીધો છે ત્યારે અમારે તમારી પાસે આવવું પડ્યું છે, નહિ તો અમારે આવવાની જરૂર નહોતી. તે જે શિક્ષાને લાયક છે તે શિક્ષા તમારી પરવાનગી સિવાય અમે આપી શકતા નથી." એ પ્રમાણે વાત કર્યાં પછી તેઓએ ઇસુ પરનો પહેલો આરોપ બદલ્યો ને ત્રણ નવા આરોપ મૂકયા. તેઓએ કહ્યું કે, "તે દંગાખોર છે, ને લોકોને ફસાવે છે," "તે રાજ્યદ્રોહી છે

ને કહે છે કે, હું ખ્રીસ્ત યહુદીઓનો રાજા છું;" એ સર્વ ઉપરાંત "તે સરકારને કર આપવાને ના કહે છે" (લુક ૨૩; ૨૩).

રૂમી સરકારના કાયદા પ્રમાણે આ ત્રણે તહોમતો બાબત આરોપીની મુખજુબાની લેવાની તથા શાહેદી પુરાવાની ખાસ જરૂર હતી, પણ અહીં એ કોઈ શાહેદી કે પુરાવો હાજર નથી. માત્ર તેના વિરૂદ્ધવાદીઓ જે ધતીંગો ગોઠવી લાવ્યા તેજ શાહેદ ને તેજ પુરાવો હતો, માટે પહેલા તથા ત્રીજા તહોમત પર ન્યાયાધીશે કંઈ લક્ષ આપ્યું નહિ ને માત્ર બીજા તહોમત પર વિચાર કરવા સારૂ ઇસુ ગુરૂને કચેરી અંદર બોલાવીને પુછ્યું કે, "શું તું યહુદીઓનો રાજા છે?" આ પ્રશ્નના જવાબમાં ઇસુએ જો "ના" કહ્યું હોત તો તે ખરૂં નહિ પણ ખોટું કહેવાત, અથવા જો "હા" કહે તો પુછનારને ઘોંટાળામાં નાખવાની વેળા આવત. એ માટે તેણે તેને કહ્યું કે, "એ વાત તું પોતાથી બોલે છે કે તને મારા વિષે કોઇએ કહ્યું છે?" એ સાંભળીને પીલાત ચીડાઈ ગયો. તે ધિક્કાર કરી કહેવા લાગ્યો કે, "શું હું યહુદી છું? તારા લોકોએ તથા મુખ્ય યાજકોએ તને મારા હાથમાં સોંપ્યો છે, માટે જવાબ દે કે તેં શું કીધુ છે?"

એ પ્રમાણે પોતાના ઉપર કોઈ પ્રકારનો આરોપ નથી એવું પ્રભુએ તેનાજ મ્હોથી કબૂલ કરાવ્યું ને પછી તેને પુછેલા સવાલનો જવાબ આપવાને શરૂ કીધું. તેણે કહ્યું કે, "હું રાજા છું; પણ મારૂં રાજ્ય આ જગતનું નથી." એમ કીધા પછી બન્ને જણ અરસપરસ સંભાષણ કરવા લાગ્યા.

પીલાત—"તો શું તું રાજા છે?"

ઇસુ—"હા, પણ આ ચંચળ ને અસ્થિર જગતનો રાજા નહિ. હું સત્ય વિષે શાહેદી આપવા સારૂ આ જગતમાં આવ્યો છું, તેથી જેઓ સત્યના પક્ષના હોય તેણે મારૂં સાંભળવું જોઇએ."

પીલાત—(જરા ઉતાવળથી બોલ્યો) હં, "સત્ય," સત્ય એટલે શું? મારા જેવા ઉદ્યોગી અને રાજ્યકારભારી માણસને એવા ભ્રમિત વિચારોનું શું કામ છે?

તેને વ્યવહારિક વાતોનું જ્ઞાન હતું, વળી તે કાયદાનું શિક્ષણ પામેલો, ન્યાયીચાતુર્યમાં નિપુણ હતો, તેમજ મનુષ્ય સ્વભાવના અનુભવવાળો હતો. તેથી તેણે એવો તર્ક કીધો કે આ કેદી કેવળ નિરપરાધી છે માત્ર એટલુંજ નહિ, પણ તેના દાંભિક વાદીઓ કરતાં અત્યંત શ્રેષ્ઠ અને ઉત્તમ છે. પછી તેણે ઇસુને કચેરીમાં રાખ્યો ને પોતે યહુદીઓ પાસે બહાર આવ્યો ને કહેવા લાગ્યો કે, "મને એમાં કાંઈ દોષ માલમ પડતો નથી." (સદ્ગુરૂ ઇસુ દોષથી મુક્ત છે, એવો આ પહેલો ઠરાવ થયો).

એ શબ્દો યહુદીઓને કાને પડતાં તેઓએ મોટું ધાંધળ મચાવ્યું; અમે આ બધું કર્યું ને છેવટે આ વિધર્મિ માણસને તેના પર દયા આવી એ શું છે? માટે તેઓએ આગ્રહથી ઘાંટા પાડીને કહ્યું કે, "ગાલીલથી માંડીને અહીં લગી આખા યહુદાહ પ્રાંતમાં તે લોકોને બોધ કરીને ઉશ્કેરે છે" (લુક ૨૩; ૫).

આ શોરબકોરમાં પીલાતને કાને "ગાલીલ" શબ્દ પડયો, તેથી તેને આ કેસ છટકાવી દેવાની યુક્તિ સુઝી. તે જાણતો હતો કે આ કામમાં મારે કાળા હાથ કરવાનું શીર પર લેવું પડશે, પણ ગાલીલનું નામ આવતાં તેના બચાવનો રસ્તો ખુલ્લો થયો, તેથી તેણે તે કેસ કમી કરવાની તક લીધી.

તેણે કહ્યું કે જો તે વાત ખરી હોય, તો ઇસુ હેરોદના અધિકાર તળે છે; માટે હું તેને ત્યાં મોકલીશ. (આ હેરોદ તો હેરોદ આંતિપાસના નામથી ઓળખાતો હતો). તે આ પર્વ પર યરૂશાલેમમાં આવ્યો હતો; (તેના સંબંધી અમે આગળ લખી ગયા છીએ. જુઓ ખંડ ૩ જો, અધ્યાય ૧ લો).

હવે તેના વિષે એવી બીના મળી છે કે 'તે તુચ્છ મનાએલી અદોમી જાતનો ને સાદુકી પંથનો નાસ્તિક હતો.' તેના જેવો ધિક્કારપાત્ર આ જગતમાં બીજો કોઈ ભાગ્યેજ હોઈ શકે. રકતપાત કરવાથી તેના હાથ લાલચોળ થયા હતા ને એશઆરામમાં તે પુરો ગરકાવ હતો.

તેણે ઘણા વખતથી ઇસુના ચમત્કાર વિષે સાંભળ્યું હતું, માટે તે તેને જોવા ચહાતો હતો. હવે જ્યારે એ પ્રમાણે ઘણા દિવસની ધારણા પુરી થઈ ને ઇસુ તેની પાસે આવ્યો ત્યારે તેનાથી કાંઈ ચમત્કાર જોવાની આશાએ તેને તેણે ઘણા પ્રશ્નો પુછ્યા, પરંતુ તેનો કાંઈ ઉત્તર મળ્યો નહિ. આ વખતે ઘણાખરા વડીલો ને મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ ત્યાં ઇસુ પર દોષ મુકવાને આવેલા હતા. તે સર્વની સમક્ષ તેની હોંસ પુરી થઈ નહિ, માટે તેણે સિપાઈઓને બોલાવી સદ્‌ગુરૂને તેઓને હવાલે કીધા. તેઓએ તેની ઠઠ્ઠા મશ્કરી કરી ધિક્કાર્યો, ને તેના ઉપરથી જાંબુઓ ઝભ્ભો ઉતારી લઈ સફેત વસ્ત્ર પહેરાવી પાછો મોકલી દીધો; તેજ દિવસે પીલાત તથા હેરોદનો દ્વેષભાવ મટી ગયો, ને તે બન્ને એક મતવાળા મિત્રો થયા.

હવે જ્યારે પીલાતે બીજીવાર ઇસુને આવતો જોયો ત્યારે તેને ખાતરી થઈ કે હેરોદે તેને ફેંસલો આપ્યો નથી પણ પાછો મારી પાસે મોકલ્યો છે, તેથી તેણે કચેરીમાં આવીને તેના વિરોધીઓને ફરિયાદ કરવાને બોલાવ્યા. તેણે ગંભીર મુખમુદ્રાએ નજર કરી પુછ્યું કે, "આ માણસ લોકોને ભૂલાવે છે, એવું કહીને તમે તેને મારી પાસે લાવ્યા છો; પણ જુઓ, મેં તમારી આગળ તેની તપાસ કર્યાં છતાં જે વાતોનું તમે તેના પર તોહોમત મુકો છો, તે સંબંધી કંઈ અપરાધ આ માણસમાં મને જણાયો નહિ, ને તેમજ હેરોદને પણ નહિ;

કેમકે તેણે તેને મારી પાસે પાછો મોકલ્યો; ને જુઓ, મરણદંડને યોગ્ય તેણે કંઈ કર્યું નથી."

આ વખતે રૂમી રાજ્યની ઉત્તમતા બતાવવાની, તથા તેની રૂમી રાજનીતિની છાપ પાડવાની, પીલાતને હાથ સારી તક આવેલી છે, પણ તેનો આધાર પીલાતની સ્વતંત્રતા પર છે. જો તે ન્યાયાધીશ ન્યાય તથા સત્યના પક્ષમાં સ્થિર રહે ને સત્ય ન્યાયનું દર્શન કરાવે, તો ઉપર બતાવેલી ધારણા બર આવે એવું હતું.

પણ અફસોસની વાત છે કે તે ચંચળ વૃત્તિનો હાકેમ સત્યમાં ટકી શકયો નહિ, કેમકે પાપરૂપી મેલથી તેની આંખ આંધળી થએલી હતી, માટે તે સ્વતંત્ર ન્યાયના રસ્તામાં ટકી શકયો નહિ. તે બદલાઈ ગયો ને ગાડરીઆ પ્રવાહ પ્રમાણે તે ઢળતે પવને વહી ગયો. ખરી વાત છે કે કેટલોક વખત તેણે ન્યાયની કાવડ સમતોલ રાખેલી હતી. તેણે આ નિર્દોષ કેદીને મુક્ત કરવાની છાતી ચલાવી, પણ તેમાં તે આખર સુધી વધી શકયો નહિ.

પહેલાં તેણે યહુદીઓને બોલાવ્યા ને કહ્યું કે, "હું તેને કંઈ શિક્ષા કરીને છોડી દઇશ." તમે તેને ગુન્હેગાર ગણીને મારી પાસે લાવ્યા છો, માટે તમારા માનની ખાતર હું તેને થોડા ફટકા મરાવી છુટો કરીશ. હાકેમનાં આવાં વચન સાંભળીને યહુદીઓને ઘણો ખેદ થયો. તેઓએ બૂમ બરાડા પાડીને મોટો પોકાર મચાવી ધાંટા તાણ્યા કે, "એને દૂર કર, એને દૂર કર."

હાકેમ કહે છે કે, "તમે છાના રહો, હું તમને એક બીજી વાત કહું. રૂમી રાજ્યનીતિ પ્રમાણે પર્વમાં એક કેદી છોડવો જોઇએ, એ નિયમ પ્રમાણે હું ઇસુને છુટો કરીશ." જ્યારે પીલાતે એવો વિચાર દર્શાવ્યો, ત્યારે તેઓએ ઘણો શોરબકોર કરી બૂમો પાડી કે, "અમારે સારૂ બારાબાસને છોડ, પણ એને વધસ્તંભે જડાવ."

આ બારાબાસ બંડખોર અને લૂટારાની ટોળીનો ઉપરી હતો. આગલા સમયમાં તેણે શહેરમાં લૂટ ચલાવી દંગો કીધો હતો. તેમાં તે પકડાયો ને કેદી થયો. રૂમી સરકારે એવો કાયદો ઠરાવ્યો હતો કે, દરેક પાસ્ખા પર્વની વેળા એક કેદીને માફી આપી છોડી મુકવો, એ કાયદા પ્રમાણે યહુદી લોકોએ બારાબાસની માગણી કરી હતી.

આજથી પાંચેક દહાડા પહેલાં જે યહુદીઓ ઇસુને માન આપતા હતા, ને તેની સ્વારીમાં વિજયગર્જના કરી "હોસાન્ના" ગાતા હતા, તેઓ બધા અત્યારે ગેપ થઈ ગયા છે! આજે ઇસુના બચાવમાં કોઈ બોલનાર નથી! આજે બધા ઢળતા પવનમાં બદલાઈ ગયા હોય એવું દેખાય છે! બધા તેનો ત્યાગ કરી નાસી ગયા છે, ને તે સંબંધી યશાયાહનું એક ભવિષ્યવચન પુરૂં થયું કે, "માણસોથી તે ધિક્કારાએલો, તથા તજાએલો હતો" (યશા. ૫૩ ; ૩).

હવે એ પ્રમાણે આ કચેરીમાં સત્ય તથા અસત્યની વચ્ચે લડાઈ ચાલી રહી છે, તે દરમિયાન ઇસુના નિર્દોષપણા વિષે એક બીજો પુરાવો આવ્યો, એટલે કે ન્યાયાધીશ પીલાતની સ્ત્રીએ તેને માટે સંદેશો મોકલી કહેવડાવ્યું કે, "તે ન્યાયીને તું કંઈ કરતો ના, કેમકે આજ મને સ્વપ્નમાં તેને લીધે ઘણું દુઃખ થયું છે." (આ રીતે પીલાતના કુટુંબમાંથી ઇસુ વિષે બીજી શાહેદી આવી હતી).

પહેલાંના રૂમી અમલદારો પોતાનો કુટુંબકબીલો સ્વદેશમાં રાખી એકલાં જાતેજ આવતા હતા, પણ ઑગસ્તસ બાદશાહના વખતમાં બધી પ્રજા શાંત હતી, માટે ઘણાખરા હાકેમો પોતાનાં કુટુંબો સાથે રાખી શકતા હતા; તેથી આ વખતે પીલાતની સ્ત્રી તેની સાથે કાઇસારીઆથી યરૂશાલેમ આવી હતી.

આ બાઇનું નામ પ્રોકલાબાઈ હતું. તેને પોતાના મૂર્તિપૂજક ધર્મ કરતાં યહુદી ધર્મ ઉપર વધારે ભાવ હતો અને તેણીએ પ્રભુ ઇસુ વિષે ઘણું ઘણું સાંભળેલું હતું. હવે જ્યારે તેણીના સાંભળવામાં આવ્યું કે કેટલાએક યહુદીઓ ઇસુને તેણીના ધણી પાસે શિક્ષા કરાવવા લઈ ગયા છે ત્યારે તેણી ગભરાટમાં પડી, કેમકે જો તેણીનો ધણી (પીલાત) તે કામમાં અનીતિ કરી ઇસુને અયોગ્ય શિક્ષા કરે, તો તેના પર યહોવાહનો કોપ આવે, માટે તેણીએ ઉપર કહેલો સંદેશો મોકલી તેને ચેતવણી આપી હતી.

એ સંદેશો સાંભળી પીલાતની ગુંચવણમાં વધારો થયો. પહેલાંથી તે નિર્દોષ ઇસુને મરણદંડ ઠરાવવા નારાજ હતો. વળી તેના ઘર તરફથી તેને એવો સંદેશો મળ્યો, તેથી તેનો ગુંચવાડો વધ્યો. એક બાજુએ તેની પ્રેરકબુદ્ધિની ખેંચ, ને બીજી બાજુએ યહુદીઓની ખેંચ હતી. એવી મુશીબતમાં તેણે ફરી લોકોને વિનવીને કહ્યું કે, "જુઓ, આ માણસ, મને એનામાં કંઈ અપરાધ માલમ પડતો નથી." પણ એ સાંભળીને તેઓએ બૂમો પાડી કે, "એને દૂર કર, એને દૂર કર."

પીલાતે તેઓને ફરી પુછ્યું કે, "જેને તમે મસીહ કે યહુદીઓનો રાજા કહો છો તેને હું શું કરૂં? તેના વિષે તમારી શી ઇચ્છા છે?" આ વખતે પીલાત ઇસુને "મસીહ" ને "રાજા" કહે છે, તેમાં તેની મતલબ જુદી હતી. તેને એમ લાગ્યું કે જો કદાપિ આવા શબ્દોથી તેઓના મનમાં સ્વાભિમાન પેદા થાય, ને તેઓ તેને છોડાવવાની માગણી કરે, તો હું એ ન્યાયીના રક્તપાતથી બચાવ પામું. પણ તેનું એ અનુમાન ભૂલ ભરેલું હતું, કારણકે જ્યારે ફરીથી લોકોએ એ નામ સાંભળ્યું, ત્યારે તેઓએ એવી બૂમો પાડી કે "એને વધસ્તંભે જડાવ."

આ વખતે યહુદીઓ પોતાના દેશબંધુને માટે આવી શિક્ષાની પહેલીજ માગણી કરે છે. તેઓ હરકોઈ ગુન્હેગારને દેહાંતશિક્ષા આપતા હતા પણ

વધસ્તંભની નહિ. તેમ છતાં આ મુખ્ય યાજકો તથા વડીલો વગેરે એક્કો કરી, પોતાના સ્વદેશી બંધુને વાસ્તે એવા પ્રકારનું નીચ ને લજ્જાકારક શાસન માગી લે છે, વળી તેમ કરવામાં મૂર્તિપૂજક ન્યાયાધીશ આનાકાની કરે છે, તેથી નારાજ થઈ યહુદી આગેવાનો ગડબડ મચાવે છે એમાં ખરેખરી અજાયબી દેખાય છે!!

પ્રિય તારનાર ઇસુને છૂટો કરવા સારૂ પીલાતે બે વાર પ્રયત્નો કીધા, પણ તેમાં તે ફાવ્યો નહિ, તેમ છતાં તેણે ધીરજ ખોઈ નહોતી, માટે ફરી ત્રીજી વાર તેણે તે કામ હાથ પર લીધું. તેણે લોકોને કહ્યું કે, "તમો બધા બૂમરાણ કરી ઇસુની વિરૂદ્ધ બોલો છો. પણ હું તેને વધસ્તંભે જડાવું એવું તેણે કંઈ કીધું નથી. દેહાંત શિક્ષા જોગ તેણે ગુન્હો કીધો હોય એવું દેખાતું નથી." એ વાત સાંભળી તેઓએ ઘણી બૂમો પાડીને કહ્યું કે, "એને વધસ્તંભે જડાવ, એને વધસ્તંભે જડાવ."

યહુદી લોકોની હઠ તથા દુરાગ્રહ પીલાતથી અજાણ્યો નહોતો, પણ તેને તેનો સારીપેઠે અનુભવ હતો, કારણકે એક વખત તેણે યરૂશાલેમની કચેરી પર રાજ્યચિન્હ કે નિશાન ચઢાવ્યું હતું. તેના ઉપર રાજ્ય પ્રતિમા એટલે ગરૂડનો આકાર હતો, અને તે જોવાથી ધર્માંધ યહુદીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા. તેથી તેઓએ સભા ભરી ઠરાવ કીધો કે, આપણામાંના કેટલાએક અગ્રેસરોએ હાકેમની આગળ તે બાબત અરજી કરવા જવું, અને આ અમંગળ મૂર્તિને પવિત્ર શહેરમાંથી દૂર કરાવવી.

આ વખત પીલાતનો મુકામ કાઈસારિયામાં હતો માટે તેઓ બધા ત્યાં ગયા, ને મજકુર ઠરાવ પ્રમાણે અરજી કરી. કેટલાએક દિવસ તેઓની ફરિયાદ પર કોઇએ ધ્યાન આપ્યું નહિ તેથી તેઓએ હઠ પકડી સરકારી કચેરી પાસે પડાવ નાખીને ગડબડ મચાવી. એથી હાકેમને ક્રોધ ચઢયો, ત્યારે સિપાઇની મારફતે હુકમ ફરમાવ્યો કે, "તમે અહીંથી જાઓ, નહિ તો તમારે સારૂ નવી કબરો બનાવવી પડશે." એ ફરમાન સાંભળી તેઓ એકદમ ઝનૂન પર આવી કહેવા લાગ્યા કે, "ભલે, તું અમારા જીવ લેશે તો અમે મરવાને તૈયાર છીએ, પણ અમારા ધર્મ વિરૂદ્ધ કરવા દેવાના નથી." એમ પોકાર કરી ધાંધળ કરવા લાગ્યા તેથી આખરે હાકેમ કાયર થયો, ને તેણે તે રાજ્યચિન્હ ત્યાંથી ખસેડાવ્યું.

હવે આ વખતે તેજ હાકેમ છે તેથી તેને આગલી વાત યાદ આવી હશે. તેના અંતઃકરણમાં ખાતરી થઈ હશે કે, આ જક્કી લોકો જે જક્ક પકડશે તે છોડશે નહિ માટે હવે ઇસુ ગુરૂના બચાવની આશાએ પોતાનું સ્વરૂપ બદલવા માંડયું, કારણકે ન્યાયીપણાના રસ્તામાં પીલાતના પગ સ્થિર ટકી શકયા નહિ. તેના મનમાં એવી દેહેશત લાગી કે, જો હું ઇસુને છોડી મેલું તો કાંઈ વિપરીત

પરિણામ આવશે ને તેનું જોખમ મારે શીર ચોંટશે. જો કદાપિ તેમ કરતાં લડાઈ ટંટો થશે તો મારે જોખમમાં ઉતરવું પડશે.

એવાં એવાં કારણોને લીધે તેણે યહુદીઓની મરજી પ્રમાણે ચાલવાનું નક્કી કીધું કેવળ એમજ નહિ, પણ એ કામમાં ઇશ્વરી ઠરાવ પુરો થવાનો હતો માટે તેમજ થયું.

આ યહુદી લોકની ગડબડ સાંભળીને પીલાત ગભરાટમાં પડ્યો એમાં તેનું બિહીકણપણું તથા નાદારી દેખાય છે, ને તે દુર્ગુણ તેના હોદ્દા તથા સામર્થ્યને લાંછનરૂપ હતો. એક મોટો હાકેમ ન્યાયમંદિરમાં બેસી ખરો ન્યાય તોળતાં માણસની બિહીક રાખી અન્યાયીઓનું ચાલવા દે, એ કેવું શરમ ભરેલું કહેવાય? પરમેશ્વરના ઠરાવ પ્રમાણે બાદશાહે તેને ન્યાયાસન પર બેસાડ્યો છે, તેમાં તેઓનો હેતુ એવો છે કે અન્યાય, અનીતિ તથા જોરજુલમ કરનારને દબાવી ન્યાય, નીતિપરાયણ સાલસ પ્રજાનો બચાવ કરવો ને એમ શાંત પ્રજાનું રક્ષણ કરી તેના જાનમાલ સંભાળવા માટે તેણે આ કામમાં માણસો તરફ નહિ, પણ ન્યાય તરફ જોયું હોત તો તેમાં તેનું ખરૂં ભૂષણ હતું. પણ તેણે તેમ ન કરતાં લોકોની બિહીકે દોષીતને છોડી નિર્દોષને મારવા દીધો, તેથી તેને દૂષણ લાગ્યું છે.

હવે આપણે જાણવું જોઇએ કે રૂમી કાયદાની રૂએ વધસ્તંભે જડાનાર કેદીને પહેલાં ફટકા મારવાનો રિવાજ હતો, ને તે શિક્ષા ઘણીજ ક્રૂર રીતિએ અમલમાં અણાતી હતી. એક લાકડાની દાંડીમાં ત્રણ સેર વાળો ચાબુક રાખી તેની દરેક સેરમાં ગોખરૂં જેવા હાડકાના કે સીસાના પારા પરોવેલા હતા, તેને ફટકો કહેતા હતા. તે ફટકા સિપાઈ લોકો પોતાની મરજી મુજબ ગમે તેટલા ને ગમે ત્યાં મારે, તે બાબત કોઈ તેમને પુછપરછ કરતું નહિ. કોઈ વખત એ ફટકાના મારથી ગુન્હેગાર ત્યાં ને ત્યાંજ મરણને શરણ થતા હતા, ને ભાગજોગે કોઈ બચી જાય તો તેની ખાંધ પરથી તથા વાંસા પરથી માંસના લોચેલોચા નીકળી પડતા, ને આખું શરીર લોહીલોહાણ થઈ જતું હતું.

એ વખતે બિચારા ગરીબ કેદીઓ કેટલા ને કેવા બૂમબરાડા પાડે, તેની દાદ કોઈ આપતું નહિ. એ નરપશુ નિર્દય વરૂની પેઠે તેઓને મારપછાડ કરવામાં બાકી રાખતા નહિ, માટે એમ કહેવાય કે તેઓ માણસના આકારમાં ખરેખરા હિંસક પ્રાણીઓ હતા. તેઓના હૃદયમાં રહેમ કે દયાનો છાંટો ક્યાંથી હોય? તેઓ ગરીબ બંદીવાનના દુઃખનો વિચાર કર્યા વિના મરજી મુજબ શાસન આપતા હતા ને તેજ પ્રમાણે પ્રિય ત્રાતાને તેઓએ શાસન આપ્યું.

પ્રિય પ્રભુ ઇસુને પણ એવી ઘાતકી શિક્ષા કરવામાં આવી તેમ છતાં તે નરપશુ સંતોષ્યા નહિ. તેઓએ તેને કોરડા માર્યા ત્યાર બાદ તેને ચોકમાં

આણ્યો, ને ત્યાં તેના ઠઠ્ઠા કરવા માંડયા. એક જણ બહાર ગયો ને "નુબેક" નામના વેલાનો મુગટ બનાવી લાવ્યો. એ વેલો કાળા રંગનો થાય છે, ને તેના પર ઘણા તિક્ષ્ણ કાંટા હોય છે. જ્યારે રૂમી બાદશાહ તખ્તનશીન થાય, ત્યારે તેને માથે મુગટ પહેરાવવામાં આવતો હતો, માટે તેઓએ આ સૃષ્ટિના બાદશાહના શીર પર એ મુગટ પહેરાવ્યો ને જોરથી દાબ્યો.

એ પ્રમાણે ઉપર બતાવેલો કાંટાનો તાજ પહેરવાથી સદ્ગુરૂના માથામાંથી તથા કપાળમાંથી રૂધીરની ધારાઓ વહેવા લાગી. ત્યાર પછી એક બીજા સિપાઇએ જાંબુઆ રંગનો ડગલો તેને પહેરાવ્યો, ત્રીજાએ તેના હાથમાં રાજદંડને બદલે એક બરૂની સોટી આપી. પછી બીજા બધા તેને નમીને મશ્કરીમાં સલામ કરવા લાગ્યા. એ વખતે તેઓ તેના મ્હો પર તમાચા મારી ધક્કામુક્કીનો વરસાદ વરસાવતા હતા.

આ વખત અંતની વેળા વ્હાલા પ્રભુ પર જે દુ:ખ આવ્યું તે ઘણું ખેદજનક તથા અકથ્ય હતું, તેમ છતાં તેણે પોતાના મુખથી કાંઈ ઉદ્ગાર કાઢયો નહિ. તેણે પોતાના સતાવનારાઓને એક શબ્દ પણ કહ્યો નહિ તેમ તેઓ પર ક્રોધ પણ કીધો નથી. તેણે પોતાના છુટકારા સારૂ કાંઈ કાલાવાલા કીધા નહિ, પણ ગુપચુપ મુગે મ્હોડે સહન કીધું. એમાં તેણે આત્મિક સ્વાર્પણનો ઘણો સારો નમુનો બતાવ્યો હતો એવું સ્વાર્પણ કરી તેણે જે રાજ્યપદ સ્થાપ્યું, તે તે વખતના લોકોની નજરે દેખાયું નહિ પણ એ સહનતામાં ખરો વિજય હતો. તેણે જુલમ તથા ક્રૂરતા સહન કરી તેનો અનુભવ લીધો, તેથી પ્રીતિ તથા સ્વતંત્રતાનો પાયો નાખી જોરજુલમ તથા ક્રૂરતાનો નાશ કીધો. એ સિવાય તેના મરણથી નાશકારક કર્મમાર્ગનો નાશ થયો છે.

સરકારી કાયદા પ્રમાણે ગુન્હેગારને ફટકા મારતી વેળા ન્યાયાધીશે ત્યાં હાજર રહેવું એવો કાયદો હતો, પણ આ વખત પીલાતે તે જગ્યાએ હાજરી આપી હોય એમ દેખાતું નથી. કારણકે તે ઇસુનું દુ:ખ જોવા નારાજ હતો. હવે સિપાઈ લોકોએ પ્રભુને ફટકાની શિક્ષા કરી લીધી ત્યાર બાદ તેને યાજકોની પાસે બહાર આણ્યો ત્યારે પીલાત ત્યાં આવ્યો. તેના મનમાં હજી ઇસુના છૂટકારાની આશા હતી, માટે તેણે ફરી તે પ્રયત્ન જારી રાખ્યો.

હવે જ્યારે આ વખત પ્રિય પ્રભુ તેના સામાવાળાની પાસે ઉભો હતો, ત્યારે તે કેવો દેખાતો હશે? એમ સુજ્ઞ વાંચકોને પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે, એના સંબંધમાં એક ગ્રંથકર્તા એવું વર્ણન આપે છે કે તે કચેરીના સુંદર ચબુતરા પર ભૂખ્યાં શિયાળવાંની માફક ટોળે વળીને ઉભા રહેલા વિરોધીઓની વચ્ચે તે નિર્દોષ હલવાન જેવો દેખાતો હતો. તે પવિત્ર હલવાનની સામે ક્રૂર દૃષ્ટિથી તેના શત્રુઓ એક નજરે તાકી રહેલા હતા, કારણકે તેનાં સારાં

કામથી તેઓને અદેખાઈ આવી હતી માટે એ ઘાતકી તથા સજ્જનદ્વેષી પવિત્ર લોહી વહેવડાવનારાઓની વચ્ચે શાંતપણે પવિત્ર મુખમુદ્રાથી પોતાની પરમોત્તમ શ્રેષ્ઠતા બતાવતાં ગરીબ હલવાનની પેઠે ઉભો હતો. આ વખત તેની અલૌકિક સહનતા, તથા ધીરજની પ્રતિછાયાથી પીલાતની અજાયબીનો પાર રહ્યો નહિ. તેને એટલી નવાઈ લાગી કે તે બોલવાનું ભાન ભૂલી ગયો! જ્યારે તેણે પ્રભુને જોયો ત્યારે તે માત્ર એટલુંજ બોલી શકયો કે, "જુઓ, આ માણસ."

ન્યાયાધીશના એવા લાગણી ભરેલા શબ્દોથી ઇસુના વાદીઓ બળી મુઆ. જેમ મોટા દારૂખાનામાં એકાદ ચીણગારી પડતાં ભડકો થાય, તેમ આ ઉચ્ચારધ્વનિથી તેઓના મનમાં ભડકો થયો! તેઓ બધા બૂમબરાડા પાડી એક અવાજે પોકારવા લાગ્યા કે, "એને વધસ્તંભે જડાવ."

મારા વહાલા વાંચકો, શું આ શબ્દો સાંભળી તમને ત્રાસ લાગતો નથી? જુઓ, આ ધાર્મિકપણાનો દાવો કરનાર ધર્મઢોંગીઓ શું બોલે છે? પેલો રૂમી સરદાર ખરેખરો કઠણ હૈયાવાળો છે. તેણે ઘણીવાર લડાઇના મેદાનમાં યાહોમ કરી હાથ બતાવેલા છે. ઘણીવાર અસાધારણ કતલો તથા કાપાકાપી નિહાળી પોતાના હૃદયને કઠણ રાખેલું છે. ઘણીવાર લોહીની નદીઓ વહેવડાવી મુડદાંઓને પગ તળે છુદેલાં છે પણ તેના મનમાં અરે આવી નથી, કે તેને લેશમાત્ર દયા કે રહેમ દાખવી નથી. એવા જોરાવર યોદ્ધાને આ સમયે ત્રાસ લાગ્યો, ને તેનું મન પીગળી ગયું! હા, આ વખત સદ્‌ગુરૂનાં દુઃખ જોતાં તેને સંતાપ થયો! તે સૈન્યમાં એક્કા જેવો હતો, પણ આ વેળા ગરીબ ગાય જેવો બની ગયો? ન્યાય, નીતિ તથા પવિત્રતાના પ્રકાશથી તેનું હૃદય મીણની પેઠે પીગળી ગયું હતું! છતાં આ યહુદીઓને જરાપણ રહેમ આવતી નથી, એ કેવી દીલગીરિની વાત છે, તેનો ખ્યાલ કરો! અરે! ધોળેલી કબર જેવા પેલા દાંભિક યહુદીઓ જે પ્રપંચપરાયણ હતા તેમનાં અંતઃકરણ પર કાંઈ દયાની લાગણી થઈ નહિ! કેમકે આ મહા અઘોર પાપકર્મથી તેઓનાં હૃદય કઠણ થયાં હતાં! તેઓએ જ્યારે જોયું કે આ ઇસુનું દુઃખ જોવાથી હાકેમ ગભરાયો છે, ત્યારે તેને બિહીક બતાવી પોતાના મતમાં ખેંચવાને તદબીર રચી કહેવા લાગ્યા કે, "એને વધસ્તંભે જડાવ, એને વધસ્તંભે જડાવ." તેઓના બૂમબરાડા સાંભળી પીલાત ભયભિત થયો. તે આખર કંટાળીને કહેવા લાગ્યો કે, "તમે તેને વધસ્તંભે જડો તો ભલે, પણ મને એ માણસમાં અપરાધ હોય એમ લાગતું નથી, જો તમે તેને મારી નાખો તો તેનું પાપ તમારે શીર છે, મારે તેમાં લાગભાગ નથી, તમે નિયમ વિરૂદ્ધ કરો તો તે દોષ તમારે શીર છે. તમારી જીદ તથા હઠીલાઇને લીધે હું આ બાબતમાં આંખ આડા કાન કરીશ, પણ તમારા પાપમાં સામેલ થવાનો નથી."

પીલાતનો જવાબ યહુદીઓની કુધારણા તોડી પાડે એવો અસરકારક હતો પણ તેઓની મસલત જેવી તેવી નહોતી. ઘણા દિવસોથી તેઓએ નક્કી કરેલું હતું કે, ગમેતેમ થાઓ, પણ આપણે ઇસુને ગુન્હેગાર ઠરાવી મારી નાખવો છે; જો એમ કરવામાં અમલદાર સંમતિ આપે તો ઠીક, નહિ તો આપણે એને ફરજ પાડીને સંમતિ લેવી. તેથી જો તે માને કે ન માને તો તેની ફીકર નહિ, પણ આપણે ઠરાવેલી દેહાંત શિક્ષા મંજુર કરાવવી.

હવે તે લોકોએ જાણ્યું કે આ હાકેમ આપણા કહેવા પ્રમાણે કરતો નથી, પણ તે દાવપેચ ખેલી આપણને ઠગે છે, માટે તેઓ તેને શેહ આપવાની કોશેશ કરવા લાગ્યા. તેઓએ તેને કહ્યું કે, "અમારા શાસ્ત્ર પ્રમાણે એ માણસ મરણદંડને પાત્ર છે, કારણકે તે પોતાને દેવનો પુત્ર કહેવડાવે છે."

એ વાત સાંભળીને પીલાત વધારે ગભરાયો હતો. અત્યાર પહેલાં તેઓએ જે તહોમતો મુકયાં હતાં, તેઓના કરતાં આ જુદી વાત હતી. આગળ આવેલી વાતોમાં આ વાતનો કાંઈ સંબંધ નહોતો. "ઇસુ લોકોને ઉશ્કેરે છે," તે પોતાને "યહુદીઓનો રાજા" કહે છે, તે "કાઇસારને કર આપવાની ના પાડે છે," એથી પીલાતને અજાયબી લાગતી હતી, પણ, "ઇસુ દેવનો પુત્ર છે," એ સાંભળીને તેને ત્રાસ લાગ્યો. તેના સંબંધમાં એક વિદ્વાન લેખક એવી ટીકા કરે છે કે, 'પ્રભુના જે શબ્દથી પ્રમુખ યાજકે પોતાનાં વસ્ત્ર ફાડ્યાં, તે શબ્દોના ઉચ્ચારધ્વનિથી પીલાતનું હૃદય ફીકરમાં પડીને કંપાયમાન થયું.'

"ઇસુ દેવનો પુત્ર છે," એ વાત સાંભળીને પીલાત ભયભિત થયો. ખ્રીસ્તી ધર્મશાસ્ત્ર પ્રમાણે દેવપુત્રનો જે ખરો અર્થ છે તે તેના સમજવામાં નહોતો આવ્યો, પણ તે લોકોનાં પુરાણોમાં જે દેવદેવીઓની વાતો આવતી હતી, તેમાં તેના દીકરા દીકરીઓનાં પરાક્રમનું વર્ણન સાંભળેલું તથા વાંચેલું હતું, માટે તે પ્રમાણે ઇસુના વિષે કલ્પના કરી તેને અલૌકિક ગણવા લાગ્યો, તેના મન પર એવી અસર થાય એવું એક બીજું કારણ પણ મળ્યું હતું, ને તે તેની સ્ત્રીના સંદેશા પરથી ઉત્પન્ન થયું હશે, તેમજ ઈસુની તપાસ કરતાં તેની વર્તણુક જોઇને તે તેના વિષે વિસ્મય થયો હતો, માટે હવે તેને ખાતરી થઈ કે ઈસુ સાધારણ માણસ નહિ, પણ તે દેવપુત્ર છે.

ત્યાર બાદ તેણે ઇસુને કચેરીમાં એક બાજુ પર બોલાવીને ખાનગી રીતે પુછ્યું કે, "તું કોણ છે," એટલે કે તું માણસ છે કે દેવ છે? તું આ દુનિયાનો છે કે સ્વર્ગવાસી છે? આગળ આ સવાલનો જવાબ તેને મળેલો હતો તેથી આ વખત પ્રભુએ તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ, માટે તેને ઘણો ક્રોધ ચઢયો ને તે ગર્વ કરી કહેવા લાગ્યો કે, "શું તું મને કંઈ ઉત્તર આપતો નથી? તને વધસ્તંભે જડવાનો તથા છોડી મુકવાનો મને અધિકાર છે, એ તું જાણતો નથી શું?"

વાંચનાર મિત્ર સાંભળ, આ અભિમાની અમલદાર શું બોલે છે? તેના મગરૂર ભેજાંમાં કેટલો પવન છે, તેની કલ્પના કર! ને તેને પુછી જો કે, ઓ પીલાત, તું બોલે છે કે બકે છે? તું જરા વિચાર કરીને બોલે તો ઠીક! આમ વગર વિચારે શું બોલે છે? શું તું તારા અધિકારથી ઇસુને મારવાનો છે? શું તેને છોડવાને તારી સત્તા છે? શું આ ન્યાયમંદિરમાં ન્યાયનું રાજ્ય નથી? શું જગતનું જુઠાણુ સત્યને દાબી દેશે? सत्यमेवजयते, એ લૌકિક વાકય શું ખોટું છે? તારા બોલવા ઉપરથી તો એજ અર્થ નીકળે છે કે તારી મરજી એજ ન્યાય, ને તારી ઇચ્છા હોય તેજ સત્ય, પણ એમાં તારી મોટી ભૂલ થાય છે!!

પીલાતના અહંકારી શબ્દો સાંભળીને પ્રભુએ તેને કહ્યું કે, "જો તને ઉપરથી ન અપાયું હોય, તો મારા પર તારો કાંઈ અધિકાર નથી," મતલબ કે મારા ઉપર તારો જે અધિકાર છે તે તારાથી નહિ, પણ તે તને આકાશથી મળેલો છે માટે તારે ફુલાવાનું કારણ નથી. તું તારી પ્રેરકબુદ્ધિ વિરૂદ્ધ મને દોષિત ઠરાવે, તો તું પોતે દોષપાત્ર ઠરીશ. ખરી વાત છે કે જેણે મને પરસ્વાધીન કીધો તેનું પાપ ઘણું છે, તેમ છતાં મને ગુન્હેગાર ગણવામાં તારૂં પાપ તેના કરતાં પણ મોટું છે, કારણકે તું ન્યાયાધીશ છે, છતાં બીજાના હાથમાં રમકડા જેવો થઈ નિર્દોષને દોષવાળો ઠરાવે છે. આ વચનોમાં જગતના તમામ અધિકારીઓને માટે ચેતવણી છે, ને જો તેઓ પોતાના અધિકારને બળે બીન ગુન્હેગારને ગુન્હેગાર ઠરાવે તો તેઓના ઉપર મોટી જવાબદારી આવશે.

જો કે સદ્‌ગુરૂ ઇસુ પોતે ઘણી દુઃખી ને દીન અવસ્થામાં આવી પડેલો હતો તોપણ તે પોતાનું દુઃખ વિસારીને પીલાત તરફ રહેમ નજર કરી તેને સદ્‌બોધ આપે છે. જોકે તેણે એના પર ઘણો અન્યાય કીધો છે, તોપણ એ તેના તરફ રહેમ નજર રાખે છે. એવી માયાળુ ને ઉદાર વર્તણુક જોતાં હરકોઈ માણસને અચરતી થયા વિના રહેતી નથી, હા, ખરેખર આવું સહનશીળપણું રાખનારને ધન્યતા કે શાબાશી આપ્યા વિના ચાલેજ નહિ. આ વખતે હાકેમની આગળ એક કેદી જેવો છે, પણ તેનું ઉત્તમ વર્તન એક જુદો આભાસ પાડે છે. 'જાણે કે આ કેદી તે ન્યાયાધીશ, અને ન્યાયાધીશ તે કેદી હોય એમ દેખાય છે!'

હવે એ પ્રમાણે આ બાબતમાં પીલાતને શીર ઘણી મુશીબત આવી પડેલી છે. પ્રભુ ઇસુના ચાલચલણથી તથા તેની વાતોથી એના મન ઉપર ઘણી અસર થએલી છે. તે પોતે પોતાનો દોષ નજરોનજર જોવા લાગ્યો છે, તેથી તે ફરી ઇસુના બચાવ તરફ ખેંચાયો. તે સંબંધી સુવાર્તિક યોહાન એવું લખે છે કે, "ત્યાર પછી પીલાત તેને છોડી દેવાનું કરતો હતો." તે પાછો ન્યાયાસન પર બેઠો ને ઇસુના વિરોધીઓ તરફ દૃષ્ટિ કરી કહેવા લાગ્યો કે, "જુઓ, આ તમારો રાજા."

આ વખત ઇસુને જોઈ યહુદીઓએ બૂમ પાડીને પોકાર કીધો કે, "એને વધસ્તંભે જડાવ; વધસ્તંભે જડાવ." તે સાંભળી પીલાતે તાણો મારી કહ્યું કે, "શું હું તમારા રાજાને વધસ્તંભે જડાવું?" ત્યારે તેઓએ ઉત્તર આપ્યો કે, "કાંઇસાર વિના બીજો કોઈ અમારો રાજા નથી." આ દુરાગ્રહી માણસોના શબ્દોએ મસીહ વિષેની આશા તથા લાગણીનો નાશ કીધો, કેમકે તેઓ પોતે તથા તેમના સ્વદેશી બંધુઓ મસીહના રાજ્યની આશામાં હતા, પણ હાલ તેઓ તેનો નકાર કરી કાઇસારની માગણી કરે છે; તેઓના સંબંધી એમ કહેવાય કે તેઓ ઇસુના લોહીના તરસ્યા હતા, પણ પીલાત તેઓને ના પાડતો હતો, માટે તેઓએ પીલાતને બિહવડાવ્યો.

આ વેળા યહુદી આગેવાનોએ પીલાતને ધમકી આપી કે, જો તમે એ માણસને છોડી દેશો તો તમે કાઇસારના મિત્ર નથી, કારણકે જે કોઈ પોતાને રાજા કહે છે, તે કાઇસારથી ઉલટું બોલે છે. હવે તમે કાઇસારના કારભારી તથા મિત્ર છો, માટે તમારે તેને શિક્ષા આપવી એ અવસ્યનું કામ છે. અત્યાર સુધી પીલાત સ્થિર હતો, પણ હવે તે બિહીકમાં પડી ગયો, તેના પગ ઢીલા થયા, ને તેના હાંજા ગગડી ગયા. હવે તેને એવો ભાસ થયો કે જો કોઈ બાદશાહ પાસે જઈ આ વાત વિષે સાચુંખોટું ભેરવશે તો આપણા બાર વાગશે, બાદશાહ વહેમી છે માટે તે મારી તથા મારા કુટુંબની પાયમાલી કરશે. હવે ઇસુને બચાવું તો મારૂં સત્યાનાશ વળવાની વેળા આવશે, એવા એવા વિચારો તેને ગભરાવવા લાગ્યા, તેથી તે બિહીકણ તથા હીચકારો બની ન્યાયના નામ પર પાણી ફેરવવા તત્પર થયો. આખર તેણે ન્યાયની કાવડ ઉંધી વાળી, અન્યાયની હિમાયત કરી ઇસુને વધસ્તંભે જડવા સારૂ તેઓને હવાલે કીધો, તોપણ તેની વિવેકબુદ્ધિ છેક નાશ પામી નહોતી, માટે તેણે પાણી મંગાવી પોતાના હાથ ધોયા, ને યહુદીઓને શાહેદી આપી કે એ ન્યાયીના રક્ત સંબંધી હું નિર્દોષ છું, જો તમે તેને વધસ્તંભે જડાવો તો તેનું પાપ તમારે શીર છે.

જેઓએ જગતનું વ્યવહારિક શાસ્ત્ર અનુભવની આંખે વાંચેલું છે તેઓ એવું કહે છે કે, 'મૂર્ખના મનમાં દેવનું ભય નથી,' એટલે જેઓ પાપમાં તલ્લિન થઈ ચાલનારા છે તેઓ પરમેશ્વરના અસ્તિત્વને માન્ય કરતા નથી. કદાચ તેઓ મ્હોથી તે કબૂલ કરે, પણ તેઓના મનમાં ખાતરીથી માનતા નથી. ન્યાયનો દિવસ આવશે ને દરેકના કામ પ્રમાણે દરેકને બદલો મળશે એ વાત તેઓ ભૂલી જાય છે, એનો આબેહુબ ને પ્રત્યક્ષ દાખલો આ યહુદી આગેવાનો દેખાડી આપે છે. જ્યારે પીલાતે આ લોકોને કહ્યું કે, "એ ન્યાયીના રક્ત સંબંધી હું જવાબદાર નથી," ત્યારે આ મૂઢ મતિના લોકો કહેવા લાગ્યા કે, "તેના લોહીનો બદલો અમારા પર તથા અમારાં સંતાનો પર આવો."

સદ્‌ગુરૂ ઇસુના પવિત્ર રક્તનો બદલો કેવો ભયંકર કોપ લાવશે, એનો વિચાર કર્યા વિના આ લોકો પોતા પર તથા પોતાનાં સંતાનો પર તેનો દોષ માગવા તત્પર થયા છે, ને હવે તેઓએ તે માગી લીધો છે. વાંચનાર મિત્ર, આ વાત પર લક્ષ આપી થોડો વિચાર કર કે આસ્થાવાન તથા ધર્મશીળ પ્રજા એવી માગણી કરે? જુઓ, પેલો વિધર્મિ મૂર્તિપૂજક ન્યાયાધીશ ઇસુના નિર્દોષ રક્તપાતથી ડરે છે! પણ પોતાને ધર્મપરાયણ ગણાવનારા યહુદી અધિકારીઓ, બિહીક વિના દેવપુત્રનું નિર્દોષ લોહી વહેવડાવવા તૈયાર થયા છે, ને તેનો દોષ પોતા પર તથા પોતાનાં સંતાનો પર માગે છે. શું માણસોમાં એવી કોઈ પ્રજા હશે કે જેઓ એવો ભયંકર શ્રાપ માગે? મારા સમજવા પ્રમાણે આ પૃથ્વીના પૃષ્ઠ પર એવો ઇતિહાસિક દાખલો બનેલો નથી, પણ માત્ર આ એકજ છે.

હવે ઉપર પ્રમાણે શ્રાપ માગનારા તે વખત એવું જાણતા હશે કે આપણને કોણ પુછનાર છે, ને આપણી પાસે બદલો માગનાર કોણ છે? ઇસુને મારી નાખીશું પછી તેના શિષ્યો વેરાઈ જશે, પછી શું રહ્યું છે? એવી અજ્ઞાન દશાથી તેઓએ મૂર્ખાઈ કીધી ને પોતા પર તથા પોતાના પરિવાર પર ભયંકર કોપની માગણી કરી. પણ આગળ આવનાર ઇતિહાસથી આપણને ખાતરી થશે કે એ વાતમાં તેઓએ ઘણી મોટી ભૂલથાપ ખાધી છે, કેમકે એજ કારણથી તેઓ ઉપર અતિ ભયંકર માર આવ્યો છે, ને તેના જેવો બીજી કોઈ પ્રજા પર આવ્યો નથી.

અહીં આપણે જોવાનું છે કે પ્રભુ ઇસુનું નિર્દોષ રક્ત જે વહેવડાવવામાં આવ્યું તે જગતના તારણને માટે છે, પણ તેના રક્તના અપરાધી તે માત્ર યહુદીઓજ ઠર્યા, કારણકે તેઓએ સ્વતંત્ર બુદ્ધિથી તેનો ઘાત કરાવ્યો છે. તે વખત ઇસુએ જે પોકાર કીધો તે કોઇના સાંભળવામાં આવ્યો નથી. તેણે મોટે ઘાંટે બૂમ પાડીને જે પ્રાર્થના કીધી, તેનો ખરો અર્થ અદ્યાપિ સુધી કોઇના જાણવામાં આવ્યો નથી, ને તેમાં તેની જે માગણી છે તે હજી પૂરી થઈ નથી, પણ થનાર છે ને થશે.

હવે એ પ્રમાણે તે વખત પીલાતના હુકમથી યહુદીઓની માગણી મુજબ બારાબાસ છૂટો કરાયો, ને પ્રભુ ઇસુ વધસ્તંભે જડાવા સારૂ યહુદીઓના કહેવા પ્રમાણે સિપાઇઓને સ્વાધીન કરાયો (માત્થી ૨૭; ૨૬. યોહા. ૧૯; ૧૬). (આટલી વાતો બની તેમાં શુક્રવારનો પહેલો પહોર દિવસ વ્યતિત થયો હતો).

પૂરવણી.

યહુદીઓએ ઇસુના પવિત્ર રક્તપાતનું પાપ પોતા પર તથા પોતાનાં સંતાનો પર માગી લીધું એનું પરિણામ કેવું આવ્યું, તે વિષે ઈતિહાસકર્તાઓની શાહેદી.

આપણે ઉપર વાંચી ગયા છીએ કે પ્રભુ ઈસુનો ઘાત કરવામાં સામેલ થનારા પૈકી એકે આત્મહત્યા કરી પોતાનો પ્રાણ કાઢયો તેના સંબંધમાં આપણે ઉપર વાંચી ગયા છીએ, એટલે કે જે તેનો વિશ્વાસઘાતી શિષ્ય યહુદા હતો તે પોતાના દૂષ્ટકર્મની લજ્જામાં ફાંસો ખાઈ મરણ પામ્યો. તેમજ કાયાફાસ જે પ્રમુખ્ય યાજક હતો તે થોડા વખત પછી પદભ્રષ્ટ કરાયો. હેરોદ આંતિપાસને દેશપાર થવાની શિક્ષા મળી, ને ત્યાં ઘણા અપમાનમાં તેની જીંદગીનો અંત આવ્યો. આન્નાસનું કુટુંબ અર્ધ મરણ તુલ્ય એકાદ પેઢી આગળ ચાલ્યું, પણ આખર બંડખોર લોકોથી તેનો નાશ થયો. તેના કુટુંબીઓ પર બીજા લોકો અતિ ગુસ્સે ભરાયા હતા, તેથી તેના છોકરાઓને રસ્તામાં ઘસડી લોહીલોહાણ કીધા ને પછી ફટકાઓથી તેઓને શિક્ષા આપી મરણદ્વારે પહોંચાડ્યા હતા.

તેઓ સિવાય બીજા ઘણાખરા જેઓ ઇસુને વધસ્તંભે જડાવવાની બૂમો પાડતા હતા, તેઓમાંના તથા તેઓનાં સંતાનોમાંના હજારો યરૂશાલેમના નાશની વખતે રૂમી સિપાઇઓના હાથથી માર્યા ગયા. વળી તેઓનાં સંકટો તથા મરણો વિષે જે હકીકત નોંધાએલી છે તે વાંચતાં ઘણોજ ત્રાસ છૂટે એવી દુઃખદ બિના લખેલી છે. એમ જેઓએ ઇસુનો ત્યાગ કરી કાઇસારને પસંદ કીધો હતો તેઓ કાઇસારથી નાશ પામ્યા. ઇસુનો વધ કરાવતી વખતે જે લોકોએ કહ્યું હતું કે, "કાઇસાર વિના બીજો કોઈ અમારો રાજા નથી," તેઓના પર કાઇસારનોજ કોપ આવ્યો હતો, તેથી તેઓને માત્ર જુલમ, ત્રાસ ને મરણ સિવાય બીજું કાંઈ મળ્યું નહિ. જ્યારે બાદશાહ તરફથી તેઓના શહેરનો નાશ કરનાર ફોજ આવી, ત્યારે તેઓ પોતાના બચાવને સારૂ સામા થયા.

પોતાના વહાલા જાનમાલને સારૂ તથા વહાલા શહેરને સારૂ તથા પોતાના દેશબંધુઓને સારૂ બધા યહુદીઓ લડવા તૈયાર થયા. તેઓએ કેટલીએક મુદત સુધી ટક્કર ઝીલી, પણ આખર પરાજય પામ્યા ત્યારે તેજ કાઇસારના સૈનીકોએ તેઓનું શહેર લૂટયું; તેઓનું મંદિર જમીનદોસ્ત કીધું; તેઓના બળવાન યોદ્ધાઓને માર્યા, ને સ્ત્રી પુરૂષોને ગુલામ બનાવી લીધાં,—એમ તેઓના પસંદ કરેલા કાઇસાર તરફથી તેઓનાં પાપોનો યોગ્ય બદલો મળ્યો.

આપણે આગળ વાંચી ગયા છીએ કે, યહુદી લોકોએ જોરજુલમથી સુબેદાર પાસે ઇસુનો વધ કરાવવાની પરવાનગી મેળવી હતી, પણ ત્યાર પછી આગળ જતાં એવા દિવસો આવ્યા કે, તેવાજ સુબેદારથી યરૂશાલેમમાં હજારો

યહુદીઓનો વધ થયો. ઇસુને જડવા સારૂ વધસ્તંભનું લાકડું હતું, પણ આ યહુદીઓને સારૂ વધસ્તંભ થાય એટલાં લાકડાં નહોતાં, માટે સિપાઇઓએ તરવારથી તથા બીજી ઘણી ક્રૂર રીતથી તેઓનો સંહાર કીધો. યહુદી લોકે માત્ર ત્રીસ રૂપીઆમાં ઇસુનું રક્ત ખરીદ કરેલું હતું, પણ આ લડાઈ થઈ રહ્યા પછી આગળ જતાં એક એક મહોરમાં એક હજાર યહુદીઓ વેચાયા. બધા પકડેલા બંધવા તથા શરણ થએલા કેદીઓને રૂમ શહેરમાં લઈ ગયા ને ત્યાં તેઓને છેક જુજ કિમ્મતે વેચી દીધા હતા. જ્યારથી તેઓએ દેવપુત્રને બદલે એક દંગાખોરને માગ્યો, ત્યાર પછી તેઓને બધા દંગાખોર મળ્યા. તેઓએ ઇસુના લોહીનો દોષ પોતા પર તથા પોતાનાં સંતાનો પર માગ્યો, ત્યારથી તેઓના ઇતિહાસનાં બધાં પાનાં લોહીલોહાણ થએલાં વંચાય છે, ત્યાર બાદ તેઓનો જેટલો ઇતિહાસ લખાયો તે બધો દુઃખદ બિનાઓથી ભરપૂર છે, ને હજી પણ એવોજ લખાતો જાય છે.

હવે આ બધાં પ્રત્યક્ષ પ્રમાણો છે તેમ છતાં જો કોઈ એમ કહે કે, એ વાત અનુમાનીક કે અર્થહિન છે, તો આપણે તેને રોકી શકતા નથી. કહેવત છે કે, 'બોલતાની જીભ પકડાતી નથી,' તે બાબત આપણે તેને અટકાવી શકતા નથી, પણ ખરો શ્રદ્ધાવાન માણસ કદી એમ બોલવાનો નથી. જે આ સૃષ્ટિને ઇશ્વરથી સૃજાએલી માનતો હોય, જે તેને ઇશ્વરેચ્છાને આધીન રહેલી જાણતો હોય તે ખાતરીથી કહી શકે છે કે આ કામમાં પ્રભુના ન્યાયનો હાથ દેખાય છે, કેમકે જ્યારે આ સૃષ્ટિ ઇશ્વરથી સૃજાએલી માનીએ, ત્યારે તે તેની સત્તા તળે રખાએલી છે એમ કબૂલ કરવું પડે છે, માટે તે પરમેશ્વર પોતાની પ્રજાનો ન્યાય કરી ગુન્હેગારને શાસન કરે છે, ને જુલમ વેરનારને બદલો ભરી આપી પોતાનો અદલ ઇનસાફ પ્રગટ કર્યા વિના રહેતો નથી.

જો કોઈ માણસ ખ્રીસ્તના દેવપણા સંબંધી તથા તેના પુત્રપણાની વ્યક્તિ સંબંધી અજ્ઞાન હોય, ને તેથી તે તેને ઇશ્વરી અવતાર ન સમજે તો ભલે, તેનો વાંધો નથી, પણ ઉપરના વૃત્તાંત પરથી તેને એટલું કબૂલ કરવું પડશે કે, જ્યારે યહુદીઓએ ન્યાયી ઇસુને અન્યાયી ઠરાવી ભલાને બદલે ભુંડું આપ્યું ને તેનું નિર્દોષ રક્ત વહેવડાવી ક્રૂર રીતે ખૂન કીધું, ત્યારે ઇશ્વરી ન્યાયના કોપે તે લોકો પર તરવારનો માર આવવા દીધો હતો.

તે સંબંધી અર્વાચિન વિદ્વાન ડૉકટર ફારર એવું લખે છે કે જ્યારે યરૂશાલેમના લોકોએ અન્યાયીપણાથી ન્યાયી પુરૂષનું લોહી પાડી સંતોષ લીધો, ત્યારે તેઓનું શહેર "આકેલદમા" એટલે લોહીના ખેતર જેવું થયું ને તેઓનો સુંદર દેશ તે "ગલગથા" ખોપરીઓની જગ્યા છે તેના જેવો સ્મશાનરૂપ થયો.

અધ્યાય ૧૨ મો.

વધસ્તંભ ઉપર પ્રભુ ઇસુનું મરણ તથા દફન.

આપણે આગળ વાંચી ગયા છીએ, તે પ્રમાણે ઇસુને મરણદંડની શિક્ષા ઠરાવવામાં આવી છે. હવે માત્ર તે અમલમાં લાવવાની હતી, માટે તેઓએ લાગલી તૈયારી કરી. આસરે એક કલાક સિપાઇઓએ તેની મશ્કરી કરી, ત્યાર પછી જે વસ્ત્રો તેને પહેરવ્યાં હતાં તે ઉતારી લીધાં, ને તેનાંજ વસ્ત્રો તેના પર રહેવા દીધાં, ને વધસ્તંભનું લાકડું તેના પર ચઢાવી વધસ્થાન તરફ ચાલવા લાગ્યા. એ જગ્યા શહેર બહાર સરિયામ રસ્તાની બાજુ પર આવેલી હતી (યોહા. ૧૯; ૧૭. માત્થી ૨૭; ૧૧. હેબ્રી. ૧૩; ૧૨); તેને "ગલગથા" અને "કાલવરી"ની ટેકરી કહે છે.

આ વખતે પ્રિય પ્રભુની સાથે બીજા બે માણસો એવી સજા પામવાના હતા. તેમાંનો એક દુમાકસ તથા બીજો તીતસ નામનો હતો. તેઓ લૂટારાની ટોળીમાં આગેવાન હતા ને લૂટફાટ કરતાં પકડાયા હતા, તેથી જ્યારે આ ત્રણે બંધવાઓને મારવા લઈ ચાલ્યા, ત્યારે તેની સાથે શહેરની વસ્તીનો મોટો ભાગ તે ક્રૂર મરણો જોવાને નીકળ્યો હતો. તેઓમાં ઇસુની મા મરિયમ, તથા બીજી કેટલીએક ગાલીલથી આવેલી સુભક્ત બાઇઓ પણ હતી.

આગળ આવી ગએલા વર્તમાન ઉપરથી વાંચનાર મિત્રો જાણતા હશે કે, આ વખત પર્વનો છે તેથી ઘણાં માણસો યરૂશાલેમમાં આવ્યાં હતાં, ને તેમાં કાંઈ ગડબડ કે, દંગોશીસાદ ન થાય માટે અમલદાર તથા સર્વ સૈનિકો સંભાળથી જાપતો રાખી સુલેહ જાળવી રહ્યા છે, અને તેથી બધી પલટણ પણ બંદોબસ્તમાં હાજર રહેલી હતી. આ પલટણનો ઉપરી સર્વની આગળ ઘોડા પર સ્વાર થઇને ચાલતો હતો. તેની પાછળ બધા સિપાઇઓ જતા હતા, ને છેક છેલ્લે પ્રભુ ઇસુ તથા બીજા બે બંદીવાનો હતા.

પ્રિય વાંચનાર, તેં આગળના દિવસોમાં મસીહની વિજયસ્વારી જોઈ હતી ત્યારે તને કેટલો આનંદ થતો હતો તેનો વિચાર કર. તે વખતે આપણી કથાનો મુખ્ય નાયક સર્વની આગળ હતો, પણ હાલ તે સર્વની પાછળ એક સાધારણ બંદીવાનની પેઠે ચાલ્યો આવે છે! તેની પાછળ કેટલીએક સ્ત્રીઓ ઝીણે અવાજે કરૂણાજનક રૂદન કરતી ચાલી આવે છે. એ પ્રમાણે મરણનો મારનાર પ્રભુ આજે મરણને શરણ થઈ કાલવરીની ટેકરી તરફ ચાલ્યો જતો હતો.

સરકારી કાયદા પ્રમાણે ક્રૂસની શિક્ષા ભોગવનાર બંદીવાને પોતાનો વધસ્તંભ જાતે ઉંચકવો જોઇએ એવો રિવાજ હતો, ને તેથીજ સિપાઇઓએ એ સ્તંભનું લાકડું આપણા વહાલા પ્રભુની ખાંધ પર ચઢાવેલું હતું. પણ

આગલા બે દિવસોમાં તેણે પરાકાષ્ટનું દુઃખ ભોગવેલું હતું તેથી તેના શરીરમાં ઘણીજ અશક્તિ આવી ગઈ હતી માટે તેનાથી સદરહુ બોજો ઉંચકાય તેમ નહોતું, એ કારણથી તેઓએ એક માણસને વેઠે પકડ્યો, ને તેની પાસે પેલો વધસ્તંભ ઉંચકાવ્યો હતો.

એ માણસ સંબંધી સુવાર્તામાં એવો લેખ મળે છે કે તે બહાર ગામથી રહેવા આવેલો હતો; ને તેનું નામ સીમોન હતું (પ્રે. કૃ. ૧૯; ૩૩. ૧ તીમ. ૧; ૨૦. રૂમી. ૧૬; ૧૩). કૌંસમાં બતાવેલી જગ્યાએ તેને આલેકસાંદર તથા રૂફસનો બાપ કહેલો છે, ને કુરેની અટકથી ઓળખાય છે. એ સિવાય તેના વિષે વધારે ઓળખાણ આપેલી નથી.

હવે આ બધી યાત્રા શહેર બહાર વધસ્થાન પાસે આવી, ત્યારે પ્રભુની આસપાસ જે ટોળી હતી તે વેગળી થઈ, તેથી પેલી રૂદન કરતી બાઇઓ તેની પાસે આવી ચોધાર આંસુએ છાતીફાટ રૂદનમાં આક્રંદ કરવા લાગી. એ વખતે આ દયાવાન સ્વામી તેઓના ભણી નજર કરી કહેવા લાગ્યો કે, "યરૂશાલેમની દીકરીઓ, મારે સારૂ રડો મા; પણ પોતાને લીધે તથા પોતાનાં છોકરાંને લીધે રડો, કેમકે જુઓ એવા દિવસો આવે છે કે જેમાં તેઓ કહેશે કે, જેઓ વાંઝણી છે તથા જેઓને પેટે કદી સંતાન થયું નથી, ને જેઓએ કદી ધવાડયું નથી તેઓને ધન્ય છે. ત્યારે તેઓ પહાડોને કહેવા માંડશે કે, અમારા પર પડો ને ટેકરાઓને કે અમને ઢાંકી નાખો, કેમકે જો તેઓ લીલા ઝાડને આમ કરે છે તો સૂકાને શું કરવામાં આવશે?" (લુક ૨૩; ૨૮–૩૧).

આ ભાષણનો ભાવાર્થ એવો છે કે, મારા જેવું ધાર્મિક જીવન ગાળનારા લીલા વૃક્ષ તુલ્ય પુરૂષ પર આવું થાય છે, તો પછી તમારામાં જેઓ ધર્મહીન કે ધર્મતત્વના જીવ વિનાના સૂકા ઝાડ જેવા છે, તેઓ પર કેટલું વિતવાનું છે! પ્રભુનું આ વચન થોડાં વર્ષોની અંદર પુરૂં થયું.

પ્રિય પ્રભુ ઇસુ ખ્રીસ્તને જે વધસ્તંભ ઉપર જડવામાં આવ્યો, તેની આકૃતી (†) કૌંસમાં બતાવેલા આકાર પ્રમાણે હતી. તે સ્તંભની લંબાઈ આસરે બાર ફુટની હશે, ને છેક તેના મથાળા પાસે એક આડું લાકડું જડેલું હતું, જે ૭ ફુટ લાંબુ હશે. એ લાકડાને મધ્ય ભાગે એક જાડો ને મજબૂત ખીલો મારી જડેલું હતું. એ સ્તંભ પર શિક્ષા પામનારને ચીતો સુવડાવી મજબૂત દોરીથી બાંધી લેતા હતા. પછી તેનાં બન્ને હાથ સામસામા લાંબા કરી હથેળીમાં ખીલા ઠોકતા હતા, ને ત્યાર બાદ એજ પ્રમાણે બન્ને પગ બરાબર ગોઠવી તેની અંદર ખીલો મારી નીચેના સ્તંભ સાથે જડી દેતા હતા. એ ખીલા સાધારણ ચુંકો કે સળીઆ જેવા નહિ પણ જાડા મજબૂત ને અણીદાર હતા, તેથી માણસના શરીરનો બધો ભાર સમતોલપણે રહેતો હતો.

એ પ્રમાણે વધસ્તંભે જડી રહ્યા પછી જમીનમાં ખાડો કરી ઉપર બતાવેલો સ્તંભ દાટતા હતા. તે વખતે મરણ પામનારના પગ ભોંયતળીઆથી આસરે બે ફુટ જેટલા ઉંચા રહેતા હતા. કથાકાળના સમયમાં રૂમી રાજ્ય સર્વોપરી, શ્રેષ્ટ તથા નીતિવાન ગણાતું હતું, તેમ છતાં તેમાં આવી ક્રૂરતા ભરેલું શાસન કરવાનો રિવાજ હતો. ઈ. સ. ની ત્રીજી સદી સુધી એવી ભયંકર સજા ચાલતી રેહી. આખરે જ્યારે કૉન્સ્તાન્તીન બાદશાહ ખ્રીસ્તી થયો, ત્યારે તે બંધ કરવામાં આવી.

મારા વહાલા વાંચનાર, હવે આ વખત તારી દષ્ટિ સામેની દુઃખદાયક ટેકરી તરફ વાળ, ને જો કે ત્યાં શું છે! જો તારી આંખ આગળ એ ત્રણ સ્તંભ દેખાય છે, તેમાં આસપાસના બે સ્તંભો કરતાં વચ્ચેનો કાંઇક ઉંચો દેખાય છે, તેના ઉપર આપણો વહાલો તારનાર જડાએલો છે. તેના હાથ પગમાંથી રૂધીર ધારાઓ વહે છે તે તારા ધ્યાનમાં લે કેવળ એટલુંજ નહિ, પણ તેના માથા પર જે લેખ છે તે પણ જો. તે મોટા મોટા અક્ષરોથી જુદી જુદી ત્રણ લિપિમાં લખાયો છે, ને આ સમયમાં તે ત્રણે ભાષા આ દેશમાં ચાલે છે. તે લેખ હાકેમના ધારવા પ્રમાણે તહોમતનામારૂપ હતો. પ્રભુના કરવાથી મસીહની શાહેદીરૂપ થયો, તેનો સાર એવો કે "ઇસુ તે યહુદીઓનો રાજા છે."

એ પ્રમાણે સદ્ગુરૂ ઇસુને વધસ્તંભે જડ્યા પછી સિપાઈ લોકોએ તેનાં વસ્ત્રો વ્હેંચી લીધાં. તે વ્હેંચણીમાં કોઈને મન સંદેહ ન આવે તેને સારૂ દરેક ભાગ પર દેવમતીની ચીટ્ઠિઓ નાખેલી હતી. જોકે સિપાઇઓની સમજણ પ્રમાણે એ કામ સ્વાભાવિક રીતે થયું, પણ તેમાં એક ભવિષ્ય વચનની પૂર્ણતા થાય છે, તે એવું હતું કે, "તેઓએ મારાં કપડાં વ્હેંચી લીધાં, ને મારા વસ્ત્રો પર ચીટ્ઠી નાખી" (માત્થી ૨૭; ૩૫. . ગીત. ૨૨ ; ૧૮).

હવે પ્રભુ ઇસુનો વધસ્તંભ ઉભો થયો છે, તેથી તેના મથાળા પરનો લેખ લોકોની નજરમાં દેખાવા લાગ્યો, "ઇસુ યહુદીઓનો રાજા." આ વાત મુખ્ય યાજકના જાણવામાં આવી તેથી તેને એ વાત સારી લાગી નહિ, માટે તેણે હાકેમની પાસે અરજ કરી કે તમે તે લેખમાં ફેરફાર કરી એવું લખો કે, "તેણે કહ્યું કે, હું યહુદીઓનો રાજા છું." પણ હવે પીલાતનું મન મગરૂર થએલું છે. હાલ તેના મન પર યહુદીઓની બિહીક નથી, તે જાણે છે કે યહુદીઓના રાજાને હું શિક્ષા કરી શકું છું. વળી તેને ખબર હતી કે, ખરો રાજા કાંઇસાર છે ને હું તેનો વફાદાર સુબો છું, માટે તેણે તે યાજકને ચોકખેચોકખું કહી દીધું કે, "મેં જે લખ્યું છે, તે લખ્યું છે."

એ રીતે આજે કાલવરીની ટેકરી ઉપર પ્રભુ ઈસુ વધસ્તંભ પર ટંગાએલો છે, ને તેની સામે લોકોની ઠઠ ભરાઈ પુષ્કળ ગિરદીમાં કેટલીએક જગ્યા રોકીને ઉભી છે. તેમાંના કેટલાએક માણસો પ્રભુનું દુઃખ જોઈ દુઃખી થયા હશે,

કેટલાએક આ ક્રૂર તમાશો જોવા સન્મુખ ઉભા હશે, પણ બીજા કેટલાએક આ વખતે મગરૂર બની આનંદ પામતા હતા. તેઓ હજી ઇસુને વધારે દુ:ખ દેવા ચાહતા હતા, તેઓમાં એક પ્રમુખ્ય યાજક તે અગ્રેસર જેવો દેખાય છે. હાલ તે આગળ આવી તેની મશ્કરી કરે છે. તેની વૃદ્ધાવસ્થાને લીધે તેના તમામ કેશ પાકી ગયા છે, પણ તેની બુદ્ધિ પાકી નથી! તેની બુજરગીથી તેનું શરીર શિથીલ થયું છે, પણ તેની ખળતા ટાઢી પડી નથી! તે હજી નાદાન ને ઉછાંછળો (જેવો ને તેવો) ખળ રહ્યો છે! ઉમેરે પહોંચતાં તેનું જોર ગયું પણ હીચકારાપણું ગયું નથી. તે પાકા કેશવાળો જુનો સાપ આગળ આવી કહેવા લાગ્યો કે, "વાહરે વાહ! મંદિરના પાડનાર ને તેને ત્રણ દહાડામાં ઉભું કરનાર, તને રંગ છે! હાલ તારી એ સત્તા કયાં છે? જો તું ઇસ્રાએલનો રાજા હોય, તો તું વધસ્તંભ ઉપરથી ઉતરી આવ, એટલે અમે વિશ્વાસ કરીશું."

વાંચનાર મિત્ર, જો, આ વખતે આપણો વહાલો પ્રભુ અસાધારણ દુ:ખમાં વેદના ભોગવતો હતો, ને તેવા સમયમાં આ દયાહીન માણસ કેટલાએકને ઉશ્કેરી તેના દુ:ખમાં વધારો કરે છે. વળી આ બધા દુ:ખ દેનારા તે ખરા ધાર્મિકપણાનો દાવો કરનાર વડીલો, શાસ્ત્રીઓ તથા પંડીતો છે, એ કેવી દિલગીરિની વાત કહેવાય!

સાધારણ રીતે જોતાં માનવજાત સહલાગણી ધરાવનાર પ્રાણી છે, અને તે એક બીજાને દુ:ખમાં દિલાસો આપી શાન્તવન કરે છે, તો પછી ધર્મશીળ તથા ધર્મના આગેવાનોમાં એથી વધારે દીલસોજી ઉપજાવનાર માયાળુપણું હોવું જોઇએ, પણ આ દાંભિક ને મતવાદીમાં એવું કાંઈ દેખાતું નથી, એ મોટા અફસોસની વાત છે!

વળી પ્રભુ ઇસુ પર જે દુ:ખ આવ્યું તે તેનાં પાપને લીધે નહિ, પણ ખરી દેવસેવા તથા ખરી દેશસેવાને લીધે હતું; ને તેથી તેના ભાઇઓએ તેને ઉત્તમ બદલો આપવો જોઇતો હતો, પણ અહીં એવું કાંઈ દેખાતું નથી. તેથી ઉલટું તેના સ્વદેશીભાઇઓ આવા દુ:ખના સમયમાં તાણા મારી ઠઠ્ઠા મશ્કરીમાં મજાક કરે છે, એથી એમ કહેવાય કે તેઓ ભલાને બદલે ભુડું આપવા તૈયાર થયા હતા.

આ વખતે દિવસના બે પહોર વિતી ગયા છે, ને ખરા મધ્યાન્હનો સમય ચાલતો હતો તેથી સિપાઈ લોકો પોતાનો ખોરાક લેવા બેઠા છે તે અરસામાં પેલા દાંભિક લોકોએ કુચેષ્ટા શરૂ કરી, તેથી સિપાઇઓ તેમ કરવામાં સામેલ થયા. આ વેળા ઘણે ભાગે ઉષ્ણકાળની ઋતુ હોવાથી સખ્ત તાપ પડતો હતો, ને તેથી સ્તંભ પર જડાએલા મહા પરાકાષ્ટનું અત્યંત દુ:ખ ભોગવતા હતા, તેમાં વધારો કરી પેલા ધર્મઢોંગીઓ વાકયબાણ મારી દુ:ખી હ્રદય પર આઘાત કરતા હતા. એ ઉપરાંત હવે આ નિર્દય સિપાઇઓ પણ ઠઠ્ઠાબાજી પર

ચઢ્યા. દુઃખિત અને ઘાયલ તરફ કઠોરતા બતાવી પોતાની મતલબ પુરી કરવી, એવો સ્વભાવ રાખનારા માણસોમાં સિપાઇઓ મુખ્ય ગણાય છે અને તેમને વળી જરા ઉત્તેજન મળ્યું પછી બાકી શું રહ્યું!

આ વખતે મુખ્ય યાજકમાંનો એક ઠઠ્ઠાબાજી કરવા બોલી ઉઠયો કે, "બીજાઓને તેણે બચાવ્યા, પણ તે પોતાને બચાવી શકતો નથી." એટલામાં એક સિપાઇ પોતાના વાસણમાં સીરકો ભરીને પ્રભુની પાસે જઈ તેના મ્હો આગળ ધર્યો, ને કહ્યું કે, આ પી. ત્યારે વળી બીજો કોઈ કહે કે, "એ તો ઇસ્રાએલનો રાજા છે માટે હમણાં તે ઉતરી આવશે, ને અમે તેના પર વિશ્વાસ લાવીશું." તે દરમિયાન વધસ્તંભ પર જડાએલા ચોરમાંનો એક બોલી ઉઠયો કે, "જો તું દેવનો પુત્ર છે, તો તું પોતાનો તથા અમારો બચાવ કર." માટે એમ કહેવાય કે ત્યાં જે હાજર હતા તેઓમાંના ઘણાખરા વહાલા તારનારને પીડામાં વધારો કરનાર હતા, તેના અનિવાર્ય દુઃખમાં દીલાસાનાં વચન બોલી દીલસોજી બતાવે એવું કોઈ આ વેળા ત્યાં દેખાતું નહોતું.

તેના સંબંધમાં એક વિદ્વાન લેખક એવો લેખ લખી ગયો છે કે, તે વખતે ઇસુના વધસ્તંભની આસપાસ જગતની બધી ભુંડાઈ એકઠી મળી હતી, તેમાં નર્યું અધમપણું, જુઠાણું, ક્રુરતા, મૂર્ખાઈ ને નિર્દયપણું ભરાએલું હતું, માટે તેની બદબો સિવાય તેમાંથી બીજું કાંઈ નીકળતું નહોતું. પ્રિય પ્રભુ ઇસુનાં નેત્રો એ બધું ન જોવા સારૂ જલદી બંધ થવાનાં હતાં, ત્યાર પહેલાં પોતાના સ્વદેશીઓનાં મનમાંથી આ બધી ભુંડાઇનો ઉછળતો પ્રવાહ જોઈ છેલ્લાં દુઃખનો અનુભવ કરતો હતો!

હવે ઉપર બતાવ્યા પ્રમાણે ઇસુના મરણસ્તંભની આસપાસ બધી ભુંડાઈનું ઝેર હતું તોપણ તે તેના પવિત્ર હૃદયમાં પેસી શકયું નહિ, કારણ કે તે વખતે ઇસુના મ્હોમાંથી એકે અપશબ્દ નીકળ્યો નહિ. વધસ્તંભની વેદના તેની બુદ્ધિ પર અસર કરી શકી નહોતી. જો કે તેની વાચાશક્તિ બરાબર ઉચ્ચાર કરી શકતી હતી, તોપણ તે તેના તાબામાં હતી. તે પોતે સાવધાન તથા સાવચેત હતો.

તેના જેવી હાલતમાં આવનાર બીજા ઘણા માણસો પોતાની પ્રકૃતિ પ્રમાણે અનેક ચેષ્ટા કરવા મંડી જાય છે, જેમકે કોઈ રૂદન તથા આક્રંદ કરવા, કોઈ ક્રોધાવેશમાં ચિઢાઈ પોતાના વિરોધીઓ પર શ્રાપ તથા ગાળોનો વરસાદ વરસાવવા, તો કોઈ પોતાની મદદ માગવા અને કેટલાક પોતાની આજુબાજુના માણસોને બોધ આપવા મંડી જાય છે. પરંતુ ઇસુએ એવું કાંઈ કર્યું નહિ. તે વખતે તેના મ્હોમાંથી જે કંઈ નીકળ્યું તે આશીર્વાદિત તથા આશાયુક્ત હતું. તેના સંબંધી કહેવા પહેલાં વધસ્તંભ પર જડાનારને કેવી દુઃખદાયક વેદના ભોગવવી પડે છે, તે વિષે કંઇક જાણવું જોઇએ.

વધસ્તંભ પર જડાએલા માણસનું દુ:ખ ઘણું અસાધારણ છે. તે દુ:ખથી માથામાં ચક્કર આવે છે, હાથપગ ખેંચાય છે, તરસથી ગળું સૂકાય છે, ભૂખથી જીવ પીડાય છે, ઉંઘ આવતી નથી, ઘાના જોરથી તાવ ચઢે છે, શરીર કાંપે છે, ઘા પાકવા શરૂ થાય છે, લોહીના ઠરવાથી હાથ, પગ, તથા માથું ફૂલી જાય છે. વળી એ બધાં દુ:ખો એકઠાં થવાથી સહેજ ચલણવલણ થાય ત્યારે અત્યંત દુ:ખાવો પણ થાય છે. એવી હાલતમાં દિવસનો તાપ અને રાતનો પવન હેરાન કરે છે. વળી લોકલજ્જા તથા અપમાન સહેવાં પડે છે, ત્યારે એમ કહેવાય કે મરણની પાસેં માણસના શરીરને તથા મનને દુખાવવાની જેટલી શક્તિ છે તેટલી બધી વધસ્તંભના મરણમાં સમાએલી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. જ્યારે માણસને તે દુ:ખના આગમનનો વિચાર થાય છે, ત્યારે તેનું હૃદય થરથર કાંપે છે. એવી સ્થિતિમાં આવેલો માણસ મરણને પોતાનો મિત્ર ગણે છે, ને જેમ કોઈ પોતાના વ્હાલા મિત્રને મળવા અપેક્ષા રાખે છે તેમ તે મરણની અપેક્ષા રાખે છે.

ઉપર વર્ણવેલાં અસહ્ય દુ:ખોને આધીન થઈ પ્રભુ ઇસુએ તેનો અનુભવ કર્યો, ને તે દરમિયાન તેણે સાત વચનો કહ્યાં છે તે સાતે ભાષણરૂપ છે. તેમાં પ્રથમ જે વચન છે તે પ્રાર્થનારૂપ દેખાય છે. તે વિષે એવું અનુમાન થાય છે કે જ્યારે તેના હાથ પગમાં ખીલા ઠોકી લાકડાં સાથે જડતા હતા, ત્યારે એ વાત બોલ્યો હશે. આ પ્રાર્થનારૂપ ભાષણમાં તે માગે છે કે, "હે બાપ, તેઓને માફ કર, કેમકે જે તેઓ કરે છે તે તેઓ જાણતા નથી.

હવે જે બીજું ભાષણ આવે છે તે પ્રાર્થનાના જવાબરૂપ છે. પ્રભુ ઇસુની સાથે બે લુટારાને વધસ્તંભે જડેલા છે. તેમાંના એક ઇસુની નિંદા કરી તે બાબત લુકનું કહેવું એમ છે કે, જ્યારે એક લુટારે ઇસુની નિંદા કરી, ત્યારે બીજાએ તેને ધમકાવીને કહ્યું કે, "તું તેજ શિક્ષા ભોગવે છે, છતાં શું તું દેવથી પણ બિહીતો નથી? અને આપણે તો વ્યાજબી રીતે ભોગવીએ છીએ, કેમકે આપણા કામનું યોગ્ય ફળ પામીએ છીએ પણ એણે કંઈ ખોટું કર્યું નથી.". તે લુટારાનાં એ વચનો ઉપરથી એવું સંભવે છે કે તેણે આગલા વખતમાં કોઈ વાર ઇસુનો બોધ સાંભળ્યો હશે, પણ તે વેળા તેણે કંઈ ધ્યાન આપ્યું હશે નહિ એમ જણાય છે. હવે જ્યારે તે ચોરનું મરણ પાસેં આવેલું છે, ત્યારે તેનું મન આકાશી વાતોની તરફ ખેંચાય છે. કદાપિ એમ કહો કે તેણે પોતાના સોબતી સાથે પ્રભુની નિંદા કરી હોય અથવા એમ હોય કે, તેના સોબતીનું કામ પોતા સંબંધી આરોપરૂપે ગણાયલું હોય, ને તે પ્રમાણે ગ્રંથકાર લખે એ સ્વાભાવિક છે. (તે બાબત માટે જુઓ માત્થી ૨૭; ૪૪).

વળી તે માણસના અંત:કરણમાં પ્રકાશ આવવાનાં બીજાં કારણો પણ હતાં. એટલે કે જ્યારથી પ્રભુ ઇસુ વધસ્તંભે જડાયો ત્યારથી આસ્તે આસ્તે

સૂર્યનો પ્રકાશ ઘટવા લાગ્યો ને તેને બદલે અંધકારની વૃદ્ધિ થવા લાગી. તે સમયમાં એ ચોરનું હૃદય પ્રકાશીત થયું હશે, અથવા એમ હોય કે પ્રભુ ઇસુ ખ્રીસ્તને વધસ્તંભ પર જડતી વેળા જે સહનતા તેણે દીઠી તથા ધીરજથી અનિવાર્ય દુ:ખોમાં જે શાંત વૃત્તિ જોઈ, તે બધી બિનાઓથી તેનાં જ્ઞાનચક્ષુ ખુલી ગયાં હશે માટે તેણે મરતાં મરતાં વિશ્વાસયુક્ત પ્રાર્થના કીધી કે, "હે ઇસુ, તું તારા રાજ્યમાં આવે, ત્યારે તું મને સંભારજે." અત્યાર સુધી પ્રભુ ઇસુ પોતાના નિંદકોની સામે મૌન્ય ધારણ કરી રહેલો હતો, પણ જ્યારે તેણે આ અનુતાપ કરનારની વિશ્વાસયુક્ત પ્રાર્થના સાંભળી, ત્યારે તેનો જવાબ આપી કહેવા લાગ્યો કે, "હું તને ખચીત કહું છું કે આજે તું મારી સાથે પારાદેશમાં હોઇશ." અહાહા! પ્રભુની શક્તિ કેવી છે! જે હાથ સ્તંભ સાથે જડાએલા છે, તેજ હાથ આ મરતા ચોરને સારૂ આકાશી દ્વાર ખુલ્લાં કરે છે!

હવે આપણે જાણી ગયા છીએ કે, આ મરણસ્તંભની સામે કેટલાંએક માણસોનું ટોળું ઉભું હતું, તેમાં ઇસુની મા તથા બીજાં કેટલાંએક ઓળખાણ-વાળાં માણસો હતાં. તેઓ પૈકી ત્રણ સ્ત્રીઓ તથા યોહાન વધસ્તંભની નજીક આવ્યાં, ત્યારે પ્રભુ ઇસુએ અર્થસૂચક દૃષ્ટિથી તેઓ તરફ જોયું. આ વખત પોતા પર અતિ ઘણાં દુ:ખનો ભાર આવી પડેલો છે, તેનો વિચાર બાજુ પર મુકી પોતાની જનેતાના દુ:ખમાં સામેલ થયો ને તેને સારૂ બંદોબસ્ત કીધો.

દુ:ખિત માતા મરિયમ પર આ સમયે કેવું મહાભારત દુ:ખ આવી પડયું છે, તેનું વર્ણન કોનાથી થાય! ખરેખરૂં કહીએ તો આ વેળા તેના દુ:ખનો પાર નથી, કારણકે તેનો વહાલામાં વહાલો પુત્ર એક નીચ અપરાધીની પેઠે મરણની શિક્ષા પામે છે. તેની ઉત્તમતા તે હાલ અધમતામાં બદલાઈ ગઈ છે. યહુદી મંડળીના અધિકારીઓ હાલ ભલાઇનો ભુંડો બદલો વાળવાની તક પામ્યા છે, એ બધાનો વિચાર કરતાં તેનાં દુ:ખોનો પાર નથી.

વળી તે અબળ માતા અત્યાર સુધી જેને આધારે રહેલી છે, તે તેના જીવનના આધાર આજે અદૃષ્ય થનાર છે. જ્યારે તેણે શિમીઓનના મ્હોથી સાંભળ્યું હતું કે, "તરવાર તારા જીવને વિંધી નાખશે" ત્યારે તે એ વાતથી અજાણ હતી, પણ હાલ તે અગમવાણીની પૂર્ણતા જોતાં તેનું અનહદ ને પારાવાર દુ:ખ વધી ગયું હતું, એવા સમયમાં પ્રભુએ ત્રીજું ભાષણ આપી તેનાં દુ:ખનું નિવારણ કીધું હતું.

પ્રભુ ઇસુ માતાજી તરફ ધ્યાન આપી પોતાના વહાલા શિષ્યને યાદ કરે છે, ને નેત્રદ્વારે ઇશારત કરી કહે છે કે, "બાઈ, જો તારો પુત્ર." તેમજ યોહાન તરફ જોઈ મરિયમને ઉદ્દેશીને કહે છે કે, "ભાઈ, જો તારી મા." એ વખતે મરિયમના મન પર કેવા અસાધારણ દુ:ખની લાગણી થઈ હશે? તેની અંતરદૃષ્ટિ સમક્ષ પ્રભુ ઇસુની પૂર્વ જીંદગીનો બધો હેવાલ આબેહુબ ખડો થયો હશે, ને તેથી આ પ્રેમી માતા અત્યંત ખીન્ન થઇ પોતાના પ્રિય તથા આજ્ઞાંકિત

પુત્રના દુ:ખમાં સામેલ થતી મૂર્છા પામી ધરણી ઉપર ઢળી પડી હતી. તે વખત યોહાને તેની સારવાર કરી ને ત્યાર બાદ તેના જીવતાં સુધી આજ્ઞાંકિત પુત્ર પ્રમાણે સેવાચાકરી બજાવતો રહ્યો.

આપણે આગળ જોઈ ગયા છીએ કે હાલ ઉનાળાની મોસમ ચાલતી હતી, ને દિવસના પહેલા બે પહોર વિતી મધ્યાન્હકાળ થયો હતો, તેથી અત્યારે ઘણો સખત તાપ પડવાની વકી હતી; પણ આજે એથી ઉલટો બનાવ બને છે, તેથી રફતે રફતે અંધકારની છાયા પ્રસરવા લાગી. જ્યારે દિવસનો પૂરો પ્રકાશ ને તાપ હોવાનો સમય છે, ત્યારે આજે અંધકાર તથા ઠંડી પડે છે.

હાલ પ્રભુ ઇસુને વધસ્તંભ પર ત્રણ કલાક થયા છે ને આ ત્રણ કલાકની અંદર શી શી બિનાઓ બની તે વિષે સુવાર્તાના લેખકોએ કાંઈ નોંધ આપી નથી, પણ ટુંકામાં એટલુંજ લખે છે કે પ્રભુ ઇસુને વધસ્તંભે જડયો ત્યાર પછી છટ્ઠા કલાકથી નવમા કલાક સુધી અંધકાર થઈ રહ્યો હતો, ને તે અંધકારમાં તેની પ્રાણોતક્રમની ક્રિયા બંધ પડી હતી.

આ અંધકાર કાંઈ સાધારણ નહિ પણ અસાધારણ હતો. આપણે કોઈ વાર સૂર્યગ્રહણ જોઇએ છીએ ને તેના વિષે જાણીએ છીએ કે એવે પ્રસંગે અંધારૂં થાય છે, પણ આમાં કાંઈ એવું નથી. તેના સંબંધમાં એક લેખક એવું લખે છે કે, "ત્રીજા પહોર સુધી અંધકાર થયો." (એટલે બરોબર ત્રણ કલાક સુધી અંધકાર હતો). સૂર્યગ્રહણ સંબંધી આપણે જાણીએ છીએ કે તે માત્ર અમાસને દહાડેજ થાય છે, પણ આ દિવસ અમાસનો નહોતો.

તે વિષે વિચાર કરતાં આપણને એવી ખાતરી થાય છે કે પ્રભુ ઇસુએ વાડીમાં જે પ્રાર્થના કીધી હતી, તેમાં તેણે એવું માગ્યું હતું કે, "હે બાપ, જો બની શકે તો આ વાટકો મારાથી દૂર કર, પણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ." એ ઉપરથી આ અંધકારનું કારણ સ્પષ્ટ દેખાય છે, એટલે કે પ્રભુ ઇસુ માણસોનાં પાપોના બદલામાં જામીન થઈ આપણાં પાપનું દેવું વાળવા આવ્યો હતો માટે તેણે દેવપણું છોડી દાસનું રૂપ ધર્યું હતું. તેણે પોતાને ખાલી કરી દીન અવસ્થા સ્વીકારી હતી, તેમાં નિર્બુદ્ધ તથા દુર્બુદ્ધિનાં માણસો તરફથી તેણે ઘણાં કષ્ટો સહ્યાં હતાં માત્ર એટલુંજ નહિ, પણ તેના મહાન પિતા તરફથી તેના પર શિક્ષા આવી પડેલી હતી, ને તેથીજ તેણે પોકાર કીધો કે, "એલી, એલી, લામા સાબાખ્થાની" એટલે કે, "ઓ મારા દેવ, મારા દેવ, તેં મને કેમ તજી દીધો છે?" જે ખરેખરો દેવ તે મનુષ્ય થયો ત્યારે બીજા પાપી માણસના કરતાં તે ઘણુંજ દુ:ખ પામ્યો. જ્યારે આપણે ખ્રીસ્તનાં દુ:ખોનો વિચાર કરીએ ત્યારે આપણને ઘણી અજાયબી લાગે તથા ત્રાસ છૂટે છે, પણ આપણે યાદ રાખવું કે એ મનુષ્યપણામાં ભૂતકાળે દુ:ખી હતો ખરો, હાલ તેના દેવપણામાં તેને લેશમાત્ર દુ:ખ નથી.

જ્યારે પ્રભુ ઇસુએ ઉપર બતાવેલી પ્રાર્થનારૂપ વાણી કાઢી, ત્યારે તેના સાંભળનારાઓએ કાંઈ ભલતો અર્થ કર્યો, કારણકે તેજ વખત લોકો કહેવા લાગ્યા કે, "તે એલીયાહને બોલાવે છે." એ ઉપરથી એવું સંભવે છે કે તે લોકોએ માત્ર તેના પહેલા શબ્દોજ સાંભળ્યા હતા. તે સંબંધી સુવાર્તિક માર્ક લખે છે કે તેઓએ કહ્યું કે, "એને રહેવા દો, આપણે જોઇએ કે એલીયાહ તેને ઉતારવાને આવે છે કે નહિ." (માર્ક ૧૫; ૩૬).

ખ્રીસ્તના મરણ સમયે જે અંધકાર થયો તે વિષે જુદા જુદા ખુલાસા કરી વિદ્વાન લોકોએ પોતપોતાના મત દર્શાવ્યા છે. તે બધામાં સ્વાભાવિક કે સાહજીક અર્થ રહેલો છે ને તે ખરો અર્થ દેખાય છે.

તે આ અંધકાર સંબંધી એવું લખે છે કે જ્યારે પ્રભુ ઇસુ ખ્રીસ્ત પાપીઓનો જામીન થઇ પ્રતિનિધી તરીકે તેઓની શિક્ષા ભોગવવા ઉભો થયો, ત્યારે તેની પાસેથી દેવની પ્રસન્નતા તથા અનુગ્રહ ખેંચી લેવામાં આવ્યાં માત્ર એટલુંજ નહિ, પણ જગતનો પ્રકાશ આપનાર સૂર્ય તે પણ અલ્પ કાળને સારૂ અદષ્ય કરી સંતાડવામાં આવ્યો હતો.

હાલ પ્રભુ ઇસુ છ કલાક થયાં વધસ્તંભ ઉપર જડાએલો હતો, તેથી હવે તેને ઘણી તરસ લાગી હતી, માટે તે કહે છે કે, "મને તરસ લાગી છે." વાંચનાર મિત્ર જાણે છે કે ત્યાં એક વાસણમાં સીરકો ભરેલો છે તેમાં એક જણે વાદળીનો કકડો ભીંજાવ્યો ને બરૂના છેડામાં ખોસી તેના મ્હોમાં આપ્યો. વધસ્તંભ ઉપર જડેલા માણસના મ્હો સુધી જમીન પર ઉભેલા માણસના હાથ પહોંચી શકે નહિ માટે તેણે એ પ્રમાણે વાદળીનો કકડો લઈ સરકટ વતી પ્રભુના મ્હોમાં ચુસવા આપ્યો હશે.

આ વખત સીરકો આપનાર માણસ ઈસુનો મિત્ર હતો કે શત્રુ હતો તે વિષે કાંઈ લખેલું નથી, પણ સુવાર્તા પરથી એવું દેખાય છે કે જ્યારે તે સીરકો આપવા જતો હતો, ત્યારે બીજા માણસોએ તેને રોકવા સારૂ કહ્યું કે, એને રહેવા દો, તે એલીયાહને બોલાવે છે તો આપણે જોઇએ કે એલીયાહ તેને ઉતારવા આવે છે કે નહિ.

પ્રિય પ્રભુ ઇસુને અંતકાળને સમયે તરસ લાગી તેથી તેણે પીવાનું માગ્યું તેના સબંધમાં એક ગ્રંથકાર એવો લેખ આપે છે કે, પ્રભુ ઇસુ સંપૂર્ણ માણસ પ્રકૃતિ ધારણ કરી માણસ થયો હતો માટે તેને માણસના જેવી લાગણી તથા માણસના જેવું દુઃખ થતું હતું, તેથી તેણે આ વખતે પોતાની તરસ મટાડવા સારૂ પીવાનું માગ્યું. એમાં તે આપણને બોધદાયક નમુનો આપે છે, એટલે કે જ્યાં સુધી આપણે દેહમાં છીએ ત્યાં સુધી દૈહિક સુખનાં સાધનોનો ઉપયોગ કરવા બંધાએલા છીએ, માટે વિના કારણ દેહદમન કરવામાં કાંઈ વિશેષ લાભ નથી.

જ્યારથી પ્રભુ ઇસુ પરસ્વાધીન કરાયો ત્યારથી અત્યાર સુધીમાં લગભગ પંદર કલાક વિતી ગયા હતા ને તે વખતમાં તેણે ઘણું ઘણું કષ્ટ વેઠયું હતું તે સુજ્ઞ વાંચનારની જાણ બહાર નથી, તેમ છતાં તેણે પોતાને સારૂ માત્ર આ છેલ્લો ઉદ્‌ગાર કાઢયો હતો કે, "મને તરસ લાગી છે," માટે એમ કહેવાય કે તેણે પોતાના શારીરિક દુ:ખમાં આ એકજવાર ઉચ્ચાર કીધો હતો.

હવે લગભગ પ્રભુના મરણનો સમય નજીક આવી પહોંચેલો હતો, ભોપણ તેના પર મરણની સત્તા ચાલી શકી નથી. તેના પર મરણની બીક જોર કરી ગભરાટ લાવી શકી નથી. તેનો જીવ વ્યાકુળ થયો નથી; હજી સુધી તે સાવચેત રહી શકયો હતો. તેણે સીરકાનો એક ઘુંટડો પીધો એટલે તેનો સોસ મટી ગયો અને તેનું ઉચ્ચારણ સ્પષ્ટ થયું, માટે તેણે દાઉદનાં સ્તોત્રોમાંથી એક અધિકાર-યુક્ત વચન કહ્યું કે "હે બાપ, મારો આત્મા તારા હાથમાં સોંપું છું."

તે પોતે માનવી દેહ ધર્યા પહેલાં દાઉદનો પ્રભુ હતો. હવે તેણે માનવપણામાં તેનું પુત્રપણું સ્વીકારેલું છે તેથી આવા વખતે તેણે પોતાના વડીલનું વચન યાદ કરી માણસોના દિલાસાનો રસ્તો ખુલ્લો કર્યો, કારણ કે ત્યાર બાદ ઘણા માણસો એ વચન પર ભરોસો રાખી સંકટની વેળા મરણનાં દુ:ખો પર જય પામતા આવ્યા છે. ત્યાર પછી તેણે પૂરા પ્રેમથી તથા વિશ્વાસથી છેલ્લે એવું કહ્યું કે, "સંપૂર્ણ થયું." પછી માથું નમાવી પ્રાણ છોડયો હતો.

વાંચનાર મિત્ર, પ્રિય પ્રભુના છેલ્લા શબ્દો પર વિચાર કરશો કે શું સંપૂર્ણ થયું? આ દુનિયામાં વહાલા તારનારનું માનવી જીવન સંપૂર્ણ થયું, તેમજ પાપની સામે તેનું આત્મિક યુદ્ધ તે સંપૂર્ણ થયું. દેવનું પવિત્ર નિયમશાસ્ત્ર તે પાળવાનું કામ સંપૂર્ણ થયું. (માણસજાતનાં આદિ માતા પિતાએ પરમેશ્વરના હુકમનું ઉલ્લંઘન કરેલું હતું ત્યારથી કોઈ માણસે નિયમશાસ્ત્ર પૂર્ણ રીતે પાળ્યું નહોતું, પણ પ્રભુ ઈસુએજ તે પૂરૂં પાળ્યું માટે તેનામાં નિયમશાસ્ત્ર સંપૂર્ણ થયું). તેમજ પાપી માણસના આત્માની ખંડણી કરવાનું કામ તે પણ સંપૂર્ણ થયું, ને પાપીઓના ઉદ્ધારનું કામ તે પણ સંપૂર્ણ થયું. પ્રિય સદ્‌ગુરૂના છેવટના શબ્દોમાં એ બધું સંપૂર્ણ થયું. હવે દેવની મહેરબાની પામવા સારૂ કે તેની કૃપા વિનવવા સારૂ કાંઈ બાકી રહ્યું નથી, કારણ કે ખ્રીસ્તમાં બધું સંપૂર્ણ થયું છે.

વાંચનાર મિત્ર, સાંભળ, જ્યારે આ દેવકુંવરના પ્રાણવાયુનો છેલ્લો શ્વાસ બંધ થયો, ત્યારે એકદમ ચડચડાત કરતો યરૂશાલેમના દેવળનો પડદો ફાટી ગયો. ઘણઘણાટ કરતો મોટે અવાજે ધરતીકંપ થયો ને ધડધડાત કરતી ફટોફટ કબરો ખુલ્લી થઇ. તેમાંથી ઘણાં પવિત્રોનાં શબ બેઠાં થઇ પ્રભુની સાથે પહેલું પુનરૂત્થાન પામી ઘણાઓના દેખતાં પવિત્ર નગરમાં ગયાં. (માત્થી ૨૭; ૫૧-૫૩).

આ પ્રમાણે અલૌકિક ને ચમત્કારીક બનાવ જોવાથી ત્યાં હાજર રહેનાર ટુકડીના જમાદારે એવી શાહેદી આપી કે, "ખરેખર, એ દેવનો દીકરો હતો." તે પોતાના સિપાઇઓ સાથે ત્યાં હાજર હતો, તેથી પ્રભુની અંતવખતની રહેણી-કરણી જોઈ તેના હૃદયપર ઉત્તમ નમુનાની છાપ પડી હતી. તેને ખાતરી થઇ હતી કે ઇસુ ખરેખર નીતિવાન ને દૈવી પુરૂષ હતો, માટે તેને ઉપર પ્રમાણે શાહેદી આપી પોતાનો મત જાહેર કીધો.

આવી શાહેદી આપનાર ઘણો બહાદુર ને અનુભવી માણસ હતો. તેણે ઘણીવાર લડાઈના મેદાનોમાં તલવારના ખેલ જોયા હતા. રણસંગ્રામની વખતે ઘણા બહાદુર યોદ્ધાઓ ઉદારતાથી પોતાના જીવનો ભોગ આપે છે એવાઓનો અંત તેણે જોયો હતો, પરંતુ દૈવાધિન થઇ ઇશ્વર આજ્ઞારૂપ વેદી પર પોતાનું સ્વાર્પણ કરનાર આવો યોદ્ધો તેણે જોયો નહોતો.

વધસ્તંભ પર સજા પામનારા માણસના શરીરની છેલ્લી દશા ઘણી વિપરીત થતી હતી, કારણ કે તેના દેહ પર આકાશી પક્ષીઓ પડીને તેનું માંસ ચુંટી ખાતાં હતાં. એમ ઘણે દિવસે સડી પડી તેનાં અસ્થી તથા માંસનું રૂપાંતર થતું ત્યાં સુધી તેને ઉતારવા દેતા નહિ, કારણ કે એવી દેહાંત શિક્ષા પામનારને સારૂ સરકારી કાયદો એવોજ હતો, પણ યહુદી લોકોના નિયમશાસ્ત્રની આજ્ઞા તેથી જુદી હતી તે (પુન. ૨૧ ; ૨૩) કૌંસમાં બતાવેલી કલમ પ્રમાણે લટકીને મરણ પામનારની લાસને સૂર્ય અસ્ત થયા પહેલાં નીચે ઉતારતા હતા.

વળી બીજે દહાડે પર્વનો મોટો સાબ્બાથવાર હતો માટે યહુદી અધિકા-રીઓ પીલાતની પાસે ગયા ને એવી વિનંતી કરી કે આવતી કાલે અમારો સાબ્બાથવાર છે, માટે આ વધસ્તંભ પર લાસો રાખવી નહિ. જો તે ગુન્હેગારો મરી ન ગયા હોય તો તેઓના હાથ પગ ભાગીને મારવા ને પછી તેઓની લાસો ઉતારવી. એ માગણી પ્રમાણે કરવાને પીલાતે સિપાઇઓને હુકમ આપ્યો તેથી તેઓએ આસપાસના બન્ને જણના ટાંટીયા ભાગી નાખ્યા. પછી ઇસુની પાસે આવીને જેયું તો તે મરણ પામેલો હતો માટે તેના પગ ભાગ્યા નહિ, પણ ખાતરી કરવા સારૂ તેની કુખમાં ભાલો માર્યો ત્યારે "તેમાંથી લોહી તથા પાણી નીકળ્યાં," ને તે પરથી તેનું મરણ સાબીત થયું એમ સુવાર્તિક યોહાન શાહેદી આપે છે.

આ વખતે પ્રભુના શરીરમાંથી લોહી તથા પાણી નીકળ્યાં તે સંબંધી ઘણા વિદ્વાન લોકો ટીકા કરે છે, ને તે સંબંધી બધા ઘણાં ઘણાં કારણો બતાવે છે. પણ તે બધાં કારણોમાં યોહાનની શાહેદી વધારે વિશ્વાસ યોગ્ય છે માટે આપણે એજ શાહેદીનો આધાર રાખી શાસ્ત્ર લેખ પ્રમાણે કહીશું કે "તેનું એકે હાડકું ભંગાશે નહિ" એ લેખ પૂરો થયો. વળી બીજું કે "જેઓએ તેને વિંધ્યો તેઓ તેના તરફ જોશે" એ વાત પણ તેનામાં પૂર્ણ થએલી છે.

હવે આપણે આરંભથી જોતા આવ્યા છીએ, કે સદ્‌ગુરૂના દરેક પ્રસંગમાં, નિયમશાસ્ત્રના વિધિ પ્રમાણે ધર્મક્રિયા કરવામાં આવી હતી; તેમ છતાં આ છેવટને વખતે ઉત્તરક્રિયા થવાની જરૂર હતી. તેથી એવું બન્યું કે, ઇશ્વરી ઠરાવની પૂર્ણતા થવા સારૂ તે અવસાનક્રિયા તથા વિધિ પૂર્ણ કરવામાં આવી તેની હકીકત નીચે પ્રમાણે છે.

મારા વાંચનાર મિત્રો જાણે છે કે સાન્હેદ્રીમ સભાના ઘણાખરા સભાસદો પ્રભુના પ્રતિપક્ષી હતા; પણ તેમાંના કેટલાએક તેને માન આપી સદ્‌બોધક કે ગુરૂ તરીકે માનતા હતા. તેઓ પૈકી એકનું નામ યુસફ તથા બીજાનું નામ નીકોદેમસ હતું. આ યુસફના સંબંધી સુવાર્તાઓમાં સારી સારી વાતો આવે છે. તેના વિષે એક એવી વાત છે કે તે સુભક્ત અને નીતિવાન હતો; પ્રભુ ઇસુ વિરૂદ્ધ જે જે ઠરાવો તથા મનસુબા કરવામાં આવ્યા તેમાં તેનો શેપ માત્ર લાગભાગ હતો નહિ કેવળ એમજ નહિ, પણ તે અન્યાયી ભરેલા ઠરાવને લીધે નારાજ હતો.

તે પીલાતની પાસે ગયો ને પ્રભુના શબની માગણી કરી. તેને અવલમંજલ પહોંચાડવાનું કામ માથે લીધું. આ કામમાં તેનો બીજો મદદગાર ઉભો થયો તે નીકોદેમસ હતો; વાંચનાર મિત્રો આગળની વાતથી જાણે છે કે તે પણ પ્રભુ ઇસુનો શિષ્ય હતો; પણ યહુદીઓની બીકથી છાની રીતે તેને માનતો હતો. હાલ તેની બીક મટી ગઇ. તેણે હિંમત રાખી યુસફને મદદ કરી તેથી તેઓ બે જણ વધસ્થાને ગયા ને પ્રભુનું શબ નીચે ઉતારી યહુદી રીત પ્રમાણે શુદ્ધ કીધું; વળી તેણે અઢી મણ બોળ તથા સુગંધી વસાણાં લાવી પ્રભુના મૃત શરીરમાં ભર્યાં. યુસફે બારીક શણનું વસ્ત્ર આણ્યું ને તેમાં તે લાસ લપેટી અને એક કબરમાં મુકી.

તે કબર સંબંધી એવું કહે છે કે યુસફે પોતાને વાસ્તે તે બંધાવી હતી, પણ હાલ પ્રભુના શરીરનું વિશ્રામસ્થાન થવા સારૂ તેણે તે આપી હતી. યહુદી લોકોમાં સારા ગ્રહસ્થ ને પૈસાદાર માણસો પોતાને સારૂ કબરો બંધાવી રાખતા હતા તેથી આ માણસે પણ વાડીમાં એક કબર બંધાવેલી હતી.

આ યુસફ સંબંધી સુવાર્તામાં થોડી પણ ઘણી સારી શાહેદી આવે છે. તેમાંની એક એવી છે કે તે સારો, ધાર્મિક ને "નીતિવાન હતો;" તેમજ તે "દેવના રાજ્યની વાટ જોતો હતો" (લુક ૨૩; ૫૦, ૫૧). માર્કના શબ્દોમાં તેને "નામાંકિત સભાસદ" ગણેલો છે (માર્ક ૧૫; ૪૩). વળી માત્થીના લેખ ઉપરથી એવું દેખાય છે કે "તે ધનવાન હતો" (માત્થી ૨૭; ૫૭).

પ્રભુ ઇસુના સંબંધમાં એક એવી અગમવાણી હતી કે, "તેની કબર દુષ્ટોની સાથે ઠરાવેલી હતી, પણ તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંઘાતે

હતો" (યશા. ૫૩ ; ૯). એ પ્રમાણે યશાયાહ ભવિષ્યવાદી કહી ગયો હતો તે હાલ પૂરૂં થયું. હવે પ્રભુનો આત્મા સુખલોકમાં ગયા પછી તેનું મૃત શરીર સાબ્બાથવાર વિત્યા સુધી કબરમાં સ્વસ્થ રહ્યું.

એ સર્વ વાતો બની એટલામાં સૂર્ય અસ્ત પામ્યો ને યહુદીઓનો સાબ્બાથ બેઠો, ત્યાર પછી યુસફે કબરના મ્હો પર પત્થર ઢાંકયો ને પોતાના મિત્ર સાથે ઘેર જઇ વિશ્રામ લીધો. તે માણસ આરીમાથાઇનો રહીશ હતો (માત્થી ૨૭; ૬૦).

હવે ઉપર લખ્યા પ્રમાણે પ્રભુનું શરીર શાંતિમાં છે પણ તેના શત્રુઓને કાંઇ ચેન પડતું નથી, કેમકે ઇસુ મરણ પામ્યો પણ તેની બીક મરી નથી, કારણ કે પ્રભુએ પોતાની હૈયાતીમાં તેઓને કહ્યું હતું કે, "હું ત્રીજે દહાડે સજીવન થઇને પાછો ઉઠીશ," માટે તેઓ શનીવારને દિવસે હાકેમની પાસે ગયા, ને વિનંતી કરી કહેવા લાગ્યા કે, "સાહેબ, અમને યાદ છે કે, તે ઠગ જીવતો હતો, ત્યારે કહેતો હતો, કે ત્રણ દહાડા પછી હું પાછો ઉઠીશ, એ માટે ત્રણ દહાડા સુધી કબરનો જાપતો રાખવાની આજ્ઞા કર, રખેને તેના શિષ્યો રાત્રે આવીને તેને ચોરી જાય, ને લોકોને કહે કે, મુએલાંમાંથી તે ઉઠયો છે, તો છેલ્લી ભૂલ પહેલી કરતાં મોટી થશે" (માત્થી ૨૭; ૬૩, ૬૪).

જો કે યહુદીઓ ભૂલમાં પડે કે ન પડે તે વિષે પીલાતને કાંઇ નફો નુકસાન નથી માટે તેને કાંઇ પરવા નહોતી, તો પણ તેણે વિચાર કર્યો કે અત્યાર સુધી આ લોકોના કહેવા પ્રમાણે વર્તી મેં તેઓને ખુશી કીધા છે તો હવે એક નાની ને નજીવી વાતમાં મારે તેઓને નારાજ કરવા નહિ. માટે તેણે તેઓને સિપાંઇઓની ટુકડી આપી હુકમ કીધો કે તમે જાઓ ને તેનો બંદોબસ્ત કરો.

એ પ્રમાણે મુખ્ય અધિકારી પહેરો લઇને પ્રભુની કબર પાસે આવ્યો ને રીત પ્રમાણે તેના દ્વાર પર બંધ બાંધી બન્ને બાજુએ લાખની પાકી શીલ મારી મહોર કીધી. પછી સિપાઇઓને હુકમ આપ્યો કે તમારે હોશીઆરીથી પહેરો રાખવો ને કોઇ માણસને અહીં આવવા દેવું નહિ. એ પ્રમાણે પ્રિય તારનારનું શબ મિત્રોની પ્રીતિથી તથા શત્રુઓની ભિતીથી એ કબરમાં સ્વસ્થ રહ્યું.

ખંડ ૭ મો.

પ્રભુ ઇસુ ખ્રીસ્તના પુનરૂત્થાનથી તેના સ્વર્ગારોહણ સુધી.

તા. ૯ મી એપ્રીલ રવિવારથી તા. ૧૦ મી મે ના ગુરૂવાર સુધી.

રૂમી સન ૭૮૨. ઇસ્વી સન ૩૦.

અધ્યાય ૧ લો.

ઇસુ ખ્રીસ્તનું પુનરૂત્થાનને શિષ્યોનું દર્શન.

હવે જેમ આપણે ઉપર વાંચી ગયા છીએ તેમ સદ્ગુરૂના મરણ બાદ તેનું શરીર અંધારી કબરમાં છુપાઇ રહેલું છે, ને એજ પ્રમાણે તેનું શિષ્યમંડળ પણ મહા શોક તથા દુ:ખના અંધકારમાં સંતાઇ બેઠેલું હતું. હજી તેઓની સંખ્યા ઘણી જુજ છે, તેથી યરૂશાલેમની અંદર એક કોટડીમાં તેઓ ભરાઇ બેઠા હશે. તેઓમાં જે આગેવાન તથા બાહોસ ને બહાદુર જેવો હતો તે તો ઇસુનો નકાર કરી બેઠો હતો; તેમજ બીજાઓ પોતાના જીવ લઈ અગાઉથી પલાયન કરી ગયા હતા.

હાલ તેઓને સારૂ કોઇ ભક્તિસ્થાન ખુલ્લું નથી, કે ત્યાં જઇ પોતાના નવિન ધર્મ પ્રમાણે ઇશ્વરભક્તિ કરી દીલાસો પામે. તેઓની સામે બળવાન શત્રુઓનો મોટો જથો છે. એમની સામે લડાઇ કરવાનું કોઇ હથીઆર નથી કેવળ એટલુંજ નહિ, પણ સામાવાળાને જવાબ આપવા સારૂ એક શબ્દ બોલવાની હિંમત પણ રહી નથી, તેમ છતાં જો તેઓ કંઇ બોલે તો તત્કાળ તે ઓળખાઇ જાય તેમ હતું.

જો તેઓ ગ્રીક ભાષામાં વાત કરે તો લોકો તેઓને ધિક્કારી કાઢે એમ છે, માટે એમ કહેવાય કે એવા અવિદ્ય ને અતિ જુજ સંખ્યાવાળા લોકો તેને મંડળી કે ટોળીનું નામ આપવું તે અસંભવિત કહેવાય એમ હતું તો પછી તેને ખ્રીસ્તી મંડળી કેમ કરી કહેવાય! માટે તે વખતની મંડળી એ મોટું નામ પામવા લાયક નહોતી—જેમ એક મુઠીભર માટીને ડુંગર કે પહાડનું નામ શોભતું નથી, તેમ આ મંડળીને મોટું નામ વિશોભીત દેખાય તેમ હતું.

આ હકીકત વાંચતાં વાંચનારના મનમાં એવો સવાલ થશે કે જો એમ હતું, તો તેઓ જુના ધર્મનું પરિવર્તન કરવાને સશકત કેમ થયા? રોમન અને ગ્રીક લોકો જેવા પરાક્રમી ને વિદ્વાન, કુશળ અને સુધરેલા લોકોના દેવધર્મનો નાશ કરનાર

થયા! તેઓ શું એવા ને એટલાજ હતા: તેઓથી એમનાં પુરાણો તથા દેવ-ચરિત્રોનો નાશ થયો ને તેમના ઉપરથી લોકોનો વિશ્વાસ ફેરવાયો એ કેમ બન્યું હશે! તેણે તેઓની સુંદર મુર્તિઓનો તથા સુશોભિત દેવાલયોનો ને તેની પૂજા અર્ચાંનો નાશ કરી ખ્રીસ્તના વધસ્તંભની સ્થાપના કરાવી એ કેમ બન્યું હશે!

વંશપરંમરાથી ચાલતી આવેલી નાના પ્રકારની ધર્મક્રિયા તથા પુરાતન કુળાચારની રીતભાત ને ક્રૂર અત્યાચાર ભ્રષ્ટ થએલા હૃદયને પસંદ પડે એવાં ધર્માંચરણ, કુભક્તિ અને ખોટી કલ્પનાઓનો નાશ કરી મધ્યસ્થ દ્વારે ખરી એક ઇશ્વર ભક્તિ સ્થાપન કરી એ ઉપર બતાવેલા લોકોથી કેમ બન્યું હશે? એ વાતનો વિચાર લાવતાં માનવબુદ્ધિ ગુમ થાય છે, પણ ખરેખરી રીતે જોતાં તેમ બન્યું છે, એમાં શક નથી.

ઉપર બતાવેલા પ્રશ્નોનો જવાબ એકજ છે, ને તે ખ્રીસ્તનું પુનરૂત્થાન! મારા પ્રિય વાંચક, તારા વાંચવા તથા જાણવા પ્રમાણે જે મોટો ફેરફાર કરનાર શક્તિ તે ખ્રીસ્તના પુનરૂત્થાન પર આધાર રાખે છે, કારણ કે તેના સામર્થ્યથી એ મોટો ફેરફાર થયો છે. પ્રભુ ઇસુ ખ્રીસ્તના જીવનચરિત્રની સમાપ્તિમાં જો તેનો લજ્જાકારક વધસ્તંભ આવે, તો ધર્મસુધારણામાં તેનું મરણ નિરૂપયોગી ગણાય! ને એમ કહેવું પડે કે ખ્રીસ્તના મરણથી કાંઇ સુધારો થયો નથી, પણ જ્યારે તેના મરણ તથા ત્યાર પછીની વાતનું જોડાણ થાય, ત્યારે તેના ધર્મનું ઉત્તમપણું તથા સામર્થ્ય દેખાઇ આવે છે, માટે એ બન્ને વાતનું જોડાણ કરી ઈતિહાસિક સાંકળની કડીઓ બેસતી આવે એમ છે.

જો કોઈ એવો સવાલ કરે કે ખ્રીસ્તી ધર્મનો પાયો શું છે, તો તેને કહી શકાય કે પ્રભુ ઇસુનું પુનરૂત્થાન તેજ ખ્રીસ્તી ધર્મના પાયારૂપ વાત છે. હા, તેજ પાયો ને તેજ સ્તંભ એ ઇમારતનો આધાર ગણાય છે. મરણમાંથી સજીવન થએલો ખ્રીસ્ત, તે ખ્રીસ્તી લોકની આશા તથા તે ખ્રીસ્તી લોકનું તેજ છે; ને જો તેમ છે તો એ મુખ્ય વાત કહ્યા વિના ખ્રીસ્તનું જીવનચરિત્ર પૂરૂં થતું નથી. બીજા માણસોનું જીવનચરિત્ર તેના મરણ સમયે પૂરૂં થાય છે, પણ ખ્રીસ્તનું જીવનચરિત્ર તેના પુનરૂત્થાનની વાત લખ્યા વિના પૂરૂં થતું નથી. માટે હવે અમારા વાંચનારાઓની પાસે એ અદ્ભુત વાત રજુ કરવાના છીએ.

આપણે આગળ જોઈ ગયા છીએ કે પ્રભુ ઇસુના વધસ્તંભ પાસે કેટલીક ગાલીલી બાઇઓ આવી હતી, અને તેઓ તેની કબર વિષે જાણતી હતી. તેઓમાં મરીયમ માગદાલેણ તથા યાકૂબની તથા યોસેની મા મરીયમ હતી. તેઓનો એવો વિચાર હતો કે જેમ નીકોદેમસે તથા યુસફે પ્રભુના શરીરમાં સુગંધી ભરી તેમ આપણે પણ ભરવી; પરંતુ વચમાં સાબ્બાથવાર આવ્યો, માટે રવિવારના પ્રાત:કાળની વાટ જોતાં સ્વસ્થ રહેલી હતી.

હવે અહીં કબર પાસે, શનીવારની રાતે રૂમી સિપાઇઓ પહેરો ભરતા હતા. તે સમયે જેમ જેમ રાત વિતવા લાગી તેમ તેમ ઠંડોગાર પવન ફુંકાવા લાગ્યો, તેમ છતાં સિપાઇ લોકો બત્તી મુકી કબર પાસે પહેરો રાખી ટેલતા હતા. એમ કરતાં મધ્ય રાત્રી વીતી જવા આવી, ત્યારે વાડીના ઝાડ તળે ઘોર અંધકાર છવાઈ રહેલો હતો, એવા સમયમાં મોટો ધરતીકંપ થયો ને આકાશમાંથી એક દૂત ઉતર્યો. તેણે કબરના દરવાજાનો પત્થર ખસેડ્યો ને તેના પર બેઠો. તેનું સ્વરૂપ વિજળીની માફક પ્રકાશિત ને તેનાં વસ્ત્ર બરફ જેવાં શ્વેત હતાં. તેની બીકથી પહેરેગીરો થરથર કાંપવા લાગ્યા ને મુર્છાંગત થઇ જમીન પર પડી ગયા હતા.

હવે જ્યારે દૂતે કબર ઉપરથી પત્થર ખસેડયો ત્યારે પ્રભુ બહાર આવ્યો હતો, અથવા તે દૂતના આવ્યા પહેલાંજ જગતનો તારનાર પ્રભુ બહાર આવ્યો હતો એ વિષે કંઈ કહેલું નથી. માટે તે વાત સંબંધી એટલું જણાય છે કે તે વાત બનવા જોગ છે. આગળ જતાં જ્યારે તેણે પોતાના શિષ્યોને દર્શન આપ્યું, ત્યારે તે કોટડીનાં કમાડ બંધ હતાં; તોપણ તેણે અંદર પ્રવેશ કર્યો ને બહાર નીકળ્યો હતો; તે પ્રમાણે આ કબરમાંથી તે બહાર નીકળ્યો હશે.

જો કે પ્રભુ ઇસુના પુનરૂત્થાનની વાત એ રીતે ગુપ્ત અને નિરાળી હતી, તોપણ તે વિષે ઘણાં મજબુત ને પુષ્કળ પ્રમાણો છે. પ્રભુ ઈસુ કેવી રીતે ઉઠયો એ વાતની શાહેદી કોઇ માણસ આપે એવી પ્રભુની ઇચ્છા નહિ હોય, તોપણ એક વાત નક્કી છે કે શુક્રવારની સાંજે જે ન્યાયીપણાનો તેજસ્વી ને પ્રકાશિત સૂર્ય અંધકારથી છવાયલા આકાશી વાદળમાં અસ્ત થયો હતો, તે રવિવારના સુપ્રભાતે મરણ પર જય પામી મહા તેજસ્વી પરાક્રમથી વેષ્ટિત થઈ ઉદય પામ્યો છે.

હવે અહીં જ્યારે પ્રભુનું પુનરૂત્થાન થયું, ત્યારે સદરહુ બાઈઓ ઘેરથી નીકળી ચુકી હતી. તેઓ જાણતી નહોતી કે પ્રભુની કબર ઉપર ચોકી પહેરો રાખેલો છે. તેઓ પૈકી બે જણીઓ ઝડપથી ચાલી આગળ વધી, પણ સાલોમે તથા યોહાન્ના પાછળ રહી ધીમે ધીમે ચાલતી હતી. એ બાઇઓની વાતચીતનો મુખ્ય વિષય તે તારનારના પ્રેમ વિષે હતો, માટે તેઓના સંભાપણમાં એવો સવાલ થયો કે, "આપણે સારૂ કબરનો પત્થર કોણ ખસેડશે?" એ પ્રમાણે વાતચીત કરતાં વાટ ખુટી ને આખર કબર પાસે આવી ત્યારે તેઓ અચંબો પામી; કારણ કે પત્થર ખસેડેલો હતો ને પ્રભુની કબર ખુલ્લી પડી હતી. તેથી તેઓ ભય તથા અચરત પામી એ વર્તમાન બીજા શિષ્યોને જણાવવા શહેર તરફ ચાલતી થઇ.

ત્યાર બાદ જે બાઇઓ પાછળ હતી તેઓ કબર પાસે આવી પહોંચી, ને તેઓએ પણ ઉપર લખ્યા પ્રમાણે કબરનું દ્વાર ખુલ્લું દીઠું હતું. તેઓએ

અંદર જઇને જોયું, ત્યારે ઓસીકાની જમણી બાજુએ એક સફેત જામાવાળા જુવાન પુરૂષને બેઠેલો દીઠો. તે સાધારણ માણસ નહિ પણ દૂત હતો, એ પરથી તેઓ ગભરાવા લાગી (માર્ક ૧૬ ; ૫). પણ દૂતે તેઓને શાંતિદાયક મંગળ સમાચાર સંભળાવી પ્રભુના ઉત્થાનની વધામણી કહી. તેથી તેઓ પણ શહેર તરફ વળી.

ત્યાર પછી પીતર તથા યોહાન કબર પાસે આવ્યા. પ્રભુનો વહાલો યોહાન દોડવામાં ચપળ હતો માટે તે પીતર કરતાં આગળ પહોંચ્યો, ને કબર પર ચઢી આમતેમ જોવા લાગ્યો. પછી પીતર આવ્યો, તે કબરમાં દાખલ થઇ જુએ છે તો પ્રભુનું શરીર ત્યાં નથી; પણ દફનનાં વસ્ત્રો સંકેલી રાખેલાં ને એક બાજુએ મુકેલાં દીઠાં. એ ઉપરથી યોહાનને પ્રભુના ઉત્થાન વિષે ખાતરી થઇ, પણ પીતરને માત્ર અજાયબી લાગી (યોહા. ૨૦; ૮. લુક ૨૪; ૧૨). એ પ્રમાણે હકીકત જોઇ તેઓ એકદમ ત્યાંથી નીકળી ગયા. કદાપી તેઓના મનમાં એવો વિચાર આવ્યો હશે કે જો કોઇ શત્રુ અમને આ ઠેકાણે ઉભેલા જોશે, તો અમારા પર કાંઈ દુઃખ આવી પડશે; અથવા એમ પણ થયું હોય કે આ વર્તમાન અમારે બીજાઓને પ્રગટ કરવું જોઇએ માટે તેઓ ત્યાંથી ચાલતા થયા.

એટલી વાત બન્યા પછી ફરી મરીયમ માગદાલેણ એકલી કબર પાસે આવી, ને રડતી રડતી ત્યાં ઉભી રહી (યોહા. ૨૦; ૧૧). તેના મનમાં એવો સંદેહ આવ્યો હશે કે યહુદી લોકો પ્રભુની લાસ ચોરી ગયા હશે. વળી ઘડીમાં એવો વિચાર આવે કે કદાપી તે અંદરજ હશે ને હું દેખતી નથી, માટે તે વારે વારે કબરમાં ડોકિયાં કરી કરીને જોતી હતી. એવામાં તેની નજરે બે દૂતો દેખાયા, તેમાંનો એક ઓસીકે ને બીજો પાંગતે ઉભો હતો. તેઓને મરીયમે ઓળખ્યા નહિ, પણ તેઓ માળી હશે એમ ધારીને કહેવા લાગી કે, "સાહેબ, તેઓ મારા પ્રભુને કયાં લઈ ગયા છે તે તમે જાણતા હો તો મને કહો." એટલું બોલી એકદમ મ્હો ફેરવી ચાલવાનો વિચાર કરતી હતી તે વખતે પ્રભુએ તેનું નામ લઇને તેને બોલાવી, ત્યારે તેણે તેનો ઘાંટો ઓળખ્યો.

આ જગ્યાએ મરિયમને કાને ત્રણ વખત પ્રભુની વાણી આવી ત્યારે ત્રીજી વાર તેણે તે ઓળખી. પહેલી વાર જ્યારે તે કબરમાં જોઈ રડતી હતી, ત્યારે તેને એવું પુછયું કે, "બાઈ, કેમ રડે છે?" ફરી જ્યારે તે પાછી ફરીને વળી ત્યારે પ્રભુએ સન્મુખ આવી એમજ કહ્યું કે, "બાઇ, કેમ રડે છે?" ત્યારે પણ તે અજાણ હતી; પણ જ્યારે તેનું નામ આવ્યું ત્યારે તેની મૃદુલ વાણી સાંભળતાં પ્રેમી તારનારને ઓળખી તેનાં ચર્ણ સ્પર્શ કરવા નમી પડી પણ પ્રભુએ તેને કારણ બતાવી રોકી રાખીને કહ્યું કે, "તું મારા ભાઇઓની પાસે જઇને કહેજે કે જે મારો દેવ તથા તમારો દેવ, તેમ જે મારો બાપ તથા તમારો બાપ છે તેની પાસે હું ચઢી જાઉં છું." એ ફરમાન સાંભળી તે એકદમ ચાલી નીકળી ને શિષ્યોને

ખબર આપી કે, "મેં પ્રભુને જોયો છે." પણ તેઓએ તેની વાત પર વિશ્વાસ કીધો નહિ.

એ વાત ઉપરથી આપણને પાકી ખાતરી થાય છે કે પ્રભુ ઇસુનું પુનરૂત્થાન તે ખરૂં પુનરૂત્થાન છે, તેમાં કાંઇ કાવતરૂં કે પ્રપંચની વાત નથી; તેના શિષ્યો એવી બનાવટી તદબીર રચે એવા ન હતા. પ્રભુ ઈસુએ ઘણીવાર પોતાના પુનરૂત્થાન વિષે વાતચીત કરેલી હતી, તેમ છતાં તેઓને તે વિષે કાંઇ આશા કે અપેક્ષા નહોતી!

જે સ્ત્રીઓ રવિવારની સુપ્રભાતે કબરે ગઇ હતી, તેઓ પણ પ્રભુના પુનરૂત્થાન વિષે ખાતરીથી જાણતી કે માનતી નહોતી. તેઓ માત્ર એટલીજ ઉમેદ રાખતી હતી કે અમારા સદગુરૂની ઉત્તરક્રિયા કરવામાં અમારે પૂરો ભાગ લેવો જોઇએ, ને એવી આશાથી તેઓ સુગંધીઓ લઇને ત્યાં પહોંચી હતી. પ્રભુ ઇસુ ઉઠયો છે કે ઉઠશે એ વાતની તેઓને કલ્પના પણ નહોતી. એ પ્રમાણે આ હકીકતનો વિચાર કરતાં એવું જણાય છે કે, ખ્રીસ્તના પુનરૂત્થાન બાબત પહેલાં તેના શિષ્યમંડળને ખાતરી નહોતી.

વળી પ્રભુના શિષ્યોએ પ્રથમ આ મરિયમની વાત માની નહિ તેનું એક બીજું કારણ પણ હશે, અને તે એવું કે તેઓના મનમાં એમ આવે કે જો પ્રભુ પાછો જીવતો થયો હોય તો પહેલાં અમને દર્શન આપત, કારણ કે અમે તેના પ્રેરિત છીએ; તેથી અમારો મીલાપ કર્યા બાદ તે બીજાને દર્શન આપે માટે આ બાઈના બોલવા ઉપર તેઓ ભરોસો લાવ્યા નહોતા.

હવે વહાલા વાંચનાર, એ વાત એટલે રાખી આપણે પેલા પહોરાવાળાને તથા યહુદી અધિકારીઓને મળીએ કે આ પુનરૂત્થાન પછી તેઓ શું કરતા હશે? આપણે આગળ વાંચી ગયા છીએ કે આ ચમત્કારીક વાત બન્યા પછી તેઓ ગામમાં નાશી ગયા છે, માટે તેઓએ પ્રમુખ યાજકની આગળ જઇને બધી વાત જાહેર કીધી. આ અધિકારીઓ તે વાત સાંભળીને ગભરાટમાં પડી ગયા હશે! તેઓને જે વાતની બીક હતી તે વાત આગળ આવી. હવે એનું શરીર કયાં ગયું તે વિશેષ વિચારવાની વાત હતી. તેની ભાંજગડ કરી એમ ઠરાવ્યું કે ચોકીદારોની પાસે એવું જુઠું બોલાવવું કે, "અમે સૂતા હતા ત્યારે તેના શિષ્યો આવીને તેની લાસ ચોરી ગયા," ને એના બદલામાં તેઓને પૈસા આપવા. વળી જો હાકેમ તરફથી તેઓને હરકત થાય, તો આપણે હાકેમને સમજાવવો ને તેઓને બચાવવા. એવો ઠરાવ કરી તેઓએ સિપાઇઓની મારફતે જુઠી વાત ફેલાવી કે અમે ઉંઘતા હતા તે દરમિઆન ઇસુના શિષ્યો તેની લાસ ચોરી ગયા હતા. હવે તેઓના શિખવ્યા પ્રમાણે સિપાઇઓએ લોકોમાં જુઠી ગપ ફેલાવી (માત્થી ૨૮; ૧૧-૧૫).

પરમ કૃપાળુ ને વહાલા પ્રભુએ જેમ મરિયમને દર્શન આપ્યું, તેમ કબરે જનાર બીજી સ્ત્રીઓને પણ દર્શન આપ્યું. તે વખત તેઓએ તેને નમસ્કાર કરી ભજન કીધું હતું, ત્યારે જેમ મરિયમની સાથે સંદેશો મોકલ્યો તેમ તેઓની સાથે પણ સંદેશો મોકલાવ્યો કે "તમે જાઓ, મારા ભાઇઓને કહો કે તેઓ ગાલીલમાં જાય, ને ત્યાં તેઓ મને દેખશે" (માત્થી ૨૮; ૯, ૧૦).

આપણો મહિમાવાન પ્રભુ મરણમાંથી ઉઠયા પછી ચાળીસ દિવસ પૃથ્વી પર રહ્યો, તે દરમિયાન તેણે અનેક વાર શિષ્યોને દર્શન આપેલાં છે. તેઓ પૈકી માત્ર નવ દર્શનોની હકીકત સુવાર્તામાં આવે છે, ને દશમાનો લેખ તે પાઉલના એક પત્રમાં આવે છે. તેની વિગત ઘણી ટુંકી રીતે લખાએલી છે. એ બધાં દર્શનોમાં સામાન્ય રીતે એક લક્ષણ દેખાય છે તે એવું કે, જ્યારે જ્યારે તેનું દર્શન થયું ત્યારે ત્યારે તે અકસ્માત રીતે પ્રગટ થતો, ને તેજ પ્રમાણે તે અંતરધ્યાન થઇ જતો હતો. જેમ તે પહેલાં તેઓની સાથે રાત દિવસ રહેતો હતો, તેમ તે હવે પછી રહેતો નહોતો. વખતે કોઇની સાથે તે એક વાત બોલતો તો વળી વખતે બીજાઓની સાથે ઘણી વાત કરતો ને કોઇ વાર તેઓની સાથે ભોજનપાન પણ લેતો હતો.

એ પ્રમાણે વખતોવખત થવાથી શિષ્યોની સમજણ ચોકસ ને ખાતરી ભરેલી થઇ હતી, કારણકે જ્યારે તેઓને પ્રભુ દર્શન આપતો ત્યારે તે પોતાના રાજ્ય સંબંધી ઘણીખરી માર્મિક વાતોનો ખુલાસો કરી સમજાવતો હતો. તેથી શિષ્યોને અગાઉ જે વાતો અંધકારમય લાગતી હતી તે હવે પ્રકાશવાળી દેખાવા લાગી. પહેલાંની માર્મિક ને ગુપ્ત વાતો સ્પષ્ટ સમજાવા લાગી તેથી તેઓ પણ વિશ્વાસમાં દઢ થતા ગયા.

હવે જેમ પ્રભુએ શિષ્યોને જુદી વર્તણુક દેખાડી હતી તેમ શિષ્યો પણ તેની સાથે જુદી રીતે વર્તતા હતા, એટલે જ્યારે તેઓને દર્શન થતાં ત્યારે તેઓ તેની સાથે કાંઇ વિશેષ વાત કરતા નહિ. તેઓએ તેને કદી એવું પુછયું નહિ કે તું કયાંથી આવે છે કે તું કયાં જાય છે; એવો સવાલ કરેલો નથી. હવે પછી રફતે રફતે તેઓની સાથે તે ઓછો સહવાસ રાખતો હતો. તે પરથી તેણે એવું શિક્ષણ આપ્યું કે જેમ હું મરણમાંથી ઉઠયો એ ચોકસ છે તેમ હવે મારે આકાશમાં ચઢી જવું એ પણ ચોકસ વાત છે, માટે એમ કહેવાય કે જેમ પુરાતન કાળે ભવિષ્યવાદીઓને તથા સંતોને દૂતોનાં દર્શન થતાં તેમ આપણા પ્રભુનાં દર્શનો થતાં હતાં.

કરીંથીઓના પહેલા પત્રના પંદરમા અધ્યાયની પાંચમી કલમમાં જોતાં એવું દેખાય છે કે પુનરૂત્થાનના પહેલા દિવસે જેમ સ્ત્રીઓને દર્શન થયું તેમ ત્યાર પછી પુરૂષો પૈકી પીતરને પણ પહેલું દર્શન થયું; પણ તે વાત તેણે

બીજાઓને કહેલી ન હોય, એમ દેખાય છે. એ દર્શન થયા પછી તે ખરો પસ્તાવિક શિષ્ય પ્રભુની દયા પામી એક નિષ્ટાવાન તથા આસ્થાધારી શિષ્ય થઇ અંતપર્યંત ટકી રહ્યો.

જે દિવસે પ્રભુનું પુનરૂત્થાન થયું તેજ દિવસે એમ્મૌસ જનારા બીજા બે શિષ્યોને દર્શન થયું તેની વાત લુકની સુવાર્તામાં આવે છે. એ વાત ઘણી અસરકારક તથા ચિત્તવેધક લાગે એવી રીતે લુક લખે છે. ત્યાં બતાવેલ છે કે યરૂશાલેમની પાસે ત્રણ ગાઉ ઉપર એ ગામ આવે છે. જે દિવસે પ્રભુ ઇસુને વધસ્તંભે જડયો તે દિવસે તેના ઘણાખરા શિષ્યો ત્યાં હાજર હતા. તેઓમાંથી આ બે જણ રવિવારે એમ્મૌસ જવા નીકળ્યા ત્યારે રસ્તે ચાલતાં તેઓ પ્રભુના મરણની વાતચિત કરતા કરતા ચાલતા હતા એટલામાં એક અજાણ્યો માણસ તેઓની સાથે આવી મળ્યો. તેણે તેઓને પુછ્યું કે, "તમે ચાલતાં ચાલતાં એક બીજાની સાથે શી વાતો કરો છો? વળી આ વખતે તમે ઉદાસ દેખાઓ છો તેનું કારણ શું હશે તે મને કહો. ત્યારે તેઓમાંનો એક જે કલીઓપાસ નામનો હતો તે બોલ્યો કે, "શું યરૂશાલેમમાં રહેનારામાંનો એકલો તુંજ આ દિવસોમાં બનેલી બિનાઓથી અજાણ છે?" ત્યારે તેણે તેઓને પુછ્યું કે, "તે કઇ બિનાઓ છે?" તેના જવાબમાં તેઓએ પ્રભુના મરણની વાત શરૂ કરી કે, "જે દેવની આગળ, તથા સઘળા માણસોની આગળ, કામમાં તથા વચનમાં, પરાક્રમી ભવિષ્યવાદી હતો, તેને મુખ્ય યાજકોએ તથા અમારા અધિકારીઓએ મરણદંડ ભોગવવા સારૂ, પરસ્વાધીન કર્યો, ને તેને વધસ્તંભે જડાવ્યો. તેના વિષે અમે આશા રાખતા હતા કે જે ઇસ્રાએલને ઉદ્ધાર આપવાનો હતો, તે એ છે. વળી એ સર્વ ઉપરાંત, આ બનાવ બન્યાને આજ ત્રીજો દહાડો થયો, ત્યારે અમારામાંની કેટલીએક બાયડીઓ વહેલી ઉઠીને કબરે ગઈ હતી, ત્યાંથી પાછી આવી ત્યારે તેઓએ અમને આશ્ચર્ય પમાડયું છે. કારણકે તેઓના કહેવા પ્રમાણે તે જીવતો થયો છે ને તેનું શબ કબરમાં નથિ. વળી તેઓનું કહેવું એમ પણ છે કે અમને દૂતોનાં દર્શન થયાં. તેઓએ પણ એમજ કહ્યું કે, તે મરણમાંથી સજીવન કરાયો છે; તેજ પ્રમાણે કબરે જનાર આદમી લોકોનું પણ એજ કહેવું છે" (લુક ૨૪; ૧૮–૨૪).

તેઓના આ ભાષણમાં ખ્રીસ્ત સંબંધી અગમવાતોનો વિશ્વાસ કમતી દેખાય છે, તેમજ મસીહ સંબંધી જે સંપૂર્ણ જ્ઞાન જોઇએ તેની ન્યુનતા દેખાય છે; તેથી આ અજાણ્યા માણસે તેનો નિષેધ કીધો ને જુના કરારના આરંભથી માંડી નવા કરારના અંત સુધી મસીહ સંબંધી જે ભવિષ્યવચનો છે, તેનો ખુલાસાવાર સમજાવીને અર્થ બતાવ્યો. એ બાબત સંભાષણ કરતા કરતા છેક ગામ પાસે આવી પહોંચ્યા હતા. એ વેળા આ નવીન પરોણો આગળ જવાની મરજી બતાવી વાટે ચાલવા લાગ્યો. પણ એટલા સહવાસથી તે શિષ્યોનાં મન

તેના તરફ આકર્ષાયાં હતાં, ને વળી સાંજ પણ થવા આવી હતી, માટે તેઓએ આગ્રહ કરીને પોતાને ઘેર તેડી આણ્યો. તેઓ ઘેર આવ્યા ને સાથે જમવા બેઠા, ત્યારે આ નવીન પરોણાએ "આશીર્વાદ માગીને રોટલી ભાંગી, ને તેઓને આપી." હવે અત્યાર પહેલાની બંધ આંખો ખુલ્લી થઇ, તેથી તેઓ આ મુસાફરને ઓળખી ગયા. "હવે તેઓની આંખો ઉઘડી ગઇ, ને તેઓએ તેને ઓળખ્યો, એટલામાં તે અદૃષ્ય થઇ ગયો!" ત્યાર બાદ તેઓ આપસ આપસમાં વાત કરી કહેવા લાગ્યા કે, "જ્યારે તે આપણી સાથે વાત કરતો હતો, ત્યારે આપણા હૃદયમાં કેવો પ્રકાશ ને ઉલ્લાસ થતો હતો! ખચીત તેજ પ્રભુ હતો! કારણકે એવાં દિલાસાદાયક ને જીવનયુક્ત શબ્દો તેના સિવાય બીજો કોણ બોલી શકે! તોપણ આપણે તેને ઓળખ્યો નહિ."

આ બન્ને શિષ્યો પ્રભુના દર્શનનો લાભ પામી આનંદીત થયા, તેથી રાતોરાત પાછા યરૂશાલેમ ગયા ને પોતાના બીજા ગુરૂભાઇઓને તે સમાચાર પ્રગટ કર્યાં.

એ શિષ્યો પૈકી એકનું નામ કલીયોપાસ હતું, પણ બીજાનું નામ સુવાર્તામાં આવતું નથી, તોપણ કેટલીએક દંતકથાઓ પરથી એવું જણાય છે કે તેનું નામ લુક હતું. તેઓ જ્યારે પાછા યરૂશાલેમ આવ્યા, ત્યારે અગીઆર પ્રેરિતો તથા શિષ્ય મંડળી યહુદીઓના ભયથી રાત્રે એક ઘરમાં ભરાઇ બેઠા હતા, ને પ્રાર્થના કરી ભોજનપાનની તૈયારીમાં હતા. એ વેળા મેડીનાં બારણાં બંધ હતાં, તેમ છતાં પ્રભુ તેઓની વચ્ચે ઉભો રહ્યો ને બોલ્યો કે, "તમને શાંતિ થાઓ."

જ્યારે એ બન્ને શિષ્યો મેડી ઉપર આવ્યા ત્યારે તેઓએ બરાબર દરવાજા વાસેલા હતા, ને પછી બીજાઓ સાથે પોતાની વાત કરવા બેઠા તે દરમિયાન અકસ્માત પ્રભુનાં દર્શન થયાં, તેથી તેઓ ગભરાઇને કહેવા લાગ્યા કે, એ તો આત્મા છે. પરંતુ પ્રભુએ તેઓનો સંદેહ દૂર કરવા સારૂ ખુલાસો આપ્યો કે, "તમે કેમ ગભરાઓ છો, ને કેમ સંદેહ રાખો છો? તમે મારા હાથ પગ તપાસી જુઓ કે હું તે છું કે નહિ. તમે મને હાથ લગાડીને દાબી જુઓ કે મારામાં માંસ તથા હાડકાં છે, તે આત્માને હોતાં નથી." એમ બોલીને તેણે તેઓને પોતાના હાથ પગ દેખાડીને ખાતરી આપી તેથી તેઓ ભયચકીત થયા પણ વિશ્વાસ લાવી શકયા નહિ. ત્યાર બાદ વધારે ખાતરી આપવા સારૂ પ્રભુએ તેઓની પાસે ખાવાનું માગ્યું, ને તેઓની સાથે ખાધું તેથી તેઓને ખાતરી થઈ કે આ અમારો પ્રભુ છે ને તે મરણમાંથી ઉઠયો છે. પછી તેણે તેઓને બોધ કીધો, આશીર્વાદ દીધો ને પચાસમે દિવસે જે પવિત્ર આત્મા આવવાનો હતો તે બાબત ઇસારો કરી અંતરધ્યાન થયો (યોહા. ૨૦; ૨૧, ૨૨).

અધ્યાય ૨ જો.

પુનરૂત્થાન પછી ઇસુનાં બીજાં દર્શન તથા સ્વર્ગારોહણ.

આગલા અધ્યાયમાં ખ્રીસ્તનાં ૭ દર્શનોની વાત કહી છે તે બધાં પુનરૂત્થાનને પહેલે દિવસે થયાં હતાં. તેમાંના છેલ્લા દર્શનની વખતે પ્રેરિતો પૈકી એક જણ હાજર નહોતો તેનું નામ થોમા દીદીમસ હતું. આ શિષ્ય ઘણો મમતાળુ હતો તેથી હાલ તેની વૃતિ ઉદાસ હતી. જ્યારે બીજા શિષ્યોએ તેને કહ્યું કે, આપણો પ્રભુ સજીવન થયો છે ને અમે તેને જોયો છે ત્યારે તેણે એ વાત માની નહિ. તેણે કહ્યું કે, "જ્યાં સુધી હું તેના હાથ પગના ઘા જોઉં નહિ, ને તે જખમો મારી આંગળીઓએ તપાસું નહિ, ત્યાં સુધી હું વિશ્વાસ કરીશ નહિ."

ત્યાર પછી એક અઠવાડીએ એક ઘરમાં બધા એકઠા થયા હતા, ને દરવાજા બંધ કરી અંદર બેઠા હતા. એટલામાં તેઓની વચમાં ઇસુ પ્રગટ થયો. તેણે થોમાને ખાતરી કરાવવા સારૂ કહ્યું કે, "મને તપાસ, મને જો, ને અવિશ્વાસી ન થા, પણ વિશ્વાસી રહે." આ વખતે તેણે પ્રભુનો સ્વીકાર કરતાં જે ઉદગાર કાઢ્યા તે અંતપર્યંત ખ્રીસ્તી મંડળીના પ્રિય શબ્દો વિશ્વાસ-યુક્ત પોકાર કરે છે કે "મારા પ્રભુ, ને મારા દેવ." એ પ્રમાણે થોમાની વાણી સાંભળીને પ્રભુ કહે છે કે, "થોમા, તું મને જોઇને વિશ્વાસ કરે છે, પણ જેઓ જોયા વિના મારા પર વિશ્વાસ કરે છે તેઓને ધન્ય છે."

આપણે આગળ વાંચી ગયા છીએ કે પ્રભુ ઇસુએ ગાલીલ પ્રાંતમાં શિષ્યોને જવા વિષે કહ્યું હતું ને ત્યાં દર્શન આપવાનું ફરમાવ્યું હતું; ને એમ કરવાની અગત્ય હતી, કારણ કે ઘણોખરો વખત ગાલીલ પ્રાંતમાં પ્રભુએ કામ કર્યું હતું તેમ ત્યાં તેના ઘણા વિશ્વાસુ શિષ્યો પણ હતા. એ બધા પ્રભુના પુનરૂત્થાનની ખાતરી પામે એ માટે એમ કરવું જરૂરનું હતું, માટે પુનરૂત્થાનને પહેલેજ દિવસે પ્રભુએ ત્યાં જવાનો બોધ આપ્યો હતો. હવે જ્યારે તેના શિષ્યો ગાલીલમાં ગયા ત્યારે બે ત્રણ વાર પ્રભુએ ત્યાં દર્શન આપ્યાં.

તેમાંનું પહેલું દર્શન તિબેરિયસના સમુદ્રને કિનારે થયું, તેની હકીકત યોહા. ૨૧;૨ માં આવે છે. આ દર્શન વખતે પીતર તથા યોહાન બન્ને શિષ્યો ત્યાં હાજર હતા, કારણ કે જ્યાં સુધી તેઓ સુવાર્તા પ્રગટ કરવાના કામ પર નહોતા ચઢ્યા ત્યાં સુધી તેઓ પોતાના ધંધા પર ચઢી ગયા હશે. આગળ આપણે વાંચી ગયા છીએ કે આ લોકો માછી હતા,' ને માછલાં પકડવાનો ધંધો કરતા હતા, તે પ્રમાણે એક રાત્રે તેઓએ ઘણી મહેનતથી આખી રાત જાળ તાણી પણ કંઇ પકડાયું નહિ. છેક પાછલી રાતે નિરાશ થઈ કિનારા તરફ દૃષ્ટિ કરી જોયું તો એક આદમી તેઓના જોવામાં આવ્યો. તેણે તેઓને

કહ્યું કે, "છોકરાઓ, તમારી પાસે કંઈ ખાવાનું છે?" તેને જવાબ મળ્યો કે કંઇ નથી, કારણ કે અમે આખી રાત મહેનત કરી પણ અમને કંઈ મળ્યું નથી. એ પરથી તેઓને બીજો હુકમ મળ્યો કે હોડીની જમણી ગમ જાળ નાખો. આ હુકમ પ્રમાણે કરતાં એકદમ જથાબંધ માછલીઓ જાળમાં સપડાઇ પડી. તે વિષે સુવાર્તિક લખે છે કે તે જાળ ખેંચવી કઠણ થઈ પડી હતી. આવો અસાધારણ ચમત્કાર જોતાં યોહાન તે અજાણ્યા પુરૂષને જાણી ગયો કે "તે પ્રભુ છે." ત્યાર બાદ બધા શિષ્યો કિનારે આવ્યા, ત્યારે પ્રભુએ તેઓને વાસ્તે ખાવાનું તૈયાર કર્યું હતું તે બધાએ સાથે બેસીને ખાધું.

આ વખત દર્શન આપીને પ્રભુએ એક મોટું કાર્ય કરવા ધાર્યું હતું, તે એવું કે તેના પ્રેરિતો પૈકી એક જણ પતિત થઈ ગયો હતો તેને ફરીથી પાવન કરી પોતાના કામ પર સ્થાપન કરવાનો હતો. તે અણઘટીત કામ કરવાથી પોતાનો હક ગુમાવી બેઠો હતો, તેને તેના પૂર્વોક્ત પદ પર સ્થાપવા અત્યારે પ્રભુ આવ્યો હતો ને કાર્ય તેના એકજ શબ્દથી પુરૂં થયું.

હવે અત્યારે બધા શિષ્યો જમીને બેઠા હતા તે દરમ્યાન પ્રભુએ પીતરને પુછયું કે, "યોનાના પુત્ર સીમોન, શું તું તેઓ કરતાં મારા પર વધારે પ્રીતિ કરે છે?" આ એકજ સવાલ ત્રણ વખત અનુક્રમવાર પુછવો ત્યારે ત્રીજી વખત પીતર ઘણોજ નમ્ર થઈ ગયો; તે ખરી નમ્રતાથી અંતઃકરણના ભાવિક વિચારો પ્રગટ કરી કહેવા લાગ્યો કે, "પ્રભુ, તું બધું જાણે છે; હું તારા પર પ્રેમ કરૂં છું તે તું જાણે છે." તેના આ જવાબ તરફ જોતાં તેનું સ્વાભિમાન ગળી ગયું હોય ને તે ખરા પશ્ચાતાપી થયો હોય એમ જણાય છે, માટે પ્રભુએ તેને કહ્યું કે, તું તારા પ્રેરિતપણાના કામ પ્રમાણે "મારાં હલવાનને ચાર" "મારાં ઘેટાંને પાળ" ને "મારી પાછળ આવ." આ પ્રમાણે પ્રભુએ તેની ફરી નિમણુક કીધી, તે વિષે તેના શિષ્યો જાણે છે.

પ્રભુ ઈસુની પાછળ ચાલવું તે શું એ બાબત તેના શિષ્યો પૂરી રીતે જાણે છે. એ વાતનો તેઓને આગળ જતાં કેટલાંએક વર્ષે અનુભવ થયો. આ પીતર તથા બીજા શિષ્યો એ વાતનો અનુભવ પામશે એવી પ્રભુએ અગમવાણી કહી હતી (યોહા. ૨૧; ૧૮-૨૪), તે આગળ જતાં પૂરી થઈ.

એ સિવાય ગાલીલના એક પહાડ ઉપર પ્રભુએ ફરી શિષ્યોને દર્શન દીધાં હતાં. આ જગ્યા વિષે પહેલા દર્શનની વેળા તથા બીજાં દર્શનોની વેળા ખબર આપી હતી. એ મહા મોટા દર્શનની વેળા પાંચસો કરતાં વધારે શિષ્યમંડળ મરણ પર જીત પામેલા તારનારને નિહાળી આનંદ પામ્યા હતા. ત્યારે પ્રભુએ તેઓને મહા મોટા અધિકાર વિષે આજ્ઞા આપી તેઓનું કર્ત્તવ્ય બતાવ્યું હતું. તેનો સાર એવો છે કે, "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને

અપાયો છે, માટે તમે જાઓ ને સર્વ દેશનાઓને શિષ્ય કરો, ને બાપ, પુત્ર તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ, ને જુઓ જગતના અંત સુધી સર્વકાળ તમારી સાથે છું." (માત્થી ૨૮; ૨૦).

આ બાપ્તિસ્મા યહુદી મતમાં દાખલ થવા સારૂ નહોતું તેમ યોહાનના સ્થાપન કરેલા બાપ્તિસ્મા પ્રમાણે નહોતું, પણ પ્રભુ ઈસુ ખ્રીસ્તમાં જે તારણ સ્થપાએલું તથા સિદ્ધ કરાએલું છે તેનું પ્રતિદાન પામવાની નિશાણીરૂપ હતું. બાપ, પુત્ર તથા પવિત્ર આત્મા જે ત્રીએક યહોવાહ દેવ તેની પ્રગટ કરેલી ત્રાણરૂપ મિલકત પામનારાને તે મહોર છાપરૂપ હતું.

એ પ્રમાણે સુવાર્તા ફેલાવનારાઓના મીશનેરી કામની યોજના કરી તેનું પાળણ કરે એવી પ્રભુની આજ્ઞા હતી. આ મીશનેરી કામની આપ્યા પછી પાળકોના કામની એટલે મંડળીના લોકોમાં આત્મિક વૃદ્ધિ થવાની તજવીજ કીધી હતી. તેમાં પ્રભુએ એવું ફરમાન આપ્યું કે, "જે જે આજ્ઞાઓ મેં તમને કહી તે પાળવાનું તેઆને શિખવતા જાઓ." આ મહા આજ્ઞા પ્રમાણે જેઓ સુવાર્તા પ્રગટ કરવાનું તથા મંડળીના પાળણનું કામ કરે છે તેઓની સાથે સદાકાળ પ્રભુ રહે છે. "જુઓ, સર્વકાળ હું તમારી સાથે છું."

આ ઉપર બતાવેલા વચનમાં દૈહિક સહવાસ રાખવાનું પ્રભુ કહેતો નથી, પણ આત્મિક સહવાસની વાત આવે છે. એ વાત તેના શિષ્યો સારીપેઠે જાણતા હતા, કારણ કે હાલ તેઓ તેને દેહમાં જાણતા નહોતા. એ પોતાના આત્માથી સર્વ શિષ્યો મધ્યે અને મંડળી મધ્યે રહે છે, અને એ રીતે દેવથી જગતના તારણનું કામ ચલાવે છે.

ગાલીલ પ્રાંતમાં પ્રભુએ દર્શન આપ્યું ત્યાર બાદ વીસ વર્ષ પછી પાઉલ એક વાત લખે છે, તેમાં એક ઘણી મહત્વની સાક્ષી આવે છે. તે એવી કે, "ઈસુએ પાંચસેથી અધિક માણસોને દર્શન આપ્યું, તેમાંના ઘણાખરા હજુ જીવતા છે" (૧ કરીં. ૧૫; ૬).

એ પ્રમાણે પ્રભુના પુનરૂત્થાન પછી આ ચાળીસ દિવસનું વૃત્તાંત છે. તે સમયમાં તેણે પૃથ્વીથી અદૃષ્ય રહી વચમાં વચમાં પોતાના શિષ્યોને દર્શન દીધાં હતાં. હવે તેઓને છેવટનું દર્શન આપી બાપની પાસે જવાનું નક્કી કર્યું હતું, માટે આ છેલ્લા દર્શનનું સ્થળ તેણેજ પસંદ કર્યું હશે.

પ્રભુની આજ્ઞા પ્રમાણે શિષ્યો ફરી યરૂશાલેમમાં એકઠા થયા. ત્યાંથી તેઓને બેથાની નજદીક જૈતુન પહાડની એક ટેકરી પર આણ્યા. આ મહા યાત્રાનું એક ગ્રંથકારે વર્ણન કરેલું છે (લુક ૨૪; ૫૦-૫૩. પ્રે. કૃ. ૧; ૯-૧૧). એ લખે છે કે જ્યારે ઈસુ પોતાના શિષ્યોને છેવટની આજ્ઞા આપી રહ્યો ત્યાર પછી તેઓને શહેર બહાર લાવ્યો, ત્યારે તેઓ યરૂશાલેમના રસ્તા પર ઉઘાડી રીતે

ગયા હશે કે શું? ને જો તેમ હોય તો આ ગાલીલી માછીઓની ટોળીના જુવાન તે કેટલાની નજરે પડ્યા હશે? તેઓ જ્યારે શહેર બહાર ગયા ત્યારે તેઓ કયે રસ્તે થઈને ગયા હશે તે પર ધ્યાન ધરીએ તો જણાશે કે જ્યારે તેઓ શહેર બહાર નીકળ્યા ત્યારે કિદ્રોન નાળું ઓળંગી ગેથસેમાની વાડીમાં આવ્યા હશે. ત્યાં જૈતુનવૃક્ષની એકલ છાયા દેખાય છે. પછી તે વૃક્ષોની છાયામાંથી બહાર પડી ટેકરા પર ચઢવા લાગ્યા હશે, પછી તેનું શિખર ઓળંગી બેથાનીઆ પહોંચ્યા હશે, ત્યાં પ્રભુ ઉભો રહ્યો હશે ને સામે શિષ્યો જમા થયા હશે. હવે તે શિષ્યો તરફ હાથ ઉંચા કરી આશીર્વાદ દેવા લાગે છે. એ છેવટની મુલાકાત કેવી પ્રેમયુક્ત અને આ છેવટનો આશીર્વાદ કેવો ધન્યવાદ ભરેલો હશે! તેના વરદાનદાયક હાથો ઉંચા કરેલા છે અને તેના પરવાળારૂપી હોઠ આશીર્વાદની વાણી ઉચ્ચારવા ચલાયમાન થતા હતા, તેટલામાં તે મંદ ગતિએ આકાશ ભણી ચઢવા લાગ્યો. હવે તેને નીચે રાખવાની શક્તિ પૃથ્વીમાં નથી તેમજ આકાશ તેને ઉપર લેવા તૈયાર હતું તેથી હવે તે તેને ઉપર ખેંચવા લાગ્યું.

ભૂગોળના આકર્ષણબળ કરતાં હાલ તેના પર બીજા આકર્ષણનું જોર વધવા લાગ્યું છે તેથી તે હવે ઉપર ચઢે છે. જેમ જેમ તે ઉપર ચઢવા લાગ્યો તેમ તેમ વાતાવરણ તેને રસ્તો આપતું ગયું. આ વખત તેની દૃષ્ટિ પોતાના શિષ્યો તરફ લાગેલી હતી, તેના આશીર્વાદિત હાથો તે તરફ પ્રસારેલા હતા, ને જેમ જેમ તે ઉપર ચઢવા લાગ્યો તેમ તેમ તેના આશીર્વાદિત શબ્દો નભમંડળમાં નીકળવા લાગ્યા. પૃથ્વી પર ઉભા રહેલા તેના શિષ્યો ભયચકિત થઈ સ્તબ્ધ બની મૌન્ય ધારણ કરી રહ્યા હતા. તેઓ લાંબી નજરે પોતાના અંતરધ્યાન પામતા તારનાર તરફ આકાશની ગમ નિહાળતા હતા; એમ જોતજોતામાં નિલવર્ણ આકાશના વિભાગ થયા ને ઇસુ અંદર ગયો, તે વિભાગ ફરી એક થઈ આચ્છાદિત થયા ને પ્રભુ અલોપ થયો. ત્યાર પછી શ્વેત વસ્ત્ર પહેરેલા બે દૂત તેમની સામે આવી ઉભા રહ્યા, અને તેઓ એમ બોલ્યા કે, "અરે ગાલીલના માણસો, તમે આકાશ ભણી જોતાં કેમ ઉભા રહ્યા છો? એજ ઇસુ જે તમારી પાસેથી ઉપર લેવાયો, તેને તમે જેમ ઉપર ચઢતાં જોયો તેમજ તેને પાછો આવતા જોશો."

હે જગતોદ્ધાર પ્રિય પ્રભુ ઇસુ ખ્રીસ્ત, આ ગ્રંથમાં તારા જે કંઈ દિવ્ય ગુણોનું પ્રકટીકરણ થએલું છે તેનો પ્રકાશ વાંચકવૃંદની બુદ્ધિ પર પરાવર્તન પામે એવું કર, કે જેથી તારા ભકતોનાં અંતઃકરણ ઉલ્લાસી થાય, ને જેઓ અંધકારરૂપ અજ્ઞાનમાં વ્યાપ્ત થએલા હોય તેઓ તારી રોશની પામે એવું કર. તેઓ તારા જીવનના માર્ગમાં આવે ને અનંતજીવન પામે એવી તારી પાસે તારા દાસની અનન્યભાવે પ્રાર્થના છે. આમેન.

પ્રભુ ઇસુ ખ્રીસ્તનો મહિમા સદાકાળ થાઓ.

અંગ્રેજી રાગ.

આ નેત્રો શું નિહાળે છે, ઉઘાડાં સ્વર્ગીદ્વાર,
તે મહિમા મારા ત્રાતાનો, દેખે છે અપરમપાર. ૧

છે ઇસુ મોટા મહિમામાં, સિંહાસને આ વાર,
ને દૂતો તેની સેવામાં, છે યુતો લક્ષહજાર. ૨

છે દક્ષિણ બાજુ મહિમાનો, મુગટ સોહામણો,
મહિમાના પ્રભુ ઇસુને, શીરે શોભે ઘણો. ૩

નિહાળી મહિમા ઇસુનો, હરખાઉં છું આ વાર,
ઇસુનો ગૌરવ દેખું છું, તે દીસે અપરમપાર. ૪

ધન્ય ધન્ય છે ત્રાતા તને ધન્ય, એ દૂતો ગાએ ગાન,
સ્તુતિ ને ગૌરવ તારાં છે, મહિમા પ્રાક્રમ ને માન. ૫

ધન્ય ધન્ય છે ત્રાતા તને ધન્ય, સ્તુતિ સુણી એ વાર,
તેં તાર્યાં છે અમારા જાન, વેઠી અમારા ભાર. ૬

તેં અર્પિત કીધો તારો જીવ, મજ પાપ નિવારણમાં,
ગૌરવનો પ્રભુ તું થયો, તે મોટા કારણમાં. ૭

મોતને મારીને તું થયો, સ્વરે ઉંચો અપાર,
ઓ ત્રાતા, તારો મહિમા મેં, જોયો એ અપરમપાર. ૮

એ મહિમામાં વારસ થવા, તું તેડે અમને આજ,
કે સ્વર્ગે તુજ પાસે રહી, કરીએ અવિચળ રાજ. ૯

ધન્ય ધન્ય છે ત્રાતા તને ધન્ય, એ માગું વારમવાર.
તે ગૌરવનો તાજ તારે શીર, શોભિતો સર્વેકાળ. ૧૦

યાવત્ચંદ્રદિવાકર રે, ટકે અવિચળ રાજ,
તુજ મહિમાનો સુશોભીતો, ટકો અવિચળ તાજ. ૧૧

સ્વીકારી તને બધા જાન, ને આપે પુરૂં માન,
ધન્ય ધન્ય છે ત્રાતા તને ધન્ય, બચાવ્યા સંધા જાન. ૧૨